# અવધૂતી આનંદ મસ્તી

## (ભાગ-૩)

### (૬૦ ભજનોનો શબ્દાર્થ અને વિવરણ સહિત)



વિવરણકાર

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

(ટાઇટલ પેજ ૨ થી ચાલુ)

## યોગના શબ્દો

**ત્રણ ગ્રંથિ** : બ્રહ્મગ્રંથિ વિષ્ણુગ્રંથિ. અને રુદ્રગ્રંથિ મુખ્યત્વે સ્વાધિષ્ઠાન ચક્ર એ બ્રહ્મગ્રંથિનું સ્થાન છે. વિશુદ્ધાખ્ય ચક્ર એ વિષ્ણુ ગ્રંથિનું સ્થાન છે અને ગળામાં આવેલી પડજીભ એ રુદ્રગ્રંથિનું સ્થાન છે.

**છ(ષટ્) ચક્રો** : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર (સહસ્રારને ગણીએ તો સાત ચક્ર) પણ ભેદન તો છ ચક્રનું જ કરવાનું હોય છે.

**દશવિધનાદ** : અનાહત નાદ દશ પ્રકારના છે. ચિણી (તમરાના જેવો), ચિંચિણી (ચકલાના જેવો), ઘંટનાદ, શંખનાદ, વીણાનાદ, તાલનાદ, વેણુનાદ, તબલાનાદ, ભેરીનાદ અને મેઘનાદ, મેઘનાદ પછી આત્મદર્શન થતું હોવાથી સાધકે મેઘનાદનું લક્ષ્ય રાખવું.

**નવ દ્વાર** : બે આંખ, બે કાન, બે નસકોરાં, મોં, ગુદા અને શિશ્ન કે યોનિ (એટલે બ્રહ્મરંધ્ર દશમદ્વાર)

**પ્રાણાયામ** : પૂરક, કુંભક અને રેચકનો સમૂહ

**પૂરક** : ઊંડો શ્વાસ લેવો - શ્વાસ (પ્રાણ) શરીરમાં પૂરવો તે પૂરક કહેવાય.

**કુંભક** : લીધેલા શ્વાસને શરીરમાં રોકી રાખવો તે રેચક કહેવાય.

**રેચક** : રોકેલો શ્વાસને ધીરે ધીરે છોડવો તે રેચક કહેવાય.

**કંદ** : લિગમૂળથી ઉપર અને નાભિની નીચે પક્ષીના ઈંડા જેવું કંદસ્થાન આવેલું છે. તે ૭૨૦૦૦ નાડીનું (સુષુમ્ણા સિવાય) ઉત્પત્તિ સ્થાન છે. એ ચાર આંગળ પહોળું અને ચાર આંગળ લાંબુ ત્વચા આદિથી વીંટળાયેલું છે.

**કુંડલિની** : આધારપદ્મમાં આવેલી ત્રિકોણ યોનિના યોનિસ્થાનમાં વીજળી સમાન તેજવાળી કુંડલિની દેવતા સાડાત્રણ આંટા મારીને ગૂંચળું વળીને સુષુમ્ણાના દ્વાર પર સૂતેલી છે. ફેંફસામાં રહેલા પ્રાણવાયુને ગુદામાં રહેલા અપાન વાયુ સાથે ભેગા કરી તેના દબાણ દ્વારા કુંડલિનીને જાગૃત કરવાથી તે સુષુમ્ણાના દ્વારેથી પોતાનું મોં હટાવી લે છે. હવે સુષુમ્ણા નાડીનું દ્વાર ખૂલ્લું થવાથી પ્રાણ, અપાન અને કુંડલિની એમાં ઉપર ચઢે છે.


# પ્રેમાંજલિ



## સ્વ. અ.સૌ. રેણુકાબેન પ્રફુલભાઈ હીંડીઆ

જન્મ : સોમવાર, શ્રાવણ સુદ ૫
સંવત ૧૯૯૮
તા. ૧૭મી ઓગસ્ટ, ૧૯૪૨

મૃત્યુ : ગુરુવાર, અધિક વૈશાખ સુદ ૮
સંવત ૨૦૬૬
તા. ૨૨મી એપ્રિલ, ૨૦૧૦



રંગ અવધૂત મહારાજ
(નારેશ્વર)

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થમ્ મથિતકલિમલં પાંડુરંગમ્ નમામિ॥

# રંગ મારી પ્રાણ શક્તિ

રંગ મારી પ્રાણ શક્તિ, રંગ મારી સાધના

રંગ વિણ કોની કરૂં, હું જગે આરાધના (૨)

રંગ મારી પ્રાણ શક્તિ, રંગ મારી સાધના

રંગ મારી પ્રાણ શક્તિ, રંગ મારી ઉપાસના ... ટેક

ચાલે સવારી શ્વાસની અવધૂતની રક્ષાવડે (૨)

રંગમાં વિશ્વાસ છે (૨) કો/તો નડે અવરોધ ના (૨) ... રંગ મારી

રંગ તારી આંખમાં આંખો પરોવી જોઉંછું (૨)

અમૃત ભરેલી આંખડી (૨) ક્યારેય દીઠો ક્રોધ ના (૨) ... રંગ મારી

શ્રદ્ધા ભરેલા કેટલા મસ્તક ઝુકે તુજ દ્વાર પર (૨)

રટણ કરજે રંગનું (૨) બીજો સહારો શોધ ના (૨) ... રંગ મારી

સંકટો સઘળા તને ઘેરી વળે તો શું થયું ? (૨)

નિત્ય લેજે નામરંગનું (૨) બીજું કશું સંબોધ ના (૨) ... રંગ મારી

## પૂ. પ્રેમઅવધૂતજી



પૂ. પ્રેમ અવધૂતજી (લીંચ)

જન્મ :
ભા.સુ. ૧, ૧૯૮૭
તા. ૧૩-૯-૧૯૩૧

બ્રહ્મલીન :
શનિવાર મહા સુદ ૧૨, ૨૦૬૮
તા. ૪-૨-૨૦૧૨

નિર્મળ હૈયું, નિર્મળ વાણી,
નયને પ્રેમ તણી સરવાણી,
વિચાર ઊંચા, જીવન સાદુ,
એવું જીવે સાચો સાધુ.

# આંતરિક શુભેચ્છા

પ્રા.શ્રી કુલીનભાઈ ઉપાધ્યાયે 'અવધૂતી આનંદ'ના ભજનો ઉપર પહેલાં બે પુસ્તકો આપ્યાં છે. આ સાથે 'અવધૂતી આનંદ'ના બાકી રહેલા ૬૦ ભજનો ઉપરનું વિવરણ સહિતનું ત્રીજું પુસ્તક પ્રાપ્ત થાય છે તેનો આનંદ છે.

તેઓ કવિ હૃદય છે એટલે શબ્દોના સ્વામી પણ છે. એમની કલમને લખવા માટે વ્યાયામ કરવો પડતો નથી. સરળતાથી-સંઘેડા ઉતાર સમાન તેઓ લખે છે.

વિવરણ વાંચતાં વાચકને સમજાશે કે તેઓએ અવધૂતી આનંદના ભજનોને આત્મસાત્ કર્યા છે. એક ભજન સમજાવતાં સમજાવતાં બીજાં અન્ય ભજનો પણ એમને યાદ આવે છે તેથી સમાન ભાવનાં ભજનો પણ જાણવા મળે છે.

માત્ર અવધૂતી આનંદનાં જ નહિ પણ શ્રીગુરુલીલામૃત ગ્રંથમાંથી સમાન અર્થવાળા દોહરાઓ તેઓ આપે છે. અર્થાત્ શ્રીગુરુલીલામૃત ગ્રંથનો પણ તેમને સારો પરિચય છે.

વળી, વિષયને અનુરૂપ એમના વિશાળ વાંચનમાંથી પણ આપણને વાનગીઓ મળે છે. જ્યારે તેઓ આત્મસાક્ષાત્કારનાં પૂ.શ્રીનાં ભજનો પર લખે છે ત્યારે આત્મસાક્ષાત્કારી સંતો પૂ.પ્રકાશાનંદજી, પૂ.શિવાનંદ, પૂ. રાજર્ષિ મુનિ અને અન્યોનાં પણ અવતરણો આપે છે. વળી, તેમનો રમુજી સ્વભાવ પણ આવા ગંભીર પરિશીલન વખતે દેખાય છે અને ઘણાં વિવેચનને અંતે એ અંગે રમુજી ટૂચકો મૂકી તેઓ વાચકને હસતા કરી દે છે. શ્રી કુલીનભાઈના નામે સો ઉપરાંત નાના મોટાં પુસ્તકો બોલે છે. એમના ઉપર પૂ.બાપજીના અને એમને જેમના ઉપર ગોપીભાવ છે તેવા પૂ.ભાઈ (પ્રેમ અવધૂતજી)ના આશિર્વાદ તો ઉતરી રહ્યા છે તેવું તો સ્પષ્ટ દેખાય છે, કારણ કે સાક્ષાત્કાર થયો નથી છતાં તે અંગેના વિવરણો સાક્ષાત્કારી સંતોના વાઙ્મયમાંથી એ રીતે ઉદ્ધૃત થયાં છે કે જાણે એમને જ એ અનુભૂતિ થઈ હોય !

શ્રી કુલીનભાઈ આવાં ને આવાં પુસ્તકો લખતા રહે અને એ બસોની સંખ્યા પાર કરી જાય એવી આંતરિક શુભેચ્છાઓ આપતાં હૈયું પુલકિત થાય છે. આ માટે પરમ કૃપાળુ ગુરુમહારાજ એમને લાંબુ નિરામય આયુષ્ય અર્પે એ જ ગુરુમહારાજનાં પવિત્ર ચરણોમાં પ્રાર્થના ! **ગુરુદેવ દત્ત !**

ભવદીય
**ધીરુભાઈ જોષીના**
અભિવંદન.

**વડોદરા.**



# શુભેચ્છા સંદેશ

શ્રીરંગ પરિવાર-મુંબઈનું એક આદર્શ, ભક્તહૃદયી, યુગલ- Love birds - તરીકે જાણીતું અને મૂકસેવક તરીકે પ્રખ્યાત શ્રી પ્રફુલ્લભાઈ રમણલાલ હિંડીયા અને એમના ધર્મપત્ની સ્વ. રેણુકાબેન હિંડીયાની જોડીનું એક પંખી તા. ૨૨ એપ્રિલ, ૨૦૧૦ના રોજ ઉડી ગયું. સમગ્ર પરિવારને ઘેરો આઘાત લાગ્યો, અસહ્ય દુઃખ થયું પણ નિયતિના ફરમાન સામે આપણે લાચાર બની જઈએ છીએ.

જાણીતા સાહિત્યકાર શ્રી સુરેશ દલાલ લખે છે : "ઘરમાં બધાં હોય છતાં જ્યારે પુરુષને એમ લાગે કે મારું કોઈ નથી ત્યારે સમજવું કે એની પત્ની મૃત્યુ પામી હશે." પત્નીનું મૃત્યુ એટલે દિવાલ કરો બની જાય. પુરુષ માટે ભારે અજંપાભર્યું વાતાવરણ, પરંતુ "તું તારા રસ્તામાં પડેલા પથ્થરને પગથિયું બનાવ" એ ન્યાયે સ્નેહી શ્રી પ્રફુલ્લભાઈ શેષજીવન ગુરુ મહારાજના મિશન માટે ગાળી ધર્મપત્નીને સાચી શ્રદ્ધાંજલિ આપે છે. મરણનાં દુઃખનું વિસ્મરણ શ્રી હરિના નામસ્મરણથી જ આવી શકે અને એમાં જ બધાનું શ્રેય છે.

સ્વ. રેણુકાબેનને દત્તભક્તિ પિયરમાંથી વારસામાં મળેલી. તા. ૧૭મી ઓગસ્ટ, ૧૯૪૨માં જન્મ. પિતા પ્રમુખલાલ અને માતા ચંદ્રકુમારી. સ્વામી મહારાજની ભક્તિ સ્વ. રેણુકાબેનનું શાળા શિક્ષણ સુરતની જીવનભારતી સ્કૂલમાં.રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ઊંડી દિલચશ્પી. NCCમાં જોડાયેલા એટલે શિસ્ત લોહીમાં વણાયેલી.

"દીકરી વ્હાલનો દરિયો" એ ઉક્તિ પ્રમાણે ભગવાને એમના જીવનમાં ચાર દરિયાનું નજરાણું આપ્યું. દીપાલી, સોનલ, રૂપલ અને ખ્યાતી. ચારે દીકરીને સારું શિક્ષણ આપ્યું અને પછી યોગ્ય સમયે સાસરે મોકલી. સગા દીકરાની ગરજ સારે એવા ચાર દિશાને ખૂંદી વળે એવા ાચાર જમાઈ મળ્યા.

દીપાલીબેનના લગ્ન નયનભાઈ રાવલ સાથે થયાં. સોનલબહેન મેહુલભાઈ વિણ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. રૂપલબેનનું પાણીગ્રહણ સંદીપભાઈ શુકલ સાથે થયું અને ખ્યાતીબેને દર્શનભાઈ પંડ્યા સાથે લગ્નજીવનના શ્રીગણેશ માંડ્યા.

અભિષેક, યુતિ, મનન અને આર્યન પર નાના-નાનીના પ્રેમનો અભિષેક થયો. આ બધાને ચેતનવંતા અને રસવંતા રાખવામાં સ્વ. રેણુકાબેનનો ફાળો ગજબનો.

પ્રફુલ્લભાઈના રેણુકાબેન જમદગ્નિ ઋષિના રેણુકાની યાદ તાજી કરાવે એવાં.

**ગૃહિણી ગૃહમુચ્યતે** એ ન્યાયે સ્વ. રેણુકાબેનને કારણે સંસારવાડી ખીલી અને મઘમઘતી બની. ‘‘જે પોષતું તે મારતું’’ એ કવિ કલાપીની કાવ્યપંક્તિ પ્રમાણે - સદ્‌ગુણો અને ભક્તિના ભંડાર સમા સૌ રેણુકાબેનને કોઈની નજર લાગી ગઈ અને સંસારવાડીના માળીએ વનમાળી પાસે જવાનું નક્કી કરી દીધું.

આ આઘાત પ્રફુલ્લભાઈ હજી ભૂલી શક્યા નથી. પત્ની એટલે પુરુષના જીવનઘરની વીજળી-Electricty. એ જાય એટલે ટીવી, ફ્રિઝ, પંખા, A.C. બધું જ રહે પણ ચાલે નહિ. એને જોયા કરવાનું અને જીવ બાળ્યા કરવાનું.

પત્ની પ્રત્યેની સાચી પ્રેમભરી લાગણીને કઈ રીતે વ્યક્ત કરવી ? પત્નીનું મૃત્યુ ભૂલાતું નથી અને ભૂલ્યા વિના ચાલવાનું પણ નથી એ વાસ્તવિકતાનો સ્વીકાર કર્યે જ છૂટકો. પત્નીની સ્મૃતિમાં પૂ.રંગબાપજીનું સાહિત્ય પરિવારમાં વહેંચવાની ઈચ્છા થઈ અને એનું પરિણામ તે આ પુસ્તક : ‘‘અવધૂતી આનંદ મસ્તી - ભાગ-૩’’.

મારા હૈયાનો ધબકાર અને લાગણીનો એકરાર જ મને સ્નેહીશ્રી કુલીનભાઈને પુસ્તક લખવા દૃઢ આગ્રહ કરાવી શક્યો. એ મારો દુરાગ્રહ પણ હોઈ શકે. સ્નેહી શ્રી કુલીનભાઈએ સૌ અંજનીબેનની નાદુરસ્ત તબિયતના વિપરીત સંજોગોમાં આ દુષ્કર કાર્ય સુંદર રીતે પૂર્ણ કરી, પુસ્તક-પ્રકાશિત કરવાની બધી જવાબદારી સ્વીકારી તે બદલ એમનો ખૂબ ખૂબ આભારી છું. આવું પ્રકાશન કરવા માટે કુલીનભાઈએ ઘરની જવાબદારી નિભાવવામાં થોડી કચાશ દાખવી હશે, પરંતુ એ કચાશ નિભાવી લઈને સૌ અંજનીબેને જે સહકાર આપ્યો તે માટે એમનો પણ આભારી છું.

સ્નેહીશ્રી પ્રફુલ્લભાઈ અને સ્વ. રેણુકાબેનનું આદર્શ દામ્પત્ય જીવન સૌના જીવનને માર્ગદર્શન પૂરું પાડો અને સ્વ. રેણુકાબેનને રંગચરણમાં ચિરશાંતિ મળો એવી ભગવાન રંગાવધૂતજીના ચરણોમાં પ્રાર્થના.

પૂ.પ્રેમઅવધૂતજીની કૃપા છે કે આવા સત્કાર્યોમાં મને નિમિત્ત બનાવે છે.

મુંબઈ. **અનિલ શ્રોફના**

**(૯૮૨૦૧ ૫૭૨૧૦)** ગુરુદેવ દત્ત



# વિવરણકારનો ઉદ્‌ગાર

ભગવાન રંગાવધૂતજીની અસીમ કૃપાથી અને પૂ.પ્રેમઅવધૂતજીના પ્રેમાશીર્વાદથી ‘‘અવધૂતી આનંદ મસ્તી ભાગ-૩’’ પ્રકાશિત થઈ રહ્યો છે અને આ ૬૦ ભજનોની સાથે અવધૂતી આનંદના બધા ભજનોનું વિવરણ પૂરું થાય છે.

શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર, બાળકોના રંગદાદાના સોળ ભાગ અને અવધૂતી આનંદ મસ્તીના ત્રણ ભાગનું પ્રકાશન એ પ.પૂ.રંગબાપજીની અને પૂ.પ્રેમઅવધૂતજીની અસીમ કૃપાનું દ્યોતક છે.

અવધૂતી આનંદ મસ્તી ભાગ-૩ એ સ્વ. રેણુકાબેનની પવિત્ર રંગભક્તિ અને પરિવાર પ્રત્યેની નિર્મળ નિષ્ઠાને રંગ પરિવાર-મુંબઈ દ્વારા અપાયેલી શ્રેષ્ઠ અંજલિ છે. સ્નેહી શ્રી પ્રફુલ્લભાઈની લાગણીને મુ.અનિલભાઈનું પીઠબળ ન મળ્યું હોત તો કદાચ આ પ્રકાશન થયું જ ન હોત.

‘‘દેવનું કાર્ય દેવ કરે છે’’ એ સૂત્ર અહીં ચરિતાર્થ થયું છે એવું મને લાગે છે. મુ. અનિલભાઈનો દૃઢાગ્રહ-કદાચ દુરાગ્રહ - એ પણ ભગવાન રંગ પ્રેરિત જ હશે. મેં એમને ના તો કહી પણ મારી ‘ના’ પર એમની નિષ્ઠાનો વિજય થયો. ભગવાને મારી પાસે આ કાર્ય કરાવી મને પણ મુંબઈના રંગ પરિવારના સભ્ય તરીકેની સ્વીકૃતિ આપવી હશે.

આ પુસ્તકના ભજનો પૈકીના કેટલાક ભજનો કસોટીરૂપ હતાં, પરંતુ ગુરુમહારાજે યોગ્ય સમયે યોગ્ય પુસ્તકો અને યોગ્ય વ્યક્તિઓને મદદે મોકલી આપ્યા. એ બધાનો મારે ઋણ સ્વીકાર કરવો રહ્યો.

સૌ પ્રથમ કાયાવરોહણના યોગીવર પ.પૂ. રાજર્ષિ મુનિનો ખૂબ ખૂબ આભારી છું. એમના યોગાનુભૂતિ અને યોગદર્શિકા સપ્તમ્ ખૂબ જ ઉપકારક સાબિત થયાં.

પ.પૂ.રંગ અવધૂતજીના નિકટવાસી મુ. જમિયતકાકાનો- સ્વ.જમિયતરામ અર્ધ્વર્યુનો આભારી છું. એમની અવધૂતી મસ્તી ભાગ : ૧ ૨ અને ૩ ખૂબ મદદરૂપ બની. મુ. વિઠ્ઠલભાઈ પાઠક, શાસ્ત્રી જયેન્દ્રભાઈ દવે તથા મુ. નરેન્દ્રભાઈ વ્યાસનું સ્મરણ પણ કરવું ઉચિત ગણાશે.

ભજનોની ગૂંચ ઉકેલવામાં ખૂબ મદદરૂપ બનેલા શ્રી નવીનભાઈ પાઠકનો ખૂબ ખૂબ આભારી છું. એમનું અવધૂતની અવળવાણીનું પુસ્તક તેમજ ફોન પરનું માર્ગદર્શન નિબિડ અંધકારમાં દેખાતી દીવાદાંડી સમાન હતું.

છેલ્લે પરિવારના વડા અને નારેશ્વર સ્થાનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ડૉ. ધીરુભાઈ જોષીનો ખૂબ ખૂબ ઋણી છું. ૩૫૦ પાનાનું લખાણ મઠારી આપવા માટે એમણે નાદુરસ્ત તબિયતે લીધેલી જહેમતનો આભાર શું માનું ? પૂ.પ્રેમ અવધૂતજી સદેહે નથી એટલે મુ. ધીરુભાઈની આંતરિક શુભેચ્છાને જ આશીર્વચન માની લઉં તો યોગ્ય ગણાશે અને પૂ.પ્રેમ અવધૂતજીનો રાજીપો વધશે.

અંતમાં ઘરની વિપરીત સ્થિતિમાં પણ આ પ્રકાશન કાર્યને કારણે પડતી મુશ્કેલી સહી લેવા માટે મારા ધર્મપત્ની સૌ.અંજનીનો ખૂબ ખૂબ આભારી છું. ભજનની C.D. મોકલવા માટે પ્રિય હાર્દિક ઉપાધ્યાયનો ઋણી છું.

ભગવાન રંગાવધૂતજીના અને પૂ. પ્રેમ અવધૂતજીના ચરણોમાં સા.દં પ્રણામ.

અમદાવાદ - (૯૮૨૪૫ ૦૪૨૦૬) **- કુલીન ઉપાધ્યાય**



# ભજનની વર્ણાનુક્રમણિકા


| ક્રમાંક | ભજન | ભજન-ક્રમાંક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | અક્કલસે ખુદા કો પહેચાનો | ૨૪ | ૧૩૧ |
| ૨. | અધવચ વગડે લૂંટાઇ રે... | ૩૭ | ૨૦૬ |
| ૩. | અબ ખૂબ હસો | ૧૫ | ૭૬ |
| ૪. | અબ તો લહર મરનકી | ૧૧ | ૫૪ |
| ૫. | અબ મૈં કહાં જાઉં શરણ છોડ | ૧૬ | ૮૧ |
| ૬. | અબ મૈં ભઈ મસ્ત પિયા, | ૧૭ | ૮૭ |
| ૭. | અવધૂતોકી ગત ન્યારી | ૨ | ૧૦ |
| ૮. | અંદર ગોતા લગાવ | ૬ | ૨૯ |
| ૯. | આ ગયા મુકામઅસલી બાબા | ૧૨ | ૬૨ |
| ૧૦. | એવો દિ દેખાડ વ્હાલા ! | ૨૯ | ૧૫૯ |
| ૧૧. | ઓચિંતો હું તો જાગ્યો રે | ૩૬ | ૨૦૧ |
| ૧૨. | કરના થા તો સો કર લીના | ૫૯ | ૩૧૧ |
| ૧૩. | કરની બીન કથનીકી | ૪ | ૧૯ |
| ૧૪. | કર સત્સંગ અભી સે | ૫ | ૨૪ |
| ૧૫. | કાહેકો મન સોચ કરત | ૩ | ૧૩ |
| ૧૬. | ખુલ્લં ખુલ્લા મહાસભાને | ૬૦ | ૩૧૫ |
| ૧૭. | ગાઓ ગાઓ રે આજે | ૪૩ | ૨૪૧ |
| ૧૮. | ગેંદ ખેલું રે | ૩૫ | ૧૯૭ |
| ૧૯. | જય જય સ્વામી સદ્‌ગુરુ | ૪૬ | ૨૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | જાગીને મેં જોયું રે | ૩૮ | ૨૧૩ |
| ૨૧. | જીવતાં દેખ લો | ૩૪ | ૧૯૦ |
| ૨૨. | જીવન દો દિનકા | ૨૩ | ૧૨૩ |
| ૨૩. | જો ચાહે સો કહેના | ૨૨ | ૧૧૫ |
| ૨૪. | જોયો આજે | ૪૫ | ૨૫૩ |
| ૨૫. | જ્યારે પતન થશે દેહનું આ | ૫૭ | ૩૦૨ |
| ૨૬. | ઠુમ ઠુમ ઠુમ ચાલી | ૪૨ | ૨૩૪ |
| ૨૭. | તમન્ના દિલમેં યહી | ૮ | ૩૯ |
| ૨૮. | તં... તનનન વાગે | ૪૦ | ૨૨૧ |
| ૨૯. | તોડી દિવાલો મહેલની | ૩૦ | ૧૬૫ |
| ૩૦. | થયો આનંદ દીઠો સચ્ચિત | ૪૯ | ૨૬૯ |
| ૩૧. | દત્તગુરુ અવધૂત | ૫૩ | ૨૮૫ |
| ૩૨. | દત્ત દિગંબર દેવ ભજી લે. | ૫૫ | ૨૯૩ |
| ૩૩. | દરશન દીજો દાડી | ૪૭ | ૨૬૨ |
| ૩૪. | દિલરૂબા દિલકી સુનાઉ | ૫૬ | ૨૯૭ |
| ૩૫. | દેહ તે ડાકોર | ૨૮ | ૧૫૪ |
| ૩૬. | નહિ જાઉં રે નેહાળે | ૪૪ | ૨૪૬ |
| ૩૭. | નિરંજન પદ તો | ૭ | ૩૫ |
| ૩૮. | પહેરી લીધા વીંટલા | ૫૨ | ૨૮૨ |
| ૩૯. | બન જા અવધૂતા | ૧૯ | ૯૫ |
| ૪૦. | બન જા દિવાના | ૨૧ | ૧૦૯ |
| ૪૧. | બલિહારી તારી | ૪૮ | ૨૬૫ |
| ૪૨. | મનકો બિન મારે | ૧૦ | ૪૯ |
| ૪૩. | મનુવા ધરી લે ધરથી | ૩૧ | ૧૬૯ |
| ૪૪. | મનુવા હરિભજના | ૨૦ | ૧૦૦ |
| ૪૫. | મારા મનમંદિરિયા | ૫૦ | ૨૭૪ |
| ૪૬. | મુખસે હરિ હરિ | ૫૪ | ૨૮૮ |
| ૪૭. | મૂકી દીધી કલમ બંધો ! | ૫૮ | ૩૦૬ |
| ૪૮. | મૈં તો બેઠા ગુરુપદ પાસ | ૧૪ | ૭૧ |
| ૪૯. | મોહે દત્ત દરસકી આસ | ૧૩ | ૬૭ |
| ૫૦. | યહ ઘર નહિ તેરા | ૧૮ | ૯૧ |
| ૫૧. | રામ કહો કે શ્યામ | ૨૭ | ૧૫૦ |
| ૫૨. | લહિયાનો પાર નહિ | ૫૧ | ૨૭૭ |
| ૫૩. | લાખોમેં કોઈ | ૯ | ૪૪ |
| ૫૪. | વસમી વાટડી | ૩૨ | ૧૭૫ |
| ૫૫. | વહાંકી બાત ન્યારી હૈ | ૩૯ | ૨૧૭ |
| ૫૬. | વાહ વાહ રે આજે | ૪૧ | ૨૨૮ |
| ૫૭. | સુખ થયું, દુઃખ ગયું | ૨૫ | ૧૩૬ |
| ૫૮. | હમો ચંગા હમો ચંગા | ૨૬ | ૧૪૩ |
| ૫૯. | હરિના નામનો | ૩૩ | ૧૮૨ |
| ૬૦. | હુઆ ક્યા યે મુઝે સાંઈ | ૧ | ૧ |

વિવરણકાર : પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ (મો. ૯૮૨૪૫૦૪૨૦૬)

ગ્રાફીક્સ : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

પ્રકાશક : શ્રી પ્રફુલ્લભાઈ હિંડીયા
મુંબઈ

આવૃત્તિ : પ્રથમ - મંગળવાર
શ્રાવણ સુદ-૫, ૨૦૬૮
તા. ૨૪-૭-૨૦૧૨
(સ્વ. રેણુકાબેનની જન્મતિથિ)

પ્રત : ૫૦૦

**૬૦ રૂપિયા**

## ભજન (૧)
## હુઆ ક્યા યે મુઝે સાંઇ

(રાગઃભૈરવી; ગઝલ)

**હુઆ ક્યા યે મુઝે સાંઈ, ન મૈં જાનૂં ન તૂં જાનૂં!**
**ફટી દિલસે દૂઈ સારી, ન મૈં જાનૂં ન તૂં જાનૂં!! .ટેક.**
**અગર જિંદા ન હાલું મૈં, મરા ચેતન ભરા ભરપૂર;**
**મરે જીતે પરે બૈઠા, ન મૈં જાનૂં ન તૂં જાનૂં! .હુઆ૦ ૧.**
**બના આશક બિના માશુક, હકીકી ઇશ્કકા દરિયા,**
**બિના [૧]ખિલક્ત બના [૨]ખાલિક, ન મૈં જાનૂં ન તૂં જાનૂં! .હુઆ૦ ૨.**
**ન દેખું પૂન ના પાપા, કહાં સૈતાન વો આપા?**
**બિના બેટા કહાં બાપા? ન મૈં જાનૂં ન તૂં જાનૂં!! .હુઆ૦ ૩.**
**બના માલિક બિના દોલત, બના રાજા બિના રૈયત;**
**કરું બાતાં બના મૈયત, ન મૈં જાનૂં ન તૂં જાનૂં!! .હુઆ૦ ૪.**
**વૃથા હૈ ઔર સબ બકના, વૃથા લિખના વૃથા પઢના;**
**ચૂપાચૂપ મૌજ હૈ લૂંટના, અકેલા રંગ યહ જાનૂં!! .હુઆ૦ ૫.**

---

૧ સૃષ્ટિ ૨ સૃષ્ટિનો કર્તા

❖❖❖

## અર્થ

હે ભગવાન ! મને આ શું થયું છે ! હવે 'હું નથી' અને 'તું પણ નથી.' દિલથી દ્વૈતભાવ નષ્ટ થયો છે. હવે 'હું પણું' અને 'તું પણું' રહ્યું નથી.

આમ જુઓ તો હું જીવું છું છતાં હાલતો-ચાલતો નથી અને આમ મરેલો છું છતાં ચેતનપણાથી ભરપૂર ભરેલો છું. હું જીવન-મૃત્યુથી પર થઈને બેઠો છું. હવે હું કે તું કશું જાણતો નથી.

પ્રિયતમા વિનાનો હું પ્રિયતમ છું. ઈશ્વરીભાવ એ પ્રેમનો દરિયો છે. સૃષ્ટિ વિનાનો



હું સૃષ્ટિકર્તા છું. હવે 'હું' ભાવ નથી તો પછી 'તું' ભાવ પણ નથી.

હવે પુણ્ય કે પાપ કશું જોતો નથી. હવે અહંકારરૂપી સેતાન પણ ક્યાં છે ? પુત્ર વિના બાપ ક્યાંથી હોય ? હવે હું હું નથી અને તું તું નથી.

ધનસંપત્તિ વગર હું શ્રીમંત-માલિક બની ગયો છું. પ્રજા વિના હું રાજા બની ગયો છું. મરણ થયું છે છતાં વાતો કરું છું.

હવે બીજો કોઈ પણ લવારો કરવો નકામો છે. લખવું-વાંચવું બધું નકામું છે. એકદમ મૌન ધરીને-ચૂપચાપ બેસી રહીને - હવે બસ મોજ લૂંટવાની છે - આનંદમાં ડૂબી રહેવું છે - મારામાં હું ભાવ નથી પછી તું ભાવ ક્યાંથી હોય ?

❖❖❖

## વિવરણ

આ ભજનમાં કરવામાં આવેલું વર્ણન એ નિર્વિકલ્પ સમાધિને સિદ્ધ કરી, બ્રહ્માનંદમાં ડૂબેલા યોગીનું વર્ણન છે. આત્મસાક્ષાત્કારનો અનુભવ કરી ચૂકેલ વ્યક્તિની અવસ્થાનું આ વર્ણન છે.

સ્વામી શિવાનંદજી 'મન-તેનું રહસ્ય અને નિયંત્રણ' નામના પુસ્તકમાં 'સમાધિ' નામના પ્રકરણમાં જણાવે છે કે, "સમાધિમાં કાંઈ દેખાતું નથી કે સંભળાતું નથી. કેવળ આત્મિક ચેતના રહે છે. કેવળ અસ્તિત્વ (સત્) જ રહે છે. એ જ તમારું સાચું સ્વરૂપ છે. તળાવમાંથી પાણી સૂકાઈ જાય એટલે પહેલાં સૂર્યનું જે પ્રતિબિંબ પડતું હતું તે હવે પડતું નથી. અદશ્ય થઈ જાય છે. જ્યારે મન બ્રહ્મમાં એકાકાર થઈ જાય છે, જ્યારે મન-સરોવર સૂકાઈ જાય છે ત્યારે પ્રતિબિંબિત ચૈતન્ય (ચિદાભાસ) પણ અદશ્ય થઈ જાય છે. જીવાત્મા (વૈયક્તિક આત્મા) ચાલ્યો જાય છે ત્યારે કેવળ અસ્તિત્વ (સત્) જ બાકી રહે છે.

જ્યારે મન સુષુમ્ણા નાડીમાં હોય છે ત્યારે યોગી પુરુષને ભૌતિક બાહ્ય જગતની ચેતના રહેતી નથી. તેને માટે તે મરી પરવાર્યું હોય છે.

સવિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ સમાધિ અને જીવન મુક્ત પુરુષની સહજાવસ્થા સમજાવતાં સ્વામી શિવાનંદજી કહે છે કે ચાલતાં ગાડાને સવિકલ્પ સમાધિ સાથે સરખાવી શકાય. ગાડું ઊભું રહે ત્યારે તેને નિર્વિકલ્પ સમાધિ સાથે સરખાવી શકાય અને બળદોને

છોડી નાખવામાં આવે તેને સહજાવસ્થા સાથે સરખાવી શકાય.

નિર્વિકલ્પ સમાધિ વિશે **પૂ. શ્રી પ્રકાશાનંદજી મહારાજ** 'ધર્માલાપ' નામના પુસ્તકમાં 'આપણો ધર્મ' વિભાગમાં કહે છે કે : નિર્વિકાર અને બ્રહ્માકાર વૃત્તિ વડે અનાત્મ વૃત્તિનું વિસ્મરણ થવું તેને જ્ઞાન નામની ઉત્તમ સમાધિ કહે છે. આ સમાધિ જ્ઞાનનું સાધન હોવાથી તેને જ્ઞાન નામની સમાધિ કહે છે.

નિર્વિકલ્પ સમાધિ બે પ્રકારની છે : (૧) અદ્વૈત ભાવનારૂપ અને (૨) અદ્વૈતાવસ્થાનરૂપ. જેમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટી રહેતી નથી પરંતુ વૃત્તિ બ્રહ્માકાર છે તે અદ્વૈતભાવનારૂપ નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે અને જ્યારે ભાવનારૂપ વૃત્તિ સ્વરૂપમાં લય પામે ત્યારે તેને અદ્વૈતાવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે.

આ ભજન અદ્વૈતાવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત યોગીપુરુષનું વર્ણન કરતું ભજન છે. આ અવસ્થામાં સત્-અસ્તિત્વ સિવાય કશું રહેતું નથી. 'હું' પણાનો ભાવ અદૃશ્ય થઈ જાય છે. 'તું' એ સાપેક્ષ ભાવ છે. બોલનાર પ્રથમ પુરુષ એકવચન 'હું' હોય તો સામેનો બીજો પુરુષ એક વચન 'તું' થાય. 'હું'ની અપેક્ષાએ જ 'તું' હોય છે. હું અદૃશ્ય થતાં તુંપણું પણ રહેતું નથી. બધે એક માત્ર બ્રહ્મનો જ અનુભવ કરનાર પોતે પણ બ્રહ્માકારવૃત્તિવાળો થઈ જાય છે.

આ અભેદભાવનું દર્શન એ પરમ સિદ્ધિ છે. ભેદદર્શક દૃષ્ટિનો — દ્વૈતભાવનો નાશ થવો એટલે જ બધે અદ્વૈતભાવનું - બ્રહ્મનું - દર્શન કરવું, પરંતુ આ ભેદસૃષ્ટિ દૂર કરવી સહેલી નથી. પ.પૂ. બાપજી દત્તદશકમાં લખે છે :

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈક્ય જ્ઞાનથી રંગ પાર થઈ જાય.**

આ અદ્વૈત દર્શન-અદ્વૈત ભાવને સિદ્ધ કરવો એ જ સાધનાનું અંતિમ લક્ષ્ય છે. બ્રહ્માકારવૃત્તિ થયા પછી એને અત્ર, તત્ર, સર્વત્ર બધે બ્રહ્મનાં જ દર્શન થાય છે. પછી આપણને નડતાં પ્રશ્નોથી એ પર થઈ જાય છે. એ જગતને જગત તરીકે નથી જોતો, બ્રહ્મભાવે જ જુએ છે. પૂ. બાપજી શ્રી ગુરુલીલામૃતમાં લખે છે :

**બ્રહ્મસ્થિતિ થાતાં અહીં ફરે દૃષ્ટિ સાક્ષાત્;**
**જે જે દેખે તે બધું દિસે બ્રહ્મમય કાન્ત. (અ.૧૨૨ દો.૯.)**

'ફટી દિલસે દુઈ સારી' - દિલમાંથી દ્વૈતની ભાવના દૂર થતાં જ અભેદ દર્શન



થાય છે.

અદ્વૈત અવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિવાળાની સ્થિતિનું વર્ણન યોગવસિષ્ઠમાં પ્રહલાદજીની સ્તુતિના સંદર્ભમાં કરેલું છે. આવી સ્થિતિમાં વ્યક્તિ ચિત્રમાં ચીતરેલાં કે શિલામાંથી કોતરી કાઢેલા હોય તેવા જણાય છે. આવી વ્યક્તિ મૃત્યુ પામી હોય તેવી જણાય છે. વ્યક્તિનું ચિત્ત આત્મામાં તલ્લીન થઈ ગયું હોય છે. વ્યક્તિ જીવતો હોય છે, પણ મરેલા જેવો જ રહે છે.

'અગર જિંદા, ન હાલું મૈં, મરા, ચેતન ભરા ભરપૂર.''

મુ. જમિયતરામ અધ્વર્યું અવધૂતી મસ્તી ભાગ-૩માં જણાવે છે કે : 'સંકલ્પના અભાવે સર્વ ચેષ્ટાઓનો અભાવ થઈ જાય છે. સંકલ્પના અભાવે કામના નથી અને કામનાના અભાવે ચેષ્ટા નથી. યોગી સંકલ્પરહિત, નિષ્કામ, નિષ્ક્રિય, નિશ્ચેષ્ટ છે અને ચેતનાનો અખંડ સ્રોત હોવા છતાં જડવત્ છે.''

આવી નિર્વિકલ્પની અદ્વૈતાવસ્થાન સ્થિતિમાં રહેલી વ્યક્તિમાં સ્ફૂરણાનો અભાવ છે, સ્ફૂરણ નથી તેથી સ્પંદન અને તેથી ઉર્મિ નથી.

ઉર્મિના અભાવે ચાંચલ્ય નથી અને પરિણામે જડતાનો આભાસ છે. વ્યક્તિમાં ચેતન હોવા છતાં, તે જીવતો હોવા છતાં હાલતો-ચાલતો નથી, જડવત્ ભાસે છે. આ તો અનુભવે જ સમજાય એવી વાત છે.

શ્રીગુરુલીલામૃતમાં જ્ઞાનકાંડમાં આ સ્થિતિનું વર્ણન કરતાં પૂ.બાપજી લખે છે :

**દેહભાન ઊડે સહુ, બાહ્યાભ્યંતર જ્ઞાન,**
**થાય ત્ર્યવસ્થાતીત મન, એ જ ઉન્મની જાણ.**
**આત્મા જોઈ આત્મને થાએ આત્મવિલિન,**
**આત્યંતિક સુખ દેખી એ, થાય વાસના ક્ષીણ.**
**નિર્વિકલ્પ સમાધિ એ, વરસે ધર્મામૃત,**
**ધર્મમેઘ યોગી કહે, થાય મુમુક્ષુ તૃપ્ત.** (અ.૧૮ દો.૧૧૨ થી૧૧૪)
**નિર્વિકલ્પ સમાધિ આ, હરે મૂળ અજ્ઞાન,**
**વાસનાવન બાળીને, દમે પ્રારબ્ધ માન.**
**સર્વ વ્યાપી ચૈતન્ય જે, સ્વયં પ્રકાશક એક,**
**સચ્ચિત્સુખમય ત્યાં વસે, કેવલાદ્વૈત છેક.**

**થતાં સાક્ષાત્કાર એ બાહ્યાભ્યંતર એમ,**
**જાણે યોગી ના કશું, થાએ ચિન્મય તેમ.** (અ.૧૯ દો.૩૧થી૩૩)

**જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિનું ન્હોતું ત્યારે નામ;**
**હતી નિશ્ચેષ્ટ ઈન્દ્રિયો, કેવળ સ્વાત્મારામ.** (અ.૧૯ દો.૧૧૯)

**થયો નિશ્ચેષ્ટ એ ફરી કેવળ તન્મય ભૂપ,**
**કાષ્ઠપૂતળી સમ અહા ! દેખી રૂપ અનુપ.**

**દેખી ગુરુવર પ્રેમથી, ઝાલી હાથે જાણ,**
**ઢંઢોળી જાગ્રત કરે; બોલે અર્જુન માન !** (અ.૨૦.દો.૧૬)

નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત વ્યક્તિમાં ચેષ્ટા નથી, લાકડાની પૂતળી જેવો જડ છે પણ અંદર ચેતન ભરેલું છે અને તેથી એ દેહભાન પર આવે ત્યારે સામાન્ય જીવંત માનવી જેવો જણાય છે.

નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત વ્યક્તિનો જીવભાવ નષ્ટ થઈ જાય છે. 'અહં અને મમ' નિર્મૂળ થઈ જતાં, તે બ્રહ્મરૂપ બની જાય છે. આ બ્રહ્મરૂપ- આત્મભાવ — જન્મ ને મૃત્યુથી પર છે. એનો જન્મ નથી તો પછી મૃત્યુ તો ક્યાંથી હોય ? જન્મમૃત્યુ બંનેથી પર છે.

જીવભાવ નષ્ટ થતાં, અહં બ્રહ્માસ્મિનો અનુભવ થતાં - સચ્ચિદાનંદમાં ડૂબેલો યોગી બ્રહ્મરૂપ બની જાય છે. ''બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ' એ ન્યાયે પોતે બ્રહ્મરૂપનો અનુભવ કરે છે. પ્રેમસ્વરૂપ પરમાત્મા-પરમાત્મા પોતે પ્રેમસ્વરૂપ જ છે - એ સત્ય સમજાતાં નિર્મળ અને નિર્ભેળ આનંદની પ્રાપ્તિ થાય છે. સામાન્ય જીવનમાં પ્રેમ કરનાર (આશક) અને જેને પ્રેમ કરે છે તે (માશુક) એમ બે વ્યક્તિ હોય છે અને પ્રેમના તાંતણે એક બને છે, જોડાય છે. પરંતુ બ્રહ્મમય બની જાનાર વ્યક્તિ પોતે જ પોતાના પ્રેમમાં ડૂબી જાય છે. જીવ અને ઈશ્વર બંને અદશ્ય થતાં - 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે' જેવું થાય છે. આશકની સામે માશુક નથી.

**પૂ.શ્રી લખે છે કે :**

**છાયા બિંબ સ્વયં બને, થતાં ઉપાધિ નષ્ટ,**
**ચિચ્છાયા ત્યમ જીવ પણ, થાય ચૈતન્ય સ્પષ્ટ.**(અ.૧૯દો.૩૯)

જો સત્ સિવાય કશું હોય જ નહિ તો અહંકારને કારણે, અવિદ્યાવશ, જીવભાવ



અનુભવતી વ્યક્તિ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થાય ત્યારે તેને બધું જ બ્રહ્મમય જણાય છે અને પોતે પણ બ્રહ્મ જ છે, જીવ એ બ્રહ્મથી જુદો નથી એવો અનુભવ થાય અને એ આનંદના સાગરમાં ડૂબી જાય, સચ્ચિદાનંદમગ્ન બની રહે.

**બોધમાલિકામાં પૂ.બાપજી લખે છે કે :**

**સ્વં ભજનાન્યદાપ્નોતિ સ્વસ્મિન્નેવ લયં વ્રજેત્ ।**
**સર્વં સ્વાત્મેતિ જ્ઞાનેન જીવન્મુક્તશ્ચરેદ્ ભુવિ ॥** (શ્લોક : ૨૭)

**સ્વાત્મ ભજનથી સ્વાત્મમાં પામે લય નિર્વાણ,**
**સ્વાત્મ સ્વરૂપ બધું લહ્યું જીવન્મુક્ત સુજાણ.**

આ સત્ તત્ત્વ જ સૃષ્ટિની રચના કરનાર - ખાલિક — છે.

**એકોડહં બહુ સ્યામ્ - હું એક છું અને અનેક થાઉં**ના સંકલ્પમાંથી સૃષ્ટિનું નિર્માણ થયું. સ્ફૂરણ ન થવા છતાં થયું અને એમાંથી માયા-પ્રકૃતિ અસ્તિત્વમાં આવી. એમાંથી સૂક્ષ્મ અહંકાર-મહત્ તત્ત્વ અને પછી અહંકાર, પંચભૂત વગેરે ઉત્પન્ન થયાં. પૂ. બાપજી આ વાત જણાવતાં લખે છે કે :

**અહં સ્ફૂરણ બ્રહ્મે થયું ના થઈને જેહ,**
**તે જ પ્રકૃતિ જાણ તું, અભિન્ન નિઃસંદેહ.**
**મહત્તત્ત્વ ત્યાંથી થયું, અહંકાર પછી એમ,**
**પંચભૂત ત્યાંથી થયાં, યથાનુક્રમે તેમ.** (અ. ૧૬ દો. ૬૪-૬૫)

પરંતુ આ પ્રકૃતિ-માયા અનિર્વચનીય છે. એ દેખાય છે પણ છે નહિ. માયા એટલે જે નથી તેનો ભાસ માત્ર. એ ભાસ પણ મિથ્યા છે, ભ્રમણા છે. આપણને જણાતું-દેખાતું - જગત એ આપણા મનની કલ્પના માત્ર છે. નિર્વિકલ્પ સમાધિમાં મનનો લય થઈ જાય છે, મન રહેતું નથી એટલે જગત પણ રહેતું નથી. જગત એ માયાનું સર્જન છે અને માયા બ્રહ્મના સંકલ્પમાત્રનું પરિણામ છે. આમ, સૃષ્ટિનો સર્જક એવું બ્રહ્મ તત્ત્વ ખાલિક રહે છે, પરંતુ જગત રહેતું નથી. દ્વૈતભાવ હોય ત્યાં સુધી જ જગત છે. અદ્વૈતભાવ-અભેદ દૃષ્ટિ — થતાં જગત રહેતું નથી, પરંતુ બ્રહ્મ-સત્—તત્ત્વ એકલું રહે છે. આ સત્ તત્ત્વ જ સૃષ્ટિના રચયિતા (ખાલિક) છે, પરંતુ તે માયાને કારણે દ્વૈતદૃષ્ટિ હોય ત્યાં સુધી જ.

માયા અને અવિદ્યાના પરિણામરૂપ શિવ અને જીવભાવ જન્મે છે. માયા વેષ્ટિત ચૈતન્ય

એટલે ઈશ્વર-શિવ અને અવિદ્યા વેષ્ટિત ચૈતન્ય એટલે જીવ. વેષ્ટિત એટલે વીંટળાયેલું. આમ, જ્યારે બ્રહ્મ ઉપર માયાનું આવરણ હોય ત્યારે તે ઈશ્વર કહેવાય અને જ્યારે બ્રહ્મ ઉપર અવિદ્યાનું આવરણ હોય ત્યારે તે જીવ કહેવાય. આમ, ઈશ્વર અને જીવ બંનેનું આવરણ જ જુદું છે બાકી છે તો બ્રહ્મ જ અને તેથી જ જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે :

**બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ ।**

બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. જીવ બ્રહ્મ જ છે, એનાથી જુદો (અપર) નથી (ન).

અવિદ્યાને કારણે જીવભાવ થવાથી વ્યક્તિમાં કર્તૃત્વભાવ અને ભોક્તૃત્વભાવ આવે છે. આ બધું હું કરું છું. એવો કર્તૃત્વભાવ હોવાથી કરેલા કર્મનું ફળ ભોગવવું પડે છે. સારા કર્મનું ફળ-પુણ્ય અને પરિણામે સુખ મળે છે અને ખરાબ કર્મનું ફળ પાપ અને પરિણામે દુઃખ મળે છે. આમ જીવ પોતાના કર્મોના પરિણામરૂપ સુખદુઃખ ભોગવે છે. આપણે જ્યારે દુઃખ ભોગવવાનું આવે ત્યારે આ દુઃખ એ આપણા કર્મનું જ ફળ છે એમ માનવું અને એનો દોષ કોઈ બીજા ઉપર ઢોળવો નહિ.

**સુખસ્ય દુઃખસ્ય ન કોઽપિ દાતા**
**પરો દદાતીતિ કુબુદ્ધિરૈષા ।**
**અહં કરોમીતિ વૃથાભિમાન :**
**સ્વકર્મ સૂત્ર ગ્રથિતો હિ લોકઃ ॥**

કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી. બીજો (દુઃખ) આપે છે. એ કુબુદ્ધિ છે. હું કરું છું એ વૃથાભિમાન છે અને પરિણામે પોતાના કર્મોથી જ લોકો બંધાય છે.

પૂ. બાપજી આ વાત સમજાવતાં લખે છે કે :

**દેહ અહંતા બંધ છે, મોક્ષ અહંતા ત્યાગ,**
**થતાં સ્વાત્મબુદ્ધિ બધે શમે અહં-મમ આગ.**
**નિર્વિકાર નિશ્ચેષ્ટ મન, રહે સ્વાનંદતૃપ્ત,**
**ચિત્ત સમાહિત સર્વદા, દેહભાન પ્રસુપ્ત.**
**એવો સ્વસ્થિર જે સદા, મુક્ત તેજ પ્રમાણ,**
**જ્યાં જ્યાં મન એનું તિહાં, નિત્ય સમાધિ માન.**

(અ.૧૫દો.૧૫૫,૧૫૭,૧૫૮)

**પ્રેમનો સ્પર્શ થતાં જ વ્યક્તિ કવિ બને છે.**



**સુખદુઃખાત્મક કર્મફળ, ચાખે લંપટ જીવ;**
**કેવળ સાક્ષિત્વે રહી, ઉભય વિલોકે જીવ.** (અ. ૧૯ દો. ૯૭)

**અક્ષરગીતામાં પૂ. બાપજી લખે છે કે :**

**કર્મૈવ કારણં વિદ્ધિ જીવાનાં સુખદુઃખયોઃ ।**
**સાર્થ બન્ધાય નિષ્કામં મુક્તયે સમુદાહૃતમ્ ॥** (શ્લોક : ૧૪)

જીવના સુખદુઃખનું કારણ કર્મ છે. સકામ કર્મ બંધનનું કારણ છે અને નિષ્કામ કર્મ મુક્તિપ્રદ છે એમ કહ્યું છે.

આ અહંકાર (આપા)રૂપી સેતાન ન રહે તો હું કરું છું એવો કર્તૃત્વભાવ પણ રહેતો નથી અને પરિણામે પાપ અને પુણ્ય તથા તેના ફળરૂપ સુખદુઃખ પણ રહેતા નથી. નિર્વિકલ્પ સમાધિમાં મન કે અહંકારનો નાશ થાય છે, લય થાય છે.

બ્રહ્મમાં અહંની સ્ફૂરણા થવા છતાં નથી થઈ અને તેમાંથી માયા, મહત્ તત્ત્વ વગેરેનું સર્જન થયું. પરંતુ માયા મિથ્યા છે તેથી જગત અને જગદીશની કલ્પના એ મિથ્યા-આભાસી સ્થિતિ છે. કોઈપણ વ્યક્તિ જ્યારે બાપ બને છે ત્યારે એ તો જેમનો તેમ જ હોય છે. ફક્ત એની પત્ની દીકરાને જ્યારે જન્મ આપે કે તરત પેલી વ્યક્તિ 'બાપ' કહેવાય છે. જેને સંતાન નથી તે કદી પણ બાપ કહેવાતો નથી. આમ, જગતરૂપી બેટાનો બાપ – સર્જનહાર-ઈશ્વર છે, પરંતુ જગતનું મિથ્યાપણું જાણવાથી ઈશ્વરનું અસ્તિત્વ પણ રહેતું નથી.

શ્રીગુરુલીલામૃતમાં પૂ. બાપજી લખે છે કે :

**જ્યાં ત્યાં સઘળે તું ભર્યો, ખાલી ન એકે ઠામ,**
**જીવ શિવ તુજ રમકડાં, અક્ષય તારું ધામ.** (અ.૧. દો.૪૪)

"બના માલિક બિના દોલતઃ" : સામાન્ય રીતે જેની પાસે પોતાની મિલકત હોય, મિલકતની માલિકી હોય તે વ્યક્તિ જ એનો માલિક કહેવાય. અહીં પૂ.શ્રી કહે છે કે, મારી પાસે દોલત નથી અને છતાં હું માલિક છું. આમ, વિરોધાભાસ જણાય પરંતુ જેને મન બધા જ પોતાના હોય એવી વ્યક્તિ માટે પોતાની મિલકત ન હોવા છતાં પણ એ માલિક હોય છે. પૂ. બાપજી જેવા કે જેને પોતાના નામ ઉપર એક પણ મકાન ના હોય પરંતુ બધા ભક્તો પોતાના મકાન પૂ. બાપજીના મકાન છે એવી ભાવના રાખતા હોય છે. ઘણા તો પૂ. બાપજીનો જે રૂમમાં મુકામ થયો હોય એ રૂમનો પોતાને માટે

**પ્રેમ વિશ્વાસથી જન્મે છે, દયાથી મૃત્યુ પામે છે.**

ઉપયોગ કરતા જ નથી. જેને કોઈ આશા નથી, અપેક્ષા નથી એ જ પૃથ્વીપતિ છે. અક્ષરગીતામાં પૂ. બાપજી કહે છે :

**આશાદાસો જગદ્દાસો નિરાશીરવનિપતિઃ ।**
**તસ્માત્ હિ આશાં સમુચ્છિદ્ય સ્વાનન્દે રમતે બુધઃ ॥**

જે આશાનો દાસ છે તે જગતનો દાસ છે. જે આશારહિત (નિરાશી) છે તે જગતનો બાદશાહ છે અને તેથી જ એ આશાનો સમૂળ નાશ કરીને જ્ઞાની પુરુષ નિજાનંદમાં મસ્ત રહે છે.

**ચાહ મીટી ચિંતા મીટી મનુવા બેપરવાહ ।**
**જાકો કછુ ન ચાહીયે, વોહિ શાહોં કે શાહ ॥**

જેણે પોતાનું મન જીત્યું છે, જેને કોઈ પ્રકારની આશા નથી કે કોઈ પ્રકારની તૃષ્ણા નથી એ વ્યક્તિ રાજાઓને પણ રાજા છે. સમ્રાટ છે. આશા વગરનો-નિરાશી-એ અવનીપતિ-પૃથ્વીનો પતિ-રાજા છે. આવી બાદશાહી ભોગવવા માટે રૈયતની જરૂર નથી. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**કોઈ દિન ખાટ પલંગ સજાના, કોઈ દિન ધૂલ બિછૌના,**
**કોઈ દિન શાહ બને શાહોં કે, કભુ ફકીરા દીના-રે મન !**

વળી, બીજા એક ભજનમાં કહે છે કે :

**ધરતી કા તો બના સિંહાસન, છત બાદલ તરુ ફૈલા;**
**મારુત મંદા ચમર ડુલાવે**
**બૈઠે બાદશાહા રંગ અજબ દિખાવે - ભઈ મતવાલી.**

પોતાની મસ્તીમાં ડૂબેલી વ્યક્તિ રાજાઓને પણ રાજા છે અને આવી રાજાશાહી માટે રૈયતની જરૂર નથી.

પરંતુ નિર્વિકલ્પ સમાધિનો - સમાધિના સુખનો —અનુભવ કરવાનો છે. ચર્ચા કરવાથી પેટ ભરાતું નથી. ભૂખ લાગી હોય તો ખાવું પડે. સચ્ચિદાનંદની મસ્તી માણવા માટે જાતે યોગ કરી, પ્રાણ અને મન તથા કુંડલિનીને સહસ્ર દલમાં લઈ જવા પડે અને જે અનુભવ થાય તે માણનારો એનું પૂરું વર્ણન કરી શકતો નથી. "ગૂંગાને જ્યોં ઘેબર ખાઈ, ડકાર માત્ર દિખાઈ" - ગૂંગો માણસ બરાબર જમ્યો હોય ત્યારે એનો આનંદ



ઓડકાર ખાઈને બતલાવે. એટલે પૂ.બાપજી લખે છે કે અનુભવ સિવાયની બીજી બધી વાતો એ બકવાસ છે. લખવું, વાંચવું કે વાતો કરવાથી આનંદનો અનુભવ થતો નથી. એ તો બધો વાણી-વિલાસ છે. આ અનુભવ મસ્તીમાં ડૂબ્યા રહેવું અને એની મસ્તી માણવા મૌનમાં રહેવું એ જ સાચું છે. પૂ.બાપજી લખે છે તેમ : "મૌનમાં મુનિજનો મોજ માણે."

હુંનું વિસ્મરણ-અહંકારનો લય-થાય એટલે બધા પ્રશ્નો, વિઘ્નો અને અંતરાયો દૂર થાય. દ્વૈતભાવ-ભેદદૃષ્ટિ દૂર થતાં જ અદ્વૈતભાવનો અનુભવ થાય.

❖❖❖

## ભજન (૨)
## અવધૂતોંકી ગત ન્યારી હૈ

**(રાગઃભીમપિલાસ; તાલઃત્રિતાલ)**

**અવધૂતોંકી ગત ન્યારી હૈ; ન્યારી હૈ સબ [1]આલી હૈ! .ટેક.**
**કોઉ તો બનઠન ચંગે દિખાવે, વો તો નંગે ખાલી હૈ! .અવધૂતોંકી૦ ૧.**
**કોઉકો ગાડી કોઉકો ઘોડા, ઉનકો પૈર સવારી હૈ!! .અવધૂતોંકી૦ ૨.**
**કોઉ તો પૂજત મંદર મૂરત, વો તો સૂરત-પૂજારી હૈ!! .અવધૂતોંકી૦ ૩.**
**કોઉકો રામા કોઉકો દામા, વો તો અકામ અપારી હૈ! .અવધૂતોંકી૦ ૪.**
**ઇતઉત દૌડે દુનિયા સારી, ઉનકો શાંતિ ભારી હૈ!! .અવધૂતોંકી૦ ૫.**
**આત્મનશેમેં મસ્ત હી ડોલે, રંગ અસંગ નિહારી હૈ! .અવધૂતોંકી૦ ૬.**

**૧. ઉચ્ચ, સર્વશ્રેષ્ઠ,**

❖❖❖

## અર્થ

અવધૂતોની દશા (ગત) જુદી જ છે. જુદી છે પણ બધાથી શ્રેષ્ઠ છે, સર્વોત્તમ (આલિ) છે.

બીજા બધા તો સાજ સજીને સરસ દેખાય છે. જ્યારે આ તો દિગંબર-વસ્ત્ર વિનાનો-

નંગડ છે. કોઈ પાસે ગાડી છે, કોઈ પાસે ઘોડો છે, જ્યારે અવધૂત તો પગે ચાલીને બધે ફરતો ફરે છે. બીજા બધા મંદિર અને મૂર્તિની પૂજામાં પડ્યા છે. જ્યારે અવધૂત તો સૂરતાનો પૂજારી છે-ધ્યાનનો પૂજારી છે. બીજા બધામાં કોઈ સ્ત્રી પાછળ તો કોઈ પૈસા પાછળ ફરે છે. જ્યારે આ તો કામના વિનાનો થઈને ફરે છે. આખી દુનિયા અહીં-તહીં (ઈત-ઉત) દોડ્યા કરે છે. જ્યારે અવધૂતને તો અપાર શાંતિ હોવાથી દોડાદોડી કરતો નથી. આ અવધૂત તો આત્મનશામાં મસ્ત બનીને ડોલે છે અને અસંગ થઈને રહે છે.

❖❖❖

# વિવરણ

હિન્દુ ધર્મની વર્ણવ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થા ન્યારી છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ એવા ચાર આશ્રમોમાં પણ સંન્યસ્તાશ્રમ અલૌકિક છે. સંન્યાસ એટલે સમ્યક રીતે - સમજપૂર્વક - છોડવું (ન્યાસ). ત્યાગથી જ શાંતિ મળે છે એવી ગીતાની ફિલસૂફી છે - "ત્યાગાત્ શાંતિનિરનંતરમ્."

આ સંન્યસ્તાશ્રમમાં કુટિચક, બહૂદક, હંસ અને પરમહંસ એવા ચાર પ્રકાર છે. આ ચારની ઉપર અવધૂત એવો પાંચમો આશ્રમ છે. અવધૂતની કક્ષા સૌથી ઊંચી કક્ષા છે.

શ્રીગુરુલીલામૃતના અધ્યાય-૯ના દોહરા-૮૫ થી ૮૮ વાંચવા જેવા છે. પિંગલ જ્યારે દત્તપ્રભુને પૂછે છે કે તમે નથી જણાતા બ્રહ્મચારી કે નથી જણાતા ગૃહસ્થાશ્રમી. વાનપ્રસ્થના શમ-દમ પણ જણાતા નથી. સંન્યાસીના ચિન્હો પણ દેખાતા નથી. તો તમે કોણ છો ? ત્યારે દત્ત ભગવાન કહે છે કે, હું આ ચારે આશ્રમથી પર એવા અવધૂત-પાંચમા - આશ્રમમાં રહું છું. આ આશ્રમ વિશે તું નહિ જાણતો હોય પણ બ્રહ્મને જાણનારા-બ્રહ્મવિદ્ — એને પ્રેષ્ઠ ગણે છે.

આ પાંચમા આશ્રમના-અવધૂતના-લક્ષણો જણાવતાં કહે છે કે, એ સમસ્ત વિશ્વને અભેદ દૃષ્ટિથી જુએ છે. એ બધે આત્મરૂપના દર્શન કરે છે. સંકલ્પ-વિકલ્પનું બંડ નાશ પામેલું છે. એટલે કે નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત રહે છે. એ રાગદ્વેષથી પર છે, હંમેશા તીવ્ર વૈરાગ્યવાળો છે. આને મુક્ત પુરુષો જાણે છે.

હવે જે નિર્વિકલ્પ સમાધિમાં જ સ્થિત હોય તેની આંતરિક સ્થિતિ તો અદ્ભુત હોય, બધાથી ન્યારી છતાં સર્વશ્રેષ્ઠ હોય. બ્રહ્મનિષ્ઠ પુરુષોને જાણવા સહેલા નથી. એનું બાહ્ય



વર્તન ગમે તેવું જણાય પરંતુ અંદરથી તે સચ્ચિદાનંદમગ્ન જ હોય છે.

અવધૂત વિશે અવધૂત ઉપનિષદ કહે છે કે :

**અક્ષરત્વાત્ વરેણ્યત્વાત્ ધૂતસંસાર બંધનાત્ ।**
**તત્ત્વમસ્યર્થ સિદ્ધત્વાદ્ અવધૂતોઽભિધીયતે ॥**

આ શ્લોકનો અર્થ પૂ. બાપજી એક ભજનમાં આપે છે :

**અક્ષર જે અવિનાશી સઘળે જડ ચેતન ભરપૂર,**
**સર્વશ્રેષ્ઠ વરેણ્ય કહાવે, સભર ભર્યું એક નૂર.**

**ધૂત તિરસ્કૃત સંસૃતિ બંધન, અલખ નિરંજન દેવ.**
**તત્ત્વમસિ પદ લક્ષ્ય, ધરે કિન ભક્તન કારણ દેહ.- અવધૂત દેખ લો.**

જે વ્યક્તિ તત્ત્વમસિ મહાવાક્યનો અનુભવ કરે છે એવા આત્મનશેમેં મસ્ત બનનારા અવધૂત બીજા બધા કરતાં જુદો જ જણાય.

અવધૂત ગીતાના અધ્યાય આઠના શ્લોક નં. ૬, ૭, ૮ અને ૯નો અર્થ જણાવતાં પૂ. બાપજી ભજનમાં લખે છે કે :

**આશાપાશ ન સ્પર્શે જેને, આદિ અંત નહિ મેલ,**
**નિજાનંદમાં મસ્ત ફરે જે, ચેલ કુચેલ ધરેલ.**

**વાસનાનો લેશ ન જેને, વાણી સદા નિર્દોષ,**
**ભાવિ ભૂતની ચિંતા નાહીં, વર્તમાન સંતોષ.**

**દેહતણું નવ ભાન જરાયે, ધૂલિધૂસર અંગ;**
**ધ્યાન-ધારણાવર્જિત નિર્મલ, નિત્ય સમાધિ અભંગ.**

**ખાનપાનની ચિંતા નાહીં, ચિંતન તત્ત્વ અલેખ,**
**અહંકાર તમ ચેષ્ટા નાહીં વિરલો જોગી ભેખ.**

**સુરનર મુનિજન વંદે જેને, મૂઢ કરે હડધૂત,**
**સ્વાર્પણથી જે દત્ત કહાવે, રંગ એહ અવધૂત**

**શ્વાન સુરભિ સમદૃષ્ટિ દેખે, ઊંચનીચ નહિ ભેદ,**
**સ્વૈર સમાધિ બૂઝે તેને રંગ રહે ક્યાં ખેદ ? અવધૂત દેખ લો.**

નિજાનંદમાં મસ્ત રહેનાર અવધૂત-વાસનારૂપી વસ્ત્ર વગરના અવધૂતને દેહાધ્યાસ નથી તેથી તેને સારા કપડાં પહેરી બનીઠનીને નીકળવાનો વિચાર જ નથી આવતો. અવધૂતની કક્ષા સિવાયના બીજા બધા બહારના સાધનમાંથી સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. જ્યારે આત્મનશામાં ચકચૂર બનેલો અવધૂત તો નિજાનંદની મસ્તીમાં મસ્ત ફરે છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ?**
**પીધું આકંઠ અમૃત તેં કરે કાંજી વૃથા શાને ?**

**ખુશામત માળીની કદી ના કરે વસંત વનમાળી,**
**નિજાનંદે ફરે અવધૂત, દઈને મોતને તાળી...**

આમ, અસંગ, અકામ અને આત્મતૃપ્ત અવધૂત બીજા બધા કરતા નોખો છે, ન્યારો છે અને નિરાળો છે. પણ સાથે સાથે એનું આ ન્યારાપણું શ્રેષ્ઠ છે, સર્વોત્તમ છે.

❖❖❖

## ભજન (૩)

## કાહેકો મન સોચ કરત હૈ?

**(રાગઃખમાજ; તાલઃલાવણી)**
**(હર ભજ હર ભજ હીરા પરખ લે- એ રાહ)**

**કાહેકો મન સોચ કરત હૈ? રામભજન કર દિનરાતી (૨);**
**બિના ભજન બિરથા જિંદગાની, યહ બિનુ કહીં નહીં સુખ પાતી. .ટેક.**

**કિયા ઇકઠ્ઠા ધન [૧]ગલઘોટા, આવત [૨]તોર ન સંગાતી (૨)**
**રહ જાવે બંગલા બંગલોરી, મારે જમ આખર જૂતી. ...કાહેકો૦ ૧.**

**નાતી ગોતી સગાં સંબંધી, યે સબ ચલતી કે સાથી (૨)**
**અંતકાલ કોઉ કામ ન આવે, હોવેગા યહ તન [૩]માતી. ...કાહેકો૦ ૨.**

**સુખ સુખ કરત ઢંઢોલા સારા, જંગલ બસ્તી દિનરાતી; (૨)**
**બિષયપાશમેં જકડા બહુરા, ચલા શ્વાસ જબ રહ રોતી! ...કાહેકો૦ ૩.**



**ગયા બાલપન ખેલકૂદમેં, જવાની તિરિયા[૪] સંગ કાટી; (૨)**
**બૂઢેપનમેં પડા ખાટ પર, હઁસે લોગ જબ પછતાતી. ...કાહેકો૦ ૪.**

**રામભજન કર રામભજન કર, કહે સંત સબ [૫]નિજબીતી; (૨)**
**છોડ સંગ ભજ રામ પિયારે, દુઃખમૂલ ભવકી પ્રીતિ! ...કાહેકો૦ ૫.**

**જબલગ શ્વાસા તબલગ સાધન કર ભજન ગુરુગમ [૬]પાતી; (૨)**
**ઊડા હંસ જબ હાથ ઘિસેગા, ગયા રતન ફિર ક્યા બાતી!.કાહેકો૦ ૬.**

**રંગ રાગ સબ દો દિનકે યહ, ઠંડ અંધેરી ફિર રાતી; (૨)**
**ઊઠ પકડ કર જા મસ્તોંકા, ઊડા મૌજ પા નિજ જ્યોતિ!! .કાહેકો૦ ૭.**

૧. ગળું દબાવીને. ૨. તારી. ૩. માટી ૪. સ્ત્રી ૫. પોતાનો અનુભવ. ૬. મળતી

❖❖❖

## અર્થ

હે મન! તું શું કામ શોક કરે છે ? રાતદિવસ રામનું-હરિનું ભજન કર ભજન વિનાનું જીવન નકામું છે. એ સિવાય અહીં ક્યાંયે સુખ મળતું નથી.

લોકોનાં ગળાં દબાવીને પૈસા એકઠાં કર્યાં છે, પણ એ ધન તારી સાથે આવવાનું નથી. બંગલા અને બંગલી અહીંના અહીં રહી જવાનાં છે અને આખરે જમની જૂતીનો માર ખાવાનો રહેશે.

ન્યાતીલા-ગોત્રના-સગાં અને સંબંધી બધા સુખના-ચલતીના-સાથી છે.અંતકાળમાં કોઈ કામ આવતુ નથી અને આ શરીરની માટી-રાખ થઈ જશે. (દાટી દે તો માટી, બાળી દે તો રાખ.)

સુખ સુખ કરતા તું જંગલ અને વસ્તીમાં રાત-દિવસ ફરતો રહ્યો. વિષયના પાશે તને બરાબરનો જકડ્યો પરંતુ જ્યારે શ્વાસ બંધ પડી જશે ત્યારે બધા રડતા રહી જશે.

બાળપણ ખેલકૂદમાં ગયું અને યુવાની સ્ત્રી સંગમાં વીતાવી. ઘડપણમાં ખાટલામાં પડશે ત્યારે લોકો મશ્કરી કરવા લાગશે. એ જોઈને ત્યારે તને પસ્તાવો થશે.

બધા સંતો પોતાના અનુભવને આધારે રામનું ભજન કરો, રામનું ભજન કરો એમ

કહે છે. સંસારીનો સંગ છોડીને હે પ્યારે ! તું રામ ભજી લે. સંસાર પ્રત્યેનો પ્રેમ-આસક્તિ-એ જ દુઃખનું મૂળ છે, મૂળ કારણ છે.

જ્યાં સુધી શરીરમાં શ્વાસ છે - જ્યાં સુધી તું જીવે છે ત્યાં સુધી તું સાધન કર અને ગુરુગમ માર્ગ પ્રાપ્ત કરવા માટે ભજન કર. જ્યારે પ્રાણ (હંસ) ઊડી જશે ત્યારે તું હાથ ઘસતો રહી જશે અને પછી રતન જતા રહ્યા પછી શું ?

આ જગતની મોજમઝા, રંગરાગ બે દિવસના છે-ક્ષણજીવી છે. પછી અંધારી રાતની ઠંડીનો સામનો કરવાનો રહેશે એટલે તું ઊઠ અને મસ્ત-અનુભવી સંતોનો હાથ પકડ, એમનો આશ્રય કર. સ્વાત્માનું દર્શન કરીને સાચો આનંદ માણી લે-મોજ ઉડાવી લે.

## વિવરણ

આ ભજનમાં પૂ.બાપજી મન દ્વારા આપણને શોક કરવાનો છોડી હરિનામસ્મરણ કરવાની શિખામણ આપે છે. એનું કારણ એ છે કે, દરેક જીવ સુખની શોધમાં ફરે છે અને તે માટે પ્રયત્ન કરે છે, પણ ઘણીવાર ખોટી દિશામાં પ્રયત્ન કરે છે એટલે પ્રયત્ન કર્યા પછી પસ્તાવો થાય છે, શોક કરે છે. એવો શ્લોક છે કે :

**સંપદો નૈવ સંપદાઃ વિપદો નૈવ વિપદાઃ ।**
**વિપદો વિષ્ણુવિસ્મરણં સંપન્નારાયણ સ્મૃતિઃ ॥**

આપણે જેને સંપદા-સુખસંપત્તિ માનીએ છીએ તે ખરેખર સાચું સુખ કે સાચી સંપત્તિ નથી. આપણે જેને દુઃખ માનીએ છીએ તે ખરેખર દુઃખ નથી. વિષ્ણુનું-ભગવાનના નામનું-વિસ્મરણ થાય, ભૂલી જવાય એ જ સાચું દુઃખ છે અને એનું સ્મરણ થાય એ જ સાચું સુખ છે.

સત્સંગ મળે, સંતસંગ મળે, હરિકથાનું શ્રવણ મળે તો એ સાચું સુખ કહેવાય. ભૌતિક સંપત્તિની પ્રાપ્તિ તો જીવને સંસારમાં આસક્ત કરે છે અને પરિણામે માનવ તરીકે જન્મીને જે મેળવવાનું હતું તે તો મેળવવા દેતી નથી.

નારાયણ સ્વામી કહે છે કે :

**દો બાતન કો ભૂલ મત જો ચાહત કલ્યાણ ।**
**નારાયણ ઈક મોત કો દૂજે શ્રી ભગવાન ॥**

સુખ અને દુઃખની વ્યાખ્યા આપતા પૂ. બાપજી કહે છે કે :



સુખ એટલે શું ? સુખ શબ્દ જ એની વ્યાખ્યા આપે છે. સુસ્થાનિ અન્તર્મુખાનિ આત્મકેન્દ્રાણિ ખાનિ ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત્સુખમ્ ।

જેમાં મન સહિત ઈન્દ્રિયો વિષયોમાંથી પરાઙ્મુખ થઈ-આત્માભિમુખ થાય - ઈશ્વર તરફ વળી જાય, અન્તર્મુખ થઈ જાય તો તે સુખ છે.

પરંતુ નામસ્મરણ એ બધા સાધનોમાં શ્રેષ્ઠ સાધન હોવા છતાં અને એ સાધનમાં કોઈ ખર્ચ કે કોઈ વિશિષ્ટ આવડતની જરૂર ન હોવા છતાં નામસ્મરણાં રુચિ નથી થતી, રુચિ થવી અઘરી છે.

સદ્ગુરુ કૃપા કરે અને નામસ્મરણમાં રુચિ થાય તો જન્મ-મરણનો ફેરો સફળ થાય. પૂ.શ્રીએ અનેક ભજનોમાં નામસ્મરણનો મહિમા ગાયો છે.

- **નામ સુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે.**

  એ જ ભજનમાં આગળ કહે છે :

  **જે પીએ તે ફરી નવ આવે, બીજું કાંઈ ન ભાવે રે,**
  **દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે ના આવે રે...**
- **પ્યારે ! ભજ લે રામ દિન રૈના,**
  **કાહે ફિરત અચૈના...**
- **જપી લે હરિનું નામ રસાળ,**
  **સ્મરી લે સુંદર રૂપ વિશાળ**
  **જેથી નડે ન આ કલિ કાળ**
- **હરિના નામનો, સૌથી મોટો છે આધાર,**
  **નામમંત્ર મોટો છે જગમાં જન્મમરણ ભૂત જાય,**
  **મુક્તિ સુંદરી આવે દોડી, આકર્ષણ એવું થાય.**
  **નામ નામીનો ભેદ મટે ને નામી આપ હો જાય,**
  **ગાન ગેય ગાનાર ત્રિપુટી, રંગ એક થઈ જાય.**

ભગવાનના ભજન વિનાની-નામસ્મરણ વિનાની જિંદગી નકામી છે. ભગવાનના નામસ્મરણ વિના-ભજન વિના - બીજે ક્યાંય પણ સુખ નથી. ઈન્દ્રિયો દ્વારા વિષયો

સંતોષવામાં સાચું સુખ નથી, સુખનો આભાસ છે. ભાવતી વસ્તુ ખાવાથી અત્યારે આનંદ-સુખ મળતું લાગે છે, પણ પાછું બે-ચાર દિવસ થાય કે એ વસ્તુ ખાવાની ઈચ્છા થાય છે અને ન મળે તો મન બેચેન બને છે.

માણસ સુખની સાચી દિશા ભૂલીને, સાચી જગા ભૂલીને, ખોટી દિશામાં પ્રયત્નો કરે છે, પણ અંતે પસ્તાય છે, પશ્ચાતાપ કરે છે. સુખનું મૂળ પૈસો છે એવું માનીને વ્યક્તિ યેનકેન પ્રકારેણ પૈસો મેળવવાનો પ્રયત્ન કરે છે. અપ્રમાણિકતાથી, ગરીબનું લોહી ચુસીને પણ પૈસો મેળવવાની ઈચ્છા રાખનારને ખબર નથી કે અંત ઘડી આ કશું સાથે આવવાનું નથી. જીવડો એકલો જશે અને સાથે કેવળ સારાનરસા કર્મો લઈને જશે. મૃત્યુ પછી જમના જૂતિયાં ખાવા પડશે ત્યારે કોઈ બચાવવા નહિ આવે. ગરુડ પુરાણમાં કહ્યું છે કે :

**ધનાનિ ભૂમૌ પશવશ્ચ ગોષ્ઠે**
**ભાર્યા ગૃહદ્વારિ જનઃ સ્મશાને ।**
**દેહશ્ચિતાયાં પરલોકમાર્ગે**
**કર્માનુગો ગચ્છતિ જીવ એકઃ ॥**

મૃત્યુ સમયે ધનના ભંડાર જમીનમાં દાટેલા રહી જશે. પશુઓ ગભાણમાં રહી જશે. પત્ની ઘરના ઝાંપાથી પાછી ફરશે. સગા-સંબંધી સ્મશાન સુધી આવશે. જેનું લાલન-પાલન કરવામાં જન્મારો વેડફી નાંખ્યો તે શરીર ચિતા સુધી જ સાથે આવશે. અંતે તો જીવ સારા-નરસા કર્મોની ગાંસડી માથે મૂકીને એકલો જશે.

નારાયણ સ્વામી કહે છે કે :

**ધનજોબન યોં જાયગો જા બિધિ ઉડત કપૂર,**
**નારાયણ ગોપાલ ભજ ક્યોં ચાટે જગ ધૂર.**

મોંઘો માનવ દેહ પ્રભુ ભજન માટે-હરિના સ્મરણ માટે મળ્યો છે. અનેક જન્મોના પુણ્યોના પરિણામરૂપ મનુષ્યદેહ મળવા છતાં વ્યક્તિ-ભગવાનનું ભજન કરીને જન્મારો સફળ ન કરે તો તે આત્મઘાતી છે, આપઘાત કરનાર છે એવું ભાગવતમાં કહ્યું છે. કહ્યું છે કે :

**નૃદેહમાદ્યં સુલભં સુદુર્લભં પ્લવં સુકલ્પં ગુરુકર્ણધારમ્ ।**
**મયાનુકૂલેન નભસ્વતેરિતં પુમાન્ ભવાબ્ધિં ન તરેત્ સ આત્મહા ॥**

(સ્કંધ ૧૧ અધ્યાય ૨૦. શ્લોક-૧૭)



ભગવાન ઉદ્ધવજીને કહે છે કે, આ મનુષ્ય શરીર દુર્લભ હોવા છતાં સરળતાથી મળ્યું છે. એ શરીર સંસાર સાગર તરવાની મજબૂત નૌકા છે. ગુરુરૂપી કર્ણધાર-નાવિક મળ્યો છે. વળી, ભગવાનરૂપી અનુકૂળ પવનથી પ્રેરિત થાય છે. આમ, આવી અનુકૂળતા હોવા છતાં જો કોઈ ભવસાગર પાર થતો નથી, તો તે આત્મઘાતી છે.

માણસને બધું કરવાનો સમય મળે છે, પરંતુ જેમાં પોતાનું કલ્યાણ છે એવું ભજન કરવાનો સમય મળતો નથી. છોકરાના છોકરાને રમાડવા માટે તાળી પાડનારને ભજનમાં તાળી પાડતાં શરમ આવે છે. કેવી કરુણા છે !

સંતો ઢોલ પીટી પીટીને પોતાનો અનુભવ કહે છે. તેઓ સંસારમાં ગાફેલ રહેનારાને સાવધ કરતાં કહે છે કે, સંસારનો સંગ એ જ દુઃખનું મૂળ છે. ભજન એ જ સુખનું મૂળ છે માટે સુખી થવું હોય તો સંસારનો સંગ છોડી ભગવાનનું ભજન કરો.

સંત તુલસીદાસ ચેતવતાં કહે છે કે :

**કૂકર-સૂકર કરત હૈ ખાન-પાન રસભોગ ।**
**તુલસી વ્યર્થ ન ખોઈયે, યહ તન, ભજીયે યોગ ॥**
**દેહ ધરે કા યહ ફલ ભાઈ । ભજીયે રામ સબ કામ તિહાઈ ॥**

અંત સમયે-ઘડપણમાં ભજન થશે નહિ. તન અને મન બંને નબળા થઈ ગયાં હશે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**બાલ્યાવસ્થા ખેલમાં, રડતાં પડતાં જાય,**
**તારુણ્યે વિષયે રમે, સૂઝે ધર્મ ન ત્યાંય.**

**જર જગદીશ્વર નિશ્ચયે, પ્રમદા પેગંબર,**
**માને વિષયે મસ્ત એ, માતા વેરી ખળ.**

**મુખે રામ કહેવા મથે, મનમાં દામ હરામ.**
**લામ લામ થતાં હસે ખી ખી બાળ તમામ.** (અ.૧૫ દો.૧૦૨, ૧૦૩,૧૦૯)

માણસ બધું જાણે છે અને છતાં પોતાનું કલ્યાણ કરતો નથી એનું કારણ એ કે એના ઉપર ભગવાનની કૃપા નથી. ગુરુરૂપી વૈદ્ય એને દવા આપે, એનો જઠરાગ્નિ પ્રદીપ્ત કરે તો ભૂખ લાગે-હરિનામમાં રુચિ થાય અને પછી તો ખાવાનું કહેવું ન પડે. વ્યક્તિને નામસ્મરણમાં એવો રસ પડે કે સંસારીનો સંગ છોડીને સંતસંગ અને સત્સંગમાં જ રચ્યો પચ્યો રહેવા માંડે.

સંત તુલસીદાસ કહે છે કે :

**સુત દારા અરુ લક્ષ્મી પાપી કે ભી હોય ।**
**સંત સમાગમ હરિ કથા તુલસી દુર્લભ દોય ॥**
**કહત બીભિષન સૂનહું હનુમંતા ।**
**રામ કૃપા બિનુ મિલહિ ન સંતા ॥**

મનુષ્યત્વં, મુમુક્ષુત્વં, મહાપુરુષસંશ્રયઃ આ ત્રણ મળવા મુશ્કેલ છે. આપણે સદ્‌ભાગી છીએ કે, આપણને મનુષ્યપણું મળ્યું છે અને પૂ.બાપજી જેવા મહાપુરુષનો આશ્રય મળ્યો છે. હવે કેવળ મુમુક્ષુપણું તીવ્ર કરીને સુત દારા, ધન, વગેરેમાંથી મનને હટાવીને નામસ્મરણમાં મનને જોડી દેવાનું છે. આવી પડેલી આપત્તિ એ ભગવાન તરફ વળવાનો સંકેત છે. ભગવાન જ્યારે કૃપા કરે ત્યારે આવી દુન્યવી આફતમાં મૂકે અને એના તરફ માણસને વાળે.

ગુરુ મહારાજ જેવા સમર્થનું શરણું લઈને, એમનો હાથ પકડીને, ભગવાનનાં નામસ્મરણમાં ડૂબી જઈ આનંદ માણીએ, મોજ ઉડાવીએ.

❖❖❖

## ભજન (૪)
## કરની બિન કથનીકી કિમત

**(રાગઃખમાજ; તાલઃલાવણી)**
**(હર ભજ હર ભજ હીરા પરખ લે- એ રાહ)**

**કરની બિન કથનીકી કીમત કૌડી જાન બજારોં હૈ (૨);**
**બિન કથની કરની કર બંદે! [1]ઊધરે સંત હજારોં હૈં. .ટેક.**
**બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ (૨);**
**માનલોભ છૂટા ના મનસે, કરત બોધ પરભારો હૈ. .કરની૦ ૧.**
**બ્રહ્મજ્ઞાન મૂગોંકી બાતાં, સુને [2]સાધુ કો બિરલો હૈ (૨);**
**પતિવ્રતા નિજ કંથમિલનકી સુનત બાત શિશુ ભોલો હૈ! .કરની૦ ૨.**
**બૃત્તિ બિન રૂખો [3]કથવારો, દેહાધ્યાસ ભરારો હૈ! (૨);**
**મ્યાઉં મીંદડી ગાવત મીઠો, ધ્યાવત મૂસા ચારો હૈ! .કરની૦ ૩.**



**કર સત્સંગત સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ (૨);**
**રાગદ્વેષ ન છૂટે તબહૂ જ્ઞાન પેટગુજારો હૈ! .કરની૦ ૪.**
**ખ્યાલ ન કર ઔરનકા સાધો, આતમ રંગ અકેલો હૈ (૨);**
**ચીન્હે સો કહને ના પાવે, દેખત [4]જિયરો ઠારો હૈ!! .કરની૦ ૫.**

૧. ઉદ્ધાર પામેલા. ૨. સાધુવૃત્તિવાળો; શમદમાદિ સાધનસંપન્ન. ૩. બકવાદ. ૪. જીવડો.

❖❖❖

## અર્થ

જગતરૂપી બજારમાં આચરણ (કરની) વગરના ઉપદેશ (કથની)ની કોઈ કિંમત નથી. હે ભાઈ ! તું બોલ્યા વગર કરી બતાવ. હજારો સંતો એ રીતે જ ઉગરી ગયા છે.

પંડિત રાત-દિવસ પોથી-ધર્મનું પુસ્તક-વાંચે છે, પરંતુ એનું મન તો પોથી ઉપર ચઢાવેલી ધોતીમાં બગડ્યું હોય છે. પોતાના મનમાંથી માન અને લોભ દૂર થયા નથી અને એ બારોબાર બીજાને બોધ આપે છે.

બ્રહ્મજ્ઞાન જેને થયું છે એ તો મૌન રહે છે, મૂગો રહે છે. એની વાત તો મુમુક્ષુ જ સમજી શકે. પતિ મિલનની વાત કરતી પતિવ્રતા સ્ત્રીની વાતને નાનો ભોળો બાળક સાંભળ્યા કરે છે.

વૃત્તિ વગર (આચરણમાં મૂકવાની વૃત્તિ વિનાનો) વાતો કરવી એ લૂખો બકવાસ છે. કહેનારમાં ભારોભાર દેહાધ્યાસ છે. ઉંદરનું ધ્યાન કરતી બિલાડી 'મ્યાંઉ-મ્યાંઉ' એવો મીઠો અવાજ કરે છે.

હે ભાઈ ! તું સત્સંગ કર, સાધન-સાધના કર. સાધના વગરનું બધું નકામું છે. મનમાંથી રાગ-દ્વેષ ન જાય ત્યાં સુધી જ્ઞાનની વાત એ પેટ ભરવાનું-પેટીયું કમાવવાનું સાધન છે.

હે સાધક ! તું બીજાનો વિચાર ના કર. આત્માનો જ વિચાર કર. જેણે આત્માને ઓળખ્યો છે, જેણે આત્મદર્શન કર્યું છે તે વર્ણવી શકતો નથી. પરંતુ એ વ્યક્તિનો અંતરાત્મા પ્રસન્નતા અનુભવે છે.

❖❖❖

# વિવરણ

"આચરણ એ જ ઉપદેશ" એ મહાન પુરુષની જીવનપદ્ધતિ છે. સંત એકનાથનો પેલો પ્રસંગ બહુ જાણીતો છે. એક સ્ત્રી પોતાના નાના પુત્ર સાથે સંતના દર્શને આવી અને પછી ફરિયાદ કરતાં કહ્યું કે : મહારાજ ! આ છોકરો ખૂબ ગળ્યું ખાય છે. જરા એને ઉપદેશ આપો કે ગળ્યું ખાવાનું બંધ કરે. સંતે કહ્યું કે બેન ! એક અઠવાડિયા પછી એને લાવજો, પછી હું એને કહીશ.

એક અઠવાડિયા પછી એ સ્ત્રી પોતાના નાના પુત્ર સાથે પાછી આવી. ત્યારે સંત એકનાથે બાળકને કહ્યું કે, બેટા ! આજથી હવે તું ગળ્યું ન ખાઈશ, હોં ! એવો ચમત્કાર થયો કે બાળકે ગળ્યું ખાવાનું છોડી દીધું. બાળકની માતાને ખૂબ આશ્ચર્ય થયું. એ સંત પાસે ગઈ અને કહેવા લાગી કે આપે મારા બાળકને કહ્યું કે તરત જ તેણે ગળ્યું ખાવાનું છોડી દીધું. તમે પહેલી વાર હું આવી હતી ત્યારે બાળકને કહ્યું હોત તો ? મને એક અઠવાડિયા પછી કેમ બોલાવી ? ત્યારે સંતે કહ્યું કે બેન ! પહેલી વાર તમે જ્યારે આવ્યા ત્યારે હું ગળ્યું ખાતો હતો. હું ગળ્યું ખાતો હોઉં ત્યારે મારાથી બાળકને કેમ કહેવાય કે તું ગળ્યું ખાવાનું છોડી દે ? એટલે બીજે દિવસથી મેં ગળ્યું ખાવાનું બંધ કર્યું અને અઠવાડિયા પછી એને ગળ્યું ખાવાનું બંધ કરવાનું કહ્યું એટલે એની એકદમ અસર થઈ. આપણે પહેલા આચરણમાં મૂકીએ અને પછી બીજાને એ રીતે વર્તવાનું કહીએ તો એની ધારી અસર થાય.

ત્રણ પ્રકારના માણસો જોવા મળે છે :

(૧) એક એવો માણસ કે જે આચરણમાં મૂકે છે અને પછી કહે છે.

(૨) બીજો આચરણમાં મૂકતો નથી પણ બીજાને ઉપદેશ આપે છે.

(૩) ત્રીજો આચરણમાં મૂકે છે પણ કોઈને ઉપદેશ આપતો નથી. બોલ્યા વિના કામ કરે છે.

પૂ. બાપજી કહે છે કે, આચરણમાં ઉતાર્યા વિના ઉપદેશ આપનારના ઉપદેશની લોકોમાં કોઈ કિંમત નથી, એની કોઈ અસર થતી નથી. પરંતુ જે આચરણમાં મૂકે છે અને છતાં કોઈને ઉપદેશ આપતો નથી એ વ્યક્તિનો માર્ગ શ્રેષ્ઠ છે અને એ રીતે જ જીવીને સંતો સંસાર-સાગર તરી જાય છે.

પૂ. બાપજી 'વૃત્તિથી વૃત્તિ ઘડાય'માં માનતા. "બોલ્યા વિના બોર નહિ વેચાય"ની



સામે પૂ. બાપજી કહેતા કે, શું ન બોલે એના સંતરા ના વેચાય ? તમારું જીવન, તમારું આચરણ જ અત્તરની જેમ સુગંધ પ્રસરાવનારું હોય પછી તમારે કોઈને કહેવાની કે ઉપદેશ આપવાની જરૂર નથી.

કહેવાય છે કે : One who knows, does. one who does not know, teaches. જે જાણે છે, ખરેખર સમજે છે, તે તો તે પ્રમાણે વર્તે છે, જીવે છે, પરંતુ જે ખરેખર સમજ્યા નથી તેઓ જ ઉપદેશ આપવા, પ્રવચન કરવા નીકળી પડે છે.

જીવનના આચરણમાં દેખાય તો જ તે વાત સમજ્યા કહેવાય. સમજવું એટલે વખત આવે તે પ્રમાણે વર્તવું. **પૂ. પ્રેમ અવધૂતજી** કહે છે કે, જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે. પરંતુ સામાન્ય રીતે ખૂબ વાંચીને વિદ્વાન થયેલા જે વાતો કરે છે તે બહુ આદર્શવાળી હોય છે, પરંતુ એ આદર્શ એમના જીવનમાં આચરણ દ્વારા પળાતો દેખાતો નથી.

પૂ. સ્વામી શ્રી પ્રકાશાનંદજી આ વાતને સમજાવતાં એક દૃષ્ટાંત આપે છે. એક ગામમાં એક ખૂબ ધાર્મિક અને વિદ્વાન પંડિત રહેતા હતા. વેદ, ઉપનિષદ, ગીતા વગેરેના ઊંડા અભ્યાસુ હતા. ભર્તૃહરિ કહે છે કે, બોદ્ધારો મત્સરગ્રસ્તઃ। વિદ્વાનો અભિમાનથી ગ્રસાયેલા હોય છે. નમ્રતાનો દેખાવ કરે, પરંતુ મનમાં ભારોભાર અભિમાન હોય.

એકવાર કોઈ ઉત્સવમાં એ વિદ્વાન અને એ ગામના રાજા ભેગા થઈ ગયા. રાજા ખૂબ હોશિયાર હતો. એણે પંડિતની વિદ્વત્તાના ખૂબ વખાણ કર્યા. વિદ્વાને નમ્રતાનો ડોળ કરતાં કહ્યું કે, ભગવાનની કૃપાથી થોડું ઘણું વાંચ્યું છે અને જાણું છું. પરંતુ પછી કહ્યું કે, આપની ઈચ્છા હોય તો આપના દરબારમાં ગીતા ઉપર પ્રવચન ગોઠવો. બધાને લાભ મળશે. રાજાએ પ્રવચન ગોઠવ્યાં.

રાજાનાં દરબારમાં વિદ્વાન પ્રવચન કરવા જાય એટલે લોકોની ભીડ તો જામે જ. રાજાને ખુશ કરવાની વૃત્તિ પણ ખરી. આમ, પ્રવચન કરતાં કરતાં ગીતાનો 'અનન્યાંશ્ચિન્તયન્તો મામ્' વાળો શ્લોક આવ્યો. શ્લોક આ પ્રમાણે હતો :

**અનન્યાંશ્ચિન્તયન્તો મામ્ યે જના પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યમ્ ॥** (અ.૯ શ્લોક ૨૨)

પંડિત આ શ્લોકને દૃષ્ટાંતો આપી અને ઉપનિષદ, ભાગવત વગેરે ટાંકીને સરસ રીતે સમજાવતા હતા. રાજાનું સિંહાસન પંડિતની બેઠક પાસે જ હતું. રાજાએ ધીમેથી કહ્યું કે, આપ ખૂબ સરસ રીતે સમજાવો છો. પરંતુ આપ આ શ્લોક બરાબર સમજ્યા નથી.

વિદ્વાનને ખરાબ તો લાગ્યું, પણ વધુ વિસ્તારથી સમજાવવા લાગ્યા. ચાલુ પ્રવચને બે-ત્રણ વાર રાજા એવું બોલ્યા કે આપ સરસ સમજાવો છો, પરંતુ તમે બરાબર સમજ્યા નથી.

પ્રવચન પૂરું થયા પછી વિદ્વાન ઘરે ગયા પરંતુ એ મનથી ખૂબ દુઃખી હતા. ઘરે ગયા એટલે પત્નીએ પૂછ્યું કે, આજે આપ ઉદાસ કેમ છો ? વિદ્વાને બધી વાત કરી એટલે પત્નીએ ટકોર કરતાં કહ્યું કે, રાજાજી સાચું કહે છે. જો તમે આ શ્લોક ખરેખર સમજ્યા હોત તો મારાં પ્રવચનો ગોઠવો એવું સામે ચાલીને તમે કહ્યું ન હોત. વિદ્વાનને એની ભૂલ સમજાઈ. એણે બીજે દિવસથી દરબારમાં પ્રવચન કરવા જવાનું બંધ કરી દીધું. પહેલે દિવસે રાજાએ કારભારીને તેડવા મોકલ્યા તો વિદ્વાને કહ્યું કે, રાજાજીને કહેજો કે મેં પ્રવચન કરવાનું બંધ કરી દીધું છે. બીજે દિવસે રાજાએ દિવાનને મોકલ્યા. વિદ્વાને દિવાનને પણ એ જ વાત કરી. ત્રીજે દિવસે રાજા ગયા અને વિદ્વાનને કહ્યું કે, હવે ચાલો. તમે હવે શ્લોક બરાબર સમજ્યા છો.

ભગવાન જો અનન્ય ભાવથી ઉપાસના કરનારનું યોગક્ષેમ વહન કરતો હોય તો પછી ઉપાસકે પ્રવચન ગોઠવવાનું સામેથી શું કામ કહેવું જોઈએ ?

તમે જે કામ કરો છો, તેની પાછળ તમારી વૃત્તિ કેવી છે ? એ વૃત્તિ ખૂબ મહત્ત્વની વસ્તુ છે. રોજેરોજ ધર્મનું પુસ્તક-પોથી વાંચનાર પોપટના જેમ પુસ્તકની વાત વાંચી જાય છે, પરંતુ એનું ધ્યાન તો પોથી ઉપર ચઢાવેલું ધોતિયું કઈ મિલનું છે અને કેટલું કિંમતી છે એમાં છે. એ માનનો ભૂખ્યો છે, લોભી છે અને બીજાને માન અને લોભ છોડવાનો ઉપદેશ આપે છે. આનો શો અર્થ ? આ તો કેવળ વાણી વિલાસ છે. પૂ. બાપજી કહેતા કે, નાચનારી પગ નચવીને પૈસા કમાય અને વિદ્વાન જીભ નચવીને કમાય તો બેમાં ફેર શો ?

જેણે આચરણમાં મૂક્યું છે, પણ કોઈને ઉપદેશ નથી આપ્યો એ જ જીવન જીવવાની સાચી પદ્ધતિ છે. જેને બ્રહ્મજ્ઞાન લાધ્યું છે તે તો એની મસ્તીમાં મૌન રાખીને જીવે છે. મૌનમાં મુનિજનો મોજ માણે એવી સ્થિતિ હોય છે. એની સ્થિતિને તો સાચો સાધક જ સમજી શકે. સંસારી શું સમજે ? પતિવ્રતા સ્ત્રીની પતિમિલનના આનંદની વાત નાનું બાળક શું સમજે ?

પૂ. બાપજી એક પ્રભાતિયામાં વૃત્તિને ગોપી અને આત્માને કાનુડા સાથે સરખાવે છે. તેઓ લખે છે :



સ્વાન્ત વૃંદાવને વૃત્તિ ગોપી મળી, આત્મ કાનુડો નટરાજ ખેલે.

એવું કહેવાય છે કે, "It is not important what you do, but it is more imporant with what intention you are doing. કાર્ય કરતાં પણ કાર્યની પાછળ રહેલો હેતુ મહત્ત્વનો છે. આ હેતુથી પણ વૃત્તિ વધારે સૂક્ષ્મ છે.

બીજાનો વિચાર કરવાનો છોડી, આત્મમાં સ્થિર થા. ''અંદર ગોતા લગાવ પ્યારે'' એ જ સાચું છે. આત્મતૃપ્ત, આત્મક્રીડ, આત્મરમમાણ થવું, મૌનમાં ડૂબી રહેલું એ જ સાચું જીવનલક્ષ્ય બનવું જોઈએ.

❖❖❖

## ભજન (૫)
## કર સત્સંગ અભીસે પ્યારે!

**(રાગઃખમાજ; તાલઃલાવણી)**
**(હર ભજ હર ભજ હીરા પરખ લે- એ રાહ)**

**કર સત્સંગ અભીસે પ્યારે! નહિ તો આખર રોના હૈ (૨);**
**અંતકાલ કોઉ કામ ન આવત, વૃથા જગત રિઝવાના હૈ!**
**...ધ્રુ.**

**બડે બડે તો ગયે મિજાસી, ઉનકા કહાં ઠિકાના હૈ? (૨);**
**કર અબહૂસે કુછ તૈયારી, નહીં તો ફિર પછતાના હૈ!**
**...કર૦ ૧.**

**પડા રહેગા મહલ ખજાના, છોડ ત્રિયા સુત જાના હૈ! (૨)**
**ખિલાપિલાકે દેહ બઢાયા, વો ભી અગન જલાના હૈ!**
**...કર૦ ૨.**

**બિષય કાંચ દેખત લલચાયા, દૌડત પીછે પડના હૈ! (૨)**
**મિલે અસલ આતમ હીરા તો, આપ અપન પર હંસના હૈ!**
**...કર૦ ૩.**

**માયા મૃગજલ મિથ્યા ભાસે, ઉસે હંસ છુડવાના હૈ! (૨)**
**કર સેવા સદ્ગુરુકી પ્યારે, ઉસે રાહ મિલ જાના હૈ!**
**...કર૦ ૪.**

મરે પોથી સુનવાવત પંડિત, ખાલી [1]ડૌલ દિખાના હૈ! (૨)
લગા આપમેં આપ હિ ગોતા, [2]આપા સબ [3]ઘુલવાના હૈ!
...કર૦ ૫.

અંદર બાહર એક હિ આતમ, રંગ બિરંગા હોના હૈ (૨)
તૂં જગમેં જગ તુઝમેં સાધો, દેખ મૌજ ઉડાના હૈ!
...કર૦ ૬.

જો જો દિખતા વો હિ બિગડતા, નિર્વિકાર [4]દિખૈયા હૈ (૨)
અજર અમર ઈક વો અબિનાસી; રંગ નૈનકો નૈનાં હૈ!!
...કર૦ ૭.

---

૧. ડોળ;દંભ. ૨. અહંકાર. ૩. ગાળી નાંખવાનો, નરમ કરવાનો. ૪. દેખનાર.

❖❖❖

# અર્થ

હે ભાઈ ! અત્યારથી જ સત્સંગ કરવાનો શરૂ કરી દે નહિતર અંતે રડવાના દિવસો છે. અંત ઘડીએ કોઈ કામ આવતું નથી. જગતને રાજી કરવાની પ્રવૃત્તિ નકામી છે-બેકાર જાય છે.

ગર્વમાં ડૂબેલા-મિજાસી લોકો પણ અહીંથી જતા રહ્યા છે. એ ક્યાં ગયા એનું કોઈ ઠેકાણું નથી. તું અત્યારથી જ થોડી થોડી તૈયારી કર, નહિતર પછી તારે પસ્તાવાનું જ રહેશે.

તારો મહેલ-મોટા મોટા બંગલાઓ-ધનભંડાર-ખજાના અહીંયા જ રહેવાના છે. સ્ત્રી અને પુત્રોને છોડીને તારે જવાનું છે. જે દેહને ખવડાવી-પીવડાવીને હૃષ્ટ-પુષ્ટ કર્યો તે દેહને પણ ચિતામાં જલાવી દેવાનો છે.

વિષયરૂપી કાચને જોતાં તું એમાં લલચાયો અને એની પાછળ તું દોડ્યો, પરંતુ જ્યારે આત્મારૂપી અસલ હીરો મળી જાય ત્યારે એ માટે પોતાના ઉપર જ હસવું આવે છે, પસ્તાવો થાય છે.

મૃગજળરૂપી માયા મિથ્યા છે. એમાંથી જીવ(હંસ)ને છોડાવવાનો છે. હે ભાઈ !



તું સદ્‌ગુરુની સેવા કર. એનાથી તને મુક્તિનો સાચો રસ્તો મળી જશે.

માણસ મરી જાય ત્યારે પંડિત એને ધર્મનું પુસ્તક વાંચી સંભળાવે છે. એ તો કેવળ દંભ છે, ડોળ છે. તું તારી જાતમાં જ ડૂબકી માર. આને માટે અહંકારને ઓગાળી નાંખવાનો છે.

અંદર બહાર બધે એક જ આત્મા વિલસી રહ્યો છે એ આત્માને કોઈ રંગ હોતો નથી. હે સાધક ! આ જગતમાં બધામાં તું જ છે અને તારામાં સમગ્ર જગત છે. એનો અનુભવ કરીને-સાચી મોજ લૂંટવાની છે-સાચો આનંદ માણવાનો છે.

જે જે દેખાય છે તે તે નાશ પામનાર છે. એ બધાનો જોનારો આત્મા અવિનાશી છે, અવિકારી છે. એ એકમાત્ર અજર, અમર અને અવિનાશી છે. એ આત્મા જ આપણી આંખની આંખ છે.

❖❖❖

# વિવરણ

આ ભજનમાં પૂ. બાપજી આપણને સત્સંગ કરીને સાચી દિશામાં જીવવાનું સૂચવે છે. સંત તુલસીદાસ કહે છે કે :

**એક ઘડી આધી ઘડી આધીમેં પુનિ આધ ।**
**તુલસી સંગત સંતકી કટે કોટિ અપરાધ ॥**

વળી, તેઓ કહે છે કે :

**બિનુ સતસંગ વિવેક ન હોઈ ।**
**રામકૃપા બિનુ સુલભ ન સોઈ ॥**

મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી. ચતુર પુરુષ તે કહેવાય કે જે મોંઘી વસ્તુને સાચવે અને મામુલી વસ્તુને જતી કરે. શ્રીમદ્ રાજચંદ્રે વિવેક સમજાવતાં કહ્યું કે, તમારા એક હાથમાં છાશનો લોટો છે અને બીજા હાથમાં ઘીનો લોટો છે. હવે તમે ચાલતા ચાલતા જઈ રહ્યા છો અને તમને એકદમ ઠોકર વાગે અને તમને એમ થાય કે હવે એક લોટો પડી જશે. તો હું તમને પૂછું છું કે તમે કયો લોટો પડવા દેશો ? તમે કહેશો કે છાશનો લોટો. બસ ! આ દેહ એ છાશનો લોટો છે અને આત્મા એ ઘીનો લોટો છે. આત્માને સાચવો. દેહ કિંમતી નથી. આત્મા કિંમતી છે. દેહ વિનાશી છે. આત્મા અવિનાશી

છે. આત્મા વગરનો દેહ એ મડદું છે. આ વાતનો સતત ખ્યાલ રાખીને જીવતી બુદ્ધિ એ જ વિવેકબુદ્ધિ છે.

મદાલસાએ અલર્કને આપેલી મુદ્રામાં લખ્યું હતું કે :

**સંગઃ સર્વાત્મના ત્યાજ્ય, સ ચેત્ ત્યક્તું ન શક્યતે ।**
**સ સદ્ભિઃ સહ કર્તવ્યઃ સતાં સંગો હિ ભેષજમ્ ॥**

(માર્કણ્ડેય પુરાણ. અ. ૩૬ શ્લોક-૨૩)

પૂ. બાપજી એને શ્રીગુરુલીલામૃતમાં આ રીતે જણાવે છે :

**સંગ છોડવો સર્વથા બને ન જો કદિ એમ,**
**સંત સંગ કરવો સદા, તારે સંતો તેમ.** (અ.૩૩.દો.૧૧)

કબીર કહે છે :

**કબીર દર્શન સાધુ કે સાહબ આવે યાદ ।**
**લેખેમેં સોઈ ઘડી, બાકી કે દિન બાદ ॥**

સાધુને જોતાં, સંતના દર્શન કરતાં જ પરમાત્મા (સાહબ)ની યાદ આવે છે અને પરમાત્મા યાદ આવે એ ક્ષણ સાચું જીવ્યા, બાકી બધું નકામું છે.

સત્સંગનો મહિમા અપાર છે. એક દૃષ્ટાંત છે. એક બ્રાહ્મણે પોપટ પાળ્યો. બ્રાહ્મણ સવારના ચાર વાગે ઊઠે, શ્લોકો બોલે, ભજન ગાય એટલે એ સાંભળીને પોપટ પણ શ્લોક બોલે. મહેમાન આવે એટલે પોપટ શ્લોક બોલે. બધાને આશ્ચર્ય અને આનંદ થાય. બ્રાહ્મણે એ પોપટ ગામના રાજાને ભેટ આપ્યો એટલે રાજાએ એને પાંચસો રૂપિયા આપ્યા.

આ વાત એક યવને જાણી. એણે પણ પોતાનો પોપટ રાજાને ભેટ આપ્યો. રાજાએ એને પણ ૫૦૦ રૂપિયા આપ્યા. બીજે દિવસે વહેલી સવારે રાજા બ્રાહ્મણના પોપટના પિંજરા પાસે ગયો તો પોપટ ઊઠી ગયો હતો. રાજા પાસે આવતાં જ પોપટ બોલ્યો :

**મંગલં ભગવાન્ વિષ્ણુર્ મંગલં ગરુડધ્વજઃ ।**
**મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનો હરિઃ ॥**

સાંભળીને રાજા ખુશ થઈ ગયો. પછી રાજા યવનના પોપટ પાસે ગયો. એ તો મોડો



ઊઠવા ટેવાયેલો હતો. રાજાએ પિંજરું ખખડાવીને ઊઠાડ્યો એટલે એની ઊંઘ બગડી. એનો મિજાજ ગયો અને કહેવા લાગ્યો : અબે સુવરકે બચ્ચે ! તુજમેં કુછ અક્કલ હૈ યા નહિ'' અને એક બે અપશબ્દો-ગાળ બોલ્યો. રાજાને ગુસ્સો આવ્યો. એણે સિપાઈને હુકમ કર્યો કે, આ પોપટનું ડોકું કાપી નાંખો. સિપાઈએ પોપટને પકડીને પિંજરામાંથી બહાર કાઢ્યો અને જ્યાં તલવારથી ડોક કાપવા ગયો ત્યાં બ્રાહ્મણના પોપટે કહ્યું કે, રાજા ! એકદમ મારશો નહિ. પછી બ્રાહ્મણનો પોપટ કહેવા લાગ્યો કે હે રાજા !

**'અહં શ્રુણોમિ વચનં મુનિનાં શ્રુણોત્યયં વૈ યવનસ્ય વાક્યમ્ ।**
**ન ચાસ્ય દોષો ન ચ મદ્ગુણો વા સંસર્ગજા દોષગુણા ભવન્તિ ॥**

હે રાજા ! હું મુનિ જેવા બ્રાહ્મણના વચનો સાંભળતો હતો. જ્યારે પેલો યવનના વચનો સાંભળતો હતો. એમાં એનો કોઈ વાંક નથી કે મારી કોઈ હોશિયારી નથી. સંસર્ગના પરિણામરૂપ દોષ કે ગુણો મળે છે. જેવો સંગ તેવો રંગ. સત્સંગ કરે તેનામાં વિવેક હોય. તેની વાણી મીઠી હોય. એનું વર્તન સરળ હોય, પરોપકારવાળું હોય અને દુષ્ટોનો સંગ કરે તે અવિવેકી હોય, ગમે તેમ બોલે અને ગમે તેમ વર્તે. આમ, સંગ મહત્ત્વની વસ્તુ છે. કહેવાયું છે કે :

**સરવર તરવર સંતજન ચૌથા વરસે મેહ ।**
**પરમારથ કે કારણે ચારોં ધારે દેહ ॥**

સત્સંગ સાચી દૃષ્ટિ આપે છે, સાચી સમજ આપે છે. સુખી થવાનો રાજમાર્ગ બતાવે છે. ''જે આવી પડે તેનો સહજ સ્વીકાર કરો અને સહર્ષ સ્વીકાર કરો.'' પરંતુ એનો અમલ કરવો સહેલો નથી. સત્સંગથી એ સરળ બને છે. નાની ઉંમરથી સત્સંગ કરવો જોઈએ નહિતર પાછલી જીંદગીમાં-અંતિમ દિવસોમાં - રડવાના દિવસો-પસ્તાવાનો વારો આવે છે. જીવનના આખરી દિવસો શાંતિમાં જવા જોઈએ. All well that ends well એ ભૂલવું ન જોઈએ.

સામાન્ય રીતે વ્યક્તિને સૌથી વહાલો પોતાનો દેહ. પછી વ્હાલી પત્ની, સંતાનો અને સંપત્તિ. આને મેળવવા અને જાળવવા એ આખી જીંદગી ખર્ચી નાંખે છે. પણ સંત સમજાવે છે કે, આ દેહ ક્ષણભંગુર છે, ગંદો છે અને દુઃખનું કારણ છે. એને તું ગમે તેટલો સાચવશે તો પણ અંતે એ ચિતામાં જવાનો છે. પત્ની કે પુત્રો કે સગા-વહાલાં બધા સુખના અને સ્વાર્થના સાથી છે. આપત્તિમાં કોઈ સાથે આવતું નથી. ધનના ભંડાર તું અહીં મૂકીને ખાલી હાથે જવાનો છે. એટલે એની પાછળ જીંદગી ના બગાડ. સંત

વિવેકબુદ્ધિ આપે છે.

યાજ્ઞવલ્કય મૈત્રેયીને કહે છે કે હે મૈત્રેયી ! પતિ પત્નીને ચાહે છે એ પત્ની છે માટે ચાહે છે એવું નથી એ આત્માને કારણે એને ચાહે છે

સત્સંગ અને સંતસંગ વગર સંસારીની આંખ ઉઘડતી નથી. માયાના મૃગજળ પાછળ દોડી દોડીને છેવટે પસ્તાય છે. સદ્‌ગુરુ શિષ્યને સાચો ઉપદેશ આપી એની કાયાના કલ્યાણ માટે જીવવાનો રસ્તો બતાવે છે. એવું કહેવાય છે કે :

**હરિકૃપા તબ જાનીયો જબ દે મનુજ અવતાર ।**
**ગુરુ કૃપા તબ જાનીયો જબ છોડાવે સંસાર ॥**

માણસ વિષયોરૂપી-સંસારના સુખરૂપી-કાચ માટે દોડધામ કરતો હોય ત્યારે સદ્‌ગુરુ એના હાથમાં અસલી હીરો-આત્મકલ્યાણનો પંથ મૂકી દે છે. સંત બ્રહ્માનંદ એક ભજનમાં કહે છે :

**સંત પરમ હિતકારી, જગતમાંહિ સંત પરમ.**
**પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મીટાવત ભારી... જગત.**

સંતનું કામ જીવને પ્રભુમાં પ્રીતિ કરતો કરવાનું છે અને માયાનો ભ્રમ દૂર કરવાનું છે. પત્ની કે પુત્ર-પુત્રીના મરણ નિમિત્તે રડનારો પોતાના મૃત્યુનું નથી રડતો એ કરુણા છે. ખૂબ વહેલા અને વેળાસર સંસારમાં રહેવા છતાં સંસારની આસક્તિને ધીરે ધીરે ઓછી કરતા જવાની છે, પરંતુ એ કામ ખૂબ કપરું છે. આસક્તિ માટે એવું કહેવાય છે કે : "વો આ સકતી લેકિન જા નહિ સકતી ।"

શ્રુતિ કહે છે કે : 'યદ્ દૃષ્ટં તન્નષ્ટં'. નામ તેનો નાશ.

જગત નાશવંત છે. જગદીશ અવિનાશી છે. અવિનાશીને મેળવવામાં જ માનવજીવનની યથાર્થતા છે.

❖❖❖

## ભજન (૬)

## અંદર ગોતા લગાવ, પ્યારે !

**(રાગઃભીમપિલાસ; તાલઃત્રિતાલ)**

**અંદર ગોતા લગાવ, પ્યારે! ...ધ્રુ.**



**બાહેર ઢૂંઢત જનમ ગંવાયા, હાથમેં કછુ ના આય;**
**ફિરફિર ડૂબત ફિરફિર નિકસત, મગર મૌત ફિર ખાય!**
**...પ્યારે૦ ૧.**

**ઈસ ભવસાગરમેં ઈક બંગલા, તીન [1]ખંબ દસ દ્વાર;**
**સૂક્ષ્મ દસમ નિત બંદ રહે વો, ખોલે બિરલા યાર!**
**...પ્યારે૦ ૨.**

**બિના તૈલ વહાં હાંડી જલત હૈ, કોટિ સૂરજ ઉજિયાર;**
**દિન રૈનાં કભુ બૂઝત નાહીં, બૈઠા વહાં કરતાર!**
**...પ્યારે૦ ૩.**

**અષ્ટ નાયિકા [2]નિરત કરે વહાં, બાજત [3]નૈપૂર તાર;**
**કાન ફેર કર સુને સુભાગી, ઘનન તાલ [4]ઘડયાલ!**
**...પ્યારે૦ ૪.**

**પચ્છમ રાહ પકડ કર સીધા, હો પવન પર સ્વાર;**
**ઊડે અધર અકાસા પર જો, પાવે ઝટ ગુરુદ્વાર!**
**...પ્યારે૦ ૫.**

**પહોંચતહીમેં હુઆ નિરાલા; જનમમરણ [5]નિયાર;**
**રંગ ન દેખે બિન પહિચાને બાતનમેં ક્યા સાર?**
**...પ્યારે૦ ૬.**

**ફિર તો છૂટા ભટક અટકના, મિલા ઉસીમેં ધાર,**
**બિંદુ સિંધુમેં જ્યોત જ્યોતમેં, રંગ એક દરસાય!!**
**...પ્યારે૦ ૭.**

---

૧. સ્થંભ. ૨. નૃત્ય, નાચ. ૩. ઝાંઝર. ૪. દશ પ્રકારના અવાજમાં આઠમો અવાજ, ઘંટનાદ, ઝાલર, ઘંટ. ૫. ન્યારો, પર.

❖❖❖

# અર્થ

હે ભાઈ ! તું તારી જાતમાં ડૂબકી માર - અંતરમુખ થા.

બહાર શોધવામાં જનમારો ગુમાવ્યો તો પણ હાથમાં કશું ન આવ્યું. વારે ઘડીએ સંસારમાં ડૂબવાનું અને બહાર નીકળવાનું કર્યા કર્યું અને અંતે મોતને શરણે જવાનું રહ્યું.

આ ભવસાગરમાં (દેહરૂપી) એક બંગલો છે એને (સત્ત્વ, રજસ્ અને તમોગુણ એવા) ત્રણ ગુણરૂપી ત્રણ થાંભલા છે અને દસ દ્વાર છે. (બે કાન, બે આંખ, બે નસકોરાં, એક મોં, શિશ્ન અને ગુદા એમ નવ દ્વાર છે અને સહસ્ર દળ એ દસમું દ્વાર છે.) આ દસમું દ્વાર જ્યાં જીવને લઈ જઈ શિવનું મિલન કરાવવાનું છે, તે ખૂબ સૂક્ષ્મ છે, જે કોઈ વીરલો પ્રભુપ્રેમી જ ખોલે છે.

ત્યાં આ દસમા દ્વારમાં-સહસ્રારમાં-તેલ વિના હાંડી જલે છે અને કરોડો સૂરજનો પ્રકાશ હોય છે. આ દીવો રાત-દિવસ સળગ્યા જ કરે છે, હોલવાતો જ નથી. અહીં જ સર્જનહાર બેઠો છે.

અષ્ટધા પ્રકૃતિરૂપી અષ્ટનાયિકા અહીં નૃત્ય કરે છે અને ત્યાં ઝાંઝરનો રણકાર વાગે છે. ભાગ્યશાળી હોય તે અંતર્મુખી બની (કાન ફેર કે) અંતરનો નાદ સાંભળે છે અને મોટા ઘંટનો ઘણણણ એવો અવાજ સાંભળે છે.

અપાનવાયુ (પચ્છમ રાહ)ને પ્રાણવાયુ સાથે ભેળવીને સુષુમ્ણા નાડીમાં મન અને કુંડલિની સાથે ષટ્ચક્ર ભેદીને ઉપર સહસ્રદળમાં જઈને પરમ પદનો અનુભવ કરે છે.

સહસ્રદળમાં પહોંચતા જ જીવ-શિવનું મિલન થતાં જીવશિવરૂપ થઈ જાય છે. પરિણામે જન્મ-મરણથી પર થઈ જાય છે. ત્યાં કોઈ જ પ્રકારનો રંગ હોતો નથી. તેથી તેની કોઈ ઓળખ થતી નથી, અપાતી નથી પછી ખાલી ખાલી વાતો કરવાનો કોઈ અર્થ રહેતો નથી. અર્થાત્ એ વાણીથી પર છે.

આ પછી જન્મ-મરણની પરંપરામાં ભટકવાનું અને અટકવાનું અર્થાત્ બંધ થઈ જાય છે. શિવમાં જીવ ભળી જાય છે. બિંદુ સિંધુમાં અને જ્યોત જ્યોતમાં ભળી જાય છે અને બધે એક પરમાત્માનું દર્શન થાય છે.

❖❖❖



# વિવરણ

આ ભજનમાં પૂ. બાપજી અંતર્મુખ થઈને આત્મતત્ત્વને પામવા માટેનો ઉપદેશ આપે છે. માનવ જન્મ મળ્યો તો શું કરવાનું છે ? માનવજીવનનું ધ્યેય શું ? બસ ! જન્મવું, ખાવું, પીવું, સંસાર માંડવો અને મરી જવું એ જ ધ્યેય છે ? જન્મ-મરણના ચક્કરમાં ફર્યા જ કરવું છે ? વમળમાં કે રસોડાની સિંકમાં પડેલા વાંદાની જેમ અંદર ફર્યા જ કરવું છે કે એમાંથી બહાર નીકળી જવું છે ?

મોક્ષ એ પરમ પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પૈકી અર્થ અને કામ પ્રારબ્ધે મળે છે. જ્યારે ધર્મ અને મોક્ષ-પુરુષાર્થથી મળે છે. આપણે ઊંધું સમજ્યા. ધર્મ અને મોક્ષ નસીબે મળે છે એમ માની અર્થ અને કામ માટે પુરુષાર્થ કરવા લાગ્યા. આપણે કેવા અજ્ઞાની છીએ ? અજ્ઞાનને કારણે કેવા દુઃખી થઈએ છીએ ? સુખ આપણામાં જ છે અને છતાં સુખ શોધવા બહાર ભટકીએ છીએ. આપણી સ્થિતિ કેવી છે ? એક ભાઈ સાંજના સમયે પર્વત ઉપર ટહેલતા હતા. નીચે ઊંડી ખીણ હતી. સાંજ પછી રાતનું અંધારું થવા માંડ્યું. શિયાળાના દિવસો હતાં, તેથી ઠંડી પણ શરૂ થઈ ગઈ હતી. સંજોગવશાત્ અંધારાને કારણે એનો પગ લપસ્યો અને ખીણમાં ગબડ્યા. ગબડતાં ગબડતાં એના હાથમાં એક ઝાડની ડાળી આવી ગઈ. એને આધારે આખી રાત લટકી રહ્યો અને ભગવાનને પ્રાર્થના કરતો રહ્યો કે ડાળી ન તૂટે એ જોજે. આખી રાત લટકી રહ્યો. સવારે સૂર્યોદય થયો ત્યારે એણે બીતાં બીતાં નીચે જોયું. એણે ઊંડી ખીણની કલ્પના કરી હતી. એણે નીચે જોયું ત્યારે એને ખબર પડી કે એક વેંત નીચે ધરતી હતી. જો ડાળી તૂટી ગઈ હોત તો એ ધરતી પર પડ્યો હોત અને આખી રાત સુખની નિંદરમાં પોઢી ગયો હોત. આપણી દશા પણ આવી જ છે. એનું ભાન પૂ. બાપજી આ ભજનમાં કરાવે છે.

દરેક જીવ સુખની-આનંદની શોધમાં ફરતો ફરે છે પણ એને ખબર નથી કે પોતે જ આનંદ સ્વરૂપ છે. દરેક જીવ શાંતિની શોધમાં રખડે છે, પરંતુ એને ખબર નથી કે આત્મા પોતે જ આનંદ સ્વરૂપ છે, શાંતિ સ્વરૂપ છે. બરફનો ટૂકડો પાણીની શોધ કરે એવી સ્થિતિ છે. કસ્તુરી મૃગ સુગંધની શોધ કરવા જાય તેવું છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**ભૂલી સ્વસ્વરૂપને, કર્તૃત્વાદિ ભાર,**
**વહી વ્યર્થ શિરે મરે, દુઃખે મૂઢ ગમાર.**

**બરફ ટૂકડો પ્યાસથી પાણી માટે ધાય,**
**ફરી પર્વતે થાકતાં, દેખે જલમય કાય.**
**કોણ ? ક્યાંથી ? શું કરું ? શોધે સુખને એમ,**
**નિત્ય મુક્ત પણ ભ્રાંતિથી, ફરે ગાભરો તેમ.** (અ.૧૫. દો.૧૭૯થી૧૮૧)

''અંદર ગોતા લગાવ'' એટલે હૃદયમાં ડૂબકી માર, અંતર્મુખ થા. દત્ત પ્રણતિમાં ધ્રુવ પંક્તિ કહે છે : ''દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ.'' ''પ્રભુ પરખ્યા હૃદે જેણે ફરે ભમતો જગે શાને'' એવું એક ભજન પણ છે. આમ, હૃદયમાં ડોકીયું કરવાની માણસે ટેવ પાડવી જોઈએ.

માણસની ઈન્દ્રિઓ બહિર્મુખ છે. આંખ બહારનું જુએ છે, એ અંદર જોવા ટેવાયેલી નથી. કાન બહારનું સાંભળે છે, એને શરીરમાં થતા દશવિધ નાદ સાંભળવાની ટેવ નથી. એને માટે પ્રયત્ન કરવો પડે છે. માણસ સુખ માટે બહાર ફાંફાં મારે છે, પણ સુખનો સાગર તો એના હૈયામાં જ હોય છે.

જે વાત ઉપનિષદ સમજાવે છે તે વાતને પૂ. બાપજી - શ્રીગુરુલીલામૃતમાં આ રીતે સમજાવે છે :

**અંતઃ સુખ છોડી જનો મારે ફાંફાં બ્હાર,**
**આત્મામાની દેહને, દુઃખી થાય ગમાર.**
**અનિત્ય ગંદો દેહ જે કેવળ દુઃખસ્વરૂપ,**
**નિત્ય સુખાત્મક માનીને, પડે મૂઢ ભવકૂપ.**
**સ્વાત્મસુખ સ્વાધીન જે, છોડી દોડે જેહ**
**વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ.**(અ.૯.દો.૨૬-૨૭-૩૨)

આત્મા આનંદ સ્વરૂપ છે, શાંતિ સ્વરૂપ છે, સુખ સ્વરૂપ છે. એ ભૂલીને જીવ વિષયોમાંથી આનંદ શોધવાનો મિથ્યા પ્રયત્ન કરે છે. વિષયોમાંથી સાચું સુખ મળતું નથી, પણ સુખનો ભ્રમ થાય છે, આભાસ થાય છે. સાચું સુખ પરતંત્ર હોતું નથી. જ્યારે વિષયમાંથી મળતું જણાતું સુખ વિષય ઉપર આધાર રાખે છે. સાચું સુખ નિત્ય, સદાનું, કાયમી હોય છે. જ્યારે વિષયોમાંથી મળતું સુખ અનિત્ય છે, થોડો સમય ટકનારું છે. પૂ. બાપજી લખે છે કે :

**થાય સફળ તોએ કદિ, વિષય દુઃખનું મૂળ;**
**ક્ષણભંગુર પરતંત્ર એ, કરે વિરસ વ્યાકૂળ.**(અ.૯.દો.૩૫)



આ વાત સમજાવતાં ભજનમાં પૂ. બાપજી લખે છે કે :

''બાહર ઢૂંઢત જનમ ગંવાયા, હાથમૈં કછુ ના આય.'' સામાન્ય રીતે માનવી બહારના વિષયોમાંથી આનંદ શોધવાના પ્રયત્નમાં જ આખી જીંદગી વેડફી મારે છે અને અંતે પસ્તાય છે.

સાચું સુખ ક્યાં છે ? એને માટે શું કરવું જોઈએ ? જીવ એટલે અવિદ્યાથી વિંટળાયેલું બ્રહ્મ. અવિદ્યાને કારણે જીવ ભ્રમણામાં જીવે છે. સહસ્રદળમાં રહેલા શિવનાં દર્શન કરીને જીવે શિવમાં ભળી જવાનું છે. પૂ. બાપજી ભજનમાં લખે છે કે, આ શરીરરૂપી બંગલો છે. સત્ત્વ, રજસ અને તમસરૂપી ત્રણ થાંભલા છે. બે આંખ, નાકનાં બે નસકોરાં, બે કાન, એક મોં, એક જનનેન્દ્રિય અને એક ગુદા એવા નવ દ્વારથી આપણે બધા પરિચિત છીએ, પરંતુ દસમા દ્વારથી પરિચિત નથી. આ દસમું દ્વાર એ સૂક્ષ્મ દ્વાર છે, દેખાતું નથી પરંતુ એ સહસ્રારરૂપી દસમા દ્વારમાંથી યોગીનો પ્રાણ નીકળી બ્રહ્મમાં ભળી જાય છે. એટલે એ દસમું દ્વાર છે. પરંતુ આ દસમું દ્વાર ખોલવું સહેલું નથી. યોગીપુરુષ આ દ્વાર ખોલે છે.

આ સહસ્રારમાં જીવ જાય ત્યારે ત્યાં કરોડો સૂર્યનો પ્રકાશ જુએ છે અને ત્યાં કિરતાર, પરમાત્મા, શિવ બેઠેલો છે. સહસ્રારમાં રહેલા પરમાત્મા સાથે મિલન કરીને જીવ શિવરૂપ બની જાય છે ને જન્મ-મરણના ફેરામાંથી છૂટી જાય છે.

યોગમાં નાભિ ઉપરનો ભાગ પૂર્વ પ્રદેશ કહેવાય છે અને નાભિ નીચેનો પ્રદેશ પશ્ચિમ પ્રદેશ કહેવાય છે. આ પશ્ચિમ પ્રદેશમાં અપાનવાયુ-ઝેરી વાયુ છે. પૂ. બાપજીનું એક ભજન આ વાતને ઉદ્દેશીને છે : ''પશ્ચિમ 'વા'ની વાદળી રે, ઝેરી બરખા થાય.'' અપાનવાયુનું કાર્ય મળ-મૂત્ર અને વીર્યનું વિસર્જન છે. એટલે એ ઝેરી વાયુ છે.

''પચ્છમ રાહ પકડકર સીધા, હો પવન પર સ્વાર.''

પૂર્વ મધ્યમ માર્ગે પ્રાણની ઉર્ધ્વગતિ થવા લાગે છે અને તે માર્ગની સફાઈ થતી જાય છે. ત્યાર પછી સાધક મેરુદંડમાં આવેલા પશ્ચિમ મધ્યમ માર્ગ દ્વારા ગતિ કરવા પ્રયાસ કરે છે.

પ્રાણ અને અપાન સાધક સિદ્ધ કરે પછી પ્રાણ અને અપાનને ભેગા કરી કુંડલિની જગાડી સુષુમ્ણા નાડી દ્વારા ષટ્ચક્ર ભેદીને પછી એને સહસ્રારમાં લઈ જાય છે. સદ્ગુરુના માર્ગદર્શન હેઠળ જેણે અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હોય તે આમ કરી શકે છે. આમ, સહસ્રદલ-દશમદ્વારમાં જીવ-શિવનું મિલન થાય છે. એ જ પરમાનંદનું ધામ છે. જીવનને ધન્ય બનાવવું એટલે આત્મસાક્ષાત્કાર કરવો, જીવ-શિવનું મિલન થવું વગેરે કહેવાય.

માણસે સત્ત્વપ્રધાન જીવન જીવવું પડે. ખોરાક અંગે સાવધાન રહેવું પડે. ધીરે ધીરે

સંસારીનો સંગ ઓછો કરી એકાંત સેવી અંતર્મુખ થવાનું છે. મૌનનું સેવન કરી, અંતર્મુખ થઈ, દશવિધ નાદોનું શ્રવણ કરીને જીવ-શિવનું મિલન થાય એટલે 'અંદર ગોતા લગાવ'નું ધ્યેય પૂરું થાય. જન્મ-મરણના ચક્કરમાંથી છૂટવું એ જ આપણું ધ્યેય હોવું જોઈએ.

❖❖❖

## ભજન (૭)

## નિરંજન પદ તો મુખસે

**(રાગઃભૈરવી; તાલઃત્રિતાલ)**

**(નિરંજન પદ તો સાધુ કોઈ પાતા હૈ ... એ રાહ)**

**નિરંજન પદ તો મુખસે ન બણર્યો જાય! ...ધ્રુ.**
**નહીં ઉજિયારા નહીં વો કાલા, નૂર હી નૂર અપાર,**
**બિન દેખત દિખ પડે સહજ હી, દેખત અંધા ચાર!**
**...નિરંજન૦ ૧.**
**નહીં વો અંદર નહીં વો બાહિર, દોનોં સે પર પાર;**
**અંદર બ્હાર સમાયે ઉસમેં, વો સબ ગોલંકાર!**
**...નિરંજન૦ ૨.**
**ઊંચા નીંચા સમ ચોખૂણ ના, નહીં બર્ણ આકાર;**
**નિરગુણસિરગુણ ઉસકે બાંધે, બીન જગ જગકિરતાર!**
**...નિરંજન૦ ૩.**
**દેખે સો તો કહન ન પાવે, કહે ન દેખ્યા સાર;**
**સબકે અંદર સબસે ન્યારા; રંગ અરૂપ અધાર!!**
**...નિરંજન૦ ૪.**

---

❖❖❖



## અર્થ

નિરંજન પદ-અવસ્થા-નું મુખથી વર્ણન થઈ શકે એમ નથી.

એ નથી ઉજળો, નથી કાળો. એ તો અપરંપાર નૂરવાળો છે. એ તો જોયા વગર જ દેખાઈ જાય એવો છે. એને તો આંધળો પણ જુએ છે.

એ નથી અંદર કે નથી બહાર. એ બંનેથી પર છે. અંદર અને બહાર બંને એનામાં સમાઈ જાય છે. એ તો બસ બધું ગોળાકાર છે.

એ નથી ઊંચો કે નીચો કે નથી ચોરસ. એને વર્ણ કે આકાર નથી. નિર્ગુણ અને સગુણ એના બંધનમાં રહે છે. સૃષ્ટિ વિના એ સૃષ્ટિનો કિરતાર છે.

જેણે એને જોયો છે તે એનું વર્ણન કરી શકતો નથી અને કહે છે એણે એને બરાબર જોયો નથી. એ તો બધામાં છે અને બધાથી અળગો છે. એ આત્મા રૂપ વિનાનો અને સર્વનો આધાર છે.

❖❖❖

## વિવરણ

નિરંજન એટલે માયાના અંજન વિનાનો - માયાનું અંજન જતું રહે તો પછી પરબ્રહ્મ પરમાત્મા શુદ્ધ સ્વરૂપે જ રહે. આમ નિરંજન એટલે પરમાત્મા.

નિરંજન પદ સમજાવતાં શાસ્ત્રી શ્રી જયેન્દ્રભાઈ દવે "શ્રીગુરુલીલામૃતના જ્ઞાનકાંડની પાત્ર સૃષ્ટિ" નામના ગ્રંથમાં "શિષ્ય નિરંજનઃ પાત્ર વિશેષતા" નામના એમણે રજૂ કરેલા લેખમાં જણાવે છે કે, નિરંજન શબ્દ માત્ર વ્યક્તિવાચક નથી. પદ એટલે અંતિમ અવસ્થા અર્થાત્ મોક્ષ-નિર્વાણ. પદ એટલે આત્મા અને મનના એકત્વની યોગસિદ્ધભૂમિકા.

એ પદ-સ્થિતિ હૃદયની ભીતર અને બહાર બંનેથી પર એટલે ભીતરનું બહારનું બધું એમાં સમાવિષ્ટ છે." નિરંજનપદ એટલે નિર્વિકલ્પ સમાધિની સ્થિતિ-અંતિમ અવસ્થા. અહીં ધ્યાતા-ધ્યેય અને ધ્યાનની ત્રિપુટીનો પણ લય થાય છે. આત્મસાક્ષાત્કારની સ્થિતિ છે. આ સ્થિતિનું વર્ણન કરતાં પૂ.બાપજી લખે છે કે :

**કરે ચિત્ત અભ્યાસથી, ભૂલે ધ્યાતા ધ્યાન,**
**ધ્યેયાકારે મન રહે, નિવાતદીપ પ્રમાણ.**

**એ જ સમાધિ જાણવી, યોગપ્રાસાદ શિખર,**
**ધ્યેય માત્ર બાકી રહે, થાએ ચિત્ત વિલય.**
**દેહભાન ઊડે સહુ, બાહ્યાભ્યંતર જ્ઞાન;**
**થાય ત્ર્યવસ્થાતીત મન, એ જ ઉન્મની જાણ.**

**આત્મા જોઈ આત્મને થાએ આત્માવિલીન,**
**આત્યંતિક સુખ દેખી એ, થાય વાસના ક્ષીણ.**

**નિર્વિકલ્પ સમાધિ એ વરસે ધર્મામૃત,**
**ધર્મમેઘ યોગી કહે, થાય મુમુક્ષુ તૃપ્ત.**

**આત્યંતિક વિયોગ જે કરે દુઃખનો એમ,**
**જીવ બ્રહ્મયોગે કરી, યોગ શ્રેષ્ઠ એ તેમ.** (અ.૧૮.દો.૧૧૦થી૧૧૫)

સાક્ષાત્કારમાં આત્માનો જ્યોતિસ્વરૂપ અનુભવ-દર્શન થાય છે. પૂ.પ્રકાશાનંદજી મહારાજ સ્વંયપ્રકાશી જ્ઞાનસ્વરૂપ આત્માને સમજાવતાં કહે છે કે, આત્મા જ્ઞાનરૂપ હોઈ બધા પદાર્થોને પ્રકાશે છે અને પદાર્થોનું જ્ઞાન પણ આત્માના સદ્ભાવથી જ થાય છે. જગતમાં જ્ઞાનસ્વરૂપવાળા આત્માને નહિ જાણી શકાય એવું કોઈ પણ અવશેષ કારણ નથી. કારણ કે સંસારભરનું જ્ઞાન આત્માથી જ થાય છે કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પોતે સ્વયંપ્રકાશ રહી અન્યને પ્રકાશે છે.

આ જગતમાં પ્રકાશતી બધી વસ્તુઓ એ પરમાત્મા પાસેથી પ્રકાશ મેળવે છે. એક ભજનમાં પૂ.બાપજી લખે છે : "એક નૂર વિધુ, સુર પ્રકાશ્યો, મૃગજલકિરન એહિ" આ સૂર્ય, ચંદ્ર, વીજળી બધા પરમાત્માના પ્રકાશથી જ પ્રકાશે છે. ગીતામાં ભગવાન કહે છે કે, સૂર્યમાં રહેલું તેજ એ પણ મારું જ તેજ જાણ.

**યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।**
**યચ્ચન્દ્મસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥**

(અ.૧૫.શ્લોકઃ૧૨.)

અર્થાત્ સૂર્યમાં રહેલુ ંજે તેજ આખા જગતને ઉજાળે છે, જે તેજ ચન્દ્રમામાં છે અને જે અગ્નિમાં છે એને તું મારું જ તેજ જાણ.

એક પ્રભાતિયામાં બાપજી લખે છે :



**કાળ કંપે અતિ બીકથી જેહની,**
**તેજ ચંદ્રાર્ક જો અમિત આપે,**
**સૂર્યનો સૂર્ય એ, ચંદ્રનો ચંદ્ર એ,**
**દુઃખડાં દીનનાં એ જ કાપે... એક કિરતાર.**

**કઠોપનિષદ કહે છે :**

**ન તત્ર સૂર્યો ભાતિ ન ચન્દ્રતારકં**
**નેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિઃ ।**
**તમેય ભાન્તમનુભાતિ સર્વં**
**તસ્ય ભાસા સર્વમિદં વિભાતે ॥**

આ પરમાત્માનું પરમ તેજ પ્રકાશે છે ત્યાં સૂર્ય, ચંદ્ર, તારા કે વીજળી પ્રકાશે છે (એટલે કે આ બધા પરમાત્માના તેજથી પ્રકાશે છે.) આ બધા અને આખું જગત એ પરમાત્માના તેજથી પ્રકાશે છે. આ વાતને પૂ.બાપજી દત્તપ્રણતિમાં રજૂ કરતાં કહે છે કે :

**યદ્ભાસા રવિચન્દ્રમસૌ તૌ ભાસ્વન્તં,**
**યં ભાસયિતું નો શક્તૌ તૌ સ્વબલેન ।**
**યં ભાન્તં હ્યનુભાતિ સમસ્તં તડિદાદિ**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

જેના પ્રકાશથી તે બે - સૂર્ય અને ચંદ્ર - પ્રકાશે છે અને જેને પ્રકાશિત કરવા માટે સૂર્ય-ચંદ્ર બે પોતે સમર્થ નથી. જેના પ્રકાશમાન થવાથી જળ-વીજળી વગેરે બધું પ્રકાશિત દેખાય છે તે હૃદયમાં વસનારા દત્તાત્રેય-પરબ્રહ્મ પરમાત્મા-ને હું પ્રણામ કરું છું.

આવા નૂર હિ નૂર અપાર પરમાત્માનું દર્શન એ જ નિરંજન પદ છે. આ પરબ્રહ્મ પરમાત્માને રૂપ, રંગ, આકાર નથી. મન, બુદ્ધિ, વાણીનો વિષય નથી. એનાથી પર છે એટલે એ ગોરો નથી, કાળો નથી. ઊંચો નથી, નીચો નથી, ચોરસ નથી. જે આ સ્થિતિનો અનુભવ કરે છે તે વર્ણન કરી શકતો નથી. ગૂંગો મિષ્ટાન્ન ખાય, મઝા આવી જાય અને રાજીનો રેડ થઈ જાય તો એ ગૂંગો આ રાજીપો વ્યક્ત કઈ રીતે કરશે ? કેવળ ઓડકાર ખાઈને. "ગૂંગાને જો ઘેબર ખાઈ, ડકાર માત્ર દિખાઈ." આ પરમ તત્ત્વ બધાની અંદર છે, બધાની બહાર છે અને છતાં બધાથી જુદું છે, ન્યારું ને નિરાળું છે.

❖❖❖

## ભજન (૮)

## તમન્ના દિલમેં યહી એક સાંઇ હૈ !

(રાગઃભૈરવી; તાલઃત્રિતાલ)

(નિરંજન પદ તો સાધુ કોઇ પાતા હૈ ... એ રાહ)

**[૧]તમન્ના દિલમેં યહી એક સાંઇ હૈ! .ધ્રુ.**

**તેરો નામ હી ગાવત જાઉં, ધ્યાઉં રૂપ બિશાલ;**
**કાનોંમે તેરી હી ચર્ચા, ઔર ન શબ્દ બિચાર! .તમન્ના૦ ૧.**
**મુર્દા બનકે ફિરું જગતમેં, સાર ખરાબ નિહાર;**
**નિર્વિકાર સદા નિઃસંગી, ડરું ન દેખત કાલ!! .તમન્ના૦ ૨.**
**પરનિંદામેં ગૂંગા બહિરા, પરસ્ત્રી ષંઢા બાલ;**
**હાથકટા પરધન લેનેમેં, મૂક દીનદુઃખહાર!! .તમન્ના૦ ૩.**
**તેરા તુઝમેંહી મિલ જાઉં, દિખે ન દ્વૈત અસાર;**
**રંગ રંગૈયા એક કહૈયા, ઔર ન માગું દયાલ!! .તમન્ના૦ ૪.**

૧ તીવ્ર ઈચ્છા, તાલાવેલી

❖❖❖

## અર્થ

હે ભગવાન ! દિલમાં આ એક જ તીવ્ર ઈચ્છા છે. હું જીવનભર તારું નામ ગાતો રહું અને તારું જ વિશાળ રૂપનું ધ્યાન ધરતો રહું. મારા કાન તારા જ ગુણગાન સાંભળતા રહે અને એ સિવાય કોઈ વિચાર નહિ કે કશું બોલું પણ નહિ.

મરેલા માણસની જેમ મડદું થઈને જગતમાં ફરતો ફરું અને એ રીતે સારું અને ખરાબ બંનેને તટસ્થભાવે જોયા કરું. નિર્વિકાર અને નિઃસંગી થઈને હંમેશા રહું, જેથી મૃત્યુને જોઈને પણ ડરું નહીં.

બીજાની નિંદા કરતી વખતે ગૂંગો અને સાંભળતી વખતે બહેરો બની જાઉં. પારકી સ્ત્રી સાથે નપુંસક-હિજડો અથવા નાના બાળક જેવો બની જાઉં. પરધન લેતી વખતે હું ઠુંઠો બની જઉં અને બોલ્યા વિના મૂગે મોઢે ગરીબોનાં દુઃખ હરી લઉં.

હું તારો છું અને તારામાં જ મળી જઉં. અસાર એવું દ્વૈત ટળી જાય અને અદ્વૈત



ભાવે બધું જોઉં એવું હે પ્રભુ ! તારી પાસે માગું છું.

❖❖❖

મોંઘો માનવ દેહ મળ્યો છે, તો એ જન્મ સફળ કેવી રીતે થાય ? પોતાનું પેટ તો સૌ કોઈ ભરે છે. પોતાની અને પોતાના કુટુંબની તો સૌ કોઈ કાળજી લે છે, પરંતુ આ તો સામાન્ય માનવી કહેવાય. દુનિયા યાદ કરે એવું જીવન જીવવું હોય તો કેવું જીવન જીવવું જોઈએ ?

આ ભજનમાં પૂ. બાપજી એવા જીવનનું દર્શન કરાવે છે. આપણાથી કોઈને પણ દુઃખ ન થાય અને બને તેટલું બીજાનું ભલું થાય એ રીતનું જીવન જીવવું જોઈએ. ધર્મશાસ્ત્ર કહે છે કે : આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ । પોતાને ન ગમે એવું વર્તન બીજા સાથે ન કરવું જોઈએ.

પાપ અને પુણ્ય સમજાવતાં સંતો કહે છે કે, પરોપકાર કરવો એ પુણ્યનું કામ છે અને બીજાને પીડા કરવી એ પાપ છે.

**પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ ।**

આ વાતને સંત તુલસીદાસજી આ રીતે રજૂ કરે છે :

**પરહિત સરસિ ધર્મ નહિ ભાઈ ।**
**પરપીડા સમ નહીં અધમાઈ ॥**

આવું જીવન જીવવા માટે આખું જીવન પ્રભુમય બનાવી દેવું જોઈએ. આપણને આપેલી ઈન્દ્રિયોનો સદુપયોગ કરવો જોઈએ. જે દીવો પ્રકાશ આપે એ જ દીવો આગ પણ લગાડી શકે એમાં વાંક દીવાનો નથી, દીવાનો ઉપયોગ કરનારનો છે. આમ, ભગવાને આપણને જે ઈન્દ્રિયો આપી છે તે ઈન્દ્રિયોનો સદુપયોગ કરવો જોઈએ. આ વાતની પૂ.બાપજી સમજ આપે છે.

પૂ. બાપજી કહે છે કે, હે ભગવાન ! મારા જીવનમાં એક જ તીવ્ર ઈચ્છા છે, એક જ તલપ છે. કઈ તીવ્ર ઈચ્છા ? જીવનભર શ્વાસે શ્વાસે તારા નામનું સ્મરણ કરું અને તારા ગુણગાન ગાતો ફરું એ રીતે મારી વાણીનો સદુપયોગ કરું. મનથી તારા વિશાળરૂપનું ધ્યાન ધરતો રહું. આમ, મન અને વાણી દ્વારા તારી ઉપાસના કરતો રહું.

ભગવાનનું ધ્યાન, ભગવાનના નામનું સ્મરણ અને ભગવાનના નામનું કીર્તન વ્યક્તિની વૃત્તિ અને વિચાર બદલે છે અને એને સન્માર્ગે પ્રવૃત્તિ કરવા પ્રેરે છે.

માનવજીવનમાં મનનું મહત્ત્વ ખૂબ જ છે. મન જ બંધનનું કારણ છે અને મુક્તિનું પણ કારણ છે. જે ચાવી તાળું ખોલે છે, તે જ ચાવી તાળુ બંધ પણ કરે છે. ઉપનિષદમાં કહ્યું છે કે :

**મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।**

આ વાતને પૂ. બાપુજી દત્તદશકમાં આ રીતે રજૂ કરે છે :

**મન બાંધે મન છોડવે મને રચ્યું આ સર્વ**

**નાના નેહ કથે શ્રુતિ એક અનેકે શર્વ.**

વળી, હું સદા સત્સંગ કરું જેથી તારી જ ચર્ચા સાંભળવા મળે.

A man is known by the Company that he keeps. જેવો સંગ તેવો રંગ. સોબત તેવી અસર. આમ, સારા માણસોના સંગ કરવાથી સારી-સારી ભગવાનની વાતો સાંભળવા મળે, જેથી મન સ્વસ્થ બને છે. દત્તપ્રણતિમાં પૂ. બાપજી લખે છે :

**યત્સત્તાકં પ્રાણિતિ સર્વં પ્રાણાદિ**
**શ્રોત્રં શબ્દં વૃણુતે મનુતે મન આદિ ।**
**એકં નાના યં કવયન્તિ જ્ઞવિશેષા ।**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

અહીં પૂ. બાપજીએ શ્રોત્રં એટલે કાન, શબ્દં એટલે બીજાના બોલાયેલા શબ્દો, શ્રુણુતે-સાંભળે એમ નથી કહેતા પણ વૃણુતે-સાંભળવા જેવા હોય-સારાં હોય - તે શબ્દો જ સાંભળે એમ કહે છે. હે ભગવાન ! મારા કાન એવા થઈ જાય કે તે સારું હોય તે જ સાંભળે અને સારું હોય તો જ સાંભળે. આપણે જે સાંભળીએ છીએ તેની આપણા જીવન પર ઘેરી અસર હોય છે.

ટૂંકમાં સારાનો સંગ કરીએ, સારું સારું સાંભળીએ તો આપણને પણ સારા વિચાર આવે અને સારું કામ કરવાની ઈચ્છા થાય. પૂ. રંગ બાપજીનો ધમડાછામાં મુકામ હતો. સાંજે ફરવા જાય ત્યારે બે-પાંચ ભક્તો સાથે હોય. પૂ. બાપજીએ એક દિવસ વાત વાતમાં કહ્યું કે, દરેક વ્યક્તિ એના પ્રારબ્ધ પ્રમાણે સુખદુઃખ ભોગવે છે. એણે કરેલાં કર્મો સુખદુઃખ રૂપે આવી મળે છે. એમાં મારું કે ભગવાનનું પણ કાંઈ ચાલે નહિ. એ વાત સાંભળીને એક આખાબોલા ભક્તે કહ્યું કે, ''બાપજી ! જો કર્મના પરિણામરૂપ સુખદુઃખ જ ભોગવવાનાં હોય અને તમે કાંઈ કરી શકવાના જ ના હો તો તમારી પાછળ પાછળ ફરીને આ ટાંટિયા તોડવાનો શો અર્થ ? પૂ. બાપજીએ કહ્યું કે, ''જો તમે જુગારી સાથે



બેસશો તો જુગાર રમતાં શીખશો. દારૂડીયા સાથે બેસશો તો દારૂ પીતાં શીખશો અને અમારા જેવા સંતો સાથે બેસશો, સારી સારી વાતો સાંભળશો તો તમને સારાં વિચારો આવશે. સારા વિચારો આવશે તો સારાં કાર્યો કરશો અને સારાં કામ કરશો એટલે તમને સુખ મળશે જ. પરંતુ આ સુખ તમે સારા કામ કરશો તો જ મળશે. અમારી સાથે ફરવાથી તમને સારા કામો કરવાની ઈચ્છા થશે. વૃત્તિ જ પ્રવૃત્તિનું ચાલક બળ છે.

પછી પૂ. બાપજી કહે છે કે, હું રાગદ્વેષથી પર થઈ, બધામાં પરમાત્માના દર્શન કરું અને અદ્વૈત ભાવ રાખી તટસ્થ ભાવે જીવું. 'મડદું થઈને જીવું' એટલે મડદાને કોઈ ઈચ્છા-અપેક્ષા હોતી નથી. એનામાં રાગ-દ્વેષ હોતાં નથી, શબને તમે હાર પહેરાવો તો પણ શું અને ના પહેરાવો તો પણ શું ? એનામાં ગમો-અણગમો હોતો નથી. આમ, મરેલા માણસની જેમ સારી-નરસી વસ્તુ જોઉં. સારી વસ્તુ જોઈને રાગ ન જન્મે અને ખરાબ વસ્તુ જોઈને દ્વેષ ન જન્મે.

નરસિંહ મહેતાના લોકપ્રિય ભજન : ''વૈષ્ણવ જન તો તેને રે કહીએ''માં એવી ભાવના વ્યક્ત થઈ છે કે :

**સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,**
**જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે...**

એ ભાવ આ ભજનમાં પણ વ્યક્ત થયો છે. પૂ. બાપજી કહે છે કે, હું કોઈની નિંદા કરું નહિ અને સાંભળું પણ નહિ. પરસ્ત્રીને જોઉં તો નપુંસક કે બાળકના જેવું વર્તન હોય. બીજાનું ધન લેવામાં હું ઠુંઠો-હાથ વિનાનો બની જઉં અને મૂગે મોંઢે દુઃખિયાના દુઃખ દૂર કરું.

નિંદા કરનાર પુણ્ય ગુમાવી પાપનું પોટલું બાંધે છે. એમાં એનું મન બગડે છે. 'મન છોડ દે કપટ, હરિપદ ભજરે' એવું પૂ. બાપજી કહે છે. પરસ્ત્રી અને પરધનમાં જે લોભાય છે તે વ્યક્તિનું પતન થાય છે. પરસ્ત્રીગમનને મહાદોષ કહ્યો છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**સર્વ દોષોમાં કહ્યો પરસ્ત્રી દોષ મહાન,**
**નિમેષમાત્રે દૈત્યનો, થાશે કચ્ચરઘાણ.** (અ.૧૧.દો.૬૮)

માનવી ધર્મ પાળવા, સંતતિ માટે અને કામેચ્છા સંતોષવા લગ્ન કરે છે. સંતતિના

હેતુમાત્રથી પોતાની સ્ત્રી સાથે લગ્નજીવન જીવનાર સંસારીને પણ બ્રહ્મચારી જ કહ્યો છે. ટૂંકમાં મન બગાડે એવા અવગુણો છોડવા અને સદ્‌ગુણોને પોષવાથી વ્યક્તિ આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરી શકે છે. પોતાનો જેના પર હક્ક હોય અને જેટલો હક્ક હોય તેટલું જ ધન લેવું અને બીજાના ધન પ્રત્યે આસક્તભાવે જોવું પણ નહિ એ જ સાચી નીતિ છે. આવું બધું આચરણમાં ઉતારીને છેવટે જીવે શિવમાં ભળી જવાનું છે અને આવાગમનના ચક્કરમાંથી છૂટી જવાનું છે. માનવજીવનનું અંતિમ લક્ષ્ય લક્ષચોરાશીના ફેરામાંથી ઉગરી જવાનું હોવું જોઈએ. દ્વૈતભાવ એ રોગ છે. આ સંસાર દ્વૈતામય છે એટલે કે દ્વૈતભાવના રોગ (આમય)વાળો છે. દ્વૈતભાવને કારણે ભેદદષ્ટિ જન્મે છે. અદ્વૈતભાવમાંથી જ અભેદદષ્ટિ આવે છે. આ ભેદદષ્ટિ દૂર કરવી સહેલી નથી. પૂ. બાપજી દત્ત દશકમાં લખે છે :

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈક્ય જ્ઞાનથી રંગ પાર થઈ જાય.**

આ દ્વૈતના રોગને દૂર કરી, અદ્વૈતભાવ કેળવી, જન્મ-મરણની ઘટમાળ દૂર કરવાનો બોધ આપતું ભજન છે. પૂ. બાપજી લખે છે :

**વંદુ દત્તપદાંબુજ સાર**
**ગાએ મુખ આ ત્વદ્‌ગુણ તારક, જુએ નૈન છબી હાર,**
**થાય ચિત્ત તદ્રૂપે તન્મય, દ્વૈતામય સંહાર.**
**ભેદી ભેદ ભયાનક ભવહર, હર ભ્રાન્તિ નિઃસાર,**
**ના હું, ના તું, ના જગ કાંઈ, એક અનેક અસાર.**

આપણને જેટલું દુઃખ ૧૦૦ ગ્રામ દૂધ ઢોળાતાં થાય છે એટલું દુઃખ ૭૦ વર્ષે પણ ભગવાનની ઝાંખી નથી થઈ એનું નથી થતું આ ગેરસમજને દૂર કરવા માટે ભજન કરવાનાં છે.

આ ભજનનો ભાવ રજૂ કરતું સ્વામી પાગલ પરમાનંદ પરમહંસનું એક ભજન જોઈએ :

**તારી મનોહર મૂર્તિને મુજ નયન નિત જોયા કરે**
**તુજ સ્તવન મહિમા ગીતડાં રસના સદા ગાયા કરે.**
**મુજ શ્રવણ તારા નામના કીર્તન કથા સૂણ્યા કરે,**
**પ્રભુ ! એ જ મારી હૃદયભિક્ષા પતિત પાવન તુજ કને.**



**તારા પનોતા પાવલે મુજ શિર સદા પ્રણમ્યા કરે,**
**મુજ ચરણ તુજ ભગવદ્‌વિભૂતિ દર્શને દોડ્યા કરે.**
**મુજ બાહુ તુજ નામે સદા વસ્તુ બધી અર્પ્યા કરે,**
**પ્રભુ ! એ જ મારી હૃદયભિક્ષા અધમતારણ તુજ કને.**

**મુજ મનભ્રમર તુજ ચરણકમલે રાતદિન ગૂંજ્યા કરે,**
**મુજ બુદ્ધિ તુજ યશકાવ્યની ફૂલમાલિકા ગૂંથ્યા કરે,**
**મુજ ઈંદ્રિયો સહુ યજ્ઞમાં તુજ કાજ હોમાયા કરે,**
**પ્રભુ ! એજ મારી હૃદયભિક્ષા દિલદિલાવર તુજ કને.**

**તુજ પ્રણવમંત્રો શ્વાસભર મુજ હૃદય નિત્ય જપ્યા કરે,**
**તારી સનાતન શોધમાં મુજ જીવન વહેણ વહ્યા કરે.**
**તારી સતત સેવા કરું, તુંમાં મળું દ્વૈત જ ટળે,**
**પ્રભુ ! એ જ મારી હૃદયભિક્ષા પરમ પાવન તુજ કને.**

બસ ! દ્વૈત ટળે, શિવમાં જીવ ભળી જાય એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ અને એ તીવ્ર ઈચ્છા સંતોષવા માટે સાધના કરવી જોઈએ.

❖❖❖

## ભજન (૯)
## લાખોમેં કોઇ બિરલો હિ ઐસો હૈ !

(રાગઃભૈરવી; તાલઃત્રિતાલ)
(નિરંજન પદ તો સાધુ કોઇ પાતા હૈ ... એ રાહ)

**લાખોમેં કોઇ બિરલો હિ ઐસો હૈ! .ધ્રુ.**

**નિરાલંબમેં કરે નિવાસા, છોડ દેહ-અધ્યાસ;**
**જગત તમાસા દેખે ઉદાસા, સદા સ્વયં પ્રકાશ! .લાખો૦ ૧.**
**નીંદ જાગ બિન અખંડ જાગે, કરે મૌતસે કુસ્તી;**
**[1]આઠોં પાશ ન સુપને સ્પર્શે, બાંધે સંયમ કિસ્તી! .લાખો૦ ૨.**

**ખેલે આપ હિ આપ અકેલા, આત્માનંદ ઉજાસ;**

**ડાઘા દુઈકા રહા ન દિલમેં, નિર્ભય વો અવિનાશ! .લાખો૦ ૩.**

**કરમ ધરમ ન બાંધે ઉસકો, નિર્મલ નિત્ય અસંગ;**

**આત્મતૃપ્ત અકામ અદુઃખા, સુખસાગર નિજરંગ! .લાખો૦ ૪.**

---

**૧. દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુલ, શીલ અને જાતિ અભિમાન એ આઠ પાશ (બંધન) કહેલા છે.**

❖❖❖

# અર્થ

લાખોમાં આવી તો કોઈ વિરલ વ્યક્તિ જ હોય

દેહાધ્યાસ છોડીને નિરાલંબમાં વાસો કરે, જગતનું નાટક તટસ્થ ભાવે જુએ અને એ તો સદા સર્વદા સ્વયં પ્રકાશરૂપ રહે.

ઊંઘ નહિ, જાગૃતી નહિ અને એ બંનેથી પર આનંદ જાગૃતિમાં રહે અને મોતથી કુસ્તી કરે., એને આઠ પાશના બંધન નથી. એ સંયમની કિસ્તી બાંધે છે.

એ એકલો પોતાની સાથે જ પોતે રમ્યા કરે. આત્માના આનંદનો ઉજાસ છે. દિલમાં દ્વૈતભાવનાનો ડાઘો નથી. એ પોતે નિર્ભય છે અને અવિનાશી છે.

કર્મ કે ધર્મ એને બાંધી શકતા નથી. એ પોતે નિર્મળ, નિત્ય અને અસંગ છે. એ આત્મતૃપ્ત છે, અકામી છે, દુઃખ વગરનો છે અને પોતાનામાં સુખસાગર રેલાય છે.

# વિવરણ

ગીતામાં શ્રી ભગવાન કહે છે :

**મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિત્ યતતિ સિદ્ધયે ।**
**યતતામપિ સિદ્ધાનાં કશ્ચિત્ માં વેત્તિ તત્ત્વતઃ ॥** (અ.૭.શ્લોક :૩.)

અર્થાત્ મનુષ્યોમાં હજારે કોઈ એક મને પામવાનો પ્રયત્ન કરે છે અને એ પ્રયત્ન કરનાર યોગીઓમાંથી પણ કોક જ મારે પરાયણ થઈને મને તત્ત્વથી એટલે કે યથાર્થરૂપે જાણી શકે છે.



આ શ્લોક બે વસ્તુ સ્પષ્ટ કરે છે : **એક** તો સંસારમાં રચ્યા પચ્યા રહેનાર સંસારી પૈસો, પત્ની, પુત્ર-પુત્રી અને પરિવારમાં જ એવો ગળાડૂબ હોય છે કે, એને પરમેશ્વર તો યાદ આવતા જ નથી. ભગવાન યાદ આવે તો સમજવું કે ક્યાં તો દુઃખમાં હશે - આર્ત હશે અથવા તો કંઈ જોઈતું હશે - અર્થાર્થી હશે. આ અર્થાતી જીવ મોહવશ એવું વિષયી જીવન જીવે છે કે, ભગવાન વિશે વિચારે એ પહેલાં તો એ અર્થાથીની અર્થી-નનામી-નીકળતી હોય છે.

પૂ.બાપજી લખે છે :

**કોટિજન્મસુકૃત ફળે ત્યારે ભક્ત થવાય,**
**નહિ તો વાતોમાં વહી બહુધા જીવન જાય.** (અ.૪૧.દો.૪૮)

જીવના પુણ્યો ફળે તો જ એને ભગવાનને પામવાનો વિચાર આવે. ભગવાનના નામમાં રુચિ જાગે. સાચા સંત મળે. સંત સેવાથી સંત કૃપા કરે. પરંતુ આવું તો "લાખો પથ્થરે રત્ન લપાયું" જેવું છે. સત્તાવીસ વર્ષની ઉંમરે પૂ.બાપજીને ભગવાનના દર્શનની ઈચ્છા થઈ તેવી ઈચ્છા ૭૨ વર્ષે પણ આપણને થતી નથી. એનું કારણ શું ?

બીજું આ શ્લોક એવું કહે છે કે, જેને ભગવાનને પામવાની ઈચ્છા જાગે છે અને પ્રયત્નો કરે છે, સિદ્ધ બને છે તો એવા સિદ્ધ યોગીઓ પૈકી પણ ભગવાનને તત્ત્વતઃ જાણનારો કોઈક જ હોય છે એટલે સિદ્ધ થયા પછી પણ ભગવાન પરાયણ બની એને તત્ત્વતઃ જાણવું એ જુદી વાત છે. યોગી હોય પણ અભેદ દૃષ્ટિ ન આવી હોય એવું બને. આ જગત સર્વ વાસુદેવમિતિ" એવી સમજ અને દૃષ્ટિ આવવી અઘરી છે. પૂ.બાપજી દત્તદશકમાં લખે છે.

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈક્ય જ્ઞાનથી રંગ પાર થઈ જાય.**

લાખોમેં વિરલો એટલે કેવો ? ગીતામાં ભગવાન કહે છે :

**બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।**
**વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥** (અ.૭.શ્લોકઃ૧૯)

અર્થાત્ ઘણા જન્મો પછીના અંતિમ જન્મમાં તત્ત્વજ્ઞાનપામેલો માણસ 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' એવા ભાવે મને ભજે છે. એ મહાત્મા ઘણો દુર્લભ છે.

અહીં ભગવાન એવું કહે છે કે, એવો મહાત્મા સુદુર્લભ છે, દુર્લભ નથી. ગીતામાં શ્રીભગવાનની વાણી ધ્યાનથી સાંભળવાની છે. "અપિ ચેત્સુદુરાચારો" સમજપૂર્વક

દુરાચાર કરનાર, (અ.૯.શ્લોક-૩૦) Cold Blooded Murder - ઠંડે કલેજે ખૂનના જેવું. દત્તનામ સંકીર્તનમાં આજ શ્લોકને પૂ.બાપજીએ યાદ કર્યો છે.

**નો પાપં વિદ્યતે લોકે નામના યનૈવ દહતિ ।**
**'અપિ ચેત્સુદુરાચારો' વૃથોક્તં કિં નુ શાંઙ્ગિણામ્ ॥**

આપણા બાપજી લાખોમાં કોઈ વીરલા જેવા હતા. હવે આપણને ખ્યાલ આવશે કે પૂ.બાપજી કઈ ભૂમિકામાં સ્થિત હતા. પૂ.બાપજીને દત્તાત્રેય ભગવાનના દર્શન થયાં હશે કે ? પૂ.બાપજીને આત્મસાક્ષાત્કાર થયો હશે કે ? પૂ.બાપજીને દત્ત ભગવાનનાં દર્શન પણ થયાં હતા. (ઘાડી ઔદુંબરની છાંય ભજન એનું જ વર્ણન છે.) અને આત્મસાક્ષાત્કાર પણ થયો હતો છતાં ક્યારે પણ એમણે એ અંગે કહ્યું નથી એના વિશે બધે વાતો કરતાં પણ ફરતાં નથી, પરંતુ શ્રીગુરુલીલામૃત અને અવધૂતી આનંદ એ આત્મસાક્ષાત્કારના પૂરવા છે. "લાખોમેં વિરલો કોઈ" એટલે આવો દેવપુરુષ.

પૂ.બાપજીનો દેહાધ્યાસ જતો રહ્યો હતો. લીંચમાં મુકામ હતો ત્યારે મુ. બચુભાઈ (પ્રેમ અવધૂતજી)ને કહેતાં કે ખાડો આવે તો મને કહેવાનું, મને ખ્યાલ નથી આવતો. "તનકી સુધી ન જીસકો, જનકી કહાંસે પ્યારે" એ ભજન છૂટી ગયેલા દેહધ્યાસનું જ સૂચન કરે છે.

આવા તત્ત્વને પામી ગયેલા સિદ્ધપુરુષ હંમેશા સચ્ચિદાનંદમગ્ન જ હોય છે. એ બ્રહ્મનિષ્ઠ પુરુષનો પરમેશ્વરમાં-નિરાલંબમાં - જ વાસ હોય છે. શ્રીગુરુલીલામૃતમાં ભગવાન ગણેશની વંદના કરતાં પૂ.બાપજી લખે છે :

**"નિરાલંબ આલંબ તું, જગદાલંબ જનેશ."** (અ.૧.દો.૨.)

નિરાલંબ એટલે જેને કોઈ આલંબની-ટેકાની-આધારની જરૂર નથી તે. એટલે કે પરબ્રહ્મ પરમાત્મા. એ પોતે નિરાલંબ હોવા છતાં બીજાનો આલંબ-આધાર છે. એ સમગ્ર જગતનો આધાર છે-જગદાલંબ છે. જગત એના આધારે જ ટકી રહ્યું છે. જગતનું અધિષ્ઠાન એ પરમેશ્વર પોતે જ છે. આવા નિરાલંબમાં નિવાસ કરતો સિદ્ધપુરુષ જગતને તટસ્થભાવે જુએ છે અને પોતે સ્વસ્વરૂપમાં-આત્મામાં-સ્વયં પ્રકાશમાં સ્થિત રહે છે.

નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરનાર સિદ્ધપુરુષ અખંડ જાગૃતિ ધરાવતો હોવાથી એ નિદ્રા અને જાગૃતિ એવા દ્વન્દ્વથી પર છે. પાણીનો નળ બંધ થઈ જાય તો જ નળ આવ્યો એવું કહેવાય. નિદ્રા હોય તો જ જાગ્યા એવું કહેવાય. દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુળ, શીલ અને જાતિ અભિમાન એ આઠ પાશ છે, જે જીવને બાંધે છે.



પરંતુ આત્મસાક્ષાત્કારી પુરુષ એ બંધનથી પર છે.

દ્વૈતભાવ-દુઈ-દૂર કરી અદ્વૈતભાવમાં સ્થિત થવું એ જ સાધનાનું લક્ષ્ય છે. એવી દૃષ્ટિ કઠોર સાધના, ગુરુકૃપા અને ઈશ્વરકૃપા માગી લે છે. આત્મક્રીડ, આત્મતૃપ્ત અને આત્મજ્ઞ થવું અને 'ખેલે આપહિ આપ અકેલા'નો અનુભવ કરવો એ તો લાખોમાં કોઈ વિરલો જ કરી શકે. આ કક્ષાના સંદર્ભમાં શ્રીગુરુલીલામૃતમાં પૂ.બાપજી લખે છે :

**ચણા ચાવવા લોહના ના બચ્ચાનો ખેલ,**
**રંગ ગુરુકૃપા હોય તો કરે મોતથી ગેલ.** (અ.૪૦.દો.૧૦૨)

આવો પુરુષ શોક-મોહથી પર છે. એના હૃદયમાં આનંદનો મહાસાગર રેલાતો હોય છે. એનો દેહાધ્યાસ છૂટી ગયો હોવાથી એ જે કાંઈ કરે છે, તેનું એને બંધન નથી. કર્મ એને બાંધતું નથી કે ધર્મ પણ એને બાંધતો નથી. જ્ઞાનીપુરુષના વ્યવહારમાંથી બંધનનો ફણગો ફૂટતો નથી. બીજને શેકી નાંખ્યા પછી વાવવામાં આવે તો એમાંથી અંકુર ફૂટતો નથી. જ્ઞાનિના કર્મો "જ્ઞાનાગ્નિ દગ્ધ : કર્મણા" જેવા છે. આવો પુરુષ આત્મતૃપ્ત છે. આપણે આત્મતૃપ્ત નથી એટલે આપણને જીવનમાં કશું ખૂટે છે એવું લાગે છે અને એ ખૂટતી વસ્તુ-ઉણપ-ને પૂરી કરવા આપણે પ્રયત્નો કરીએ છીએ, પ્રવૃત્તિ કરીએ છીએ. વિષયો દ્વારા આ ઉણપ પૂરી થશે એવું આપણે માનીએ છીએ અને એ ભ્રમણામાં જીવીએ છીએ અને દુઃખી થઈએ છીએ. આત્મતૃપ્ત, અકામ, અદુઃખસ્થિતિમાં રહેલા યોગીની દૃષ્ટિ જ એવી થઈ ગઈ હોય છે કે, એ જે જે જુએ તે તે બધું એને બ્રહ્મમય જણાય. પૂ.બાપજી કહે છે :

**બ્રહ્મસ્થિતિ થાતાં અહીં ફરે દૃષ્ટિ સાક્ષાત્,**
**જે જે દેખે તે બધું દિસે બ્રહ્મમય કાન્ત.** (અ.૧૨૨.દો.૯.)

સંસારના સામાન્ય માણસોરૂપી પથ્થરમાં ભગવાનને પામવાનો પ્રયત્ન કરી સિદ્ધિ મેળવનાર રત્ન સમાન છે અને આવા રત્નો પૈકી ભગવાનને તત્ત્વથી જાણનારો પારસમણિ સમાન છે. આપણા બાપજી આવા પારસમણિ હતા.

"લાખ પથ્થરે રત્ન લપાયું, લાખો રતનમાં પારસ પાયું રે"... ગાઓ ગાઓ રે.

❖❖❖

## ભજન (૧૦)
## મનકો બિન મારે ગોસાંઇ

(રાગઃકાફી; તાલઃદીપચંદ)
(રટ રામનામ પલપલમેં, મિલ જા લૌકી બાદલમેં - એ રાહ)

**મનકો બિન મારે [1]ગોસાંઇ ઐસો મિલે ન કબહુ ભાઇ! ...ધ્રુ.**
**તન રંગાયા મન ન ધોયા, ધરા ગેરુઆ કપરા;**
**માન મિજાસ ગયા ન મનસે, આખર જમને પકરા.**
**...મનકો૦ ૧.**
**ઉપરસે [2]બક ધ્યાન લગાયા, ચૂન ચૂન મછલી ખાયા;**
**પરસ્ત્રી પરધન હટા ન મનસે, કીચડ નાવ ફંસાયા.**
**...મનકો૦ ૨.**
**કરે કથા અરુ પુરાન બાંચે, લોગ જ્ઞાન બકવાયા;**
**કરનીકા તો મિલે ન [3]લીટા, ખાલી પેટ બઢાયા!**
**...મનકો૦ ૩.**
**બકે યોગ અરુ ભોગ બઢાવે, ચેલાચેલી લૂટા;**
**અહં-બ્રહ્મ મુખસે હી કૂટે, અહંકાર ના છૂટા!**
**...મનકો૦ ૪.**
**દેહતરંગ ન ઊઠે દિલમેં, હિલે ન આતમજ્યોતિ;**
**મન મારુત મિલ જાય મૂલમેં, ગ્રહે રંગ જમચોટી!!**
**...મનકો૦ ૫.**

---

**૧. ઇન્દ્રિયોના સ્વામી, પરમેશ્વર. ૨. બગલો. ૩. જરાપણ.**

❖❖❖

## અર્થ

હે ભાઈ ! મનને માર્યા વિના ઈંદ્રિયોના(ગો) સ્વામી પરમાત્મા મળતા નથી.



શરીર રંગ્યું પણ મન તો સ્વચ્છ-નિર્મળ કર્યું નહિ.

ભગવા કપડાં પહેર્યા પણ મનમાંથી માન-મિજાસ તો ગયા નહિ.

અંતે મરણ સમયે જમે પકડ્યા.

ઉપરથી બગલાના જેવું ધ્યાન ધર્યું પણ વર્તનમાં તો પસંદ કરી કરીને માછલી ખાધી. પરસ્ત્રી અને પરધન મનમાંથી નિકળતા નથી. કાદવમાં નાવ ફસાઈ ગઈ છે.

કથા અને પુરાણ વાંચી વાંચીને લોકો આગળ જ્ઞાનનો ખૂબ બકવાસ કર્યો, પરંતુ આચરણમાં તો લેશમાત્ર દેખાતું નથી. ખાલી દેહને પાળી-પોષીને મોટો કર્યો.

વાત યોગની કરે અને જીવનમાં ભોગ વધારે અને ચેલા-ચેલી, શિષ્ય-શિષ્યાને લૂંટ્યા. મોંઢેથી અહં બ્રહ્માસ્મિ 'હું બ્રહ્મ છું'ની વાતો કરે ખરો, પણ અહંકાર તો ગયો નથી.

મનમાંથી દેહાધ્યાસ જતો રહે, આત્મજ્યોતિ નિવાતદીપવત્ પવન (વાત) વિનાની (નિ) જગાના દીવા જેવી (દીપવત્) સ્થિર રહે અને મન આત્મામાં મળી જાય તો મોતનું મોત આવે-જીવ જમની ચોટલી પકડે-મૃત્યુનો ડર જતો રહે.

❖❖❖

માનવશરીરમાં મન એક મહત્ત્વનું તત્ત્વ છે. મન એ જ બધી સમસ્યાનું મૂળ છે અને બધી સમસ્યાનો ઉપાય પણ છે. મન એ જ બંધનનું અને મુક્તિનું-બંનેનું કારણ છે. કહેવાયું છે કે, **મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ** । મન સ્વસ્થ હોય તો વ્યક્તિ જીવનનો જંગ જીતે છે અને અસ્વસ્થ હોય તો હારે છે. કવિ કહે છે :

**મનકી હારે હાર હૈ, મનકી જીતે જીત ।**
**મન મિલાવે રામકો, મનહી કરે ફજીત ॥**

અંતઃકરણ એ ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકારનું બનેલું છે. અંતઃકરણ ચિંતન કરે ત્યારે ચિત્ત કહેવાય, સંકલ્પ-વિકલ્પ કરે ત્યારે મન કહેવાય, નિશ્ચય કરે ત્યારે બુદ્ધિ કહેવાય અને "હું કરું છું" એવી ભાવના કરે ત્યારે અહંકાર કહેવાય.

આ સમગ્ર જગત એ મનના સંકલ્પનું જ પરિણામ છે. મનના સહારે જ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય કામ કરે છે. મન એ મુકાદમ છે. જ્યારે દશે ઈન્દ્રિયો એ મજૂરો છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**જેમ મુકાદમ મજૂર પર રાખે ધનિક સુજાણ,**
**તેમ ઈંદ્રિયો પર નકી મન મુકાદમ જાણ.**

**થાએ ના ઉદ્દામ એ, મજૂર ઈંદ્રિય તેમ,**
**કરે બતાવ્યું કામ, ના પડે પ્રમાદે એમ.** (અ.૪૦. દો. ૯૩, ૯૪)

મન કશામાં તલ્લીન થઈ જાય ત્યારે ઈંદ્રિયો પોતાનું કામ કરી શકતી નથી. આંખ ખૂલ્લી હોવા છતાં એ કશું જોતી નથી કે કાન કશું સાંભળતા નથી.

સ્વામી શિવાનંદજી એમના 'મન' નામના પુસ્તકમાં લખે છે કે : મન ઉપર પ્રભુત્વ એ જ મોક્ષનો એક માત્ર માર્ગ છે. એક બાજુ વિષય-પદાર્થો છે, બીજી બાજુ શુદ્ધ આત્મા-બ્રહ્મ છે. મન એ બે વચ્ચે પુલનું કામ કરે છે. મનને વશ કરી-પુલ ઓળંગો - એટલે તમે બ્રહ્મ પાસે પહોંચશો, પરંતુ આ મનને વશ કરવાનું કાર્ય મુશ્કેલ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુન કહે છે કે, મન ખૂબ ચંચળ છે અને એને વશ કરવું અતિ મુશ્કેલ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, અભ્યાસ-યોગાભ્યાસ અને વૈરાગ્યથી એ વશ થઈ શકે છે. મનને વશ કરવું અઘરું છે, પણ અશક્ય નથી.

**ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દૃઢમ્ ।**
**તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥**
**અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્ ।**
**અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥** (અ.૬શ્લોક૩૪-૩૫)

મનનો નાશ કર્યા વિના પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. મનને વશ કરવા માટે થાક્યા વગર ખૂબ ખંતપૂર્વક ધીરજથી સાધના કરતાં રહેવું પડે છે. મનને બીજી તરફ — પ્રભુ તરફ વાળવાનું છે. ઈન્દ્રિયોનું દમન અને વૈરાગ્યયુક્ત મન દ્વારા ધીરે ધીરે મનનો નાશ કરવાનો છે-ન મન થવાનું છે, અમન થવાનું છે. મનનો નિગ્રહ-મનને વશ કરવાનું કામ એ લોખંડના ચણા ચાવવા જેવું કપરું કાર્ય છે.

સુખદુઃખ શું છે ? પૂ. બાપજી કહે છે કે, એ મનનું સ્વપ્નું છે. જન્મ-મરણ શું છે ? એ શરીરની ગંધ છે. પૂ.શ્રી ભજનમાં લખે છે કે :

**સુખદુઃખ મનનાં સોણલાં જન્મ-મરણ તન-ગંધ,**
**બની રમકડું ઈશનું રંગ ખેલ નિર્દ્વંદ્વ.**

ભજનની શરૂઆતની લીટીમાં જ પૂ. બાપજી આખા ભજનનો સાર કહી દે છે. ઈન્દ્રિયોને વિષયોમાંથી ખેંચી, એના ઉપર અંકુશ મેળવી પછી મનને સાત્ત્વિક બનાવીને વૈરાગ્યની મદદથી ન-મન કરવાનું છે. આવી કપરી સાધના દ્વારા જ બ્રહ્મનો સાક્ષાત્કાર-પરમાત્માની પ્રાપ્તિ થાય છે. લોહીનું પાણી કરનારને જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.



જ્યાં સુધી મન નિર્મળ થતું નથી ત્યાં સુધી વ્યક્તિ સાધનામાં આગળ વધી શકતો નથી અને એટલે જ મનને કપટ રહિત થવાનું, નિર્મળ થવાનું પૂ. બાપજી ભજનમાં વારંવાર કહે છે.

- મન છોડ દે કપટ, હરિપદ ભજરે...
- મનુવા હરિ ભજના હરિભજના, કૂડકપટ સબ ત્યજના
- તું તો દત્ત દિગંબર ભજને રે, કૂડ કપટ મનનાં સહુ ત્યજને રે -

સામાન્ય સાધક બાહ્યાચારમાં જ શક્તિનો દુર્વ્યય કરતો હોય છે. શું કરવું જોઈએ ? અને સાધક શું કરે છે ? એની ભજનમાં ચર્ચા કરતાં પૂ. બાપજી કહે છે કે : ભગવા કપડાં પહેર્યા, તન રંગ્યું પણ તેથી શું ? મનને નિર્મળ નથી કર્યું તો શું ? મનમાંથી માન મેળવવાની ઈચ્છા અને અભિમાન-ગર્વ-મિજાસની ગંદકી તો ગઈ નથી. તો પછી પરમાત્મા ક્યાંથી મળે ? જમ આવીને પકડશે.

વૃત્તિ સુધારી નથી, વિચારો સારા નથી. ફક્ત દંભ, ડોળ અને દેખાવ જોવા મળે છે. બહારથી દેખાય છે એવો અંદરથી સારો નથી. ઉપર ઉપરથી બગલા જેવું ધ્યાન કરે છે. મન માછલીમાં છે. માછલી ક્યારે દેખાય અને એને ચાંચમાં પકડું એવું વિચારે છે, પણ બગલો આંખ મીંચીને એક પગ પર ઊભો છે. રામાયણનો એક પ્રસંગ જાણવા જેવો છે. એક વાર ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ પંપા સરોવર પાસેથી જતા હતા. એક બગલાને આંખ મીંચીને એક પર ઊભો રહેલો જોઈને ભગવાને લક્ષ્મણને કહ્યું કે, હે લક્ષ્મણ ! તું જો. આ બગલો કેવું ધ્યાન ધરીને આત્મકલ્યાણ કરી રહ્યો છે ! આ સાંભળીને એક મોટી માછલી ઉપર આવી અને ભગવાન રામને કહેવા લાગી કે : "ભગવાન ! તમે ભોળા છો અને આ બગલાને ઓળખતા નથી. એણે તો મારા સમગ્ર કુળનો નાશ કર્યો છે. એ તો માછલીનું ધ્યાન ધરતો ઊભો છે."

સાધના કરતો દેખાતો માણસ મનથી પરસ્ત્રીનો અને પરધનનો વિચાર કરતો હોય તો એની સાધના શું પરિણામ લાવે ? એની જીવન નૈયા મોહ-માયાના કાદવમાં ફસાઈ છે. એ નૈયા ભવસાગર પાર કરી શકે નહિ.

પૂ. બાપજી કહેતા કે, મારું આચરણ એ જ મારો ઉપદેશ છે. પૂ.શ્રીએ પ્રવચનો ના કર્યા. સાધકોની શિબિરો ના ભરી. મોટે ભાગે મૌન જ રહ્યા, પણ જે કહેવાનું હતું તે જીવી બતાવ્યું. એમનું જીવન જ એમના આદર્શો સ્પષ્ટ કરે છે. પૂ.શ્રીના ભજનની

નીચેની પંક્તિ જુઓ અને એમણે શું કહેવું છે, કેવું જીવન જીવવું જોઈએ તેનું અનુમાન કરો.

- **રંગ ગુરુ બિન કોઈ ન તેરો, વિષય વિષારી વિખાર.**
  (ગુરુમાં એકનિષ્ઠા રાખો.)
- **નેક કમાઈ કર લે ભાઈ, ઉસમેં સબ કુછ આઈ -**
  (પ્રામાણિકતાથી જીવો.)
- **જેના દિલમાં દીનની દાઝ નથી એવા દુરીજનનું અહીં કામ નથી.**
  (ગરીબો પ્રત્યે સહાયતાનો ભાવ-વર્તન રાખો.)
- **વાણી, વર્તન, વાક્યે સમતા, નિરહંકૃતિ ના જેને મમતા,**
  **વણમાગ્યે રંગ મળે પ્રભુતા, એના સુખને કાંઈ વિરામ નથી.**
  (વિચાર, વાણી અને વર્તન એકસરખા રાખો.)
- **કરની બિન કથનીકી કીમત કૌડી જાન બજારો હૈ ।**
  **બિન કથની કરની કર બંદે, ઉધરે સંત હજારો હૈ ॥**

(સત્કર્મ કરો પણ કહો નહિ. આચરણ વગરનો ઉપદેશ એ બકરીના ગળે લટકતાં સ્તન બરાબર છે !) પૂ.શ્રીનો આચરણ પર ભાર છે, પ્રવચન પર કે ઉપદેશાત્મક કથા-વાર્તા પર નહિ. એટલે આ ભજનમાં કહે છે કે કથા-પુરાણો વાંચી લોકો સમક્ષ જ્ઞાનનો બકવાસ કર્યો, પણ જીવનમાં તો આચરણ દેખાતું નથી. એણે તો પ્રવચન દ્વારા પૈસા મેળવી શરીરને હૃષ્ટપુષ્ટ જ કર્યું છે.

વાત યોગની કરે છે પણ જીવન ભોગથી ભરેલું છે. અહંકાર ભારોભાર ભરેલો છે અને વાત અહં બ્રહ્માસ્મિની કરે છે. આ બધા જાતને અને જગતને છેતરવાના ધંધા છે.

જીવન એવું જીવવું જોઈએ કે જેથી પરમાત્માના દર્શન થાય, બ્રહ્મસાક્ષાત્કાર થાય અને પોતાની ઈચ્છા પ્રમાણે પ્રાણનો ત્યાગ થાય.

પરંતુ આને માટે કઠણ, કપરી સાધના કરવી પડે. ઈન્દ્રિયો પર કાબૂ મેળવવો પડે. તીવ્ર વૈરાગ્ય કેળવવો પડે. અસંગ રહીને સાધના કરવી પડે. જીવનને દૈવી સંપત્તિથી-સદ્‌ગુણોથી ભરવું પડે.



વૈરાગ્યની કફની પહેરવી પડે, નિરહં-અહં વિનાનું - ખપ્પર હાથમાં લેવું પડે અને ઈન્દ્રિયો ઉપર ધીરે ધીરે કાબૂ મેળવવો પડે-નિત નિત્ય નવું ખાવું દા'ડે એટલે રોજ રોજ નવી નવી ઈન્દ્રિયોને વશ કરવી.

ઉપનિષદ કહે છે : **નાયમ્ આત્મા બલહીનેન લભ્યઃ** । બળ વગરના-કઠણ, કપરી સાધના ન કરી શકનારને– આત્મ સાક્ષાત્કાર થતો નથી. પરમાત્માના દર્શન એ મહાપુરુષાર્થ છે, લોહીનું પાણી કરવાનું છે. લોખંડના ચણા ચાવવા જેવું છે. આપણા બાપજીએ એ લક્ષ્ય સિદ્ધ કર્યું હતું.

❖❖❖

## ભજન (૧૧)
## અબ તો લહર મરનકી આઇ

**(રાગઃકાફી; તાલઃદીપચંદ)**
**(રટ રામનામ પલપલમેં, મિલ જા લૌકી બાદલમેં - એ રાહ)**

**અબ તો લહર મરનકી આઇ, સાધો ક્યા જીનેસે નવાઇ!! ...ધ્રુ.**

**આજ તલક જીયે ન જીયે, ખાયે ખત્તે ભાઇ;**
**આશ પાસ સબ ટૂટે અબહૂ, સુરતા ગોલી ચલાઇ!**
**...અબ૦ ૧.**

**ગયા બાલપન, ગઇ જવાની, બુરા બૂઢાપા લાઇ;**
**જોશહોશ સબ ઊડ ગયે અબ, નકર નિરાશ છવાઇ!**
**...અબ૦ ૨.**

**નાચત દેખા જમરા નંગા, દૂરસે મસ્તી ચલાઇ;**
**છોડ આશ તન ભયા ઉદાસા, સુસ્તી ઉસકી ઉડાઇ!**
**...અબ૦ ૩.**

**લગી ભૂખ તબ ખાયા દર્દા, શ્વાસા નીર પીલાઇ;**
**જાગ સ્વપ્ન નિદ્રા તજ દીની, શાશ્વત શાંતિ મિલાઇ!**
**...અબ૦ ૪.**

માયાકા તો કિયા બિછૌના, સોહં ચદ્દર છાઈ;
[૧]શ્વાસકાસ દબા કર સીધા, નૈનાં દ્વૈત મીંચાઈ!
...અબ૦ ૫.

જ્ઞાનજહર આપે પી લીના, જગ ઝંઝટ ભૂલાઈ!
બનકે મુરદા પડે ચૌકમેં, રંગ જીવ ઊડ જાઈ!
...અબ૦ ૬.

૧. શ્વાસોચ્છ્વાસ.

❖❖❖

## અર્થ

હવે તો મરણની લહેર આવી ગઈ. હે સાધો ! જીવવાની શી નવાઈ છે ?

આજ સુધી તો જીવ્યા ના જીવ્યા જેવું જીવ્યા અને ઘણી ઠોકરો ખાધી. હવે તો આશાના બધા પાશ તૂટ્યા અને સૂરતાની ગોળી ચલાવી.

બાળપણ ગયું ને જુવાની પણ ગઈ અને ખરાબ વૃદ્ધાવસ્થા લઈ આવી. હવે તો હોશ-જોશ બધું ઊડી ગયું અને નકરી નિરાશા છવાઈ ગઈ.

યમરાજને પોતાની તાકાતથી નાચતા જોઈને દૂરથી મસ્તી ચલાવી. શરીરની આશા છોડીને ઉદાસ થઈ ગયો અને પરિણામે એની સુસ્તી ઉડાડી દીધી.

ભૂખ લાગી ત્યારે દર્દ ખાધું અને શ્વાસરૂપી પાણી પીધું. જાગ્રત, સ્વપ્ન અને નિદ્રા છોડી દીધી અને શાશ્વત શાંતિ મળી.

માયાની પથારી કરી, ઉપર સોહંની ચાદર પાથરી. શ્વાસકાસને સીધા દબાવીને દ્વૈતભાવની આંખ મીંચી દીધી.

જ્ઞાનરૂપી ઝેર જાતે જ પી લીધું અને જગની ઝંઝટ ભૂલી ગયો. મડદું બનીને ચોકમાં પડ્યો. સંસારી રંગનો જીવ ઊડી ગયો.

❖❖❖



## વિવરણ

ભગવાને દરેક પ્રાણીમાં જીજીવિષા-જીવવાની તીવ્ર ઈચ્છા મૂકી છે. પરિણામે કોઈને મરવાનું ગમતું નથી. કદાચ કોઈ મરવાની વાત કરે તો સમજવું કે દુઃખથી કંટાળ્યો હશે અને તેથી જ આપણા શાસ્ત્રોમાં આપઘાતને-આત્મહત્યાને મહાપાપ ગણવામાં આવ્યું છે.

મૃત્યુની મનમાં રહેલી બીકને દૂર કરવા માટે જ શાસ્ત્રો રચાયા હોય એવું લાગે. શ્રીમદ્ ભાગવત એનું ઉત્તમ ઉદાહરણ છે. પરીક્ષિતને ઋષીએ શાપ આપ્યો કે, તારું સાતમે દિવસે મૃત્યુ થશે. એટલે શુકદેવજી દ્વારા ભાગવત કથા સાંભળી. સાતમે દિવસે તક્ષક નાગ તો આવ્યો જ પરંતુ એને જોઈને પરીક્ષિત ગભરાયો નહીં. તક્ષકમાં ભગવાનના દર્શન કર્યા. મૃત્યુની બીક નીકળી ગઈ. તક્ષકે પરીક્ષિતના દેહને દંશ દીધો. દેહનું મૃત્યુ થયું. આમ, વ્યક્તિમાં સમજ આવે કે હું દેહ નથી, આત્મા છું એટલે મૃત્યુની બીક જતી રહે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ મૃત્યુનો ભય દૂર કરવા માટે બીજા અધ્યાયમાં ઘણા સિદ્ધાંતો સમજાવે છે. 'વાસાંસિ જીર્ણાનિ'વાળો શ્લોક દેહને વસ્ત્ર સાથે અને આત્માને વસ્ત્ર પહેરનાર સાથે સરખાવે છે. વસ્ત્ર ફાટે એટલે એને છોડીને માણસ જેમ નવા વસ્ત્ર ધારણ કરે છે, તેમ જુનું શરીર છોડીને આત્મા નવું શરીર ધારણ કરે છે. માણસે દેહાધ્યાસ છોડવાનો છે. આપણે "દેહ એટલે હું" એવું માનીએ તે દેહાધ્યાસ કહેવાય. પરંતુ હું આત્મા છું અને દેહ એ મારું રહેવાનું ઘર છે, તેથી ઘર નાશ પામતા હું નાશ પામતો નથી - ઘોડો માંદો પડે છે તેનો અસવાર નહિ એવી સમજ કેળવવાની છે અને ધર્મશાસ્ત્રો આવી સમજ આપવાનું કામ જ કરે છે.

યોગ્ય સમયે મરણનું પણ સ્વાગત થવું જોઈએ. મુ. કાકાસાહેબ કાલેલકરનું પુસ્તક છે : "પરમ સખા મૃત્યુ." "મૃત્યુનું સ્વાગત" નામની પુસ્તિકામાં ઉષાદીદીએ રજૂ કરેલા વિચારો ખરેખર મૃત્યુની બીક દૂર કરે છે અને મૃત્યુનું સ્વાગત કરવા મનને તૈયાર કરે છે. ઉષાદીદી લખે છે :

- જે દિવસે ચિત્તના રાગદ્વેષ ખતમ થઈ જાય તે દિવસે મરી શકો છો. રાગદ્વેષ ખતમ થાય તો મનુષ્યજીવનનો ઉદ્દેશ સફળ થયો અને ઉદ્દેશ સફળ થયો પછી મરવામાં વાંધો નહિ.

- વ્યક્તિગત ચેતનામાં પરમાત્મા ચેતનાનો સાક્ષાત્કાર કરી લેવાનો કે દેહબદ્ધતાથી ઉપર ઉઠીને દેહાતીત તત્ત્વની ઝાંખી કરી લેવાની છે.
- મનુષ્ય ઘણું ખરું ઈન્દ્રિય-મન-બુદ્ધિના સ્તર પર જીવતો હોય છે. આશા, અપેક્ષા, આગ્રહના પાશમાં છેવટ સુધી ફસાયેલો રહે છે. તેને કારણે હૃદયમાં ઈચ્છાઓ ઊઠતી રહે છે. ગ્રંથિઓ બંધાતી જાય છે. ઈચ્છા-કામના છૂટતી નથી. હૃદયની ગ્રંથિઓ તૂટતી નથી અને મૃત્યુથી અમરત્વ તરફ જવાની રાહ હાથમાં આવતી નથી. જન્મમરણના ચક્રમાંથી છૂટકારો થતો નથી.

પરંતુ આ બધું દેહના મૃત્યુના સંદર્ભમાં છે. આ ભજનમાં પૂ.બાપજી કહે છે તે મરણ જુદું છે.

## 'અબ તો લહર મરન કી આઈ.'

પૂ.બાપજી 'સાધો'નું સંબોધન કરે છે તે ધ્યાન ખેંચે છે. સમગ્ર અવધૂતી આનંદના ભજનમાં જ્યાં જ્યાં પૂ.બાપજી સાધો કહે છે તે સાધો સંબંધનો સંદર્ભ વિચારવા જેવો હોય છે. ''કરવું તો નિષ્કામ કર્મ હો સાધો'' પૂ. બાપજીને મન સાધો-સાધુ એ પરમાત્માના દર્શન માટે સાધના કરનાર વ્યક્તિ છે. સીધું ઉઘરાવે તે સાધુ એવો પ્રચલિત અર્થ પૂ.બાપજી સ્વીકારતા નથી.

પ્રશ્નોત્તરમાલામાં પૂ.બાપજી પૂછે છે, કઃ સાધુ : ? સાધુ કોણ ? જવાબમાં પૂ.શ્રી કહે છે, સાધનવાન્ । માલામુદ્રાદિ શોભિતો નૈવ । સાધના કરનારો-સાધન સંપન્ન, માળા-મુદ્રા વગેરેથી શોભતો નહિ. બીજો પ્રશ્ન : કિં સાધનમ્ ? સાધન શું ? જવાબમાં વિવેકો વૈરાગ્યાદ્યં શમાદિ ષટ્કં ! વિવેક, વૈરાગ્ય અને શમ વગેરે ષટ્સંપત્તિ. (શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન એ છ સંપત્તિ) ધરાવનાર.

સ્વામી શિવાનંદજી 'હઠયોગ દ્વારા સમાધિ'ને સમજાવતા લખે છે કે : ''ફેફસામાં ચાલતા પ્રાણ અને ગુદામાં ચાલતા અપાનને જાલંધર, મૂળ અને ઉડ્ડિયન બંધની યૌગિક પ્રક્રિયાથી ભેગા કરવામાં આવે છે. એકત્રિત થયેલા આ પ્રાણ અને અપાનને કરોડરજ્જુમાં આવેલા સુષુમ્ણા નાડીમાં લઈ જવામાં આવે છે.'' આગળ પર જણાવે છે કે, ''મૂળાધાર ચક્રમાં ઊંધું માથું કરીને સાડા ત્રણ કુંડાળામાં સુતેલી કુંડલિની શક્તિને જ્યારે આધ્યાત્મિક સાધના દ્વારા જગાડવામાં આવે છે ત્યારે તે મન અને પ્રાણ સહિત માથામાં આવેલા હજાર પાખંડીવાળા કમળ-સહસ્ત્રાર ચક્ર તરફ ચઢવા માંડે છે.જ્યારે મન સુષુમ્ણામાં હોય છે ત્યારે યોગીપુરુષને ભૌતિક, જગતની ચેતના રહેતી નથી. જગત માટે તે મરી પરવાર્યો



હોય છે. તે માનસિક ચિદાકાશમાં વિહર્યા કરે છે.''

આમ, ચક્રભેદન અને ગ્રંથિભેદન કરીને સહસ્રારમાં પ્રાણ, મન અને કુંડલિની લઈ જનાર યોગી બાહ્ય દૃષ્ટિથી જડ-મૃત્યુ પામ્યા જેવો હોય છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે કે :

**''અગર જિંદા ન હાલું મૈં, મરા ચેતન ભરા ભરપૂર,**
**મરે જીતે પરે બેઠા, ન મૈં જાનું ન તૂં જાનું.''**

હવે ભજન સમજીએ :

યોગમાં સૂરત-નૂરત કી ગોલી ચલાઈ એવું પૂ.બાપજી લખે છે. એક ભજનમાં સૂરત શબ્દની એવી સમજ આપી છે કે વિજાતીય (દેહવિષયક) વૃત્તિઓના તિરસ્કારપૂર્વક સજાતીય (જીવ-બ્રહ્મ ઐક્યતા વિષયક) વૃત્તિઓનો એકધારો પ્રવાહ એટલે સુરતા. એ જ ધ્યાન છે. પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**સજાતીય વૃત્તિતણો તૈલધારવત્ જેહ,**
**પ્રવાહ અખંડ એકરસ, ધ્યાન નિર્મલ તેહ.** (અ.૧૮.દો.૧૦૮)

**વિજાતીય દ્વૈતાદિ જે ત્યાગી પ્રત્યય એહ,**
**સજાતીય અદ્વૈતનું પ્રવાહીકરણ તેહ.** (અ.૧૯.દો.૨૨)

પૂ.બાપજી એક ભજનમાં સૂરત-નૂરતને આ રીતે વર્ણવે છે :

**સૂરતની કીધી શૈય્યા, નૂરત ઓઢી ચદરિયા,**
**સૂતો સ્હેજ તણી ખટિયા, અલખ નિહાળો... લહિયાનો પાર.**

આ પંક્તિનું વિવરણ કરતાં મુ. વડીલ શ્રી વિઠ્ઠલભાઈ પાઠક જણાવે છે કે, સૂરત એટલે અલખનું અનુસંધાન Always and Constant in tune with devine. સતત અલખનું જ ચિંતન-સ્મરણ અને નૂરત એટલે ધ્યેયમાં-લક્ષ્યમાં વૃત્તિને સ્થિર કરવી તે-વૃત્તિનું સ્થિરીકરણ.

બાળપણ, જવાની અને બુઢાપો આ શરીરની-દેહની - ત્રણ અવસ્થા. પૂ.બાપજી લખે છે :

**બાળપણ ખેલમાં, તરુણપણ મેલમાં,**
**કલેશમાં કામિની સંગ ખોયું;**

**દામ ને ચામમાં વ્યર્થ એળે ગયું,**
**અંત પસ્તાવથી ચિત્ત રોયું.**
**વૃદ્ધ તનુ થરથરે, ચીતડું નવ ઠરે,**
**કામના ના મરે કો ઉપાયે... ભાવથી ભજન કર.**

અને આવી સ્થિતિ કંઈ આ જ જન્મે નથી થઈ. જન્મોજન્મથી થતી આવી છે. જન્મમરણનો ફેરો ટળ્યો નથી એટલે કેટલા જનમોથી આ સ્થિતિ છે. દરેક જનમના બૂઢાપામાં-ઘડપણમાં નિરાશા જ છવાઈ છે. આ આપણો પહેલો જનમ નથી અને છેલ્લો જનમ પણ નથી ને !

સંપત્તિસુખ, સંતતિસુખ અને દંપતી સુખ સંસારી જુવાનીમાં પ્રાપ્ત કરે છે. યોગભ્રષ્ટ આત્મા આત્મસાક્ષાત્કારનું સુખ યુવાનીમાં પ્રાપ્ત કરે છે. આપણે અનેક જનમો ધર્યા છે, પરંતુ આપણને એ યાદ નથી. પૂ.શ્રી આ અનેક જનમોનો ઉલ્લેખ ઘણા ભજનમાં કરે છે :

- **સોતીથી મેં જનમોજનમસે, ગુરુ શબદસે જાગી રે... ગુરુ ચરન.**
- **જુગ જુનાં બંધ નૈના કાંઈ તો સૂઝાડ, વ્હાલા. ... એવો દિ.**
- **મારી જન્મોજનમની ભૂખ કાપો રે... હું તો માગણ.**
- **જનમો જનમે માગું સેવા, પ્રેમામૃત તુજ અક્ષય મેવા... થયો આનંદ.**

જીવન વેડફી દેનારને ઘડપણમાં કેવળ નિરાશા જ મળે છે અને પછી કાળદૂતી સમું ઘડપણ જોતાં જ સંસારી દુઃખી દુઃખી થાય છે.

આપણા અનેક જન્મો થયા છે એનો અણસાર ગીતામાંથી પણ મળે છે. શ્રી ભગવાન અર્જુનને કહે છે :

**બહૂની મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન ।**
**તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ ॥** (અ.૪.શ્લોક:૫.)

અર્થાત્ હે પરંતપ અર્જુન ! મારા અને તારા અનેક જન્મો થઈ ગયા છે. એ બધાને તું જાણતો નથી, પણ હું જાણું છું. પરંતુ પૂ.બાપજી જેવા એવું જીવન જીવ્યા કે, યમરાજ એનાથી ગભરાય, આવીને હાથ જોડીને ઊભા રહે. પૂ.બાપજી લખે છે :

**ના વસ્ત્ર દિગંબર હું ભટકું, માગું કોરાન્ન કરી ખટકું,**
**થાએ સ્હામો તેને પટકું, યમરાજ કરે આવી પ્રણતિ... ભિક્ષા ૐ.**



મુ. જમિયતરામ અધ્વર્યુ અવધૂતી મસ્તી ભાગ-૩માં લખે છે કે, નાચત દેખા જમરા નંગા એટલે - જેણે પરમતત્ત્વની પ્રાપ્તિ કરી છે તેના દેહવિલય સમયે યમદૂતને નિઃસત્ત્વ અવસ્થામાં-નગ્ન બનીને નાચતા જોયા એમ અવધૂત કહે છે. બીજો અર્થ કે જેણે સમગ્ર જીવન વિધેયાત્મક દૃષ્ટિકોણથી ((Positive thinking) જ જીવ્યું છે અને પરમાત્માનાં દર્શન કરી લીધાં છે તે વ્યક્તિને અંતકાળે પસ્તાવો નથી, દુઃખ થતું નથી. એટલે યમદૂત જેવું એમને કશું લાગતું જ નથી.

'મૃત્યુનું સ્વાગત' પુસ્તિકામાં ઉષાદીદી લખે છે કે :

"રાજસ્થાનના એક સંત દેવીદાનજી મહારાજનું મૃત્યુ નજીક છે જાણીને પાસે બેઠેલા ભક્તોએ ઓમકારનો જપ શરૂ કર્યો. મહારાજે આંખ ખોલીને કહ્યું કે "હું અક્ષરોથી ઉપર ઊઠ્યો છું. મને શા માટે ફરીથી અક્ષરોની દુનિયામાં ખેંચી લાવો છો ?"

પૂ.મોટાએ પોતાનો દેહ છોડતા પહેલા તા. ૧૯-૯-૭૬ના રોજ પત્ર લખી તેમાં જણાવ્યું કે, "હું મારી રાજીખુશીથી મારા જડ દેહને છોડવા ઈચ્છુ છું. આ દેહ ઘણાં રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ."

પૂ.બાપજી લખે છે કે, યમરાજાની સુસ્તી ઉડાડી દીધી. એને ઉદાસ બનાવી દીધો કારણ કે યમરાજા પોતાનું કાર્ય કરી શક્યો નહિ, કશું લઈને જઈ શક્યો નહિ. મુ. જમિયતકાકા લખે છે કે આપણા ત્રણ શરીરો પૈકી સ્થૂલ દેહને તો યમરાજ અડતો જ નથી. હવે રહ્યા સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. સિદ્ધ પુરુષનું કારણ શરીર તો કારણમાં મળી જાય છે તેથી યમરાજાના હાથમાં આવતું નથી. હવે રહ્યું સૂક્ષ્મ શરીર. સૂક્ષ્મ શરીર ૧૯ તત્ત્વોનું બનેલું છે. પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ પ્રાણ અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. યમરાજા આ સૂક્ષ્મ શરીર લઈ જતા હોય છે અને એ જીવના કર્માનુસાર એને જે બીજો જન્મ આપવાનો હોય તેમાં પ્રવેશ કરાવતો હોય છે. પૂ.બાપજી જેવાને તો બીજો જન્મ લેવાનો જ નથી એટલે સૂક્ષ્મ શરીર અંગે પણ યમરાજે કશું કરવાનું નથી. આ તો પોલીસ પકડવા આવી પરંતુ ઊંચા હોદ્દાવાળા પ્રધાનના અંગત સચિવે આગોતરા જામીન બતાવી દીધા એટલે પોલીસ સલામ કરીને જતી રહી.

જેને મરણની લહેર આવી હોય તેની કક્ષા કેવી હોય ? આ કક્ષા કેવી રીતે પ્રાપ્ત કરી હશે ? જવાબ છે કઠોર સાધના કરીને. ઈન્દ્રિયોનું દમન-દમ, મનનું શમન-શમ,

સુખ-દુઃખ સહી લેવા-તિતિક્ષા, અંતર્મુખતા, વિવેક, વૈરાગ્ય વગેરે દ્વારા આ કક્ષા પ્રાપ્ત કરી હોય છે. આપણને ભૂખ-તરસ હેરાન કરે છે. ભૂખ-તરસ એ દેહના ધર્મ છે. "આ દેહને અન્નમય કોષ કહે છે કારણ કે તે અન્નથી જ ટકે છે. પરંતુ જેનો દેહાધ્યાસ તૂટી ગયો છે, જે દેહધર્મથી પર છે, તેને ભૂખ-તરસ સતાવતાં નથી. ભૂખ-તરસનું આપણને દર્દ થાય છે. પૂ.બાપજી જેવા એ દર્દ માટે દર્દરૂપ છે. ભૂખનું દર્દ જ ખાઈ જવું એટલે દેહને ભૂખની પડી જ નથી. આવા પુરુષો સૂર્યની ઉર્જામાંથી જરૂરી શક્તિ મેળવી લેતા હોય છે. બ્રહ્મરંધ્રમાંથી ટપકતા અમૃતને પી લેતા હોય છે. એ લોકો અખંડ જાગૃતિને અને શાશ્વત શાંતિને વરેલા હોય છે. આત્મજ્ઞાની પુરુષની આ કક્ષા છે.

આત્મજ્ઞાન વિના અક્ષય શાંતિ-શાશ્વત શાંતિ મળતી નથી એવું વર્ણન કરતાં પૂ.બાપજી લખે છે કે :

**નારદોપદેશે કરે સદા ભગવચ્ચિંતન,**
**આત્મજ્ઞાન વિના ન એ થાય શાંત પણ મન.**

**કવચિત્ મૂઢ ક્ષિપ્ત કવચિત કવચિત્ એકાગ્ર એમ,**
**આનંદોપ્લુત ક્ષણમહીં ક્ષણમાં સચિંત તેમ.**

**અક્ષય શાંતિ ના લહે, થયો અતિશય ખિન્ન.**
**ભમે એકલો વન વિષે, મૃગયા બ્હાને દીન.** (અ. ૯. દો. ૫ થી ૭)

છેલ્લે ભજનમાં પોતાની અદ્વૈત સ્થિતિની સ્પષ્ટતા કરતા પૂ.બાપજી ભજનમાં લખે છે કે દ્વૈતભાવ સૂચવતી બે આંખો મીંચી દીધી - મીંચાઈ ગઈ. આ આંખ મીંચીને સૂતા પહેલાં માયાનું બિછાનું કર્યું અને સોહંની ચાદર ઓઢી લીધી. જે માયાના પ્રભાવથી-શક્તિથી સંસાર સર્જાય છે તેનું જ બિછાનું કરી તેના પર સૂતા. પૂ.બાપજી દત્ત ભગવાન વિશે લખે છે :

"માયાપતિ પતિવિહિન નિરસ્ત માયં" આપ માયાના પતિ છો, પણ આપનો કોઈ પતિ નથી. આપે માયાનું નિરસન કરી નાંખ્યું છે. આ જ સ્થિતિ પૂ.બાપજીની છે. જ્ઞાન એ અમૃત પણ છે, અગ્નિ પણ છે, ઝેર પણ છે. ગીતા કહે છે : "જ્ઞાનાગ્નિદગ્ધ કર્માણિઃ" અહીં બધી ઝંઝટ જતી રહે. જીવભાવ જતો રહે છે. હવે એનામાં રાગ-દ્વેષ, મારું-તારું, સારું-નરસું એવી ભાવના રહેતી નથી. એ અર્થમાં હવે મડદું બનીને પડી રહે છે-જીવે છે.



આમ પણ તમે જુઓ તો માણસ મરી જાય પછી એના મડદાને લોકો પગે લાગે છે. એ માણસ 'દેવ' થઈ ગયો એમ કહીએ છીએ. હવે આ મડદાને તમે ફૂલ ચઢાવો કે ન ચઢાવો, એની કાંઈ પ્રતિક્રિયા નથી. એ તદ્દન દેહધર્મોથી પર છે. એને કોલ્ડ-સ્ટોરેજમાં રાખો કે ચિતા પર ચઢાવો, એને કોઈ લાગણી નથી. આપણી જે સ્થિતિ પ્રાણ જતા રહ્યા પછી થાય છે એ સ્થિતિ જ્ઞાની પુરુષની શરીરમાં પ્રાણ હોવા છતાં થાય છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

**કરી મડદું ને પછી જીવાડે,**
**જીવ શિવના તે ભૂત એ કાઢે રે... ગાઓ ગાઓ રે.**

નિર્વિકલ્પ સમાધિમાં જીવ-શિવનું મિલન થતાં જીવભાવ દૂર થાય છે અને યોગી પુરુષને બહારનું કશું જ ભાન રહેતું નથી. આવી સ્થિતિને જ મૃત્યુ તરીકે વર્ણવી છે.

આ તો લોખંડના ચણા ચાવવા જેવી વાત છે. આમા તો લોહીનું પાણી કરવાની શરત છે. કાચો પારો પચાવવાનું સાહસ છે, પરંતુ એ લોખંડના ચણા ચાવવા એ કંઈ બચ્ચાનો ખેલ નથી. ગુરુની કૃપા હોય તો જ કરી શકે, પરંતુ જો લોખંડના ચણા ચાવી શક્યા તો પછી મોત સાથે ગેલ જ કરવાની છે. અંતમાં :

**ચણા ચાવવા લોહના ના બચ્ચાનો ખેલ,**
**રંગ ગુરુકૃપા હોય તો કરે મોતથી ગેલ.** (અ.૪૦.દો.૧૦૨.)

આ કક્ષા થયા પછી "અબ તો લહર મરનકી આઈ" ગાઈ શકાય.

❖❖❖

## ભજન (૧૨)

## આ ગયા મુકામ અસલી

**(રાગઃઆશાવરી; તાલ-ત્રિતાલ)**

**આ ગયા મુકામ અસલી, બાબા! આ ગયા મુકામ અસલી. ...ધ્રુ.**

**આવન જાવન મિટા અંધેરા, ગયા [1]ઉજેરા નકલી;**
**કરમધરમકા મિટા ભરમ સબ, પૂરી ફકીરી પાલી. .બાબા૦ ૧.**

**ફિકર કિધરકી રહી ન આખર, આતમજ્યોત દિખાઇ;**
**જીવ પતંગા રહા ન જુદા, જલ કર શિવતા પાઇ! .બાબા૦ ૨.**

**બ્રહ્મનગરમેં કિયા નિવાસા, ચરખે આઠ ચલાઈ;**
**ઓહં સોહં તાના બાના નિર્ગુણ શાલ બુનાઈ!! .બાબા૦ ૩.**

**જીનામરના સુખદુઃખ [2]ભોના, ગરમીસરદી ભગાઈ;**
**પાર પરાકે બૈઠે અબ તો, મુરદા હો કર ભાઈ! .બાબા૦ ૪.**

**બિના નૈન સબ દિખે તમાસા, [3]ખિલક્ત ખાખ રમાઈ;**
**માયા કુત્તી પૂંછ હિલાવે, આપમેં આપ સમાઈ! .બાબા૦ ૫.**

**નાચરંગ હોતા હૈ હરદમ, બાજે કંઈક બજાઈ;**
**નાચત નાચત થકી ગોપિયાં, જોગનીંદ છવાઈ!! .બાબા૦ ૬.**

**દિનરૈનાંકા રહા ન ભાસા, નૂર હિ નૂર ન્હલાઈ;**
**દેખે બિરલા રંગ-લારકા, મુખસે કહા ન જાઈ!! .બાબા૦ ૭.**

૧. અજવાળું. ૨. ભોગવવાનું. ૩. સૃષ્ટિ.

❖❖❖

## અર્થ

હે બાબા ! મૂળ મુકામ આવી ગયો છે, અસલી મુકામ આવી ગયો છે.

આવવાનું જવાનું મટી ગયું. અંધારું અને નકલી અજવાળું જતું રહ્યું. કર્મ અને ધર્મનો બધો ભ્રમ પણ દૂર થઈ ગયો. પૂરી-સંપૂર્ણ-ફકીરી મેળવી લીધી.

હવે ક્યાંયની ચિંતા રહી નથી. કારણ કે આત્માની જ્યોતનાં દર્શન થઈ ગયાં છે. હવે જીવરૂપી પતંગિયું જુદું રહ્યું નથી. શિવતારૂપી જ્યોતિમાં જલી જઈને શિવ સ્વરૂપ થઈ ગયું છે.

બ્રહ્મનગરમાં વાસો કર્યો અને આઠ ચરખા ચલાવ્યા છે. ૐનો તાણો અને સોહંનો વાણો બનાવી નિર્ગુણતાની સાલ વણી છે.

જીવવું-મરવું, સુખદુઃખ ભોગવવું અને ગરમી-ઠંડી ભગાવી દીધી છે.  હવે તો પરાથી પણ પર થઈને મડદું બનીને બેઠો છું.

હવે તો આંખ વગર જગતનો તમાસો જુએ છે. સૃષ્ટિ નાશ પામી છે. માયારૂપી કૂતરી પૂંછડી હલાવે છે. એ પોતે પોતામાં સમાઈ ગયો છે.



હવે કાયમ નાચરંગ થાય છે અને કંઈક વાજાં વાગી રહ્યાં છે. નાચતાં-નાચતાં ગોપીઓ થાકી ગઈ છે. યોગનિદ્રા છવાઈ છે.

દિવસ-રાતની જાણકારી રહી નથી. બસ તેજ, તેજ ને તેજમાં સ્નાન કરું છું. આ સ્થિતિનું દર્શન હે રંગ ! તારા જેવા પ્રભુના વિરલ અને લાડકા હોય તે જ કરી શકે. એનું વર્ણન થઈ શકે એમ નથી.

❖❖❖

## વિવરણ

અસલી મુકામ-મૂળ મુકામ - એટલે જ્યાંથી નીકળ્યા હોઈએ તે ધામ પાછા આવી જવું. ધરતીનો છેડો ઘર એટલે કે અસલી મુકામ. તેમ જીવનું મૂળ ઘર-અસલી ઘર તે ''આ ગયા મુકામ અસલી.'' પૂ.બાપજી એક ભજનમાં કહે છે કે :

**ઘરની, ઘરની, ઘરની રે,**
**મૂળ શોધ કરો અસલી ઘરની.**

આમ, અસલી ઘરની-નકલી ઘરની નહિ - શોધ કરવાની છે. આ જગત એ આપણું અસલ-મૂળ-ઘર નથી કારણ કે એક દિવસ છોડીને જવાનું છે. આ નવ દ્વારવાળું શરીરરૂપી ઘર પણ મૂળ-અસલી-ઘર નથી કારણ કે એ પણ છોડીને જવાનું છે. તો અસલી ઘર-અસલી મુકામ કયો ? અસલી મુકામ એટલે જીવનું પરમાત્મામાં-શિવમાં-વિલિનિકરણ-સમરસ થઈ જવું. અસલી મુકામ એટલે જ્યાંથી નીકળ્યા હતા ત્યાં પહોંચી જવું. જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઈ બ્રહ્મમાં-સ્વસ્વરૂપમાં -ભળી જવું.

જન્મમરણનો અંત લાવવો હોય તો સંચિત કર્મોનો નાશ થવો જોઈએ કારણ કે પ્રારબ્ધ આ સંચિત કર્મોમાંથી જ તૈયાર થાય છે. પ્રારબ્ધનો અર્થ જ એ થાય કે, સંચિત કર્મો પૈકી ફળ આપવા માટે તૈયાર થયેલા સંચિત કર્મો. દેહની જરૂર આ પ્રારબ્ધ ભોગવવા માટે જ છે. વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત જહાં તણી શાને ?'' એવું પૂ.બાપજી કહે છે : સાધક આત્મસાક્ષાત્કાર કરે ત્યારે એનાં સંચિત કર્મ બળી જાય છે. પ્રારબ્ધ ભોગવ્યે જ છૂટકો.

આ વાત પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં આ રીતે રજૂ કરે છે :

**સંચિત ક્રિયમાણો બળે, જ્ઞાને તત્ક્ષણ જાણ,**

**યોગી પ્રારબ્ધ ભોગવે, જીવન્મુક્ત પ્રમાણ.**

**સર્પ કાંચળીનું કદિ, ધરે ન ઉર અભિમાન,**

**જ્ઞાની તેમ શરીરનું, આત્મારામ સુજાણ.** (અ.૧૯.દો.૬૯-૭૦)

સાક્ષાત્કાર થાય એટલે જ્યોતિ સ્વરૂપ આત્માના મૂળ પ્રકાશ સામે માયાનો નકલી પ્રકાશ ટકતો નથી. પૂ.બાપજી લખે છે :

**નિર્વિકલ્પ સમાધિ આ, હરે મૂળ અજ્ઞાન,**

**વાસનાવન બાળીને, દમે પ્રારબ્ધ માન.**

**સર્વ વ્યાપી ચૈતન્ય જે, સ્વયં પ્રકાશક એક,**

**સચ્ચિત્સુખમય ત્યાં લસે, કેવલાદ્વૈત છેક.**

**થાતાં સાક્ષાત્કાર એ, બાહ્યાભ્યંતર એમ -**

**જાણે યોગી ના કશું, થાએ ચિન્મય તેમ.** (અ.૧૯.દો.૩૧થી૩૩)

નિર્વિકલ્પ સમાધિની સ્થિતિએ પહોંચેલી વ્યક્તિ કર્મ-ધર્મથી પર છે. એનું એને બંધન નથી. ''આતમ જ્યોત દિખાઈ'', ''જલ કર શિવતા પાઈ'', ''જીવ પતંગા રહા ન જુદા'' એ બધાનો સાર આત્મસાક્ષાત્કારની સ્થિતિનું જ વર્ણન છે.

સહસ્રારમાં-બ્રહ્મરંધ્રમાં - જીવ વાસો કરે છે - અષ્ટધા પ્રકૃતિ એ ચરખે આઠ ચલાઈ છે. ૐ-ઓહં અને સોહંના તાણા-વાણાથી નિર્ગુણ બ્રહ્મની સાલ વણવાની છે. ૐ એ નિર્ગુણ બ્રહ્મનું નામ છે. પૂ.બાપજી લખે છે :

મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ, ન થઈ તિહાં અહં સ્ફૂરણ, એ જ માયા-પ્રકૃતિ ત્રિગુણ તદધ્યક્ષ શ્રીદત્ત.''

ભગવદ્ ગીતા પણ બ્રહ્મના ત્રણ નામ કહે છે. ૐ, તત્ અને સત્ એ નિર્ગુણ બ્રહ્મના નામ છે. ગીતા કહે છે :

**ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।**

**બ્રહ્મણાસ્તે વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ॥**(અ.૧૭.શ્લોકઃ૨૩)

અર્થાત્, ૐ, તત્, સત્ - એમ આ ત્રણ પ્રકારનું સચ્ચિદાનંદ ઘન બ્રહ્મનું નામ કહેવાયું



છે. એ બ્રહ્મથી જ સૃષ્ટિના આરંભે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞ વગેરે રચાયા.

પતંજલિ મુનિ ''તસ્ય વાચકઃ પ્રણવઃ'' એમ કહીને નિર્ગુણ બ્રહ્મનું નામ ૐ છે એવો જ ઉલ્લેખ કરે છે.

સોહં એ મનુષ્યને જન્મથી મળેલો અજપાજપ છે. આપણે શ્વાસ લઈએ ત્યારે 'સો' અવાજ આવે છે અને શ્વાસ બહાર કાઢીએ ત્યારે 'હં' એવો અવાજ આવે છે. એટલે એક વાર શ્વાસ લઈએ અને એકવાર બહાર કાઢીએ ત્યારે સોહંનો એક જાપ થાય. શ્વાસ લઈને બહાર કાઢવામાં ચાર સેકંડનો સમય થાય એવું માપ છે એટલે ૧ મિનિટમાં ૧૫ વાર જાપ થાય. એ રીતે એક કલાકમાં ૯૦૦ વાર જાપ થાય એટલે દિવસના ૨૪ કલાકના ૨૧,૬૦૦ જાપ થાય. આ ૨૧,૬૦૦ જાપ, અજપાજાપ પૈકી ૬૦૦ મૂલાધરમાં વસતા ગણપતિને અર્પણ કરવાના, ૬૦૦૦ સ્વાધિષ્ઠાન ચક્રમાં રહેતા બ્રહ્માજીને અર્પણ કરવાના, ૬૦૦૦ મણિપુર ચક્રના અધિષ્ઠાતા દેવ વિષ્ણુને અર્પણ કરવાના, ૬૦૦૦ જાપ અનાહત ચક્રમાં રહેતા શિવજીને અર્પણ કરવાના ૧૦૦૦ વિશુદ્ધ ચક્રના દેવ જ્યોતિને અર્પણ કરવાના, ૧૦૦૦ જાપ આજ્ઞાચક્રના દેવ ચિત્ શક્તિને અર્પણ કરવાના અને ૧૦૦૦ જાપ સહસ્રદલમાં રહેલા દેવ પરબ્રહ્મ.પરમજ્યોતને અર્પણ કરવાના. આ સમજ 'દેહ મંદિરમાં દેવ બિરાજે' ભજનમાં છે. ૐ અને સોહમ્‌માં યોગી ૐ જપે છે અને જ્ઞાની સોહં જપે છે. સોહંમાં પણ સ અને હ દૂર કરતાં ૐ જ રહે છે. સોહં એટલે તે (સઃ) પરબ્રહ્મ હું (અહં) છું. કબીરજી કહે છે :

**તીન નામ હૈ બ્રહ્મ કે 'ૐ', 'સોહમ્', 'રામ' ।**

**ઈષ્ટભેદસે જપત હૈ ન્યારે ન્યારે નામ ॥**

**જ્ઞાની સોહમ્ કહત હૈ યોગીહૂ ૐકાર ।**

**ભક્ત રામકો જપત હૈ, કહે કબીર વિચાર ॥**

સંત કહે છે :

**શ્વાસાકી કર સુમરણી કર અજપાકો જાપ ।**

**પરમ તત્ત્વ કો ધ્યાન ધર, સોઽહં આપોઆપ ॥**

**સોઽહં પોયા પવનમેં બાંધો સુરત સુમેર ।**

**બ્રહ્મગાંઠ હૃદયે ધરો, ઈસબિધિ માલા ફેર ।**

**સોઽહં મંત્ર જપે નિત પ્રાણી બિન જિહ્વા બિન દાંત ।**
**અષ્ટ પ્રહર મેં સોવત જાગત કબહું ન પલક રુકાત ॥**

જે માયા જગતને નચાવે છે તે માયા નિર્વિકલ્પ સમાધિ સ્થિત, સાક્ષાત્કારી સંત સમક્ષ પૂંછડી હલાવે છે. એનું જોર ચાલતું નથી. યોગી મડદા જેવો-બાહ્ય વ્યવહાર પૂરતો મરેલા જેવો બની રહે છે. આ નિર્વિકલ્પ સમાધિમાં મન, બુદ્ધિ પણ વિલિન થઈ ગયા હોય છે. મનાતીત સ્થિતિ છે, ઉન્મની અવસ્થામાં વાણી પણ કામ કરતી નથી. વાણીના ચારે પ્રકાર કામ કરતા નથી. વૈખરી, મધ્યમા, પશ્યંતિ અને પરા એ વાણીના ચાર પ્રકાર એટલે 'પાર'' 'પરાકે'નો અર્થ પરાવાણીથી પણ પરની અવસ્થા છે.

દેહના દ્વંદ્વો જીવવું-મરવું, ગરમી-ઠંડી વગેરે બધું જતું રહે છે.

આમ, ''આ ગયા મુકામ અસલી બાબા'' એટલે જન્મમરણનો ફેરો ટાળી દે તેવી આત્મસાક્ષત્કારની નિર્વિકલ્પ સમાધિની સ્થિતિ.

❖❖❖

## ભજન (૧૩)
## મોહે દત્તદરસકી આસ

**(રાગઃજોગીઆ; તાલઃદીપચંદી) (માઝા દત્ત પાહિલા કાય-એ મરાઠી રાહ)**

**મોહે દત્તદરસકી આસ, કોઇ મિલાવો રે! ...ધ્રુ.**
**ઓઢે વ્યાઘાંબર કૌપીન, કાંધે ઝોલી દયાઘન લીન્હ;**
**હાથમેં માલ ત્રિશૂલ ધર દીન્હ, ભક્તઉદ્ધારક જો. .મોહે૦ ૧.**
**જંગલ બસ્તી જાકો સમાન, બૈઠે કભી તો જાકે સ્મશાન;**
**ખેલે સંગ ગૌવા અરુ શ્વાન, પ્રેમસમુંદર જો! .મોહે૦ ૨.**
**સોહે અંગ ભભૂત સુધૌત, પહેને પાંવ [૧]ખડાવ [૨]સુપૂત;**
**સિરપે કેસ જટિલ અબધૂત, જ્ઞાન પિલાવત જો!! .મોહે૦ ૩.**
**જડ ઉન્મત્ત પિશાચક બાલ, જિસકો દેખત કાંપે કાલ;**
**માયા મમત હોત બેહાલ, રંગ સુમંગલ જો!! .મોહે૦ ૪.**

૧.પાદુકા ૨.અતિપવિત્ર

❖❖❖



# અર્થ

મને દત્તના દર્શનની ઈચ્છા છે. કોઈ એનાં દર્શન કરાવોને !

એ દત્તપ્રભુ વ્યાઘાંબર ઓઢે છે, કૌપીન પહેરે છે અને એ દયાના સાગરે કાંધ ઉપર (અન્નપૂર્ણા) ઝોળી લીધી છે. એના હાથમાં માળા અને ત્રિશૂલ ધર્યા છે. એ ભક્તનો ઉદ્ધાર કરનાર છે.

એને જંગલ (નિર્જન) અને લોકો રહેતા હોય તેવું સ્થળ (બસ્તી) બંને સરખાં છે. કોઈ વાર એ સ્મશાનમાં જઈને બેસે છે. એ ગાય અને કૂતરાં સાથે રમે છે. એ તો પ્રેમનો સાગર છે.

એના શરીરે પવિત્ર ભસ્મ શોભે છે, પગમાં અતિ પવિત્ર પાદુકા-પાવડી - પહેરે છે. માથા ઉપર ગૂંચવાયલા જટિલ વાળ છે - વાળની જટા છે. એ જ્ઞાનનું પાન કરાવે છે-જ્ઞાનની વાતો કરે છે.

દત્ત ભગવાન જડ જેવા જણાય છે, ઉન્મત છે, પિશાચ જેવા છે અને બાળક જેવા છે. એને જોઈને કાળ પણ કાંપે છે. માયા અને મમતા બેહાલ થઈ જાય છે. અસ્વસ્થ બધું સુમંગલ થઈ જાય છે.

❖❖❖

# વિવરણ

આ ભજનમાં સાધકને પોતાના ઈષ્ટદેવના દર્શનની તીવ્ર ઈચ્છા છે અને કોઈ એને ઈષ્ટદેવ સાથે મિલન કરાવી આપે એવો પોકાર કરે છે, ટહેલ નાંખે છે અને પછી એ પોતાના ઈષ્ટદેવનું વર્ણન કરે છે.

જીવ અને શિવ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતી બે પંક્તિ જાણવા જેવી છે :

**મુજમેં તુજમેં બસ ભેદ યહી મૈં નર હું તુમ નારાયણ હો ।**
**મૈં હું સંસાર કે હાથોમેં, સંસાર તુમ્હારે હાથોમેં ॥**

સંસારમાં-માયા મમતામાં —ફસાયેલાં જીવને પ્રભુદર્શનની-દત્તદર્શનની ઈચ્છા જ થતી નથી અને ઈચ્છા થાય તો પણ તીવ્ર ઈચ્છા-દર્શનની તાલાવેલી-દર્શનનો તલસાટ થતો નથી.

વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ (છ સંપત્તિ : શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન) અને મુમુક્ષુત્વ. એ ચારને સાધન ચતુષ્ટય કહેવામાં આવે છે. જ્યારે જીવમાં મુમુક્ષુપણું આવે ત્યારે ભગવાનના દર્શન સિવાય કશું જ ગમે નહિ, કશું જ ઈચ્છે નહિ. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં - નિરંજનનું વર્ણન કરતાં લખે છે કે :

**વ્યાકુળ ચિત્તે અતિ થયો, કર્યું દેહ દમન,**
**આળસ નિદ્રા પરિહરી કરે ઉગ્ર સાધન.**

**આંખો ઊંડી અતિ ગઈ, ધૂલિધૂસર ગાત્ર,**
**મારે પથ્થર છોકરાં, ફોડી નાંખ્યું પાત્ર.**

**વસ્ત્ર સહુ ફાટી ગયાં, જયમ ત્યમ ઊડે કેશ,**
**ખાવા ધાન મળે નહિ, ડગે ન તોએ લેશ.**

**ફરે ભૂતસમ બાવરો, આવ્યો ગિરિ ગિરનાર,**
**દત્ત દિગંબર જ્યાં વસે, થયા કડાકા ચાર.**(અ.૧ દો.૧૧૮,૧૨૫,૧૨૬,૧૨૭)

જીવને-સાધકને —કેવી અકળામણ થાય ત્યારે દત્તદર્શન-દેવદર્શન થાય? એક વાર રામકૃષ્ણ પરમહંસને એક શિષ્યે પૂછ્યું કે, દેવના દર્શન માટે કેવી અકળામણ થવી જોઈએ ? રામકૃષ્ણ કશું બોલ્યા નહિ. બીજે દિવસે રામકૃષ્ણ પરમહંસ અને પેલો શિષ્ય બંને નદીએ ન્હાવા ગયા. શિષ્યે નદીમાં ડૂબકી મારી. એણે જેવી ડૂબકી મારી કે તરત જ રામકૃષ્ણ પરમહંસે એની ડોક પર પોતાનો પંજો મૂકી એને પાણીમાં જ દબાવી રાખ્યો. પેલો શિષ્ય માથું બહાર કાઢવા ખૂબ પ્રયત્ન કરે, પણ સફળતા ન મળે. એને થયું કે, પ્રાણ નીકળી જશે. એટલે જોર કરીને માથું ઊંચક્યું. રામકૃષ્ણ પરમહંસે પોતાની પકડ ઢીલી કરી. પેલાએ માથું પાણીની બહાર કાઢ્યું. એ અકળાયો પણ હતો અને ગુસ્સામાં પણ હતો. રામકૃષ્ણ પરમહંસે એટલું જ કહ્યું કે, જે અકળામણ તેં પાણીમાં અનુભવી એવી અકળામણ દેવના દર્શન માટે અનુભવશે ત્યારે તને દેવનાં દર્શન થશે.

મુમુક્ષુપણું તીવ્ર થાય ત્યારે ભગવાન સિવાય બીજી કોઈ વસ્તુમાં ચિત્ત ચોટે નહિ. આવું મુમુક્ષુપણું ગયા જન્મના પુણ્ય બળે અને આ જન્મના પ્રયત્નના બળે જાગે છે. સ્વામી પ્રકાશાનંદજીએ પૂર્વાશ્રમમાં પોતાના મિત્રની અતિ સુંદર પત્ની મરી જવાથી તેને ચિતામાં બળતી જોઈ અને ઘર છોડી દીધું, પણ પેલા મિત્રે ઘર ના છોડ્યું. ભગવાન નથી મળ્યા એનું આપણને દુઃખ છે ખરું ? પાંચસો રૂપિયાની નોટ પડી જવાથી જેટલું



દુઃખ થાય છે એટલું પણ દુઃખ સિત્તેર વર્ષના થવા છતાં દત્તદરશન નથી થયાં તેનું થાય છે ?

એક વાર સ્વામી પ્રકાશાનંદજી પાસે કેટલીક મોટી ઉંમરની સ્ત્રીઓ આવી અને એમને પગે પડી. સ્વામીજીએ પૂછ્યું કે, તમે મને કેમ પગે લાગો છો ? પેલી બહેનોએ કહ્યું કે, આપ ત્યાગી છો માટે વંદનીય છો. સ્વામીજીએ કહ્યું કે, ત્યાગીને પગે લાગવાનું હોય તો મારા કરતાં તમે વધુ ત્યાગી છો. મારા કરતાં તમારો ત્યાગ મોટો છે. પેલી બહેનોએ કહ્યું કે, સ્વામીજી ! આપ અમારી મશ્કરી કેમ કરો છો ? ત્યારે સ્વામીજીએ કહ્યું કે, મેં શાનો ત્યાગ કર્યો ? બહેનોએ કહ્યું કે, આપે તો જગત-સંસારને છોડી દીધો. તે સાંભળીને સ્વામીજીએ કહ્યું કે મેં તો જગતને છોડ્યું છે, પણ તમે બધાએ તો જગન્નાથને છોડી દીધા છે. આજ સુધી જગન્નાથના-ભગવાનના - દર્શન નથી થયાં તો પણ તમને કંઈ દુઃખ થાય છે ? કોણ મોટું ? જગત કે જગન્નાથ ? બધી બહેનો શરમાઈ ગઈ.

હરિકૃપા, ગુરુકૃપા અને આત્મકૃપા ત્રણમાં પહેલા આત્મકૃપા જોઈએ. વ્યક્તિને પ્રભુના દર્શનની ઈચ્છા થવી જોઈએ. એ ઈચ્છાને અનુરૂપ સાધના કરવી જોઈએ. એ વ્યક્તિ સાધના કરે એટલે ગુરુકૃપા થાય અને પછી હરિકૃપા થાય.

પોતાના ઈષ્ટદેવના દર્શનની તીવ્ર ઈચ્છા-તીવ્ર તલસાટ અનુભવતો સાધક હવે એનું વર્ણન કરે છે. દત્ત ભગવાનના આયુધોનો સરસ અને સૂક્ષ્મ અર્થ પૂ. રંગ બાપજીએ ભજનોમાં આપ્યો છે. એવી કેટલીક ભજન પંક્તિ જોઈએ :

- **કુત્તે ચારો બેદ હૈ, ચાટત નિશદિન પાંવ,**
  **ગોમાતા શાંતિ, છમા, ધરમલચ્છન સાર.**
- **એક હાથ ત્રિશૂલ હૈ; નાશ કરે અજ્ઞાન,**
  **ડમરુ બાજે હૃદયમેં સોહં સોહં નાદ.**
- **ત્રિશૂલ કરમાં ગ્રહી ત્રિગુણ મમ સંહરી,**
  **હું અને માહરું નાખ છેદી,**
  **જ્ઞાન જલઘૂંટડો પાઈ કર તુંબીથી,**
  **ચક્રથી ચક્ર ભવ નાખ છેદી.**
  **મંત્ર માળા ગ્રહી પ્રણવ ડમરુ સહી**
  **કર્મના ભૂતને દે ભગાડી;**

શંખ હુંકારથી ભસ્મ ભીતિ કરી
પાપ ને પુણ્યને દે નસાડી.

- બજે કર શંખ ૐકારા, ડમરુ તત્ત્વમસિ ધારા
  કમંડલ માળ ભવ પારા... દિગંબર.
- લીલા તહારી કો લહે જ્યાં વેદ પણ મૂગા રહ્યા,
  થઈ શ્વાન નિત પાસે ખડા આભા બની જોઈ રહ્યા.
  કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દિસે,
  પ્રવૃત્તિ-નિવૃત્તિ પદો એ ભુક્તિ-મુક્તિમય લસે.
  અન્નપૂર્ણા ઝોળી એ શોભે ખભે વિશ્વંભરી.

આમ, પૂ.શ્રી પોતાના ઈષ્ટદેવના સ્થૂળ આયુધો કે પહેરવેશને જોઈને એની પાછળ રહેલું સૂક્ષ્મ રહસ્ય પકડે છે. 'દત્ત' શબ્દની સમજ પણ એમણે ભજનમાં આ રીતે આપી છે :

- દયા દાન ઔર દમન હૈ દદ્દાકા યહ ભેદ ।
  તત્તા વિષયાધ્યાસ હૈ તાકો તું કર ભેદ ॥
- સ્વાર્પણથી જે દત્ત કહાવે, રંગ એહ અવધૂત.

આમ, પૂ.શ્રીએ દત્ત દરશન કરવાની જે ટહેલ નાંખી છે, તલસાટ બતાવ્યો છે તે જન્મ-મરણના ફેરાને ટાળી દે એવો છે.

❖❖❖

## ભજન (૧૪)
## મૈં તો બૈઠા ગુરુપદ પાસ

(રાગઃજોગીઆ; તાલઃદીપચંદી)
(માઝા દત્ત પાહિલા કાય-એ મરાઠી રાહ)

**મૈં તો બૈઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે! ...ધ્રુ.**
**દત્ત દિગંબર તારક એક, પતિતોદ્ધારક જોગી ભેખ;**
**ચૌદોં લોક જગાવત અલેખ, મોહે મન ભાયો!! ...મૈં તો૦ ૧.**



**જાકો તેજ ન વિશ્વ સમાય, ઋષિમુનિ સુરકિન્નર જશ ગાય;**
**લાગે પાંવ રંક અરુ રાય, આનંદ ઉર ન્હાયો!! ...મૈં તો૦ ૨.**
**કીનો બન ઔદુંબર બાસ, ખેલે આપહી આપે ખાસ;**
**દેખે જગલીલા ઉદાસ, અમૃત રસ પાયો!! ...મૈં તો૦ ૩.**
**[1]બરનન કર કર થાકે બેદ, [2]સરન ચરન શ્વાન બન લેત;**
**ભાગે દરસનસે સબ ખેદ, રંગ સુદંગ ભયો!! ...મૈં તો૦ ૪.**

૧. વર્ણન.૨. શરણ

❖❖❖

## અર્થ

હું તો ગુરુના ચરણકમળ પાસે બેઠો છું, હવે મારે ચિંતા શું ? શું કામ ચિંતા ? એ દત્ત દિગંબર જ મારો એક ઉદ્ધારક-તારક છે. પતિતોનો-ઉદ્ધારક એવો એનો જોગી-યોગી -નો વેશ છે. ચૌદ લોકમાં એ અલેખ જગાવે છે. આવો ગુરુ મને ખૂબ ગમ્યો છે.

વિશ્વમાં પણ એનું તેજ સમાતું નથી. ઋષિ, મુનિ, સુર અને કિન્નર એના યશોગાન ગાય છે. રાજા અને રંક એને પગે લાગે છે. મારું અંતર આનંદનો અનુભવ કરવા લાગ્યું છે :

એણે જંગલમાં ઔદુંબર નીચે વાસ કર્યો છે. એ આત્મક્રીડ છે. જગતના બનાવોને તટસ્થ ભાવે નિહાળે છે અને એ રીતે અમૃતરસ પીવરાવ્યો છે.

એનું વર્ણન કરતાં વેદ પણ થાકી ગયા છે. આ વેદો કૂતરાં બનીને એનું શરણું લે છે. એના દર્શનથી બધા ખેદ-મનની ઉદાસીનતા – ભાગી જાય છે. એના દર્શનથી રંગ અવધૂતજી કહે છે કે જીવ દંગ બની જાય છે.

❖❖❖

## વિવરણ

દત્ત ભગવાન સાથે દિગંબર અને ગુરુ એવા બે શબ્દો જોડાયેલા છે. એની સાથે અવધૂત શબ્દ પણ જોડાયેલો છે. આ ભજનમાં દિગંબર શબ્દ આવ્યો છે. પૂ.રંગબાપજી દિગંબર શબ્દ સમજાવતા કહે છે કે : દિગંબર-દિશાઓનું અંબર - એ વ્યુત્પત્તિ પ્રમાણે વસ્ત્રની માફક દિશાઓને ઢાંકનાર એટલે પિંડ અને બ્રહ્માંડની બહાર પણ વ્યાપીને રહેનાર અને

"દિશા અંબર છે જેનું" એ વ્યાખ્યા પ્રમાણે દિશારૂપી વસ્ત્રની અંદર રહેનાર. એમ બંને વ્યાખ્યાનો સાથે અર્થ કરતાં, બ્રહ્માંડને અંદર વ્યાપીને રહેનાર 'અત્યતિષ્ઠત્ દશાંગુલમ્' એવું નિત્ય નિર્ગુણ પરમ તત્ત્વ પરમાત્મા.

આવા પરમ તત્ત્વરૂપ દત્ત ભગવાનને ગુરુ માની એના ચરણમાં એકનિષ્ઠ ભક્તિ રાખનારને શી ચિંતા ? અને શું કામ ચિંતા ? ગુરુની આવશ્યકતા, ગુરુનું કાર્ય, ગુરુની સમર્થતા વિશે તો શ્રીગુરુલીલામૃતમાં અનેક દોહરા છે. શાસ્ત્રોમાં અનેક શ્લોકો છે. એ બધાનો સાર એક જ છે કે જેણે અનન્ય ભાવે ગુરુનું શરણું લીધું છે - જે અનન્ય ભાવે ગુરુ ચરણમાં બેઠો છે તેની બધી ચિંતા ગુરુ મહારાજ કરે છે. એમ કહેવાય છે કે અનન્યભાવે શરણાગતિ સ્વીકારનારે કોઈ ચિંતા કરવાની નથી.

**જો જાકી શરણ લીએ તાકી રાખે લાજ ।**
**ઊલટ જલે મછલી ચલે બહત જાત ગજરાજ ॥**

માછલી પાણી વગર જીવી શકે નહિ. આ અનન્ય શરણાગતિ છે તેથી પાણી માછલીનું રક્ષણ કરે છે. પાણીના પ્રવાહની વિરુદ્ધ દિશામાં માછલી જઈ શકે પણ એનું જોઈને જો હાથી કરવા જાય તો તણાઈ જાય.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**શરણાગતને વજ્રપંજર સમ ગુરુ નિર્ધાર,**
**સ્મરણમાત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.**

શરણું લેનારે વિશ્વાસ રાખવાનો રહે છે કે ગુરુ મારું રક્ષણ કરશે અને એ જે કરશે તે મારા હિતમાં જ હશે.

**હું ગુરુનો ગુરુ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ,**
**ગુરુ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ.**

પરંતુ આવો ભરોસો, આવો અડગ નિશ્ચય બધાને આવતો નથી અને એકદમ આવતો નથી. ભગવાન કૃપા કરે તો આવે. પૂ.પ્રેમ અવધૂતજી કહેતા કે, આવો ભાવ જાગે તો અડધો આત્મ સાક્ષાત્કાર થઈ ગયો ગણાય. એક જ વ્યક્તિમાં મન ચોંટી જાય તો અડધું કામ થઈ ગયું ગણાય. પરંતુ માણસની મોટા ભાગની જિંદગી ગુરુ શોધવામાં જાય છે અને ગુરુ કર્યા પછી પણ એનામાં એકનિષ્ઠભાવ તો જાગતો નથી. જેમ માખી મધ પર બેસે પછી ઊડી શકે નહિ તેમ આપણું મન ગુરુના ચરણમાં એવું લીન થવું જોઈએ



કે બીજે દૃષ્ટિ જાય જ નહિ. પૂ. બાપજી લખે છે :

**ચોંટી માખી મધ વિષે ઊડી શકે ન જાણ,**
**ભગવદ્રૂપે તેમ આ ઠર્યું, ના ખસે માન.** (અ.૪૧દો.૬૬)

ગુરુના ચરણમાં બેઠા પછી આવો વિશ્વાસ આવી જાય તો તેનો બેડો પાર છે. આ દત્ત ભગવાન એ પરબ્રહ્મ પરમાત્મા પોતે છે અને છતાં મનુષ્યરૂપે લીલા કરે છે.

દત્ત ભગવાનની કેટલીક વિશિષ્ટતા છે. એ જ્ઞાન આપનાર દેવ છે, તેથી એને ગુરુ અવતાર ગણવામાં આવે છે. આ કાર્ય કદી પૂરું થવાનું નથી માટે એમની જન્મકથા-પ્રાદુર્ભાવની કથા છે, પણ સ્વર્ગગમનની કથા નથી. રામ અને કૃષ્ણ ભગવાનની સ્વર્ગગમન કથા છે.

રામ અને કૃષ્ણની જેમ એમણે કોઈને માર્યા નથી. જ્ઞાન આપીને તાર્યા જ છે. રામે રાવણનો અને કૃષ્ણે કંસનો વધ કર્યો તેવો કોઈ વધ દત્ત ભગવાને કર્યો નથી. દેવોને જંભ રાક્ષસનો વધ કરવાનો માર્ગ બતાવ્યો.

આ દત્ત ભગવાન ચૌદ લોકમાં અહાલેક-અલેખ જગાવે છે. સાત પાતાલ અને પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ, જન, તપ, મહ અને સત્ય એમ સાત લોક મળી ચૌદ લોક ગણાય છે.

દત્ત ભગવાનના તેજથી જ સૂર્ય, ચંદ્ર, તારા પ્રકાશે છે. એ જ્યોતિની પણ જ્યોતિ છે એટલે એમનું તેજ વિશ્વમાં સમાતું નથી. પૂ. બાપજી દત્તપ્રણતિમાં લખે છે કે :

**યદ્ભાસા રવિચન્દ્રમસૌ તૌ ભાસ્વન્તૌ**
**યં ભાસયિતું નો શકતૌ તૌ સ્વબલેન ।**
**યં ભાન્તં હ્યનુભાતિ સમસ્તં તડિદાદિ**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥** (શ્લોક-૭)

જેના પ્રકાશથી તે બે - સૂર્ય અને ચંદ્ર-પ્રકાશમાન થાય છે અને જેને પ્રકાશિત કરવા માટે પોતાના બળથી તે બે શક્તિમાન નથી અને જેના પ્રકાશમાન થવાથી જળ, વીજળી વગેરે બધું પ્રકાશિત દેખાય છે તેવા હૃદયમાં વસનારા તે દત્તાત્રેયને હું પ્રણામ કરું છું.

આ વાત સાયંસ્મરણમાં કરતાં પૂ. બાપજી કહે છે :

"તં જ્યોતિષાં પ્રવર જ્યોતિરહં નમામિ" -

તે અગ્નિ સૂર્યાદિ પ્રકાશોને પણ પ્રકાશ આપનાર શ્રેષ્ઠ જ્યોતિ સ્વરૂપ (દત્ત ભગવાન)ને હું નમન કરું છું.

ભગવાન દત્તાત્રેયનો ઔદુંબરમાં વાસ છે. જ્યારે વિષ્ણુ ભગવાનનો પીપળામાં વાસ છે. વૃક્ષોમાં પીપળો બ્રાહ્મણ છે અને ઔદુંબર એ ક્ષત્રિય છે. દેવોમાં દત્તાત્રેય બ્રાહ્મણ છે અને વિષ્ણુ ક્ષત્રિય છે. એટલે બ્રાહ્મણ ગણાતા પીપળામાં ક્ષત્રિય મનાતા વિષ્ણુ ભગવાનનો વાસ છે. જ્યારે ક્ષત્રિય મનાતા ઔદુંબરમાં બ્રાહ્મણ ગણાતા દત્ત ભગવાનનો વાસ છે. આપણા ભજન ભાસ્કર મુ. સુમનકાકાને પૂ. રંગ બાપજીએ કહ્યું હતું.

દત્તાત્રેય ભગવાન આત્મક્રીડ છે. પોતાનામાં જ મસ્ત છે. પોતે પોતામાં જ રમમાણ રહે છે અને જગતની લીલા તટસ્થભાવે-ઉદાસ થઈને—જુએ છે. આ બંને લક્ષણ સ્વસ્વરૂપમાં સ્થિર રહેનાર સિદ્ધ યોગીનાં છે. જગતમાં રહેવું અને છતાં જગતની લીલાથી અલિપ્ત રહેવું એ જે કરી શકે તે ભગવાન જ કહેવાય. પૂ. બાપજી એક ભજનમાં લખે છે :

**ન શોધે મોર ચિતારો, કદી પિક રંગ તંબૂરો,**
**કૃતાકૃતથી પરે બેસી, નિહાળે ખલ્કની રો રો...પ્રભુ પરખ્યા.**

વેદો વર્ણન કરતાં થાકી જાય છે, નેતિ નેતિ કહી વેદ પોકારે એટલે દત્ત ભગવાન પરમ તત્ત્વ છે. પરબ્રહ્મ પરમાત્મા છે. પૂ.શ્રી પ્રાતઃ સ્મરણમાં લખે છે :

**માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં**
**યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।**
**નેતીતિ વેદનિવહા ખલુ યત્ર મૂકાઃ**
**કોઽહં સ્તવે નુ ભગવન્ પ્રણતોઽસ્મ્યતો હિ ॥**

દત્ત ભગવાન પોતે માયાના પતિ છે, પરંતુ એનો કોઈ પતિ-નિયંત્રણ કરનાર નથી. વળી, વેદોનો સમૂહ નેતિ નેતિ કહીને મૂંગા થઈ જાય છે. આ વર્ણન પરબ્રહ્મ સ્વરૂપ પરમાત્માનું છે.

આવા પરબ્રહ્મસ્વરૂપ ગુરુ મહારાજના-દત્ત પ્રભુના ચરણકમળમાં બેઠેલાને શું ચિંતા હોય ? શું કામ ચિંતા હોય ? પરંતુ આવા સદ્‌ગુરુ પુણ્યબળે પ્રાપ્ત થાય. પૂ.શ્રીના આ અંગેના બે દોહરાથી ભજનની ચર્ચા સમાપ્ત કરીએ.

**વેષધારી વાટમાં દુર્લભ સંત સુજાણ,**
**સદ્‌ગુરુ પુણ્યે સાંપડે કરે જ્ઞાનનું દાન.**



**શિષ્ય વિત્તહારક બહુ ચિંતાહારક કોક,**
**ફરે વિપ્ર ગુરુ શોધમાં, જોઈ હસે કુલોક.** (અ.૯.દો.૧૨૨,૧૨૩)

આપણને રંગબાપજી જેવા સમર્થ દત્તાવતારી ગુરુમહારાજ મળ્યા પછી સદા સાત્ત્વિક મસ્તીમાં ફરીએ તો પૂ. બાપજી રાજી થાય.

❖❖❖

## ભજન (૧૫)

## અબ ખૂબ હઁસો

**(રાગઃભીમપિલાસી; તાલઃધુમાળી)**

**(જેના મુખમાં રામનું નામ નથી - એ રાહ)**

**અબ ખૂબ હઁસો અબ ખૂબ હઁસો, રોતે હો ઈસવિધ ક્યોં પ્યારે!**
**હઁસતે કે સાથ હઁસે દુનિયા, રોતેકો કૌન બુલાવે રે!**
**...ધ્રુ.**

**જો હોના હૈ સો હોના હૈ, જો ખોના હૈ સો ખોના હૈ;**
**સબ સૂત્ર પ્રભુકે હાથોં હૈ, ફિર ચિંતા કાહે કરો પ્યારે!**
**...અબ૦ ૧.**

**ધન માલ ખજાના ઢેર લગા; ગર ખાલી ઘર કંગાલ હુઆ**
**જગ માન દિયા અપમાન કિયા, બસ ખુશ રહો હરદમ પ્યારે!**
**...અબ૦ ૨.**

**સુત દાર પિતા [1]મિત ચલતી કે, પડતી મેં સાથ ન કોઉ ચલે;**
**[2]અસુવન મોતી કબહૂ ન બને, ફિર રોને સેં ફલ ક્યા પ્યારે!**
**...અબ૦ ૩.**

**સબ હાલતમેં સબ રંગતમેં, જનમેં બનમેં એકાંતહીમેં;**
**સમરાગનમેં બેરાગનમેં, આનંદમગન ડુલના પ્યારે!**
**...અબ૦ ૪.**

પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં, ઈકતાર નિહાર ફિરો મનુવા;
દિન સૂરજ રાત શશી તારે, સબ રંગ બિરંગ વહી પ્યારે!
...અબ૦ ૫.

૧. મિત્ર. ૨. આંસુ.

❖❖❖

## અર્થ

હે વ્હાલા દોસ્ત ! હવે ખૂબ હસો, બસ ! હસતા રહો. આ રીતે રડવાનું કારણ શું ? હસનારા સાથે દુનિયા હસવા લાગે છે, પણ રડનારાને કોઈ બોલાવતું નથી.

જે થવાનું છે તે થવાનું જ છે અને જે ગુમાવવાનું છે તે ગુમાવવાનું જ છે. ધાર્યું ધરણીધરનું જ થાય છે પછી હે ભાઈ ! તું શું કામ ચિંતા કરે છે ?

ધન, માલ અને ખજાનાનો ઢગલો પડ્યો હોય કે ઘર ખાલી ખાલી હોય અને કંગાળ દશા હોય. જગત માન આપે કે અપમાન કરે પરંતુ આ બધી પરિસ્થિતિમાં તું હરહંમેશ ખુશ રહે, મસ્ત રહે.

પુત્ર, પત્ની, પિતા, મિત્ર એ બધાં સુખના સાથી છે, દુઃખમાં કોઈ સાથ આપતું નથી. આંખનાં આંસુ કદી પણ મોતી બનતા નથી તો પછી રડવાથી શું ફાયદો ?

બધી પરિસ્થિતિમાં અને બધા રંગ-રાગમાં, લોકોની વચ્ચે કે જંગલમાં-એકાંતમાં, રાગમાં કે વૈરાગ્યમાં તું સમતા જાળવ અને આનંદમાં મગ્ન બનીને હે ભાઈ ! એ મસ્તીમાં ડોલતો રહે.

ભગવાનને જગતમાં અને જગતને પ્રભુમાં - એકરૂપ જોતા જોતા હે ભાઈ ! તું ફર્યા કર-ફરતો ફર.

દિવસના સૂર્ય અને રાત્રે ચંદ્ર અને તારા આ બધા - હે પ્યારે ભાઈ ! રંગ બેરંગી છે એને માણ.

❖❖❖



## વિવરણ

એમ કહેવાય છે કે : કેટલાક માણસો એવા હોય છે કે **એ જ્યાં જાય ત્યાં આનંદ આનંદ** અને કેટલાક માણસો એવા હોય છે કે એ **જ્યાંથી જાય ત્યાં આનંદ આનંદ.** આપણે કેવા પ્રકારના માણસ થવું છે ?

આમ તો આપણો આત્મા આનંદ સ્વરૂપ છે એટલે આપણામાં જ આનંદ ભરેલો હોય છે અને છતાં આપણા જીવનનો મોટો ભાગ રડવામાં, દુઃખી થવામાં ગાળીએ છીએ.

આપણે હાથે કરીને દુઃખી થઈએ છીએ. આપણને ગમે ત્યાંથી દુઃખ શોધવાની કે દુઃખ ઊભું કરવાની ટેવ પડી ગઈ છે. આ ભજન સુખી થવાનો, હસવાનો, આનંદ માણવાનો રસ્તો બતાવે છે.

માણસે સુખી થવું હોય તો હસવાની ટેવ પાડવી. નહિ હસનારો વિશ્વાસ પાત્ર હોતો નથી. હવે તો વિજ્ઞાન પણ હસવાનું મહત્ત્વ સ્વીકારે છે અને તેથી Laughing club - હસવાની ક્લબો શરૂ થઈ છે, પરંતુ એ લાફીંગ ક્લબનું હસવું નકલી છે, અસલી નથી.

માણસે હસતાં રહેવું હોય, મસ્ત બનીને જીવવું હોય તો જે આવી પડે તેનો સહજ અને સહર્ષ સ્વીકાર કરવો જોઈએ. પૂ. બાપજીને ફ્રેક્ચર થયું ત્યારે એમણે કહ્યું કે ''ચાલતાં ચાલતાં પડી ગયા, એમાં તમારું શું ગયું ?'' વળી, રડનારે એમ પણ વિચારવું જોઈએ કે રડવાથી શું પરિસ્થિતિ બદલાઈ જશે ? પરિણામ બદલાઈ જશે ? હસનારા સાથે બધા હસે છે, પરંતુ રોતલ ચહેરાને જોતાં લોકો મોં ફેરવી લે છે.

માણસ ધાર્યું મેળવે, સુખ મળે ત્યારે હસે છે, પરંતુ ધાર્યું હોય એનાથી અવળું થાય, દુઃખ આવે ત્યારે રડે છે. માણસ સ્વાર્થી બને ત્યારે પલમાં હસવાનું ને પલમાં રડવાનું બને છે. એક ભાઈના ફળિયામાં આગ લાગી. એનું મકાન પણ આગમાં ઝડપાયું. એના વૃદ્ધ પિતા ફળિયામાં બેસીને રડતા હતા. ત્યાં એમનો નાનો દીકરો આવ્યો અને કહ્યું કે રડો છો શું કામ ? આ મકાન તો મોટા ભાઈએ વેચી દીધું છે, બાનાખત પણ થઈ ગયું છે. આ સાંભળીને વૃદ્ધ તરત જ હસતો થઈ ગયો અને બધા સાથે હસીને વાત કરવા માંડી. થોડી વારે મોટો દીકરો આવ્યો. વૃદ્ધ પિતાએ કહ્યું કે ભાઈ ! તેં મકાનનો સોદો કરી નાંખ્યો તે ઘણું સારું થયું. મોટા દીકરાએ કહ્યું કે : એ ખરીદનાર બે દિવસ પહેલા જ સોદો રદ કરાવી બાનાના પૈસા પણ લઈ ગયો હતો. વૃદ્ધ પિતાએ ફરી પાછું

રડવાનું શરૂ કર્યું. નબળું મન, સ્વાર્થી મન એ રડવાનું કારણ છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

રે મન ! મસ્ત સદા દિલ રહેના, આન પડે સો સહેના.

જે કોઈ પરિસ્થિતિ સર્જાય તેને ભગવાનની પ્રસાદી માની હસતાં હસતાં સહન કરીએ તો તેને તિતિક્ષા કહેવાય. વળી, દુઃખ આવે ત્યારે આ દુઃખના દિવસો પણ જતા રહેશે એવો વિચાર કરવાથી મન હળવું બને છે. વળી, આવેલું દુઃખ એ મારા દુષ્કર્મોનું ફળ છે એટલે એ ભોગવી લેવાથી પ્રારબ્ધનો નાશ થાય એવું વિચારીએ તો પણ મન હળવું થાય. વળી, આવી કપરી પરિસ્થિતિ સર્જીને ભગવાન મને એના તરફ વાળે છે, એની પાસે જવાની તક આપે છે એવો વિચાર કરવાથી રડવાની ઈચ્છા થતી નથી. કવિ નરસિંહ મહેતાની પત્ની મરી જતાં એણે ગાયું કે :

**ભલુ ં થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાલ.**

પરંતુ આપણને શ્રીગોપાલ ભજવાનો તલસાટ નથી એટલે પત્નીનું મૃત્યુ અકળાવે છે.વળી, તમે પુત્ર કે પત્નીના મરણનો શોક કરો છો, પણ તમે પણ એક દિવસ મરી જવાના છો એનો વિચાર કરો છો ખરા કે ?

માણસ અજ્ઞાનતાને કારણે ખોટા ખોટા સ્વપ્નો જુએ છે, મનથી પૂલ બાંધે છે, અપેક્ષાઓ રાખે છે અને અરમાનો સેવે છે, પણ એ બધાં તૂટી પડતાં રડે છે. એ ભૂલી જાય છે કે, બધું ભગવાનના હાથમાં છે. ''સબ સૂત્ર પ્રભુ કે હાથોમેં'' છે. એણે નક્કી કરેલા શ્વાસો કરતાં એક જ શ્વાસ વધારે લેવાની આપણામાં કે કોઈનામાં શક્તિ નથી. પૂ. બાપજી એક ભજનમાં આ વાત સમજાવતાં લખે છે કે :

**ધાર્યું ધરણીધરનું થાય, મૂરખ કાં મન તું પસ્તાય,**
**એક સળી ના ઊઠે તુજથી વૃથા કરે ગુમાન,**
**શરણ ગહે સાહેબનું મનથી, તો દુઃખ થાશે હાન.**

**યોગ્ય સમયે સહુ આવી મળતું, જેહ જેહને ભાગ,**
**વણમાગ્યે દુઃખસુખ પણ પામે, હંસ મોતી વિટ કાગ.**

**દેહ ભરોસો છોડી પ્રાણી, દેવભરોંસો રાખ,**
**અવિચળ આતમ ઓળખ હૈડે, રંગ અમીરસ ચાખ.**

માણસે સદા આનંદમાં રહેવું હોય તો દેહભાવ છોડી આત્માના વિચારમાં મસ્ત રહેવું.



''આત્મનશેમેં દેહ ભૂલા કર, સાક્ષી હોકર રહેના'' એ મનને મસ્ત રાખવાની ચાવી છે, પરંતુ એ કપરી સાધના માગે છે.

માનવી કેટલીક વાસ્તવિકતા સહર્ષ સ્વીકારી લે તો રડવાના પ્રસંગો આવે જ નહિ અથવા ઓછા આવે. ખોટા ખ્યાલો અને ખોટી અપેક્ષાઓ જ માણસને રડાવે છે. કહેવાયું છે કે :

**આશા મોટું દુઃખ છે, સુખ નિરાશામાંહ્ય,**
**આશા ત્યજી પિંગલા ગઈ જુઓ પ્રભુધામની માંહ્ય.**

પૂ. બાપજી કહે છે : **આશાદાસો જગદ્દાસો, નિરાશીરવનિપતિ ।**

આશા અપેક્ષા રાખ્યા વિના જીવો તો તમે આ ધરતીના ધણી છો, પૃથ્વીપતિ છો.

નારાયણ સ્વામી કહે છે કે :

**દો બાતનકો ભૂલ મત, જો ચાહત કલ્યાણ ।**
**નારાયણ ઈક મોતકો, દૂજે શ્રીભગવાન ॥**

ભગવાનનું નામસ્મરણ અને મરણનું સ્મરણ આપણે કરતા નથી. હરિસ્મરણનું વિસ્મરણ જ મરણના દુઃખને ઘેરું બનાવે છે. આટલી વાત યાદ રાખો અને વાગોળી વાગોળીને પાકી કરો.

- **આ દેહ નાશવંત છે અને ગમે ત્યારે, ગમે તે સ્થળે દેહનું મરણ થઈ શકે.**
- **મારું ધાર્યું થતું નથી અને થવાનું નથી. હું ઈચ્છું તેવું થાય તો તે હરિકૃપા અને ઈચ્છું તેનાથી વિરુદ્ધ થાય તો તે હરિની ઈચ્છા.**
- **આ જગતના બધા સંબંધો સ્વારથના સંબંધો છે. પિતા, પત્ની, પુત્ર કે મિત્ર સુખના સાથી છે, દુઃખમાં હડે હડે કરવાના છે.**
- **ધન, જમીન કે ભૌતિક સંપત્તિ સાથે આવવાની નથી.**
- **પત્ની ઘરના બારણેથી પાછી ફરશે. સગા-સંબંધી સ્મશાનથી પાછા ફરશે. દેહ ચિતા સુધી સાથ આપશે. અંતે જીવ એકલો જશે. એની સાથે કરેલાં સારાં-નરસાં કર્મો જશે.**
- **જગત માન આપે તો ફૂલાશો નહિ, અપમાન કરે તો દુઃખી થશો નહિ.**

આ બધી વાતો શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે, પણ આપણા બહેરા કાન એ સાંભળતા નથી.

આનંદમાં રહેવાનું, હસતા રહેવાનું એ આપણા હાથની વાત છે. આપણા જીવનનું રિમોટ કન્ટ્રોલ કોઈ બીજાના હાથમાં ના જાય એની કાળજી રાખવી. આપણા હાસ્યની ચાવી કોઈ બીજાના હાથમાં ન હોવી જોઈએ.

ધીરે ધીરે, સાધના કરતાં કરતાં બધામાં પ્રભુને જોવાની અને બધાને પ્રભુમાં જોવાની ટેવ પાડવી જોઈએ. મન કપટ છોડી નિર્મળ બને, શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કરે અને સાત્ત્વિક ગુણો-દૈવી સંપત્તિથી જીવન ભરે તો બધામાં પ્રભુનાં દર્શન થાય અને વ્યક્તિ આનંદમાં જીવે, કાયમ હસતો જ રહે.

❖❖❖

## ભજન (૧૬)

## અબ મૈં કહાં જાઉં શરણ છોડ

(રાગઃદેશ; તાલઃદાદરા)
(અબ તો મેરે રામના - એ રાહ)

**અબ મૈં કહાં જાઉં શરણ છોડ ચરણ તોરે. ...ધ્રુ.**

**ઘર *દુવાર કોઉ નાહીં, ભ્રાત બિરાદર નાહીં;**
**નાતગોત સર્વ તું હી માઇ બાપ મોરે. ...અબ૦ ૧.**

**નામ સૂન દૌડ આયો, પતિતપાવન મન ભાયો;**
**સાંવરી [1]સૂરત દેખ ધાયો, દોઉ કર જોરે. ...અબ૦ ૨.**

**તૂ [2]પિયા મૈં તેરી [3]દુલહન અશરણશરણ મનમોહન;**
**લજ્જા તોકુ ભવભંજન, માર તાર ઓ રે! ...અબ૦ ૩.**

**દિવસ [4]રૈન ચૈન નહીં, સ્વપ્નછબી તૂ હી સહી;**
**છટક છટક જાય કહીં? [5]કબ લૌં દિલ ચોરે? ...અબ૦ ૪.**

**છોડ છાંડ લોકલાજ, મત્ત ભઇ મિલનકાજ;**
**ધૂલ પડી જગતતાજ, દરસ પાય તોરે! ...અબ૦ ૫.**



**કોઉ કહે નફ્ટ ભઇ, લાજ માઝ અટક ગઇ;**
**મૈં પિયા તેરી ભઇ, ભેદભાવ [6]છોરે! ...અબ૦ ૬.**

**ઘૂંઘટ દૂર ફેંક દિયો; હાથમેં હાથ લીયો;**
**રંગ રૂપ એક ભયો; કોઉ કાંહી બોલે!! ...અબ૦ ૭.**

*** ગુજરાતીમાં ઘરબારના અર્થમાં. ૧. ચહેરો. ૨. પ્રિયપતિ. ૩. સુહાગણ, પ્રિયા, સ્ત્રી. ૪. રાત. ૫. ક્યાં સુધી. ૬. છોડી દીધો.**

❖❖❖

## અર્થ

હે પ્રભુ ! હવે તારું શરણ છોડીને હું ક્યાં જાઉં ?

ઘર-બાર કાંઈ નથી, ભાઈ-મિત્ર કોઈ નથી.

ન્યાતીલા-ગોત્રના સગાં જે ગણો તે તું જ છે. તું જ મારી મા છે, તું જ મારો બાપ છે.

તારું નામ-તારી કીર્તિ —સાંભળીને દોડી આવ્યો છું. તું પતિત પાવન છે એટલે મને પસંદ પડ્યો છે. તારુ સુંદર સ્વરૂપ જોઈને દોડી આવ્યો છું. હું મારા બંને હાથ જોડીને ઊભો છું.

તું સ્વામી અને હું તારી સુહાગણ છું. હે મનમોહન ! તું અશરણનું શરણ છે. હે ભવનો ફેરો ટાળનાર ! આ બિરુદની તું લાજ રાખજે. હવે ચાહે તો તું માર અથવા ચાહે તો તાર.

રાત-દિવસ મનને આરામ નથી-મનને ગમતું નથી. સ્વપ્નમાં પણ તારી છબી જ હોય છે. હવે તું છટકી છટકીને જશે ક્યાં ? ક્યાં સુધી નજરથી દિલ હર્યા કરશે ?

લોકલાજને નેવે મૂકી, તને મળવા માટે ઉન્મત્ત બની છું. તારા દર્શન કર્યા પછી જગતના માન-પાન નકામા છે - એમાં ધૂળ પડી છે.

કોઈ કહે છે કે, આ નફ્ફટ થઈ ગઈ છે અને લાજમર્યાદા મૂકી દીધી છે. બધા ભેદભાવ પડતા મૂકીને હે પ્રિયતમ ! હું તારી થઈ ગઈ છું.

મેં ઘૂંઘટ (લાજશરમનું પ્રતીક) દૂર ફેંકી દીધો છે. તારા હાથને મારા હાથમાં લીધો છે. હું અને તું એક બની ગયા છીએ. લોકોએ જે બોલવું હોય તે ભલે બોલતા.

❖❖❖

# વિવરણ

આ ભજન એ શરણાગતિનું-શરણભાવનું –ભજન છે. ભક્ત ભગવાનનું અનન્ય ભાવે શરણું લે ત્યારે પોતાની બધી ચિંતા, જવાબદારી ભગવાનને સોંપી દે છે. જેનું શરણું લીધું હોય તે વ્યક્તિ શરણું લેનારના યોગક્ષેમની જવાબદારી સંભાળે છે. નાનું બાળક 'મા'નું શરણું લે છે એટલે બાળકની બધી જવાબદારી માતાની બની રહે છે. પૂ. રંગબાપજી એમની ૬૦મી રંગ જયંતી પ્રસંગે સંદેશો આપતાં જણાવે છે કે : ''નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહો ને જુઓ શી મઝા આવે છે ? એના પગનો ફુટબોલ થઈને ઉછળો ને જુઓ કે એના અનંત ઐશ્વર્ય આકાશમાં તમે કેવા ઊડો છો ! બાળકે ખાધું-પીધું કે નહિ, એ ઉઘાડું છે કે ઢાંકેલું, સ્વચ્છ છે કે ગંદુ, બીમાર છે કે તંદુરસ્ત - એ બધાની ચિંતા એની 'મા'ને છે, બાપને છે. બાળક થઈને રહો અને એની અમર હૂંફ અનુભવો.

**સ્વામી પાગલ પરમાનંદ પરમહંસ** ભગવચ્છરણાગતિના પ્રકરણમાં લખે છે કે : ઈહલોક અને પરલોકનાં દુઃખોની નિવૃત્તિ તથા નિત્ય-અખંડ પરમાનંદની પ્રાપ્તિ માટે મુખ્ય ઉપાય છે : ભગવાનનું શરણું. જેણે એક વાર સર્વ ભાવથી પોતાને પરમાત્માના ચરણમાં સમર્પિત કરી દીધો છે, ખરેખર તે સદાને માટે નિર્ભય-નિશ્ચિત અને પરમ સુખી થઈ ચૂક્યો છે. રામાયણમાં વિભીષણની શરણાગતિ જાણીતી છે.

**શરણનું સ્વરૂપ :** શરણાગતિની સિદ્ધિ કેવળ શબ્દોથી થતી નથી. વળી, ભગવાનનું શરણું લીધું છે એટલે એ બધું સંભાળશે અને મારે હવે કંઈ કરવાનું રહેતું નથી એમ કહીને નિષ્ક્રિય બની જવાનું નથી. શરણાગતિમાં કર્મ ત્યાગવાનો પ્રશ્ન જ નથી. શરણાગત ભક્ત તો પોતાના અહમ્‌ને એ અહમ્‌ની સાથે સંબંધ રાખનાર પ્રત્યેક સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ ભાવને ભગવાનના શરણે ધરી દે છે.

શરણાગતિ લીધા પછી ભક્તનું જીવન ભગવાનની રુચિ મુજબનું બને છે. ભક્તનું મન પરમાત્માની રુચિ મુજબનું બને છે, ભક્તની બુદ્ધિ પરમાત્માની બુદ્ધિ બની જાય છે. શરણાગતિ સ્વીકારનાર ભક્ત પોતાના વિચારો, નિર્ણયો અને કર્મો પોતાના ભગવાનને ગમે તેવા કરે છે.

શરણાગત ભક્ત પોતે કરે છે બધું જ, પરંતુ એ નિમિત્ત બનીને કરે છે. આમ, અહમ્ અને મમ  મન-બુદ્ધિ-ઈન્દ્રિય-શરીર તથા સમસ્ત પ્રપંચ સહિત સર્વતોભાવે-સમર્પણ કરવું



એ જ સાચી શરણાગતિ છે.

તમારા સિવાય મારું કોઈ નથી. તમે જ મારું સર્વસ્વ છો એ ભાવ શરણાગતિમાં છે. એમાંથી ભગવાન પ્રત્યે એકનિષ્ઠ ભાવ જાગે છે. આપણે પ્રાર્થનામાં કહીએ છીએકે

- **નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા**
  **ત્વત્તો દેવ ત્વં શરણ્યોડક હર્તા ।**
  **કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતેડ**
  **ઘોરાત્ કષ્ટાદ્ ઉદ્ધરાસ્માન્નમસ્તે ॥**
- **અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।**
  **તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષસ્વ પરમેશ્વર ॥**
- **ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ**
  **ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।**
  **ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ**
  **ત્વમેવ સર્વં મમ દેવ દેવ ।**

અનન્ય શરણાગતિ લેનાર નચિંત થઈને જીવે છે, પરંતુ એ શરણભાવ જાગવો અને એને ટકાવવો સહેલો નથી.

આ ભજનમાં મારું કોઈ નથી. માબાપ, ભાઈ, ભાઈબંધ જે કાંઈ કહું તે તું જ છે. તું પતિત પાવન છું એટલે મને પતિતને ખાતરી છે કે, તું મને પાવન કરશે. તું અશરણશરણ છે એટલે જેનું કોઈ નથી તેનો તું છે.

તું ભવના દુઃખ ભાંગનારો છે-ભવભંજન છે. તું સ્વામી છે, પતિ છે અને હું તારી પ્રિતયમા છું, તારી પત્ની-દુલ્હન છું. જગતની લાજ-શરમ છોડી દઈને તારો હાથ મારા હાથમાં રાખી બધે ફરું છું.

શરણું લેનાર આવું બેધડક કહી શકે અને કરી શકે તેનું કારણ એક જ છે કે શરણું લેનારે જેનું શરણું લીધું છે તેને કેન્દ્રમાં રાખીને જ બધી પ્રવૃત્તિ કરે છે.

**શરણાગતિના પ્રકાર :** શરણાગતિના છ પ્રકાર છે.

**આનુકૂલસ્ય સંકલ્પઃ પ્રાતિકૂલસ્ય વર્જનમ્ ।**
**રક્ષિષ્યેતીતિ વિશ્વાસો, ગોપ્તૃત્વવરણે તથા ॥**
**આત્મનિક્ષેપ કાર્પણ્યે ષડ્‌વિધા શરણાગતિ : ॥**

(૧) જેનું શરણું લીધું છે તેને અનુકૂળ વર્તન કરવાનો સંકલ્પ :

ભગવાનને ગમે તે કરવું. દરેક કાર્ય કરતી વખતે મનને પૂછવું કે આ કાર્ય ભગવાનને ગમશે ? આપણે પૂછવું જોઈએ કે હું આમ વર્તીશ તો તે બાપજીને ગમશે ? જવાબ 'હા'માં આવે તો કરવાનું.

(૨) ભગવાનને પ્રતિકૂળ હોય તેવા વર્તનનો ત્યાગ : ભગવાનને ના ગમે તે નહિ કરવાનું.

આમ, મને શું ગમે છે એ પ્રશ્ન નહિ રહે, ભગવાનને શું ગમે એ પ્રશ્ન કેન્દ્રમાં રહેશે. અહંનો ત્યાગ થતો જશે.

(૩) મારું રક્ષણ કરશે એવો વિશ્વાસ. 'તું જ એક જગમાં પ્રતિપાળ' એવી દત્તબાવનીની પ્રથમ લીટી આવો વિશ્વાસ બતાવે છે.

"મેરો દત્ત દિગંબર એક હિ તારનહાર."

(૪) જેમ મંડપમાં વધૂ વરને પતિના રૂપમાં વરણ કરે છે - પસંદ કરે છે — તેમ ભક્ત ભગવાનને ગોપ્તૃત્વ ભાવે વરણ કરે છે. ભગવાન ગોપ્તા છે એટલે કે રક્ષક છે એ ભાવ છે. ભગવાન મારું રક્ષણ કરશે જ એ ભાવ હોવાથી બીજે નજર દોડાવવાની રહેતી નથી.

(૫) આત્મનિક્ષેપ એટલે આત્મસમર્પણ.

(૬) કાર્પણ્ય-દીનતા, દીનભાવ.

શરણાગતિમાં ભગવાન કે જેને ભક્ત સર્વસ્વ માને છે, સ્વામી માને છે, તેનામાં અથાગ વિશ્વાસ હોય છે અને એ જેમ રાખે તેમ રહેવામાં આનંદ માને છે. ભક્તને પોતાની કોઈ પસંદગી કે ઈચ્છા જ હોતી નથી.

**શરણાગતિની ત્રણ કક્ષા :**

જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે :

**તસ્યૈવાહં મમૈવાસૌ સ એવાહમિતિ ત્રિધા ।**
**ભગવચ્છરણં સ્યાત્ સાધનાભ્યાસપ્રાકૃતઃ ॥**

(૧) અહં તસ્ય એવઃ હું તેનો જ છું. 'હું હરિનો'

(૨) અસૌ મમ એવઃ એ મારા જ છે (હરિ છે મમ રક્ષક)

(૩) અહં સ એવઃ હું તે જ છું.

પહેલાં ભક્ત એવું માને કે હું તેમનો છું. પછી એવું માને કે તે મારા જ છે "નારેશ્વરનો નાથ મારો રંગ અવધૂત. અને છેલ્લે હું તે જ છું. દાસોઽહંમાંથી સોઽહં બનવાની



સાધના છે.

**શરણાગતિની ઓળખ :**

શરણાગતિની ઓળખ એ છે કે સાધક જેમ જેમ શરણાગતિના સુખ-શાંતિમય સર્વતાપહર શિતળ પ્રદેશમાં પ્રવેશ કરે છે તેમ તેમ તેનામાં નિર્ભયતા તથા નિશ્ચિંતતા વૃદ્ધિ પામતી જાય છે. તેને હવે ભય, બીક કે ડર રહેતો નથી. લોકો શું કહેશે. તેની ચિંતા નથી. પોતાના સ્વામીને ગમે પછી બીજા કોઈનો વિચાર જ કરવાનો નહિ.

છોડ છાંડ લોકલાજ, મત્ત ભઈ મિલનકાજ, ધૂલ પડી જગતતાજ, દરસ પાય તોરે..

આ પછીની બધી લીટીઓમાં જણાવેલી વાત પોતાના સ્વામીને-પ્રેમીને-ગમે તે કરવાની હિંમત આવી જાય છે.

પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે કે :

**શરણભાવે થતાં, ના રહે ત્યાં કથા દુઃખની હે તતા ! બ્રિદ તારું.**

શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**શરણાગતને વજ્રપંજર સમ ગુરુ નિર્ધાર,**
**સ્મરણમાત્રથી ઈષ્ટફલ આપે જે તત્કાળ.**

ઘણા શ્રીમદ્ ભગવદ્ ગીતાને શરણાગતિનો મહિમા દર્શાવતો ગ્રંથ કહે છે. શરૂઆતમાં અર્જુન કહે છે કે, હું આપના શરણે શિષ્યભાવે આવ્યો છું અને છેલ્લે શ્રી ભગવાન અર્જુનને બધા ધર્મો છોડી પોતાનું શરણ લેવાનું કહે છે.

કાર્પણ્યદોષોપહતસ્વભાવ પૃચ્છામિ ત્વાં ધર્મસંમૂઢચેતાઃ ।
યત્ શ્રેયઃ સ્યાત્ નિશ્ચિતં બ્રુહિ તન્મે । **શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ ॥**
(અ.૨.શ્લોક-૭)

**સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥** (અ.૧૮.શ્લોક-૬૬)

શરણાગતિનાં અનેક ભજન છે. સંત તુલસીદાસ રચિત ભજન ખૂબ જાણીતું છે.

**કુટુંબ તજિ શરણ રામ ! તેરી આયો.**
**હે રઘુનાથ ! અનાથકે બન્ધુ । દીન જાન અપનાયો ।**
**તુલસીદાસ રઘુવરકી શરણા ભક્તિ અભયપદ પાયો ॥**

વિભિષણને ભરી સભામાં રાવણે લાત મારી અને લંકા છોડી જવા કહ્યું. વિભિષણ શ્રીરામની છાવણીમાં ગયા ત્યારે ભગવાન શ્રીરામે કહ્યું કે, ''પધારો લંકેશ ! '' જ્યારે ભગવાનને પૂછવામાં આવ્યું કે આપે વિભિષણને લંકેશ-લંકાનો રાજા કહ્યો, પણ માનો કે રાવણ સમાધાન કરે અને યુદ્ધ કર્યા વિના જ સીતામાતાને સોંપી દે તો ? ભગવાને કહ્યું કે, હું રાવણને મારું અયોધ્યાનું રાજ આપી એને અયોધ્યાપતિ બનાવું.

**શરણું લેતા પહેલાં સો વાર વિચારો.**

**શરણું લીધા પછી વિચારવાનું બંધ કરો.**

❖❖❖

## ભજન (૧૭)

## અબ મૈં ભઇ મસ્ત પિયા

(રાગઃદેશ; તાલઃદાદરા)
(અબ તો મેરે રામના - એ રાહ)

**અબ મૈં ભઇ મસ્ત પિયા, પકડ દસ્ત તેરો! ...ધ્રુ.**

**ચર અચર ભૂલ ગઇ, બન નદી નગર સહી;**
**નારી નર સર્વ તૂ હી, પ્રાણનાથ મેરો. ...અબ૦ ૧.**

**દિવસ રૈન ભેદ ગયો, કાલ કર્મ એક ભયો;**
**દેશ પરદેશ ટર્યો, મૂલ રૂપ [૧]હેરો. ...અબ૦ ૨.**

**નાતગોત છોડ દિયો, માગનકો વેષ લિયો;**
**તાલ નૃત્ય [૨]ભોર ભયો, લાજ માઝ [૩]ગેરો. ...અબ૦ ૩.**

**સ્વપ્ન જાગ નીંદ નહીં, હર્ષ શોક કોઉ નહીં;**
**ભોક્તૃ ભોગ્ય ભોગ સહી, એક રૂપ મેરો! ...અબ૦ ૪.**

**વેદવેદ્યરૂપ ભઇ, શાસ્ત્ર શીખ ભૂલ ગઇ;**
**રટન પઠન ભ્રમ સહી; કો ગુરુ કો ચેરો? ...અબ૦ ૫.**



**પૂર્ણાનંદ ગગર લિયો, પનુઘટકો પંથ ધરો;**
**રંગ [૪]ચુનરી ફેંક ભયો, સોહં ગગન ઘેરો!! ...અબ૦ ૬.**

૧. દેખ્યું. ૨. સવાર. ૩. ફેંકી દીધાં. ૪. સંસારાસક્તિરૂપી ચૂંદડી.

❖❖❖

## અર્થ

હે પ્રિયતમ ! હવે તારો હાથ પકડીને હું મસ્ત બની ગઈ છું. જડ-ચેતનને ભૂલી ગઈ છું, જંગલ, નદી, નગર, નારી, નર બધું જ હે પ્રાણનાથ ! તું જ છે. દિવસરાતનો ભેદ રહ્યો નથી. કાળ અને કર્મ બંને એક થઈ ગયા છે. તારું મૂળ સ્વરૂપ જોયા પછી હવે દેશ પરદેશ ફરવાનું ટળી ગયું છે.

નાત-ગોત્ર છોડી દીધાં છે, માગણનો વેશ લીધો છે. તાલ અને નૃત્યમાં રાત ગઈ અને સવાર પડી છે. લાજ-શરમ છોડી દીધાં છે.

જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ રહી નથી. હર્ષ કે શોક રહ્યાં નથી. ભોગવનાર, ભોગવવાની વસ્તુ કે ભોગવવાની ક્રિયા બધા એકરૂપ થઈ ગયા છે. એ મારું જ રૂપ છે. જાણવું અને જાણનાર અને જાણવા જેવી વસ્તુ બધું એક થઈ ગયું. શાસ્ત્રનો ઉપદેશ ભૂલી ગઈ છું. વાંચવું-રટવું બધું ભ્રમ છે. કોણ ગુરુ ને કોણ ચેલો ?

પૂર્ણ આનંદની ગાગર લઈને પનઘટના પંથે નીકળી છું.

સંસારની આસક્તિરૂપી ચૂંદડી ફેંકીને હું તે જ પરમ તત્ત્વરૂપ બની ગઈ - સોઽહં બની ગઈ.

## વિવરણ

'અબ મૈં ભઈ' માં મૈં એટલે જીવ અને પિયા એટલે પરમાત્મા-પ્રાણપ્રિય પતિ-પ્રિયતમ. સ્ત્રી પુરુષને પરણે એટલે પ્રિયતમ પતિ બને અને સ્ત્રી એની પત્ની-વધૂ - પ્રિયતમા બને. સાધક અને પરમાત્મા વચ્ચેનો આ પ્રિયા-પ્રિયતમનો ભાવ એ ઊંચી કક્ષા સૂચવે છે. અવધૂતી આનંદમાં આવા ભાવો અનેક વાર ગવાયા છે.

- **ચલો સખીરી ! પિયાસે મિલને, વો નાથ હમકો બુલા રહા હૈ ।**
- **વગડામાં વાસો શીદ કીધો ઓ નાથ ! કેમ રીસાયા ?**

- **બાલમ આજો મારે દેશ, મારો જોબન બીથો જાય !**
- **દુઃખિયારી નાર, પિયુ તુજ કાજે રે !**
- **નવ સૂઝે કામ, કંથ વિદેશે રે !**
- **ભયી મતવાલી પિયાકે દીદાર પાયે.**
- **આ ભજનનો ભાવ 'મી ગેલેં ચમકન હોતા જ્ઞાન'**

**અંજની ગીત (ગુ.લી.અ.૧૨૨)માં સુંદર રીતે વર્ણવ્યો છે.**

આ પ્રિયતમ-પ્રિયતમા, પતિ-પત્નીના સંબંધમાં પત્નીનો શરણભાવ છે. એ પતિની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે છે અને તેથી પતિનો-પ્રિયતમનો હાથ પકડતાં જ મસ્ત બનીને-નિર્ભય થઈને - ફરે છે. શરણાગતિમાં પ્રિયતમા-સ્ત્રી જ્યારે પ્રિયતમને-પુરુષને વરમાળા પહેરાવે છે ત્યારે એ મારું રક્ષણ કરશે એવો વિશ્વાસ ધરાવે છે. ગોપ્તૃત્વવરણની જેમ ભક્ત ભગવાનને રક્ષકના રૂપમાં વરણ કરે છે, પસંદ કરે છે.

શરણાગતિમાં પહેલા અહં તસ્યૈવ-હું તેનો જ છું-હું હરિનો એ ભાવ. પછી અસૌ મમૈવ-એ મારા જ છે. હરિ મમ રક્ષક - અને છેલ્લે અહં સઃ આવે - હું તેજ છું. પછી ગુરુ કોણ ને ચેલો કોણ ?

ભગવાન સાથે -પરમ તત્ત્વ સાથે -વ્યક્તિ પરણે એટલે મસ્તીમાં આવી જાય અને લોકલાજ છોડીને જગતરૂપી બજારમાં-હાટમાં ફરવા માંડે છે. પૂ.બાપજી લખે છે :

**હાટ બજાર ફીરું મતવાલી, લોગલાજ સબ ત્યાગી રે... ગુરુ ચરન.**

શરણાગતિમાં પોતાનુ ંસર્વસ્વ પ્રિયતમને સમર્પણ થઈ જતું હોય છે. એને અત્ર તત્ર-સર્વત્ર અને સર્વમાં પ્રિયતમના-પ્રાણનાથના જ દર્શન થાય છે. આ સાધકની મસ્તી છે. આવી મસ્તી મળવી સસ્તી નથી.

પરમાત્મા સ્વરૂપ પ્રિયતમના દર્શન થવાથી દ્વૈતબુદ્ધિનો નાશ થાય છે અને અદ્વૈત બુદ્ધિ આવે છે. દ્વન્દ્વાતીત બની જવાથી રાત-દિવસનો ભેદ રહેતો નથી. દેશ-પરદેશનો ભેદ રહેતો નથી. પ્રિયતમ જોડે હોવો જોઈએ બસ ! બીજું કાંઈ નહિ. પૂ.બાપજી ભક્તિની સમજ આપતાં લખે છે :

**ભક્તિ હરિપ્રેમ અજોડ હો પંથી !**
**હરિ વિણ બીજું દિલને ન ભાવે,**
**હરિગમ સઘળી દોડ હો પંથી !**



ભગવાન સાથે લગ્ન થતાં જ - અદ્વૈત બુદ્ધિ થતાં - નાત, ગોત્ર વગેરે સંબંધો રહેતા નથી. માગણનો વેષ લીધો એટલે દુન્યવી વસ્તુની ભીખ માગતી માગણ નથી. એ તો પ્રિયતમના દિવ્ય પ્રેમની ભિક્ષા માગતી માગણ છે. દુનિયા પાસે કદી ન માગનાર અને કશું ન માગનાર અવધૂતે પણ ભિક્ષા તો માગી જ છે, પણ શાની ? અને કોની પાસે ?

**ભિક્ષા ૐ દે મા પારવતી, જેથી આત્મામાં થાય રતિ.**

મા પારવતી પાસે બ્રહ્મવિદ્યાની ભિક્ષા માગી છે. આખી રાત પરમાત્માના-પ્રિયતમના ગુણગાન ગાવામાં જ જાગતી રહે છે. જગતની લાજ-મર્યાદા બધી છોડી દીધી છે. જગતને કોણ ઓળખે છે ? જગત કોનું થયું છે તે આવા સાધકનું થવાનું છે ?

કઠણ અને કારમી સાધનાને અંતે આત્મસાક્ષાત્કાર કરનાર યોગી માટે-નિર્વિકલ્પ સમાધિનો આનંદ અનુભવતા - યોગી માટે - જાગૃતિ, સ્વપ્ન કે સુષુપ્તિ એવી ત્રણ અવસ્થા નથી. એ ત્ર્યવસ્થાતીત છે. હર્ષ-શોકના દ્વંદ્વથી પર છે. હવે ધર્મના બાહ્યાચારની કોઈ જરૂર નથી. પૂ. ડોંગરે મહારાજ એવું દૃષ્ટાંત આપતાં કે જેનો પતિ પરદેશ ગયો છે, એની સ્ત્રી પતિની ગેરહાજરીમાં પતિના ફોટાની પૂજા કરશે, આરતી ઉતારશે અને પ્રાર્થના કરશે. હવે એ પૂજા કરતી હોય ત્યારે આરતી ઉતારતી વખતે જ પતિ પરદેશથી આવી બારણે ઊભો રહે તો પત્ની પતિના ફોટાની આરતી ઉતારીને પતિ પાસે જશે કે તરત જશે ? જીવતો પતિ સામે ઊભો હોય પછી એના ફોટાની શી જરૂર ? એ જ રીતે પરમાત્મા સાથે લગ્ન થઈ જાય પછી સ્મરણ, જાપ, શાસ્ત્રના વાચનની શી જરૂર ? એ બધા તો સાધન છે. સાધ્ય સિદ્ધ કરવા પૂરતું સાધનાની જરૂર પડે. જેવું સાધ્ય સિદ્ધ થઈ જાય કે સાધનો નકામા થઈ પડે.

સંસારની આસક્તિરૂપી ચુંદડી ફેંકી દઈને, લોકલાજ-શરમ છોડી દઈને પૂર્ણાનંદે-આત્માનંદે - સભર બની સોહંની ગર્જનાથી ગગનને ઘેરીને એ જગતરૂપી પનઘટ પર ફરે છે. પનઘટ પર સંસારી ફરે અને સ્વાનંદ સમ્રાટ ફરે એ બેમાં ફેર છે. સ્વામી દયાનંદજીની એક રમૂજી વાતથી ચર્ચાને વિરામ આપીએ. એક ભાઈને ત્યાં રસોઈ કરવા માટે મહારાજ રાખ્યો હતો. રસોઈ કરતાં કરતાં ગીત ગાય. એક દિવસ મહેમાને પૂછ્યું કે, આ કોણ ગાય છે ? ઘરના માલિકે કહ્યું, રસોઈ કરનાર મહારાજ ગાય છે. પછી તો એ મહારાજે સંગીતના વર્ગો ભર્યાં અને મોટો સંગીતકાર બન્યો. ગામ-પરગામ કાર્યક્રમ આપતો થયો. એની નામના થઈ ગઈ. આમ છતાં મૂળ માલિકના ગામમાં કાર્યક્રમ

આપવા આવે તો રાત્રે સંગીતનો કાર્યક્રમ આપે, પણ સવારે માલિકને ત્યાં રસોઈ કરવા જાય. રસોઈ કરતાં કરતાં એ શાસ્ત્રીય ગીત ગાતો હતો ત્યારે પેલા જ મહેમાન આવ્યા અને એણે પૂછ્યું કે, કોણ ગાય છે ? માલિકે જવાબ આપ્યો કે, રાત્રે સંગીતનો કાર્યક્રમ આપનાર સંગીતકાર રસોઈ બનાવી રહ્યા છે. આવો ફેર પડે બસ !

❖❖❖

## ભજન (૧૮)

## યહ ઘર નહીં તેરા

(રાગઃતિલક કામોદ; તાલઃત્રિતાલ)
(બન જા હરિદાસા હરિદાસા - એ રાહ)

**યહ ઘર નહીં તેરા નહીં તેરા; સમજ સમજ મન મેરા. ...ધ્રુ.**

**[૧]ચીંટી કહે ઘર મેરા મેરા, [૨]મુસા કહે ઘર મેરા;**
**[૩]ખટમલ કહે ઘર મેરા મેરા, ઈંટમિટ્ટિકા [૪]ઢેરા. ...યહ૦ ૧.**

**જટા બઢાયા મુંડ મુંડાયા, કહે મઠ મેરા મેરા;**
**ચેલાચાટી [૫]ગંજ જમાયા, સબ અંધેરે ઘેરા. ...યહ૦ ૨.**

**તેરા તો ક્યોં જાત અકેલા? કહાં સુત બાંધવ ચેરા?**
**દો દિન જગમેં કરત બસેરા, આખિર મરઘટ ડેરા! ...યહ૦ ૩.**

**[૬]ચિડીયા ખેત [૭]ચુગાયા સારા, મર મર કષ્ટ ઉઠાયા;**
**દિવસ રૈના સબ ખેલ ગુમાયા, રંગ અંત પસ્તાયા! ...યહ૦ ૪**

૧. કીડી. ૨. ઉંદર. ૩. માંકણ. ૪. ઢગલો. ૫. ખૂબ. ૬. ચકલાં. ૭. ચરી ગયાં.

❖❖❖

## અર્થ

હે મારા મન ! તું સમજી લે કે આ ઘર તારું નથી, તારું નથી.

કીડી (ચીટી) કહે કે આ તો મારું ઘર છે અને ઉંદર (મુસા) કહે કે આ તો મારું ઘર છે. માંકણ (ખટમલ) કહે કે, અરે ! આ તો મારું ઘર છે. પણ આ ઘર તો ઈંટ



અને માટીનો ઢગલો માત્ર છે.

જટા વધારી, માથે મૂંડન કરાવ્યું અને પછી કહે છે કે, આ મઠ તો મારો છે, મારો છે. દાસ દાસીનું લશ્કર ખડકી દીધું. બધાંને અંધારાએ ઘેરી લીધા છે.

જો આ (ઘર) તારું જ હોત તું એકલો શું કામ જાય છે ? તારા દીકરા, ભાઈ, શિષ્યો બધા ક્યાં છે ? જગતમાં બે દિવસ રહીને અંતે તારે સ્મશાનમાં કાયમી તંબુ તાણવાનો છે.

મહેનત કરી કરીને, મરી મરીને કષ્ટ ઊઠાવીને તૈયાર કરેલું ખેતર ચકલાં ચરી ગયાં. રાત-દિવસ આખી જિંદગી સંસારની રમતમાં વીતી ગઈ અને અંતે જીવ પસ્તાયો.

❖❖❖

## વિવરણ

નાનપણમાં આપણે 'આંધળાનો પાટો' એવી રમત રમતાં હતાં. એક વ્યક્તિને આંખે પાટા બાંધી, એના હાથમાં લાકડી આપી, થોડે દૂર મૂકેલા માટલાને એણે લાકડી મારીને ફોડવાનું હોય છે, પરંતુ પહેલા એને ગોળ ગોળ ફેરવવામાં આવે છે અને પછી, એને માટલું ફોડવા જવા દેવામાં આવે છે. મોટે ભાગે વ્યક્તિનું પહેલું ડગલું જ એવી ખોટી દિશામાં ભરાય છે કે હવે એ માટલું ફોડી શકશે નહિ એમ પ્રેક્ષકોને જણાય છે. એ લાકડી મારે છે ત્યારે એવી ખોટી જગાએ મારે છે કે બધા પ્રેક્ષકો ખડખડાટ હસી પડે છે.

બસ ! સંતો પણ આપણી જીવન-પ્રવૃત્તિ જોઈને આ રીતે જ હસતા હશે. આપણે પહેલેથી જ ખોટી દિશામાં ડગલા ભરીએ છીએ. ઈશ્વર ખૂબ ચતુર છે. એણે અંતરમાં પરમાત્માને-આનંદને –રાખ્યા પરંતુ ઈન્દ્રિયો બહિર્મુખી બનાવી. આપણી આંખો બહારનું જુએ, અંદરનું જોવાની વૃત્તિ જ ન થાય. કાન બહારનું જ સાંભળે. એને અંતરનાદ સાંભળવાની ઈચ્છા જ ન થાય. જીભ જીવનભર બોલ બોલ કર્યા કરે, એને મૌન રાખવાનું ગમે જ નહિ. હવે આવું બહિર્મુખ જીવન જીવનાર પરમાત્માના દર્શનરૂપી માટલું કેવી રીતે ફોડી શકે ?

ઈન્દ્રિયો અંતર્મુખ થઈ પરમાત્માનું અનુસંધાન કરે એ સુખ કહેવાય એમ પૂ. બાપજી કહે છે. પૂ. બાપજી કહે છે કે :

**સુસ્થાનિ અન્તર્મુખાનિ આત્મકેન્દ્રાણિ ખાનિ ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત સુખમ્ ।** (અમર

આદેશ. પાન-૩૧ આવૃત્તિ : છઠ્ઠી)

પૂ. બાપજીના કેટલા ભજનોમાં અંદર જોવાની વાત છે, પણ એ પંથે ચાલવાનું આપણને ગમતું નથી. ઉપનિષદ કહે છે કે :

**અયમાત્મા પ્રવચનેન ન લભ્યઃ ।** અને છતાં આપણને પ્રવચન કરવામાં જ આનંદ આવે છે. પૂ. બાપજી કહે છે કે :

**ભાષણં ભષણં વિદ્ધિ ચિત્તસ્વાસ્થ્ય પ્રહારકમ્ ।**
**સભા ભાસો વૃથા લોકે તસ્માત્ જાગૃહિ જાગૃહિ ॥** (બોધમાલિકા. શ્લોક-૭)

ભાષણ ભસવું જાણ તું, ચિત્ત શાન્તિહર જેહ,
સભા ભાસ ખોટો જગે, માગે જાગ સદેહ.

અન્તર્મુખ બનવાની વાત કરતાં કેટલાક ભજનો જોઈએ :

- પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ?
- અંદર ગોતા લગાવ પ્યારે !
- મન મરજીવા ! છે મોતી અમુલખ એક અંતર-સાગરે...
- ગાજે અતિશે ઘેરો, અંતરનાદ અનેરો.
- તં તનનન વાગે અજાયબ તંબૂરો.

આ ભજનમાં પૂ. બાપજી આપણી ગેરસમજ દૂર કરીને સાચી સમજ આપે છે. એમની વાત સમજીને જીવીશું તો બેડો પાર છે. આ ઘર (મકાન) અને દેહરૂપી ઘર પણ તારું નથી. ''ઈસ ભવ સાગરમેં ઈક બંગલા, તીન ખંબ દસ દ્વાર''માં શરીરને જ બંગલો કહ્યો છે. આ શરીર પણ તારું નથી, નાશવંત છે અને જે ઘરમાં કુટુંબ કબીલા સાથે તું રહે છે તે પણ તારું નથી. તારી સાથે કોઈ આવવાનું નથી, કશું આવવાનું નથી.

શ્રીગુરુલીલામૃતમાં તો આવા અનેક દોહરા છે.

**વિદ્યુચ્ચલ લક્ષ્મી બધી, જીવન ક્ષણભંગુર,**
**જ્યાંનું ત્યાં રહે સગું, આખર કાળે દૂર.**
**કોની સ્ત્રી ? કોના સુતો ? કોનો આ પરિવાર ?**
**કોના કિંકર દાસીઓ ? ક્ષણિક રાજ્યભંડાર.** (અ. ૧૨. દો. ૭૦, ૭૧)
**ઊભું રહે ઘર જ્યાં સુધી, રહે મોજથી જાણ,**
**માંકડ ચાંચડ ઉંદરો, નાસે પડતાં માન.**



**સ્ત્રી પુત્રાદિક તેમ આ રહે આશથી પાસ,**
**મરતાં ક્ષણ પણ ના ઠરે, દે ફૂંકી જ્યમ ઘાસ.**
**થતાં પરાધીન રોગથી કહે, મરે તો ઠીક,**
**બોલાવ્યાં બોલે નહિ, પ્રીત દુન્યવી ધીક્,**
**કૂતરા સમ ટૂકડો આપે ખાવા જાણ,**
**છોડી વાગ્બાણો અહા, વીંધે મર્મસ્થાન.** (અ.૪૦.દો.૭૨,૭૩,૭૬,૭૭)

પરંતુ માણસ જાતે જ ખોટા પ્રયત્નોનું જાળું ગૂંથી એમાં ફસાય છે. દર્દ અંદર થયું છે અને ઓસડ ઉપર કર્યું, તો દર્દ કેવી રીતે મટે ? જટા વધારવી, મૂંડન કરાવવું, મઠ બાંધવા, ચેલા-ચેલી ઊભા કરવા આ બધા માયામાં ફસાવવાના ધંધા છે, માયાથી છૂટવાના નહિ. સાચો સંત આશ્રમ કે મઠ બાંધતો નથી. એની મૂર્તિ મૂકવા દેતો નથી. સ્વામી પ્રકાશાનંદજી સરસ ઉદાહરણ આપતાં કહે છે કે, એક ગામમાં નગરશેઠ રહેતા હતાં. એનો દીકરો તીવ્ર વૈરાગ્ય ઉપજવાથી ઘર છોડી હરિદ્વાર જતો રહ્યો. એક સંતના મઠમાં ગયો અને સંન્યસ્ત લેવાની વાત કરી. સંન્યસ્ત આપતા પહેલાં મઠાધિપતિએ એને મઠની મિલકતો અને ત્યાં રહેતાં સાધકોનો પરિચય કરાવ્યો. આ તારા ગુરુભાઈ છે, આ ગુરુકાકા છે વગેરે વગેરે. બધું જોયા પછી નગરશેઠના દીકરાને થયું કે, મારા પિતાનું ઘર અને આ સંન્યાસીના મઠમાં શું ફેર છે ? એ પોતાના ઘરે જતો રહ્યો.

મઠાધિપતિઓનો એકબીજા સાથે કેવો વ્યવહાર હોય છે ? સ્વામી પ્રકાશાનંદજી કહે છે કે, એક માણસે કૂતરાને લાકડી મારી. કૂતરાને ભગવાને વાણી આપી. એણે લાકડી મારનારને શ્રાપ આપ્યો કે, ''જા, આવતા જન્મે તું તીર્થક્ષેત્રનો મઠાધિપતિ બનજે''. પાસે ઊભી રહેલી એક વ્યક્તિને નવાઈ લાગી. એણે કૂતરાને પૂછ્યું કે, તેં આને શ્રાપ આપ્યો કે આશીર્વાદ ? કૂતરાએ કહ્યું કે, શ્રાપ આપ્યો. એ મઠાધિપતિ થાય પછી બીજા મઠાધિપતિ સાથે લડેને તે જોજો. અમારા કૂતરાં કરતાં પણ ખરાબ રીતે લડશે.

વાત હસવામાં કહી છે, પણ એને ગંભીરતાથી લેવાની છે. જો જીવનને અંતે પસ્તાવું ના હોય તો ઘરની, શરીરની, કુટુંબની માયા છોડી સત્કર્મમાં લાગી પડવું. માનવતાની મહેંકવાળાં કામો કરવા. દીન-દુઃખિયાના આંસુ લૂછવાં અને નામસ્મરણ કરીને આત્માનું કલ્યાણ કરવું. ચકલાં ખેતર ચરી જાય પછી જાગવાનો શો અર્થ ? મોટા મોટા આશ્રમો, ચેલા-ચેલી, શ્રીમંત ભક્તો, વૈભવભર્યો જીવન વ્યવહાર લોકોને આંજવા માટે જરૂરી છે, પરંતુ એનાથી પરમાત્મા તો સો જોજન દૂર જતો રહે છે. ભવ્યતા આવે પણ દિવ્યતા આવતી નથી. દૈવીસંપત્તિ વગર બીજું નકામું છે.

❖❖❖

## ભજન (૧૯)
## બન જા અવધૂતા

**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**બન જા અવધૂતા અવધૂતા, શોકમોહઅતીતા. ...ધ્રુ.**

**કર્તા ભર્તા હર્તા સાહેબ, ક્યોં મૂરખ મન રોતા?**
**દેહભરોંસા મત રખ પ્યારે, ક્યોં આલસમેં સોતા? ...બન૦ ૧.**

**પાંચ તત્ત્વકા બના પીંજરા, ભીતર ચેતન તોતા;**
**આપ કરમસે આપ બંધાયા, પલ રોતા પલ હંસતા. ...બન૦ ૨.**

**દૂર દેશ હૈ તેરા પ્યારે, ક્યોં ગાફિલ જગ ફિરતા?**
**ઔર ફેંસલા છોડ નિકમ્મા, સાંસ સાંસ હર સ્મરતા. ...બન૦ ૩.**

**ભૂત ભૂતકો દે દે પ્યારે, કલકી મત કર ચિંતા;**
**રામભરોંસે કાજ છોડ કર, નિજાનંદ રસ પીતા. ...બન૦ ૪.**

**કામ ક્રોધ સંગત દુર્જનકી, માનામાનઅતીતા;**
**ચોરી ચાડી નિંદા જારી છોડ, [૧]મુડ ભગવંતા. ...બન૦ ૫.**

**[૨]આપ મારકે આતમ પાલે, બન જા હક ઘરકા બંદા;**
**ફંદ છોડ દે અન્ય ફકીરા, રંગ ધૂલકા ધંધા! ...બન૦ ૬.**

૧. ભગવાન તરફ પાછો વળ. ૨. અહંકાર.

❖❖❖

## અર્થ

તું શોક અને મોહથી પર (અતીત) થઈને અવધૂત બની જા. આ સૃષ્ટિનો કર્તા-ભર્તા અને હર્તા-સર્જન, સંવર્ધન અને સંહાર કરનાર પરમાત્મા છે. હે મૂરખ! તું શું કામ રડે છે ? હે ભાઈ ! દેહનો ભરોસો રાખીશ નહીં. તું આળસુ બનીને કેમ સૂતો છે ?



તારું દેહરૂપી પિંજરું પાંચ તત્ત્વોનું-પંચમહાભૂતનું – બન્યું છે અને એમાં આત્મારૂપી પોપટ સૂતો છે. એ પોપટ પોતાના કર્મથી પોતે બંધાય છે અને કોઈ ક્ષણે હસે છે અને કોઈ ક્ષણે રડે છે.

હે ભાઈ ! તારે જ્યાં જવાનું છે એ સ્થળ-દેશ-ખૂબ દૂર છે. પછી જગતમાં કેમ બેફિકરો થઈને ફરે છે? બીજી બધી વાતના નકામા નિર્ણયો લેવામાં સમય બગાડવાને બદલે શ્વાસે શ્વાસે ભગવાનનું નામસ્મરણ કર.

ભૂતકાળ પંચભૂતના શરીર પર છોડી દે અને કાલની-ભવિષ્યની – ચિંતા કરવાનું છોડ. રામભરોસે બીજા બધા કામ છોડીને નિજાનંદનો રસ પી-આત્મક્રીડ થા.

કામ, ક્રોધ, દુર્જનનો સંગ, ચોરી, ચાડી, નિંદા, યારી છોડીને માન-અપમાનથી પર થઈ તું અંતર્મુખ થા, ભગવાન તરફ પાછો વળ.

અહંકાર મારીને તું આત્માનું દર્શન કરી લે. તું ઈશ્વરનો પરમ ભક્ત બની જા. ફકીર તરીકેના બીજા દંભ-ડોળ-ફંદા છોડી દે. એ બધામાંથી કશું પ્રાપ્ત થવાનું નથી-વ્યર્થ પ્રયત્નો છે-સંસારી-દુન્યવી વાતો ધૂળનો ધંધો છે.

❖❖❖

## વિવરણ

પૂ.શ્રી બાપજી પોતે તો અવધૂત હતા અને આપણે-એમના સંતાનો પણ અવધૂત બનીએ એવું ઈચ્છતા હતા. સંન્યસ્તમાં કુટિચક, બહૂદક, હંસ અને પરમહંસ એમ ચાર પ્રકાર છે. આ ચારેથી પર એવો અવધૂત આશ્રમ એ પાંચમો આશ્રમ છે.

આ ભજનમાં પહેલી જ લીટીમાં પૂ.બાપજીએ અવધૂત થવું એટલે શું ? એ સમજાવી દીધું છે.

બન જા અવધૂતા, અવધૂતા, શોક મોહ અતીતા.

શોક અને મોહથી પર થઈ જવું એટલે અવધૂત બનવું એવો અર્થ છે. શોક અને મોહ બે જોડે રહે છે. શોક હંમેશા ભૂતકાળને લગતો હોય. જે થઈ ગયું તેને યાદ કરીને દુઃખી થવાની આપણને ટેવ છે. છોકરાએ પ્રેમલગ્ન કર્યાં, જે માતા-પિતાને મંજૂર ન હતાં. તો લગ્ન પછી એને ત્યાં સંતાનો થયા બાદ પણ માતા-પિતા અફસોસ કરતા હોય છે, શોક કરતા હોય છે.

મોહને કારણે વ્યક્તિની બુદ્ધિ વિવેકપૂર્ણ રહેતી નથી, એ કિંકર્તવ્યમૂઢ બની જાય છે. આ પરિસ્થિતિમાં જે કરવું જોઈએ એનાથી બીજું જ એ મોહને કારણે કરે છે. શ્રીગુરુલીલામૃતમાં મોહ સમજાવવા માટેનું કપોત-કપોતીનું સરસ ઉદાહરણ છે. પારધીની જાળમાં પોતાનાં બચ્ચાંને સપડાયેલા જોઈ, કપોત અને કપોતી પણ જાળમાં પડે છે. એના જાળમાં પડવાથી શું થયું ? આમ, મોહ વ્યક્તિને સારા-નરસાની વિવેકબુદ્ધિથી વંચિત કરી દે છે.

શોક અને મોહ એ આપણા હૃદયમાં રહેલા આનંદના સાગરને બહાર પ્રગટ થવા દેતા નથી. પૂ.બાપજી એક ભજનમાં લખે છે કે :

**શોક મોહ સંતાઈ જાતાં આનંદ અર્ણવ રેલે રે,**
**આપમહીં સમરસ થઈ સાધો આપ વિશે નિત ખેલે રે... નામ સુધા.**

ઘણા શ્રીમદ્ ભગવદ્ ગીતાને મોહનો નાશ કરવાનું શાસ્ત્ર ગણે છે. શરૂઆતમાં મોહગ્રસ્ત અર્જુન યુદ્ધ કરવાની ના પાડે છે, પણ ભગવાન શ્રીકૃષ્ણ એનો નિર્ણય ખોટો છે એવું સમજાવી યુદ્ધ કરવા પ્રેરે છે. ત્યારે અર્જુન કહે છે કે, મારો મોહ નાશ પામ્યો છે અને મને મારી સ્મૃતિ મળી છે.

બંને સેનાની વચ્ચે મારો રથ ઊભો રાખો એમ કહેનારો અર્જુન મોહવશ સગા-સંબંધી સાથે યુદ્ધ કરવાની ના કહે છે. એણે કરેલી દલીલો સુંદર છે, પણ એ બધી દલીલો પાછળ મોહ કારણભૂત છે. પ્રથમ અધ્યાયના અંતમાં અર્જુન કહે છે કે, મારે લડવું નથી. શોકથી ઉદ્વિગ્ન મનના અર્જુને આમ કહીને બાણ સહિત ધનુષ્યને ત્યજી દીધાં અને રથના પાછળના ભાગમાં બેસી ગયો.

ગીતાના બીજા અધ્યાયના બીજા જ શ્લોકમાં ભગવાન કહે છે :

**કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।**
**અનાર્યમજુષ્ટમસ્વર્ગ્યમકીર્તિકરમર્જુન ॥**

હે અર્જુન, તારા જેવા શૂરવીરને આ સમયે વિષાદ માટે અયોગ્ય એવો મોહ રણભૂમિમાં ક્યાંથી થયો ? કારણ કે ન તો આ શ્રેષ્ઠ પુરુષોએ આચરેલો છે, ન તો સ્વર્ગ આપનારો છે કે ન તો યશ આપનારો છે.

મોહ અને શોક માનવીના મહાન શત્રુ છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :



**વિષયેચ્છુને સર્વદા પીડે રાગદ્વેષ,**
**મોહ શોક શ્રમાદિથી થાય અંતરે કલેશ.**

**ભયશંકાથી ના કદિ આવે નિદ્રા એમ,**
**અનવસ્થિત મન જેહનું, સદા અસુખી તેમ.** (અ.૯.દો.૩૭-૩૮)

જે થઈ ગયું, જે બદલાવાનું નથી અને જેમાં આપણું કશું ચાલતું નથી એ વાતને ડાહ્યા માણસો સ્વીકારી લે છે અને પામર સંસારી શોક કરી બડબડાટ કરે છે.

પૂ. બાપજી પછી ભજનમાં કહે છે કે, પરમેશ્વર પરમાત્મા જ સર્જન કરે છે, સંવર્ધન કરે છે અને સંહાર કરે છે. તારાથી કંઈ થઈ શકતું નથી. પછી તું શું કામ રડે છે ? શોક કરે છે ? પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**ધાર્યું તુજથી થાએ જીવડાં, કાં ન કરે તું રાજ ?**
**અભિમાન રાખી મૂરખ મન, કાં વણસાડે કાજ ? ધાર્યું ધરણીધરનું થાય.**

માણસને શોક મોહ કેમ થાય છે ? કારણ કે તે દેહને સર્વસ્વ સમજે છે. દેહભરોસો રાખે છે અને દેવભરોંસો છોડી દે છે. પછી પોતાનું ધાર્યું ન થાય ત્યારે શોક કરે છે. ખરેખર નિમિત્ત બનીને ભગવાનનું કામ કરવાનું છેને !

પછી પૂ.બાપજી જીવનની ફિલસૂફી સમજાવે છે. તને મળતા સુખદુ:ખ એ તારાં જ કર્મોનાં ફળ છે. માટે તે તારે હસતાં-હસતાં ભોગવવા જોઈએ. સુખી થવું હોય તો કર્મ કરતી વખતે વિચાર કર. **પૂ.પ્રેમ અવધૂતજી** આના સંદર્ભમાં એક સરસ દૃષ્ટાંત આપે છે. એઓશ્રી કહે છે કે, દસ-બાર વર્ષની છોકરીને એની માતાએ કહ્યું કે, તું ઘઉં વીણીને દળાવવા મૂકી આવ. પછી રમજે. છોકરીને રમવાની ઉતાવળ હતી એટલે ઘઉં જોયા ન જોયાં અને દળાવવા મૂકી આવી. બીજે દિવસે જમવા બેઠી તો રોટલીમાં કાંકરી આવી. એણે માતાને ફરિયાદ કરી કે, બા ! રોટલીમાં કાંકરી ! એની બાએ એટલું જ કહ્યું કે, ઘઉં વીણતી વખતે કાળજી રાખી હોત તો ફરિયાદ કરવાની ના આવત. આપણે પણ કર્મો કરતાં સાવધાની રાખીએ, સત્કર્મ કરીએ તો પછી એનું ફળ-સુખ આપણને મળે.

આ શરીર પંચમહાભૂતનું બનેલું છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ મહાભૂતો છે. આ સ્થૂળ શરીર એક પિંજરું છે. એમાં જીવરૂપી પોપટ રહેલો છે. જ્યાં સુધી આ જીવરૂપી પોપટ રહે ત્યાં સુધી જ શરીરરૂપી પિંજરાની કિંમત છે. આ

ચેતન જતું રહેતા જ શરીરને બાળી દેવામાં આવે છે. આ જીવરૂપી પોપટ શરીરરૂપી પિંજરામાં પોતાના કર્મોને કારણે જ પુરાયો છે. કર્મનું ફળ સુખ-દુઃખ છે. સુખ મળે ત્યારે જીવ હસે છે, દુઃખ પડે ત્યારે જીવ રડે છે. આમ, જીવ પોતાના કર્મથી જ બંધનમાં આવી-જન્મી-સુખદુઃખ ભોગવે છે. સુખદુઃખ અન્ય વ્યક્તિ આપે છે. એવી સમજનું કારણ કુબુદ્ધિ છે. સુખદુઃખ મારા કર્મોનું ફળ છે એ સાચી સમજ છે અને તેથી માનવીએ કર્મો કરતાં પહેલાં વિચારવું જોઈએ અને સારાં કર્મો જ કરવાં જોઈએ.

જગતમાં જન્મીને જીવે જન્મમરણની પરંપરાથી છૂટવા માટે શ્વાસેશ્વાસે હરિસ્મરણ કરવું જોઈએ. જગત છોડીને એક દિવસ જવાનું છે. એટલે જગતના મોજ-શોખ, વિલાસ-વૈભવમાં ના ફસાતાં પોતાનું મોક્ષપ્રાપ્તિનું ધ્યેય હાંસલ કરવા સાવધાનીપૂર્વક પ્રયત્નો કરવાના છે. ધ્યેયને ભૂલી જઈ, બેદરકારીમાં રહી જીવન આડેધડ પૂરું કરવાનું નથી.

સામાન્ય રીતે આપણે વર્તમાનને આનંદથી જીવતાં નથી. ક્યાં તો જે થઈ ગયું તેનો-ભૂતકાળનો — શોક કરીએ છીએ અથવા હવે પછી જે થવાનું છે તેની-ભવિષ્યની — ચિંતા કરીએ છીએ, શું થશે એની બીકમાં ફફડીએ છીએ. આ બંને વાત ખોટી છે. એમ સમજાવતાં પૂ.બાપજી કહે છે કે, ભૂતકાળ પંચભૂતને સોંપી દે - ભૂતકાળને સોંપી દે અને આવતી કાલની ચિંતા છોડી દે. રામને ભરોંસે જીવ અને નિજાનંદની મસ્તી માણ, પરંતુ રામમાં-ઈષ્ટદેવમાં—ભરોસો આવે કેવી રીતે ? કાલ્પનિક ભ્રમમાં જીવી નિજાનંદની મસ્તી ખોનારો મૂર્ખ નથી તો શું છે ?

આ જગતમાં રહીને સાંસારિક પ્રવૃત્તિમાં ગળાડૂબ રહેવાની વૃત્તિ એ દુઃખી થવાનો માર્ગ છે. માન મળે તો રાજી રાજી થવું. અપમાન થાય તો દુઃખી દુઃખી થવું એનો અર્થ નથી. માન મળે તો શું અને અપમાન મળે તો શું ? આ બંનેની ઉપર થઈ જવાથી જ સાચું સુખ મળે છે. આંતરિક દુશ્મન એવા કામ, ક્રોધ, લોભને ત્યજીને બહારના દુશ્મન એવા દુર્જનનો સંગ છોડીને માણસે દૈવી સંપત્તિરૂપ અહિંસા, દયા, પ્રેમ વગેરેનું સેવન કરવું જોઈએ. ચોરી, ચાડી-ચૂગલી, નિંદા અને પરસ્ત્રી પ્રત્યેનો પ્રેમ (જારી) છોડીને ભગવાન તરફ વળી જવું જોઈએ.

હું કોણ છું ? હું ક્યાંથી આવ્યો છું ? મારે શું કરવાનું છે ? હું શું કરી રહ્યો છું ? અને મારે ક્યાં જવાનું છે ? એ પ્રશ્નો રોજ રોજ વિચારવા જોઈએ. આવું ચિંતન જ જીવને જગત તરફથી વિમુખ કરી જગન્નાથ તરફ વાળશે.

છેલ્લે અવધૂતજી કહે છે કે, અહંકારનો નાશ કર-આપ મારકે-ભગવાનની પ્રાપ્તિ



કરી લે. વ્યક્તિ-જીવ પોતે જ પરબ્રહ્મ છે. અહંકારને કારણે એ બંધનમાં આવે છે અને એમાંથી બધી ખોટી પ્રવૃત્તિ શરૂ થાય છે. વ્યક્તિ જો અહંકારનો નાશ કરે તો મૂળનો નાશ થતાં જેમ ઝાડ નાશ પામે તેમ જીવ અવિદ્યામાંથી મુક્તિ પામે. અભિમાન છોડી, ભગવાનનો ઉપાસક-ભગવાનનો પરમ ભક્ત બની જા. આ સંસારના સુખદુઃખ માટેની દોડધામ દ્વારા શું મળવાનું છે ? એનાથી જે મળે છે તે નાશવંત-ક્ષણભંગુર છે અને જન્મમરણની પરંપરાને મજબૂત બનાવે છે. એ તો ધૂળનો વેપાર છે.

"ધૂલકા ધંધા" એટલે મહેનત માથે પડે એવી પ્રવૃત્તિ. પાણીમાં વલોણી ફેરવવાથી માખણ નીકળતું નથી. રેતીને પીલવાથી તેલ મળતું નથી. તેમ આ સંસારની પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહેવાથી જીવનું કલ્યાણ થાય એવું કશું મળતું નથી.

સ્ત્રી, પુત્ર, પૈસો કોઈ મરણ અટકાવતું નથી. જેને માટે અવળા ધંધા કરીને કમાણી કરી તે પુત્ર અને સ્ત્રી અંત ઘડીએ દુશ્મન થઈને બેસે છે. આવું થાય તે પહેલાં ચેતીને જે પોતાના કલ્યાણનો પંથ પકડે તે ભાગ્યશાળી. "સગા-સંબંધી સહુ સ્વારથના" એ શાસ્ત્રની શીખ યાદ રાખીને જીવએ.

❖❖❖

## ભજન (૨૦)
## મનુવા, હરિ ભજના

**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**મનુવા, હરિ ભજના, હરિ ભજના, કૂડકપટ સબ ત્યજના. ...ધ્રુ.**

**ક્ષણભંગુર યહ દેહ સમજ કર, [1]દેહી મનમેં લાના;**
**ઘર ઘર જાકે [2]અલખ જગાના; [3]કૂફર ભૂત ભગાના. .મનુવા૦ ૧.**

**સબસે હિલમિલ જગમેં રહના, મનકા સંગ છુડાના;**
**'મૈં-મેરા' યહ દ્વૈત ભુલાના, અદ્વૈતાતમ ધ્યાના. .મનુવા૦ ૨.**

**ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના;**
**શીતલ વચનામૃતધારાસે, દુઃખિયન દુઃખ મિટાના. .મનુવા૦ ૩.**

**મરકે અમૃત હોના સાંઈ, જીવત્ સમાધિ લેના;**
**અનહદ બંસી મધુર બજાના, અનલહક્ક મુખ ગાના! .મનુવા૦૪.**
**અહં જલાકે ભસ્મી ધરના, જમઘર અડંગ લગાના!**
**ત્રિગુણભેદ ત્રિશૂલ પકડકે [૪]રંગાગમન મિટાના!!.મનુવા૦૫.**

**૧. આત્મા. ૨. પરમાત્માના અનિર્દેશ્ય સ્વરૂપનો બોધ કરવો. ૩. નાસ્તિકતા; ઈશ્વર વિષે અવળા ખ્યાલો. ૪. આવાગમન.**

❖❖❖

## અર્થ

હે માનવી ! હરિનું ભજન કર, હરિભજન કર. કૂડકપડ બધાં છોડી દે. આ દેહને ક્ષણભંગુર-નાશવંત-સમજીને આત્માનો વિચાર કર. ઘેર ઘેર જઈને પરમાત્માના અનિર્દેશ્ય સ્વરૂપનો બોધ કર અને ઈશ્વર વિશેના અવળા-નાસ્તિક-વિચારોરૂપી ભૂતને ભગાડી મૂક.

જગતમાં બધાંની સાથે હળીમળીને રહેજે અને મનનો સંગ છોડજે. 'હું અને મારું' એ દ્વૈત ભૂલી જઈને અદ્વૈત એવા આત્માનું ધ્યાન ધરજે.

ચંદનની જેમ જાતે ઘસાઈ જઈને જગતમાં સુગંધ ફેલાવજે. મીઠાં અને શાંતિ આપે એવા શીતલ વચનોરૂપી અમૃતની ધારાથી દુઃખીના દુઃખ મટાડજે, દૂર કરજે.

હે ભાઈ ! મરીને અમર થવું કે જીવતે જીવ સમાધિ લેવું એવું જીવજે. શ્વાસે શ્વાસે સોહંની અનાહત નાદની મીઠી વાંસળી વગાડજે અને મુખથી હું બ્રહ્મ છું, હું ઈશ્વર છું એવું ગાન ગાજે.

અહંકારને બાળીને ભસ્મ કરી દેજે અને યમરાજના ઘર પર અડીંગો જમાવજે. ત્રિગુણરૂપી ત્રિશૂલને વશ કરીને જન્મમરણનો-આવાગમનનો - ફેરો ટાળજે.

❖❖❖

## વિવરણ

આ ભજનમાં જીવનનું લક્ષ્ય શું હોવું જોઈએ તે છેક છેલ્લી લીટીમાં જણાવ્યું છે અને એ લક્ષ્ય સિદ્ધ કરવા માટે શું કરવું જોઈએ તે અંગેની સમજ આખા ભજનમાં



આપી છે.

માનવજીવનનું લક્ષ્ય મોક્ષ-મુક્તિ હોવું જોઈએ. જન્મમરણની પરંપરા ટળી જાય એ લક્ષ્ય હોવું જોઈએ. પૂ.શ્રીના ભજનોમાં આ વાત અનેકવાર કહેવાઈ છે.

- **ભવભયહારક શ્રીહરિ પ્રણમું વારંવાર,**
  **જન્મમરણ ટાળી વિભો કરો શીઘ્ર ભવપાર.**
- **ભજન કેફથી સાન ભૂલાવું, વિધવિધ રંગ રમાડું રે,**
  **મારી અમર મોક્ષપદ આપું, આવગમન મટાડું રે - મન મૂરખ.**
- **રંગ જ્ઞાન વિણ મોત ટળે ના, નિર્ભય કેમ થવાય ?**
  **મોહમૃત્યુ એ સૂત્ર સનાતન, અનુભવથી તરાય - જે જાયું તે જાય.**
- **મનમેં મક્કા મનમેં કાશી, મનમેં સાલેમ ભાઈ,**
  **આતમગંગા મલમલ ન્હાઈ જન્મમરણ મિટ જાઈ... તીરથ કહાં જાના.**
- **ભભ્ભા ભાવભક્તિનું નામ ન તુજમાં, શું થશે ?**
  **ભવદુઃખડું તે કેમ મટે તુજ પેખ જો. (ગુજરાતી કક્કો)**
- **વંદે અત્રિકુમારં ત્રિભુવન ભર્તારં,**
  **જનિમૃતિસંસૃતિકાલં તાપત્રયહારં... જય જય જય ગુરુદેવ (આરતી)**

આ લક્ષ્યને આપણે કદી આપણું લક્ષ્ય બનાવતા નથી. એટલે ધન મળે, પત્ની મળે, પુત્ર મળે એમાં આનંદ-આનંદ અને એ જાય ત્યારે દુઃખી-દુઃખી. ભગવાન ન મળ્યા, ભગવાનની ઝાંખી પણ ન થઈ એનું આપણને કોઈ દિવસ દુઃખ થતું નથી. પુત્ર કે પત્નીના મૃત્યુ વિશે રડનારાએ વિચારવું જોઈએ કે એક દિવસ હું પણ મરવાનો છું તો મરતા પહેલાં જન્મમરણનો ફેરો ટળી જાય એવું કરી લઉં. નરસિંહ મહેતાએ પત્ની મરી જતાં ગાયું કે :

**ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.**

પ્રભુ પ્રાપ્તિના લક્ષ્યાર્થી માટે સંસારનું સુખ એ વિઘ્નરૂપ છે. સુત, દારા કે ધનવૈભવ એ મેળવવા જેવી વસ્તુ નથી. સંત સમાગમ અને હરિકથા મેળવવા જેવી વસ્તુ છે. સંત તુલસીદાસ કહે છે :

**સુત દારા અરુ લક્ષ્મી પાપીકે ભી હોય ।**
**સંત સમાગમ હરિકથા તુલસી દુર્લભ દોય ॥**

પણ આપણને જન્મમરણના ફેરાને ટાળવાની ક્યાં તાલાવેલી છે ? એવી ક્યાં તમન્ના છે ?

ભજનની શરૂઆતમાં પૂ. બાપજી બે વાત કરે છે : (૧) હે ભાઈ ! હરિનું નામસ્મરણ કરજે. (૨) કૂડકપટને ત્યજજે. અક્ષરગીતામાં પૂ.બાપજી લખે છે :

**ઔષધં ભગવન્નામ વૈદ્યો કારુણિકો ગુરુઃ ।**

**સંસારરોગનાશાય પથ્યઃ સાધુ સમાગમઃ ॥**

**ભવની ભાવટ ભાંગવા ઓસડ હરિનું નામ,**

**વૈદ્ય દયાળુ સદ્‌ગુરુ ચરી સુસંગ અકામ.**

પહેલું તો વારે વારે જન્મવું અને મરવું-જન્મમરણનો ફેરો - એ રોગ છે. આ ભવરોગનું અચૂક ઓસડ ભગવાનનું નામ છે. આ ઓસડ-દવાનું સેવન કરતી વખતે ચરી-પરેજી પાળવાની હોય છે. દુર્જનનો સંગ છોડી, સજ્જનનો સંગ કરવો. કૂડ કપટ છોડી સરળ અને નિખાલસ થવું એ પરેજી છે. આમ દવા આપી પરેજીનું સૂચન કરનાર વૈદ્ય સદ્‌ગુરુ છે.

ચરી પાળવામાં ન આવે અને ઓસડ-દવા લેવામાં આવે તો એની માઠી-અવળી - અસર (Re-action) થવાની પૂરેપૂરી શક્યતા છે. પૂ.શ્રીએ આ વાત એકથી વધુ વાર ભજનમાં કરી છે.

- **મન છોડ દે કપટ, હરિપદ ભજરે...**
- **તું તો દત્ત દિગંબર ભજને રે,**
  **કૂટકપટ મનનાં સહુ ત્યજને રે...**

પરંતુ માનવીનું મન એવું છે કે તેને કપટ-નિંદામાં ખૂબ મઝા આવે છે. મુ. સુમનકાકા-ભજન ભાસ્કર-કહેતા કે પૂ.બાપજી કહે કે, તમારું મન કેવું ? તો કે હાથી જેવું. આવું સાંભળીને આપણું મન ફૂલાઈ જાય પણ પછી પૂછીએ કે બાપજી ! હાથી જેવું કેમ કહો છો ? ત્યારે પૂ.બાપજી કહે કે હાથી બે-ત્રણ કલાક નદીમાં ન્હાય, પછી બહાર આવે એટલે પહેલું કામ સૂંઢથી શરીર પર ધૂળ નાંખવાનું કરે-હતા તેવાને તેવા. તેમ તમે લોકો પણ ભજનમાંથી ઊઠો કે તરત સંસારની વાતો-કૂડકપટથી હતા તેવા ને તેવા થઈ જાવ છો. ધીરે ધીરે મન દૈવીસંપત્તિવાળું થવું જોઈએ અને તો પછી હરિનું કરેલું સ્મરણ ફળ આપે.



આપણો દેહાધ્યાસ ભારે છે. આપણે જેટલો વિચાર દેહનો કરીએ છીએ તેટલો વિચાર એ દેહમાં રહેલા આત્માનો-દેહીનો - કરતા નથી. 'હું દેહ છું' એ ગેરસમજ આપણા મનમાં જડબેસલાક બેસી ગઈ છે, તેથી સ્વજનનું મૃત્યુ આપણને અકળાવે છે. દેહનું મહત્ત્વ છે પણ હું દેહ નથી એ વાત મનમાં પાકી થવી જોઈએ. ઘરેણાંનું મહત્ત્વ છે, ઘરેણાની પેટીનું નહિ. દેહ નાશવંત છે, દેહ સહુ દુઃખનું મૂળ છે અને દેહ ગંદો છે એ સત્યનું સતત સ્મરણ કરીને અવિનાશી, આનંદ સ્વરૂપ અને પવિત્ર એવા આત્માનું ચિંતન કરવું જોઈએ.

આત્માનું કલ્યાણ ઈચ્છનારે પત્ની, પુત્ર, પૈસા વગેરેનો સંગ ધીરે ધીરે ઓછો કરવાનો હોય છે. કહેવાયું છે કે,

**ત્યજેત્ એકં કુલસ્યાર્થે ગ્રામસ્યાર્થે કુલં ત્યજેત્ ।**

**ગ્રામમ્ જનપદસ્યાર્થે આત્માર્થે સમષ્ટિં ત્યજેત્ ॥**

"દુનિયામાં દુનિયાથી ન્યારો"નો અર્થ જ એ છે કે સંસાર માંડ્યો તો બધાની વચ્ચે રહેવાનું પણ બધાને મનમાં નહિ બેસાડવાના. પૂ.આથવલેજી લખે છે કે, યાજ્ઞવલ્કય પણ આપણા જેમ શ્રીખંડ અને કઢી ખાતાં, પરંતુ જમ્યા પછી કોગળો કરે તેની સાથે જ શ્રીખંડ અને કઢી મનમાંથી નીકળી જતાં જ્યારે આપણા મનમાં કઢીનો સ્વાદ રહી જાય અને કહીએ કે તે દિવસની તમારા ઘરની કઢીનો સ્વાદ હજી ભૂલાતો નથી.

જે માણસ આત્મચિંતન દ્વારા પોતાના કલ્યાણના પંથે પરવર્યો છે, તેમણે ઘરે ઘરે જઈને-પોતાના સંપર્કમાં આવનારાને પણ — આ રસ્તે દોરવા જોઈએ. લોકસંગ્રહનું કાર્ય કરી બીજાને પણ કલ્યાણના પંથનો ખ્યાલ આપવો જોઈએ. નાસ્તિકતા દૂર કરી આસ્તિકતાનું વાતાવરણ ઊભું કરવામાં એણે મદદરૂપ બનવું જોઈએ.

હવે પૂ.અવધૂતજી ખૂબ જ મહત્ત્વની વાત કહે છે.

તેઓ કહે છે કે હે ભાઈ ! બધા સાથે હળીમળીને રહેજે. જેમ પાણી બધામાં ભળી જાય છે, તેમ તું બધામાં ભળી જજે. પરંતુ આ વાત સહેલી નથી. માણસમાં રહેલો અહંકાર તેને સરળ અને પ્રેમાળ બનવા દેતો નથી. "**સરળ બનવું અઘરું છે.**" વ્યક્તિ અહંકાર છોડી નમ્ર બને અને ગર્વ છોડી બધાનું ગૌરવ કરે ત્યારે જ હળીમળીને રહી શકે.

**પૂ.અવધૂતજી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :**

**વદે દત્ત : સૂણ ભૂપ હે ! નિર્મલ સલિલ સમાન,**
**રહેવું રાખી અંતરે સ્નેહ સર્વ પર માન.**
**પક્ષાપક્ષીથી કદિ થાવું ન કડવું તેમ,**
**હળીમળીને ચાલવું, સદા સર્વથી એમ.**
**મિષ્ટ સુધા સમ બોલવું, હિતમિત અંબુ સમાન,**
**પ્રાણીમાત્ર પર રાખીને, સ્નેહ અંતરે માન.**
**સ્વચ્છ મધુર જળ જોઈને દોડે લોકો જેમ,**
**જાણ મિષ્ટ ભાષણ થકી થાય સર્વ વશ એમ.** (અ.૫૩.દો.૧,૨,૪,૫)

હળીમળીને રહેવા માટે મનને સમજાવવું પડે. મન કહે તેમ ન કરતાં, કરવા જેવું હોય તે કરવા મનને સમજાવવું. "થોડું બોલો, મીઠું બોલો." "મીઠું બોલો એનો અર્થ એ નથી કે, સત્ય ન બોલો. **પૂ.પ્રેમ અવધૂતજી** કહે છે કે : સત્ય કડવું હોતું નથી, સત્ય કહેવાની રીત કડવી હોય છે. કહ્યું છે કે :

**"અંધાને અંધો કહીએ તો, કડવાં લાગે વેણ,**
**ધીમે રહીને પૂછીએ "શાથી ખોયા નેણ ? "**

મીઠી વાણી વ્યક્તિને વશ કરે છે. **આંખમાં અમી, તો દુનિયા ગમી. પણ જીભમાં અમી, તો દુનિયા નમી."**

પરંતુ આ બધામાં આડો આવે છે અહંકાર. "અહં"ની વિશિષ્ટતા જુઓ. સ્વર 'અ' થી શરૂ કરીને વ્યંજનના છેલ્લા અક્ષર 'હ' સુધીના બધા અક્ષરોને પોતાનામાં સમાવી લે છે. અહંને છોડતાંની સાથે જ મોક્ષ છે. મોક્ષ આકાશમાં કે પાતાળમાં નથી, પરંતુ અહંકારનો નાશ એ જ મોક્ષ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે :

**ન મોક્ષો નભસઃ પૃષ્ટે ન પાતાલે ન ભૂતલે ।**
**અજ્ઞાનહૃદયગ્રન્થેર્નાશો મોક્ષ ઈતિ સ્મૃતઃ ॥**

**પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :**
**મોક્ષ ન સ્વર્ગે ના કદિ પાતાળે એ જાણ,**
**ભૂમંડલ આકાશમા ંના એ નિશ્ચય માન.**
**અહંકાર મારી રહે તચ્ચિત્તે એ જાણ,**



**અહંકાર ક્ષય મોક્ષ એ, ના બીજો તું માન.** (અ.૧૫.દો.૧૬૫-૧૬૬)

"હું અને મારું" એ અહંકારમાંથી જન્મે છે અને એમાંથી જ ભેદદષ્ટિ જન્મે છે. બધા જ અનર્થનું મૂળ છે. આ ભેદદષ્ટિ દૂર કરવી અઘરી છે એમ જણાવતાં પૂ.શ્રી લખે છે :

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈક્યજ્ઞાનથી રંગ પાર થઈ જાય. (દત્તદશક)**

બધામાં રહેલો આત્મા એક જ છે એવું જ્ઞાન થાય તો જ જન્મમરણનું ચક્કર બંધ થાય.

હું અને મારું ભૂલીને બધામાં રહેલા એક આત્માનું ચિંતન કરવું. દેહ જુદા છે પણ એ દેહમાં રહેલો આત્મા એક જ છે. જુદા જુદા ઘરમાં લાઈટ, A.C., ટીવી વગેરે ચાલે છે, પણ એ બધામાં રહેલી વીજળી - વીજળીનો પ્રવાહ તો એક જ છે.

માણસે બીજાને ઉપયોગી થવું જોઈએ. બીજાને માટે પરોપકારાર્થે ઘસાઈ જઈને ઉજળા થવાની વૃત્તિ રાખવી જોઈએ. પોતાને માટે તો બધા જ જીવે છે, બીજાને માટે જીવે તે સંત. કહેવાયું છે કે :

**સરવર, તરવર, સંતજન ચોથા વરસે મેહ**
**પરમારથ કે કારણે ચારો ધારે દેહ.**

સરોવર પોતાનું પાણી પોતે પીતું નથી, પરંતુ બીજા પીએ તે માટે પાણીનો સંગ્રહ કરે છે. ઝાડ પોતાના ફળ પોતે ખાતું નથી, પણ બીજા ફળ ખાએ તે હેતુથી સાચવી રાખે છે. આકાશ સાગર પાસેથી પાણી માગે છે અને વાદળોમાં રહેલું પાણી વરસાદરૂપે વરસાવી પૃથ્વીના લોકોની તૃષા છીપાવે છે. આમ, બીજા માટે જીવવું એ જ જીવન કહેવાય. આપણે ભલે યોગી ન બની શકીએ પણ ઉપયોગી તો બની જ શકીએ. એટલે જ કહેવાયું છે કે :

**તરુવર કબહુ ન ફલ ભખે, નદી ન પીવે નીર ।**
**પરમારથકે કારણે સન્તન ધરે શરીર ॥**

ચંદનને જેમ જેમ ઘસીએ તેમ તેમ એ સુગંધ ફેલાવે છે. ભોગવીને નહિ પણ ત્યાગીને સુગંધ પ્રસરાવવાની રીત સંતો શીખવે છે. એક શ્લોકમાં કહ્યું છે કે :

**ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનશ્ચન્દનં ચારુ ગંધમ્**
**છિન્નં છિન્નં પુનરપિ પુન સ્વાદુ ચૈવેક્ષુદંડમ્ ।**

**દગ્ધં દગ્ધં પુનરપિ પુનઃ કાંચનં કાન્તવર્ણમ્**
**નો પ્રાણાન્તે પ્રકૃતિર્વિકૃતિર્જાયતે હ્યુત્તમાનામ્ ॥**

અર્થાત્ ચંદનને જેમ જેમ ઘસીએ તેમ તેમ સુગંધ ફેલાવે છે, શેરડીને જેમ જેમ પીલીએ તેમ તેમ મીઠો ને મીઠો રસ આપે છે, સોનાને જેમ જેમ તપાવીએ તેમ તેમ સુંદર પીળાવર્ણનું બને છે. ખરેખર ઉત્તમ માણસો પ્રાણાન્તે પણ જાત ઘસીને ઉજળા થવાનો પોતાનો સ્વભાવ છોડતા નથી.

વળી, પૂ. બાપજી કહે છે કે, માણસે સામા માણસના મનને ઠંડક આપે એવી અમૃત સમાન વાણી બોલવી જોઈએ અને એવી વાણીથી દુઃખિયાના દુઃખી મનને ઠંડક આપવી જોઈએ ને પછી એના દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવા જોઈએ. કાગડો અને કોયલ બંને કાળા છે પણ વાણીથી જ એમનો ભેદ પરખાય છે. સુભાષિતકાર કહે છે :

**કાકઃ કૃષ્ણઃ પિકઃ કૃષ્ણઃ કો ભેદો કાકપિકયોઃ ।**
**વસંતસમયે તુ કાકઃ કાકઃ પિકઃ પિકઃ ॥**

સંત વાણી છે કે :

**કાગે કીસકા ધન હરા કોયલ કીસકો દેત ?**
**મીઠી બાની સૂનાઈકે જગ અપના કર લેત ।**

માણસ બોલે છે એના પરથી એના કુળ અને જાતિનો પરિચય થાય છે. તેથી જ સુભાષિતમાં કહ્યું છે કે :

**યદા યદા મુંચતિ વાક્ય બાણં તદા તદા જાતિકુલપ્રમાણમ્ ।**

થોડું બોલો, મોડું બોલો, મીઠું બોલો, હિતકારી બોલો. મિતભાષી બનો, મિષ્ટભાષી બનો.

વાણીમાં નિરાશ વ્યક્તિમાં ઉત્સાહ જગાડવાનું જોર છે અને સાથે સાથે વ્યક્તિને આપઘાત કરવા માટે પ્રેરવાનું પણ બળ છે. દ્રૌપદીએ જો વાણીનો સંયમ જાળવ્યો હોત અને રાજસૂયયજ્ઞમાં દૂર્યોધનને 'આંધળાના છોકરા પણ આંધળા જ હોય'' એવું વાક્બાણ ના માર્યું હોત તો કદાચ મહાભારત ના સર્જાયુ હોત.

સંતે જીભ ઉપર સંયમ રાખવાનો છે. એ જીભ ઉપરનો સંયમ કેવળ ખાવા પૂરતો નથી, પણ બોલવા અંગે પણ છે. ગમે તેવું બોલવાથી ઈશ્વરની સંવાદિતા ખોરવાય છે અને કડવી વાણીથી સામી વ્યક્તિને થયેલું દુઃખ કડવી વાણી બોલનારને દુઃખી કરીને



જંપે છે અને પછી સંવાદિતાને મૂળરૂપે લાવે છે.

અહંકારનો ત્યાગ કરીને-મરી જઈને - અમર થવાનું છે. સોહંના અનાહતનાદની મીઠી બંસી બજાવતાં બજાવતાં ''હું બ્રહ્મ છું'' એનું ગાન કરવાનું છે.

ભજનની આ પંક્તિથી દિશા બદલાય છે અને લક્ષ્યની સિદ્ધિ તરફ સીધી ગતિ થાય છે. અત્યાર સુધી જે કરવાનું કહ્યું તે જન્મમરણનો-આવાગમનનો - ફેરો ટાળવા માટેની શરૂઆતની પ્રક્રિયા છે, સાધના છે. પરંતુ સાધના કરતાં કરતાં, પ્રગતિ થાય એટલે બાહ્ય સાધનો છોડી આંતરિક સાધનોને કાર્યરત કરવાના છે. જ્ઞાનકાંડમાં પૂ.શ્રી લખે છે કે મૂળે બંધન જ નથી -તો પછી મોક્ષની મુક્તિની વાત જ ક્યાં ? આમ છતાં અવિદ્યાજનિત બંધન પણ ભારે અનર્થ પેદા કરે છે. એટલે એને દૂર કરવા અંતરાભિમુખ થવું પડે જ. અવધૂતી આનંદમાં અનેક જગાએ આમ અંતરાભિમુખ થવાનું પૂ.શ્રીએ ગાયું છે.

- **અંદર ગોતા લગાવ પ્યારે ! અંદર ગોતા લગાવ.**
- **ખેલે આપહિ આપ અકેલા, આત્માનંદ ઉજાસ,**
  **ડાઘા દૂઈકા રહા ન દિલમેં, નિર્ભય વો અવિનાશ...લાખોમેં કોઈ...**
- **આંખ મીચી પાછું ભાળો, ત્યાગો ધોળો, પીળો, કાળો,**
  **મળી રહેશે અંતે તાળો, મૂકો રંગ ઘોંઘાટ... વસમી છે વાટ**
- **જે દેહ મૂકીને દોડે છે, અભ્યંતર મુખને મોડે છે,**
  **ભવબંધન તે નર તોડે છે... સુણ ચતુર સુજાણ.**
- આપણા શરીરમાં થતા દસ પ્રકારના અનાહત નાદ સાંભળતાં સાંભળતાં વ્યક્તિને પોતે જ ઈશ્વર છે, બ્રહ્મ છે એવું - અહં બ્રહ્માસ્મિનું જ્ઞાન થાય એ જ મુક્તિ છે અને એનાથી જ જન્મમરણનો ફેરો ટળી જાય છે. આ સ્થિતિ બાહ્ય સાધનાની મદદથી આંતરિક સાધના દ્વારા પ્રાપ્ત કરવાની છે. આ બધામાં અહંકાર આડે આવે છે. એ અહંકારનો નાશ થાય તો પછી - લક્ષ્યની સિદ્ધિ થઈ જાય. સત્ત્વ, રજસ અને તમસ્ એ ત્રણ ગુણોથી પર થઈ જવાથી માણસ જન્મમરણના ચક્કરમાંથી છૂટી જાય છે.

આ ભજનમાં ભગવાનના નામસ્મરણથી શરૂઆત કરી પૂ.બાપજી અહંકારના નાશ દ્વારા અને ગુણાતીત થઈને મુક્તિનું લક્ષ્ય સિદ્ધ કરવાની સમજ આપે છે. આને હેત્વનુંસંધાન કહે છે. આપણે પણ આ દિશામાં ગતિ કરીએ, પ્રગતિ સાધીએ અને માનવજીવનને સફળ બનાવીએ એ જ પ્રાર્થના.**તું તારી દિશા બદલ, તારી દશા બદલાઈ જશે.**

❖❖❖

## ભજન (૨૧)
## બનજા દિવાના દિવાના
(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)

બન જા દિવાના દિવાના, અસલ ફકીરી *બાના. .ધ્રુ.

ઝંઝટ દુનિયા છોડ ઠગારી, કર [૧]બીચાંબાં થાના;
કંથા કૌપીન ઝોલી ઝંડા [૨]સૂટ, [૩]દિગંબર ધ્યાના. .બન૦ ૧.

ઔર કેફ કછુ કામ ન આવે, જ્ઞાનધતુરા ખાના;
[૪]શૌકશરાબે પીકર સાધો, સાંસ સાંસ હર ગાના. .બન૦ ૨.

સબસે હાં હાં કરના સાધો, કર અપને મન ભાના;
ચંદા સૂરજ તાલ બજા કર, જોગન નાચ નચાના. .બન૦ ૩.

કર્મ [૫]કિતાબાં કીચડ સાધો, કાંચન રામ સુહાના;
હાર ગલેમેં ખોજત બનમેં, ક્યા મૂરખ ક્યા સ્યાના! .બન૦ ૪.

ક્યોં રોના કહાં જાના ફક્કડ, ક્યા લેના ક્યા દેના?
[૬]મુડ અસલ ઘર અલખ જગાના, આવાગમન મિટાના! .બન૦ ૫.

રંગ બિરંગી લોગ [૭]જહાં કે, કાહે કોઉકો કહના?
શૂન્ય સમજ કર મસ્ત નશેમેં, સાક્ષી હોકર રહેના! .બન૦ ૬.

---

* ફકીરના વેષવાળો; (ફકીરની વાણી બોલનારો). ૧. જંગલ. ૨. ફેંકી દઇને.૩. નિરાવરણ; નિરંજન. ૪. ઈશ્વરી આનંદનો શરાબ. ૫. પુસ્તકો. ૬. વળવું. ૭. દુનિયાના.

❖❖❖



## અર્થ

હે ભાઈ ! તું રામનામમાં પાગલ બની જા અને ફકીરીનો સાચો મૂળ વેશ ધારણ કર. દુનિયાની છેતરપિંડીવાળી ઝંઝટ છોડીને જંગલમાં જઈને વાસો કર. કંથા કૌપીન, ઝોળી, ઝંડા જેવા બાહ્ય સાધનો છોડીને નિરાવરણ એવા આત્મ સ્વરૂપનું ધ્યાન કર અને માટે જ્ઞાનરૂપી ધતુરો ખાઈને તારી મસ્તીમાં જીવ. આને માટે બીજો નશો કામમાં આવતો નથી. ઈશ્વરીય આનંદનો શરાબ પીને શ્વાસે શ્વાસે પ્રભુનું નામસ્મરણ કર.

બધાની વાતમાં હા-હા કરવાની, પરંતુ કરતી વખતે આપણને જે યોગ્ય લાગે, જે ગમે તે જ કરવાનું. ઈડા-પીંગલા (ચંદા-સૂરજ) સાધીને, કુંડલિની જાગૃત કરી યોગ સાધના કર.

બાહ્ય કર્મો અને શાસ્ત્રનું વાચન એ તો કાદવરૂપ છે (એમાં ઊંડા ઉતરવું નહિ). પરંતુ રામનું નામ એ સોનું છે. (લઈ લેવા જેવું એ જ છે.) મૂરખ હોય કે ભણેલો-ડાહ્યો - હોય પરંતુ બધા ગળામાં હાર હોવા છતાં વનમાં શોધે છે.

હે ભાઈ ! શું કામ રડવાનું અને ક્યાં જવાનું ? શું લેવાનું ને શું આપવાનું ? તું મૂળ ઘર તરફ વળ અને અલખને આરાધીને જન્મમરણનો ફેરો ટાળ. દુનિયામાં તો ભાતભાતના લોકો રહે છે. કોઈને પણ શું કહેવું ? અને શા માટે કહેવું ? શૂન્યમાં સાક્ષીરૂપે રહીને મસ્ત નશાનો અનુભવ કર.

## વિવરણ

**ડોંગરે મહારાજ કહે છે કે "જગતને નહિ, જાતને સુધારો."** વ્યક્તિ પોતે સુધરી જાય તો પછી જગત બધું જગન્નાથમય જ દેખાય. પૂ. બાપજી એક ભજનમાં લખે છે કે :

**વાંચ વાંચ વિશ્વગ્રંથ વાંચવા જો ચાહના,**
**વાંચવું ન અન રહે, મીટે સમૂળ વાંછના.**

જગદ્ગુરુ શંકરાચાર્ય કહે છે કે : બ્રહ્મ સત્યં જગન્મિથ્યા । બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, પૂ. વલ્લભાચાર્ય કહે છે કે, આ સમગ્ર વિશ્વ વિષ્ણુમય છે. ગીતા પણ એમ જ કહે છે. પૂ.બાપજી ઉપરના ભજનમાં વિશ્વમાં બધે વિશ્વપતિ વિષ્ણુનાં દર્શન કરવા શું કરવું જોઈએ તે સમજાવતાં કહે છે કે :

**દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા,**
**મેઘધનુષ સપ્તમૂળ એક, રૂપ જૂજવાં... વાંચ વાંચ.**

તું તારી દૃષ્ટિ બદલ તો તને આ વિશ્વ વિષ્ણુમય જણાશે. આને માટે વ્યક્તિએ આંતરિક સાધના કરવી પડે. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણુના પંથે ચાલવું પડે. આપણી મુશ્કેલી એ છે કે, આપણે વાંચ્યા વગર પહેલે નંબરે પાસ થવું છે, મહેનત કર્યા વગર શ્રીમંત થવું છે. પૂ.શ્રી કહે છે કે, "મનુષ્યે તો વાવ્યા વગર લણવું છે. ભગવાનની આજ્ઞાથી તદ્દન વિરુદ્ધ રીતે વર્તવું છે અને સુખી થવું છે. ઝેર પીવું છે, અમૃતને નથી સેવવું ને અમર થવું છે. ભલા, એ કેમ બને ?" આ ભજનમાં પૂ.શ્રી આપણને શું કરવું અને શું ન કરવું એ બંને વાતો સમજાવે છે. સામાન્ય રીતે આપણે બાહ્યાચાર-સાધનાના બાહ્ય સ્વરૂપમાં - જ રચ્યા પચ્યા રહીએ છીએ અને સાધનાનું જે તત્ત્વ છે તે ખોઈ બેસીએ છીએ.

પૂ. બાપજી કહે છે કે, અસલ ફકીર-સાચા ફકીરનો વેશ ધરીને તું ભગવાન સ્મરણમાં પાગલ થઈ જા. દિવાનો થઈ જા. પાગલ પોતાની મસ્તીમાં જ ફરતો ફરે છે. સાચા ફકીરને કોઈ ચિંતા હોતી નથી. કહેવાયું છે કે :

**ફિકર સબ કો ખા ગઈ, ફિકર સબકી પીર,**
**ફિકરકી ફાકી કરે ઉસકા નામ ફકીર.**

આવા અસલ ફકીર થવું હોય તો શું શું છોડવું પડે ? સૌ પ્રથમ તો આ દુનિયાની ઠગારી ઝંઝટ છોડી દેવી પડે. સંસારનો સંગ છોડી દેવો પડે. કંથા, કૌપીન, ઝોળી અને ઝંડા જેવા બહારના પ્રતીકો છોડી દેવા પડે. ટૂંકમાં બહારથી ફકીરી નથી બતાવવાની, આંતરિક સાધના દ્વારા અસલ ફકીરી મેળવવાની છે. જંગલમાં એકલા રહેવાનું અને નિરાવરણ એવા ઈષ્ટદેવનું ધ્યાન ધરવાનું. આવી ફકીરી આગળ અમીરી પણ પાણી ભરે.

પોતાનું લક્ષ્ય શું છે તે યાદ રાખી એની સિદ્ધિ માટે મંડ્યા રહેવાનું. જ્ઞાન વિના મુક્તિ નથી એટલે જ્ઞાન-અનુભવ-જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. પૂ.શ્રી જ્ઞાનપ્રાપ્તિ માટેનો અને જ્ઞાનથી અજ્ઞાનના નાશનો ક્રમ બતાવતા શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**થતાં નાશ અજ્ઞાનનો, થાય મુક્ત નર જાણ,**
**વિના જ્ઞાન અજ્ઞાન એ થાએ નષ્ટ ન માન.**

સાચો મહાપુરુષ તે કે જેનામાં વિરક્તિ અને અનુરક્તિ બંને વસે.



**વિના શમાદિક જ્ઞાન ના પ્રગટે કદિએ એમ,**
**શમસંપત્તિ ના મળે, ચિત્તશુદ્ધિ વિણ તેમ.**

**ચિત્તશુદ્ધિ કર્મે નકી, પરંપરાથી એમ,**
**કર્મ જ્ઞાનોપયુકત એ, માટે કરવું તેમ** (અ.૩૪.દો.૧૦ થી૧૨)

આમ, સમજપૂર્વક નિષ્કામભાવથી કર્મ કરી, ચિત્તશુદ્ધિ કરવી. પછી વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ પ્રાપ્ત કરી, જ્ઞાન પ્રાપ્ત કરી અજ્ઞાનનો નાશ કરી મુક્તિ પ્રાપ્ત કરવી. ખરેખર તો જ્ઞાન આપણામાં હોય જ છે, પરંતુ એની આડે જે અજ્ઞાન હોય છે તેને જ ખસેડવાનું હોય છે. પૂ.શ્રી આ વાત સમજાવતાં લખે છે :

**શેવાળે છાયું દિસે, પાણી નિર્મળ જેમ,**
**સ્વાત્મા માયાછન્ન એ, શુદ્ધ સુખમય તેમ.**

**જ્ઞાનાભ્યાસે તેમ એ ખસેડતાં અજ્ઞાન -**
**માયાપડળ ખરી પડે, થાય સ્વાત્મનું ભાન.** (અ.૯.દો.૨૮ અને૩૦)

સાધના દ્વારા અજ્ઞાનને દૂર કરી જ્ઞાનાભ્યાસ દ્વારા સાક્ષાત્કાર કરવાનો છે, અનુભવ કરવાનો છે.

અષ્ટાંગ યોગ દ્વારા આત્મસાક્ષાત્કાર કરવાની પ્રક્રિયામાં ઈડા-પિંગલા અને કુંડલીનીની જાગૃતિ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ કરવાની છે. સમાધિ સુખમાં ઈશ્વરીય આનંદની મસ્તીમાં માણવા માટે શ્વાસે શ્વાસે ઈષ્ટદેવનું નામસ્મરણ કરતાં રહેવાનું છે.

સાધના એટલે સ્વદોષ શોધી અને સ્વદોષ સુધારવા પોતાની જાતને દોષમુક્ત કરતાં કરતાં પરમાનંદ સ્વરૂપ પરમાત્માનો અનુભવ કરવાનો છે.

આત્મા પ્રવચનથી પ્રાપ્ત નથી થતો. એ મન, વાણીથી પર છે એટલે એનું વર્ણન કરી શકાતું નથી, એનો અનુભવ જ કરી શકાય છે અને જેણે અનુભવ કર્યો છે એ આત્મસાક્ષાત્કારનો આનંદ માણે છે, પરંતુ વર્ણન કરી શકતો નથી. એની સ્થિતિ "ગૂંગાને જ્યોં ઘેબર ખાઈ ડકાર માત્ર દીખાઈ" ઘેબર ખાઈને ખુશ થયેલો ગૂંગો શું બોલે ? ઓડકાર ખાઈને આનંદ વ્યક્ત કરી શકે.

બાહ્યાચાર-કર્મઠપણું અને પુસ્તકિયા જ્ઞાનને મર્યાદા છે. આત્મસાક્ષાત્કારમાં એ બાધારૂપ છે. નામસ્મરણ એ જ મદદરૂપ છે. રામનું નામ સુવર્ણ-કાંચન છે. જ્યારે કર્મ-કીતાબ કાદવ-કીચડ છે. પછી પૂ. બાપજી ઉપનિષદના જ્ઞાનને એક લીટીમાં સમજાવે

નવા નવા સંબંધો બાંધવા નહિ, તૂટેલા ધાગા સાંધવા નહિ.

છે કે, હાર ગળામાં છે અને વ્યક્તિ શોધે છે જંગલમાં. તો એને હાર ક્યાંથી મળે ? આત્મા આનંદસ્વરૂપ છે અને સંસારી બહારની વસ્તુમાંથી, વિષયોમાંથી આનંદ મેળવવાનો પ્રયત્ન કરે છે તો એ ક્યાંથી સફળ થાય ?

પૂ. બાપજી એક ભજનમાં લખે છે :

**પ્રભુ પરખ્યા હૃદે જેણે ફરે ભમતો જગે શાને ?**
**પીધું આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને ?**

જેને નિજાનંદની મસ્તી છે તેને આનંદ માટે બાહ્ય સાધનોની જરૂર નથી. એ જ ભજનમાં પૂ.બાપજી લખે છે :

**ન શોધે મોર ચિતારો કદિ પિક રંગ તંબૂરો,**
**કૃતાકૃતથી પરે બેસી નિહાળે ખલ્કની રો-રોં.**

**ખુશામત માળીની કદિ ના કરે વસંત વનમાળી,**
**નિજાનંદે ફરે અવધૂત દઈને મોતને તાળી.**

ભગવાન અંતરમાં બેઠેલો છે અને આપણે શોધીએ છીએ બહાર.

ઈશ્વરની કરામત એવી છે કે એણે આપણી ઈન્દ્રિયો બહિર્મુખી રાખી છે. આંખ બહારનું જુએ છે. અંદરનું જોવા માટે સાધના જરૂરી છે. કાન બહારના અવાજો સાંભળે છે. અંતર્નાદ સાંભળવા સાધના જરૂરી છે. આનંદ વિષયોમાં છે એવું માની મન ઈન્દ્રિયોને વિષયો તરફ વાળે છે. અંતરનો આનંદ માણવા અંતર્મુખી થવું પડે અને એને માટે સાધના જરૂરી છે.

પૂ.બાપજી 'દ્વારકાના ડિમ ડિમ' નામના પ્રવચનમાં કહે છે કે :

"ઈન્દ્રિયોનો પ્રવાહ સામાન્ય રીતે બહિર્મુખ જ હોય છે અને તેથી જ તે સર્વ સુખનિધાન આત્માને જોઈ શકતી નથી. પણ એનો પ્રવાહ એટલે તદનુગમન કરતી ચિત્તની વૃત્તિઓ ચિત્ તરફ-ચૈતન્યસાગર પ્રભુ તરફ-વાળી એમાં લીન થાય કે જીવાત્મા ચૈતન્યસ્વરૂપ આનંદસ્વરૂપ જ બની જાય છે."

જન્મમરણના ચક્કરમાંથી છૂટવા-આવાગમન ટાળવા માટે અંતરાભિમુખ બની પોતાનું મૂળ સ્વરૂપ-મૂળ ઘર- વિશે મનન કરવાની જરૂર છે. વ્યક્તિ એક વાર મૂળ ઘરની શોધ કરી લે પછી એને રડવાનું રહેતું નથી કે કોઈ જગાએ જવાની વૃત્તિ પણ થતી નથી.



એ આત્મતૃપ્ત-આત્મક્રીડને પછી કાંઈ જ કરવાનું રહેતું નથી. આપણે પ્રવૃત્તિ કરીએ છીએ-બાહ્ય દોડાદોડી કરીએ છીએ તેનું મૂળ કારણ એ જ છે કે, આપણને આપણામાં કાંઈ ખૂટે છે, કશાની ઉણપ છે એવું લાગે છે. આ ઉણપ પૂરવાની દોડધામ ક્યાંથી આનંદ આપે ? આપણે પોતે તો આનંદસ્વરૂપ જ છીએ. જેમ બરફનો ટૂકડો તરસ છીપાવવા પાણી શોધવા નીકળે તેવી આપણી સ્થિતિ છે. આ સ્થિતિને સમજાવતાં પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**બરફ ટૂકડો પ્યાસથી પાણી માટે ધાય,**
**ફરી પર્વત થાકતાં, દેખે જલમય કાય.**
**કોણ ? ક્યાંથી ? શું કરું ? શોધે સુખને એમ,**
**નિત્યમુક્ત પણ ભ્રાંતિથી ફરે ગાભરો તેમ.**
**નથણી લટકાવી ગળે, ભૂલી ભોળી જેમ,**
**થઈ નષ્ટ કહી રડે, અજ્ઞ આત્માર્થ તેમ.**
**બતાવતાં કંઠે લહે, કહે મળી આખર,**
**શાસ્ત્રે સ્વાત્મા જાણતાં, કૃતાર્થ ત્યમ પામર.**(અ.૧૫.દો.૧૭૯થી૧૮૩)

છેલ્લે પૂ.શ્રી શિખામણ આપે છે કે, આ દુનિયામાં લોકો તો જાતજાતના ને ભાતભાતના છે. એને કશું કહેવાની જરૂર નથી. કારણ કે કહેવાનો કોઈ અર્થ નથી. લોકોને તો પાણીમાંથી પોરા કાઢવાની ટેવ છે. દત્તનામસ્મરણમાં પૂ.શ્રી લખે છે :

**વદે સંયમે ષંઢ કામી જ ભોગે**
**મહામૂર્ખ દાને ન દે ક્ષુદ્ર લાગે ।**
**કરે ભક્તિ અંધો ન નાસ્તિક તાત**
**જુએ દોષ દુષ્ટો બધે આમ હન્ત ॥** (શ્લોક-૨૧)

હિન્દી કવિ કહે છે :

**કુછ તો લોગ કહેંગે । લોગોંકા કામ હૈ કહેના ।**
**છોડો બેકારકી બાતોં મેં કહીં બીત ન જાયેં રૈના ॥**

લોકોને તો બોલવાની ટેવ છે. સંયમથી જીવો તો કહેશે કે ભાઈ નપુંસક છે. સ્ત્રીઘેલા થશો તો પણ ટીકા કરશે. લોકો શું કહે છે એ સાંભળવાની ઈચ્છામાં તો ભગવાન રામ દુઃખી થયા. ધોબીના વેણ સાંભળી સીતાનો ત્યાગ કરવો પડ્યો.

તારે જે કરવું છે તે કર. યોગ દ્વારા શૂન્ય પ્રદેશમાં થઈ આગળ પ્રાણને લઈ જઈ સમાધિના નશામાં રહે અને સાક્ષી ભાવે રહે -

આ ભજનમાં પૂ.બાપજી અસલ ફકીરી અને તેની મસ્તી માણવાની વાત કરે છે. ''વાહ ફકીરી । કૌન અમીરી'' ભજનમાં આવા અસલ, સાચા, મસ્ત ફકીરની વિધવિધ સ્થિતિનું વર્ણન કરી અંતે કહે છે : ''બાહિર રંગ અનેક ધરે કિન, અંદર દેખત એક હિ હૈ ।'' બસ ! નિજાનંદની મસ્તીના નશામાં જીવવાનો આજ માર્ગ છે.

❖❖❖

## ભજન (૨૨)

## જો ચાહે સો કહેના, પ્યારે

**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**જો ચાહે સો કહેના, પ્યારે, જો ચાહે સો કહેના. ...ધ્રુ.**

**ના મૈં ન્હાતા ના મૈં ધોતા, ના મૈં તિલક લગાતા;**
**ના પઢતા ના જપતા સાધો, સ્વૈર મૌજ મેં ફિરતા! ...પ્યારે૦ ૧.**

**કાલી કંબલ ભગવી ચાદર, ઝોલી શ્વેત ટિંગાતા;**
**પંથ ભેખકી બાત ન જાનું, નિજાનંદમેં રહેતા! ...પ્યારે૦ ૨.**

**નિતનિત નૂતન ભોગ ભોગ કે [૧]બ્રહ્મચારી કહેલાતા;**
**નારીનરકે [૨]વસ્ત્ર ખીંચકે, દિવ્ય [૩]તનુ દિખલાતા! ...પ્યારે૦ ૩.**

**મુડદા જમકા કબર [૪]દુઈસે, કાઢ છાતીપે ચઢતા;**
**જંગલ બસ્તી દોનું છોડકે, જાકે મરઘટ સોતા! ...પ્યારે૦ ૪.**

**ઇશ્ક હકીકી પીકે પ્યારે, ઘોર અઘોરી બનતા;**
**ખાખ ખુદીકી દિલપે ચોળી, સોહં શંખ બજાતા! ...પ્યારે૦ ૫.**

**કોઇ દિન બમ્મન હોકે ફિરતા, બેદબચન સુનવાતા;**
**દાઢીમૂછ મુંડાકે કોઇ દિન, સુધ સંન્યાસી ભાતા! ...પ્યારે૦ ૬.**



**અનલહક્ક અહાલેક નિરંજન, કોઇ દિન બંદગી ગાતા;**
**ફતેહ ગુરુકી રંગ રંગકે, આતમ રૂપ દિખાતા! ...પ્યારે૦ ૭.**

**સબસે ન્યારા સબમેં પ્યારા, એક અનેક ભગાતા;**
**આખર જીવશિવકો પીકે, નિરાલંબમેં સોતા! ...પ્યારે૦ ૮.**

**૧. ઔપાધિક દૃષ્ટિએ અંતઃકરણની અનેકવિધ વૃત્તિઓરૂપી સ્ત્રીઓ સાથે નાના પ્રકારના ખેલ ખેલવા છતાં, આત્માના નિરુપાધિક અખંડ બ્રહ્મભાવમાં સાત્ત્વિક દૃષ્ટિએ જરાએ વિકાર કે ભંગ થતો નથી, તેથી એને નિત્ય બ્રહ્મચારી (બ્રહ્મમાં ફરનાર) કહ્યો છે. ૨. વાસનાઓ રૂપી આવરણ. ૩. સ્વરૂપ. ૪. દ્વૈત.**

❖❖❖

## <u>અર્થ</u>

હે પ્યારે ! તારે જે કહેવું હોય તે કહેજે, તારે જે કહેવું હોય તે કહેજે.

હું નહાતો નથી, ધોતો નથી, તિલક લગાવતો નથી. હે ભાઈ ! હે સાધો ! હું શાસ્ત્રાભ્યાસ કરતો નથી, જાપ જપતો નથી. હું તો મારી મોજ-મસ્તીમાં ફરું છું.

ખાંધે કાળી કામળી, ભગવી ચાદર અને ખભે સફેદ ઝોળી ભેરવીને ફરું છું. પંથ-વેષની વાત હું જાણતો નથી. હું તો નિજાનંદની મસ્તીમાં રહું છું.

રોજ રોજ નવા નવા ભોગ ભોગવું છું અને છતાં હું બ્રહ્મચારી છું એવું કહેવડાવું છું. પુરુષ-સ્ત્રીના વસ્ત્રો ખેંચી નાખીને એમને એમનું દિવ્ય શરીર બતલાવું છું.

જમરાજને દ્વૈતભાવરૂપી કબરમાંથી બહાર ખેંચી કાઢીને એની છાતી પર ચઢી બેસું છું.

જંગલ અને લોકોની વસ્તીવાળો પ્રદેશ બંને છોડી સ્મશાનમાં જઈને સૂઈ જાઉં છું. ઈશ્વરીય પ્રેમને પીને હું ઘોર અઘોરી બનું છું. અહંકારની રાખને દિલ પર ચોળી સોહંનો શંખ વગાડું છું.

કોઈ દિવસ બ્રાહ્મણ થઈને ફરું છું અને વેદવચન સંભળાવું છું, તો કોઈ દિવસ દાઢી-મૂંછ મુંડાવીને જ્ઞાની સંન્યાસી જેવો લાગું છું.

હું બ્રહ્મ છું. નિરંજન છું એવો પોકાર કરતો, કોઈ દિવસ બંદગી કરું છું. ગુરુની કૃપાથી ગુરુની વાહ-વાહ કરતો આત્મસ્વરૂપનું દર્શન કરાવું છું.

બધાથી જુદો-બધામાં પ્રેમ કરતો અનેકમાં એક આત્માનું દર્શન કરી દ્વૈતભાવ દૂર કરતો રહું છું. અંતે જીવ-શિવ બંને ભાવને દૂર કરી પરમેશ્વર પરમાત્મામાં-નિરાલંબમાં-દૃઢ સ્થિતિ રાખી રહ્યો છું.

❖❖❖

# વિવરણ

પૂ.બાપજીનું એક ભજન છે : "કહે દિવાના મુજકો યે દુનિયા, કહે દિવાના મુજકો." પરંતુ જગતે-જગતના લોકોએ - જે કહેવું હોય તે ભલે કહે. પરંતુ હું તો મને જે સાચું લાગે છે તે જ કરું છું અને કરવાનો છું. મનનો મક્કમ માણસ ભગવાનને સાથે રાખીને જ્યારે વિચારપૂર્વક નિર્ણય લે છે ત્યારે એનો અમલ કરીને જ છોડે છે. "દેહં પાતયામિ વા કાર્યં સાધયામિ." "આ પાર કે પેલે પાર"ના સિદ્ધાંતથી જ જીવન જીવે છે. આવો દૃઢ આત્મવિશ્વાસ જગાવવા માટે તો સાધના છે, નામસ્મરણ છે. બીકણ માણસ હજાર વાર મરે છે - Coward dies humdred times."

લોકો શું કહેશે એ બીકે જીવાતું હશે કે ? પણ આપણે એ રીતે જ જીવીએ છીએ. મને શું ગમે છે ? એ મહત્ત્વનું નથી. લોકોને કેવું લાગશે એ મહત્ત્વનું છે. જે કપડાં ન છૂટકે, ઈચ્છા વિરુદ્ધ પહેરવાં પડ્યાં એટલે પહેરીને કચવાતા મને ઓફિસ ગયા અને ત્યાં પાંચ-સાત જણે કહ્યું કે, "બાપુ ! જામો છો." બસ ! પછી એ કપડાં અઠવાડિયામાં બે વાર પહેરતાં થઈ જશું. ટૂંકમાં તમારું રિમોટ (Remote) લોકોના હાથમાં છે. લોકો ઈચ્છે તેમ તમારે જીવવાનું. આ રીતે જીવવાની વિચારધારા ખોટી છે. તમે સાચું કરતા હો, એની સો ટકા ખાત્રી હોય તો પછી બીજા શું કહેશે તેની ચિંતા પડતી મૂકજો. દુનિયાએ તો ભગવાન રામને પણ છોડ્યા નથી.

દત્તનામસ્મરણમાં પૂ.બાપજી લખે છે :

**વદે સંયમે ષંઢ, કામી જ ભોગે**
**મહા મૂર્ખ દાને, ન દે ક્ષુદ્ર લાગે ।**
**કરે ભક્તિ અંધો ન નાસ્તિક તાત**
**જુએ દોષ દુષ્ટો બધે આમ હન્તા ॥** (શ્લોક : ૨૧)

લોકો તો પાણીમાંથી પોરા કાઢશે. સંયમથી લગ્નજીવન જીવશો તો નપુંસક (ષંઢ)



કહેશે. લગ્નજીવન ભોગવશો તો ઘાઘરા ઘેલો કહેશો. દાન કરશો તો મહામૂર્ખ કહેશે. ન કરો તો કંજુસ કહેશે. ભક્તિ કરશો તો અંધશ્રદ્ધાળુ કહેશે. ભક્તિ નહિ કરો તો નાસ્તિક કહેશે. લોકો તો કંઈ ને કંઈક કહેશે જ.

પહેલા ભણવામાં એક વાર્તા આવતી : એક પિતા-પુત્ર ટટ્ટુ (નાનુ ઘોડું) વેચવા ગુજરીમાં જતા હતા. લોકોએ ટીકા કરી કે બંને અક્કલના ઓથમીર છે. ટટ્ટુ છે પછી શું કામ ચાલતા હશે ? એક જણ તો બેસી શકેને !

આ સાંભળી બાપે દીકરાને ટટ્ટુ પર બેસવાનું કહ્યું. થોડે ગયા ત્યાં લોકોએ ટીકા કરી કે જુવાન થઈને ટટ્ટુ પર બેઠો છે અને બિચારા બાપ પાસે ટાંટીયા ઘસાવે છે. છોકરો ઉતરી પડ્યો અને પિતાને બેસવા કહ્યું. થોડે ગયા એટલે લોકોએ ટીકા કરી કે કેવો નિર્દય બાપ છે ? કુમળા છોડ જેવા દીકરાને ચલાવે છે અને પોતે આરામથી બેઠો છે. કેવો કળિયુગ આવ્યો છે !

બાપ-દીકરો મૂંઝાયા. ઉપાય શોધી કાઢ્યો. બંને જણા ટટ્ટુ પર બેસી ગયા. થોડે ગયા ત્યાં લોકોએ ટીકા કરી કે, છે કંઈ જીવદયા ? મૂગા પ્રાણીનો જીવ જાય છે અને બાપ-દીકરો મોજ કરે છે. પ્રાણીની હાય લાગશે હાય. વળી, એક વડીલે તો તુલસીદાસની ચોપાઈ ગાઈ સંભળાવી :

**તુલસી હાય ગરીબકી, કબૂ ન ખાલી જાય ।**
**મૂએ ઢોરકે ચામસે લોહા ભી ભસ્મ હો જાય ॥**

આવી વાર્તા આપણને આપણું ધાર્યું - આપણને યોગ્ય લાગે તે - મક્કમ મનથી કરવાનું શિખવાડે છે.

આ ભજનમાં પૂ.બાપજી કહે છે કે, ભાઈ ! તારે જે કહેવુ ંહોય તે કહેજે. એની મને ચિંતા નથી. લોકો તો બહારનું જુએ છે. બાહ્યાચારને મહત્ત્વ આપનાર એની આંતરિક સ્થિતિનો અભ્યાસ કરતો જ નથી. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિમાં વિવેક અને વૈરાગ્ય એ આંતરિક સ્થિતિને તૈયાર કરે છે.

નહાવું, ધોવું, તિલક કરવું, ધર્મગ્રંથ વાંચવા, માળા લઈ જપ કરવા એ બધું શરૂઆતમાં જ જરૂરી છે. પરંતુ એ દ્વારા એનાથી ઉપર ઊઠવાનું છે. જીવનવ્યવહાર એવો કરવાનો છે કે, જેથી પછી એનું મહત્ત્વ ઘટી જાય. સાધ્ય હાથમાં આવી જાય પછી એ સાધન છોડી દેવાના છે. આત્માનંદમાં-સ્વૈરમોજમાં ફરનાર માટે બાહ્યાચાર અનિવાર્ય નથી.

માછલી તો ચોવીસ કલાક સ્નાન કરે છે. પુરાણી તો જીવનભર ધર્મગ્રંથ વાંચતો રહે છે, પણ મેળવે છે શું ? પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

**જ્ઞાની ખપ્યો પોથાં પઢી, ખોલો વહી ચંદન મૂવો,**
**માંહે ખજાનો જે ભર્યો હા ! અન્યને તે સાંપડ્યો.**
**સુણી સુણાવી રામગાથા ગર્થ કોટિ સંઘર્યો,**
**એ અયન જો ના રામનું, પામ્યો વૃથા બોજો વહ્યો.**
**ગીતા ઉકેલી ના સમી, ત્યાગી થયો જો ના જરી,**
**કૂદી કૂદી મૂવા કપિ, મોતી મળ્યાં ના જળનિધિ.**

જીંદગીભર ગીતા વાંચી પણ ત્યાગી થયો કે ? રામાયણની કથાઓ કરી પરંતુ તારી ગતિ (અયન) રામ તરફ થઈ કે ? ગધેડો ચંદનના લાકડાનો બોજ વહે એવું જીવન જીવ્યાનો શો અર્થ ? ગીતા વાંચો પણ પછી જીવનને ગીતામય બનાવો. આચરણમાં ગીતા ઉતારો. આ બાપજીનો કહેવાનો ભાવ છે.

'ત્યાગ' ઉપર એક કલાક પ્રવચન કર્યું, પરંતુ સંસ્થાની આર્થિક સ્થિતિ નબળી છે, તો પંડિતજી ! તમારી દક્ષિણા ઓછી કરશો કે ? તો જવાબ 'ના' હોય તો પછી પ્રવચન શું કર્યું ? આ તો ભાડે રડનારા-રૂદાલી - લાવ્યા જેવું થયું. લાગણી વગર, પૈસા લઈને રડનારા.

નિજાનંદની મસ્તીમાં ફરનાર તો મોતને તાળી આપીને ફરે છે. પૂ.બાપજી લખે છે :

**ખુશામત માળીની કદિ ના કરે વસંત વનમાળી,**
**નિજાનંદે ફરે અવધૂત, દઈને મોતને તાળી... પ્રભુ પરખ્યા.**

પંથ, સંપ્રદાય, વેષ-વાડાથી પર થઈ અવધૂતજી નિજાનંદની મસ્તીમાં જીવે છે.

રોજ રોજ નવા નવા ભોગ ભોગવતો હોવા છતાં બ્રહ્મચારી કહેવરાવું છું. પુરુષ-સ્ત્રીના વસ્ત્રો ખેંચી કાઢીને એમને એમના દિવ્ય શરીર બતલાવું છું. આ પંક્તિનો શબ્દાર્થ નથી પકડવાનો. એની પાછળની દૃષ્ટિ-ચિંતન—પકડવાનું છે. અલૌકિક પંક્તિ છે.

સ્ત્રી-પુરુષના કપડાં ખેંચી કાઢવાના એટલે વાસનારૂપી વસ્ત્રો ખેંચી કાઢવાના. વાસના દૂર કરીને એમને એમનું મૂળ દિવ્ય સ્વસ્વરૂપના દર્શન કરાવવાના. રોજ રોજ નવા નવા ભોગો ભોગવું છું અને છતાં બ્રહ્મચારી કહેવડાવું છું. એટલે ઔપચારિક દૃષ્ટિએ



અંતઃકરણની અનેકવિધ વૃત્તિઓરૂપી સ્ત્રીઓ સાથે નાના પ્રકારના ખેલ ખેલવા છતાં, આત્માના નિરૂપાધિક અખંડ બ્રહ્મત્વભાવમાં સાત્ત્વિક દૃષ્ટિએ જરાએ વિકાર કે ભંગ થતો નથી, તેથી એને બ્રહ્મચારી કહ્યો છે.

પૂ.ડોંગરે મહારાજ ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાના પ્રસંગને સમજાવતા કહેતા કે ભગવાને ગોપીઓને અધરામૃતનું પાન કરાવ્યું. સંસારી અધરામૃતનો અર્થ કરે ચુંબન અને ભગવાનની ટીકા કરે. સંત અર્થ કરે કે ધરાયાઃ (એટલે પૃથ્વીનું) અમૃતમ્ = ધરામૃતમ્ । ધરા ઉપરનું-પૃથ્વી ઉપરનું અમૃત (વૈભવ વિલાસ) તે ધરામૃતમ્ । ન ધરાયાઃ અમૃતમ્ અધરામૃતમ્ । પૃથ્વી ઉપરનું અમૃત (ધરામૃતમ્) નહિ (અ) એવું દિવ્ય અલૌકિક અમૃત તે અધરામૃતમ્ । શબ્દોનો ગર્ભિત ભાવ પકડવાનો છે. કોઈને ખૂબ જોરથી કોઈ માથામાં લાકડીનો ફટકો મારે અને બરાડો પાડે કે "ઓ બાપા ! મરી ગયો." હવે જો એ મરી જ ગયો હોય તો બૂમ કેવી રીતે પાડી શકે ? ઓ બાપા ! મરી ગયો. એટલે મરી ગયો નહિ પણ ખૂબ જોરમાં માર પડ્યો.

સંસ્કૃતમાં એવા રમૂજ ઉપજાવે એવા દ્વિઅર્થી શ્લોકો છે :

**કેશવં પતિતો દૃષ્ટ્વા હર્ષનિર્ભરપાંડવાઃ ।**
**કૌરવા રૂદયામાસ હા હા કેશવ કેશવ ! ! ॥**

આ શ્લોકનો ઉપર ઉપરથી શબ્દાર્થ જુઓ તો મન વિચાર ચગડોળે ચઢે. કેશવ એટલે કૃષ્ણને પડતા જોઈને પાંડવો હસવા લાગ્યા અને કૌરવો રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે અરેરે ! કેશવ પડી ગયા ! કેશવ પડી ગયા !

હવે આવું બને ખરું ? સાચો અર્થ બીજો છે. સાચો અર્થ આવો છે :

પાણીમાં (કે) મડદાને (શવ) પડતું જોઈને દેડકાઓ (પાંડવાઃ) હરખાઈ ગયા અને કાગડાઓ (કૌ કૌ રવઃ યસ્ય સઃ કૌરવાઃ ) રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે મડદું પાણીમાં, પાણીમાં (કે) મડદું (શવં.)

ભાગવતમાં એવો પ્રસંગ વર્ણવાયો છે કે, યમુના નદીને સામે કિનારે દુર્વાસા મુનિનો મુકામ છે. આ પાર-કિનારે ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓ છે. ઋષિ પત્નીઓ દૂધપાક બનાવીને તપેલીઓમાં ભરી સામે કિનારે જવા નીકળી, પરંતુ યમુના નદી બે કિનારે ભરપૂર વહેતી હતી. હવે કેવી રીતે જવું ? ભગવાન કૃષ્ણે કહ્યું કે, જઈને મા યમુનાને કહેજો કે જો કૃષ્ણ બાળ બ્રહ્મચારી હોય તો અમને સામે પાર જવાનો રસ્તો આપ. ઋષિ પત્નીઓના મનમાં શંકા હતી. એમણે જ્યાં મા યમુનાને કહ્યું કે, જો ભગવાન કૃષ્ણ

બાળ બ્રહ્મચારી હોય તો અમને રસ્તો આપ અને પળવારમાં મા યમુનાએ રસ્તો આપી દીધો. ઋષિ પત્નીઓ તો વિચારમાં જ પડી ગઈ. દુર્વાસા મુનિને પેટભરીને દૂધપાક જમાડ્યા પછી ઋષિ પત્નીઓ ઘરે જવા નીકળી તો પાછી યમુના બે કાંઠે વહેતી હતી. દુર્વાસા પાસે ગયા તો એણે કહ્યું કે, મા યમુનાને કહેજો કે જો દુર્વાસા મુનિ કાયમના ઉપવાસી હોય તો અમને રસ્તો આપો. ઋષિ પત્નીઓને થયું કે, હાલ તો અમે બધાએ પેટભરીને દૂધપાક જમાડ્યા છે. પછી ઉપવાસી કેવા ? પરંતુ એમણે યમુનાને કહ્યું અને મા-યમુનાએ રસ્તો કરી આપ્યો. ઋષિ-પત્નીઓ દંગ થઈ ગઇ.

તમે શું કર્યું એ મહત્ત્વનું નથી, પરંતુ કેવી રીતે કર્યું. તે મહત્ત્વનું છે. પૂ.પાંડુરંગ આથવલે-દાદા કહેતા કે, શ્રીખંડ અને કઢી તો યાજ્ઞવલ્કય પણ ખાતા, પરંતુ એ જમીને પાણીથી મોં સાફ કરે એની સાથે જ શ્રીખંડ અને કઢીનો સ્વાદ પણ સાફ થઈ જતો. સ્વાદ મોંમાં રહી જતો નહિ.

જેનો દેહાધ્યાસ છૂટી ગયો છે તેની દ્વૈતબુદ્ધિ પણ છૂટી ગઈ છે. દ્વૈતભાવ ક્યારે હોય ? જીવભાવ હોય ત્યારે. જીવભાવ ક્યારે હોય ? જ્યારે વ્યક્તિ પોતાને દેહ માનતો હોય ત્યારે. આમ હું એટલે આ દેહ એવી બુદ્ધિ નાશ પામે અને પોતાને દેહથી જુદો માને ત્યારે વ્યક્તિ મોતથી ડરતી નથી. મૃત્યુ શરીરનું છે, પોતે તો અજર-અમર, અવિનાશી આત્મા છે એ સમજ પાકી થઈ ગઈ હોય છે. પૂ.બાપજી દાસકાકાને પત્રમાં જણાવે છે કે (પત્ર મંજૂષાનો પત્ર નં. ૧૧૪) જેની સ્થિતિ શરીરના રક્ષણથી આગળ જતી નથી તે દુનિયામાં કંઈ જ કરી શકતો નથી. શરીરનો મોહ નકામો છે. મારે દુનિયામાં શું કરવાનું બાકી રહ્યું છે, જે હું શરીરની કાળજી રાખું ? હું તો આજે પણ શરીર છૂટે તો તૈયાર છું. મરવા માટે હરપળે તૈયાર રહેવું એ જ જીંદગીનું કર્તવ્ય છે. શરીરને જ્યારે ખરી પડવું હોય ત્યારે ભલે પડે. આમ લખીને મુક્તિ સ્તોત્રના-૧૫ શ્લોકોનું ગુજરાતી લખી મોકલ્યું. એમાં બીજો શ્લોક છે : ''કારણ કે વ્યાધિગ્રસ્ત તો દેહ થયો છે ને હું તો કદી પણ દેહ નથી. હું તો સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ ત્રણે દેહથી મુક્ત, સદા આનંદી, નિર્ભય ને વ્યાધિરહિત છું.

ત્રીજો શ્લોક છે : મોત એ તો શરીરનો ધર્મ છે. હું અશરીર છું. તો મને મોત ક્યાંથી હોય ? દ્વૈતભાવ નષ્ટ થયા પછી અને અદ્વૈતભાવ આવ્યા પછી યોગી સ્મશાનમાં જઈને સૂએ તો પણ એને તો મહેલમાં સૂવા જેટલો જ આનંદ છે.

ઈશ્વરી પ્રેમનો પ્યાલો પીને મસ્તીમાં જીવનારા, અહંકારની ખાખ શરીરે ચોળી સોહંનો



શંખ બજાવનાર અવધૂત જાણે અઘોરીની માફક સ્મશાનમાં પડ્યો રહે છે. પરંતુ ''યોગભૂમિ સ્મશાન એ ભક્તો તણું નિજ ચિત્ત હા.'' એવું સ્મશાન પણ ખરું. પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

''હમારા અસ્થાન મરઘટ ઘાટ.'' હમારું રહેવાનું સ્થાન જ સ્મશાન છે. નિજાનંદની મસ્તીમાં ડૂબેલા આત્મતૃપ્ત, આત્મજ્ઞ, આત્મક્રીડ માટે બહારનો વેષ, બહારની ક્રિયાનું કાંઈ જ મહત્ત્વ નથી. બ્રાહ્મણ બનીને વેદવચન સંભળાવે કે સંન્યાસી બનીને ફરે એનાથી એની અંદરની મસ્તીમાં કોઈ ફરક પડતો નથી.

આવો દેવપુરુષ કોઈ વાર 'અહં બ્રહ્માસ્મિ'ની અનલહક્કની ગર્જના કરતો ફરે. સૂફી પંથના સંતની માફક અનલ હક્કના ગુંજારવથી એનું હૈયું નાચી ઊઠે છે. કોઈવાર નાથ પંથના મહાનુભાવની માફક ''અલખ નિરંજન''ની અહાલેક-પોકાર પણ કરી બેસે છે. કોઈ વાર શીખોની માફક ''ફતેહ ગુરુકી વાહ વાહ''નો જયઘોષ પણ કરે છે કે કોઈ વાર બંદગીનો પોકાર પણ કરે છે. બધા ધર્મોમાં એક જ પરમાત્માને જુદા જુદા નામે પોકારવામાં આવે છે. ''રામ કહો કે શ્યામ સઘળે એક જ એ ભગવાન'' ગાનાર અવધૂતને નામ સાથે ક્યાં લેવા-દેવા છે ?

પરમેશ્વર પરમાત્મા બધાનો આધાર-આલંબ છે, પણ એને પોતાને કોઈનું આલંબન નથી. એ નિરાલંબ છે. આવા નિરાલંબ પરમાત્મામાં સદા સ્થિત રહેનાર પુરુષનો જીવભાવ જરૂર નષ્ટ થયો હોય છે. જીવ અને શિવ એ પણ રમકડાં જ છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

**''કરી મડદું ને પછી જીવાડે, જીવ શિવના તે ભૂત એ કાઢે રે...''**

પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપમાં એકાકાર ભાવ અનુભવનાર, જીવ અને શિવ એમ બંને ભાવની ઉપર ઊઠીને સ્વસ્વરૂપમાં સ્થિત રહે છે. તે પ્રેમમય અને આનંદમય બનીને બધામાં રહે છે. એ બધાંને વહાલો છે છતાં બધાંથી ન્યારો છે. અદ્વૈત દૃષ્ટિ થતાંજ બધે પોતે જ વિસ્તરી રહ્યો છે એવો અનુભવ કરે છે. અનેકમાં એક જ આત્મા છે. એ વાત પૂ.બાપજીએ દત્તદશકમાં પણ ગાઈ છે :

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈક્ય જ્ઞાનથી રંગ પાર થઈ જાય.**

આમ, ઘડાઓ અનેક છે પરંતુ એમાં પાણી તો એક જ છે. લાલ, પીળો, નાનો, મોટો એવા અનેક વીજળી ગોળા જુદી જુદી રીતે પ્રકાશે છે. પરંતુ એમાંનો વીજપ્રવાહ (કરંટ) તો એક જ છે.

જે દુનિયાથી ઊંચે ઊઠ્યો છે, જે પરબ્રહ્મ પરમાત્મા સાથે એકાકાર થયો છે એને લોકો શું કહે છે એની શું ચિંતા હોય ? એવી ચિંતા કરવા બેસીએ તો માનવજીવન એળે જતું રહે. પેલી હિન્દી કવિની પંક્તિ યાદ રાખવા જેવી છે :

**કુછ તો લોગ કહેંગે ! લોગોં કા કામ હૈ કહેના !**
**છોડો બેકારસી બાતોં કો કહીં બીત ન જાયે રૈના.**

❖❖❖

## ભજન (૨૩)
## જીવન દો દિનકા
**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**જીવન દો દિનકા દો દિનકા, નહીં ભરોંસા જમકા. ...ધ્રુ.**

**સાંસ સાંસ સુમર લે [1]સાંઇ, ચઢ લે ઘાટ અગમકા;**
**ગુરુગમ મારગ સ્હેજ સાધ લે, સુન લે ઘંટ નિગમકા.**
**...જીવન૦ ૧.**

**ધન જન દારા અરુ પરિવારા, સાથ ન કો પરઘરકા;**
**કરમ ધરમ દો સંગ ચલેંગે, મત [2]બાવર રખ તનકા.**
**...જીવન૦ ૨.**

**ઇંગલા પિંગલા સુખમણ સંગમ, સ્થાન ત્રિવેણી ઘટકા;**
**બંકનાલ સો વ્રજવૃન્દાવન, ધોલે મેલ સબ મનકા.**
**...જીવન૦ ૩.**

**સંકલપ વિકલપ દોનું બીચમેં, અલખ ધામ નિર્ગુણકા;**
**નેત્ર ફેર કે રંગ દેખ લે, વૃથા વાદ તીન ગુણકા.**
**...જીવન૦ ૪.**

**શૂન્યસમુંદર સુરતનાવસે, ધ્યાન ધરે જબ ધ્રુવકા;**
**સાતોં પાર [3]પળે જબ પંથા, લગે પાર ભવજલકા.**
**...જીવન૦ ૫.**



**અટપટ દેશ અતિશે સાધો, બજે અનાહત ડંકા;**
**સદ્‌ગુરુશરણ બિના નવ જાને, હો રાજા હો રંકા.**
**...જીવન૦ ૬.**

**જ્યોં કા ત્યોં સબ સભર ભરા હૈ, આદિ અંત નહીં જાકા;**
**દેખનહારા સુધ બુધ ભૂલે, રંગ કહે કો તાકા?**
**...જીવન૦ ૭.**

---

૧. સ્વામી, જગતનો પ્રભુ, પરમાત્મા. ૨. વિશ્વાસ. ૩. પાર જાય.

❖❖❖

## અર્થ

હે ભાઈ ! જીવન બે જ દિવસનું છે. અને જમનો કોઈ ભરોસો નથી.

તું શ્વાસે શ્વાસે પરમાત્માનું સ્મરણ કરી લે અને અગમનો ઘાટ ચઢી જા. ગુરુની કૃપાથી જ જેની ગમ પડે-સમજ પડે-એ રસ્તો સ્હેજમાં સાધી લે અને વેદનો ઘંટ સાંભળી લે.

અહીંથી પરમાત્માના ઘરે જવાનું થશે ત્યારે ધન, સગા-વ્હાલાં, પત્ની કે પરિવાર કોઈ સાથે આવવાનું નથી. એ સમયે તારી સાથે તારાં કર્મો અને તેં પાળેલો ધર્મ એ બે જ આવશે. તું શરીરનો ભરોંસો રાખીશ નહિ.

ઈંગલા (ઈડા નાડી), પિંગલા અને સુષુમ્ણા નાડીનો સંગમ થાય છે તે ત્રિકુટી એ શરીરમાં રહેલું ત્રિવેણીનું સ્થાન છે. બંકનાલ એ વ્રજ-વૃંદાવન છે. તું મનનો બધો મેલ ધોઈ લે.

સંકલ્પ અને વિકલ્પની વચ્ચે નિર્ગુણ એવા અલખનું ધામ છે. આંખ ફેરવીને, દૃષ્ટિ બદલીને **આત્મા (રંગ)નું** દર્શન કરી લે. ત્રણ ગુણનો વિવાદ કરવો નકામો છે.

શૂન્યરૂપી સમુદ્રમાં સુરતારૂપી નાવ સાથે તું જ્યારે ધ્રુવનું ધ્યાન ધરશે અને જ્યારે સાતેને પાર પામી જશે ત્યારે ભવસાગર પાર ઉતરી જવાશે.

હે સાધુપુરુષ ! આ ખૂબ જ જટીલ, અટપટો પ્રદેશ છે. ત્યાં અનાહતનાદના ડંકા વાગે છે. આ માર્ગની જાણકારી સદ્‌ગુરુના શરણ વિના રાજા કે રંક કોઈ જાણી શકતું નથી.

એ પરમ તત્ત્વ અત્ર-તત્ર-સર્વત્ર સઘળે જેમનું તેમ સભર ભરેલું છે. એનો આદિ

કે અંત નથી. **રંગ** કહે કે જેણે દર્શન કર્યાં છે, તે દર્શન કરનાર સુધબુધ ભૂલી ગયો છે.

❖❖❖

# વિવરણ

શાસ્ત્રો અને સંતો વારે વારે એક વાત કહે છે કે, હે ભાઈ ! આ શરીરનો કોઈ ભરોસો નથી. શ્વાસ બહાર કાઢે છે ત્યારે તને ખબર નથી કે તું પાછો શ્વાસ લઈ શકશે કે નહિ. માટે આ માનવશરીરનો સદુપયોગ કરી તું તારો જન્મમરણનો ફેરો ટાળી દે.

આ શરીર નાશવંત છે અને કાળ ગમે ત્યારે તારો કોળિયો કરી નાંખશે. તું કોઈ માંદાની ખબર કાઢવા નીકળ્યો છે, પણ બને છે શું ? તારા બેસણાની બીજે દિવસે જાહેરખબર આપવી પડે એવો અકસ્માત થયો. બાથરૂમમાં દાખલ થયેલી વ્યક્તિ બાથરૂમની બહાર નીકળી શકતી નથી કારણ કે એને સ્નાન કરતાં કરતાં હાર્ટ એટેક આવ્યો અને એનું મૃત્યુ થયું.

દેહ નશ્વર છે, અપવિત્ર છે અને દુઃખનું મૂળ છે એ સાચું પરંતુ એ જ દેહ મોક્ષનું દ્વાર પણ છે. દેહ સાધન છે, પરમાત્માની પ્રાપ્તિ એ સાધ્ય છે. પૂ.શ્રી ગુરુલીલામૃતમાં લખે છે :

**ભર્યો મેલથી દેહ આ, તોએ મોક્ષદ્વાર,**
**માટે તદ્રક્ષણ વિષે, રહે દક્ષ નિર્ધાર.**

**ક્ષણભંગુર તોએ નકી દે શાશ્વત પદ એહ,**
**યોગાદિક પ્રાપ્તિતણું દ્વાર એક નરદેહ.** (અ.૩૫.દો.૪૩-૪૪)

પદ્મપુરાણમાં કહ્યું છે કે :

**યત્પ્રાતઃ સંસ્કૃતં ચાન્નં સાયં તચ્ચ વિનશ્યતિ ।**
**તદીયરસસંપુષ્ટે કાયે કા નામ નિત્યતા ॥**

**પ્રાતઃસંસ્કૃત અન્ન જે બગડે સ્હાંજે તેહ,**
**એ અન્ને તનુ જે વધે, ક્યાંથી શાશ્વત એહ.** (અ.૪૩.દો.૯૬)

આપણને મોંઘો માનવદેહ મળ્યો છે, તો એ માનવજન્મ સફળ કરવા શું કરવું જોઈએ એ વિચારવું જોઈએ. પરમાત્માના દર્શન-આત્મસાક્ષાત્કાર એ જ માનવજીવનનું લક્ષ્ય



હોવું જોઈએ. પૂ.બાપજી આ ભજનમાં એ લક્ષ્ય સિદ્ધ કરવાની સમજણ આપે છે.

સહુ પ્રથમ તો શ્વાસે શ્વાસે હરિનું નામસ્મરણ કરી લે. ''શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।'' સૂત્ર પાછળનું રહસ્ય સમજાવતો પૂ.બાપજી સાથેનો મુ. ગોવિંદકાકાનો પ્રસંગ જાણવા જેવો છે.

''પૂ.બાપજીનો પોરમાં મુકામ હતો. મુ. ગોવિંદકાકા રાત્રે પૂ.બાપજીની ચરણસેવા કરતા કરતા શ્રીગુરુલીલામૃતના દોહરા ગણગણતા હતા. પૂ.બાપજીએ મુ.ગોવિંદકાકાને પૂછ્યું : 'ગોવિંદ ! તું ગુરુલીલામૃતનું પારાયણ કરે છે, તો એમાં કોઈ એવી વાત આવે છે કે જે તારી બુદ્ધિથી ગળે ઉતરતી નહિ હોય ?'' મુ. ગોવિંદકાકાએ કહ્યું : 'બાપજી ! હું તો શ્રદ્ધાથી જ પારાયણ કરું છું એટલે બુદ્ધિમાં ન ઉતરે એવો પ્રશ્ન જ ઊભો થતો નથી.'' પૂ.બાપજીએ સ્હેજ કરડાકીથી પૂછ્યું એટલે મુ. ગોવિંદકાકાએ જમદગ્નિના આશ્રમની કામધેનુની વાત કહી. એમણે કહ્યું કે, બાપજી ! એ પ્રસંગ વાંચું ત્યારે મને હંમેશા એમ થાય કે કામધેનુ ગાય આ બધી વસ્તુ મોં દ્વારા કાઢતી હશે કે કોઈ બીજી રીતે લાવતી હશે ?

આ વાત સાંભળીને પૂ.બાપજીએ કહ્યું કે, કામધેનુ ગાય એટલે આપણી ઈચ્છાશક્તિ. આપણી ઈચ્છાશક્તિ એવી મજબૂત બનવી જોઈએ કે આપણે જે ઈચ્છીએ તે વસ્તુ આવી મળે.

મુ.ગોવિંદકાકાએ કહ્યું કે, બાપજી! એવી ઈચ્છાશક્તિ કેવી રીતે થાય ? ત્યારે પૂ.બાપજીએ કહ્યું કે, અંતરમાંથી રાગ-દ્વેષ દૂર કરી અંતરને નિર્મળ કરીએ તો એવી ઈચ્છાશક્તિ થાય. મુ.ગોવિંદકાકાએ કહ્યું : ''પણ બાપજી ! એવું અંતર થાય કેવી રીતે ? રાગ-દ્વેષ જાય કેવી રીતે ?'' ત્યારે પૂ.બાપજીએ કહ્યું કે, ''શ્વાસે શ્વાસે દત્તનાસ્મરાત્મન્ ।'' એવું શું અવધૂતે અમસ્તું કહ્યું છે.

આમ, શ્વાસે શ્વાસે હરિનું નામસ્મરણ કરવાથી હૃદય નિર્મળ થાય છે, ચિત્તશુદ્ધિ થાય છે.

અષ્ટાંગ યોગ દ્વારા પ્રાણ, મન અને કુંડલીનીને ષટ્ચક્રભેદન દ્વારા બ્રહ્મરંધ્રમાં લઈ જવાના છે. જ્યાં જીવ અને શિવનું મિલન થતાં પરમાત્માનું દર્શન-આત્મસાક્ષાત્કાર-થાય છે. પરંતુ પૂ.બાપજી પોતાના અનુભવને આધારે વર્ણન કરે છે. એમણે જે જોયું છે, જે અનુભવ્યું છે તે જણાવે છે, જ્યારે વિવરણ કરનાર અનુભવ વગર ભજનને એની રીતે સમજાવવાનો પ્રયત્ન કરે છે,

પૂ.બાપજી જણાવે છે કે, જીવ જ્યારે સ્થૂળ શરીર છોડીને જાય છે ત્યારે એ કેવળ પોતાના સારા-નરસા કર્મો અને એણે આચરેલા ધર્મ લઈને જાય છે. ધન, સુત, સ્ત્રી, પરિવાર, અરે ! પોતાનું શરીર કશું સાથે જતું નથી. ગરુડ પુરાણમાં કહ્યું છે કે :

**ધનાનિ ભૂમૌ પશવશ્ચ ગોષ્ઠે**
**ભાર્યા ગૃહદ્વારિ જનઃ સ્મશાને ।**
**દેહશ્ચિતાયાં પરલોકમાર્ગે**
**કર્માનુગો ગચ્છતિ જીવ એકઃ ॥**

ધનભંડાર જમીનમાં દાટેલા રહી જાય છે. (હવે બેન્કમાં રહી જાય છે), પશુધન ગભાણમાં રહી જાય છે. (હવે મોટરકાર ગેરેજમાં રહી જાય છે.) પત્ની ઘરના બારણા સુધી આવી પાછી વળે છે, પુરુષો સ્મશાન સુધી સાથ આપે છે. આ શરીર ચિતા સુધી સાથ આપે છે. જીવ એકલો સારા-નરસા કર્મો લઈને પરલોકના માર્ગે જાય છે.

જો સુત, દારા, ધન-વૈભવ સાથે ન આવવાના હોય તો જે સાથે આવવાનું હોય તે જ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએને ?

હવે પૂ.શ્રી સાક્ષાત્કાર અંગેની પ્રક્રિયા વર્ણવે છે

સૌ પ્રથમ તો આ ગુરુગમ માર્ગ છે. ગુરુના માર્ગદર્શન વગર આ રસ્તે જવામાં જોખમ છે. આ વાત પૂ.શ્રીએ ભજનમાં અને શ્રીગુરુલીલામૃતમાં અનેકવાર કહી છે અન્યત્ર કહ્યું છે :

- **પોથાં તણો ના વિષય એ, ના તર્કની ત્યાં તો ગતિ,**
  **આગમ અગોચર પંથ એ, ગુરુગમ બધી ચાવી રહી - લખવું અને બકવું.**
- **લક્ષ્ય લહે ગુરુકૃપા હોય તો આગળ નાવે વાણીજી,**
  **મનબુદ્ધિનું મૂળ નહિ ત્યાં કેમ તોડવું તાણીજી.**
  **દેવ અગોચર વિરલો દેખે, દૃષ્ટા દૃશ્ય વિરામેજી,**
  **સદ્ગુરુસાન સમજતાં, અંદર રંગ અનુપમ જામેજી... દેહ મંદિરમાં.**
- **ગુરુગમ કૂંચી દ્વાર બંધ છે, તાળું વિરલો ખોલેજી,**
  **ધન દાટ્યું મંદિર-શિખરે પણ હાથ ન આવે કોર્યેજી...એક અગોચર.**
- **ગગ્ગા ગુરુગમ મારગ છે અતિ દોહ્યલો,**
  **પોથાં પોથાં તર્કતણું નહિ કામ જો.**



**મસ્તક મુકી પ્રેમ અગન શરૂઆત જો,**
**ચઢવું અવઘટ ઘાટે પંથ બિહામણો... કક્કો કહું છું.**
**દુર્ગમ મારગ યોગ આ, હોય કૃપા સંપૂર્ણ -**
**દેવ ગુરુની તોજ એ થાય નિર્વિઘ્ન પૂર્ણ.** (અ. ૧૯. દો. ૬૦)

- **યોગરહસ્ય સુગૂઢ એ કેવળ સદ્ગુરુગમ્ય,**
  **હોય કૃપા ગુરુદેવની, જાણે રંગ સુકમ્ય.**(અ.૩૫.દો.૧૧૮)

ઈડા, પિંગલા નાડીને ગંગા-જમના પણ કહેવામાં આવે છે. સુષુમ્ણા એ સરસ્વતી છે. આ ત્રણેનો સંગમ આંખના બે ભવાં વચ્ચેની જગા. જેને ત્રિકુટી કહેવામાં આવે છે ત્યાં થાય છે. આ સ્થળને ત્રિવેણી સંગમ કે પ્રયાગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ત્રિકુટી ઉપરનો સુષુમ્ણાનો વાંકો (વક્ર-બંક) માર્ગ જ્યાંથી સુરતી ઉપર બ્રહ્મરંધ્ર તરફ ચઢે છે તેને બંકનાળ કહે છે. ત્રિકુટીની ઉપર સુરતી ચઢવા માંડે ત્યારે સૂન-મહાસૂનનો પ્રદેશ આવે છે અને એના શિખારૂપ-શૂન્ય શિખર તે જ બ્રહ્મરંધ્ર. જ્યાં આત્માનું પરમાત્મા સાથે મિલન થાય છે. આમ, બંકનાલ એ વ્રજ-વૃંદાવન છે જ્યાં ભગવાન કૃષ્ણ-પરમાત્મા ગાયો ચારવા આવે છે અને રહે છે.

આને માટે મનમાંથી કૂડકપટ, રાગ-દ્વેષ વગેરે મેલ ધોઈ નાંખવાના હોય છે.

માનવીના મનનો સ્વભાવ છે સંકલ્પ-વિકલ્પ કરવાનો. મન એ અંતઃકરણની એક વૃત્તિ છે. અંતઃકરણ ચિંતન કરે ત્યારે ચિત્ત કહેવાય. એ જ અંતઃકરણ જ્યારે સંકલ્પ-વિકલ્પ કરે ત્યારે મન કહેવાય. એ જ અંતઃકરણ નિશ્ચય કરે ત્યારે બુદ્ધિ કહેવાય અને એ જ અંતઃકરણ 'આ હું કરું છું' એવી વૃત્તિ કરે ત્યારે અહંકાર કહેવાય.

મન જ્યારે સંકલ્પ-વિકલ્પ કરે છે ત્યારે સંકલ્પ અને વિકલ્પની વચ્ચે એની સંધિમાં અલખનું નિર્ગુણ ધામ રહેલું છે. એટલે સાધક આ બેની વચ્ચેનો સંધિનો સમય વધારતો જાય છે. આ વાત પૂ.બાપજી મનનસારમાં જણાવતા લખે છે કે :

**મન છે સંકલ્પોની માળ, સંધિમાં મોહન પ્રતિપાળ,**
**સંધિકાળ વધતો જયમ જાય, સ્વૈર સમાધિ આપે થાય.**

આ વાતને એક ભજનમાં પૂ.બાપજી જણાવતાં લખે છે :

**સુમન-સંકલ્પમાળા, પ્હેરી ઊભી વૃત્તિબાળા**

**કરે ઊલટા-સૂલટા ચાળા ! અલખ નિહાળો... લહિયાનો.**

આ મનથી પર થઈને - અમન થઈને —પરમાત્માના દર્શન કરવાના છે. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણોથી પર —ગુણાતીત—થઈ જવાનું છે. આ ઉન્મની અવસ્થા થાય પછી જ જ્યોતિસ્વરૂપ આત્માના દર્શન થાય છે એ વાત પૂ.શ્રી હાલરડાંમાં જણાવે છે.

**ઉન્મની નિદ્રા સાધી,**

**પામે એ રંગ પ્રસાદી,**

**સહુ ટળે ઉપાધિ વ્યાધિ,**

**ત્રિભુવનમાં ના તેને કશીએ ખામી, રાખે તું સ્વાત્મારામી... ઝૂલો ઝૂલોરે,**

આ સંકલ્પ—વિકલ્પ વચ્ચેનો સંધીકાળનો સમય ધીમે ધીમે સાધકે વધારવાનો હોય છે. એ સંધી સમયમાં જ અલખ-નિર્ગુણ બ્રહ્મ-ના દર્શન કરવાના છે. પરંતુ આ બધા માટે વ્યક્તિએ અંતર્મુખ થવું પડે છે. જે આંખો બહારનું જુએ છે અને પરિણામે બાહ્ય વિષયોમાં મન રમે છે તેને આત્માનું ચિંતન કરતું કરવા માટે આંખ અંદરનું જુએ-અંતર્મુખ થાય એ જરૂરી છે. આમ, નેત્ર ફેરવીને પરમાત્માના દર્શનની સાધના કરવાની છે.

નિર્બિજ સમાધિ એ લક્ષ્ય છે. મૂલધાર ચક્રથી શરૂઆત કરીને પ્રાણ-અપાન અને કુંડલિની દ્વારા સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધાખ્ય ચક્ર અને આજ્ઞાચક્ર ભેદતાં ભેદતાં એમ છ ચક્રોનું અને સાથે સાથે બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિનું ભેદન કરતાં કરતાં જ્યાં પરમાત્માનો નિવાસ છે ત્યાં સહસ્રારમાં જીવનું-આત્માનું મિલન કરાવવાનું હોય છે. આને માટે સુરતારૂપી નૈયાનું સાધન લઈને શૂન્યરૂપી સમુદ્રને પાર કરવાનો છે. યોગમાં સૂન, મહાસૂન જેવા પ્રદેશમાં થઈને પ્રાણ-કુંડલિની સહસ્રારમાં પહોંચે છે અને પરમપદને-મોક્ષને પામે છે.

પરંતુ આ યૌગિક પ્રક્રિયા અતિશય અટપટી અને જોખમી છે. સદ્ગુરુશરણ અને સદ્ગુરુની કૃપા વિના કુંડલિની જાગૃત થતી નથી અને થાય તો પણ કુંડલિની જાગૃતિને કારણે જે પ્રશ્નો ઊભા થાય છે, જે પરિસ્થિતિ જન્મે છે તેનો સામનો સાધક કરી શકતો નથી. જો સદ્ગુરુની કૃપા અને સદ્ગુરુનું રક્ષણ ના હોય તો સાધક અર્ધેથી જ યોગ છોડી દે છે. એ ગભરાઈ જાય છે, મૂંઝાઈ જાય છે.

પૂ.રાજર્ષિ મુનિ એમના યોગાનુભૂતિ (ભા-૧) નામના પુસ્તકમાં લખે છે કે,

“પરંતુ જ્યારે પૂ.ગુરુદેવે દૈવી સાધનોની મદદથી તેનો સામનો કેવી રીતે કરવો તે



અંગે મને સમજણ આપી અને પ્રોત્સાહિત કર્યો ત્યારે મેં ફરીથી કુંડલિનીને છંછેડવાની હિંમત કરી. કુંડલિનીએ તો ફરી પણ તેવા જ ભયંકર સ્વરૂપો ધારણ કરી મને ભયભીત બનાવવાના પ્રયત્નો આદર્યા, પરંતુ હવે મને પૂ.ગુરુદેવનું શરણું મળ્યું હતું અને દૈવી સાધનો દ્વારા મારું રક્ષણ કરવાની પણ પૂ.ગુરુદેવે કૃપા કરી હતી. તેઓશ્રીની અસીમ કૃપા દ્વારા જ કુંડલિનીના અસહ્ય ત્રાસ વચ્ચે પણ હું મારી યોગસાધનામાં ટકી શક્યો છું.”

“મારા અનુભવોનો સાર માત્ર એટલો જ કે, શ્રીહરિની કે શ્રીસદ્ગુરુની કૃપા સિવાય કોઈ પણ સાધક માટે કુંડલિનીનો સામનો કરવાનું શક્ય નથી. મારી સાધના દરમિયાન કુંડલિનીનો સામનો કરવામાં મારી પોતાની કોઈ આવડત કે હિંમત કામ લાગી નથી. માત્ર અસીમ ગુરુકૃપાથી જ મેં સિદ્ધિ હાંસલ કરી છે તેને હું પૂ.ગુરુદેવની પરમ શક્તિનું જ પરિણામ ગણું છું. હકીકતે પણ મારી સમગ્ર સાધનામાં પૂ.ગુરુદેવની શક્તિ જ કાર્ય કરી રહી હોય તેમ હું અનુભવી રહ્યો છું. આ માત્ર શ્રીસદ્ગુરુ પ્રત્યેના સાધકના આદરનું પ્રદર્શન કરવા પૂરતું નથી.”

પૂ.રાજર્ષિ મુનિ ગુજરાતના છે અને તેમના ગુરુ કાયાવરોહણના પ.પૂ. યોગી કૃપલાનંદજી છે.

આમ, સદ્ગુરુના માર્ગદર્શન અને કૃપા વિના યોગ સિદ્ધ થતો નથી.

આ પરમ તત્ત્વ અત્ર, તત્ર, સર્વત્ર બધે જ રહેલું છે. એને આદિ કે અંત નથી. જે સાધક આ પરમતત્ત્વના દર્શન કરે છે, પરમતત્ત્વને પામે છે તે સાન-ભાન ભૂલી જાય છે. એની નિજાનંદ મસ્તીમાં મહાલે છે. આત્મ સાક્ષાત્કારના અનુભવની વાત નોખી અને ન્યારી છે. જેણે દર્શન કર્યું તે વર્ણન નથી કરી શકતો. આવી વ્યક્તિ પોતે આત્મસાક્ષાત્કારી છે એનો પ્રચાર નથી કરતો. મૌનમાં મુનિજનો મોજ માણે...

❖❖❖

## ભજન (૨૪)

## અક્કલસે ખુદાકો પહેચાનો રે!

**(રાગઃ ; તાલઃદીપચંદી)**

**અક્કલસે ખુદાકો પહેચાનો રે!**
**વહ નહીં અક્કલકા બંદા! અક્કલમંદ છોડો ફંદા!**
**શ્રદ્ધાસે ખુદાકો પહેચાનો રે!**
**મુરશીદ કે [1]સખુન બિચારો રે!! ...ધ્રુ.**

**ઘટ ઘટ જો બોલે હંસા, સોહં શ્વાસા ખોજો દાસા;**
**આતમકાસી મુખ [2]મોડો રે!**
**રામ રહીમ દોનું [3]નેડે રે!! ...અક્કલસે૦ ૧.**

**ચંદા સૂરજ દોનું હંડા, મંથા બના મેરુદંડા;**
**મુક્તાનંદ મખ્ખન ઘોળો રે!**
**પકડ દસ્ત મસ્ત ડોલો રે! ...અક્કલસે૦ ૨.**

**[4]તસબીહ માલા ઔર [5]છાલા, છોડ જાલા દૌરે [6]કાલા;**
**બન જા ભોલા બાલા [7]કાલા રે!**
**સબસે ન્યારા સબકો પ્યારા રે!! ...અક્કલસે૦ ૩.**

**બાર બાર ગોતા માર, નૈન ઠાર પીછું ભાળ;**
**લાલ રંગ રતન દેખો રે**
**ઔર કાંચ બિષય છોડો રે!! ...અક્કલસે૦ ૪.**

૧. વચન. ૨. ફેરવો. ૩. પાસે. ૪. જપમાળા. ૫. મૃગચર્મ. ૬. કાળ, મૃત્યુ. ૭. કાલો, નિર્દોષ.

❖❖❖



## અર્થ

અક્કલથી ખુદાને ઓળખો. (પરંતુ) એ અક્કલનો ગુલામ નથી.હે અક્કલથી ભરેલા માનવી ! આ બધા ફંદ છોડો. શ્રદ્ધાથી ખુદાને ઓળખો. ધર્મગુરુના વચનનો વિચાર કરો.

દરેકના શરીરમાં જે પ્રાણ-જીવ બોલે છે, તે શ્વાસના આવન-જાવનથી થતા સોહં-હંસઃ ને જાણવાનો પ્રયત્ન કરો. આત્મારૂપી કાશી (પ્રકાશનગરી) તરફ મોં ફેરવો. રામ અને રહીમ બંને પાસે છે.

ચંદ્ર (ઈડા) અને સૂર્ય (પિંગલા)રૂપી મોટી બે ગાગરો છે અને કરોડરજ્જુ એ રવૈયો છે. એના મંથન દ્વારા મુક્ત આનંદરૂપી માખણ મેળવો અને એને હાથમાં પકડીને-ભોગવીને - મસ્તીમાં ડોલો.

જપમાળા અને મૃગચર્મ છોડી દો. એ જાળ-જંજાળને છોડી તું દોડ, કારણ મૃત્યુ તારી પાછળ દોડે છે. તું નિર્દોષ અને ભોલો બાળક બની જા. તું બધાથી ન્યારો અને બધાને પ્યારો બની જા.

વારે વારે અંદર ગોતા લગાવ. પાછું ફરીને જો અને આંખને શાંતિ મળે એવું કર. આત્મારૂપી લાલ રતન લઈ લે અને વિષયોરૂપી કાચને છોડી દે.

❖❖❖

## વિવરણ

આ ભજનનો કેન્દ્રવર્તી સુર એ છે કે, પરમાત્મારૂપી રતનના દર્શન કરો અને કાચરૂપી વિષયને છોડો કારણ કે પરમાત્માના દર્શન કલ્યાણકારી-શ્રેયસ છે અને વિષયોનું સેવન ગમે એવું છે-પ્રેયસ–છે. આ શ્રેય અને પ્રેયમાંથી શ્રેયમાર્ગ જ ઉન્નતિકારક છે અને સ્વીકારવા યોગ્ય છે.

કઠોપનિષદમાં કહ્યું છે કે :

**શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમતેઃ**
**તૌ સમ્પરીત્ય વિવિક્તિ ધીરાઃ ।**
**શ્રેયો હિ ધીરોऽભિ પ્રેયસો વૃણીતે**
**પ્રેયો મન્દો યોગક્ષેમાદ્ વૃણીતે ॥ (વલ્લીઃ૨ - શ્લોક-૨)**

શ્રેય અને પ્રેય બંને મનુષ્યની સામે આવે છે. એનો ઠીક ઠીક-સારી રીતે-વિચાર કરીને બુદ્ધિશાળી પુરુષો એને ભિન્ન ભિન્ન રીતે સમજી લે છે. શ્રેષ્ઠ બુદ્ધિવાળો પુરુષ પરમ કલ્યાણકારી શ્રેયને ભોગસાધન-પ્રેયની અપેક્ષાએ શ્રેષ્ઠ સમજીને પસંદ કરે છે. મંદબુદ્ધિવાળો માનવ લૌકિક યોગક્ષેમની ઈચ્છાથી ભોગોના સાધનારૂપ પ્રેયને સ્વીકારે છે.

સામાન્યતઃ ભગવાને આપણી ઈન્દ્રિયો બહિર્મુખી બનાવી છે એટલે મન વિષયો તરફ લલચાય એ સ્વાભાવિક છે. આંખ બહારનું જુએ એ સ્વાભાવિક છે. એને અંતરાભિમુખ કરવા માટે પ્રયત્ન કરવો પડે, સાધના કરવી પડે. કાન બહારના અવાજો સાંભળે. શરીરમાં થતો અનાહત નાદ સાંભળવા સાધના કરવી પડે. એટલે ભજનને અંતે પૂ.બાપજી કહે છે કે, ''બાર બાર ગોતા માર-અંદર ગોતા લગાવ પ્યારે !'' વળીને, પાછું વળીને જો – અંદર જો અને ભગવાનના દર્શન કરીને આંખને ઠાર-શાંતિ આપ.

આ ધ્યેયની સિદ્ધિ કેવી રીતે થાય ? આખું ભજન એ પ્રક્રિયા સમજાવે છે.

શ્રુતિ કહે છે :

**નાયમાત્મા પ્રવચનેન લભ્યો**
**ન મેધયા ન બહુના શ્રુતેન ।**
**યમેવૈખ વૃણુતે તેન લભ્યઃ**
**તસ્યૈષ આત્મા વિવૃણુતે તનૂ સ્વામ્ ॥**

(કઠોપનિષદ વલ્લીઃ૨શ્લોક-૨૩)

મુંડક ઉપનિષદમાં પણ આ જ શ્લોક છે. ઉપનિષદ કહે છે કે, આ પરબ્રહ્મ પરમાત્મા ન તો પ્રવચનથી, ના બુદ્ધિથી કે ન તો બહુ સાંભળવાથી પ્રાપ્ત થાય છે. એ જેને પસંદ કરી લે છે, એના દ્વારા જ એ પ્રાપ્ત થઈ શકે છે કારણ કે આ પરમાત્મા એને માટે જ એના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરે છે.

આત્મા તર્ક, બુદ્ધિ, વાણી અને મનથી પર છે. એ મન-બુદ્ધિનો વિષય જ નથી. સાધના દ્વારા એની અનુભૂતિ કરવાની છે. જે જન્મથી આંધળો છે, તેને રંગોનો ખ્યાલ કેવી રીતે આપી શકાય ? જે એકદમ બહેરો છે તે રાગ-રાગિણીનો આનંદ કેવી રીતે માણી શકે ? ગોળ ગળ્યો લાગે એનું વર્ણન કામ ન આવે. એ તો સાંભળનારે ગોળ ખાવો પડે અને તો જ એને ગળપણનો ખ્યાલ આવે.

પહેલી લીટીમાં પૂ.બાપજી કહે છે કે, અક્કલથી-બુદ્ધિથી ખુદાને-ભગવાનને ઓળખો અને પછી તરત જ કહે છે કે, એ બુદ્ધિથી ઓળખાય એવો નથી. એને શ્રદ્ધાથી ઓળખો



અને ધર્મગુરુના કહેવામાં વિશ્વાસ રાખો.

શ્રુતિ કહે છે કે, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિ આત્મદર્શન માટે આવશ્યક છે. કઠોપનિષદમાં કહ્યું છે કે, ''દૃશ્યતે ત્વગ્ર્યા બુદ્ધયા સક્ષ્મ્યા સૂક્ષ્મદર્શિભિઃ ।'' (વલ્લીઃ૩શ્લોક-૧૨)

જેમણે ભગવાનનો આશ્રય લઈને પોતાની બુદ્ધિને તીક્ષ્ણ બનાવી છે, તે સૂક્ષ્મદર્શી જ ભગવાનની કૃપાથી સૂક્ષ્મબુદ્ધિ દ્વારા એને જોઈ શકે છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**કરે સ્વચ્છ જો ચાટલું દિસે સ્વચ્છ મુખ જેમ,**
**ધોતાં મેલ બુદ્ધિતણો, સ્વાત્મદર્શન એમ.**

**આગંતુક મળ દર્પણે, તેમ બુદ્ધિ પર માન,**
**ધોતાં યોગાદિક થકી, સમ્યક્ દર્શન જાણ.**

**બુદ્ધિ પ્રતિબિંબિત નકી તે જ જીવ વિખ્યાત,**
**મદદ કરે અજ્ઞાતને જોવા ઈન્દ્રિય જાત.** (અ.૧૯.દો.૪૬થી૪૮)

સાદી-સામાન્ય બુદ્ધિથી આત્મદર્શન થતું નથી. યોગાદિની સાધના દ્વારા ચિત્તશુદ્ધિ કરીને બુદ્ધિને સૂક્ષ્મ અને તીક્ષ્ણ બનાવતાં તે આત્મદર્શન માટે ઉપકારક બને છે.

આત્મદર્શન માટે સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિની સાથે શ્રદ્ધા અને ધર્મોપદેશના-શાસ્ત્રોના વચનમાં વિશ્વાસ ખૂબ જરૂરી છે. પરમપુરુષ શ્રદ્ધામય છે-શ્રદ્ધામયઃ અયં પુરુષઃ। પરમાત્મા શ્રદ્ધા સ્વરૂપ છે. આવા શ્રદ્ધામય પુરુષને પામવા માટે આપણે પણ શ્રદ્ધાવાન બનવું પડે. શ્રદ્ધા અને વિશ્વાસ એ પાર્વતી અને ભગવાન શંકર સ્વરૂપ છે. સંત તુલસીદાસ રામાયણમાં વંદન કરતાં લખે છે :

**ભવાની શંકરૌ વન્દે શ્રદ્ધા વિશ્વાસરૂપિણૌ ।**
**યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધા સ્વાન્તઃસ્થમીશ્વરમ્ ॥** (બાલકાંડ/શ્લોક-૨)

હું શ્રદ્ધા અને વિશ્વાસરૂપી પાર્વતીને તથા શંકરને વંદુ છું કે જેમના વિના સિદ્ધો પણ પોતાના અંતઃકરણમાં રહેલા ઈશ્વરને જોઈ શકતા નથી.

ગીતા પણ શ્રદ્ધાનું મહત્ત્વ સમજાવતા કહે છે :

**શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિમચિરેણાધિગચ્છતિ ॥** (અ.૪.શ્લોક-૩૯.)

જિતેન્દ્રિય, સાધન પરાયણ અને શ્રદ્ધાવાન માણસ જ્ઞાનને પામી જાય છે અને જ્ઞાનને

પામીને એ વિના વિલંબે તત્કાળ જ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ શાંતિને પ્રાપ્ત થઈ જાય છે.

ધર્મશાસ્ત્ર અને ધર્મોપદેશકના વાક્યોમાં વિશ્વાસ જરૂરી છે. પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ અને શબ્દપ્રમાણ એ ત્રણ પ્રમાણ પૈકી ધર્મશાસ્ત્રના વચનોમાં વિશ્વાસ, એ શબ્દપ્રમાણનો સ્વીકાર છે.

દરેક મનુષ્યના શરીરમાં પરમાત્મા વિરાજે છે. ભગવાન પોતે કહે છે :

**ઈશ્વરઃ સર્વભૂતાનાં હ્રદ્દેશે અર્જુન તિષ્ઠતિ ।**
**ભ્રામયન્ સર્વ ભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥** (અ.૧૮. શ્લોક-૬૧.)

હે અર્જુન ! અન્તર્યામી પરમેશ્વર સર્વ પ્રાણીઓનાં હૃદયમાં રહેલો છે અને એ જ બધા પ્રાણીઓને શરીરરૂપી યંત્રો પર ચઢાવીને માયાથી એમના કર્મો પ્રમાણે ભમાવે છે.

દરેક માનવીના શરીરમાં શ્વાસ લેતી વખતે 'સો' અને શ્વાસ બહાર કાઢતી વખતે 'હં' એવો અવાજ આવે છે. આ ''સોહં'' ''હંસો''નું ધ્યાન ધરી એને પામવાનો પ્રયત્ન કરવાનો છે. પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**પ્રાણીમાત્રના દેહમાં ગર્જે હંસ અવાજ઼;**
**સોહં હંસારૂઢ તું માત ચતુર્ધાવાક઼,**

**હંસાપાસન એ કરી યોગી થાય વિમુક્ત,**
**નિર્ગુણ તુજરૂપે રહે, ભેદાભેદ વિયુક્ત.** (અ.૧.દો.૧૯-૨૦)

આ હંસોપાસન દ્વારા શ્વાસે શ્વાસે ગર્જતા પરમેશ્વરનું ધ્યાન ધરવાનું છે અને એ દ્વારા અંતરમાં પ્રકાશતી (કાસી) આત્મારૂપી કાશી તરફ અંતર્મુખ થવાનું છે. ત્યાં જ પરમાત્મા બિરાજે છે.

યૌગિક પ્રક્રિયા દ્વારા આત્મા-પરમાત્માનું મિલન થતાં મુક્તિનો આનંદ-મુક્તાનંદ— પામવા માટે શું કરવું જોઈએ ? માખણ મેળવવા માટે જેમ દહીંનું મંથન કરવું પડે તેમ અહીં મુક્તાનંદરૂપી માખણ મેળવવા માટે ઈડા (ચંદા) અને પિંગલા (સૂરજ) રૂપી ગાગર (હંડા)માં કરોડરજ્જુરૂપી રવૈયાથી મંથન કરવાનું છે. સુષુમ્ણામાં પ્રાણ-અપાન અને કુંડલિનીનો પ્રવેશ થાય પછી ષટ્ચક્રભેદન અને ત્રણ ગ્રંથિનું ભેદન થતાં જીવ-બ્રહ્મરંધ્રમાં જાય ત્યારે ત્યાં શિવનું-પરમાત્માનું મિલન થતાં જ પરમપદનો-મુક્તિનો-આનંદ મળે છે-હાથમાં માખણનો લોંદો આવે છે.



આને માટે પછીથી બાહ્ય સાધનો છોડી દેવાના હોય છે. ઉપર ચઢવા માટે સીડીનો ઉપયોગ કર્યા પછી ઉપર ચઢીને સીડીને છોડી દેવાની છે, એમ શરૂઆતમાં માળા, આસન વગેરે જરૂરી હતાં, પરંતુ સાધનમાં પ્રગતિ થતાં શરૂઆતનાં બાહ્ય સાધનો છોડી દેવાના છે. સીડી ઉપર બેસી રહેવાનું નથી, સીડીનો ઉપર ચઢવા માટે ઉપયોગ કરીને પછી સીડી છોડી દેવાની છે. હરિનામસ્મરણનો જપ કરનારે પરેજી રૂપ કૂડ-કપટ બધું ત્યજી દેવાનું છે. સરળ અને નિર્દોષ થઈને અંતરાભિમુખ બનવાનું છે. ચિત્તશુદ્ધિ વગર સાધનામાં પ્રગતિ થતી નથી.

આમ નિર્દોષ, ભોળા થઈને યોગ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળાએ દુન્યવી ભોગોને-વિષયોને છોડવા પડે છે. ''પાયોજી મૈને રામરતનધન પાયો'' એ મીરાંની ઉક્તિ મુજબ આત્મારૂપી રતન મેળવનારે વિષયસુખના કાચને ત્યજવો પડે છે. પરંતુ જીવને વિષયોમાંથી મળતો આનંદ એટલો ગમે છે કે તેને આત્મદર્શન યાદ આવતું નથી.

**વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા, રાખની આશમાં લાખ ખોયા.**
**દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા. મોહિની જાળમાં સર્વ મોહ્યા.**

ભગવાનની દૈવી અને ગુણમયી માયાને તે જ તરી શકે જેના પર ભગવાન કૃપા કરે. ગુરુમહારાજ બધા પર આવી કૃપા કરે એવી પ્રાર્થના.

❖❖❖

## ભજન (૨૫)

## સુખ થયું, દુઃખ ગયું

**(રાગઃદરબારી કાનુડો; તાલઃકહેરવા)**

**સુખ થયું, દુઃખ ગયું; કેવું? મન ન જાણે!**
**વાણી ઉચારે શી રીતે એ? ...ધ્રુ.**
**આધિ ઉપાધિ વ્યાધિ ન ત્યાંહી;**
**ભૂત દૈવ આધ્યાત્મિક નાહીં;**
**[1]મુદ પ્રમોદ આનંદ સદા હી! ...સુખ૦ ૧.**
**જાગ્રત [2]સુપ્તિ સ્વપ્ન ન ત્યાંહી;**
**[3]વિશ્વ પ્રાજ્ઞ તૈજસ, ન દિખાઇ;**
**એક નૂર સબ રોમ રુલાઇ! ...સુખ૦ ૨.**

દિન રાત સંધ્યા નવ ત્યાંહી;
શીત ઉષ્ણ વર્ષા ન દિખાઈ;
પ્રેમઝલક [4]ચક સબ જગ છાઈ! ...સુખ૦ ૩.
સૂરજ ચંદા તારક નાહીં,
અગન દીપ બિજલી નવ કાંઈ;
એક [5]અગોચર નૂર દિખાઈ! ...સુખ૦ ૪.
શત્રુ મિત્ર મધ્યમ નવ ત્યાંહી,
આપ પરાયો ભેદ સમાઈ;
એક અલખ જબ નજરોં આઈ! ...સુખ૦ ૫.
સ્ત્રી પુરુષ નપુંસક નાહીં,
નામ રૂપ કછુ કામ ન આઈ;
એક અનામી સબ જગ ભાઈ! ...સુખ૦ ૬.
હિંદુ મુસલમીન પારસી નાહીં,
બમ્મન ખત્રી શૂદર નાહીં;
સબ [6]રબ રસિયું અંતર બાહી! ...સુખ૦ ૭.
રામ રાવણ જુદ્ધ ન ત્યાંહી;
કૃષ્ણકંસનું નામ ન ક્યાંઈ;
ખલ્ક રંગ સબ [7]ત્રીશ [8]રુલાઈ? ...સુખ૦ ૮.
હદ બેહદ કછુ દેખ ન આઈ,
શાન્તિ શોર કછુ કાન ન આઈ;
મૂક ગાન ચક સબ જગ ગાઈ! ...સુખ૦ ૯.
સ્વર્ગ મૃત્યુ પાતાલ ન ત્યાંહી,
જન્મમૃત્યુની ધાક ન ક્યાંઈ;
[9]અનલહક્ક [10]ચક બાંગ સુનાઈ! ...સુખ૦ ૧૦.
રંગ કૃપા સદ્‌ગુરુ બલિહારી;
હાડ ચામ સબ ઉન પર વારી;
ઐસી ભઈ કછુ કહી ન જાઈ! ...સુખ૦ ૧૧.

---

૧. વસ્તુના સ્મરણમાત્રથી જે સુખ થાય તે મુદ, દર્શનથી જે સુખ થાય તે પ્રમોદ અને ઉપભોગથી જે સુખ થાય તે આનંદ. ૨. ઊંઘ. ૩. જાગ્રદવસ્થાનો અભિમાની જીવ તે વિશ્વ, સ્વપ્નવસ્થાનો તે તૈજસ અને સુષુપ્તાવસ્થાનો તે પ્રાજ્ઞ. ૪. એક. ૫. ઇંદ્રિયોનો વિષય નહીં તે.
૬. પરમેશ્વર. ૭. ત્રણે લોકના ઈશ, પરમાત્મા. ૮. રેલાવી. ૯. અહં બ્રહ્માસ્મિ-હું બ્રહ્મ છું. ૧૦. એક.



# અર્થ

મનને ખબર નથી કે આ સુખ આવ્યું કેવું ! અને દુઃખ ગયું કેવું ! એનું વર્ણન વાણી શી રીતે કરી શકે ?

આ સ્થિતિમાં આધિ-વ્યાધિ કે ઉપાધિ નથી. આધિ ભૌતિક, આધિ દૈવિક કે આધ્યાત્મિક નથી. વસ્તુના સ્મરણથી થતું સુખ-મોદ, દર્શનથી થતું સુખ-પ્રમોદ અને ભોગવવાથી થતું સુખ-આનંદ સદાનો છે.

ત્યાં આ સ્થિતિમાં જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ નથી. વિશ્વ, તૈજસ કે પ્રાજ્ઞ દેખાતો નથી. બસ, બધે એક જ પ્રકાશ - તેજ રોમે રોમમાં રેલાઈ રહ્યો છે.

ત્યાં દિવસ, સંધ્યા કે રાત્રિ નથી. ઠંડી, ગરમી કે વર્ષા નથી. જગતમાં બસ એક પ્રેમની ઝલક છવાઈ ગઈ છે.

સૂરજ, ચંદ્ર કે તારા નથી. અગ્નિ, દીપ કે વીજળી નથી. ઈન્દ્રિયોને સમજ ન પડે એવું તેજ દેખાઈ રહ્યું છે.

ત્યાં મિત્ર, શત્રુ કે તટસ્થ સંબંધી નથી. મારો-પોતીકો અને પારકો એવો ભેદ રહ્યો નથી. બધે નજરમાં એક જ અલખના દર્શન થઈ રહ્યા છે.

પુરુષ, સ્ત્રી કે નપુંસક નથી. નામરૂપ કશું જ નથી. આખા જગતમાં એક જ અનામી તત્ત્વ બધે વ્યાપેલું છે.

હિન્દુ, મુસલમાન કે પારસી નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર નથી. અંદર બહાર બધે પરમાત્મા જ સભર ભરેલો છે.

ત્યાં રામ-રાવણનું કે કૃષ્ણ-કંસનું યુદ્ધ નથી. આ જગતમાં ત્રણે લોકના ઈશ-પરમાત્માનો રંગ રેલાઈ રહ્યો છે.

હદ-બેહદ કશું નજરે ચઢતું નથી. કાન પર શોર કે શાંતિ કશું જ નથી. સમગ્ર જગતમાં એક મૌનનું ગીત ગવાઈ રહ્યું છે.

સ્વર્ગ, મૃત્યુ કે પાતાળ નથી. જન્મ-મૃત્યુની ક્યાંય બીક નથી. અહં બ્રહ્માસ્મિ-હું બ્રહ્મ છું એવી એક બાંગ ગર્જના સંભળાઈ રહી છે. એવી સ્થિતિ અનુભવી છે કે એનું વર્ણન કરી શકું એમ નથી. આવી સ્થિતિ એ સદ્‌ગુરુની કૃપાની બલિહારી છે અને રંગ પોતાના હાડ-ચામ બધું સદ્‌ગુરુ પર ન્યોછાવર કરી દે છે.

❖❖❖

# વિવરણ

આ ભજનમાં આવતું વર્ણન એ યોગીની નિર્બિજ સમાધિની સ્થિતિનું દ્યોતક છે. આ નિર્બિજ સમાધિ વિશે યોગીવર પૂ.રાજર્ષિ મુનિ કહે છે કે, ચિત્તની ત્રણ બહિર્મુખ અવસ્થા છે અને બે અંતરમુખ અવસ્થા છે. ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત એ ચિત્તની બહિર્મુખ અવસ્થા છે. જેમાં ચિત્ત પ્રકૃતિના ત્રણે ગુણો અથવા એ પૈકી એક સત્ત્વગુણ (વિક્ષિપ્તમાં)ની અસર હેઠળ હોય.

એકાગ્ર અને નિરુદ્ધ એ ચિત્તની અંતર્મુખ અવસ્થા છે. એકાગ્ર અવસ્થામાં ચિત્તની ભૂમિકા બે વિકલ્પવાળી હોય છે : (૧) એકાગ્ર (૨) વ્યુત્થિત. વ્યુત્થાનવાળી સ્થિતિમાં ચિત્ત એકાગ્રતા છોડી સામાન્ય જાગ્રતિની અવસ્થામાં પાછું ફરે છે. આમ, ક્યારેક એકાગ્ર તો ક્યારેક જાગ્રતિ એવી બેવડી ભૂમિકાને 'સવિકલ્પ સમાધિ' કહે છે. આ ભૂમિકામાં ચિત્તનું અસ્તિત્વ રહે છે. તેથી એને 'સબીજ સમાધિ' પણ કહે છે. એમાં સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી એને 'સંપ્રજ્ઞાત સમાધિ' પણ કહે છે અને એ જ 'ધર્મમેઘસમાધિ'ના નામે પણ ઓળખાય છે. આ ભૂમિકા ઓળંગ્યા પછી જ યોગીનો અંતિમ ભૂમિકામાં પ્રવેશ થાય છે.

ચિત્તની બીજી અંતર્મુખ અવસ્થાનું નામ નિરુદ્ધ છે. આ ભૂમિકામાં ચિત્ત ત્રિગુણાતીત બને છે. એમાં પ્રકૃતિના ત્રણેય ગુણોનો અભાવ હોવાથી **ચિત્ત**ની **વૃત્તિઓનો સંપૂર્ણ અભાવ હોય છે.** આ 'પ્રસંખ્યાન' અવસ્થા છે. આ ભૂમિકામાં વિવેકખ્યાતિ જ્ઞાનની પણ નિવૃત્તિ થઈ જાય છે. એટલે એમાં ચિત્ત પણ નિવૃત્ત થઈ જાય છે. ચિત્તની આ અવસ્થા ''નિરુણદ્ધિષ્યિતિ' કહેવાય છે. એ ભૂમિકા વ્યુત્થાન અને સમાધિ જેવા વિકલ્પોથી રહિત છે. એટલે જ એને નિરુદ્ધ કે નિર્બિજ સમાધિ કહેવામાં આવે છે. આમાં યોગીપુરુષ ખાતો, પીતો, ચાલતો, સૂતો કે જાગતો કોઈપણ અવસ્થામાં હોય તો પણ એ નિર્બિજ સમાધિની ભૂમિકામાં જ રહે છે. આ અવસ્થાને જ નિર્વિકલ્પ સમાધિ પણ કહેવામાં આવે છે. ચિત્ત નિવૃત્તિ પછી યોગી પરમાત્મામાં એકરૂપ બની સિદ્ધ અને મુક્ત બની જાય છે. નિર્બિજ સમાધિને નિર્વિકલ્પ સમાધિ, નિરુદ્ધ સમાધિ કે અસંપ્રજ્ઞાત સમાધિ પણ કહેવામાં આવે છે. અષ્ટાંગ યોગની આ છેલ્લી ભૂમિકા છે. અહીં પહોંચવું એ જ સાધકનું લક્ષ્ય હોય છે.

હવે ભજન સમજવાનો પ્રયત્ન કરીએ.



સુખ અને દુઃખ એ મનના ધર્મો છે. પૂ.શ્રી અવધૂતજી લખે છે કે :

**સુખદુઃખ મનનાં સોણલાં જન્મમરણ તન ગંધ,**
**બની રમકડું ઈશનું રંગ ખેલ નિર્દ્વંદ્વ.**

હવે યોગી જ્યારે ત્રણે ગુણોથી પર થઈ જાય, મનથી પર થઈ જાય, મનાતીત અથવા ઉન્મની અવસ્થાવાળો થઈ જાય ત્યારે મન જ મરી ગયું હોવાથી સુખ અને દુઃખ અનુભવનારું કોઈ રહ્યું જ નહિ. આપણો અનુભવ છે કે, એનેસ્થેસિયા આપીને શરીરને બહેરું બનાવી દે પછી આપણે આપણા પગને કપાતા જોઈએ તો પણ આપણને દુઃખ થતું નથી. યોગીપુરુષની ઉન્મની અવસ્થા એ આવી અવસ્થા જેવી છે. ઉન્મની એટલે મનને પેલે પાર, ન-મન કે અ-મનની અવસ્થા. ઉન્મની અવસ્થાને સમજાવતાં ડૉ. શાસ્ત્રી જયેન્દ્રભાઈ દવે જણાવે છે કે, ઉન્મની એટલે : (૧) ''આત્મા અને મનનું એકપણ, (એકત્વ), માયાથી છૂટી પરમ તત્ત્વમાં સમાતા જવું. સાધકની મન વગરની બ્રહ્મ પરાયણ કે પ્રભુ પરાયણ થઈ ગયેલી **અંતિમ** અવસ્થા. યોગીની જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય પછીની પાંચમી અવસ્થા.'' (અવધૂતી આનંદ :સિદ્ધાંતઃમીમાંસા.

આમ, મન વગરની અવસ્થામાં સુખ અને દુઃખની કોને ખબર પડે ? અને ખબર જ ન પડે તો પછી એનું વાણી દ્વારા વર્ણન પણ કેવી રીતે થાય ? કારણ કે વાણી તો મનના અનુભવને પ્રગટ કરે છે.

આ સમગ્ર ભજનમાં મનને કારણે જે ત્રણ અવસ્થા અનુભવાય તેનો હવે અભાવ સૂચવાયો છે. 'અહં બ્રહ્માસ્મિ'નો અનુભવ થવાથી અત્ર-તત્ર-સર્વત્ર પોતે જ વિસ્તરેલો જણાય છે. જીવ-શિવનો ભેદ મરી ગયો છે અને પોતે પરબ્રહ્મ સ્વરૂપે સ્થિત થયો છે. આવી આત્મસાક્ષાત્કારની અનુભૂતિને કારણે કેવળ આનંદ-આનંદનો જ અનુભવ છે.

આધિ એટલે માનસિક પીડા, વ્યાધિ એટલે શારીરિક પીડા અને ઉપાધિ એટલે સામેથી આવતી પીડા. પરંતુ જ્યારે જીવ બ્રહ્મમાં લીન થઈ ગયું હોય ત્યારે આ પીડા અનુભવનારું મન જ નથી હોતું. આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક કશું જ અનુભવાતું નથી. અનુભવાય છે કેવળ આનંદ, આનંદ અને આનંદ. વસ્તુના સ્મરણથી થતું સુખ તે મોદ, દર્શનથી મળતું સુખ તે પ્રમોદ અને ઉપભોગથી જે સુખ થાય તે આનંદ.

ગણપતિ અથર્વશીર્ષમાં ગણેશજીને બ્રહ્મસ્વરૂપે અભિષેક કરીએ ત્યારે બોલીએ છીએ : त्वं गुणत्रयातीतः એટલે કે તમે સત્ત્વ, રજસ અને તમસ એમ પ્રકૃતિના ત્રણે ગુણોથી પર છો. त्वं अवस्थात्रयातीतः એટલે કે તમે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ

ત્રણે અવસ્થાથી પર છે. એટલે પૂ.બાપજી કહે છે કે નિર્વિકલ્પ સમાધિમાં રહેલો પરમાત્મા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર છે. વિશ્વ, પ્રાજ્ઞ અને તૈજસ એ જીવની આ ત્રણ અવસ્થા દરમિયાન ભોગ ભોગવતાં થતી તાદાત્મ્ય અવસ્થાનું નામ છે. પૂ.શ્રી ગુરુલીલામૃતમાં લખે છે :

**સ્થૂલ દેહથી જીવડો પામ્યો તાદાત્મ્ય તેહ.**
**જાગ્રદવસ્થામાં રહી સ્થૂલ ભોગનો આંહ્ય,**
**લે અનુભવ એ, વિશ્વ નામે ઓળખાય ત્યાંય.**
**લિંગદેહથી જ્યાહરે પામે તાદાત્મ્ય તેહ,**
**પ્રવિવિક્ત ભોગે રમે, તૈજસ નામે એહ.**
**સ્વપ્નાવસ્થા ત્યાહરે કહે એહને આંહ્ય,**
**એજ જીવ હૃદયે યદા પૂરિત નાડી માંહ્ય -**
**મનબુદ્ધયાદિક સર્વને કરી પ્રાણમાં લીન,**
**પ્રાજ્ઞ નામથી ભોગવે પરમાનંદ અખિન્ન.**

(અ૧૨૦.દો.૧૦૮થી૧૧૨)

કેવળ બધે એક નૂર-તેજ-પ્રકાશના જ દર્શન છે. આત્મા જ્યોતિ સ્વરૂપ છે, પ્રકાશરૂપ છે એટલે પ્રકાશ સિવાય - તેજ સિવાય —બીજું કશું જ નથી.

આત્મસાક્ષાત્કારમાં અત્ર-તત્ર-સર્વત્ર પ્રેમસ્વરૂપ પરમાત્માના જ દર્શન થાય છે. દિવસ, સંધ્યા કે રાત; ગરમી, ઠંડી કે વર્ષા એવા જગતમાં અનુભવાતા વ્યવહારોનો અહીં અભાવ હોય છે. મન હોય તો જ જગત હોય અને જગતના વ્યવહારો હોય. ‘‘મન મરે માયા મરે’’ એવું છે.

સૂરજ, ચંદ્ર, તારા, અગ્નિ, દીવો અને વીજળી આ પરમ તત્ત્વને કારણે પ્રકાશે છે. ‘‘સૂર્યનો સૂર્ય એ, ચંદ્રનો ચંદ્ર એ’’ એવું પૂ.બાપજીએ પ્રભાતિયામાં ગાયું જ છે.

બધે એક જ પરબ્રહ્મનાં-અલખનાં દર્શન થાય એટલે પછી ભેદદષ્ટિ ક્યાંથી રહી હોય ? અભેદ દષ્ટિને કારણે જ આત્મદર્શન થાય છે. પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે :

**ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,**
**ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે.**

**મન સ્વસ્થ હશે તો તન પણ સ્વસ્થ હશે.**



આમ, સામાન્ય સંસારીને સ્ત્રી, પુરુષ, નપુંસક, નામ કે રૂપ દેખાય છે તે એક અને અનામી એવા પરમાત્મા સ્વરૂપ બનેલાને ક્યાંથી દેખાય ? અંદર-બહાર એક જ પરમાત્માના દર્શન કરનારને પછી હિન્દુ-મુસલમાન કે પારસી જેવો ભેદ રહેતો નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર જેવો વર્ણાશ્રમ રહેતો નથી.

નિર્વિકલ્પ સમાધિમાં મન જ રહેતું નથી તો પછી મનની કૃતિઓ પણ ક્યાંથી હોય. સદ્‌વૃત્તિ અને દુર્વૃત્તિનું યુદ્ધ પણ ક્યાંથી હોય. રામ અને કૃષ્ણરૂપી સદ્‌વૃત્તિ અને રાવણ તથા કંસરૂપી દુર્વૃત્તિનું યુદ્ધ જ નથી કારણ કે મનની વૃત્તિનો જ અભાવ છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે :

**એકે રાવણને સંહાર્યો, બીજે કંસ અઘાસુર માર્યો,**
**એ છે એક જ તારણહાર, દુર્વૃત્તિ દાનવ સંહાર.**
**જેનો સઘળે જય જય કાર.**

બધે જ ત્રણે લોકના ઈશનો રંગ જગતમાં છવાઈ ગયો હોય પછી યુદ્ધ ક્યાંથી હોય ? ‘હું બ્રહ્મ છું’ બ્રહ્માસ્મિ’ (અનલહક્ક)નો પોકાર સંભળાય પછી સ્વર્ગ-મૃત્યુ, પાતાળ, જન્મ કે મૃત્યુની બીક ક્યાંથી હોય ? બીક તો બીજાની હોય - દ્વૈત હોય તો ભય હોય - દ્વૈતાદ્ વૈ ભયં । પરંતુ અદ્વૈત ભાવમાં એ ક્યાંથી હોય ?

છેલ્લે પૂ.બાપજી ખૂબ મહત્ત્વની વાત કહે છે. પૂ.શ્રી કહે છે કે : આ નિર્વિકલ્પ સમાધિની અવસ્થા પ્રાપ્ત કરી તે કેવળ સદ્‌ગુરુની અને ઈશ્વરની કૃપા છે અને એમની જ બલિહારી છે અને છેલ્લે કહે છે કે, આ એવી અવસ્થા છે કે, જેનું વર્ણન થઈ શકે એમ જ નથી.

અંતમાં આ ભજનને અનુરૂપ કેટલાક દોહરા જોઈએ :

**સર્વ વાસના શૂન્ય હું, એક અસંગ એમ,**
**અંતર્મુખ રહું સદા, સ્વરૂપસ્થિત તેમ.**
**અખંડ આનંદે ફરું, નિજાનંદમાં મસ્ત,**
**સર્વાવસ્થા શૂન્ય હું, મને શોક ના કષ્ટ.**

**બહિર્વૃત્તિ છોડીને થાવું અંતર્નિષ્ઠ,**
**શાંતિ અક્ષય તો મળે, મરે સમૂળાં ક્લિષ્ટ.**

**વિકલ્પ હોમી ચિત્તમાં, કરવું ચિત્ત વિલીન,**
**અર્થાત્મક મનમાં સદા, મન અહંકૃતિલીન.**

**સુખ અને દુઃખ એ મનનાં સોણલાં છે.**

અહંકારને હોમીને, મહત્તત્ત્વમાં તેમ,
બુદ્ધિને માયામહીં કરવી વિલીન એમ.

સર્વકારણ કારણે સર્વાત્મામાં જાણ,
અંતે માયાને ત્યજી, પામે નર નિર્વાણ.

વિરામ પામી સર્વથી, થાવું અંતર્નિષ્ઠ,
શાંત સમાહિત સર્વદા, એક અદ્વૈતનિષ્ઠ.

શુદ્ધ પરમાત્મા એક હું, અસંગ નિશ્ચલ છેક,
બ્રહ્મરૂપ 'સોહં' સદા, એવો જ્ઞાનવિવેક.

થતાં સુદૃઢ મુક્ત એ, વિલંબ ત્યાં ન લગાર, (અ.૯.દો.૬૧થી ૬૯)

આ ભજનમાં યથાસાંખ્ય અલંકાર પ્રયોજાયો છે. જાગ્રત, સુપ્તિ. સ્વપ્ના ક્રમમાં વિશ્વ, પ્રાજ્ઞ અને તેજસને મૂક્યા છે.

❖❖❖

## ભજન (૨૬)
## હમો ચંગા હમો ચંગા

(રાગઃદરબારી કાનુડો; તાલઃકહેરવા)

હમો ચંગા હમો ચંગા, ખુદાના નામ પર નંગા!
વહે દિલ પ્રેમની ગંગા, અગર ન્હાયા ન વા તો શું? .હમો૦ ૧.

ન પોતાનું કશું રાખ્યું, અહં ચિદ્વહ્નિમાં નાખ્યું!
સુધામૃત શૂન્યનું ચાખ્યું, અગર [1]દીધું ન વા તો શું? .હમો૦ ૨.

રખડવાની ન ઉર ઊર્મિ, સભી ગોપાલકી ભૂમિ!
જહાં દેખો તિહાં સ્વામી! કરી યાત્રા ન વા તો શું? .હમો૦ ૩.

જઇ બેઠા પ્રભુ પાસે, સદા સંતૃપ્ત ઉપવાસે!
[2]બુભુક્ષા ના દહે વાંસે[3]! રખ્યા રોજા ન વા તો શું? .હમો૦ ૪.



શબદ-સૂરતા સહજ સાધી, નિરાલંબે નજર બાંધી!
વરી સ્વાનંદ-શાહજાદી! ગ્રહી માળા ન વા તો શું? .હમો૦ ૫.

સહજ સાધન સુલભ છોડી, ન મર રંગે વૃથા દોડી!
કરી લય વૃત્તિ રે' પોઢી! પઢ્યો પોથાં ન વા તો શું? .હમો૦ ૬.

૧. દાન આપ્યું.૨.ભૂખ ૩.પાછળ

❖❖❖

## અર્થ

અમે પવિત્ર છીએ, અમો નિર્મળ છીએ - ખુદાના નામ ઉપર અમે વાસનારૂપી વસ્ત્ર વિનાના-નંગા છીએ. દિલમાં પ્રેમની ગંગા વહી રહી છે. હવે ન્હાયા તો યે શું અને ન ન્હાયા તો યે શું ?

અહંને ચિત્રૂપી અગ્નિમાં બાળી નાંખ્યું એટલે હવે પોતાનું કહેવાય એવું કશું જ રાખ્યું નથી. શૂન્યનું સુધામૃત ચાખ્યું. હવે દાન દીધાં તો શું અને ન દીધાં તોય શું ?

સબ ભૂમિ ગોપાલકીનો ભાવ જાગ્યા પછી હવે રખડવાની-ફરવાની ઈચ્છા નથી. અત્ર-તત્ર-સર્વત્ર બધે જ સ્વામી-પરમાત્માના દર્શન થાય છે. હવે યાત્રા કરી તો યે શું અને ના કરી તો યે શું ? શું ફેર પડે છે ?

હવે તો પરમેશ્વર પાસે જઈને બેસી ગયા. હવે તો હંમેશ માટે ઉપવાસમાં પણ સંતૃપ્તિ છે. હવે ભૂખ પાછળ પડીને હેરાન કરતી નથી. હવે રોજા રાખ્યા-ન રાખ્યા બધું સરખુ જ છે.

શબ્દની સૂરતા સહજતાથી સિદ્ધ કરી અને નિરાલંબમાં-પરમાત્મામાં નજર સ્થિર કરી દીધી છે. સ્વાનંદ-નિજાનંદની રાજકુંવરી-શાહજાદી આપણને વરી છે, પસંદ કર્યા છે પછી વરમાળા પહેરી તો શું અને ન પહેરી તો શું ?

હે જીવ (રંગ) ! સહજ અને સુલભ સાધન છોડીને નકામો શું કામ બધે દોડી મરે છે ? વૃત્તિનો લય કરીને સૂઈ જા. પોથાં-થોથાં વાંચ્યા-ન વાંચ્યાથી શું ફેર પડવાનો છે?

## વિવરણ

ચંગા એટલે પવિત્ર, વિશુદ્ધ અને નંગા એટલે વસ્ત્રરૂપી વાસના વિનાનો. દેહાધ્યાસને કારણે બાહ્યાચારમાં રચ્યા પચ્યા રહેનાર સંસારીને સાચી સમજ, સાચી દૃષ્ટિ આપવાનો

પૂ.બાપજી આ ભજનમાં પ્રયત્ન કરે છે. સ્નાન કર્યા વિના ખાતો નથી કે સ્નાન કર્યા વિના મને અડશો નહિ એમાં સ્નાન કોણ કરે છે ? સ્નાન એટલે શું ? આ બધામાં 'હું' કેન્દ્રમાં હોય છે અને સ્નાન કરવું એટલે શું ? શરીરને બહારથી ભીનું કરવું.

જે દેહાધ્યાસથી મુક્ત થઈ ગયો છે અને જેણે પોતાના અહંકારને ઓગાળી નાંખ્યો છે એવા સ્વસ્વરૂપમાં સ્થિત સિદ્ધની આ વાણી છે. આત્મા પવિત્ર છે, વિશુદ્ધ છે, વાસના રહિત છે. વસ્ત્ર એ વાસનાનું પ્રતિક છે. એક ભજનમાં પૂ.બાપજી ગાય છે :

"ના વસ્ત્ર દિગંબર હું ભટકું, માગુ કોરાન્ન કરી ખટકું."

એમાં પણ દિગંબર એટલે વાસના વિનાના, વસ્ત્ર વિનાના. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**આત્મા વ્યાપક એહ છે, નિર્ગુણ નિર્વિકાર,**
**દેહાધ્યાસાતીત એ, નડે ન પાપવિકાર.**

**નિરભિમાન ત્યાં પાપ ના, પાપમૂળ અભિમાન,**
**પત્યુપદેશે મેં કર્યું પ્રાપ્ત બ્રહ્મજ્ઞાન.**

**દેહાધ્યાસે જો ડરૂં બ્રહ્મવાદિની કેમ ?**
**નગ્ન ભિક્ષા અર્પીને થાઉં, કૃતકૃત્ય એમ.**

**જ્ઞાનાગ્નિ મુજ હૃદયમાં સળગે પ્રગટ સદાય,**
**પાપ-પુણ્ય સ્પર્શે નહિ, ભસ્મ વિકારો થાય.**

**વસ્ત્ર-વાસના ના મુને, હું દિગંબરરૂપ,**
**આપું ભિક્ષા ભિક્ષુને, થાઉં નગ્ન અનુપ.** (અ.૬.દો.૫૮થી ૬૨)

આ દોહરાને સમજીને, એને કેન્દ્રમાં રાખીને પછી ભજન ગાઈશું તો એનો અર્થ અને ભાવ સમજાઈ જશે. સ્વસ્વરૂપમાં સ્થિત આત્મતૃપ્તના દિલમાં પ્રેમની ગંગા વહેતી હોય છે. એ બધામાં એક જ પરમાત્માને જોતો હોય છે અને પછી તો બધામાં પોતાને અને પોતાનામાં બધાને જોતો હોય છે એટલે પ્રેમ સિવાય બીજું શું હોય ? પૂ.બાપજી એક પ્રભાતિયામાં લખે છે :

**"પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો**
**ઢોંગથી ઢૂંકડો દૂર નાસે.**

**બીજા એક પ્રભાતિમાં કહે છે :**

**પાસ છે પ્રેમીને, આઘે અધર્મીને**
**હૃદયમાં દેવ જો દિલ ચંગા.**

જેના દિલમાં પ્રેમની ગંગા વહેતી હોય તે તો નિત્ય સ્નાન જ કરતો હોય છે અને કરાવતો હોય છે. શરીરને પાણીમાં બોળવું એવું સ્નાન જ મુક્તિ અપાવતું હોત તો માછલી ને દેડકા ક્યારના તરી ગયા હોત.

સ્નાનના જેવો બીજો બાહ્યાચાર દાન દ્વારા પુણ્ય કમાવવાની પ્રવૃત્તિ. પરંતુ આ પાપ અને પુણ્યથી જે પર છે તેને પાપ શું ને પુણ્ય શું ? આત્માને તો પાપ-પુણ્ય સ્પર્શતા જ નથી. બાહ્યાચાર દ્વારા ધર્મનું આચરણ એ દેહાધ્યાસ ધરાવનાર માટે છે. "હું દેહ છું" એવો અહં અને મમતા જેનામાં છે તેને આ બધું સ્પર્શે છે. પૂ.બાપજી હાલરડામાં ગાય છે :

**દેહાધ્યાસે મમતા વળગી, સુખદુઃખોની હોળી સળગી,**
**ડાકણ તૂત અહંતા વળગી, તેને બાળ.. તુજને ના સ્પર્શે.**

(અ.૩૧. હાલરડું નં.૨)

બધા બંધનનું અને બધા પ્રશ્નોનું મૂળ કારણ અહંકાર છે. આ અહંકારનો નાશ-અહંકારને બાળવાનું કામ - સૌથી મહત્ત્વનું છે. અહંકારથી જ દ્વૈતભાવ અને ભેદભાવ જન્મે છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**દેહ અહંતા બંધ છે, મોક્ષ અહંતા ત્યાગ,**
**થતાં સ્વાત્મબુદ્ધિ બધે, શમે 'અહં-મમ' આગ.**

**મોક્ષ ન સ્વર્ગે ના કદિ પાતાળે એ જાણ,**
**ભૂમંડળ આકાશમાં ના એ નિશ્ચય માન.**

**અહંકાર મારી રહે, તચ્ચિત્તે તું જાણ,**
**અહંકાર ક્ષય મોક્ષ એ, ના બીજો તું માન.**

(અ.૧૫દો.૧૫૫,૧૬૫,૧૬૬)

અવધૂતી આનંદના અનેક ભજનોમાં આ અહંકાર-દ્વૈતભાવ —ખુદીને જલાવવાની વાત પૂ.શ્રીએ કરી છે.

- **ખુદી પતિકા પ્રેત જલાકર, દુઈ સતી ભઈ નાર... હમારા અસ્થાન.**
- **અહં-ખાખ તન રાખ લગાવી, સોહં મળિયો સાથ... હું ભિખારી.**

- અહંકાર આડે ઊભો જ્યાં આખર પડશે માર... સૂતો શું.
- અહં મૂકીને આપ પીછાને, લાખમાં વિરલો કોઈ... હોય કોઈ.
- ધૂની ખુદીકી જલે અખંડા, નહીં લકરી નહીં ચૂલા... હમસે મત.
- આપ મારકે આતમ પા લે, બન જા હક ઘરકા બંદા... બન જા.
- અહં જલાકે ભસ્મી ધરના, જમઘર અડંગ લગાના... મનુવા.
- ખાખ ખુદીકી દિલપે ચોળી, સોહં શંખ બજાતા... જો ચાહે.

સર્વ સમર્પણ ભાવ દ્વારા સર્વસ્વનો પ્રભુ પ્રીત્યર્થ ત્યાગ અને અહંકારનો ત્યાગ કર્યા પછી શૂન્યનું અમૃત ચાખનાર યોગીપુરુષ દાન કરે તો પણ શું અને ના કરે તો પણ શું ? એ આ બંનેથી પર છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે :

**વૈરાગ્ય કફની ધરી હું આવ્યો= ન પોતાનું કશું રાખ્યું.**
**નિરહં ખપ્પર કરમાં લાવ્યો=અહં ચિદ્‌વન્હિમાં નાંખ્યું**
**રસ શૂન્ય અમર રસ દે મા ઓ=સુધામૃત શૂન્યનું ચાખ્યું**
**જેથી વિષયે ન રમે કુમતિ... ભિક્ષા ૐ**

વ્યક્તિ સાધના દ્વારા આપ્તકામ, આત્મક્રીડ, આત્મતૃપ્તની અવસ્થા પ્રાપ્ત કરે એટલે એ નિજાનંદની મસ્તીમાં મહાલતો હોય. "મૌનમાં મુનિજનો મોજ માણે" એ અવસ્થામાં મોજ-આનંદ માટે એણે બહાર વિષયો શોધવાના ના હોય. બોલવાની ઈચ્છા ન થાય, ફરવાની-બહાર રખડવાની વૃત્તિ ન થાય કારણ કે એ આત્મતૃપ્ત છે એટલે એને કશું ખૂટે છે એવું લાગતું જ નથી. આપણને એમ થાય કે પરદેશ જઈને આનંદ પામું પરંતુ પરદેશની ભૂમિમાં આનંદ નથી. આનંદ તો આત્માનું સ્વરૂપ છે. એ વાતનો અનુભવ થાય પછી યાત્રા કરો કે ના કરો કોઈ ફેર પડતો નથી. રખડવાની-ફરવાની-યાત્રાએ જવાની ઈચ્છા જ નહિ. યાત્રાએ શું કામ જવાનું ? ભગવાનનાં દર્શન કરવા. રામેશ્વર જઈ ભગવાન શંકરનાં દર્શન કરવા, દ્વારિકા જઈ દ્વારિકાનાથનાં દર્શન કરવા એ બધી ઈચ્છા તો વ્યક્તિ પોતે અધૂરી છે, એનામાં ઉણપ છે તેથી થાય છે. હકીકતમાં તો ભગવાન ક્યાં નથી ? "જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે ! ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારા જ શોભે"ની સ્થિતિમાં યાત્રાની ઈચ્છા થતી નથી.

ભગવાન તો આપણા હૃદયમાં જ બિરાજે છે. "પ્રભુ પરખ્યા હૃદે જેણે ફરે ભમતો જગે શાને ?" એવું પૂ.બાપજી એક ભજનમાં ગાય છે. આમ છતાં મધુરાદ્વૈતને માણવા



માટે પ્રભુ પાસે જઈને બેસીએ અને આનંદ માણીએ એવું થાય એ સ્વાભાવિક છે. ભવ્ય નિરંતર તૃપ્તિ અનુભવનારે વિષય વાસનાનો ત્યાગ કરી દીધો હોય છે. અભાન અવસ્થામાં પણ, છાની છપની આ વિષય વાસના પાછળથી હેરાન કરે એનું ધ્યાન રાખનાર સાધકે પછી રોજા-ઉપવાસ કર્યા તો શું અને ન કર્યા તો શું ?

ઘણું ઘણું ખાવા છતાં ઋષિ દુર્વાસા સદાના ઉપવાસી ગણાતા હતા. મન જ્યારે વિષય વાસના છોડી દે ત્યારે ક્રિયાનું મહત્ત્વ ગણાતું નથી.

શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કરતી વ્યક્તિ માટે તો માળા પકડી જપ કરવાનો રહેતો જ નથી. એ શ્વાસે શ્વાસે સ્મરણ કરતો નથી પણ સ્મરણ થઈ જાય છે. આ એનું સહજ સ્મરણ છે. જેમ આપણે પ્રયત્ન કર્યા વગર શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા કરીએ છીએ તેમ કોઈપણ જાતના પ્રયત્ન વગર, સહજતાપૂર્વક નામસ્મરણ થયા જ કરે છે.

"રસના નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય" એ સ્થિતિ પ્રાપ્ત કરનારની સૂરતા-ધ્યાન-સહજપણે પરમેશ્વરમાં જ રહે છે. એની નજર પણ નિરાલંબ-પરમેશ્વરમાં જ છે. આત્માનંદની શાહજાદીને વરેલા એ પુરુષને બહારથી જપ કરવાની કોઈ જરૂર નથી. કબીર કહે છે તેમ હવે તો ભગવાન મારી પાછળ પાછળ ફર્યા કરે છે.

દત્તનામસ્મરણની શરૂઆત કરતાં પૂ.બાપજી લખે છે :

**વૃથા શાસ્ત્રને શસ્ત્ર કૂટાવી મારે,**
**વળી સ્નાન ને ધ્યાન યોગાદિ આરે ।**
**હરે વાવ કૂવાદિ હા પ્રાણ વિત્ત,**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥**

આપણને પાસેની વસ્તુનો અનાદર કરીને દૂરની વસ્તુ પાછળ દોડવાની ટેવ છે. આપણને સહજ મળે એ વસ્તુ છોડીને મુશ્કેલીથી મળે એવી વસ્તુ મેળવવાનું આકર્ષણ છે. આ વિડંબના છે-જાત સાથેની છેતરપિંડી છે.

શાસ્ત્રનો ઊંડો અભ્યાસ વાદ-વિવાદ માટે પ્રેરે પણ એનાથી પરમાત્માના દર્શન નહિ થાય. વેદ-શાસ્ત્રનો અભ્યાસ વિદ્વાન બનાવે પણ વિષ્ણુના દર્શન નહિ કરાવે. ભર્તૃહરિ કહે છે : બોદ્ધારો મત્સરગ્રસ્તાઃ । આવા વિદ્વાનો અભિમાનથી ગ્રસાયેલા હોય છે. પૂ. બાપજી એક ભજનમાં એનો ઉલ્લેખ આ રીતે કરે છે :

**રંગ પોથાં પુસ્તકો ફેંકી બધાં દરિયાવમાં,**
**મૂગો થઈ ડૂબી રહે, સમુંદરે એ શાહના... લખવું.**

ઊઠ અઘ ભંજના પ્રભાતિયામાં પૂ.શ્રી લખે છે :

**ભ્રાન્ત ભવકાનને શ્રાન્ત શાસ્ત્રાટને**
**ક્ષાળ કર્દમ મુને જ્ઞાન મેઘે.**

આ પંથમાં પોથા-થોથાં કામ આવતા નથી. એ તો ગુરુની કૃપા અને ગુરુના માર્ગદર્શનથી મળતો રસ્તો છે.

ગુરુગમ મારગ, પોથાં થોથાં, કોઉ કામ ન આયો,
**રંગ**-કૃપા મુરશિદ દિવાના સ્વાદ અનુપમ પાયો... કહે દિવાના.

પૂ.શ્રી કહે છે કે ઘરમાં-એકાંતમાં-બેસ. અંતર્મુખ થા. એકાંતમાં મૌન રાખ. આત્મવિચાર કર અને સ્વસ્વરૂપમાં વૃત્તિનો લય કર. હવે આમાં ક્યાં જ્ઞાનની જરૂર છે ? ભગવાનનું નામસ્મરણ કર્યા કર. આમાં ક્યાં ભણતરની કે પૈસાની જરૂર પડે છે ? પરંતુ આવી સાત્ત્વિક વૃત્તિ-પ્રવૃત્તિ કરવાની ઈચ્છા થાય અને પછી એ રીતે જો જીવાય તો ધન્ય થઈ જવાય.

છેલ્લી બે પંક્તિને સમજાવતું એક દૃષ્ટાંત ટાંકું તો યોગ્ય રહેશે. એક ભાઈ ઘર છોડીને જંગલમાં ગયા. બાર વર્ષ સાધના કરી અને કઠણ તપશ્ચર્યા દ્વારા ત્રાટક સિદ્ધ કર્યું. હવે લોકોની વચ્ચે જવાની ઈચ્છા થઈ. સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિની ભૂખ જાગે. એણે ઝાડ ઉપર એક પક્ષીને જોયું. એના પર ત્રાટકની સિદ્ધિ અજમાવી. પક્ષી બિચારું તરફડીને નીચે પડ્યું અને મરી ગયું. પેલા ભાઈ હવે મહારાજ બની ગયા.

એક હાથમાં ચિપીયો અને બીજા હાથમાં ભિક્ષાપાત્ર લઈને વસતીમાં ગયા. એક ઘર આગળ જઈને ટહેલ નાંખી : ''મૈયા ! ભિક્ષા દે દે'' ટહેલમાં જ મિજાજનો રણકો હતો.બહેન તરત બહાર ન આવ્યા એટલે મહારાજનો મિજાજ ગયો અને જોરથી ટહેલ નાંખી. પેલાં બહેને બહાર આવીને કહ્યું : ''મહારાજ ! થોડી વાર ઊભા રહો. મને પેલું પક્ષી ના સમજતા કે ઝાડ પરથી તરફડીને નીચે પડું.'' પેલાં મહારાજ તો દંગ થઈ ગયા. સામેથી પૂછ્યું કે, ''મૈયા ! તને આ વાતની કેવી રીતે ખબર પડી ?'' પેલાં બહેને કહ્યું કે, આ ગામની બહાર એક કસાઈની દુકાન છે ત્યાં જઈને તેને પૂછજો. એ તમને બધું કહેશે. પેલાં મહારાજ તો ના છૂટકે ત્યાં ગયા. જેવા પહોંચ્યા ત્યાં જ કસાઈએ કહ્યું કે : મહારાજ ! પેલાં બહેને તમને મોકલ્યા છે ?'' કાપો તો લોહી ન નીકળે એવી મહારાજની સ્થિતિ થઈ ગઈ. એણે કસાઈને કહ્યું કે, હા. પણ તમને કેવી રીતે ખબર પડી ? કસાઈએ કહ્યું : ચાલો મારે ઘેર ત્યાં બધી વાત કહું. મહારાજ તો



ના છૂટકે ગયા. કસાઈએ કહ્યું. : ''ઓટલા પર બેસો. પંદરેક મિનિટમા ંઆવું છું.'' મહારાજને ગમ્યું તો નહિ, પણ કરે શું ?

કસાઈ પંદર મિનિટ પછી બહાર આવ્યા અને કહ્યું કે, જુઓ મહારાજ ! તમે બાર વર્ષ તપ કરીને જે સિદ્ધિ મેળવીને તેનાથી પણ ઊંચી સિદ્ધિ પેલા બહેને એના પતિની સેવા કરતાં કરતાં સહજતાથી મેળવી અને મેં તમને પંદર મિનિટ કેમ બેસાડ્યા ખબર છે ? ઘરમાં મારા મા-બાપ પથારીવશ છે. એમને સ્નાન કરાવી, જમાડી પછી બીજું કામ કરું છું. માતા-પિતા એ આ પૃથ્વી પરના હરતાં-ફરતાં દેવ છે. એમની સેવાથી મને સિદ્ધિ મળી છે. ઘરમાં રહીને પણ સિદ્ધિ મેળવી શકાય. એને માટે જંગલમાં જવું જ પડે એવું નથી. જનાબાઈના છાણામાંથી વિઠ્ઠલ વિઠ્ઠલનો અવાજ આવતો હતો, તો એણે શું તપશ્ચર્યા કરી હતી ? પ્રેમપૂર્વક જીવો, સરળતાથી જીવો, સેવાભાવ રાખીને જીવો અને પછી જુઓ કે તમારું જીવન કેવું બને છે !!

નિજાનંદની મસ્તી મેળવવા સંસારમાં રહીને પણ ઘણું બધું કરી શકાય, ઘણું બધું મેળવી શકાય. **પૂ.પ્રેમ અવધૂતજી** એનું જ્વલંત અને જાગતું ઉદાહરણ છે.

❖❖❖

## ભજન (૨૭)
## રામ કહો કે શ્યામ

**(રાગઃદરબારી કાનુડો; તાલઃકહેરવા)**

**રામ કહો કે શ્યામ, સઘળે એક જ એ ભગવાન;**
**ઈશ્વર અલ્લાહ નામ, સઘળે એક જ એ ભગવાન. ...ધ્રુ.**

**[1]વારિ કહો કે [2]વોટર બોલો, [3]આબ કહો કે [4]એકવા ચારો!**
**વસ્તુ એક બહુ નામ, અનુભવ સંતો શાસ્ત્ર પ્રમાણ! ...રામ૦ ૧.**

**ઘાટ ઘણેરા માટી એક, આદિ અંત મધ્યે એ પેખ!**
**એક અનેકે [5]ધામ, સમજો સમજો ચતુર સુજાણ. ...રામ૦ ૨.**

**વસ્તુ નામથી ના પલટાયે, અન્ય વદ્યે અમૃત વિખ ન્હોયે;**
**ઝઘડા વ્યર્થ તમામ, મૂકો ગોઝારો અભિમાન! ...રામ૦ ૩.**

**ગળપણ સાકર એક જ જાણો, નિરાકાર સાકાર પ્રમાણો;**
**રંગ અરૂપ અનામ, સચ્ચિત્સુખમય એ રહમાન[૬]! ...રામ૦ ૪.**

**૧. (સંસ્કૃત) પાણી. ૨. (અંગ્રેજી) પાણી. ૩. (ફારસી) પાણી. ૪. (ગ્રીક) પાણી. ૫. તેજ; સ્થળ; ઘર. ૬. દયાળુ ભગવાન.**

❖❖❖

# અર્થ

રામ કહો કે શ્યામ (કૃષ્ણ) કહો. સઘળે-બધે - એક જ ભગવાન રહેલો છે. ઈશ્વર અને અલ્લાહ એવા નામ છે, પણ ભગવાન તો બધે એક જ છે.

'વારિ' (અર્થ પાણી) કહો કે વૉટર (પાણી) બોલો, આબ (પાણી) કહો કે હે મિત્ર ! એકવા (પાણી) કહો. વસ્તુ એક જ છે અને નામ અનેક છે. એનું પ્રમાણ મારો અનુભવ અને સંતો-શાસ્ત્રોનો ઉપદેશ છે.

માટી એક છે. એમાંથી અનેક ઘાટની અનેક વસ્તુ તૈયાર થઈ છે, પરંતુ એ બધામાં મૂળ, મધ્યે અને અંતે તો માટી જ છે. અનેક તેજસ્વી વસ્તુમાં તેજ તો એક જ છે.

નામ બદલવાથી વસ્તુ બદલાતી નથી. અમૃતને બીજા નામે બોલાવવાથી એ ઝેર નથી થતું. ગોઝારો અભિમાન છોડો અને તમામ વ્યર્થ ઝઘડા બંધ કરો.

સાકર અને સાકરમાં રહેલા ગળપણ એક જ છે, અભિન્ન છે. એ જ વાત સાકાર-નિરાકારને પણ લાગુ પડે છે. એ પરમાત્મા રૂપ વિનાનો (અરૂપ) નામ વિનાનો (અનામ) અને સચ્ચિત્સુખમય જ છે.

# વિવરણ

આ ભજનમાં પૂ.બાપજી આપણને ઉપાસનાની સાચી સમજણ આપે છે. સત્-ચિત્ અને આનંદરૂપ પરમાત્માના અનેક નામો છે, અનેક રૂપો છે. પરતુ એમાં રહેલો નામી કે રૂપી તો એક જ છે. તમને ભગવાનનું જે નામ ગમે તે લો, જે રૂપ ગમે તે સ્વીકારો. પરંતુ એ જ સાચું અને બીજું ખોટું એવું માનવાની ભૂલ ના કરશો. સંપ્રદાયોના ઝઘડાના મૂળમાં ગેરસમજ છે. ''જો જીસને માના, મના રહા હૈ.'' કૃષ્ણ અને શિવને ઝઘડો નથી પણ એને માનનારા ધર્મગુરુઓમાં ઝઘડા છે. એ ઝેર તો ત્યાં સુધી કે ચુસ્ત કૃષ્ણ ભક્ત



તો ''કપડા સીવડાવવા જઉં છું એમ પણ ના બોલે કારણ કે સીવડાવવામાં પણ **શિવ** શબ્દ આવે છે. એટલે કપડાં ઘડાવવા જઉં છું એમ કહે. પુષ્ટિમાર્ગી હોય તો તે જય શ્રીકૃષ્ણ પણ ના બોલે. એ તો જય જય શ્રી ગોકુલેશ જ બોલે કારણ કે ગોકુળમાં રહેલા ભગવાન જ સાચા. ગોકુળ છોડી મથુરા, દ્વારકામાં રહેલા કૃષ્ણ-સાચા કૃષ્ણ નહિ. આ ઝેરની પરાકાષ્ટા સૂચવતો એક શ્લોક છે જેમાં સંપ્રદાયના ધર્મગુરુ કહે છે કે, હે ભાઈ ! તું સાંકડી ગલીમાંથી પસાર થતો હોય અને સામેથી તોફાની આખલો આવતો હોય તો મરવાનું પસંદ કરજે, પણ બાજુના શિવમંદિરમાં ના જતો.

આ બધી ગેરસમજ-ઝનૂન-એ ઝેર છે, માણસને અંધ બનાવે છે. એવો ધર્મ પાળનાર ખરેખર ધર્મ પાળતો જ નથી. એને ધાર્મિક નહિ પણ નાસ્તિક જ કહેવાય.

આવું ચુસ્ત વલણ પાછળ કેન્દ્રમાં ''પૈસો'' છે. પોતાના પંથનો શ્રીમંત ભક્ત બીજા ભગવાનને ન માને તો જ એના દાનનો પ્રવાહ પોતાને મળે ને ! પૂ.બાપજી આ વાતને રજૂ કરતાં કહે છે કે : ''સ્ટેશને હાટડી નાંખીને પડેલા અમારા જેવા ફરતા, ભૂસું કે મેવા મીઠાઈના ખૂમચાવાળા ગાડીને સ્ટેશન કે બહુ બહુ તો સ્ટેશન-યાર્ડથી દૂર જવા દેતા જ નથી; કેમકે એમ થાય તો અમારો વેપાર પડી ભાંગે ને અમારા મોજશોખ મરી પરવારે. માટે દોષ કોઈનો હોય તો તે ધર્મ કે સંપ્રદાયનો નથી પણ અમારા જેવા ખૂમચાવાળાઓનો છે.'' (ધર્મજનો ધડાકો, ૬૩મી રંગ જયંતી)

૬૦મી રંગ જયંતીના પ્રવચનમાં-નારેશ્વરના નાદમાં પૂ.અવધૂતજીએ આજ વાત કરતાં કહ્યું કે : ''રામ કહો કે રહેમાન કહો, ઈષ્ટ કહો કે ક્રાઈસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો ...xxx... પુલ્લિંગી, સ્ત્રીલિંગી કે નપુંસકલિંગી ફાવે તે નામથી એને પોકારો, જે કોઈ છે તે એ જ છે. અનંત નામોમાં એ એક જ અખિલાધાર અનામી રહેલો છે ! અનંતરૂપમાં એ એક જ અરૂપી લપાયેલો છે.''

આજ વાતને એક ભજનમાં પૂ.બાપજી આ રીતે રજૂ કરે છે :

**નામ હજારો, નામી એક, રૂપ કરોડો, રૂપી એક,**
**સઘળે એહ જ રંગ નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર,**
**અંધાને રવિનો શો ખ્યાલ ? જપી લે.**

દત્ત બાવનીમાં પૂ.બાપજી લખે છે :

**સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક.**

દત્તદશકમાં પૂ.અવધૂતજી લખે છે :

- **નાના રૂપે તું વસે, નાના નામે એક**
  **ભક્તજનોને કારણે ધારે વિધવિધ ભેખ.**
- **ગંગા જમુના સરસ્વતી ભિન્ન નામ જે છેક**
  **બહુરૂપી બહુ નામમાં જળરૂપે સહુ એક.**

પરબ્રહ્મ પરમાત્મા એક જ છે, પરંતુ એ ભક્તોના કાજે અનેક સ્વરૂપ ધારણ કરે છે, અનેક નામ સ્વીકારે છે. એક બહુરૂપી જુદા જુદા રૂપ લે છે પણ તે તો જે છે તે જ છે ને ! એ અસ્તિ, ભાતિ પ્રિય છે. એને જ સચ્ચિદાનંદ કહે છે.

પનિહારી અનેક, પનિહારીના માથે ઘટ અનેક પણ એમાંનું પાણી એક. પાણીને સંસ્કૃતમાં વારિ કહે, અંગ્રેજીમાં વૉટર કહે, ફારસીમાં 'આબ' કહે, ગ્રીક ભાષામાં એકવા કહે. પરંતુ મૂળ તો પાણી એ પાણી જ છે. નામ જુદું હોવાથી વસ્તુ બદલાતી થતી નથી.

માટીનું કોડિયું, ઘડો, શકોરું બધામાં મૂળ તો માટી જ છે. ઘાટ જુદા હોવાથી નામ જુદા છે. વીજળીનો બલ્બ ઝીરો વૉલ્ટનો હોય, ૨૫નો કે ૬૦નો હોય, લાલ રંગનો કે લીલા રંગના હોય તો તેમનો આકાર જુદો છે, પ્રકાશનું પ્રમાણ ઓછું-વધતું છે, પરંતુ એ દરેક બલ્બમાંથી પસાર થતો કરંટ-વીજપ્રવાહ તો એક જ છે.

ગોળ અંધારામાં ખાવ તો પણ ગળ્યો જ લાગે. ગોળને કોઈ 'ગુડ' કહીને આપે તો પણ તે ગળ્યો જ લાગે. કોઈ અમૃતને ઝેર કહે તેનાથી અમૃત પોતાનો ગુણ છોડી દેતું નથી, પરંતુ ગોઝારો અભિમાન એ જ બધા ઝઘડાના પાયામાં છે. સાચો ધર્મ આવા ઝઘડા કરાવતું નથી.

સ્વ. કવિ ઈકબાલ કહે છે : મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના."

પરબ્રહ્મ પરમાત્માના નિરાકાર-સાકાર સ્વરૂપને સમજાવતાં પૂ. બાપજી કહે છે કે, ગળપણ અને સાકર એ બેને એક બીજાથી અલગ કરી શકાય નહીં. સાકર એ સગુણ છે જ્યારે ગળપણ એ નિરાકાર છે. ફૂલ એ સગુણ સ્વરૂપ છે, પરંતુ એની સુગંધ એ નિર્ગુણ નિરાકાર સ્વરૂપ છે. પરમાત્માને રૂપ નથી, નામ નથી. એ અરૂપી છે અને છતાં બધા રૂપો એનાં જ છે. એ અનામી છે અને છતાં બધા નામો એનાં જ છે. બધા ધર્મો, સંપ્રદાયો એ પ્રભુને પામવાના જુદા જુદા રસ્તા છે, પરંતુ છેલ્લે એ બધા એક જ લક્ષ્યસ્થાને પહોંચે છે. All Roads lead to Rome.

કંપાલા (આફ્રિકા)માં ૭૦મી રંગજયંતીના પ્રવચનમાં પૂ.શ્રી કહે છે :

પણ નામ કોનું લેવું ? કોઈ કહે છે રામ મોટો, કોઈ કહે કૃષ્ણ મોટો, કોઈ કહે



છે શિવનું નામ સારું તો કોઈ કહે છે દત્તનું નામ મોટું. પણ આ બધું અજ્ઞાન છે. ઈશ્વર એક છે. એનાં નામ અનેક છે, રૂપ અનેક છે. વસ્તુતઃ તો એનાં અનેક નામ ને રૂપ હોવા છતાં એ તો તત્ત્વતઃ અનામી-અરૂપી જ છે. કોઈ પણ નામ-રૂપની કેદમાં સપડાયેલો નથી. રામ-કૃષ્ણાદિ એનાં અનેક નામરૂપોની માફક ઈશ્વર અનેક હોત તો એમનામાં હોંસાતુંસી ચાલી હોત.

સાચો ધર્મ તો માનવતા છે અને એ માનવતાનો ધર્મ સારી રીતે બજાવી શકીએ એને માટે વ્યક્તિને જે નામ ગમે, જે ભગવાનમાં શ્રદ્ધા હોય તેનું નામસ્મરણ કરવાનું છે.

❖❖❖

## ભજન (૨૮)
## દેહ તે ડાકોર
### (અભંગ)

**દેહ તે ડાકોર, આત્મા શ્રીરણછોડ ।**
**ધર્મે મતિ સ્થિર, ગોમતી એ ॥ૐ॥**

**બોડાણો અનલ્પ, મન નિઃસંકલ્પ ।**
**સમાધિ સકલ્પ, ગંગાબાઇ ॥શ્રીં॥**

**સત્કર્મને કુંડે, તુલસીમાંજર ।**
**જ્ઞાનનિષ્ઠાંકુર, ભક્તિપુષ્ટ ॥હ્રીં॥**

**સ્વર્ણવાળી દાન, સર્વસમર્પણ ।**
**અન્ય વિસ્મરણ, નિશદિન ॥ક્લીં॥**

**શ્વાસે શ્વાસે સ્વાત્મ-સ્મરણ નિષ્કામ ।**
**સેવા હરિનામ, સંતસંગ ॥ગ્લૌં॥**

**દ્વારકા પરોક્ષ, ડાકોર પ્રત્યક્ષ ।**
**શરત્પૂર્ણપક્ષ, રંગ દિવ્ય ॥દ્રાં॥**

❖❖❖

# અર્થ

દેહરૂપી ડાકોરમાં આત્મારૂપી શ્રીરણછોડરાય બિરાજે છે. ધર્મમાં સ્થિર મતિ એજ ગોમતી નદી જાણો. નિ:સંકલ્પ મન એ જ મહાન બોડાણો છે. સવિકલ્પ સમાધિ એ ગંગાબાઈ છે. સત્કર્મરૂપી કુંડામાં જ્ઞાનની નિષ્ઠાના અંકુર સમી તુલસીની માંજર ભક્તિથી પુષ્ટ થઈ છે. નાકની સોનાની વાળીનું દાન એ સર્વ સમર્પણ સૂચવે છે અને રાત-દિવસ ભગવાન સિવાયનું બધાનું વિસ્મરણ છે.

શ્વાસે શ્વાસે સ્વાત્માનું નિષ્કામભાવે સ્મરણ, સેવા, હરિનું સ્મરણ અને સત્સંગ છે. દ્વારકા પરોક્ષ, ડાકોર, પ્રત્યક્ષ. શરદપૂર્ણિમાનો દિવસ એ દિવ્ય દિવસ છે.

❖❖❖

# વિવરણ

ભગવાન રંગ અવધૂતજીની એક મહત્ત્વની વિશિષ્ટતા એ છે કે, તેઓશ્રી સ્થૂળમાંથી સૂક્ષ્મમાં સરી પડે છે. ભક્તો કે જગતના લોકો પોતાના જીવનને ઉદાત્ત બનાવે એવી રીતે વાતોના રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે. અત્રિ અને અનસૂયાના પુત્ર ભગવાન દત્ત સહ્યાદ્રિના માહૂરગઢ પર જન્મ્યા એ સત્ય વાતને રજૂ કરતી વખતે પણ પૂ.શ્રી પોતાની લાક્ષણિક સ્થિતિ પ્રમાણે તેનો સૂક્ષ્મ અર્થ પ્રગટ કરતાં દત્તનામસ્મરણમાં કહે છે કે :

**વળી દેહ સહ્યાદ્રિ માહૂર હૃદ્ ત્યાં**
**તથા જ્ઞાન અત્રિ સતી એક નિષ્ઠા**
**નકી સ્વચ્છ વિજ્ઞાન તે ધામ દત્ત**
**તરે જન્મ ને મોત ધ્યાતાં જ સંત.**(શ્લોક : ૭૮)

એક વાર જન્મી ચૂકેલાની-ભૂતકાળની-દિવ્યતાની વાતો કર્યા કરવી એને જ સુરેશ દલાલ ઘડપણની નિશાની કહે છે. દિવ્ય ભૂતકાળને યાદ રાખીને વર્તમાનને દિવ્ય બનાવનાર જ સાચો માનવ ગણાય. વ્યક્તિ પોતાના જીવનને ઉદ્દાત્ત બનાવે એ હેતુથી પૂ.બાપજી કહે છે કે, આપણો દેહ એ જ સહ્ય-પર્વત (અદ્રિ) છે. એમાં રહેલું હૃદય એ માહૂરગઢ છે. એટલે આ હૃદયમાં દત્ત ભગવાનને પ્રગટાવવાના છે. પરોક્ષ જ્ઞાન એ અત્રિ છે અને એકનિષ્ઠા એ સતી અનસૂયા છે. આ બેની મદદથી સાક્ષાત્કારનો



અનુભવ એટલે કે અનુભવ જ્ઞાન-સ્વચ્છ વિજ્ઞાન તે દત્ત ભગવાન છે. આમ, દરેકે પોતાના શરીરમાં દત્ત ભગવાનને પ્રગટાવવાના છે.

આ ભજનમાં પણ એવું જ રૂપક છે. ઈ.સ. ૧૨૦૦ની સાલમાં ડાકોરમાં એક રાજપૂત નામે વિજયસિંહ થઈ ગયો. એની પત્નીનું નામ ગંગાબાઈ. પૂર્વજન્મનો યોગભ્રષ્ટ વિજયસિંહ દ્વારિકાધીશ પ્રત્યેની અવિચળ ભક્તિથી બોડાણો બન્યો અને ભગવાન દ્વારકાધીશને દ્વારકાથી ડાકોર લઈ આવ્યો અને ડાકોરમાં રાજા રણછોડરાયને રાખ્યા. મંદિરમાં મૂર્તિની સ્થાપના કરી.

શ્રીગુરુલીલામૃતના ૧૩૦મા અધ્યાયમાં આનું સુંદર વર્ણન છે. પરંતુ બોડાણાએ જે કર્યું એ ભૂતકાળના જ ગુણગાન ગાવાના છે કે એમાંથી પ્રેરણા મેળવીને આપણા જીવનને પણ ઉન્નત બનાવવાનું છે ? આપણે જાતે ખાઈએ તો જ આપણું પેટ ભરાય. આપણે એવું જીવીએ કે જેથી આપણા જીવનમાં પણ રણછોડરાય પ્રગટ થાય.

પૂ.અવધૂતજીએ આ ભજન જ્યારે પોતાની ૬૧મી રંગ જયંતી ડાકોરમાં ઉજવાઈ ત્યારે રચ્યું હતું. સંવત ૨૦૧૫ની કારતક સુદ નોમ એટલે કે તા. ૧૯-૧૧-૧૯૫૮ ને બુધવારના રોજ જ્યારે ૬૧મી રંગ જયંતી (આગલે દિવસે ષષ્ઠિ પૂર્તિ ) ઉજવાઈ ત્યારે પૂ.શ્રીએ આપણને આ ભજનના રૂપક દ્વારા બોડાણા બની ભગવાનનું પ્રાગટ્ય કરાવવાનું સૂચવ્યું.

આ દેહ, શરીર તે ડાકોર. ડાકોરનો સ્થૂળ અર્થ ખેડા જિલ્લાનું (ગુજરાત રાજ્ય) ગામ પણ આધ્યાત્મિક દૃષ્ટિથી આપણું શરીર એ જ ડાકોર છે. ડાકોરમાં રણછોડરાય છે, તો આ દેહમાં રહેલો આત્મા એ જ રણછોડરાય છે. આવી રીતની દૃષ્ટિ સેવવાથી જ માનવજીવન સફળ બને છે.

રંગભક્ત અને રંગ પરિવારના વિદુષી ડૉ. ઉમાબેન દેશપાંડે લખે છે કે : જગદ્‌ગુરુ શંકરાચાર્યે શિવમાનસપૂજા સ્તોત્રમાં પોતાનું સમગ્ર વ્યક્તિત્વ મંગલમય શિવશંકર સાથે એકીકૃત કરતો શ્લોક રચ્યો.

**આત્મા ત્વં ગિરિજા મતિઃ સહચરાઃ પ્રાણાઃ શરીરં ગૃહમ્**
**પૂજા તે વિષયોપભોગ રચના નિદ્રા સમાધિસ્થિતિઃ ।**
**સંચારઃ પદયોઃ પ્રદક્ષિણવિધિઃ સ્તોત્રાણિ સર્વા ગિરો**
**યદ્યત્ કર્મ કરોમિ તત્તદખિલં શમ્ભોઃ તવારાધનમ્ ॥**

અર્થાત્ આત્મા તું (શંકર) છે. મારી મતિ એ પાર્વતી છે. પંચ પ્રાણ એ સહચરો

છે. શરીર એ ગૃહ છે. વિષયના ઉપભોગની રચના તે પૂજા છે. નિદ્રા એ સમાધિની સ્થિતિ છે. પદનો સંચાર એ પ્રદક્ષિણા વિધિ છે. સર્વ વાણી એ સ્તોત્રો છે અને હું જે જે કર્મ કરું છું તે બધું તુજ શિવનું આરાધન છે.

જગદ્‌ગુરુનું જીવન કેવું ઉન્નત હશે કે એમની નિદ્રા એ સંસારીની નિદ્રા નથી પણ સમાધિ છે. કર્મ જ ભગવાનની આરાધના બને છે. આવું જીવન જીવવાનો યત્કિંચિત્ પ્રયત્ન બધા જ કરી શકે.

આ દેહરૂપી ડાકોરમાં બીરાજતા આત્મારૂપી શ્રીરણછોડ ગોમતી નદીના કિનારે વસ્યા છે. ધર્મમાં સ્થિર મતિ એ જ ગોમતી છે. આમ, ધર્મમાં સ્થિર મતિ-સન્મતિ રૂપી ગોમતી નદીના કિનારે દેહરૂપી ડાકોર આવેલું છે.

હવે આ ડાકોરનો બોડાણો કોણ અને ગંગાબાઈ કોણ ? નિ:સંકલ્પ મન એ બોડાણો છે અને સવિકલ્પ સમાધિ એ ગંગાબાઈ છે. એટલે રણછોડરાયની પ્રાપ્તિ માટે સૌ પ્રથમ મનને સંકલ્પ-વિકલ્પથી રહિત કરવાનું છે. મન સંકલ્પ વિનાનું થાય પછી જ સવિકલ્પ સમાધિ સુધી જવાનું શક્ય બને.

સવિકલ્પ સમાધિ એ નિર્વિકલ્પ સમાધિ પહેલાની સ્થિતિ છે. પૂ.સ્વામી પ્રકાશાનંદજી ધર્માલાપના પુસ્તકમાં જણાવે છે કે, : "ૐ શબ્દની સાથે વૃત્તિનું ઉત્થાન કરી પરમાત્માનું ધ્યાન કરવું એટલે કે ૐ શબ્દની સાથે વૃત્તિ પણ ઊઠે છે અને શબ્દ શાંત થવા છતાં વૃત્તિ પરમાત્માકાર થઈ ટકી રહે છે. જ્યાં સુધી ૐકાર સહિત વૃત્તિ છે ત્યાં સુધી શબ્દાનુવિદ્ધિ (શબ્દ-સહિત) સવિકલ્પ સમાધિ છે. ક્રમે ક્રમે આલંબન છૂટી જાય છે. ૐ શબ્દ બંધ પડી જવાથી એકલી વૃત્તિ માત્ર રહે છે. તેને શબ્દાનનુવિદ્ધ (અનનુવિદ્ધ = રહિત) સવિકલ્પ સમાધિ કહે છે." સવિકલ્પ સમાધિમાં ચિત્તનું અસ્તિવ રહે છે. આ અવસ્થામાં યોગીને સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત થાય છે. સવિકલ્પ સમાધિને સબીજ સમાધિ પણ કહે છે.

પુત્ર જન્મમાં મા-બાપ બંનેની જરૂર પડે, પરંતુ એમાં પિતા કરતાં માતાનું મહત્ત્વ ઘણું બધું છે. તેથી બોડાણા કરતાં ગંગાબાઈની કક્ષા ઊંચી બતાવી છે. આ સ્થિતિએ પહોંચવાની પ્રક્રિયા પૂ. બાપજી દર્શાવતા કહે છે કે વ્યક્તિએ સત્કર્મ કરવા જોઈએ. આ સમગ્ર જગત કર્માધીન છે. કર્મ કરતાં કરતાં જ્ઞાન અને નિષ્ઠાનાં અંકુર ફૂટવા જોઈએ અને એ અંકુરને ભક્તિથી પુષ્ટ કરવા જોઈએ. ભક્તિ એ જ્ઞાનની માતા છે. આમ, કર્મરૂપી કુંડામાં જ્ઞાનનિષ્ઠાની તુલસીમાંજર વાવી તેના અંકુર ફૂટે એવું કરવું જોઈએ.



આ જ્ઞાનની સાથે ભક્તિ હોવી જોઈએ. ભક્તિ વિનાનું જ્ઞાન શુષ્ક છે. ભક્તિમાં ભિનાશ છે. આમ, ભક્તિ સહિતનું જ્ઞાન જીવનમાં હોવું જોઈએ.

ગંગાબાઈએ પોતાની સવા વાલની વાળીથી ભગવાનને તોલ્યા. એ વાત સર્વ સમર્પણનું સૂચક છે. "પ્રેમગલી અતિ સાંકરી તામે દો ન સમાય." બીજું બધું ભૂલીને કેવળ ભગવાનનું સ્મરણ રહે અને એના ચરણે બધું સમર્પણ કરીએ ત્યારે ભગવાનના દર્શન થાય. શ્વાસે શ્વાસે નિષ્કામ ભાવે સ્વાત્મ સ્મરણ થવું જોઈએ. 'સોહં'નો જપ કરતાં કરતાં પ્રભુના દર્શનની તૈયારી કરવાની છે.

ડાકોર એ દેહ છે જે પ્રત્યક્ષ છે. દ્વારકા શું છે ? પૂ.શ્રી દ્વારકાને 'પરોક્ષ' કહીને શું સૂચવવા માગે છે ? પૂ.સ્વામી પ્રકાશાનંદજી ધ્યાનને સમજાવતાં કહે છે કે નિર્ગુણ બ્રહ્મને **પરોક્ષ** દ્વારા જાણીને ઉપાસના કરવી તે ધ્યાન છે. ધ્યાન **પરોક્ષ**નું જ થઈ શકે છે. ઉપનિષદોમાંથી અખંડ એકરસ એવા બ્રહ્મતત્ત્વને **પરોક્ષ દ્વારા જાણીને** 'હું બ્રહ્મ છું' એવી રીતે ઉપાસના કરવી.

પૂ. બાપજી પોતાની ૬૫મી રંગ જયંતીના દ્વારકામાં કરેલા પ્રવચનમાં કહે છે : "બાહ્ય જગતની આ સ્થૂળ દ્વારકાના દર્શન કરી આંતર જગત-માનવ શરીરમાં રહેલ અવિનાશી અક્ષય આત્મસુખની પૂરી દ્વારિકા-મોક્ષદાયક સપ્તપુરીમાંની અંતિમ પુરી-છેવટની મંઝિલ-સહસ્રાર પદ્મ કે બ્રહ્મરંધ્ર જેમાં સૂક્ષ્મ પ્રાણ શરીરથી પ્રવેશતાં જ એ રસસભર બાંકે બિહારી રુક્મિણીકાંત નટનાગર દ્વારિકાધીશ, નવખંડ ધરતીમાં પ્રકાશ રેલાવનાર ચૈતન્યસૂર્ય-જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિને આંટી લેનાર તુર્યાસ્થિત ત્રિવિક્રમ આત્મરાજના દર્શનથી આત્મતૃપ્ત ને આત્મસંતુષ્ટની સ્થિતિ પ્રાપ્ત થાય તો જ આ દ્વારકાયાત્રાનું સાફલ્ય."

દ્વારકાની વ્યાખ્યા કરતાં પૂ.બાપજી કહે છે,**દ્વારકા એટલે દ્વારે કં સુખં બ્રહ્મ યસ્યાઃ।** જેના દ્વારમાં પ્રવેશતાં જ બ્રહ્મસુખ અનુભવાય. આમ પ્રત્યક્ષ દેહરૂપી ડાકોરમાં રહી, પરોક્ષાનુભૂતિરૂપ દ્વારકાનો બ્રહ્માનુભવ કરવો અને પછી સહસ્રારમાં જીવ-શિવનું મિલન થાય એ અપરોક્ષાનુભૂતિ. શરદ પૂનમ એ રાસની લીલાનો પર્વ છે. જીવરૂપ ગોપી સાથે પરમાત્મા સ્વરૂપ ભગવાન કૃષ્ણ રાસ રમે છે. આમ, રાસ એ ગોપી-કૃષ્ણનું એટલે કે જીવ-શિવનું મિલન છે. જીવ શિવરૂપ બની જાય એનાથી બીજું વધું દિવ્ય શું હોઈ શકે ? શરદ પૂર્ણિમાના પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્રમાના કિરણોમાં જીવ-શિવ એક થઈ જાય એ જ દિવ્યતા.

❖❖❖

## ભજન (૨૯)
## એવો દિ દેખાડ

**એવો દિ દેખાડ, વ્હાલા! એવો દિ ઊગાડ!!**
**દેખું તારું રૂપ બધે, એવો દિ દેખાડ!! ...ટેક.**

**ભૂલાવી હું-મારું હુંને તારામાં ડૂબાડ;**
**વ્હાલા, તારામાં ડૂબાડ!**
**તું-તારાંમાં ભેદ ન દેખું, એવો દિ દેખાડ!! ...એવો૦ ૧.**

**જુગજૂનાં બંધ નૈનાં, કાંઈ તો સૂઝાડ!**
**વ્હાલા, કાંઈ તો સૂઝાડ!**
**અંદર બ્હારી તુંને દેખું, એવો દિ દેખાડ!! ...એવો૦ ૨.**

**આપ્યું તેં તારાંને આપી, રાચું મન મોઝાર;**
**વ્હાલા, રાચું મન મોઝાર!**
**શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ!! ...એવો૦ ૩.**

**ધાર્યું તેં થાવાનું મારી વ્યર્થ કાં પછાડ?**
**વ્હાલા, વ્યર્થ કાં પછાડ?**
**તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ!! ...એવો૦ ૪.**

**રૂપરૂપે તું અરૂપી રંગ એ નિર્ધાર!**
**વ્હાલા, રંગ એ નિર્ધાર!**
**ગોત્યું જડે ન હું ક્યાંયે, એવો દિ દેખાડ!! ...એવો૦ ૫.**

❖❖❖

## અર્થ

હે વ્હાલા ભગવાન ! મારા જીવનમાં એવો દિવસ ઊગાડ કે જેથી હું બધે તારું જ રૂપ-સ્વરૂપ જોયા કરું.



તું મારું 'હું અને મારું' ભૂલાવી દે અને મારા 'હું પણાં' ને તારામાં ડૂબાડી દે. 'તું અને તારામાં ' ભેદ ન જોઉં એવો દિવસ મારા જીવનમાં દેખાડ.

જુગજુગથી બંધ એવા મારા નયનોને ઝાંખુ-પાંખુ-કંઈક તો દેખાય એવું કર. હું તને મારી અંદર અને બહાર બધે જોઉં એવો દિવસ મારા જીવનમાં દેખાડ.

તેં મને જે આપ્યું છે તે તારાને આપી દઉં અને પછી મનમાં રાજીપો અનુભવું અને આપ્યા પછી જે કંઈ વધે તે પહેલાં હતુ તેટલું જ છે એવું અનુભવું એવો દિવસ બતાવ.

તેં જે ધાર્યું તે પ્રમાણે જ થવાનું છે પછી મારે નાહકના શું કામ ધમપછાડા નાખવાના ? તારે શરણે નચિંત થઈ જવું એવો દિવસ દેખાડ.

બધા રૂપોમાં તું હોવા છતાં તું અરૂપી-રૂપ વિનાનો છે એવો રંગનો દૃઢ-પાકો નર્ણય છે. શોધવા છતાં પણ મને મારું 'હું પણું' ના મળે એવો દિવસ મારા જીવનમાં દેખાડ.

❖❖❖

## વિવરણ

આ ભજન પૂ.શ્રીએ રણછોડરાયજીને ઉદ્દેશીને લખ્યું છે. પૂ.બાપજીની ષષ્ઠિપૂર્તિ અને ૬૧મી રંગ જયંતી ડાકોરમાં ઉજવવાનું નક્કી થયું ત્યારે કેટલાક ભક્તોએ એવી ફરિયાદયુક્ત વાત કરી કે ત્યાં તો બધા જય શ્રીકૃષ્ણવાળા અને આપણે તો ગુરુદેવ દત્તવાળા, તો ઉત્સવમાં શું મઝા આવશે ? પૂ.બાપજીએ કહ્યું કે, હું તો ડાકોર રણછોડરાયના ધામમાં જઉં ત્યારે મોટાભાઈના ઘરે જાઉં છું એમ માનીને જઉં. મોટાભાઈના ઘરે જતાં નાનાભાઈને શી ચિંતા ? થેલી મોટાભાઈના ઘરે મૂકી બજારમાં ફરવા નીકળી પડવાનું. આ વાત ભજન ભાસ્કર મુ. સુમનકાકાએ કરી હતી. પૂ.બાપજીએ હસવાં-હસવામાં એમનો પરિચય આપી દીધો કે, પોતે કોણ છે ? વધારાનો પુરાવો મળ્યો એની ટોપી શ્રીરણછોડરાયજીએ ચોરી ત્યારે.

પૂ.બાપજીની રંગજયંતી સંવત ૨૦૧૫ એટલે કે ઈ.સ. ૧૯૫૮માં ડાકોરમાં ઉજવાઈ ત્યારે પૂ.બાપજીએ આ ભજન લખ્યું. સને ૧૯૩૨માં પૂ.બાપજીએ શ્રીગુરુલીલામૃતની ગ્રંથની રચના કરી. એ ગ્રંથનું પારાયણ કરતાં આપણને પૂ.શ્રીની આધ્યાત્મિક ઊંચાઈનો ખ્યાલ આવે છે એટલે 'એવો દિ ઊગાડ' પૂ. બાપજી કોના માટે કહેતા હશે ? એમના જીવનમાં તો આવો દિવસ ક્યારનો ય ઊગી ગયો હતો. ભક્તાધીન ભગવાન. પોતાના ભક્તોને માટે પૂ.બાપજીએ રણછોડરાય પાસે માગણી કરી હશેને !

આ ભજનમાં આમ જોઈએ તો જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રણેય વણી લીધા છે. એ કેવી રીતે તે જોઈએ. પૂ.બાપજી કેવો દિવસ ઊગે એની ઈચ્છા રાખે છે ? બધે તને-તારા રૂપને જોઉં એવો દિવસ ઊગાડ. સંત તુલસીદાસ કહે છે :

**સીયારામમય સબ જગ જાની ।**
**કરહું પ્રનામ જોરી જુગ પાની ॥**

જગતમાં દરેક વ્યક્તિમાં અને પછી તો દરેક વસ્તુમાં જગન્નાથના દર્શન થાય એવી ઈચ્છા પૂરી થઈ જાય તો પછી બાકી રહ્યું જ શું ? બધા દુઃખનો અંત અને સુખના સોનાનો સૂરજનો ઉદય જ થાય ને !

આવો દિવસ ઊગે એટલા માટે શું કરવાનું ? તો આવો દિવસ કેમ નથી ઊગતો ? તો એનું કારણ છે આપણી ભેદદૃષ્ટિ-દ્વૈતભાવના. આનું કારણ શું ? આનું કારણ અહંકાર. હું અને મારું. આ હું અને મારું જ મમતાના બંધનમાં બાંધે છે. અહંકાર એ જ બધા દુઃખોનું મૂળ છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**'હું' કહેતા આવ્યો તિહાં સંગ બંધમય જાણ,**
**સંગે શોક જ સર્વથા, ના શંકા ત્યાં માન.** (અ.૩૩.દો.૯૭)
**મમતા મેલી એ નકી અહં મમત્વ એમ,**
**મૂળ સર્વ અનર્થનું થયું નિર્મૂળ તેમ.** (અ.૩૩.દો.૯૨)

આ અહંકારને કારણે હું અને મારું આવે છે. તે જતા રહેતાં તું અને તારામાં ભેદ ન રહે એવી કૃપા કરે છે. એવું કહેવાય છે કે :

**મારું મારું કરે તેને ભગવાન કહે હું મારું છું.**
**તારું તારું કરે તેને ભગવાન કહે હું તારું છું.**

આમ, 'મરવામાંથી' 'તરવાની' સ્થિતિ આવે એવી કૃપા માગી છે. પછી બાપજી પાછું જ્ઞાનની જ ભૂમિકાને માગે છે અને કહે છે કે મારા પર માયાનું જે અંજન છે અને એને કારણે મારી આંખોને જે કાંઈ દેખાતું નથી, સૂઝતું નથી તે અંજન દૂર કરી દે, જેથી મને મારી અંદર અને મારી બહાર બધે હે રણછોડરાય ! તારા દર્શન થાય.

**"જગકો પ્રભુમેં પ્રભુકો જગમેં ઈકતાર નિહાર ફીરો મનવા"**ની સ્થિતિએ પહોંચતા પહેલા પોતાની અંદર અને બહાર હરિદર્શન થાય એ જરૂરી છે. રણછોડરાયનું-વિષ્ણુનું એક નામ છે 'વિશ્વ'. આ વિશ્વ એ વિષ્ણુનું જ સ્વરૂપ છે. "સર્વં વાસુદેવમયં" એવું ગીતા કહે છે. વિષ્ણુનો અર્થ થાય આ સમગ્ર જગતની રચના કરી એમાં જેણે પ્રવેશ



કર્યો તે પરબ્રહ્મ. સંસ્કૃતમાં વિશ્ ધાતુનો અર્થ છે : દાખલ થવું. એના પરથી પ્રવેશ શબ્દ બન્યો અને વિષ્ણુ શબ્દ પણ બન્યો. આવી સમજણ-પાકી સમજ-આવી જાય એવું ભગવાન તું કર.

પરંતુ અહંકાર છોડવાનું એવું સરળ નથી. 'હવે મારામાં અહંકાર નથી' એવું કહેનારમાં અહંકાર નથીનો પણ અહંકાર ભરેલો હોય છે. એક કવિએ અહંકારના સંદર્ભમાં સરસ વાત કરી. કવિ કહે છે કે વ્યક્તિ જીવતો હતો ત્યારે પાણીમાં ડૂબી ગયો પરંતુ મરી ગયો ત્યારે એનું શબ પાણી ઉપર તરવા લાગ્યું. આમ કેમ ? કવિ પોતે જ જવાબ આપે છે કે, એનું કારણ એ છે કે એ જીવતો હતો ત્યારે એનામાં ભારોભાર અહંકાર હતો તેથી ડૂબી ગયો, પરંતુ મરતાંની સાથે અહંકાર વિનાનો થઈ ગયો એટલે તરવા લાગ્યો.

હવે પૂ. બાપજી કહે છે કે, જ્ઞાનમાર્ગ અઘરો જણાય તો કર્મમાર્ગ પકડ. "તેન ત્યક્તેન ભુંજીથાઃ"નો આદર્શ કેળવ. **'ટૂકડાથી રામ મારો ઢૂંકડો રેં, એવું મનને સમજાવ"** એ ભજન પંક્તિમાંથી તું બોધ ગ્રહણ કરી ભગવાને તને જે કાંઈ આપ્યું છે તે બીજાને આપી ગરીબની આંતરડી ઠાર. પરંતુ પૂ.બાપજી શરત મૂકે છે કે, તું બીજાને આપે ત્યારે તારા મનમાં આપ્યાનો આનંદ આનંદ થવો જોઈએ. "આપ્યું તેં તારાને આપી, રાચું મન મોઝાર." આપવાનું દુઃખ નહિ, મનમાં કચવાટ નહિ, પણ મેં કોઈને કશું આપ્યું એનો આનંદ થવો જોઈ. બાળકને ખવડાવીને અને પોતે ભૂખી રહીને 'મા' આનંદ માણે છે. તેથી તો 'મા' ભગવાન છે. બીજી શરત એ મૂકે છે કે, આપ્યા પછી જે કાંઈ વધે તે પહેલાં હતું તેટલું જ જણાય એવી વૃત્તિ જગવજે. આપવાથી કશું ઓછું થયું નથી અને જે વધ્યું છે તે (શેષે)-પહેલાના જેટલું જ છે એવી પૂર્ણતા-પીછાનું એવો દિ ઉગાડજે.

આપણી પાસેની કોઈ પણ સંપત્તિથી કોઈપણ જીવની આંતરડી ઠારીએ એને જ યાજ્ઞવલ્કય સાચું ઈશ્વરપૂજન ગણે છે. તેઓ કહે છે :

**યેન કેન પ્રકારેણ યસ્યકસ્યાપિ દેહિનઃ ।**
**સંતોષં જનયેત્ પ્રાજ્ઞઃ તદેવેશ્વર પૂજનમ્ ॥**

આમ, 'સુખી કરી સુખી થાવું'ની ભાવના જન્મે અને એ રીતે કર્મ કરું, જીવન જીવું એવો દિવસ ઉગાડ.

પરંતુ આપવાનું કાર્ય ધારીએ છીએ તેટલું સહેલું નથી. આપવાનો વિચાર આવતો નથી અને આવે તો એનો જલદી અમલ થતો નથી. માગવા આવનારને યુધિષ્ઠિરે "કાલે આવજે, કાલે આપીશ" કહ્યું ત્યારે ભીમે ઢોલ પીટવાનું શરૂ કર્યું અને મોટેથી બોલવા

લાગ્યા કે મોટાભાઈએ કાળ ઉપર-મૃત્યુ ઉપર વિજય મેળવી લીધો છે. યુધિષ્ઠિર ભીમનો ટોણો સમજી ગયા અને માગવા આવનારને તરત દાન આપી દીધું.

એક ચિંતકે સાચું જ કહ્યું છે કે, તમને ક્રોધ આવે છે, તો સામી વ્યક્તિને તરત કડવા શબ્દો કહો છો કે, બે દિવસ પછી ? જો ખરાબ નિર્ણયનો તરત જ અમલ કરો છો, તો કોઈને આપવાના સારા નિર્ણયનો પણ તરત જ અમલ કરો. કંજુસાઈ એ દુર્ગુણ છે અને એ વંશનો દોષ લોહીમાં ઉતરે છે.

સુભાષિતકાર કહે છે :

**દુઃશીલો માતૃદોષેણ પિતૃદોષેણ મૂર્ખતા ।**
**કાર્પણ્યં વંશદોષેણ હ્યાત્મદોષેણ દરિદ્રતા ॥**

સંતાન ખરાબ ચારિત્ર્યનો નીકળે તો માતાનો દોષ, મૂર્ખ નીકળે તો પિતાનો દોષ-પિતા જવાબદાર, કંજૂસ નીકળે તો વંશનો દોષ અને દરિદ્રતા એ પોતાનો જાતનો દોષ.

આપણા બાપજી પોતાની વસ્તુ બીજાને જે ખુમારીથી આપી દેતા એ જ એમના દત્તાવતારીપણાનું દ્યોતક છે. **પૂ.પ્રેમઅવધૂતજી કહે છે :** "લેવાની ઈચ્છા થાય તો જીવભાવ જાગ્યો માનવું અને આપવાની ઈચ્છા થાય તો શિવભાવ જાગ્યો કહેવાય. આપણે બને તેટલું શિવભાવમાં રહેવું."

સમર્પણની ભાવના, ત્યાગની ભાવના વ્યક્તિને ઉન્નત બનાવે છે. માગવું અને મરવું એ બંને સરખા ગણાય. આમ, પોતાને મળેલી વસ્તુનો બીજા માટે ઉપયોગ કરીને આનંદ માણનાર વ્યક્તિ ખરેખર મહાન છે. આમ પૂ.બાપજી આપણને આવા કર્મ દ્વારા જીવન સફળ કરવાનો રસ્તો બતાવે છે.

મને મળેલી વસ્તુ એ ઈશ્વરીય દેન છે, તો એનો ઉપયોગ ઈશ્વરના જ બાળકો માટે કેમ ન કરું ? અને બીજાને આપીને મનમાં રાજીપો થાય એવી લાગણી કેમ ન અનુભવું ? અને આપ્યા પછી જે વધ્યું તે પણ પહેલા હતું તેટલું જ કેમ ન લાગે ? પરંતુ આપવાના સંસ્કાર લોહીમાં ઉતરેલા હોવા જોઈએ. એક ટૂચકો છે.

એક કંજૂસ ઘરે આવ્યો ત્યારે એને ઉદાસ જોઈને એની પત્નીએ પૂછ્યું, "આજે આટલા બધા ઉદાસ કેમ છો ? ગજવામાંથી પૈસા પડી ગયા કે કોઈને દાનમાં આપ્યા ?" કંજૂસ પતિ બોલ્યો, અરે ગાંડી ! મારા ગજવામાંથી પૈસા પડે ખરા કે ? અને હું કોઈને દાનમાં પૈસા આપું ખરો કે ? આ તો એક વ્યક્તિને મેં દાનમાં રૂ. ૧૦ આપતા જોયો, તેથી ઉદાસ થઈ ગયો."



જો આ કર્મ માર્ગ અઘરો લાગે તો પૂ.બાપજી ત્રીજો ભક્તિનો માર્ગ બતાવે છે અને કહે છે કે, તું ભગવાનની અનન્ય ભાવે શરણાગતિ સ્વીકાર. આ શરણાગતિ સ્વીકારીને તું નચિંત-બેફિકરો થઈ જા. શરણાગતિમાં - વ્યક્તિ પ્રયત્ન બધા જ કરે છે, પરંતુ નિમિત્ત બનીને પ્રયત્ન કરે છે અને એનું જે ફળ મળે તે ભગવાનનો પ્રસાદ છે એમ માની રાજીખુશીથી સ્વીકારી લે છે. શરણાગતિમાં "દાસોઽહં"નો ભાવ છે. શરણાગતિમાં જેનું શરણું લીધું છે તે મારું રક્ષણ કરશે એવો અડગ ભાવ હોય છે.

શરણાગતિ સૂચવતા કેટલાક શ્લોકો-પંક્તિઓ :

- **અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।**
  **તસ્માત્ કારુણ્યભાવેન રક્ષસ્વ પરમેશ્વર ॥**
- **નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા**
  **ત્વત્તો દેવ ત્વં શરણ્યોઽક હર્તા ।**
  **કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતેઽ**
  **ઘોરાત્ કષ્ટાત્ ઉદ્ધરાસ્માન્ નમસ્તે ॥**
- **હું હરિનો હરિ છે મમ રક્ષક એહ ભરોસો જાય નહિ ।**
  **હરિ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહિ ॥**
- **જો જાકી શરણ લીયે તાકી રાખે લાજ ।**
  **ઉલટ જલે મછલી ચલે બહત જાત ગજરાજ ॥**

આમ, પોતાના ઈષ્ટદેવનું અનન્ય ભાવથી શરણ લઈ લઉં અને એ જે પરિસ્થિતિ સર્જે તેનો આનંદથી સ્વીકાર કરું એવો દિવસ મારા જીવનમાં ઉગાડ એવી પ્રાર્થના છે. 'તારે શરણે થાવું નચિંત" એવો ભાવ જાગે તો સાધકનો બેડો પાર થઈ જાય.

ભજનમાં છેલ્લે પાછું બાપજી 'હું'-અહંકારને દૂર કરવાની જ પ્રાર્થના કરે છે. હે ભગવાન, તારું કોઈ રૂપ નથી એટલે તું અરૂપી છે છતાં જગતમાં જેટલા રૂપો છે એ બધાં તારાં જ રૂપો છે. તું અનામી છે, તારે કોઈ નામ નથી. છતાં બધાં જ નામો તારાં છે. આ વિશ્વમાં જડ-ચેતન બધામાં તું જ રહેલો છે એવું જોવાની મને દૃષ્ટિ આપ.

હું-અહંકાર દૂર કરી, ભગવાનના દૂત બની-નિમિત્ત બનીને જીવન જીવવાનો પ્રયત્ન કરું એવો દિવસ અમારા જીવનમાં ઉગાડ. આ ભજનમાં એવો દિ **'ઊગાડ'** છે, **'ઊઘાડ'** નથી એ ધ્યાનમાં રાખીએ.

❖❖❖

## ભજન (૩૦)
# તોડી દિવાલો મહેલની

(રાગઃમિશ્ર પિલુ; તાલઃકહેરવા)
(ગઝલની રાહમાં ગવાશે)

તોડી દિવાલો મહેલની, બેઠા જઇ મેદાનમાં;
ઉપર કડાડે આભ તૂટ્યું તેથી તમારું શું ગયું? .ટેક.

ફાડી દુશાલા ભરજરી, શતખંડ કંથા શિર ધરી;
ઊભા દિગંબર ચોકમાં, તેથી તમારું શું ગયું? .તોડી૦ ૧.

દિનરાત મિજલસમાં ગઇ, મિષ્ટાન સેવ્યાં પ્રીતથી;
ભૂખે કડાકા જો કીધા, તેથી તમારું શું ગયું? .તોડી૦ ૨.

[૧]પીયૂષ પીધું સ્વપ્નમાં, વારિ મળ્યું ના જાગરે;
કાતીલ હલાહલ ગટગટાવ્યું, તેથી તમારું શું ગયું? .તોડી૦ ૩.

કસ્તૂરી છોડી [૨]કર્દમે, રંગી [૩]તનુ ઉમંગથી;
ધૂળી ઉડાડી મોજથી, તેથી તમારું શું ગયું? .તોડી૦ ૪.

અક્કલ ગઇ અસ્માનમાં, યારો! સતાવો કાં મુને?
પાગલ ભલે પાગલ રહ્યો, તેથી તમારું શું ગયું? .તોડી૦ ૫.

જે કર્યું તે ભોગવ્યું, જે શેષ ભોગવવું રહ્યું;
નિઃશેષ સંચિત લય થયું, તેથી તમારું શું ગયું? .તોડી૦ ૬.

જો હું કરું હું ભોગવું, ના મેં કર્યું મેં ભોગવ્યું;
બસ રંગ કોનું શું ગયું? જેનું જઇ તેને મળ્યું!! .તોડી૦ ૭.

૧. અમૃત. ૨. કાદવથી. ૩. શરીર.

❖❖❖



## અર્થ

મહેલની દિવાલો તોડીને અમે મેદાનમાં જઈને બેઠા છીએ અને ઉપર તો કડડડ કરીને આકાશ તૂટે એમ છે તેથી તમારે શું ? તમારું શું બગડ્યું ?

ખૂબજ કિંમતી જરીકામથી ભરેલી સાલને ફાડી નાંખી, સો કકડાવાળી કંથા માથે ઓઢીને ચોકમાં દિગંબર - નગ્ન-અવસ્થામાં ઊભા રહ્યા તેથી તમારું શું ગયું

દિવસ રાત મિજલસમાં ગઈ અને ભરપેટ પકવાન પ્રેમથી જમ્યા. હવે ભૂખના કડાકા છે પણ તેથી તમારે શું ?

સ્વપ્નમાં અમૃત પીધું પણ જાગ્યા ત્યારે તો પાણીના પણ ફાં ફાં. અમે હળાહળ કાતીલ ઝેર પીધું એમાં તમારે શું ?

કસ્તૂરીને છોડીને, અમે અમારા શરીરને ઉમંગથી કાદવથી રંગ્યું-શરીર પર કાદવ લગાવ્યો. અને પછી મોજપૂર્વક એના પર ધૂળ ઉડાડી તેથી તમારે શું ? તમારું કંઈ ગયું ?

અરે દોસ્ત ! મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ છે-અક્કલ આસમાનમાં ગઈ છે – તમે મને શું કામ હેરાન કરો છો ? હું તો ગાંડો હતો અને ભલે ગાંડો રહ્યો. એમાં તમારું શું ગયું ?

મેં જે કાંઈ કર્યું તે મેં ભોગવ્યું છે અને હજી કાંઈ ભોગવવાનું બાકી છે તે વધેલું સંચિત કર્મ લય પામ્યું છે પછી એમાં તમારે શું ?

મારે મારું કરેલું ભોગવવાનું છે. મેં ના કર્યું હોય એવું પણ ભોગવ્યું છે. પરંતુ એમાં બીજા કોઈને શું ? જેનું હતું તેને જઈને મળ્યું છે.

❖❖❖

## વિવરણ

પૂ.અવધૂત બાપજી અક્ષર ગીતામાં લખે છે :

**ટંક પ્રહારસહનેન સુરત્વમેતિ**
**હશ્મા જડોડપિ કિમુ નેહ મનુષ્યજન્માઃ ।**
**મા મ્લાનતાવશમુપેહિ વિધૌ પ્રતીપે**
**સર્વં સહેવ વહ દુઃખસુખાદિ લોકે ॥ (શ્લોક : ૨૨)**

અર્થાત્ પાષણ જેવો જડ પદાર્થ પણ ટાંકણાના પ્રહાર(ઘા) સહીને દેવત્વ પ્રાપ્ત કરે છે, તો મનુષ્ય શું ન પામી શકે ? વિધિ પ્રતિકૂળ હોય તો પણ જીવનપથમાં ખેદ કરીશ નહિ. જગતમાં-સંસારમાં-દૈવયોગે જે કાંઈ સુખ-દુઃખાદિ આવી મળે તે સર્વ સહન કરનાર મા-ભોમની માફક સહન કર.

પ્રભુની પ્રતિમા ઉપર અભિષેક કરનારને પથ્થરે ટાંકણાના સહન કરેલા 'ઘા'નો ખ્યાલ હોતો નથી. નવરાત્રિમાં 'ગરબો' બનીને પૂજાતા કુંભે કુંભારના કેટલા ટપલા ખાધા છે અને નિભાડામાં કેવો શેકાયો છે તેનો ખ્યાલ એની પૂજા કરનારને આવતો નથી.

મહાપુરુષનો ભૂતકાળ પણ આવા આકરાં ચઢાણવાળો હોય છે. સત્પંથે ડગ મૂકનારની બધાએ પૂરી કસોટી કરી હોય છે. લોકોનાં મેણા-ટોણાં સાંભળતા રહીને, ટીકા-ટિપ્પણીને સાંભળીને ડગ્યા વિના ડગ માંડનાર પાંડુરંગ પછીથી રંગ અવધૂત મહારાજ તરીકે પૂજાયા.

ભજન ભાસ્કર મુ. સુમનકાકાએ કીર્તન કેસરી મુ. વિઠ્ઠલભાઈ પાઠકને કરેલી વાત મુજબ આ ભજનની રચના પૂ.બાપજીએ પોતાના સહ કાર્યકરોની નારાજગી અને ટીકા-ટીપ્પણીના સંદર્ભમાં કરેલી. પૂ.બાપજી પાંડુરંગ વળામે હતા ત્યારે પંચમહાલમાં ભીલ મંડળમાં કામ કરતાં. એ કામને છોડીને જ્યારે પાંડુરંગ નારેશ્વરમાં સાધનાર્થે બેઠા ત્યારે એમના મિત્રોને એનો આ નિર્ણય અયોગ્ય જણાયો. દેશ ગુલામીની જંજીરમાં જકડાયેલો હોય ત્યારે પંચમહાલના ગરીબ ભીલોના ઉત્કર્ષનું કાર્ય એ જ સાચું કાર્ય છે એમ માનનારા મિત્રને કદાચ પાંડુરંગ ખોટે રવાડે ચઢી ગયા છે એવું પણ લાગ્યું હોય.

ગોધરાથી નીકળ્યા ત્યારે 'માતા'ની પરિસ્થિતિ પણ અકળાવનારી હશે જ, પણ ભગવાનને પામવા નીકળનારે કઠોર હૃદયે ઘર છોડવું જ રહ્યું. મુ. અંબાલાલભાઈ વ્યાસને તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૨૪ના રોજ લખેલા પત્રમાં પૂ.બાપજી (ત્યારના પાંડુરંગ) લખે છે કે : "તમે દૂર ગયા છો. હું દૂર-સુદૂર જવાનો વિચાર કરી રહ્યો છું. જુદા જુદા માણસો મને બોલાવે છે. પૈસાનો ટોટો નથી, પણ એ મોહજાળમાં હું ફસાઈ પડું તો ? **મારે એ બધાને લાત માર્યે જ છૂટકો. આવી જાતની નિષ્ઠુરતા કેળવ્યા વગર ઈશ્વરની આર્દ્રતાનો અનુભવ નહિ થાય.**

પોતે લીધેલા આત્મોન્નતિના પંથને બધા જ આવકારે એવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? મિત્રોના વલણ તરફ કોઈ કુભાવ નથી, પરંતુ પોતાની વિચારમસ્તીને પૂ.બાપજી આ ભજનમાં વ્યક્ત કરે છે.

ગોધરા કે અમદાવાદમાં સવલતભર્યું જીવન જીવવાનું છોડીને નારેશ્વરના બીહામણા



જંગલમાં રહીને શું સુખ મળવાનું ? માતૃછાયા અને માતાના હાથનું ભોજન છોડીને જાતે રાંધેલું કાચું-પાકું ખાવામાં શી મઝા ? સામાન્ય સંસારી આમ જ વિચારે. પરંતુ પ્રભુ પ્રાપ્તિના પંથે પરવરેલા પાંડુરંગની મસ્તી કંઈ જુદી જ છે. તેઓ આ ભજનમાં કહે છે કે, મને જે યોગ્ય લાગ્યું તે મેં કર્યું. તમે મારી શું કામ ચિંતા કરો છો ?

મહેલની દિવાલોરૂપી ઘરની સુખ-સગવડ છોડી નારેશ્વરના વનમાં-મેદાનમાં જઈ બેઠા. ઉપર આભ ને નીચે ધરતી વાળી દુઃખભરી સ્થિતિ અમને દુઃખદાયી નથી લાગતી, પછી તમે શું કામ ચિંતા કરો છો ? દુનિયાની દૃષ્ટિથી "હાથે કરીને ઉપાધિ વહોરી" જેવી સ્થિતિમાં પણ બાપજીને તો પરમાનંદ છે. પૂ.બાપજીની આ મસ્તી ન સમજનાર સંસારીને શું સમજાવવું ?

જરીકામ ભરેલી મોંઘી બેવડી(દુ) શાલ ફાડી નાખીને અમે માથે સો ટૂકડાવાળી કંથા ઓઢી છે અને દિગંબર અવસ્થામાં અમે ઊભા છીએ. એનું અમને દુઃખ નથી તો પછી તમને શું કામ દુઃખ થવું જોઈએ ? આ મેં સ્વીકારેલી પરિસ્થિતિ છે તેમાં તમારું શું ગયું ?

એક વખત એવો હતો કે રાત-દિવસ ઉજાણી માણી અને પ્રેમથી મિષ્ટાન્ન આરોગ્યાં. હવે ભૂખના કડાકા સ્વીકાર્યા છે તો તેમાં તમને શું ? તમે શું કામ દુઃખી થાવ છો ?

સ્વપ્નમાં અમૃત પીનારને જાગ્રત અવસ્થામાં પીવાનું પાણી પણ નથી. કેવી કરુણતા ? હળાહળ ઝેર પીધું તો પણ તેમાં તમારે શું ?

શરીરને કસ્તુરી સ્નાન કરાવવાને બદલે કાદવનું સ્નાન કરાવ્યું, પરંતુ એ આનંદથી કરાવ્યું છે ને ! કાદવનું સ્નાન કરી ઉપર ધૂળ ઊડાડી અને તે પણ મોજથી. મને આ મસ્તી માણવા દો. તમે શું કામ દુઃખ કરો છો ?

માની લો કે, હું પાગલ છું, મૂરખ છું. મેં અક્કલ ગીરો મૂકી છે. તમે મને શું કામ પજવો છો ? હું ભલે પાગલ બન્યો પણ એમાં તમારે શું ?

હું મારું જીવન મારી ઈચ્છા મુજબ દિવ્ય મસ્તીમાં જીવું છું. એ મસ્તીને તમે સમજી શકતા નથી એટલે મારી દયા ખાવ છો, મારી ટીકા કરો છો અને દુઃખ અનુભવો છો.

ભગતને અને જગતને આદિ વેર છે. જગત ભગતને સમજી શક્યું નથી અને એ દિવ્ય પુરુષ જતો રહે પછી પશ્ચાતાપરૂપે જગત ગાશે :

**અમે અપરાધી કાંઈ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને.**

મદાલસાનો પતિ કુવલયાશ્વ પોતાના ત્રણ દીકરાની આધ્યાત્મિક સ્થિતિને સમજી શકતો નથી તેથી પામર કુવલયાશ્વ એમને જોઈને દુઃખ અનુભવે છે. પૂ.બાપજી એનું વર્ણન કરતાં શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**કહે : દૈવ કેવું અહા ! જન્મી નૃપકુળ માંહ્ય,**
**ભોગ ભોગવવા છોડીને કષ્ટાવે ધિક્ કાય.**

**પઢી સુવિદ્યા રાજ્ય કર, વરી સુલક્ષણ નાર,**
**ભોગવ ભોગ સુખે, કરી યજ્ઞ મોક્ષ વર બાળ !**

**આ ઉપદેશે ના કદિ, સ્વપ્ને પણ કલ્યાણ,**
**પુણ્ય પ્રવૃત્તિ માર્ગ એ, શ્રુત્યનુભવ પ્રમાણ.**

(અ.૩૧દો.૧૧૭,૧૨૦,૧૨૮)

દીકરાને જોઈને પિતાને અપાર દુઃખ થાય છે. જ્યારે મદાલસાને બિલકુલ દુઃખ થતું નથી. ઊલટું એને ધ્યેય સિદ્ધ થતું દેખાય છે અને તેનો આનંદ છે.

**સાધુ ઓળખવા સ્વયં થાવું સાધુ જાણ,**
**એ વિણ સૂક્ષ્મ રહસ્ય એ, લહે ન કોઈ માન.** (અ.૩૧ દો.૧૧૫)

પૂ.બાપજીએ આવા તો કેટલાયે વિઘ્નોને પાર કર્યા હશે, પરંતુ સાચું ધ્યેય અને અડગ નિશ્ચય તેમજ ગુરુમહારાજ પર અચળ ભરોસો પછી બીજું વિચારવાનું જ શું ?

આપણે પણ આમાંથી પ્રેરણા મેળવી જીવનપંથને ઉજજવળ બનાવીએ.

''પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ'' એ પ્રાર્થના.

❖❖❖

## ભજન (૩૧)

## મનુવા ધરી લે ધરથી

**(દેવળ દેખ લો - એ એકતારાની ધૂન)**

**મનુવા, ધરી લે [૧]ધરથી, પ્રભુનું પ્યારું ધ્યાન. ...ટેક.**
**મનુષ્યદેહ આ નિર્મળ મળીઓ, દશ ઈંદ્રિય સોહાય;**
**પડે નહિ ત્યાં લગી પરણી લે, કાં ખાલી રંડાય? .મનુવા૦ ૧.**



**દામ દીકરા [૨]દાર ન આવે, અંત સમે કો કામ;**
**વાડીવજીફા બંગલા મેડી, આખર ખાલી હરામ. .મનુવા૦ ૨.**
**કોણ જીવડા ક્યાંથી આવ્યો, આખર જાવું ક્યાંય?**
**જીવતાં પ્રાણી શોધ કરી લે, અંતર ઊજળું થાય. .મનુવા૦ ૩.**
**ચાર દિવસની શ્વાસસગાઇ, મોત સાથ છે બાથ;**
**જાગ જીવડા મોહનિંદથી, નહિ તો ઘસશે હાથ. .મનુવા૦ ૪.**
**સંતચરણમાં મસ્તક મૂકી, નિત હરિનું ધર ધ્યાન;**
**જાણ [૩]નિરામય આતમ ઓથે, સદ્‌ગુરુ ખોલે સાન! .મનુવા૦ ૫.**
**જાણે તે નાચે આનંદે, બીજા ખત્તા ખાય;**
**હૉલામાંથી ચૂલે પેસી, રંગ રાખ થઇ જાય! .મનુવા૦ ૬.**

❖❖❖

## અર્થ

હે મન! શરૂઆતથી જ પ્રભુનું પ્યારું ધ્યાન ધરી લે. તને આ નિર્મળ માનવ દેહ મળ્યો છે જે દશ ઈન્દ્રિયોથી શોભે છે. એ દેહ પડે નહિ ત્યાં સુધીમાં ભગવાનનો સાક્ષાત્કાર કરી લે - ભગવાન સાથે સંબંધ બાંધી લે. તું માનવ દેહ શું કામ વ્યર્થ ગુમાવે છે ?

પૈસા, પુત્ર, પત્ની કશું જ અંત સમયમાં કામ આવતું નથી. વાડી, વજીફા, બંગલા બધું જ છેવટે ખાલી મૂકીને જવાનું છે. હે ભાઈ! તું કોણ છે? તું ક્યાંથી આવ્યો છે ? અને છેવટે ક્યાં જવાનો છે ? આ પ્રશ્નોનો જવાબ જીવતે જીવ મેળવી લે. જેથી તારું જીવ્યું સફળ થાય.

આ જીવન ચાર દિવસનું છે પછી તો મોતનો સામનો કરવાનો જ છે. હે જીવડા! મોહની ઊંઘમાંથી જાગ, નહિ તો આખરે પસ્તાવવું પડશે.

સંતના ચરણમાં માથું મૂકી, રોજ શ્રીહરિનું ધ્યાન ધર જેથી સદ્‌ગુરુ તને સાચી સમજણ આપે અને તેની મદદથી તું જન્મમરણના રોગથી રહિત (નિરામય) આત્માને જાણી લે-જોઈ લે.

જેણે આત્માના દર્શન કર્યા છે તે આનંદમાં નાચે છે અને બીજા ઠોકરો ખાય છે. હે રંગ ! હોલામાંથી ચૂલામાં પેસીને એવા માનવી રાખ થઈ જાય છે.

❖❖❖

# વિવરણ

શ્રીમદ્ ભાગવતમાં રાજા નિમિની ઉક્તિ છે :

**દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ ।**

**તત્રાપિ દુર્લભં મન્યે વૈકુંઠપ્રિય દર્શનમ્ ॥** (સ્કંધ-૧૧/અ.૨/શ્લોક-૨૯)

દેહધારી પ્રાણીઓનો ક્ષણભંગુર એવો મનુષ્ય દેહ દુર્લભ છે અને તેમાં પણ દુર્લભ છે ભગવાનના પ્રિય એવા સન્તભક્તનું દર્શન.

આદિ જગદ્ગુરુ શંકરાચાર્ય વિવેક ચુડામણિમાં કહે છે :

**દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહહેતુકમ્ ।**

**મનુષ્યત્વં મુમુક્ષુત્વં મહાપુરુષસંશ્રયઃ ॥** (શ્લોક : ૩)

મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષનો આશ્રય (સંત સમાગમ) એ ત્રણ દુર્લભ છે અને જે પ્રાપ્ત થવામાં ભગવાનનો અનુગ્રહ જ હેતુ છે (એટલે કે ભગવાનની કૃપાથી જ એ ત્રણે દુર્લભ વસ્તુ પ્રાપ્ત થાય છે.)

આપણને આવો દુર્લભ માનવદેહ મળ્યો છે, તો હવે શું મેળવવું જોઈએ ? આપણું લક્ષ્ય શું હોવું જોઈએ ? પૂ.બાપજી અહિં ધ્યેય તરીકે આત્મદર્શનનો ઉલ્લેખ કરે છે. મોક્ષની પ્રાપ્તિ-જન્મમરણના ફેરામાંથી છૂટી જવું - એ જ માનવીનું લક્ષ્ય હોવું જોઈએ.

**નાયમાત્મા બલહીનેન લભ્યઃ ।** બળવગરના - કઠણ, આકરા પ્રયત્નો કરવામાં કચાશ દાખવનારા-માટે આત્મદર્શન નથી. લોહીનું પાણી કરો ત્યારે આત્મદર્શન થાય. પૂ.બાપજી ૨૭મા વર્ષે નારેશ્વરમાં બેઠા હતાં અને સાધના તો ૨૨-૨૩ વર્ષની ઉંમરેથી કરતા હતા. નારેશ્વરની ઘોર તપશ્ચર્યાનું પરિણામ આત્મસાક્ષાત્કાર.

પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય એમ દશ ઈન્દ્રિયવાળો મનુષ્યદેહ મળ્યો છે. વાણી,હાથ,પગ, શિશ્ન કે યોની અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિય છે અને કાન, ત્વચા (ચામડી) આંખ, જીભ અને નાક એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે. આવો સુંદર દેહ મોક્ષનું દ્વાર છે. ભગવાન સાથે પરણી જા, ભગવાનના દર્શન કરી લે, ભગવાનનો થઈ જા. આવા મોંઘા દેહને વેડફીશ નહિ. પતિ વિનાની સ્ત્રીની જેમ ભગવાનની પ્રાપ્તિ કર્યા વિનાનો માનવી 'રંડાપો' ભોગવે છે એમ કહેવાય.

સામાન્ય રીતે માણસના જીવનની પ્રવૃત્તિ શાને માટે હોય છે ? એક પૈસો મેળવવો,



બીજું પત્ની મેળવવી અને ત્રીજું પુત્ર-પુત્રી મેળવવા. બસ ! આટલું મળે એટલે "ગંગા ન્હાયા અને ગોમતી તર્યા" - જીવનની ઈતિશ્રી-પૂર્ણાહુતિ. પરંતુ જીવનનું આ લક્ષ્ય યોગ્ય છે કે ? સંત તુલસીદાસ કહે છે કે :

**સુત દારા અરુ લક્ષ્મી પાપી કે ભી હોય ।**

**સંત સમાગમ હરિકથા તુલસી દુર્લભ હોય ॥**

પૈસો, પત્ની અને પુત્ર તો પાપીને પણ હોય છે. હવે જે વસ્તુ બધાને મળે તે વસ્તુ કિંમતી કહેવાય નહિ. જે વસ્તુ કોકને જ મળે તે વસ્તુ દુર્લભ-મોંઘી-કિમતી કહેવાય. સંત તુલસીદાસ કહે છે કે, ભગવાન ખૂબ કૃપા કરે ત્યારે બે વસ્તુ મળે : (૧) સંત સમાગમ (૨) હારેકથા.

ભૌતિક સંપત્તિ કામ આવતી નથી. બધું અહીનું અહીં મૂકીને ખાલી હાથે જવાનું છે. જીવની સાથે આવે છે એણે કરેલાં સારા-નરસા કર્મો. જે સાથે આવવાનું છે તેનો વિચાર કરી, તેને માટે મનુષ્ય જીવન વાપરવું જોઈએ. ગરુડ પુરાણમાં કહ્યું છે કે :

**ધનાનિ ભૂમૌ પશવશ્ચ ગોષ્ઠે**

**ભાર્યા ગૃહદ્વારિ જનઃ સ્મશાને ।**

**દેહશ્ચિતાયાં પરલોકમાર્ગે**

**કર્માનુગો ગચ્છતિ જીવ એક : ॥**

ધનભંડાર ભૂમિમાં દાટયા રહી જશે, પશુઓ ગભાણમાં બાંધેલા રહી જશે. પત્ની ઘરના ઝાંપા સુધી આવશે. સગા-સંબંધી સ્મશાન સુધી આવશે. તારો દેહ પણ ચિતા સુધી જ આવશે. અંતે તો જીવ એના સારા-ખોટા કર્મો લઈને એકલો જ પ્રયાણ કરશે.

"કોક દિવસ એકાંતે બેસી થોડો પણ વિચાર કરી લે." કો'ક દિવસ નહિ, રોજેરોજ એકાંતમાં બેસી માણસે વિચારવું જોઈએ કે, હું કોણ છું ? હું ક્યાંથી આવ્યો છું ? હું ક્યાં જવાનો છું ? મારે શું કરવાનું છે ? અને હું શું કરી રહ્યો છું ? આવા ચિંતનથી, સત્સંગથી, શાસ્ત્રોના વાચનથી એને સમજાય કે જન્મમરણના ફેરામાંથી છૂટવા માટે જે કરવું જોઈએ તે મારે કરવું છે. જે લોકો ઘર છોડી જંગલમાં ગયા તે શું કામ ગયા ? ત્યાં શું કર્યું ? એમણે શું મેળવ્યું ? જીવન સાફલ્ય પરમેશ્વરની પ્રાપ્તિમાં-ભગવાનના દર્શનમાં - છે.

માનવજીવન ક્ષણભંગુર છે. શરીરમાંથી બહાર નીકળેલો શ્વાસ પાછો અંદર આવશે

કે નહિ તેની પણ આપણને ખબર નથી. સ્મૃતિમાં કહ્યું છે કે :

**અનિત્યાનિ શરીરાણિ વિભવો નૈવ શાશ્વતઃ ।**
**નિત્યં સંનિહિતો મૃત્યુઃ કર્તવ્યો ધર્મસંગ્રહઃ ॥**

આ જ વિચારને પૂ.બાપજી શ્રી ગુરુલીલામૃતમાં આ રીતે રજૂ કરે છે :

**જીવન ક્ષણભંગુર અતિ કોણ કરે વિશ્વાસ ?**
**દે આજ્ઞા જનની હવે, ક્ષણિક ભોગવિલાસ.**
**ક્ષણવિધ્વંસી દેહ આ, વૈભવ અસ્થિર જાણ,**
**નિત્ય સંનિહિત મોત છે, કરવો ધર્મ પ્રમાણ.**
(અ. ૬૭. દો. ૨-૩)

માથા પર કાળ ફરે છે અને માનવી કાલ-કાલ કરે છે. **"કાલ કાલ તું શું કરે ? શિર પર ગાજે કાળ"** આ દેહ અસ્થિર છે અને ગમે ત્યારે મોતનો સામનો કરવાનો આવશે. શ્વાસ ખૂટશે ત્યારે કોઈ વધારાનો શ્વાસ આપી શકે એમ નથી. બધા જોતાં રહી જશે અને મોતની સામે બધા હાથ ઘસતા રહી જશે. શાસ્ત્રો કહે છે :

**ચલપત્રાન્તલગ્નામતુ બિન્દુવત્ ક્ષણભંગુરમ્ ।**
**આયુસ્ત્યજત્યવેલાયાં કસ્તત્ર પ્રત્યયસ્તવ ॥**
**પીપળપત્રજલક્ષણમહીં ક્ષરે પૃથ્વી પર જેમ,**
**તદ્વત્ દેહ અસ્થિર અતિ, પડે કાળમુખ તેમ.** (અ.૬૭. દો.૧૧)
**બહુત ગઈ થોડી રહી, પ્રાણીયા અબ ચેત ।**
**કાલ-ચીડિયા ચુગ રહી, નિશદિન આયુષ ખેત ॥**
**ઈક દિન ઐસો હોયગો કોઈ કિસીકા નાહિં ।**
**ઘરકી નારી કૌન કહે તનકી નાડી નાહિં ॥**

પરંતુ મોહની નિંદમાં પડેલા માનવીને કોણ જગાડે ? સાધુ-સંતો એ આવા ઊંઘનારાને જગાડનારા પ્રહરી છે. જેમ રાત્રે દાંડી પીટનાર 'જાગતે રહો'ની આલબેલ પોકારે છે તેમ સાધુ-સંતો-શાસ્ત્રો મોહમાં ઊંઘનારાને જગાડતા કહે છે કે :

**જન્મદુઃખં જરાદુઃખં જાયાદુઃખં પુનઃ પુનઃ ।**
**અન્તકાલે મહાદુઃખં તસ્માત્ જાગૃહિ જાગૃહિ ॥** (૧)
**ઐશ્વર્યં સ્વપ્નસંકાશં યૌવનં કુસુમોપમમ્**
**ક્ષણં ચંચલમાયુષ્ય તસ્માત્ જાગૃહિ જાગૃહિ ॥** (૨)



**કામક્રોધૌ લોભમોહૌ દેહે તિષ્ઠન્તિ તસ્કરાઃ**
**હરન્તિ જ્ઞાનરત્નાનિ તસ્માત્ જાગૃહિ જાગૃહિ ॥** (૩)

અર્થાત્

**જન્મદુઃખ જરાદુઃખ જાયાદુઃખ ફરી ફરી**
**અન્તકાળે મહાદુઃખ માટે તું જાગ જાગ રે.** (૧)

**ઐશ્વર્ય સ્વપ્નવત્ જાણો પુષ્પ જેવું જ યૌવન,**
**અલ્પ ચંચળ આયુષ્ય માટે તું જાગ જાગરે.** (૨)

**કામ, ક્રોધ, લોભ, મોહ વસે છે ચોર દેહમાં**
**હરે છે જ્ઞાન રત્નોને માટે તું જાગ જાગ રે...** (૩)

જે સંસ્કારી અને કૃપાપાત્ર હોય તે જાગીને જીવન સાફલ્યના પંથે પડે છે. બીજા તો યમના હાથે રેંસાઈ જાય છે. જીંદગીના અંતિમ દિવસોમાં પશ્ચાત્તાપ કરવું પડે એવું જીવવું ન હોય તો આજથી જ હે જીવ ! તું જાગી જા.

જીવન સાફલ્યનો રસ્તો બતાવતાં પૂ.બાપજી કહે છે કે, સંતનું શરણું સ્વીકારો. સંત ચરણમાં મસ્ત મૂકી દો અને ભગવાનનું નામસ્મરણ કરો. સંત-સદ્ગુરુ કૃપા કરે અને ભક્તની સાન ખોલી દે તો એ દેહમાં રહેલા પરમાત્માને ઓળખી લે છે.

સંત તુલસીદાસ સંતસંગ વિશે કહે છે :

**એક ઘડી આધી ઘડી આધી મેં પુનિ આધ ।**
**તુલસી સંગત સંત કી કટે કોટી અપરાધ ॥**

કબીર કહે છે કે :

**કોટિ કોટિ તીરથ કરે, કોટિ કોટિ કર ધામ ।**
**જબ લગ સન્ત ન સેવઈ, સરે ન એકહું કામ ॥**

કવિ કહે છે કે :

**સંત મિલે યહ સબ ટલૈ કાલ-જાલ જમ ચૌટ ।**
**શીશ નમાવત ઢહિ પડૈ સબ પાપનકે પોટ ॥**
**સૂર્ય સન્ત તમકું હરે તાતેં ભયે સમાન ।**
**મુક્ત બાહ્ય તમ રવિ હરે સંત હરત અજ્ઞાન ॥**
**પૂ.બાપજી-રંગ અવધૂત મહારાજ કહે છે :**

**અસાર આ સંસારમાં એકમેવ એ સાર,**
**થાય સંગ જો સંતનો, ટળે તો જ યમદ્વાર.** (અ.પરદો.૭૧)

સંતસંગ વગર-સત્સંગ વગર – વિવેક આવતો નથી, પરંતુ એ રામની કૃપા વિના મળતો નથી. સંત તુલસીદાસ કહે છે :

**બિનુ સતસંગ વિવેક ન હોઈ, રામકૃપા બિનુ સુલભ ન સોઈ ।**

સાચા સંત મળવા મુશ્કેલ. મળે તો ઓળખવા મુશ્કેલ અને ઓળખીએ તો જીરવવા મુશ્કેલ. પરંતુ એકવાર એવા સંતને જીરવી લીધા તો પછી બેડો પાર. સંત આત્મદર્શનનો માર્ગ બતાવે, માર્ગદર્શક બને, કૃપા કરે અને પરિણામે સાધક આતમ ઓળખી લે. જેણે આત્માને જોયો, જાણ્યો તેણે જ માણ્યો અને વખાણ્યો. એ આનંદમાં નાચતો જ ફરે. બાકીના માટે રડવા સિવાય-પસ્તાવા સિવાય - શું રહે ? સંસારના મોજશોખમાં જીવન વીતાવનારો અંતે હાથ ઘસતો રહી જાય. 'હોલામાંથી ચૂલે પેસે' એટલે જુના જમાનામાં ગામડામાં જે ચૂલા બનાવતા એ ચૂલાની પાછળનો ભાગ હોલો કહેવાય એ ઓછો ગરમ હોય. હોલા કરતાં ચૂલો ખૂબ ગરમ હોય. હોલામાંથી ચૂલામાં પેસે એટલે ઓછી ઉપાધિમાંથી મોટી ઉપાધિમાં પેસે. જીવ ભાવ છોડી શિવભાવમાં આવતાં અનેક કષ્ટોનો ઉલ્લેખ છે.

મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે અને પૂ.બાપજી જેવા સંતનું શરણું મળ્યું છે તો આપણે પણ નામસ્મરણ દ્વારા આત્મદર્શનના પંથે ડગ માંડીએ.

નારાયણ સ્વામીના દોહરાથી ચર્ચા સમાપ્ત કરીએ.

**દો બાતન કો ભૂલ મત જો ચાહત કલ્યાણ ।**
**નારાયણ ઈક મોત કો દૂજે શ્રીભગવાન ॥**

❖❖❖

## ભજન (૩૨)
## વસમી વાટડી માંહે કંટક શૂળ અપાર
**(રાગઃમાંડ; તાલઃકહેરવા)**

**વસમી વાટડી માંહે કંટક શૂળ અપાર. .ટેક.**
**સુવાવડીનો શીરો એ તો, જે જણે તે ખાય;**
**વંધ્યા દેખી બાળે જીવને, મન પરણી રંડાય. .વસમી૦ ૧.**



**ભવાટવીમાં ભૂલા પડીયા, વાટ ન સૂઝે ક્યાંય;**
**કામકંકરી ખૂંચે પગમાં, વનચર ખાવા ધાય. .વસમી૦ ૨.**
**તરુવર ફાલ્યાં ગીચ [૪]અકાશે, ઊંચાં મૂળ અપાર;**
**ડાળ પાંખડાં નીચે ધસીયાં, ફોડ્યાં સપ્ત પતાળ. .વસમી૦ ૩.**
**રંગબરંગી પંખી બેઠાં, શોર કરે કલ્લોલ;**
**ફલપુષ્પમાં રડતાં હસતાં, જીવન જાય અમોલ. .વસમી૦ ૪.**
**ધીરજ [૧]ધરથી ધારી હરિજન, ધરી શસ્ત્ર અસંગ;**
**કાપે કરવત મૂકી કળથી, તે દેખે પર રંગ. .વસમી૦ ૫.**

૧. વિશ્વાસથી; ધરપત રાખી. ૨. સ્ત્રી. ૩. (જન્મમરણના) રોગથી રહિત. ૪. આકાશે.

❖❖❖

## અર્થ

મુશ્કેલીથી ભરેલો રસ્તો છે અને એમાં અપાર કાંટા અને શૂળ છે.

આ તો સુવાવડીનો શીરો છે અને એ તો જે જણે તે જ ખાય છે. વંધ્યા સ્ત્રી તો શીરો જોઈને જીવ બાળે છે. એ તો મનમાં પરણે છે અને મનમાં જ રંડાપો (વૈધવ્ય) અનુભવે છે.

આ સંસારરૂપી જંગલ(અટવી)માં - જન્મમરણરૂપી જંગલમાં - જીવ ભૂલો પડ્યો છે અને એને કોઈ રસ્તો સૂઝતો નથી, જણાતો નથી. પગમાં કામરૂપી કાંકરી ખૂંચે છે અને જંગલી પ્રાણી ખાઈ જવા માટે પાછળ પડ્યા છે.

જેના મૂળ ઊંચે છે એવા વૃક્ષો આકાશમાં ગીચ થઈને ફાલ્યા છે. એમાં ડાળ અને પાંદડા નીચે ધસી આવ્યા છે અને સાતે પાતાળને ફોડ્યા છે.

આ ઝાડ પર રંગ-બેરંગી બે પંખી બેઠા છે અને કલ્લોલ કરે છે, શોર કરે છે. જે પંખી ફળ-પુષ્પને ચાખે છે તે રડે છે અને જે પંખી જોયા કરે છે તે હસે છે અને એમાં અમૂલ્ય જીવન વહી જાય છે.

હે હરિના જન ! શરૂઆતથી જ ધીરજ ધરીએ અને અસંગ શસ્ત્ર હાથમાં રાખીને જે યુક્તિપૂર્વક કરવત મૂકે છે - આ ઝાડને છેદે છે - તે પરમાત્માના દર્શન કરે છે.

# વિવરણ

આ ભજનમાં ઉપનિષદ અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયનો ઉલ્લેખ કરી પૂ.બાપજી આપણને આત્મદર્શનની વાત કરે છે. આત્મસાક્ષાત્કારનો માર્ગ એ લોહીનું પાણી કરવાનો માર્ગ છે. સાધકે અનેક સંકટો, વિઘ્નો અને મુશ્કેલીનો સામનો કરવાનો હોય છે તેથી ઉપનિષદ કહે છે : નાયમાત્મા બલહીનેન લભ્યઃ । બળવગરની વ્યક્તિ આ આત્માની પ્રાપ્તિ-દર્શન કરી શકે નહિ. ખાંડાની ધાર પર ચાલવા જેવું છે અને લોખંડના ચણા ચાવવા જેવો ખેલ છે. એટલે પૂ.બાપજી એ રસ્તાને વસમી વાટડી કહે છે. આમ પણ પૂ.બાપજી તપશ્ચર્યાની વ્યાખ્યા કરતા કહે જ છે કે : **"તપ એટલે ઊંચા ધ્યેય માટે સ્વેચ્છાએ કષ્ટ ઊઠાવવું."** આમ, "પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને" વાળો માર્ગ છે.

ભગવદ્ ગીતા સાત્ત્વિક સુખની વ્યાખ્યા આપતાં કહે છે કે જે શરૂ શરૂમાં ઝેર સમાન-વિષ જેવું -હોય પણ જેનું ફળ-અંતિમ પરિણામ -અમૃત સમાન હોય તે સાત્ત્વિક સુખ છે. ગીતા કહે છે :

**યત્તદગ્રે વિષમિવ પરિણામેડમૃતોપમમ્ ।**
**તત્સુખં સાત્ત્વિકં પ્રોકતમાત્મબુદ્ધિ પ્રસાદજમ્ ।** (અ.૧૮.શ્લોક-૩૭)

ઈન્દ્રિયોનું દમન કરવું, શમ, ઉપરતિ વગેરે કેળવવા અને સાધનામય રહેવું એ પૂર્વજન્મના યોગભ્રષ્ટ આત્માનો આત્મદર્શન માટેનો પંથ છે. ભજન ભાસ્કર-મુ. સુમનકાકા પૂ.બાપજીની વાતો કરતાં એમાં કહેતા કે પૂ.બાપજી કહે કે, "અવધૂત તો અનેક જન્મોથી કુંવારો છે." પરમાત્માને પામવા માટે કઠણ કાળજાના થઈને કઠણ નિર્ણયો લેવા પડે અને પછી અનેક મુશ્કેલી અને વિઘ્નોનો સામનો કરવોપડે. પૂ.બાપજી નર્મદામાં સ્નાન કરવા ગયા ત્યારે જુદી જુદી દિશામાંથી ત્રણ મગરો આવ્યા એ વાત કરવી સહેલી છે, પણ એનો સામનો કરવામાં ભગવાન પર અતૂટ શ્રદ્ધા, ગુરુમહારાજમાં અતૂટ વિશ્વાસ અને હિંમત જોઈએ.

આ વસમી વાટડીનો ઉલ્લેખ કરતાં પૂ.શ્રી એક ભજનમાં કહે છે :

"શૂળી પરની પૂરી એ તો, વિરલો જોગી ખાય"... દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન.આ વાટડીનો વિરોધાભાસ કેવો છે કે જે પ્રસવની વેદના વેઠે છે, તેને જ શીરો ખાવા મળે છે. પ્રસવની વેદના જેવી સાધનાની વેદના છે, પરંતુ એના ફળસ્વરૂપે આત્મદર્શનના સુખરૂપી શીરો



ખાવા મળે છે. જેણે પ્રસવ વેદના અનુભવી નથી તેવી વંધ્યા સ્ત્રી આ શીરો જોઈને જીવ બાળે છે. આપણે બધા સંસારી આવી વંધ્યા સ્ત્રીની જેમ જીવ બાળીએ છીએ. પરંતુ પૂ.બાપજી કહે છે તેમ આપણે તો ઝેર ખાવું છે-સંસારના ભોગો ભોગવવા છે, સાધના કરવી નથી અને અમર થવું છે.

એક ભાઈએ પૂ.બાપજીને પૂછ્યું કે, "બાપજી ! ગીતામાં ભગવાન કહે છે કે, હે અર્જુન !હું બધાના હૃદયમાં બેઠો છું. જો બધામાં એક જ ભગવાન બેઠેલો હોય તો પછી લોકો આપને પગે લાગે છે, તો અમને કેમ પગે લાગતા નથી ?"

પૂ.બાપજીએ કહ્યું કે, તમને અત્યારે તરસ લાગે તો તમે શું કરો ?

પેલા ભાઈએ કહ્યું કે બાપજી ! નર્મદા પર જઈને પાણી પી લઉં. પૂ.બાપજીએ કહ્યું, પણ તમે જ્યાં બેઠા છો એ જગ્યાની નીચે પણ પાણી તો છે જ ને ! એટલે પેલા ભાઈએ કહ્યું કે, બાપજી ! અહીં ખોદવું પડે ને ત્યાં પાણી ઉપર આવી ગયું છે. પૂ.બાપજીએ કહ્યું, ભાઈ ! લોકોને મારામાં ભગવાન ઉપર આવી ગયેલો દેખાય છે અને તમારામાં હજી ખોદવાનું બાકી છે."

પ્રસવ વેદના જેવી કઠીન સાધનાનું ફળ આત્મદર્શન છે.

સંસારરૂપી-જન્મમરણરૂપી-જંગલમાં જીવ ભૂલો પડ્યો છે. જો કે મોટા ભાગના જીવને તો ભૂલા પડ્યા છે એવું પણ લાગતું નથી. આ 'ભવ'-સંસારને, જન્મમરણની ઘટમાળને બાપજી રોગ લાગુ પડ્યો એમ પણ કહે છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે કે :

**ભવવ્યાધિ યહ બહોત સતાવે, સુધબુધ ભૂલાવે... ઔષધી કૌન.** પરંતુ આપણને તો એ રોગ જેવો ક્યાં લાગે છે ? તો જ જગતના મોજશોખમાં, એશ-આરામમાં, મોજ-મસ્તી માણીએ છીએને ? જીવની કરુણા કેવી છે કે તે જંગલમાં ભૂલો પડ્યો છે. જંગલી પ્રાણી તેની પાછળ પડ્યા છે. કયે રસ્તે જવું તેની સૂઝ પડતી નથી અને દોડે છે તો પગમાં ઝીણી ઝીણી કાંકરી વાગે છે એટલે બરાબર દોડી શકાતું નથી. સંસારીની પાછળ મોત પડ્યું છે. કામરૂપી કાંકરી પગમાં ખૂંચે છે. રસ્તો સૂઝતો નથી. હવે એ શું કરશે અને એનું પરિણામ શું આવશે ?

મજાક-મસ્તીનો ટૂચકો છે. એક જણે બીજાને પૂછ્યું કે, ધારો કે તમે જંગલમાં છો. સાંજનો સમય છે. સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં છે. તમારા પગમાં બૂટ નથી. તમારી પાસે કોઈ શસ્ત્ર નથી. હવે તમારી પાછળ વાઘ પડે તો તમે શું કરશો ? પેલાએ જવાબ આપ્યો કે, આમાં મારે ક્યાં કશું કરવાનું છે ? જે કરવાનું છે તે હવે વાઘે કરવાનું

છે. આપણી પણ આ જ દશા છે ને ! 'કામ' એ એવો શત્રુ છે કે જે મૃત્યુ સુધી માણસને દોરી જાય છે. ગીતા કહે છે :

**ધ્યાયતો વિષયાન્પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।**
**સંગાત્ સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥**
**ક્રોધાદ્ ભવતિ સંમોહ : સંમોહાત્ સ્મૃતિવિભ્રમઃ ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ॥**

(અ.૨.શ્લોક : ૬૨-૬૩)

ગીતા નરકના ત્રણ દ્વાર ગણાવે છે એમાં કામ એ પહેલું દ્વાર છે.

ગીતા કહે છે :

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।**
**કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્ ।** (અ.૧૬.શ્લોક-૨૧)

કામ, ક્રોધ તથા લોભ આ ત્રણ જાતનાં નરકના દ્વાર આત્માનો નાશ કરનારાં એટલે કે એને અધોગતિએ લઈ જનારા છે. માટે આ ત્રણેયને ત્યજી દેવા જોઈએ. આ કામ-કામના-બધા પ્રશ્નોના મૂળમાં છે.

હવે પૂ.બાપજી ગીતાના પંદરમા અધ્યાયમાં જે કહ્યું છે તેની વાત કરે છે. સામાન્ય રીતે ઝાડના મૂળ નીચે હોય અને ડાળ-પાંદડા ઉપર હોય છે. આ જગત એવું અદ્‌ભુત વૃક્ષ છે કે જેનું મૂળ ઉપર છે અને એના ડાખળાં-પાંદડા આકાશમાં ફૂલીફાલીને ધરતી પર નીચે ઉતરી આવીને સાતે પાતાળને ફોડીને નીચે સુધી વિસ્તર્યા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પંદરમા અધ્યાયનો પહેલો અને બીજો શ્લોક જોઈએ :

**ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥** (૧)

જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વમૂળ છે, જેની નીચે (રહેલી) બ્રહ્મરૂપી તેની શાખા છે તથા વેદો જેના પાંદડાઓ છે, એવા આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને તત્ત્વજ્ઞાનીઓ અવિનાશી કહે છે. જે માણસ એ સંસારરૂપી વૃક્ષને મૂળ સહિત તત્ત્વને જાણે છે એ વેદનું તાત્પર્ય જાણનાર છે.

**અધશ્ચોર્ધ્વ પ્રસુતાસ્તસ્ય શાખા ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।**
**અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥** (૨)

**માતા બાળકને પાવન કરનારી નથી પણ ગણનારી છે.**



એ સંસારવૃક્ષની ત્રણેય ગુણોરૂપી, જળ વડે વૃદ્ધિ પામેલી અને વિષયોરૂપી કૂંપળો ધરાવતી દેવ, મનુષ્ય, તિર્યક આદિ યોનિઓરૂપી શાખાઓ નીચે અને ઉપર આમ તેમ ફેલાયેલી છે તેમજ એ શાખાઓમાં મનુષ્યલોકમાં કર્માનુસાર બાંધનારા અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં નીચે અને ઉપર બધા લોકોમાં ફેલાયેલા છે.

આ જગતનું મૂળ પરબ્રહ્મ ઉપર છે અને જગત-સંસાર નીચે વિસ્તરેલો છે. આ જગતરૂપી-સંસારરૂપી- વૃક્ષ પર જીવ અને શિવ એવા બે પક્ષી બેઠેલા છે. જીવ નામનું પક્ષી ઝાડ ઉપરના સુખદુઃખરૂપી —ફળો ચાખે છે અને બંધનમાં આવે છે. જ્યારે શિવરૂપી પક્ષી તટસ્થભાવે જોયા કરે છે એટલે એને કોઈ બંધન આવતું નથી.

શ્વેતાશ્વેતર ઉપનિષદમાં આ જ વિચાર રજૂ કરતાં જણાવ્યું છે કે :

**દ્વા સુપર્ણા સમુજા સખાયા**
**સમાનં વૃક્ષ પરિષસ્વજાતે ।**
**તયોરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્ય**
**નશ્નન્નન્યો અભિચાકશીતિ ॥** (અ.૪. શ્લોક-૬)

અર્થાત્ હંમેશા સાથે રહેવાવાળા, પરસ્પર સખ્યભાવ રાખવાવાળા બે પક્ષી (જીવાત્મા અને પરમાત્મા) એક જ વૃક્ષ પર આશ્રય લઈને રહે છે. એ બે પૈકી એક (જીવાત્મા) તો એ વૃક્ષના ફળોને ચાખે છે. જ્યારે બીજું (પરમાત્મા) એનો ઉપયોગ ન કરતાં કેવળ જોઈ રહે છે.

આમ, ફળ ચાખનાર જીવ સંસારના ચક્રમાં અટવાય છે. આ વિચારને પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં રજૂ કરતા લખે છે કે :

**માયામય સંસાર આ, વૃક્ષ પ્રચંડ સુરમ્ય,**
**મૂળ અનંત વાસના, બીજ શુભાશુભ કમ્ય.**
**છાલ ત્રિદેહાત્મક તિહાં લખચોરાશી પત્ર,**
**ગૃધ્રહંસ સમ જીવશિવ, શોભે પક્ષી તત્ર.**
**સુખદુઃખાત્મક કર્મફળ, ચાખે લંપટ જીવ,**
**કેવળ સાક્ષીત્વે રહી, ઉભય વિલોકે શિવ.**
**યાવત્ ફળકાંક્ષા વસે, તાવત્ જીવ અખંડ,**
**ભમે વૃક્ષ પર આમ એ, સહે પ્રિયાપ્રિય દંડ.**

(અ.૧૯.દો.૯૪,૯૬,૯૮)

**મા બાળક માટે ત્રણ પ્રવાહ વહેવડાવે : લોહીનો, દૂધનો ને આંસુનો.**

મોક્ષનો પંથ રોકીને વિસ્તરેલા આ સંસારવૃક્ષને હરિના જને અસંગશસ્ત્રથી કાપીને દૂર કરવું જેથી આત્મદર્શન-પરમાત્માના દર્શન થાય અને જન્મમરણનો ફેરો બંધ થાય. શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ પંદરમા અધ્યાયમાં આમ જ કહે છે.

**ન રૂપમસ્યેહ તથોપલભ્યતે**
**નાન્તો ન ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા ।**
**અશ્વત્થમેનં સુવિરૂઢમૂલં**
**અસંગશસ્ત્રેણ દઢેન છિત્વા ॥** (શ્લોક : ૩)

અર્થાત્ આ સંસારવૃક્ષનું સ્વરૂપ કહ્યું છે એવું અહીં વિચારતાં મળી આવતું નથી કારણ કે એનો આદિ નથી કે અંત નથી. માટે આના અહંતા, મમતા અને વાસનારૂપી અત્યંત દઢ થયેલાં મૂળવાળા અશ્વત્થવૃક્ષને દઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર (અસંગ શસ્ત્ર)થી કાપી નાખવું.

**સંસારદ્રુમ આ અહા ! તમોબીજ તું જાણ,**
**અહંકાર અંકુર તિહાં, મમતા લતા પ્રમાણ.**
**ગૃહ ક્ષેત્ર ધનડાળીઓ, સ્ત્રીપુત્રાદિક માન,**
**પુણ્ય પાપ પ્રસૂન ત્યાં, સુખદુઃખો ફળ જાણ.**
**મોક્ષમાર્ગ વ્યાપી અહા ! વધ્યો ચોદિશે એમ,**
**ભવશ્રાન્ત સુખભ્રાંતિથી, લે આશ્રય ત્યાં તેમ.**
**અસંગ શસ્ત્રે મૂળથી કાપે એને જેહ**
**મળે મોક્ષપથ તેહને, વ્યર્થ અન્ય સંદેહ.**
**પામી પરમપદ સુખ થકી લે વિશ્રાંતિ જાણ,**
**અદ્વિતીય ઠરી તિહાં, બીજાં ફાફા માન.** (અ.૩૩.દો.૧૦૬થી૧૦૮,૧૧૦,૧૧૧)

આમ, આ ભજનમાં પરમાત્માના દર્શનનો કપરો માર્ગ જીવ માટે શ્રેયસ્કર છે અને તેથી કોઈ પણ ભોગે, કષ્ટો સહન કરીને આ વસમી વાટડી પર ચાલીને આત્મસાક્ષાત્કારની મંઝિલે પહોંચવાનું છે.

❖❖❖



## ભજન (૩૩)
## હરિના નામનો

(રાગઃમાંડ; તાલઃકહેરવા)

**હરિના નામનો, સૌથી મોટો છે આધાર. .ટેક.**

**હરિરસ પીધો તે નર જીત્યો, બીજા એળે જાય;**
**ખાંડ જલેબી મૂકી પામર, [1]કૂકરવિષ્ઠા ખાય! .હરિના૦ ૧.**

**નામમંત્ર મોટો છે જગમાં, જનમમરણ ભૂત જાય;**
**મુક્તિસુંદરી આવે દોડી, આકર્ષણ એવું થાય! .હરિના૦ ૨.**

**નામરસાયણ લીધું જેણે, નેન વેણ પલટાય;**
**કાયા કંચન સોહન લાગે, [2]ક્રિયા ફરે તત્કાળ. .હરિના૦ ૩.**

**પાપ જનમનાં પળે પલકમાં, કર્મબંધ તૂટ જાય;**
**શોક મોહ નાસે મૂઠી દઈ, સુખ વર્ણ્યું નવ જાય. .હરિના૦ ૪.**

**નામ નાવ ભવસાગર માંહી, સદ્‌ગુરુ નૌકાધાર;**
**શ્રદ્ધા શઢ ફેલાયો [3]અંબર, ક્ષણમાં થાયે પાર. .હરિના૦ ૫.**

**નામનામીનો ભેદ મટે ને, [4]નામી આપ હો જાય!**
**ગાન ગેય ગાનાર ત્રિપુટી, રંગ એક થઈ જાય!! .હરિના૦ ૬.**

૧. કુરકુર, કૂતરું. ૨. આચરણ, કર્મ. ૩. આકાશ. ૪. નામથી લક્ષિત વસ્તુ, પરમાત્મા.

❖❖❖

## અર્થ

સૌથી મોટો આધાર હરિના નામનો છે. જે માણસે હરિભજનરસ પીધો તે જગતમાં જીત્યો - તેનો માનવ જન્મ સફળ. એ સિવાયનાનો જન્મ વૃથા ગયો, નકામો ગયો. પામર વ્યક્તિ ખાંડ, જલેબી છોડીને કૂતરાની વિષ્ટા ખાય છે.

જગતમાં નામમંત્ર મોટો છે. એનાથી જન્મમરણનું ભૂત જાય છે અને મુક્તિ સુંદરી દોડી આવે એવું એને આકર્ષણ થાય છે.

જેણે નામસ્મરણ સેવ્યું હોય તેનાં નેણ (આંખ) ને વેણ (વાણી) બદલાય જાય છે. એનું શરીર સુવર્ણનાં જેવું શોભે છે અને એનું આચરણ પણ બદલાય જાય છે.

પલકવારમાં જનમોજનમાં પાપ (બળી) જાય છે અને કર્મના બંધન તૂટી જાય છે. શોક અને મોહ મૂઠી દઈને નાસી જાય છે. એ વ્યક્તિના સુખનું વર્ણન કરી શકાતું નથી.

આ સંસારરૂપી સાગરમાં હરિનું નામ એ નૌકા છે અને સદ્‌ગુરુ એ નાવિક-(નૌકાધાર) છે. શ્રદ્ધાનો શઢ આકાશમાં ફેલાવવાથી નૌકા ક્ષણમાં પાર થઈ જશે.

અંતે નામ અને નામથી લક્ષિત પરમાત્મા (નામી)નો ભેદ મટી જાય છે ને નામ લેનારો પોતે નામી-પરમાત્મા થઈ જાય છે. ગાન, ગેય અને ગાનાર એ ત્રિપુટી એક થઈ જાય છે.

## વિવરણ

આ ભજનમાં પૂ.બાપજી નામસ્મરણનો મહિમા વર્ણવે છે. અવધૂતી આનંદમાં નામસ્મરણના એકથી વધુ ભજનો છે. 'પ્યારે ! ભજ લે રામ દિન રૈના., "હરિ હરિ કરતાં હરિજન હરિ થયાં", 'નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે" એ ભજનોનો પણ આ જ ભાવ છે. નામસ્મરણનો મહિમા વર્ણવતું પૂ, બાપજી વિરચિત ૧૦૮ શ્લોકનું દત્તનામસ્મરણ નામનું સ્તોત્ર જાણીતું છે.

પૂ.બાપજી કહે છે કે, સૌથી મોટો આધાર હરિનું નામ છે. આ પંક્તિમાં બે વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે : એક તો પૂ.બાપજી 'પ્રભુનું નામ', 'દત્તનું નામ' કે બીજા દેવના નામને બદલે 'હરિ'ના નામનો કહે છે અને બીજું એ કે એકમાત્ર આધાર છે એમ નથી કહેતાં, પણ સૌથી મોટો આધાર છે એમ કહે છે. પ.પૂ.બાપજીના સ્તોત્રના સંદર્ભમાં પૂ.કૃષ્ણશંકર શાસ્ત્રીજી-દાદાજી-એમ કહેતા કે પ.પૂ. બાપજી સ્તોત્ર લખે ત્યારે સરસ્વતી દેવી શબ્દોના ફૂલની છાબ લઈને ઊભા હોય અને પછી યોગ્ય શબ્દ-પુષ્પ પૂ.શ્રીને આપતા હોય છે. એટલે પૂ.બાપજીના સ્તોત્રનો હરેક શબ્દ કે અવધૂતી આનંદના ભજનનો હરેક શબ્દ આપણને કાંઈ ને કાંઈ કહેતો હોય છે.

પૂ.શ્રીએ કેટલાક મહત્ત્વના ભજનોમાં 'હરિ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે.



- **ભવ ભયહારક શ્રીહરિ પ્રણમું વારંવાર**
  **જન્મમરણ ટાળી વિભો કરો શીઘ્ર ભવપાર.**
- **આવો હરિજન હેતે રામને સંભારો,**
  **રામને સંભારો હેતે હરિને સંભારો.**
- **હરિ હરિ કરતાં હરિજન હરિ થયાં,**
  **નિર્ગુણ ધ્યાતાં રે, ગુણાતીત પોતે થયાં.**
- **જપીલે હરિનું નામ રસાળ,**
  **સ્મરી લે સુંદર રૂપ વિશાળ**
  **જેથી નડે ન આ કલિકાળ.**
- **હરિજન આવો રે, હેતથી ધરીએ હરિનું ધ્યાન...**

હરિ શબ્દની વિશિષ્ટતા છે. હરિ શબ્દ 'હૃ' ધાતુ પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ (દુઃખ) હરનાર એવો થાય છે. સ્વામી દયાનંદજી 'હરિ' શબ્દની વિશિષ્ટતા સમજાવતાં એક રમૂજી વાત કરે છે. એઓશ્રી કહે છે કે 'હરે રામ હરે રામ, રામ રામ હરે હરે' મંત્રની ધૂન સાંભળતો ત્યારે મને હંમેશા થતું કે આ ધૂનનો અર્થ શું ? એમાં આપણે ભગવાનને કશું કહેતા તો છીએ નહિ. આ મંત્રનો અર્થ થાય : "હે રામ ! હે રામ ! હે રામ ! હે રામ ! હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! કૃષ્ણ હે ! કૃષ્ણ હે !" હે હરિ ! હરે એ હરિનું સંબોધન છે. શ્રીકૃષ્ણઃ શરણં મમ" મંત્રનો અર્થ છે કે ભગવાન કૃષ્ણ એ મારું શરણું છે, પરંતુ આ મંત્રમાં તો વાક્ય જ બનતું નથી - અર્થ જ નીકળતો નથી.

આ મૂંઝવણનો ઉકેલ હું પોંડિચરી જતો હતો ત્યારે મળ્યો. ટ્રેઈન એક સ્ટેશને પ્લેટ ફોર્મ પર ઊભી રહી એટલે ચા વેચનારો "એ ચાય, ચાય, ચાય" કરતો નીકળ્યો. એક પેસેન્જરે બૂમ મારી "એય ચાઈવાળા." પેલો ચા વેચનારો આવ્યો. રકાબીમાં કપ મૂકી એમાં ચા રેડી ચાલતો થયો. થોડીવારે આવી, ખાલી કપ-રકાબી અને પૈસા લઈને જવા લાગ્યો ત્યાં મેં (સ્વામી દયાનંદજીએ) ચાવાળાને પૂછ્યું કે, "એ ભાઈ ! આ ભાઈએ તો "એ ચાયવાળા" એટલું જ કહ્યું હતું. મને ચા આપ તો કહ્યું ન હતું, તો પછી તેં કપ-રકાબી મૂકી કપમાં ચા કેમ રેડી ? પેલા ચાવાળાએ કહ્યું કે, કોઈ ચા વાળાને બૂમ મારી બોલાવે તો શાને માટે બોલાવે ? 'ચા આપ' એવું કહેવાની શી જરૂર ?

એ તો સમજી લેવાનું હોયને ! પૂ.સ્વામીજી કહે છે કે, ‘હરિ’ શબ્દનો અર્થ જ “દુઃખ હરનાર”. એટલે ‘હરે’ કહીને હરિને બૂમ મારીએ એટલે હરિ સમજી જ જાય કે મને શા માટે બોલાવ્યો છે.

પૂ. બાપજીએ ‘હરિ’ શબ્દનો ઉપયોગ આવી સમજથી કર્યો છે. બીજું પૂ.બાપજી હરિના નામને સૌથી **મોટો** આધાર કહે છે. મોટો શબ્દ જ એવું સૂચવે છે કે, બીજા નાના આધાર હોવા જોઈએ. વ્યક્તિ કે વસ્તુ જેના આધારે ટકે તેને ટેકો કે આધાર કહેવાય. “નિર્બલકે બલ રામ.” આમ, નિર્બળ માણસનું બળ, આધાર કે ટેકો રામ છે. વ્યક્તિના જીવનમાં આવા બળ અનેક પ્રકારના છે, પરંતુ એ સહુમાં હરિનું નામ સૌથી વધુ બળવાન છે. પૂ.બાપજી એક ભજનમાં આવા બળનું વર્ણન કરતા કહે છે કે :

**દેહબલં ગેહબલં વિત્તબલં ચિત્તબલં ।**
**યદ્ વિના તુ સર્વ બલં વિદ્ધયસાર નિષ્ફલં ॥ ગુરુકૃપાહિ.**

શરીરનું બળ, ઘરનું બળ, પૈસાનું બળ, બુદ્ધિનું બળ એ બધા બળ ઉપરાંત જેના વિના ઉપરના બળ અસાર અને નિષ્ફળ નિવડે છે, તે બળ છે ગુરુકૃપાનું બળ.

આમ, હરિના નામનો આધાર કદી તૂટે એવો નથી, કદી નિષ્ફળ જાય એવો નથી.

આ હરિનું નામ-પ્રભુનું નામ - બધા શ્રેષ્ઠ સાધનોમાં વરિષ્ઠ છે. એ હરિનામ ભણેલો-અભણ, સાજો-માંદો, શ્રીમંત-ગરીબ, દેખતો-આંધળો, બોલતો-મૂગો, ચાલતો-પાંગળો બધા જ લઈ શકે છે. હરિનામ લેવામાં પૈસાનો ખર્ચ નથી અને કરોડોનો ફાયદો છે. જે માણસે હરિરસ પીધો તેનો જન્મમરણનો ફેરો જ ટળી જાય છે. તો પછી માનવી હરિનામ લેતો કેમ નથી ? બસ ! અહીં જ ભગવાનની કરામત છે. જેમ કમળાના રોગીને ભૂખ લાગતી નથી એટલે ઘરમાં ખાવાની પૌષ્ટિક વસ્તુઓ હોવા છતાં તે ખાતો નથી તેમ સંસારીને પણ હરિનામ લેવાની ભૂખ જાગતી નથી. બધા કામ કરવાનો સમય મળે છે, પણ રામનામ લેવાનો સમય મળતો નથી. સમય તો બધો મળે છે, પણ રામ લેવાની ભૂખ નથી, રુચિ નથી, તલપ નથી, તાલાવેલી નથી. ઘરનાં છોકરાં રમાડવા માટે તાળી પાડનારને ભજનમાં તાળી પાડતા શરમ આવે છે.

જેણે હરિનામ નથી લીધું, તેનો જન્મારો ફોટગમાં ગયો, વ્યર્થ ગયો. જે હેતુ માટે માનવ જન્મ મળ્યો તે હેતુ જ સિદ્ધ થયો નહિ. રામનામ-હરિનામની ખાંડ-જલેબી મૂકી સંસારની મારી તારી રૂપી કૂતરાંની વિષ્ટા ખાય છે.

આ હરિનામ-રામનું નામ - એ મોઘું રતન છે એવું મીરાંબાઈ કહે છે.



“રામ રતનધન પાયો, પાયોજી મૈંને રામ રતનધન પાયો.”

**કબીરજી કહે છે : કબીર સબ જગ નિર્ધના, ધનવન્તા નહિ કોઈ ।**
**ધનવન્તા સો જાનિયે (જાકે) રામનામ ધન હોય ॥**

સંત કવિ જીભને ઉદ્દેશીને કહે છે :

**જિહવે પ્રમાણં જાનીહિ ભોજને ભાષણેડપિ ચ ।**
**અતિભુક્તિ અતીવોક્તિં સદ્ય પ્રાણાપહારિણી ॥**

**પ્રમાણં ત્વધિકં નામ્નઃ સુધાપાને ચ કીર્તને ।**
**જિહ્વે ત્વં પ્રતિજાનીહિ સદ્યો મોક્ષ પ્રદાયકમ્ ॥**

હે જીભલડી ! ભોજનમાં અને ભાષણમાં તારે પ્રમાણ જાણવું જોઈએ. (પ્રમાણસર જમવું-પ્રમાણસર બોલવું જોઈએ.) કારણ કે અતિ ભોજન અને અતિ ભાષણ તરત પ્રાણ લેવાવાળું છે, પરંતુ હે જીભલડી ! હરિનામના સુધાપાનમાં અને કીર્તનમાં અધિક પ્રમાણ તુરત જ મોક્ષ આપવાવાળું છે એવું પ્રતિજ્ઞાપૂર્વક જાણ.

તુલસીદાસ કહે છે :

**તુલસી રસના તો ભલી, સુમિરૈ જો હરિનામ ।**
**ના તો કાટિ નિકારિ હૌં, મુખમેં ભલો ન ચામ ॥**

જો જીભ રામનામ લેવાની ન હોય તો મોંમાં એ ચામડું રાખવાનું કામ શું ? સંતો અને શાસ્ત્રો પોકારી પોકારીને ભગવાનનું નામ લેવાનું કહે છે.

આ નામસ્મરણ કેવું છે ? આ નામ મંત્ર જગતમાં સૌથી મોટો છે અને જન્મમરણના ભયને-ભૂતને - દૂર કરનારો છે. નામજપથી મુક્તિ સામેથી દોડી આવે છે. નામસ્મરણ કરનારે મુક્તિ માટે પ્રયત્ન કરવાનો નથી. એ નામમંત્રના આકર્ષણથી જ દોડી આવે છે. એક ભજનમાં પૂ.બાપજી કહે છે : **“ભક્તિની મુક્તિ છે દાસી હો લાલ.”**

**પૂ.રમેશભાઈ ઓઝા-ભાગવતકાર** ભક્તિના કુટુંબનો પરિચય આપતાં જણાવે છે કે, ભક્તિના પતિ-સ્વામી - શ્રીભગવાન છે. જ્ઞાન અને વૈરાગ્ય એના બાળકો છે અને એની સેવા કરનાર મુક્તિ એની દાસી છે.

ભગવાનનું નામ-રાનામ સૌથી મોટું છે એ સાબિત કરતાં એક સંત કહે છે :

### સૌથી મોટું રામનામ :

- સૌથી મોટી ધરતી પરંતુ એ ધરતીને શેષનાગ ધારણ કરે છે. માટે શેષનાગ ધરતી કરતાં મોટો.
- ધરતીથી શેષનાગ મોટો, પરંતુ એ નાગને શિવ ગળામાં ધારણ કરે છે, તેથી શેષનાગ કરતાં ભગવાન શંકર મોટા.
- શેષનાગથી શંકર મોટા પરંતુ એ શંકરને કૈલાસ પર્વત ધારણ કરે છે માટે શંકરથી કૈલાસ પર્વત મોટો.
- શંકરથી કૈલાસ મોટો પરંતુ એ પર્વતને રાવણે પોતાના બાહુબળથી ઉચકેલો માટે કૈલાસ કરતાં રાવણ મોટો.
- કૈલાસથી રાવણ મોટો પરંતુ એ રાવણને વાલીએ છ મહિના સુધી બગલમાં દબાવી રાખેલો માટે રાવણથી બલિ મોટો.
- રાવણથી બલિ મોટો પરંતુ એ બલિને ભગવાન રામે એક જ બાણે મારેલો, માટે બલિ કરતાં ભગવાન રામ મોટા.
- બલિ કરતા રામ મોટા પરંતુ આ ભગવાન રામ રામનામને આધિન છે તેથી રામ કરતાં રામનામ મોટું છે.

હરિ કરતાં હરિજન, રામ કરતાં રામભક્ત મોટો છે. **કબીરજી કહે છે :**

**હરિ સે તો હરિજન બડે, જાને સન્ત સુજાન ।**
**સેતુ બાંધ રઘુવર ચલે, કૂદ ગયે હનુમાન ॥**

હરિ શું આપે અને હરિજન શું આપે એ અંગે **કબીરજી કહે છે :**

**હરિ સેતુ મત હેત કર, કર હરિજનસો હેત ।**
**માલ-મુલ્ક હરિ દેત હૈ, હરિજન તો હરિ દેત ॥**

આ ભગવાનનું નામ જન્મમરણનો રોગ ટાળે, ફેરો ટાળે એવું ઔષધ છે. પૂ.બાપજી અક્ષરગીતામાં કહે છે :

**ઔષધં ભગવન્નામો વૈદ્યઃ કારુણિકો ગુરુઃ ।**
**સંસાર રોગનાશાય પથ્યઃ સાધુ સમાગમઃ ॥** (શ્લોકઃ૧૩)

આ હરિનામનું રસાયણસેવનારમાં ચાર ફેરફારો દેખાશે. આવું દેખાય તો એનું નામસ્મરણ સાચું નહિ તો દંભ. એકતો એની આંખ નિર્મળ બને, આંખ બદલાય. બીજું એની વાણી મધુર બને. કોઈને દુઃખ થાય એવું કડવું ન બોલે. ત્રીજું એનું શરીર સોનાના જેવું શોભવા લાગે અને ચોથું એનું આચરણ સદાચરણ બને. **પૂ. પ્રેમ અવધૂતજીમાં આ**



**ચારે હતાં.** પ્રેમચાલીસાની પંક્તિ છે :

**નિર્મળ હેયું નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી,**
**વિચાર ઊંચા, જીવન સાદુ, એવું જીવે સાચો સાધુ.**

હરિના નામસ્મરણનું પરિણામ શું ? જન્મોજન્મના પાપ દૂર થાય, બળી જાય. કર્મના બંધન તૂટી જાય. શોક અને મોહ જીવનમાંથી જતા રહે અને જીવ સદાકાળ નિર્મળ આનંદમાં રહે, અવર્ણનીય આનંદ મળે.

નામસ્મરણ વ્યક્તિના વિચાર બદલે, એની મતિ સુધારે અને એને સદાચારી બનાવે. આ અંગે પૂ. પ્રકાશાનંદજી એક દૃષ્ટાંત આપતાં જણાવે છે કે : એક જુવાને જોડેના ગામના નગરશેઠની રૂપાળી કન્યા જોઈ. એને થયું કે પરણું તો આને જ. એણે શેઠને જ સીધી વાત કરી. શેઠે જોયું કે આ જુવાન સાત્ત્વિક થાય તો સમાજને સાચો સંત મળે. એણે કહ્યું કે, ભાઈ ! મારી એક પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞા જે પાળશે તેને હું મારી કન્યા પરણાવીશ. પેલા યુવાને કહ્યું કે, તમારી પ્રતિજ્ઞા કહો - મને જણાવો. હું પ્રતિજ્ઞા પૂરી કરીશ. શેઠે કહ્યું કે, પ્રતિજ્ઞા એવી છે કે, જે કોઈ અમારા ગામની નદી ઉપર ઝૂંપડી બાંધી રહે અને ત્રણ વાર નદીમાં સ્નાન કરી ચોવીસ કલાક હરિનામનું સ્મરણ કરે તો એક વર્ષ પછી એને હું મારી કન્યા પરણાવીશ. જુવાને તો શરત સ્વીકારી લીધી. નદીકિનારે ઝૂંપડી બાંધી દીધી. ત્રણ વાર ઠંડા પાણીથી સ્નાન કરી સતત નામસ્મરણ શરૂ કર્યું. આ નામસ્મરણના પ્રભાવથી એના વિચારો, એની બુદ્ધિ સાત્ત્વિક થયાં. એને થયું કે નામસ્મરણથી ભગવાનને મેળવું તો એ નામસ્મરણ સાચું કહેવાય. સંસાર માંડવાની ઈચ્છા જતી રહી અને અંતે એ ગામ છોડી જતો રહ્યો. હિમાલય જઈને, તપશ્ચર્યા કરી મોટો સંત બની ગયો. આ છે નામસ્મરણનો પ્રભાવ.

જે થઈ ગયું તેને યાદ કરી દુઃખી થવું તે શોક અને ભવિષ્યની ખોટી ચિંતા કરી દુઃખી થવું તે મોહ એટલું યાદ રાખીએ તો પણ માણસ સુખી થઈ જાય.

આ જન્મમરણના ચક્કરમાંથી છૂટવા માટે નામસ્મરણ છે. પૂ.બાપજી પોતાના અનુભવોને આધારે કહે છે કે, આ સંસારરૂપી સાગરને તરી જવા માટે નામસ્મરણ એ નૌકા-હોડી-નાવ છે. આ હોડી ચલાવનાર, નાવિક, ગુરુમહારાજ છે. શ્રદ્ધાનો શઢ પૂરેપૂરો આકાશમાં ફેલાયો છે. નાવિકમાં-ગુરુમહારાજમાં - પૂરી અને અડગ શ્રદ્ધા છે, તો ક્ષણમાં એ સંસારસાગરની પાર ઉતરી જશે.

એક ભજનમાં કંઈક આવો જ ભાવ પૂ.બાપજી વ્યક્ત કરતાં કહે છે :

**નીતિ નાવડે ચઢજે પ્રાણી, સદ્‌ગુરુ નાવિક સાર,**

**પ્રેમ ભરતીમાં વહેતું મૂકી થા રંગ ભવપાર... સૂતો શું.**

ભજનમાં અંતે પૂ.બાપજી નામસ્મરણનો પ્રભાવ જણાવે છે તે તો સર્વશ્રેષ્ઠ છે. નામસ્મરણ કરનાર પોતે જ નામી બની જાય. રામ રામ કરનારો પોતેજ 'રામ' બની જાય છે. કીટભ્રમર ન્યાયને આધારે 'જે જેનું સ્મરણ કરે તે તદ્રૂપ થઈ જાય.' પૂ. બાપજી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણસ્વરૂપ.,**
**ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વસ્વરૂપ.** (અ.૧૦૬.દો.૨)

અને પછી તો ગાનાર, જેને માટે ગાય છે તે (ગેય) અને એને માટે જે ગીત ગાય છે (ગાન) તે બધું એક બની જાય છે. એક ભજનમાં પૂ.બાપજી લખે છે :

હરિ હરિ કરતાં રે, હરિજન હરિ થયાં
નિર્ગુણ ધ્યાતાં રે, ગુણાતીત પોતે થયાં.

કરોડો રૂપિયાનું રત્ન-મણિ મફતમા મળે છે. વળી લેનારાની કંઈ મોટી ભીડ-લાઈન પણ નથી. બહુ દૂર પણ જવાનું નથી. પડોશમાં જ મળે છે. એનો આપણે જલ્દીથી લાભ ઊઠાવીએ અને આપણા જીવનનું કલ્યાણ કરીએ. પૂ.બાપજીના ચરણોમાં એક જ પ્રાર્થના કે હે ગુરુમહારાજ ! હરિના નામમાં અમારી રુચિ જાગે એવી કૃપા કરો અને શ્વાસે શ્વાસે હરિનામ સ્મરણ ન થાય તો કાંઈ નહિ પણ ૨૪ કલાકમાંથી છ કે આઠ કલાક સ્મરણ થાય એવી કૃપા કરો. આઠ કલાક નિદ્રા, આઠ કલાક જીવનનો વ્યવહાર તો આઠ કલાક નામસ્મરણ કરું એવું મારું સમયપત્રક ગોઠવ.

❖❖❖



## ભજન (૩૪)
## જીવતાં દેખ લો માંહે
**(રાગઃમાંડ; તાલઃકહેરવા)**

**જીવતાં દેખ લો, માંહે જીવન જ્યોત અલખ. ...ટેક.**

**મૂવા પછીનો વાયદો નકામો, કો જાણે છે કાલ?**
**આજ અત્યારે જોઈ લો રે સંતો, નગદી રોકડ માલ!**
**...જીવતાં૦ ૧.**

**ઈંગલા ને પિંગલા સુખમણ ત્રીજી, અમૃતનીર અગાધ;**
**[1]તરવેણીમાં ભેગાં રે મળીયાં, સ્નાન કરો સહુ [2]સાધ!!**
**...જીવતાં૦ ૨.**

**ઝિમિ ઝિમિ ઝિમિ ઝિમિ બરખા બરસે, બિન બાદલ ચમકાર;**
**ઘડુડડુ ઘડુડડુ નોબત બાજે, દેવ સજે શણગાર!!**
**...જીવતાં૦ ૩.**

**દેહમંદિરમાં દેવ બિરાજે, પચરંગી નિશાન;**
**ઘણણણ ઘણણણ ઘંટા બાજે, સુણે [3]દિવ્ય જો કાન!!**
**...જીવતાં૦ ૪.**

**પંચધૂપકી સતત સુગંધી, સૂંઘે વિરલો જન;**
**દશ નારી નિત આરતી કરતી, થેઈ થેઈ નાચે મન!!**
**...જીવતાં૦ ૫.**

**સુરવર દેખી ડોક ધૂણાવે, શોભા વર્ણી ન જાય!**
**જો દેખે સો મૂક હો જાવે, ગૂંગા ગૂડ જ્યોં ખાય!!**
**...જીવતાં૦ ૬.**

**રંગ રાગ સહુ ભૂલી ભજ લો, આતમ એ અવધૂત;**

**માચા મેલી નષ્ટ હો જાવે, ભગે જીવશિવ-ભૂત!!!**

**...જીવતાં૦ ૭.**

**૧. ત્રિવેણી, ત્રિકુટી. ૨. સાધુ, સંત. ૩. સામાન્ય કાનથી જુદી જાતના, યોગાભ્યાસથી અંતર્મુખ થવાને કેળવાએલા.**

❖❖❖

## અર્થ

અંદરની અલખની જીવન જ્યોત જીવતે જીવ જ જોઈ લો. મર્યા પછી એ જોવાનો વાયદો કરવો એ ખોટી વાત છે. કાલની વાત કોણ જાણે છે ? હે સંતો ! આજે અને અત્યારે જ એ જ્યોત જોઈ લો. રોકડા ચૂકવો ને માલ ઊઠાવો-સાધના કરો અને આત્મદર્શન કરી લો.

ઈડા (ઈંગલા), પિંગલા ને ત્રીજી સુષુમ્ણા છે. એમાં અગાધ-પુષ્કળ - અમૃતનીર છે. ત્રિકુટી-પ્રયાગમાં આ ત્રણે ભેગા મળે છે. હે સાધુ-સંતો ! એમાં સ્નાન કરો.

રીમઝીમ રીમઝીમ ધીમી ધીમી વર્ષા વરસે છે અને વાદળા વિના વીજળીનો ચમકાર થાય છે. ઘડુડુડુ ઘડુડુડુ એમ નોબત વાગે છે અને દેવ શણગાર સજે છે.

દેહરૂપી આ મંદિરમાં (આત્મારૂપી) દેવ બિરાજે છે અને એના પાંચ રંગવાળા નિશાન છે. ઘણણણ ઘણણણ ઘંટ વાગે છે. જે કોઈ અંતર્મુખ બને છે એના દિવ્ય-કાન એ સાંભળે છે.

પાંચ પ્રકારના ધૂપની સતત સુગંધ આવે છે. સુગંધ કોઈ વિરલો જ લઈ શકે છે. દશ સ્ત્રીઓ રોજ આરતી કરે છે અને મન થઈ થઈ નાચે છે.

આ દશ્ય દેવો જુએ છે અને એની ડોક ધૂણાવે છે. એ શોભાનું વર્ણન થઈ શકે એમ નથી. જે જુએ છે તે મૂગો જ થઈ જાય છે. એની સ્થિતિ ગૂંગાએ ગોળ ખાધા જેવી થાય છે.

રંગ રાગ ભૂલીને એ આત્મદેવ અવધૂતને ભજી લો. પરિણામે મેલી માયા નાશ પામે અને જીવ-શિવના ભૂત પણ ભાગી જાય.

**સ્વર્ગનું દ્વાર કયું ? દીનજનોને દાન, તેના પ્રત્યે દયા અને ઈન્દ્રિયનું દમન.**



## વિવરણ

મનુષ્ય દેહ મળ્યો છે તો જીવતે જીવ આત્મસાક્ષાત્કાર કરી લો એ આ ભજનનો કેન્દ્રવર્તી ધ્વની છે. આત્મા 'જ્યોતિ સ્વરૂપ છે.'

પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં આ વાતને સ્પષ્ટ કરતાં લખે છે :

**તેમ સ્વયંપ્રકાશ એ સ્વાત્મા સ્વતઃ સિદ્ધ,**
**પ્રગટે ના પ્રગટી અહા ! થાએ પામર સિદ્ધ.**(અ.૧૬.દો.૩૭)
**સ્વયં જ્યોતિસ્વરૂપ જે, જાણે કોણ જ કેમ ?**
**મન બુદ્ધિ પહોંચે ન ત્યાં, દૃષ્ટા દૃશ્ય ન એમ.** (અ.૧૯.દો.૪૧)
**જ્યોતિરૂપે પ્રાણ એ દત્તરૂપમાં જાણ,**
**મળ્યા અતકર્ય વેગથી, થયા ચકિત સુર માન. (અ.૨૪.દો.૧૭૪)**
**આત્મા સ્વયં પ્રકાશ જે, કેવળ સાક્ષી એમ,**
**અજ, અક્ષય, અવિકાર એ, રૂપ માહરું તેમ. (અ. ૩૧. દો. ૬૫)**
**સર્વ જ્યોતિની જ્યોતિ એ યત્પ્રકાશે જાણ,**
**મન ઈન્દ્રિય દેખે બધું, ના કર તું અનુમાન. (અ. ૧૨૧. દો. ૫૭)**

**પૂ.બાપજીએ સ્તોત્રોમાં પણ આત્માની જ્યોતિસ્વરૂપે ચર્ચા કરી છે :**

**વાસુદેવ ગુરુને નમું સત્તા જ્યોતિસ્વરૂપ,**
**સ્વાત્મરંજન કારણે ગૂંથું માળ સુરૂપ.**
**(બોધમાલિકા, શ્લોક-૧)**

**તં જ્યોતિષાં પ્રવર જ્યોતિરહં નમામિ.**
**તે પ્રકાશોને પણ પ્રકાશ આપનાર શ્રેષ્ઠ જ્યોતિસ્વરૂપને** હું નમન કરું છું.
**(સાયં સ્મરણ. શ્લોક-૪. છેલ્લી લીટી)**
**અહા જ્યોતિની જ્યોતિ એ દત્ત એક**
**(દત્તનામસ્મરણ શ્લોક : ૭૩. ૧લી લીટી.)**

અવધૂતી આનંદના ભજનોમાં પણ આત્માનો જ્યોતિસ્વરૂપે ઉલ્લેખ કર્યો છે.

- **બિના તેલ જલે જહાં જ્યોતિ, ઝગમગ દિવસાં રૈના... સદા ભજો.**
- **સહસ્રદલ અનુપમ ઓપે, પરમ જ્યોતકા ડેરાજી,**

**કા ગુરુતા। નિઃસ્પૃતા। કા લઘુતા। લોકે હીનતો યાંચા।**

**સહસ્ર જોગી જપે જુક્તિથી, કોટ ભાણ ઉજિયારાજી - દેહ મંદિરમાં.**

- **જે આંખ મીંચીને દેખે છે, તે ઝગમગ જ્યોત વિલોકે છે - સુણ ચતુર.**
- **ઓક્ટોબરમાં દીઠો અગમગઢ પંથ રી,**

**શોભા ત્યાંની મુખ વર્ણન નવ થાય જો,**
**તેજ તેજ ને તેજ તણો અંબાર રી,**
**ફૂલ-કુસુમ સુગંધ અનેરી લ્હેર જો-સુણ સહિયર.**

(૧) મૂલાધારક ચક્ર (૨) સ્વાધિષ્ઠાન ચક્ર (૩) મણિપુર ચક્ર (૪) અનાહત ચક્ર (૫) વિશુદ્ધ ચક્ર અને (૬) આજ્ઞા ચક્ર.

બ્રહ્મરંધ્રને સહસ્રાર ચક્ર તરીકે સાતમું ચક્ર ગણવામાં આવે છે. આપણા શરીરમાં રહેલી અતિ સૂક્ષ્મ અને અવ્યક્ત આધ્યાત્મિક શક્તિને યોગીઓએ ''કુંડલિની'' એવું નામ આપ્યું છે. આ શક્તિ કરોડરજ્જુના મૂળ અને સિવની પાસે મૂલાધારચક્રના વિસ્તારમાં રહેલી છે. એ સર્પિણી તરીકે ઓળખાય છે અને શરીરના સાડા ત્રણ આંટા મારીને ત્યાં સૂતી છે. તમામ આધ્યાત્મિક અનુભૂતિઓ પાછળ રહેલો ચમત્કારિક સ્રોત આ દિવ્ય કુંડલિની શક્તિ જ છે. એને યૌગિક શાસ્ત્રોમાં 'દિવ્ય શક્તિ' કહેવામાં આવે છે. એ હજારો વીજળીના પ્રકાશ જેવી અત્યંત પ્રકાશિત વિદ્યુતશક્તિ છે.

આ ઈંગલા (ઈડા) કે જે ડાબા નસકોરામાં છે અને પિંગલા કે જે જમણા નસકોરામાં છે તે ભ્રુકુટી-ભવા આગળ ત્રિકુટીમાં સુષુમ્ણા-સુખમણ સાથે મળે છે. જેને સંગમ કે પ્રયાગ કહેવામાં આવે છે. આ સંગમમાં સ્નાન કરવાનું છે.

યોગીને નાદોપાસના સિદ્ધ થતાં નીચે મુજબના અનુભવો થાય છે : (૧) બ્રહ્મરંધ્રમાંથી ઝરમર ઝરમર-ઝીમી ઝીમી અમૃત વર્ષા થાય છે. યોગી ખેચરી મુદ્રા દ્વારા એ અમૃત ઝીલીને શરીરમાં ભેળવી દે છે. આમ, ઝીમી ઝીમી બરખા (વર્ષા) બરસે એટલે અમૃતવર્ષા.

(૨) સાધકને પરમ જ્યોતિના દર્શન થાય છે. એ તેજની શોભા કરોડો સૂર્ય અને ચંદ્ર એક સાથે ઊગે ત્યારની શોભા જેવી હોય છે. વાદળાં વગર આ જ્યોતિરૂપ વીજળી થાય છે.

(૩) વાદળાં વગર મેઘગર્જના સંભળાય છે. અનાહત નાદ દશ પ્રકારના છે એમાં મેઘનાદ એ દશમો નાદ છે અને એને જ યોગી મહત્ત્વ આપે છે.

આ બધું થાય છે ત્યારે દેહરૂપી મંદિરમાં રહેલો જીવાત્મારૂપી દેવ શણગાર સજે છે.



મુ. ડૉ. અરુણોદય જાનીકાકા ''દેહમંદિરમાં દેવ બિરાજે'' ભજન સમજાવતાં કહે છે કે, જ્યાં મંદિર હોય ત્યાં દેવ હોય અને દેવની આરતી પણ થતી જ હોય. આરતી વખતે ઘંટ, નોબત, નગારાં વાગતાં હોય છે. આપણા દેહમાં ઘંટનાદ, વેણુનાદ, શંખનાદ, મેઘનાદ થતો હોય છે. યોગીપુરુષ આ નાદ સાંભળી શકે છે. અંતર્મુખ થઈને યોગ સાધ્યો હોય તે પુરુષ આ બધા નાદ સાંભળી શકે છે.

**'આતમ જાન લિયો મૂલ હી સે'** ભજનમાં પણ મૂલહી સે કહેવા પાછળનો આશય 'જ્યોતિ સ્વરૂપ' કહેવાનો જ છે એટલે જ બીજી લીટીમાં પૂ.બાપજી તરત જ કહે છે : ''આયા અંધેરા કહીંસે.''

આ જ્યોતિ સ્વરૂપ આત્માને-જીવતા હો ત્યારે જ જોઈલો - આત્મસાક્ષાત્કાર કરી લો.

મરણ પછી સ્વર્ગગમન, મૃત્યુ પછી મોક્ષ એ બધી તો વાયદાની વાતો છે. મૃત્યુ પછીની વાતમાં પૂ.બાપજીને કોઈ રસ નથી. એક બાજુ પૈસા-રોકડા પૈસા અને બીજી બાજુ માલ ઉઠાવવાળી Clear Cut વાતમાં રસ છે.

આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર કે જ્યોતિના દર્શન યોગીઓને થાય છે. આપણા શરીરમાં (૭૨,૦૦૦) બોંતેર હજાર નાડીઓ છે. જે પૈકી બાર નાડી મહત્ત્વની છે. આ નાડી આ પ્રમાણે છે : (૧) ઈડા (૨) પિંગલા (૩) સુષુમ્ણા (૪) ગાંધારી (૫) હસ્તિજીહ્વા (૬) પૂષા (૭) યશસ્વિની (૮) અલંબુષા (૯) કુહૂ (૧૦) શંખિની (૧૧) કૌશિકી અને (૧૨) પયસ્વિની. પૂ. બાપજીએ **'ફટ રે ભૂંડા આ શું કર્યું '** એ ભજનમાં આ નાડીઓનો ઉલ્લેખ કર્યો છે.

આ બાર નાડીઓ પૈકી પ્રમુખ નાડીઓ ત્રણ છે : (૧) ઈડા (૨) પિંગલા અને (૩) સુષુમ્ણા. સુષુમ્ણાનાડી સિવાયની બધી જ નાડીઓનું ઉદ્‌ગમ સ્થાન કંદ છે. એ કંદને દ્વાદશચક્ર પણ કહે છે

સુષુમ્ણા નાડી આધારસ્થાનમાંથી નીકળી કંદને ભેદી આરપાર નીકળે છે અને પછી સીધી ઉપર ઉઠી મસ્તિષ્કમાં પહોંચે છે. મસ્તિષ્કમાં એ જ્યાં પહોંચે છે તે મધ્યસ્થાનને બ્રહ્મરંધ્ર કહેવામાં આવે છે. એને જ સહસ્રદળ, સહસ્રાર કે શૂન્ય શિખર પણ કહેવામાં આવે છે. એને દશમ દ્વાર પણ કહેવામાં આવે છે. ''નવ દ્વાર પર દશમ બિરાજે વહાં કિસન કા થાના'' એવું પૂ.બાપજી પ્યારે ! ભજ લે રામ દિનરૈના'' ભજનમાં કહે છે.

ઈડા નાડીને ઈંગલા પણ કહે છે. એને ચંદ્ર નાડી પણ કહેવાંમાં આવે છે. ઈડા, પિંગલા અને સુષુમ્ણાને અનુક્રમે ગંગા, જમુના અને સરસ્વતી પણ કહેવામાં આવે છે

અને એ ત્રણ જ્યાં ભ્રુકુટીમાં મળે છે એ ત્રિકુટીને જ સંગમ કે પ્રયાગ કહેવામાં આવે છે.

બીજી બધી નાડી કરતા સુષુમ્ણા નાડી જુદા જ પ્રકારની છે. આ નાડીમાં કેટલાક ચૈતસિક કેન્દ્રો આવેલા છે. જેને યોગીઓ ચક્ર કહે છે. આવા છ ચક્રને ષટ્ચક્ર કહેવામાં આવે છે.

દેહરૂપી મંદિર ઉપર પચરંગી એટલે પંચતત્ત્વોનું સૂચન છે.

આકાશ, વાયુ, અગ્નિ,જલ ને પૃથ્વીરૂપ પંચભૌતિક દેહ એ મંદિર છે અને જીવાત્મા એ દેવ છે.

શરીરમાં રહેલા પંચપ્રાણ એ પંચધૂપની સતત સુગંધી છે. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એ મળીને દસ નારીઓ આરતી કરે છે અને મન આનંદમાં આવી થેઈ થેઈ નાચ કરે છે.

ષટ્ચક્ર અને ત્રણ ગ્રંથીનું ભેદન કરીને પ્રાણ તથા કુંડલિની બ્રહ્મરંધ્રમાં પ્રવેશે. એ નિર્વિકલ્પની સમાધિનું સુખ અનુભવનાર એનું વર્ણન કરી શકતો નથી. ગૂંગો માણસ ગોળ ખાય તો પછી ગોળનું ગળપણ કેવી રીતે કહી શકે ? આમ, આત્મસાક્ષાત્કાર કરનારનું જીવન બદલાઈ જતું હોવાથી એને આત્મસાક્ષાત્કાર થયો છે એવું સાધક અનુમાન કરે છે. આ કહેવાની વસ્તુ નથી, કરવાની વસ્તુ છે.

પરબ્રહ્મ, શિવ (ઈશ્વર) અને જીવને સમજાવતાં પૂ.બાપજી લખે છે :

**સત્ય, જ્ઞાન અનન્ત જે બ્રહ્મ અચિન્ત્ય અરૂપ**
**ભ્રાંતિથી કલ્પિત તિહાં વિવિધ નામ ને રૂપ.**
**જગત્ સર્વ આ જે દિસે હતું બ્રહ્મ એ એક,**
**પૂર્વે સચ્ચિત્સુખ અહા ! અખંડ અભિન્ન છેક.**
**શુદ્ધ સત્ત્વ નિજ શક્તિમાં એ જ બ્રહ્મ પ્રતિબિંબ,**
**ઈશ્વર સૃષ્ટિતાત એ, રાચે જોઈ ડિંભ.**
**શુદ્ધ સત્ત્વગુણ પ્રકૃતિ વિદ્યા માયા જાણ,**
**સર્વજ્ઞતા તદુપાધિથી, પામે ઈશ્વર માન.**
**મલિન સત્ત્વ જે પ્રકૃતિ એ જ અવિદ્યા તેમ,**
**પડે બ્રહ્મ પ્રતિબિંબ ત્યાં, જીવ પરતંત્ર એમ.**(અ.૧૬.દો.૧૨,૧૪,૪૯,૫૨અને૫૩)

આમ, માયાથી વિંટળાયેલું બ્રહ્મ તે શિવ, ઈશ્વર અને અવિદ્યાથી વિંટળાયેલું બ્રહ્મ તે જીવ. માયા એ **શુદ્ધ** સત્ત્વગુણ પ્રકૃતિ છે અને અવિદ્યા એ **મલિન** સત્ત્વગુણ પ્રકૃતિ છે. આ અવિદ્યા અને માયા નાશ પામતાં જીવ-શિવનો ભેદ દૂર થાય છે અને આત્મા-પરમાત્મા એક થઈ જાય છે.

**જીવ અને શિવ એ પરબ્રહ્મના રમકડાં છે એવું પૂ.બાપજી કહે છે.**

**જ્યાં ત્યાં સઘળે 'તું ભર્યો ખાલી ન એકે ઠામ,**
**જીવશિવ તુજ રમકડાં, અક્ષય તારું ધામ.** (અ.૧.દો.૪૪)

આ જીવ અને શિવનો ભેદ દૂર કરી, એ ભેદના ભૂતને ભગાડી બ્રહ્મરૂપ-આત્માના દર્શનની વાત પૂ.બાપજીએ અવધૂતી આનંદના ઘણા ભજનોમાં કરી છે.

- **કરી મડદુ ને પછી જીવાડે, જીવ શિવના તે ભૂત એ કાઢે રે... ગાઓ ગરબો રે.**
- **જીવ શિવ ત્યાં એક હો જાવે, કરે અગોચર કેલીજી... દેહ મંદિરમાં.**
- **દેહે દેવ દીઠો રે, જીવ-શિવ એક થયાં... હરિજન.**
- **જીવ પતંગા રહા ન જુદા, જલ કર શિવતા પાઈ... આ ગયા મુકામ.**
- **આખર જીવશિવકો પીકે, નિરાલંબમેં સોતા-જો ચાહે.**

જીવ અને શિવનો ભેદ દૂર થતાં, આત્મા-પરમાત્માનું મિલન થતાં હું જ બ્રહ્મ છું એની પ્રતીતિ થાય છે. પરંતુ એને માટે કઠોર સાધના, સદ્ગુરુનું માર્ગદર્શન અને સદ્ગુરુની કૃપા ત્રણે જરૂરી છે.

ઉંમરલાયક વ્યક્તિને અફસોસ થાય કે હવે આપણે યોગી નહિ બની શકીએ તો એ અફસોસ દૂર કરવા માટેનું આ એક સૂત્ર યાદ રાખવું :

**"તમે ભલે યોગી ના બની શકો પણ ઉપયોગી તો બની શકશો, તો બનજો."**

❖❖❖

## ભજન (૩૫)
# ગેંદ ખેલું રે હું તો સાહેલી સંગ

(રાગઃસોહની; તાલઃદાદરા)

**[1]ગેંદ ખેલું રે હું તો સાહેલી સંગ. ...ટેક.**

**જ્યાં જ્યાં દાબું ત્યાં ત્યાં ઊડે, થાય વ્યોમ માંહે પ્રયત્નભંગ. .ગેંદ૦ ૧.**
**એક પડે એક ઊડે, મચ્યો અલૌકિક રુદિયામાં જંગ. .ગેંદ૦ ૨.**
**ધોળો ઊંચે કાળો નીચે, પીળો ખેંચે મનડું વચમાં સુચંગ. .ગેંદ૦ ૩.**
**બેને દાબી ત્રીજો ઊડે, દેખી સુરાસુર થાએ દંગ. .ગેંદ૦ ૪.**
**આ તટ જમુના ઓલે તટ ગંગા, વચમાં ખેલે કા'નુડો રંગ. .ગેંદ૦૫.**

૧. ત્રિગુણાત્મ વૃત્તિઓરૂપી દડાની રમતનું વર્ણન છે.

❖❖❖

## અર્થ

હું તો સખી (સાહેલી) સાથે દડો (ગેંદ) રમું છું.

આ દડાને જ્યા ંજ્યાં દાબું ત્યાં ત્યાં એ ઊડે છે. આકાશમાં પ્રયત્નનો અંત આવે છે.

એક પડે છે અને એક ઊડે છે. હૈયામાં અલૌકિક જંગ જામ્યો છે. ધોળો મનને ઉપર ખેંચે છે, કાળો નીચે ખેંચે છે જ્યારે પીળો વચમાં ખેંચે છે. બેને દબાવી ત્રીજો ઊડે છે, જે જોઈને દેવ-દાનવ દંગ થઈ જાય છે.

આ કિનારે જમુના છે, પેલે કિનારે ગંગા છે અને વચમાં આત્મારૂપી કાનુડો ખેલે છે.

❖❖❖



## વિવરણ

આ ભજનમાં ત્રિગુણાત્મક વૃત્તિઓરૂપી દડાની રમતનું વર્ણન છે.

પૂ. સ્વામી શિવાનંદજી 'મનઃ તેનું રહસ્ય અને નિયંત્રણ' નામના પુસ્તકમાં જણાવે છે કે, વૃત્તિ એટલે વમળ કે ભમરી. અંતઃકરણરૂપી સાગરમાં ઊઠતું મોજું એટલે વૃત્તિ. વૃત્તિઓ એ મનનું રૂપાંતર છે.

વૃત્તિ ક્યાંથી ઊઠે છે ? વૃત્તિ ચિત્તમાંથી કે મનમાંથી ઊઠે છે. વૃત્તિ ઊઠવાનું કારણ અંતઃકરણનો સ્વભાવ છે. વૃત્તિનું કાર્ય આવરણભંગ કરવાનું છે. સ્થૂળ વિદ્યા પદાર્થને ઢાંકે છે. વૃત્તિ તે આવરણને દૂર કરી પદાર્થ બતાવે છે.

સત્ત્વ, રજસ અને તમસ એવા મનના ત્રણ ગુણ છે. આ ત્રણ ગુણને અનુરૂપ ત્રણ પ્રકારની વૃત્તિઓ મનમાં ઉદ્ભવે છે. સત્ત્વગુણમાંથી શાંતવૃત્તિ, રજોગુણમાંથી ઘોરવૃત્તિ અને તમોગુણમાંથી મૂઢવૃત્તિ જન્મે છે. સમતોલન સ્થિતિ એટલે શાન્તવૃત્તિ. ક્રોધ એ ઘોર વૃત્તિ છે અને આળસ, નિદ્રા એ મૂઢવૃત્તિ છે.

સત્ત્વ એટલે પ્રકાશ, આનંદ કે સારાપણું. રજસ્ એટલે કામ કે ક્રિયા અને તમસ એટલે જડતા અથવા અજ્ઞાન.

સત્ત્વગુણના લક્ષણ સંબંધી મનુ ભગવાન કહે છે કે :

**વેદાભ્યાસસ્તપો જ્ઞાનં શૌચમિન્દ્રિયનિગ્રહઃ ।**
**ધર્મક્રિયાત્મચિંતા ચ સાત્ત્વિકગુણ લક્ષણમ્ ॥**

વેદાભ્યાસ, તપ, જ્ઞાન, શૌચ, ઈન્દ્રિયોનો નિગ્રહ, ધર્મક્રિયા અને આત્મચિંતન એ સાત્ત્વિક ગુણનાં લક્ષણો છે.

રજોગુણના લક્ષણો માટે મનુ ભગવાન કહે છે કે :

**આરંભરુચિતાડધૈર્યમસત્કાર્ય પરિગ્રહઃ ।**
**વિષયોપસેવાજસ્રં રાજસં ગુણલક્ષણમ્ ॥**

આરંભમાં કાર્ય શરૂ કરવામાં રુચિ, અધૈર્ય, અસત્કાર્યનો પરિગ્રહ અને નિરંતર વિષયોનું સેવન એ રાજસગુણનાં લક્ષણ છે.

તામસગુણના લક્ષણોનું વર્ણન કરતાં મનુ ભગવાન કહે છે કે :

**લોભઃ સ્વપ્નોડધૃતિઃ ક્રૌર્યં નાસ્તિક્યં ભિન્નવૃત્તિતા ।**
**યાચિષ્ણુતા પ્રમાદશ્ચ તામસં ગુણલક્ષણમ્ ॥**

લોભ, નિદ્રાળુતા, અધીરતા, ક્રૂરતા, નાસ્તિકપણું, આચારભ્રષ્ટતા, યાચના (માગવાનો) કરવાનો સ્વભાવ અને પ્રમાદ એ તમોગુણનાં લક્ષણ છે.

પૂ.શિવાનંદ સ્વામી જણાવે છે કે, ચિત્ત એ મનનું સત્ત્વ છે. તે માનસિક તત્ત્વનું રૂપાંતર એટલે વૃત્તિ અથવા વિચાર તરંગ. જેવી રીતે સાગરમાં મોજાં ઊઠે છે, તેવી રીતે મનસાગરમાં તેની સપાટી પર આ વૃત્તિઓ ઊઠે છે. મન જીવાત્માને વિષયોમાં ખેંચી જાય છે. મન અને જીવાત્મા હંમેશા સાથે જ જીવે છે. એ બે અલગ થઈ શકતા નથી. જીવાત્મા મનની સાથે ત્રિગુણાત્મક વૃત્તિરૂપી દડાની રમત રમે છે. મન જ બંધન અને મુક્તિનું કારણ છે. કર્મની સંપૂર્ણ જવાબદારી પણ મનની જ છે.

મનની વૃત્તિ પર અંકુશ મેળવવા માટે જ્યારે પ્રયત્નો શરૂ કરીએ છીએ ત્યારે એ વૃત્તિઓ પ્રયત્નોની વિરુદ્ધ દિશામાં જોર કરે છે. આપણે અમુક વસ્તુ નહિ ખાવાનો વિચાર કરીએ ત્યારે એ પદાર્થનું આકર્ષણ મન વધારી દે છે. મન સાથે કળથી કામ લેવાનું છે, બળથી નહિ.

દડાને નીચે પટકીએ તો એ એટલા જ જોસથી ઉપર બાજુ આવે છે. આમ, જેમ જેમ દબાવવાનો પ્રયત્ન કરીએ છીએ તેમ તેમ ઉપર ઉડે છે. ભગવાને આપણી ઈન્દ્રિયો બહિર્મુખી બનાવી છે, તેથી મન ખૂબ જ સરળતાથી બહારની વસ્તુનું ચિંતન કરે છે. વૃત્તિઓને અંતર્મુખ બનાવવાનું કાર્ય ખૂબ જ કપરું છે, પરંતુ અશક્ય નથી. સત્ત્વગુણ વધારવાથી મન અંતર્મુખ બને છે. વિવેક અને વૈરાગ્ય દ્વારા ધીરે ધીરે સતત પ્રયત્નો કરવાથી વૃત્તિનો નાશ શક્ય બને છે.

તમોગુણ વૃત્તિને દબાવીને રજોગુણ વૃત્તિ વધારવાની છે અને રજોગુણ વૃત્તિને દબાવીને સત્ત્વગુણ વૃત્તિ વધારવાની છે. નિર્વિકલ્પ સમાધિમાં તો સત્ત્વગુણ વૃત્તિનો પણ નાશ થતો હોય છે. એક વૃત્તિ પડે અને બીજી વૃત્તિ વધે, ચઢે એમ ધીમે ધીમે આગળ વધવાનું છે.

મનને વશ કરવું એ વાયુને વશ કરવા કરતાં પણ અઘરું છે એવી ફરિયાદ અર્જુન ભગવાનને કરે છે ત્યારે ભગવાન એને વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા મનને વશ કરવાનું



સૂચવે છે.

જેણે આત્મદર્શન કરવું છે એણે રજોગુણને અને તમોગુણને સત્ત્વગુણથી દબાવવાના છે. દૈવી સંપત્તિરૂપ સદ્‌ગુણોનો વિકાસ અને આસુરી સંપત્તિરૂપ રજોગુણ-તમોગુણનો નાશ કરવાનો છે. આપણા હૃદયમાં સાત્ત્વિકવૃત્તિ છે, એણે રજોગુણવૃત્તિ અને તમોગુણીવૃત્તિ સાથે જંગ ખેલવાનો છે. પાંડવોરૂપી સાત્ત્વિક વૃત્તિનો રજોગુણી તથા તમોગુણીવૃત્તિરૂપ કૌરવો સાથે શરીરરૂપી-હૃદયરૂપી - કુરુક્ષેત્રમાં અલૌકિક યુદ્ધ થાય એમાં સાત્ત્વિક વૃત્તિનો વિજય થાય એવી સાધના કરવાની છે.

સત્ત્વગુણનો રંગ સફેદ છે. એ શાંત છે, પ્રકાશમય છે. તમોગુણનો રંગ કાળો છે અને રજોગુણનો રંગ પીળો છે. રજોગુણ પ્રવૃત્તિ કરવા પ્રેરે છે. સત્ત્વગુણ નિવૃત્તિ તરફ પ્રેરે છે. એકાંત સેવન, આત્મચિંતન વગેરે સત્ત્વગુણનાં લક્ષણ છે. જ્યારે મન રજોગુણને અને તમોગુણને દબાવીને,દૂર કરીને સત્ત્વગુણ પ્રધાન બને છે ત્યારે સુર-અસુર બંને પ્રકારની વૃત્તિઓ આશ્ચર્ય અનુભવે છે.

આપણું આખરી ધ્યેય આત્મદર્શન છે. ઈડા-ઈંગલા નાડી એ ગંગાનદી છે. પિંગલા એ જમુના નદી છે અને વચ્ચે સુષુમ્ણા નાડી છે જે સરસ્વતી નદી છે, જે ગુપ્ત છે. આ સુષુમ્ણા નાડીમાં પ્રાણને કુંડલિની સાથે બ્રહ્મરંધ્રમાં લઈ જવાના હોય છે. ત્યાં આત્માનું પરમાત્મા સાથે મિલન થાય છે. આ આત્માને જ પૂ.બાપજી કાનુડો કહે છે. એક પ્રભાતિયામાં પૂ.બાપજી ગાય છે કે :

**સ્વાન્ત વૃંદાવને વૃત્તિ ગોપી મળી, કાનુડો આત્મ-નટરાજ ખેલે.**

જેમ સત્ત્વ, રજસ અને તમોગુણના રંગ છે તેમ વિચારોને પણ રંગ હોય છે. પૂ.શિવાનંદ સ્વામી જણાવે છે કે, આધ્યાત્મિક વિચારનો રંગ પીળો હોય છે. ક્રોધ અને દ્વેષપૂર્ણ વિચારનો રંગ ઘેરો લાલ હોય છે. સ્વાર્થી વિચારનો રંગ બદામી હોય છે.

યોગીપુરુષ પોતાના અંતઃચક્ષુ વડે આ બધા વિચારોને સીધે સીધા જ જોઈ શકે છે

❖❖❖

## ભજન (૩૬)
# ઓચિંતો હું તો જાગ્યો રે

**(એક શબ્દની કટારી રે - એ એકતારની ધૂન)**

**ઓચિંતો હું તો જાગ્યો રે, સદ્‌ગુરુસાને, નિંદથી;**
**જોઉં ત્યાં તો ન મળે નિંદ કે જાગ. ...ટેક.**
**એક સમણાની સહુ માયા રે, જૂઠી જાણી જગ્તની;**
**જેવો બાજીગરનો જૂઠો ખેલ. ...ઓચિંતો૦ ૧.**
**એક અગમ અગોચર ભરિયું રે, [1]નાના ભાસે નામથી;**
**માંહે નામી છે અકળ અનંત. ...ઓચિંતો૦ ૨.**
**પાસે પણ દ્રષ્ટે ન આવે રે, બાંધી નજરો, મોહથી;**
**એની નાટકી લીલા અપાર. ...ઓચિંતો૦ ૩.**
**રૂપે રૂપે એક રાચે રે, અરૂપી ઘેલો, બહુરૂપી;**
**એનું રૂપ કે રંગ ન ક્યાંય. ...ઓચિંતો૦ ૪.**
**ખોળી ખોળી સહુ થાક્યા રે, બેઠા હેઠા, હામથી;**
**જોયું રંગ તો કંઠમાં હાર. ...ઓચિંતો૦ ૫.**

૧. અનેક

❖❖❖

## અર્થ

હું સદ્‌ગુરુના ઈશારાથી-સાનથી-ઓચિંતો જ ઊંઘમાંથી જાગી ગયો. જાગીને જોઉં છું તો હવે ત્યાં નિંદ કે જાગ કંઈ નથી.

આ જગતની બધી જૂઠી માયા એક સ્વપ્નની માયા સમી લાગી, જેમ જાદુગરનો ખેલ જૂઠો હોય છે તેવી.

ઈન્દ્રિયોથી ના જાણી શકાય એવું એક (સત્) તત્ત્વથી આ બધું જ ભરેલું છે, પરંતુ વિવિધ રૂપે અને વિવિધ નામે દેખાય છે. પરંતુ એ વિવિધતામાં એક અનંત અને અકળ નામી રહેલો છે.

એ પરમ તત્ત્વ (પરમાત્મા) પાસે છે, પણ દૃષ્ટિથી દેખાતો નથી. એણે મોહથી નજર બાંધી લીધી છે. એની નાટકી લીલાનો કોઈ પાર નથી.

રૂપે રૂપે એ બહુરૂપી છતાં અરૂપી એવો ઘેલો રાચે છે અને રૂપ કે રંગ ક્યાંયે નથી.

એને શોધી શોધીને બધા થાકી ગયા અને બધા હિંમત હારી નીચે બેઠા અને જોયું ત્યારે એમણે કંઠમાં હાર રહેલો જોયો.

## વિવરણ

જેમ રાત્રે દાંડી પીટનાર આખી રાત જાગતો રહી ગામની ચોકી કરે છે અને ‘જાગતે રહો’ની આલબેલ પોકારે છે, તેમ સંતો અને શાસ્ત્રો પણ જીવને-સંસારીને-મોહનિદ્રામાંથી જગાડે છે. પૂ.અવધૂતજી દત્તનામસ્મરણમાં જણાવે છે કે :

**પડ્યો ઘોર ઊંઘે તું આ દેહ ગેહે**
**મહીં સર્વ દ્વારે જ જો ચોર પેહે ।**
**હરે જુલ્મજોરે ધસી આત્મવિત્ત**
**ત્યજી ઊંઘ આ જીવ તું શીઘ્ર ઊઠ.** (શ્લોક : ૧૯)

મોહનિદ્રામાં સૂતેલા જીવને શાસ્ત્ર-સંત-ગુરુ જગાડે છે.

સદ્‌ગુરુનું કાર્ય શિષ્યને સ્વસ્વરૂપનું ભાન કરાવવાનું છે. સંસારના રંગરાગમાં રચ્યા પચ્યા રહેનાર જીવને મોહની નિદ્રામાંથી જગાડી આત્મદર્શન માટે સાધના કરવા માર્ગદર્શન આપવું, મદદરૂપ બનવું, કૃપા કરવી એ સદ્‌ગુરુનું કાર્ય છે.

**હરિકૃપા તબ જાનીયો જબ દે મનુજ અવતાર ।**
**ગુરુકૃપા તબ જાનીયો જબ છોડાવે સંસાર ॥**

કથા સરિત્સાગરમાં કહ્યું છે કે :

**સ્વપન્તિ અજ્ઞાં હિ નિશ્ચેષ્ટાં કુતો નિદ્રા વિવેકીનામ્ ।**

અર્થાત્ અજ્ઞાનીજનો જ ઘસઘસાટ ઊંઘે છે. વિવેકી જનોને નિદ્રા ક્યાંથી ? સંત તુલસીદાસ તુલસીકૃત રામાયણમાં લખે છે :

**મોહનિશી સબ સોવનિહારા । દેખહિં સપન અનેક પ્રકારા ॥**
**ઈહિ જગ-જામિની જાગહિં જોગી । પરમારથી પ્રપંચબિયોગી ॥**

**જાનિય તબહિં જીવ જગ જાગા । જબ સબ વિષય વિલાસ બિરાગા ॥**
**હોઈ વિવેક મોહ ભ્રમ ભાગા ॥ તવ રઘુનાથચરણ અનુરાગા ॥**
(અયોધ્યાકાંડ દોહા-૯૩ પછીની ચોપાઈ)

અર્થાત્ મોહ (અજ્ઞાન)રૂપી રાત્રિમાં સર્વે સૂવાવાળાં છે અને અનેક પ્રકારનાં સ્વપ્નો જુએ છે. આ જગતની રાત્રિમાં પ્રપંચથી અલગ અને પરમાર્થી (મોક્ષાર્થી) એવા યોગીજનો જાગે છે. (અજ્ઞાની જીવો બધા ત્યારે વિષય વિલાસમાં ડૂબેલા હોય છે) અને યોગીજનો વિષય વિલાસ તરફ વૈરાગ્યવાળા હોય છે. વિવેક થતાં જ મોહ અને ભ્રમ દૂર થાય છે અને ત્યારે ભગવાન રામજીના ચરણોમાં અનુરાગ થાય છે.

બ્રહ્માનંદ સ્વામી પણ એક ભજનમાં કહે છે કે :

**સંત પરમ હિતકારી, જગતમાંહિ ।**
**પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ**
**ભરમ મીટાવત ભારી... જગત.**

સદ્ગુરુનું કામ ઈશારો કરીને, વિવેક જગાવીને શિષ્યને મોહનિદ્રામાંથી જગાડવાનું છે. શિષ્ય મોહનિદ્રામાંથી જાગી જાય પછી એની ભ્રમણા દૂર થાય છે અને પોતે બધે આત્મસ્વરૂપના દર્શન કરે છે.

એ પહેલા જગતને અને જગતના સંબંધીને સાચા માનતો હતો તેને હવે ભ્રમણા માનતો થઈ જાય છે. જગત જૂઠું છું, મિથ્યા છે, ભ્રમ છે એ સત્ય સમજી જાય છે. જગત એ સ્વપ્નાની માયા સમાન છે. આંખ ખૂલતાની સાથે સપનાનું સામ્રાજ્ય નષ્ટ પામે છે તેમ વિવેકરૂપી આંખ ખૂલતાં જગતનું-સંસારનું - સામ્રાજ્ય પણ ખોટું જણાય છે. જાદુગરનો ખેલ આપણે જોયો છે. એ પત્તાનું કબૂતર કરે છે. છોકરીને હવામાં અદ્ધર લટકાવે છે. જોનારા આશ્ચર્યમાં ડુબે છે, પરંતુ એના સાગરીતોને સત્ય શું છે તેની ખબર છે.

નિદિધ્યાસમાં પૂ.બાપજી લખે છે કે :

**મિથ્યા બંધ સપડાવે કેમ ? બાજીગરની બાજી જેમ**
**મોડો જાણે સઘળો મર્મ, હસે, કૂદે ને પામે શર્મ.**

મોડો એટલે મદારી (બાજીગર)નો સાગરિત.

એક જ પરમ તત્ત્વ-સત્ તત્ત્વ-વિવિધરૂપે, વિવિધ નામે જગતમાં વિલસી રહ્યું છે.



જ્ઞાનીજનો-મુનિજનો જડ-ચેતનમાં બધે એ પરમ તત્ત્વને જ જુએ છે. જેમ જ્ઞાની પુરુષો દૂધમાં ઘીને જુએ છે અને લાકડામાં અગ્નિને જુએ છે તેમ જ્ઞાની લોકો આ સચરાચર જગતમાં પરમ તત્ત્વને જુએ છે. પૂ.બાપજી સાયં સ્મરણમાં લખે છે કે :

**અધ્યસ્તમેતદખિલં જગદેવ યસ્મિં**
**શ્ચિત્રં પટે જલનિધાવિવ વીચયશ્ચ ।**
**સર્પિર્યથા પયસિ દારુણી વહ્નિરેવ**
**ગૂઢશ્ચરાચરચયે નિપુણૈઃ સુલક્ષ્યઃ ॥**

અર્થાત્ જેવી રીતે કપડાં પર ચિત્ર, સમુદ્રમાં મોજા, દૂધમાં ઘી અને લાકડામાં અગ્નિ રહેલો છે, તેવી જ રીતે આ આખું જગત જેની અંદર આમ બાહ્ય દૃષ્ટિએ રહેલું છે તે ગૂઢ હોવા છતાં સૂક્ષ્મ દૃષ્ટિવાળાઓ તેને સારી રીતે જોઈ શકે છે.

આ જગતમાં જે જે વસ્તુઓ કે વ્યક્તિઓ દેખાય છે, તેઓ નામથી અને રૂપથી જુદા છે, પરંતુ આત્મસ્વરૂપે એક જ તત્ત્વ વિલસી રહ્યું છે. પૂ.બાપજી દત્તદશકમાં લખે છે કે :

**દત્ત કહે કોઈ તને, રામ-કૃષ્ણ વળી કોક,**
**દિનમણિ શિવ શકત્યાદિ તું, નામરૂપ સહુ ફોક.**
**ગંગા જમુના સરસ્વતી ભિન્ન નામ જે છેક**
**બહુરૂપી બહુનામમાં જળરૂપે સહુ એક.**

પરંતુ આ બધામાં રહેલા પરમાત્માનું આપણને દર્શન થતું નથી. પરમાત્મા દરેકના હૃદયમાં રહેલો છે, પરંતુ એ પરમાત્મા આપણને દેખાતો નથી એટલે બધે ભમતા ફરીએ છી. પૂ.બાપજી ભજનમાં લખે છે :

**પ્રભુ પરખ્યા હૃદે જેણે ફરે ભમતો જગે શાને ?**
**પીધું આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને ?**

એક બીજા ભજનમાં લખે છે :

**ભર્યું જયાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત,**
**નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત.**

એ ભજનમાં આગળ લખે છે :

**સદા પાસે છતાં આઘે અભાગીને અરે દિસતો,**
**સહુ રંગે અરંગી તું, લહે તુજ રંગ કો અવધૂત.**

ભગવાને આપણી નજર મોહથી એવી ધૂંધળી કરી નાંખી છે કે પાસે રહેલો ભગવાન દેખાતો નથી.

ઈશાવસ્ય ઉપનિષદ પણ આ જ વાત કહે છે. કહ્યું છે કે :

**તદેજતિ તન્નૈજતિ તદ્ દૂરે તદ્ અન્તિકે ।** આ પરમ તત્ત્વ ચાલે છે અને નથી પણ ચાલતું. એ દૂરથી પણ દૂર છે અને નજીકમાં નજીક છે. આપણા હૃદયમાં બેઠેલો છે.

ભગવાન હૃદયમાં બેઠેલો છે અને બહાર શોધીએ છીએ પછી ક્યાંથી મળે ? હાર ગળામાં પહેરેલો છે અને ખોવાયો છે એમ માની બીજે શોધીએ તો ક્યાંથી જડે ? ખરેખર તો હાર ખોવાયો જ નથી, પરંતુ આપણને ભ્રમણા થઈ કે હાર ખોવાઈ ગયો. સદ્‌ગુરુ મળે અને પછી કહે કે, તારા ગળામાં જો. અને પછી ગળામાં હાર જોઈએ એટલે હાર મળ્યો એમ કહીએ, પણ હાર ખોવાયો જ ન હતો, તો પછી મળવાનો ક્યાં સવાલ છે. સદ્‌ગુરુ સાનથી આ વાત સમજાવે છે. પૂ.બાપજીના શ્રીગુરુલીલામૃતના આ અંગેના દોહરાથી ચર્ચા પૂરી કરીએ.

**અંતઃસુખ છોડી જનો, મારે ફાંફાં બ્હાર;**
**આત્મા માની દેહને, દુઃખી થાય ગમાર.**
**શેવાળે છાયું દિસે પાણી નિર્મળ જેમ,**
**સ્વાત્મા માયાછન્ન એ, શુદ્ધ સુખમય તેમ.**
**સ્વાત્મસુખ સ્વાધીન જે, છોડી દોડે જેહ,**
**વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ.** (અ.૯.દો.૨૬,૨૮,૩૨)

❖❖❖



## ભજન (૩૭)
## અધવચ વગડે લૂંટાઇ રે

**(એક શબ્દની કટારી રે- એ એકતારાની ધૂન)**

**અધવચ વગડે લૂંટાઇ રે, દોલત મારી, લાખની;**
**લાગે ક્યાંએ ન એની ભાળ. ...ટેક.**

**જે આવે લાંચો માગે રે, મ્હોંની માગી, મૂળમાં;**
**મળ્યો લોભીધૂતારાનો સાથ. ...અધવચ૦ ૧.**

**કોઇ કહે બાધા રાખો રે, અંબામાની, ગોળ ઘી;**
**આપો જોશીડાને રૂપિયા બાર. ...અધવચ૦ ૨.**

**કોઇ કહે કલ્પ બનાવું રે, અંજન મોંઘું, આંજતાં;**
**જાવું પડશે ના બીજે દ્વાર. ...અધવચ૦ ૩.**

**રવડી રવડી હું તો થાકી રે, મારગ ભૂલી, ઘરનો;**
**થઇ બેઉ બાજુથી ખુવાર. ...અધવચ૦ ૪.**

**આખર આવી એક મળીઓ રે, જોગી જૂનો, વાટમાં;**
**બોલ્યો કાંઇ ના, કીધી સાન. ...અધવચ૦ ૫.**

**આપે મેં જાણ્યું ઘરમાં રે, દોલત મારી, આંગણે;**
**ખોળું તોએ ક્યાંથી જડે એ બહાર? ...અધવચ૦ ૬.**

**સીધેસીધી હું તો ચાલી રે, મળીઓ મારગ, મૂળનો;**
**પડી ભૂલી એ જૂઠી વાત. ...અધવચ૦ ૭.**

**સમણાની ભ્રમણા ભાગી રે, દોલત દીઠી, દ્વારમાં;**
**હવે છોડું ન એ રંગ-દ્વાર. ...અધવચ૦ ૮.**

❖❖❖

# અર્થ

મારી લાખ રૂપિયાની કિંમતી દોલત વગડાની-જંગલની અધવચ લૂંટાઈ ગઈ. એની ક્યાંયે ખબર મળી નથી-ખબર પડી નથી.

મદદરૂપ થવા જે કોઈ આવે છે તે મ્હોં માગી લાંચ માગે છે. મૂળમાં લોભી અને ધૂતારાનો મૂળમાં સાથ મળ્યો છે.

કોઈ અંબામાની ગોળ અને ઘીની બાધા રાખવાનું કહે છે અને જોશીડાને બાર રૂપિયા આપવાનું કહે છે.

કોઈ વળી, આંખમાં આંજવાનું મોઘું અંજન-કલ્પ બનાવું છું એમ કહી એવી ખાત્રી આપે છે કે એ આંજતાં તમારે બીજે જવું નહિ પડે.

હું તો રખડી રખડીને થાકી ગઈ અને ઘરનો રસ્તો જ ભૂલી ગઈ. હું તો બેઉ બાજુથી ખુવાર થઈ ગઈ.

છેવટે એક જુનો જોગી રસ્તામાં મળી ગયો. એ કશું બોલ્યો નહિ પણ કેવળ ઈશારો જ કર્યો, સંકેત કર્યો.

એની સાનથી મને સમજાઈ ગયું કે, મારી દોલત તો આંગણામાં જ છે. (લૂંટાઈ ગઈ એ ભ્રમણા છે.) એ બહાર શોધું તો ક્યાંથી જડે ?

જોગીના માર્ગદર્શન મુજબ હું સીધેસીધી ચાલવા લાગી તો મને સાચો-મૂળ-રસ્તો મળી ગયો. હું ભૂલી પડી જ ન હતી. ભૂલી પડી એ વાત જ જૂઠી હતી.

સ્વપ્નાની ભ્રમણા દૂર થઈ અને પરિણામે દોલત દ્વારમાં જોઈ. હવે એ દોલતને હું સંસારના દ્વારે નહિ છોડું.

# વિવરણ

આ સંસારરૂપી જંગલમાં-વગડામાં - જીવ ભૂલો પડ્યો છે એવું વર્ણન અવધૂતી આનંદ, શ્રીગુરુલીલામૃત અને પૂ.શ્રી વિરચિત અન્ય સાહિત્યમાં જોવા મળે છે. પૂ.બાપજી એક પ્રભાતિયામાં ગાતાં કહે છે :

**ભ્રાન્ત ભવકાનને શ્રાન્ત શાસ્ત્રાટને.....ઊઠ અઘભંજના.**

**ભવાટવીમાં ભૂલા પડિયા, વાટ ન સૂઝે ક્યાંય... વસમી વાટડી.**



શ્રીગુરુલીલામૃતમાં કહે છે :

**ભવાટવીમાં રખડતો, કરો સદ્‌ગુરુ સાથ.** (અ.૧. દો. ૭૪)

**ભવાટવીમાં ભટકતાં ઘેરાયો ચોપાસ.** (અ. ૧૨. દો. ૯૯)

**અભિલાષ ષટ્કમ્‌માં પૂ.બાપજી લખે છે :**

**ભવાટવી વિલુપ્તવીથિમાર્ગદં દરાગદં.** (શ્લોક : ૨)

અર્થાત્ સંસારરૂપી જંગલમાં ભૂલા પડેલાને માર્ગ બતાવનાર, ભયનું ઔષધ...

આ સંસારરૂપી જંગલમાં જીવ ભૂલો પડ્યો છે. કામ, ક્રોધ, લોભ, મોહરૂપી ચોરો એનું આત્મધન લૂંટી જાય છે. વિષયોમાં રચ્યા પચ્યા રહેનારા જીવને બહુ મોડી ખબર પડે છે કે એ અધવચ વગડે-જુવાનીમાં લૂંટાયો છે. પૂ.શ્રી દત્તસ્મરણમાં લખે છે :

**પડ્યો ઘોર ઊંઘે તું આ દેહગેહે**
**મહીં સર્વ દ્વારે જ જો ચોર પેહે ।**
**હરે જુલ્મ જોરે ધસી આત્મવિત્ત**
**ત્યજી ઊંઘ આ જીવ તું શીઘ્ર ઊઠ ॥ (શ્લોક : ૧૯)**

**પ્રભાતિયામાં પૂ.બાપજી લખે છે :**

**ઊઠ જાગ્રત થઈ સ્વપ્નસુખ પરિહરી,**
**સદ્‌ગુરુ પદ ગ્રહી જાણ રંગા,**
**મોહનિદ્રા ત્યજી જ્ઞાનજાગ્રતિ વરી,**
**આત્મધન સંગ્રહી ભવભંગા... એક અક્ષર.**

દેહ અને આત્મામાં આત્મારૂપી ધન દેહરૂપી પેટીમાં સંગ્રહેલું છે. પરંતુ આપણે દેહને જ સર્વસ્વ માની લીધો અને આત્માને ભૂલી ગયા. દેહરૂપી મંદિરમાં આત્મારૂપ દેવ બીરાજે છે, પરંતુ 'દેવને ભૂલી મંદિર પૂજે' ઉક્તિ પ્રમાણે આપણે દેહરૂપી મંદિર શણગારવામાં એવા મશગુલ થયા કે દેવને જ ભૂલી ગયા. આપણી સ્થિતિનું વર્ણન કરતાં પૂ.બાપજી કહે છે :

**વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા,**
**રાખની આશમાં લાખ ખોયા,**
**દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા,**
**મોહિની જાળમાં સર્વે મોહ્યા.**

જુવાનીમાં 'કામિનીની સોડમાં' રચ્યા પચ્યા રહ્યા, ધન કમાવવા દોડાદોડ કરી અને બીજી બધી પ્રવૃત્તિમાં ખબર જ ના પડી કે આત્મધન લૂંટાઈ રહ્યું છે. પૂ.બાપજી ૨૭મા વર્ષે નારેશ્વરમાં બેઠા અને તે પહેલાથી સાધના તો શરૂ થઈ ગઈ હતી. એમણે આત્મધન સાચવ્યું અને એમાં વધારો કર્યો.

સંત શ્રી તુલસીદાસજી કહે છે :

**મન ! હરિપદ અનુરાગુ કરહુ ત્યાગિ નાના કપટ ।**
**મહા મોહ-નિશિ જાગુ, સોવત બીતે કાલ બહુ ॥** (બાલકાંડ સોરઠ : ૪૧)
**કરો ત્યાગ નાના કપટ મન ! હરિપદ અનુરાગ ।**
**સોવત બીતે કાલ બહુ મહા મોહ નિશિ જાગ ॥**

આપણા શાસ્ત્રો આપણને મોહરાત્રિમાંથી જગાડી આત્મધનને લૂંટાતું અટકાવવા દાંડી પીટે છે. પૂ.બાપજી એક ભજનમાં કહે છે : "મોહમૃત્યુ એ સૂત્ર સનાતન અનુભવથી જ તરાય... જે જાયું."

**પૂ.બાપજી ગાય છે : દેહ ભરોસો છોડી પ્રાણી, દેવ ભરોસો રાખ,**
**અવિચળ આતમ ઓળખ હૈડે, રંગ અમીરસ ચાખ... ધાર્યું ધરણીધરનું.**

અજ્ઞાનની-મોહની -નિદ્રામાં સૂતેલા લોકોને જગાડવા માટે જ સંતોનું જીવન છે. એ આપણને 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા જવું ન પડે' એ માટે જગાડે છે. શાસ્ત્રો કહે છે :

**જન્મદુઃખં જરાદુઃખં જાયાદુઃખં પુનઃ પુનઃ ।**
**અન્તકાલે મહાદુઃખં તસ્માત્ જાગૃહિ જાગૃહિ ॥**

**ઐશ્વર્યં સ્વપ્નસંકાશં યૌવનં કુસુમોપમમ્ ।**
**ક્ષણં ચંચલમાયુષ્યં તસ્માત્ જાગૃહિ જાગૃહિ ॥**

**કામક્રોધૌ લોભમોહૌ દેહે તિષ્ઠન્તિ તસ્કરાઃ ।**
**હરન્તિ જ્ઞાનરત્નાનિ તસ્માત્ જાગૃહિ જાગૃહિ ॥**

અર્થાત્ જન્મતી વખતનું દુઃખ, ઘડપણ (જરા)નું દુઃખ અને પત્નીનું દુઃખ વારે વારે તું ભોગવે છે. અંતકાળે તો ભયંકર દુઃખ પડવાનું છે, માટે તું જાગ, મારા ભાઈ ! જાગ.

વૈભવ-વિલાસ સ્વપ્ન જેવા છે અને યુવાની ફૂલ સમાન છે. આયુષ્ય ચંચળ છે અને



ક્ષણ પૂરતું જ છે. માટે તું જાગ, જાગ.

કામ, ક્રોધ, લોભ અને મોહ તારા શરીરરૂપી ઘરમાં રહેલા ચોરો છે અને તે તારું આત્મધન-જ્ઞાનરૂપી રત્નો હરી રહ્યા છે માટે તું જાગ ! જાગ !

આપણે સંસારરૂપી જંગલમાં લૂંટાઈ રહ્યા છીએ અને છતાં હજી ગફલતમાં જ જીવીએ છીએ. પુષ્કળ ધન નથી તેનું દુઃખ છે. પુત્ર મૃત્યુ પામ્યાનું દુઃખ છે, પત્ની કહ્યું માનતી નથી તેનું દુઃખ છે. પરંતુ ભગવાનના દર્શન નથી થતાં તેનું દુઃખ નથી. આ માનવદેહ મળ્યો છે તો આત્મસાક્ષાત્કાર કરી જન્મમરણનો ફેરો ટાળી દેવાનું લક્ષ્ય નથી. સાપે ગળેલો દેડકો છેલ્લે છેલ્લે માખી ખાવાના હવાતિયાં મારે તેમ આપણે પણ ૭૦-૭૫ની ઉપર ગયા પછી પણ સંસારના કાર્યોમાં જ વ્યસ્ત રહીએ છીએ.

પત્ની મર્યાનું દુઃખ અનુભવતો પતિ, એક દિવસ પોતે પણ મરી જવાનો છે એનો વિચાર કરતો નથી. 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ' એવું તો ભક્ત નરસૈયો જ ગાઈ શકે. સાધક જ્યારે મુમુક્ષુ બને ત્યારે તેને આત્મધનનું મહત્ત્વ સમજાય અને પોતે લૂંટાયો છે એની જાણ થાય.

વનવગડામાં લૂંટાયેલા પ્રવાસીને એની દોલતની કોઈ ભાળ મળતી નથી. એના સંકટનો ગેરલાભ ઊઠાવવા, મદદને બહાને બદમાશો, ઠગો, ચોરો આવી પહોંચે છે. એને સાચો રસ્તો બતાવવાને બદલે ઊંધે રસ્તે લઈ જાય છે. લોભી અને ધૂતારાનો સાથ મળે એટલે લૂંટાયેલો વધારે લૂંટાય. કોઈ બાધા રાખવાનું કહે, કોઈ જ્યોતિષીને હાથ બતાવી વિધિ-વિધાન કરવાનું કહે. કોઈ પોતાનું અમોઘ અંજન આંખમાં આંજવાનું કહે. આવા અનેક ધતીંગો શરૂ થઈ જાય છે. લૂંટાયેલો માણસ પણ દોલત પાછી મેળવવાની આશામાં બધા કહે તેમ કરે છે અને વધુ ખુવાર થાય છે. જેની દોલત લૂંટાઈ છે, તેની આંખ બહુ મોડી મોડી ખૂલે છે. ઘણાની તો આંખ ખૂલતી જ નથી. આપણને મૂરખ બનાવનારનો તોટો નથી. એક મજાકભરી વાત દ્વારા આવો મૂરખ બનાવનો પ્રસંગ કહેવાયો છે.

પેપરમાં જાહેરખબર આવી. અમારી બુદ્ધિવર્ધક દવાની ટિકડી લો અને બુદ્ધિ વધારો. બુદ્ધિ ન વધે તો પૈસા પાછા. "બુદ્ધિ ન વધે તો પૈસા પાછા" એ વાક્યથી જનતા આકર્ષાય. એક ભાઈએ રૂ. ૧૦૦ની એક શીશી ખરીદી. જણાવ્યા મુજબ દવા લીધા પછી પત્નીને પૂછ્યું કે, મારી બુદ્ધિ વધી હોય એમ લાગે છે ? પત્ની હસી પડી અને કહે કે, જેટલી હતી તેટલી જ છે.

પેલો ભાઈ તો દવા વેચનાર પાસે પહોંચ્યો. પૈસા પાછા માગ્યા. દવા વેચનારે કહ્યું કે ભાઈ, તમારો રોગ જૂનો છે. એટલે એક શીશીથી નહિ પતે. આ બીજી શીશી લઈ જાઓ. ચોક્કસ બુદ્ધિ વધશે જ. પેલો ભાઈ બીજી શીશી લઈ આવ્યો પણ પરિણામમાં કોઈ ફેર પડ્યો નહિ. એ તો આંખ લાલ કરી દુકાને પહોંચી ગયો અને પૈસા પાછા માગ્યા. દવા વેચનારે કહ્યું કે, આ ત્રીજી શીશી લઈ જાવ. એટલે પેલા ભાઈએ કહ્યું કે, તમે મને શું મૂરખ અને બુદ્ધિ વગરનો માનો છો ? ત્રીજી શીશી નહિ, મારા પૈસા લઈને જઈશ. દવા વેચનારે કહ્યું કે, ત્રીજી શીશી ના લઈ જવી હોય તો ના લેશો, પણ પૈસા શાના પાછા માગો છો ? પેલો કહે કે, તમે જાહેરાતમાં કહ્યું છે કે, બુદ્ધિ ન વધે તો પૈસા પાછા. દવા વેચનારે કહ્યું કે, એ શરત તો છે જ, પરંતુ તમારી બુદ્ધિ તો વધી જ છે ને ! તમે બે શીશી લઈ ગયા. હવે ત્રીજી લેવાની ના પાડો છો, એ જ બતાવે છે કે, તમે હવે મૂરખ નથી રહ્યા, તમારી બુદ્ધિ વધી છે.

આપણા મંદિરમાં આવનારા દુઃખિયાઓ આ રીતે જ લૂંટાતા હોય છે. પૂ.બાપજીએ આપણને નીતિથી જીવવાનો, પ્રામાણિકતાથી ફરજ બજાવવાનો અને સત્કર્મો કરવાનો ઉપદેશ આપ્યો, દોરા-ધાગા બાંધવાનો નહિ. સાચો ગુરુ મળી જાય તો તે કેવળ સાનમાં-ઈશારામાં પ્રશ્નનો ઉકેલ લાવી દે. 'વૃત્તિથી વૃત્તિ ઘડાય છે' એ સૂત્ર અનુસાર પોતાના આચરણ દ્વારા લૂંટાયેલાને એની મિલકતની-ધનની ભાળ આપે છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**આંખે પાટા બાંધીને, ચોરો માણસ એક -**
**લઈ ગયા દેશાંતરે, વનવગડામાં છેક.**
**વસ્ત્રાલંકારો બધા લૂંટી ચોરો જાણ,**
**મૂકી એને એકલો, ગયા સર્વ સ્વસ્થાન.**
**રડે વને એ દુઃખથી, સૂણી એક સજ્જન -**
**આવ્યો, જાણી સર્વ એ તોડી નેત્રબંધન.**
**પૂછી એના દેશનું નામ નિશાન એહ,**
**સૂણી, દિગ્દર્શન કરી દેશ બતાવે તેહ.**
**આવ્યો પેલો પૂછતો ગ્રહી માર્ગ એ ઘેર,**
**તેમ સાધક જાણ તું, થતાં ગુરુની મ્હેર.**



**તાપત્રયથી ત્રાસીને રડે મુમુક્ષુ એમ;**
**સૂણી સદ્‌ગુરુ મ્હેરથી દોડે પાસે તેમ.**
**તોડી માયાપટલ એ સ્વદેશમાર્ગે જાણ,**
**પ્રેરે ભયસ્થાનો કહી, આપી આશિષ માન.**
**સાવધ એ રસ્તે જતાં, ગુરુકૃપાથી એમ,**
**ના ભૂલે મુમુક્ષુ એ, આવે નિજ ઘર તેમ.**
**માર્ગદર્શક શ્રીગુરુ, આપે સત્વર જ્ઞાન,**
**જ્ઞાને બ્રહ્મે તત્ક્ષણે ભળે જીવ નિર્માન.** (અ.૧૭.દો.૩૮થી૪૬)

ગુરુ શું કરે ? ગુરુ ભ્રમણા દૂર કરે. સાચી દૃષ્ટિ આપે. સાધક સાચું વિચારતો થાય, મોહ દૂર થાય એટલે એને જે વાતનું દુઃખ થતું હતું તે હવે નહિ થાય. દોલત લૂંટાઈ ગઈનું દુઃખ જતું રહે કારણ કે એને સમજાય છે કે, દોલત તો મારા આંગણામાં જ પડેલી છે. કોઈ લૂંટી ગયું જ નથી. ગીતામાં પણ છેલ્લે અર્જુન ભગવાનને કહે છે કે :

**નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।**
**સ્થિતોઽસિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ ॥** (અ.૧૮.શ્લોક-૭૩)

હે અચ્યુત ! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થયો છે અને મેં સ્મૃતિ મેળવી લીધી છે. હવે હું સંશય વિનાનો થયો છું અને તેથી આપ કહેશો તેમ કરીશ.

આમ, ભ્રમ-મોહ સદ્‌ગુરુની કૃપાથી જ દૂર થાય. સદ્‌ગુરુના ઈશારે-ઈશારે-સાધક સાચા રસ્તે ચાલવા માંડે અને આત્મધનની પ્રાપ્તિ કરે. ખરેખર ! તો આત્મધન પ્રાપ્ત પણ કરવાનું નથી, પરંતુ આપણામાં રહેલા આત્મધનનું જે અજ્ઞાન છે, તે દૂર કરી તેની જાણકારી મેળવવાની છે. સદ્‌ગુરુની કૃપા થાય ત્યારે મુમુક્ષુને ખબર પડે કે દોલત તો આંગણામાં જ છે.

ઉપનિષદમાં એક વાત આવે છે, જે આ સ્થિતિને સારી રીતે સમજાવે છે. એક ગામમાંથી દશ વ્યક્તિ બીજે ગામ જવા નીકળ્યા. વચમાં નદી આવી. બધા નદી પાર કરીને સામે કિનારે પહોંચ્યા. પછી વિચાર આવ્યો કે, ભાઈ ! અંદર કોઈ ડૂબી ગયો તો નથીને ? બધાને સામે ઊભા રાખ્યા અને ગણવા માંડયું તો સામે તો નવ જ ઊભેલા

હતાં. એટલે એક જણ ડૂબ્યો એ નક્કી થયું અને બધા રડવા લાગ્યા. એક સજ્જન ત્યાંથી પસાર થતા હતાં. એણે રડવાનું કારણ પૂછ્યું તો વડીલે વાત કરી. પેલા સજ્જને કહ્યું કે, ફરી પાછા ગણો. ફરી ગણ્યા તો નવ જ થયા. એટલે સજ્જને કહ્યું કે, તમારી જાતને પણ ગણો. એ દસમો તું છે.

વડીલે બધાને ઊભા રાખીને ગણતરી કરી બતાવી તો દસ જણ ઊભા હતા. આમ સામે ઊભેલાને ગણ્યા પછી 'દસમો હું' એ સમજણ ગુરુ આપે છે.

'તત્ત્વમસિ' મહાવાક્યનું મહત્ત્વ જ એ છે કે, જેણે અનુભવ કર્યો છે એવો ગુરુ, જેણે અનુભવ નથી કર્યો એવા શિષ્યને સમજાવે કે, તે પરબ્રહ્મ (તત્) તું (ત્વમ્) છે (અસિ). અહીં 'અસિ' પદ ખૂબ મહત્ત્વનું છે. તે તું છે નો અર્થ એ જ કે તારે પરબ્રહ્મ થવાનું નથી, તું પરબ્રહ્મ જ છે પણ અજ્ઞાનને કારણે, અવિદ્યાને કારણે તું તારી જાતને પામર માને છે. આમ, ગુરુ મોહનો પડદો દૂર કરે છે. પૂ.બાપજીના પ્રભાતિયાની પંક્તિથી ચર્ચાનું સમાપન કરીએ.

**મસ્ત કો ભેદીઓ, આપ પર વેદીઓ,**
**જાણતો દસ્ત જો રંગ પકડે;**
**મોહઘૂંઘટ ખરે, શોક શંકા ટળે,**
**શાન્તિ સુખ પ્રજ્જવળે આપ મેળે.**

❖❖❖

## ભજન (૩૮)
## જાગીને મેં તો જોયું રે

**(એક શબ્દની કટારી રે- એ એકતારાની ધૂન)**

**જાગીને મેં તો જોયું રે, અચરજ મોટું, શૂન્યમાં;**
**રહ્યું જોવાનું બીજું ન કાંઇ. ...ટેક.**

**જોનારે જૂઠો જાણ્યો રે, જાણી ભૂલ્યો આપથી;**
**દોડે જોવાને આપે આપ! ...જાગીને૦ ૧.**



**અગ્નિનો તણખો ઊડ્યો રે, બાળે વનને, ક્ષણમાં;**
**કેમ બાળે એ આગને આગ? ...જાગીને૦ ૨.**

**પાણીનો વહેળો ચાલ્યો રે, ભીંજી ધરતી, ધારથી;**
**કેમ ભીંજાવે આપને આપ? ...જાગીને૦ ૩.**

**જોઇને અંતે થાકી રે, આંખલડી ઘેલી, ચોદિશે;**
**કેમ જુએ પોતાનું એ રૂપ? ...જાગીને૦ ૪.**

**ચાટલડે છાયા જોઇ રે, સદ્‌ગુરુસાને, ઓળખી;**
**રહ્યો મૂંગો વિલોકી તૂત! ...જાગીને૦ ૫.**

**બોલું તો મુખડું લાજે રે, ખોટા શબ્દે, કાલના;**
**બધું ધોળા પર કાળું હરામ! ...જાગીને૦ ૬.**

**અંધારે લોક ન દેખે રે, તોએ ઊભો, આપથી;**
**આદિઅંતમાં રંગ અભંગ!! ...જાગીને૦ ૭.**

❖❖❖

## અર્થ

જાગીને મેં શૂન્યમાં મોટું અચરજ જોયું. હવે બીજું કશું જોવાનું બાકી રહ્યું નથી. જોનારે જે જોયું અને જાણ્યું તે જૂઠું જાણ્યું. એ જાણીને પોતાની જાતને જ ભૂલી ગયો. પોતે પોતાને જોવા દોડે છે.

વનમાં અગ્નિનો તણખો ઊડ્યો તો એણે ક્ષણમાં વનને બાળી નાંખ્યું છે, પરંતુ અગ્નિ અગ્નિને કેવી રીતે બાળે ?

પાણીનો વહેળો-મોટું ઝરણું-વહેતું વહેતું ચાલ્યું તો એના પાણીની ધારથી ધરતી ભીંજાઈ ગઈ. પરંતુ પાણી પાણીને કેવી રીતે ભીંજવે ?

ઘેલી આંખલડી ચારે દિશામાં જોઈ જોઈને છેવટે થાકી ગઈ. એ પોતે પોતાનું રૂપ કેવી રીતે જુએ ?

સદ્‌ગુરુના ઈશારે દર્પણમાં પોતાનું પ્રતિબિંબ-છાયા જોઈ અને એને ઓળખી. એ તૂતને (જૂઠું તરકટ) જોઈને એ મૂગો રહ્યો.

એનું વર્ણન કરવા જતાં શરમ આવે એવું છે. બધું મિથ્યા છે. અંધારામાં લોકો જોઈ શકતા નથી, તો પણ ઊભો છે. પરંતુ એ આત્મા આદિ-અંતમાં અભંગ છે.

❖❖❖

# વિવરણ

આ ભજનમાં યોગીની સમાધિ દશાનું વર્ણન છે. જાગીને જોયું એટલે જ્ઞાન થતાં, જ્ઞાનદૃષ્ટિથી જોયું. મોહ એટલે ઊંઘવું. જ્ઞાન એટલે જાગવું. મોહરૂપી રાત્રીમાં અજ્ઞાનરૂપી નિદ્રા લેતા જીવને શાસ્ત્રો અને સંતો જગાડે છે. જ્ઞાનરૂપી જાગૃતિને વરવાનું કહે છે. પૂ.બાપજી પ્રભાતિયામાં લખે છે :

**ઊઠ જાગ્રત થઈ સ્વપ્ન સુખ પરિહરિ,**
**સદ્‌ગુરુપદગ્રહી જાણ રંગા.**
**મોહનિદ્રા ત્યજી જ્ઞાનજાગૃતિ વરી,**
**આત્મધન સંગ્રહી ભવ ભંગા... એક અક્ષર.**

'શૂન્યમાં' મોટું અચરજ જોયું. આ શૂન્ય એ યોગમાર્ગમાં ત્રિકુટીની ઉપર સૂરતી ચઢવા માંડે છે ત્યારનો દશ્યના વિલયરૂપ અંધકારમય પ્રદેશ છે. એને યોગીઓ સૂન કે શૂન્ય સંજ્ઞાથી પિછાને છે અને આ સૂન-શૂન્ય પછીનો-ઉપરનો દશ્યના આત્યંતિક વિલયરૂપ અત્યંત અંધકારમય પ્રદેશને મહાસૂન કહે છે.

આ શૂન્યમાં યોગીપુરુષ આત્મદર્શન કરે છે. પૂ.બાપજી પ્રભાતિયામાં લખે છે કે :

**પંગુ દોડે ઘણું દોડતા પાંગળા, સૂરિજનો શૂન્યમાં આપ પેખે.**

આમ, 'શૂન્ય' અવસ્થા એ ખૂબ મહત્ત્વની અવસ્થા છે. અવધૂતી આનંદના ઘણા ભજનોમાં એનો ઉલ્લેખ પૂ.બાપજીએ કર્યો છે.

- **રસ શૂન્ય અમર રસ દે મા ઓ**
  **જેથી વિષયે ન રમે કુમતિ... ભિક્ષા ૐ દે.**
- **શૂન્યમાં સહુ મળ્યું, આપ અળગું રહ્યું,**
  **શૂન્ય સાક્ષી લહ્યું આપ આપે... આજ આનંદનું.**
- **શૂન્ય શિખર પર ચઢી નિહાળ્યો, વીજળીનો ચમકાર,**
  **સખી, મેં વીજળીનો ચમકાર.**
- **શૂન્ય શહરમેં ભીખ માગ કર, નિજાનંદ રસ પાના... કહાં જાના નિરબાના.**
- **જ્ઞાનોચ્છિષ્ટે ભરી પેટડી, શૂન્ય સુધા જલ પાન... હું ભિખારી ભિખારી**
- **સખી થર્સડે તે થાણું વટાવ્યું રે,**
  **સૂન-મહાસૂન હાટ હટાવ્યું રે,**
  **દિલ ચોંકી ઊઠ્યું એકદમ... દિલ લાગી.**
- **જાપ અજંપા પિયુ પિયુ જપતી સાજની,**
  **આવી પહોંચી સૂન મહામેદાન જો... સૂણ સહિયર.**
- **શ્રદ્ધા સીડી રે, જો ચઢે, શૂન્ય માનસર ન્હાય**
  **મુક્તા ભાખે રે, હંસલા, વાયસ વિષ્ટા ખાય... પશ્ચિમ.**
- **સ્વપદે સર્વ દિસે, મહાશૂન્યે, સર્વે સ્વપદે એક... જ્યાં ત્યાં ભરિયો.**
- **રંગ-બિરંગી લોગ જહાંકે, કાહે કોઉકો કહના ?**
  **શૂન્ય સમજ કર મસ્ત નશેમેં સાક્ષી હોકર રહેના... બન જા દિવાના.**
- **શૂન્ય સમુંદર સૂરતનાવસે, ધ્યાન ધરે જબ ધ્રુવકા... જીવન દો દિનકા.**
- **સુધામૃત શૂન્યનું ચાખ્યું, અગર દીધું ન વા તો શું ?... હમો ચંગા.**

આ યોગસાધના વિશે **પૂ.સ્વામી શિવાનંદજી કહે છે કે, સમાધિમાં યોગીને કાંઈ દેખાતું નથી કે કાંઈ સંભળાતું નથી. શારીરિક કે માનસિક ચેતના કે સ્મૃતિ રહેતી નથી. કેવળ આત્મિક ચેતના રહે છે. કેવળ અસ્તિત્વ (સત્) જ રહે છે. જે તમારું સાચું સ્વરૂપ છે.**

જ્યારે મન બ્રહ્મમાં એકાકાર થઈ જાય છે, ત્યારે પ્રતિબિંબિત ચૈતન્ય (ચિદાભાસ) પણ અદશ્ય થઈ જાય છે, સરોવરનું પાણી સૂકાઈ જતાં સૂર્યનું પ્રતિબિંબ અદશ્ય થઈ જાય તેમ.

યોગી ફેંફસામાં ચાલતા પ્રાણ અને ગુદામાં ચાલતા અપાનને, જાલંધર, મૂળ અને ઉડ્ડિયન બંધની યૌગિક ક્રિયાથી ભેગા કરે છે. એકત્રિત થયેલા આ પ્રાણ-અપાનને કરોડરજ્જુમાં આવેલી સુષુમ્ણા નાડીમાં લઈ જાય છે, પરંતુ પ્રાણ-અપાનને સુષુમ્ણામાં લઈ જતા પહેલાં મૂળાધાર ચક્રમાં ઊંધું માથું કરીને સાડા ત્રણ આંટા મારીને સૂતેલી કુંડલિની શક્તિને જગાડવામાં આવે છે. પછી તે ફૂંફાડા મારીને ખસે છે એટલે સુષુમ્ણા-

નાડી ખુલ્લી થાય છે અને ત્યાંથી કુંડલિની શક્તિ, મન અને પ્રાણ સહિત ઉપર ચઢે છે. આ ત્રણે ઉપર ચઢે ત્યારે કુંડલિની શક્તિ મૂળાધાર ચક્રમાં આવેલી બ્રહ્મગ્રંથિ, મણિપુર ચક્રમાં આવેલી વિષ્ણુગ્રંથિ અને આજ્ઞાચક્રમાં આવેલી રુદ્રગ્રંથિનું ભેદન કરે છે. આમ, છ (ષટ્) ચક્રોનું અને ત્રણ ગ્રંથિનું ભેદન કરી કુંડલિની પાણ અને મન સહિત સહસ્રદળમાં પહોંચે છે. આજ્ઞાચક્રથી શરૂ કરીને સહસ્રાર-બ્રહ્મરંધ્ર સુધીનો વિકટ માર્ગ સૂન કે શૂન્ય અને મહાસૂન તરીકે ઓળખાય છે. પછી સવિકલ્પ સમાધિ અને અંતે નિર્વિકલ્પ સમાધિની અવસ્થા આવે છે.

પ્રાણનું ઉત્થાન થવું અને કુંડલિનીનું જાગ્રત થવું એ બે અટપટા પ્રશ્નો ઊભા કરે છે અને સાધકને પહેલા ગભરાવે છે અને પછી લલચાવે છે. એટલે જ સદ્‌ગુરુનું માર્ગદર્શન અને સદ્‌ગુરુની કૃપા અનિવાર્ય છે. સદ્‌ગુરુ વિના કુંડલિનીના પ્રશ્નોનો સામનો કરવો અશક્ય છે. સમાધિમાં થતા અનુભવોનું વર્ણન કરવું શક્ય નથી. આ અનુભવવાની વસ્તુ છે, વર્ણવવાની વસ્તુ નથી.

પૂ.રાજર્ષિ મુની લખે છે કે, કુંલડિનીની ઉર્ધ્વગતિ સાથે યોગીની માનસિક શક્તિઓ અને ચેતનાનો વિકાસ થાય છે. જ્યારે એ છઠ્ઠા ચક્રનો-આજ્ઞા ચક્રનો વિકાસ કરે છે ત્યારે કુંડલિની દિવ્ય તણખાવના રૂપમાંથી પૂર્ણ દિવ્ય જ્યોતિ સ્વરૂપે વિકસે છે. એ યોગીનું સ્વરૂપ કે આભા છે. જ્યોતિ જ્યારે સહસ્રાર ચક્રમાં વધુ ઉપર પહોંચે છે ત્યારે એ ચક્રની હજાર પાંખડીઓ વિકસે છે અને આત્મજ્યોતિ ત્યાં બિરાજેલા બ્રહ્મતત્ત્વમાં વિલીન થાય છે. પછી યોગી બધે આત્મસ્વરૂપે વિલસે છે. આવી સમાધિની સ્થિતિનું વર્ણન પૂ.બાપજીએ આ ભજનમાં કર્યું છે.

❖❖❖

## ભજન (૩૯)

## વહાંકી બાત ન્યારી હૈ

**(રામરસ ઐસો હૈ - એ એકતારાની ધૂન)**

**વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઇ;**
**જો જાને સો મૂક હો જાવે! .ટેક.**
**બોલે જો કદિ ઐસોહિ સમજે, અવર ન બૂઝે કાંઇ;**
**ગૂંગાને જ્યોં ઘેબર ખાઇ, [1]ડકારમાત્ર દિખાઇ. .વહાંકી૦ ૧.**



**[2]વીચિ સમુંદર ઊઠે પલમેં, આપ સમુંદર હોઇ;**
**કૌન કહે જો બીતી વાકો? હોનેસે સમુઝાઇ. .વહાંકી૦ ૨.**
**ઘાયલકી ગત ભીરુ ન જાને? જાને ઘાયલ કોઇ;**
**[3]વંઝા પ્રસવગતિ ક્યા જાને? બોલત હાંસી આઇ!! .વહાંકી૦ ૩.**
**રુપૈયામેં કઇ પૈસા પાઇ, પાઇ રુપૈયા ન હોઇ;**
**સાત રંગ સુરધનુ ચમકાઇ, રંગ ધનુષ ન ભાઇ! .વહાંકી૦ ૪.**

૧. ઓડકાર. ૨. તરંગ; મોજું. ૩. વંધ્યા.

❖❖❖

## અર્થ

હે મારા ભાઈ ! ત્યાંની વાત અલૌકિક છે, ન્યારી છે. જે જાણે તે મૂગો થઈ જાય છે. (વર્ણન કરી શકતો નથી.)

એ કદાચ કંઈ બોલે તો એ પોતે સત્ય સમજે છે પણ બીજાને ખબર પડતી નથી. ગૂંગો ઘેબર ખાય તો એનો આનંદ કેવળ ઓડકાર ખાઈને જ પ્રદર્શિત કરી શકે.

સમુદ્રમાં પલવારમાં મોજું ઊઠે છે અને એ મોજું પાછું સમુંદરમાં ભળી જઈને સમુદ્ર બની જાય છે. જેણે અનુભવ્યું છે તેનું વર્ણન કોણ કરી શકે ? આ તો અનુભવે જ સમજાય એવું છે.

ઘવાયેલાની દશા બીકણ માણસ જાણતો નથી. એ તો કોઈ ઘાયલ જ જાણી શકે. (ઘાયલ કી ગત ઘાયલ જાને, ઔર ન જાને કોઈ) વંધ્યા સ્ત્રીને પ્રસવ વેદનાનો શો ખ્યાલ આવે ? એ વર્ણન કરવાનો પ્રયત્ન કરે તો મશ્કરી થાય.

રૂપિયામાં પૈસા (૬૪ પૈસા) અને પાઈ (૧૯૨) રહેલાં છે, પરંતુ પાઈ કે પૈસો રૂપિયો થઈ શકે નહિ. સાત રંગનું મેઘધનુષ બને છે, પરંતુ વ્યક્તિગત રંગ એ મેઘધનુષ કહેવાતો નથી.

❖❖❖

# વિવરણ

"વહાંકી બાત", "ત્યાંની વાત" એટલે ક્યાંની વાત ? યોગી નિર્વિકલ્પ સમાધિ અવસ્થા અનુભવે છે એ અવસ્થાની વાત-પરમાત્માના દર્શનની વાત-ન્યારી છે. યોગીની જ્ઞાન અવસ્થાનું વર્ણન વાણીથી કરવું કઠિન છે. જન્મથી આંધળો હોય તેની આગળ જુદા જુદા રંગોની વાત કરીએ તો એમાં એને શું ગમ પડે ? જન્મથી જ બહેરો હોય તેને ભૈરવી, ભીમપલાસી કે બાગેશ્રીના સૂર સંભળાવીએ તો એને શું રસ પડે ? આ જ્ઞાનની અવસ્થા અનુભવવાની છે, એનું વર્ણન સાંભળવાનો કોઈ અર્થ નથી.

પૂ.શિવાનંદ સ્વામી જ્ઞાન અવસ્થા અંગે કહે છે કે, આ એક એવી અતિ અતિ ઊંચી ભૂમિકા છે જ્યાં સર્વ તત્ત્વો આપોઆપ જ શમી જાય છે અને આકાશના મહાસાગરની જેમ ચિદાકાશ એકલું જ કેવળ આપોઆપ પ્રકાશ્યા કરે છે. એ શુદ્ધ જ્ઞાનની એવી સ્થિતિ છે, જે કુદરતી સુંદર દશ્યોને પણ ટપી જાય છે. પૃથ્વી ઉપર દેખાતા સુંદર સાગર, પહાડ, જંગલો એ તો માયાના સંતાનો છે. એ બધા માયાવી દશ્યો આપણી આંખ સામે પડદો પાડી આપણને આત્માનું સૌંદર્ય જોતાં રોકે છે. પક્ષીઓનું મધુર સંગીત પ્રણવ ધ્વનિ-ૐકારનો નાદ - સાંભળવામાં વિક્ષેપ કરે છે.

એ નિર્વાણ સ્થિતિ-નિર્વિકલ્પ સમાધિ એ સર્વથી પર એવી જ્ઞાનાવસ્થા છે. આ જ્ઞાનાવસ્થામાં મન નાશ પામ્યું હોય છે. મન બ્રહ્મ અથવા આત્મામાં લીન થઈ જાય છે. જીવ આત્મા સાથે અભેદ અનુભવે છે. જ્ઞાનમાં પૂર્વ-પશ્ચિમ, ઉદય-અસ્ત, વધારો-ઘટાડો, ઊઠવું-બેસવું, જન્મ-મરણ, જાગ્રત-સ્વપ્ન, અજવાળું-અંધારું, વિચાર કે જાણ કશું જ હોતું નથી. કર્તા, કર્મ અને કરણ એ ત્રણે જ્ઞાનીના આત્મામાં એકરૂપ પ્રકાશવા માંડે છે. એ કેવળ અદ્‌ભૂત ઉચ્ચ અવસ્થા છે. ત્યાં વાણી પણ વિરમી જાય છે. માણસ અવાક્ બની જાય છે અને એ સ્થિતિનું શબ્દોમાં વર્ણન થઈ શકતું નથી.

આ જ્ઞાનાવસ્થા-નિર્વિકલ્પ સમાધિ વિશે પૂ.પ્રકાશાનંદજી ધર્મજ્યોતિમાં કહે છે કે :

**નિર્વિકારતયા વૃત્ત્યા બ્રહ્માકારતયા પુનઃ ।**
**વૃત્તિવિસ્મરણં સમ્યક્ સમાધિર્જ્ઞાનસંજ્ઞકઃ ॥**

અર્થાત્ નિર્વિકાર અને બ્રહ્માકાર વૃત્તિ વડે અનાત્મવૃત્તિનું વિસ્મરણ થવું તેને જ્ઞાન



નામની ઉત્તમ સમાધિ કહે છે. આ સમાધિ જ્ઞાનનું સાધન હોવાથી જ્ઞાનસંજ્ઞક કહેવાય છે.

નિર્વિકલ્પ સમાધિ બે પ્રકારની છે : (૧) અદ્વૈત ભાવનારૂપ (૨) અદ્વૈતાવસ્થાન રૂપ. (૧) અદ્વૈત ભાવનારૂપ નિર્વિકલ્પ સમાધિમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટીનો અભાવ છે-નાશ પામી છે છતાં વૃત્તિ બ્રહ્માકાર છે. (૨) ભાવનારૂપ વૃત્તિ જ્યારે સ્વરૂપમાં લય પામે ત્યારે તેને અદ્વૈતાવસ્થાન નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે. અંતઃકરણ વૃત્તિશૂન્ય નહિ થાય ત્યાં સુધી મૃત્યુનો ભય રહે છે. નિર્વિકલ્પ સમાધિથી બ્રહ્મતત્ત્વનો અપરોક્ષ અનુભવ થાય છે.

હવે ભજન સમજવાનો પ્રયત્ન કરીએ. યોગીની આ જ્ઞાનાવસ્થાની વાત ન્યારી છે. જે આ અવસ્થાને અનુભવે છે તે મૂંગો થઈ જાય છે. આ અનુભવ વાણીથી પર છે. મનનો નાશ થયો હોવાથી કર્મેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય કામ કરતી નથી. ઈન્દ્રિયો પાસેથી કામ લેનાર મન છે. જ્ઞાનાવસ્થાનો અનુભવ કરનારની સ્થિતિ ઘેબર ખાનારા ગૂંગા જેવી છે. ગૂંગાને ઘેબર ખૂબ ભાવી. પેટ ભરીને ખાધી, પરંતુ એ ઘેબરનો આનંદ કહી શકતો નથી. એને ઓડકાર આવે ત્યારે એ સંતોષનો ખ્યાલ આવે છે કારણ કે ઓડકાર એ તૃપ્તિનો અનુભવ છે.

આ જ્ઞાનાવસ્થામાં વ્યષ્ટિમાં રહેલો આત્મા પરમાત્મામાં એકરૂપ થઈ જાય છે. બે વચ્ચેના ભેદનો ભ્રમ તૂટી જાય છે. સમુદ્રમાંથી જ મોજું ઊઠે છે. એ મોજું સમુદ્રનું જ છે પરંતુ એનાથી જુદું દેખાય છે. થોડીવાર રહીને એ મોજું ભાંગી જાય છે અને પાછું સમુદ્રરૂપ બની જાય છે. સમુદ્રમાંથી ઉઠેલું મોજું સમુદ્રથી જુદું દેખાય છે, પણ જુદું હોતું નથી.

પરંતુ આ અવસ્થામાંથી પસાર થનારે સાધનાની મુશ્કેલીઓનો સામનો કરીને જે અનુભવ કર્યો - જે આનંદાવસ્થા માણી તેનું વર્ણન ક્યાં કરે ? આ તો અનુભવથી સમજાય એવી વસ્તુ છે.ઘાયલની દશા જાણવા તો વ્યક્તિએ જાતે ઘાયલ થવું પડે છે. ઘાયલ હોય તો ઘાયલની દશા-હાલત જાણી શકે. પ્રસવની વેદનાનું વર્ણન સાંભળવું હોય તો પણ વંધ્યા સ્ત્રીને પ્રસવ વેદનાનો અનુભવ નથી, તેથી એને એનો ખ્યાલ નથી. જેને અનુભવ નથી તેવી વ્યક્તિ એ પરિસ્થિતિ વિશે વાત કરે તો તે મશ્કરીને પાત્ર ઠરે છે. જેણે અનુભવ્યું છે તે મૂગો છે અને બોલે છે તેણે અનુભવ નથી કર્યો એવું સમજવું.

વરસાદની ઋતુમાં આકાશમાં મેઘધનુષ દેખાય છે. આ મેઘધનુષ એ સૂર્યના એક

સફેદ કિરણનું સાત રંગમાં થયેલું પરિવર્તન છે. આ કુદરતની કરામત છે. મૂળ રંગ તો એક જ છે, અને તે છે સફેદ. આ સાત રંગોને આપણે સાથે રજૂ કરીએ તો એ મેઘધનુષ-ઈન્દ્રધનુષ થતું નથી. મેઘધનુષ શું છે એ સમજવા માટે તો વરસાદની ઋતુની રાહ જોવી પડે, વરસાદ આવે અને પછી બંધ થાય તેની રાહ જોવી પડે અને પછી વાદળામાં મેઘધનુષ પ્રગટે ત્યારે તેનો આનંદ અનુભવી શકાય. એ જ રીતે વિશ્વ પરમાત્મામય છે એનો અનુભવ જ કરવો રહ્યો.

પૈસો, પાઈ એ રૂપિયાનો અંશ છે, રૂપિયાનો ભાગ છે. પરંતુ રૂપિયો તો નથી જ તેમ જીવ એ પરમાત્માનો અંશ છે અને જ્યાં સુધી જીવભાવ છે ત્યાં સુધી પરમાત્માથી ભિન્ન છે. આ ભિન્નતા દૂર કરવા જ યોગસાધના જરૂરી છે. એ ભેદભાવ ભિન્નતા દૂર થાય એ અવસ્થાની વાત ન્યારી છે. એ અનુભવ્યે જ સમજાય.

❖❖❖

## ભજન (૪૦)

## તં... તનનન વાગે અજાયબ તંબૂરો

**(રાગઃકાલિંગડા; તાલઃદાદરા)**

**(રામ રામ રે ગયા જીવને રડતા નથી - એ એકતારાની ધૂન)**

**તં...તનનન વાગે અજાયબ તંબૂરો. ...ટેક.**

**સૂર લાગે અતિશે એનો મીઠો;**
**જોટો ક્યાંએ ન એનો મેં દીઠો રે. તં...તનનન૦ ૧.**

**જાણે કોયલ ટહૂકી અકાળે;**
**સુણી ચૌદ બ્રહ્માંડો ડોલે રે. તં...તનનન૦ ૨.**

**તાંબા રૂપાના બેઉ તાર રાજે;**
**વચ્ચે સોનાનો ઘમઘમ ગાજે રે. તં...તનનન૦ ૩.**

**છએ ખૂંટી સોહામણી શોભે;**
**દેખી સપ્તમ અક્કલ થોભે રે. તં...તનનન૦ ૪.**

**દાંડો નીચો ને તુંબી એની ઉપર;**
**ગુરુકૃપાથી હાથ લાગે કળ રે. તં...તનનન૦ ૫.**



**કાન ફોડીને જે કો સુણે છે;**
**રંગ નાદ અનાહત ધૂણે છે રે! તં...તનનન૦ ૬.**

❖❖❖

## અર્થ

અજાયબ તંબૂરો તં... તનનન એમ વાગી રહ્યો છે.

એનો એ અવાજ ખૂબ જ મીઠો લાગે છે. એના જેવો બીજો અવાજ - એનો જોટો- ક્યાંય જોયો નથી.

કવખતે-કસમયે કોયલે ટહૂકો કર્યો એવું લાગે. એ સાંભળીને ચૌદે બ્રહ્માંડ ડોલે છે.

તાંબાનો અને રૂપાનો એવા બંને તાર શોભી રહ્યા છે. એ બેની વચ્ચે સોનાનો તાર ઘમ ઘમ અવાજથી ગાજે છે.

એની છએ ખૂંટી સોહામણી-સુંદર છે અને શોભી રહી છે. એ જોઈને સાતમી ખૂંટીની શોભા તો અક્કલથી ન વર્ણવી શકાય એવી છે.

આ તંબૂરામાં દાંડો નીચે છે ને એની તુંબી ઉપર છે.

ગુરુની કૃપા હોય તો એની કળ હાથમાં આવે છે - એ તંબૂરો કેમ વગાડવો એની સૂઝ પડે છે.

જે કો કાનને અંતર્મુખ કરીને સાંભળે છે તે અનાહત નાદનો આનંદ માણી મસ્તીમાં ડોલે છે.

❖❖❖

## વિવરણ

આ શરીરને તંબૂરાનું રૂપક આપવામાં આવ્યું છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે કે :

**તનકા તંબૂર મનકી માલા શ્વાસા બીન સુહાના,**
**સાંજ સબેર સુમર લે સાંઈ, રહે ન જીના મરના... પ્યારે ! ભજ લે.**

**પાપીગણુના એક ભજનના શબ્દો છે :**

**તન તંબૂરો મન મંજીરા મારા ગરીબનો એ સાજ,**

**આવાહન કરું છું, આવજો શ્રીસદ્ગુરુ મહારાજ.**

આ ભજનમાં સૌ પ્રથમ પૂ.શ્રી આ શરીરરૂપી તંબૂરાને અજાયબ તંબૂરો કહે છે. આ તંબૂરો આશ્ચર્ય પમાડે એવો તંબૂરો છે્ને વળી એનો જોટો પણ જડે એવો નથી, એ અદ્વિતીય, અજોડ એવો તંબૂરો છે. એનો અવાજ નીકળતો સૂર - અતિશય મીઠો છે.

આપણા શરીરમાંથી એવો કેવો અવાજ નીકળે છે ? આપણને તો સંભળાતો પણ નથી. આપણા શરીરમાંના **'અનાહત નાદ'**નો ઉલ્લેખ પૂ.બાપજી છેલ્લી પંક્તિમાં કરે છે.

''તું હું-તું હું કોયલડી પોકાર'' ભજનમાં પૂ.બાપજી છેક છેલ્લે એ કોયલ કોણ છે તેની સ્પષ્ટતા કરતા કહે છે : ''શ્વાસા કોયલનો ગેબી તે ટહૂકો.''

આ તંબૂરો એ દૃષ્ટિએ અજોડ છે કે, બીજા બધાં વાજિંત્રોમાં તો એક વસ્તુ પર બીજી વસ્તુ અથડાય ( (આહત) ત્યારે અવાજ આવે-સૂર નીકળે, જ્યારે આ શરીરરૂપી તંબૂરામાં તો કોઈ વસ્તુ કોઈ વસ્તુ સાથે અથડાતી નથી છતાં અવાજ-નીકળે છે. એને અનાહત નાદ કહે છે. આપણા શરીરમાં આવા દશવિધ-દશ પ્રકારના નાદ થાય છે. પરંતુ એ સાંભળવા માટે આપણા આ કાન કામમાં આવતા નથી. યોગીપુરુષ યોગ સાધીને આ દશવિધ નાદ સાંભળે છે.

પૂ.બાપજી આ અનાહતનાદનો ઉલ્લેખ ઘણા ભજનોમાં કરે છે.

- અટપટ દેશ અતિશે સાધો, બજે **અનાહત ડંકા**
  સદ્ગુરુ શરણ બિના નવ જાને, હો રાજા હો રંકા... જીવન દો દિનકા.
- ગાજે અતિશે ઘેરો, **અંતરનાદ** અનેરો,
  સૂણે કો નાથ ચેરો, દાસાનુદાસ તેરો.
- અષ્ટ નાયિકા નિરત કરે વહાં, બાજત નૈપૂર તાર;
  **કાન ફેર** કર સુને સુભાગી, **ઘનન તાલ ઘડયાલ...** અંદર ગોતા.
- બિના તેલ જલે જહાં જ્યોતિ ઝગમગ દિવસા રૈનાં,
  આઠો જામ બજે **સુરબાજા,** રંગ અરંગી જાના... સદા ભજો.
- **કાન બંધ કર સૂણે** વિરલો, તે સચ્ચિત્સુખ ભોગીજી... દેહ મંદિરમાં.



આપણા શરીરમાં દશ પ્રકારના નાદ થાય છે. એ નાદ આ પ્રમાણે છે :

(૧) ચિણી (૨) ચિંચિણી (૩) ઘંટનાદ (૪) શંખનાદ (૫) વીણાનાદ (૬) કાંસીજોડા નાદ (૭) વેણુ (બંસી) નાદ (૮) ભેરી નાદ (૯) મૃદંગનાદ (૧૦) મેઘનાદ. આ પૈકી મેઘનાદમાં જ યોગીએ રસ લેવો જોઈએ. એ પછી આત્મસાક્ષાત્કાર થાય છે.

આ દશવિધ નાદ સાંભળવા માટે કારમી યોગસાધના કરવી પડે છે. પૂ.રાજર્ષિ મુનિ એમના યોગાનુભૂતિ પુસ્તકમાં જણાવે છે કે ''તે પછી પ્રાણ આગળ ગતિ કરતો કરતો વિશુદ્ધાખ્ય ચક્રના પ્રદેશમાં પ્રવેશે છે ત્યારે પ્રાણ સ્વરયંત્ર પર દબાણ કરે છે અને 'અનાહત'નાદ આપમેળે ઉદ્ભવે છે. આ અનાહત નાદને સાંભળવાની યુક્તિ પૂ.બાપજી જણાવતાં લખે છે :

**''બંધ કરી અંગુષ્ઠથી કર્ણ યુક્તિથી જાણ;**
**નેત્ર તર્જનીથી વળી, નાસા તેજ પ્રમાણ.**
**મધ્યમાંગુલિથી કરી બંધ સુસાવધ એમ,**
**આનન અન્યાંગુલી થકી, વૃત્તિ એકાગ્ર તેમ.**
**દક્ષિણ કર્ણે જે ધ્વનિ પ્રગટે મંદ ગભીર,**
**સાંભળવો સ્થિર ચિત્તથી, નિત્ય નિયમથી ધીર.**(અ.૩૭.દો.૨૫થી૨૭)

આ દશવિધ નાદ મીઠો લાગે છે. કોયલ વસંત ઋતુમાં ટહૂકે ત્યારે વાતાવરણ એના ટહૂકાથી ભરાઈ જાય. માણસની યુવાની એ જીવનની વસંત છે અને એ યુવાનીમાં કોયલને ટહુકો કરતી કરી દેવાની છે. દશવિધનાદ તો વસંત ન હોય ત્યારે પણ થતા રહે છે. બ.ક. ઠાકોરનું એક કાવ્ય છે : ''મધ્યરાત્રિએ કોયલ.'' એટલે આ ભૌતિક દુનિયાની કોયલ પણ અકાળે ટહૂકી ઊઠતી હોય છે ત્યારે આ તો યોગીના શરીરમાં થતા દશવિધ નાદની વાત છે. એ દશવિધનાદની મીઠાશમાં-ઘેનમાં - ચૌદ બ્રહ્માંડો ડોલી ઊઠે છે. આત્મસાક્ષાત્કાર પહેલાંની આ પૂર્વ તૈયારીઓ છે અને આત્મદર્શનનો સમય એકદમ નજીક છે.

આ તંબૂરારૂપી શરીરમાં ઈડા, પિંગલા અને સુષુમ્ણા નામની ત્રણ એકદમ મહત્ત્વની નાડીઓ છે. નાડીઓ તો કુલે ૭૨૦૦૦ છે, પણ એમાંથી બાર નાડી મહત્ત્વની છે અને એ બાર પૈકી સૌથી મહત્ત્વની ત્રણ નાડી છે. ઈડા નાડીને ઈંગલા નાડી પણ કહે છે એને ચંદ્રનાડી પણ કહે છે. આ નાડી ડાબા નસકોરામાં રહેલી છે. એ ચંદ્રનાડી છે એટલે

પૂ.બાપજી એને રૂપાનો-સફેદ-તાર કહે છે. જમણા નસકોરામાં પિંગલા નાડી છે. એને સૂર્યનાડી પણ કહે છે. ઉગ્રકાર્યો સાધતી વખતે આ નાડીને સાધવી પડે છે. સૂર્યનાડી હોવાને કારણે પૂ.બાપજી એને તાંબાનો (લાલ)તાર કહે છે. સુષુમ્ણા એ ત્રીજી અને સૌથી મહત્ત્વની નાડી છે. એને જ સુખમણ નાડી પણ કહે છે. બધી નાડી **કંદમાંથી** નીકળે છે, પરંતુ સુષુમ્ણા નાડી કંદની નીચે આવેલા આધાર સ્થંભમાંથી નીકળી કંદને આરપાર વીંધી બ્રહ્મરંધ્રમાં જાય છે. આ નાડીના મૂળમાં જ કુંડલિની શક્તિ સૂતેલી પડી હોય છે. એ કુંડલિની શક્તિને જગાડવામાં જ યોગીના યોગની સફળતા છે. પછી જ સુષુમ્ણાનો માર્ગ ખૂલતો થાય છે અને પ્રાણ-અપાન તથા કુંડલિની ઉપર ચઢે છે અને છ ચક્રો તથા ત્રણ ગ્રંથિને ભેદીને બ્રહ્મરંધ્રમાં-સહસ્રારમાં-સહસ્રદલમાં પહોંચે છે. ઈડા, પિંગલા અને સુષુમ્ણાને અનુક્રમે ગંગા, જમુના અને સરસ્વતી પણ કહે છે.

આ ત્રણ નાડી ભ્રુકુટીમાં મળે છે. એ સ્થળને પ્રયાગ કે સંગમ તરીકે ઓળખવામાં આવે છે. સુષુમ્ણા નાડી જ આત્મદર્શન માટેની મહત્ત્વની નાડી છે. તેથી પૂ.બાપજી એને સોનાનો તાર કહે છે.

ઈડા નાડી કાર્યાન્વિત થવાથી એ જાતને અંતરમુખી બનાવે છે. જ્યારે પિંગલા નાડી કાર્યાન્વિત બનવાથી એ મનને બહિર્મુખી બનાવે છે. ઈડા નાડી શરીરમાં ઠંડક ઉત્પન્ન કરે છે. જ્યારે પિંગલા નાડી ગરમી ઉત્પન્ન કરે છે.

પુસ્તકમાં વાંચવામાં જે આનંદ આવે છે, તે જુદી વાત છે. બાકી હકીકતમાં આ કષ્ટસાધ્ય યૌગિક પ્રક્રિયા છે.

હવે પૂ.બાપજી તંબૂરાની ખૂંટીની વાત કરે છે. આ ખૂંટીથી તારને કઠણ કે ઢીલા કરી શકાય છે. આપણા શરીરના છ ચક્રો (ષટ્ચક્ર)ને પૂ.બાપજી છ ખૂંટી કહે છે. સહસ્રાર કે સહસ્રદળ કે બ્રહ્મરંધ્રને સાતમું ચક્ર કહીએ તો એ ખૂબ મહત્ત્વની ખૂંટી છે કારણ કે ત્યાં જ જીવ-શિવનું મિલન છે-આત્મદર્શન છે.

પૂ.રાજર્ષિ મુનિ એમના 'યોગદર્શિકા-સપ્તમ્' પુસ્તિકામાં લખે છે કે : યોગીઓએ સુષુમ્ણાના માર્ગમાં આવેલા સૂક્ષ્મસ્થાનોને ચક્રો કે પદ્મોની સંજ્ઞા આપી છે. એને ચક્ર કહીએ તો ચક્રની જેમ એમાં આરા હોવા જોઈએ અને પદ્મ-કમળ કહીએ તો એમાં પાંખડી-દલ હોવી જોઈએ. સામાન્ય રીતે મહત્ત્વના ચક્રો નીચે મુજબ છે.

**(૧) મૂલાધાર ચક્ર :** આને આધાર ચક્ર પણ કહેવામાં આવે છે. એ શરીરના સૌથી નીચેના ભાગે-ગુદા પાસે આવેલું છે. આ ચક્ર **ઉત્સર્જન ક્રિયા પર નિયંત્રણ ધરાવે છે.**



અહીં ગણપતિદાદાનો વાસ છે. પૂ.શ્રી ગુરુલીલામૃતમાં લખે છે : **"મૂલધારે તું વસે કરે મતિ પ્રકાશ."** (અ.૧.દો.૭)

**(૨) સ્વાધિષ્ઠાન ચક્ર :** આ ચક્ર ગુપ્તેન્દ્રિય (યોનિ/શિશ્ન) પાસે આવેલું છે. એનું સ્થાન **કંદ** છે. જેમાંથી ૭૨૦૦૦ નાડીઓ નીકળે છે. આ ચક્ર **કામવેગ ઉપર નિયંત્રણ** ધરાવે છે.

**(૩) મણિપુર ચક્ર :** આ ચક્ર નાભિપદ્મતરીકે પણ ઓળખાય છે. કારણ કે તે નાભિની સામે રહેલું છે. આ ચક્ર **પાચન કાર્ય પર** નિયંત્રણ ધરાવે છે.

**(૪) અનાહત ચક્ર :** આ ચક્ર હૃદયપદ્મ તરીકે પણ ઓળખાય છે. કારણ કે તે છાતીના સ્થાનમાં આવેલું છે. તે **ફેફસાંના કાર્યો પર** નિયંત્રણ ધરાવે છે.

**(૫) વિશુદ્ધ ચક્ર :** આ ચક્રને કંઠપદ્મ તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે તે કંઠના ભાગમાં આવેલું છે. આ ચક્ર **વાણી પર** નિયંત્રણ ધરાવે છે.

**(૬) આજ્ઞાચક્ર :** આ ચક્રને ભ્રૂકુટિચક્ર પણ કહેવામાં આવે છે કારણ કે એનું સ્થાન ભ્રમરોની પાસે છે. બે આંખની વચ્ચે આવેલી ભ્રૂકુટીમાં એનું સ્થાન છે. એ **શારીરિક અને માનસિક ક્રિયાઓ પર નિયંત્રણ** ધરાવે છે.

આ છ ચક્રોને પૂ.બાપજી છ ખૂંટી સાથે સરખાવે છે.

**(૭) સહસ્રાર ચક્ર :** આ ચક્ર સુષુમ્ણામાં સૌથી ઊંચે મગજના કોરટેક્ષ આવરણમાં આવેલું છે. એને મહાપદ્મ તરીકે પણ ઓળખવામાં આવે છે. જીવ-શિવનું મિલન-આત્મદર્શન આ ચક્રમાં થાય છે. એને બ્રહ્મરંધ્ર, સહસ્રદલ કે દશમ દ્વાર પણ કહેવામાં આવે છે. સૌથી મહત્ત્વનું ચક્ર આ છે. યોગી આ ચક્રમાંથી પોતાનું આત્મતેજ પરમતેજમાં વિલિન કરે છે અને તેથી પૂ.બાપજી કહે છે કે : **"દેખી સાતમ અક્કલ થોભે રે."**

આ માનવશરીરરૂપી તંબૂરો ચીલાચાલુ તંબૂરાથી એ રીતે જુદો પડે છે કે, ચીલાચાલુ તંબૂરામાં તુંબી નીચે હોય છે અને દાંડો ઉપર હોય છે. જ્યારે આ માનવ શરીરરૂપી તંબૂરામાં દાંડો નીચે છે અને તુંબી (માથું) ઉપર છે. આ તંબૂરાની કળ ગુરુકૃપાથી હાથમાં આવે છે.

પ્રાણોત્થાન, કુંડલિનીની જાગૃતિ, પ્રાણ, મન અને કુંડલિનીને સુષુમ્ણા નાડીમાં ઉપર લઈ જતાં જતાં ષટ્ચક્રનું અને ત્રણ ગ્રંથિ (બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ)નું ભેદન કરવા માટે ગુરુનું માર્ગદર્શન અને ગુરુની કૃપા અત્યંત જરૂરી છે. સદ્ગુરુનું શરણ અને

તેમણે આપેલા મંત્રના જાપથી જ આ યોગમાં સફળતા મળે છે. અવધૂતી આનંદના અનેક ભજનોમાં આ વાતોનો પૂ.બાપજીએ ઉલ્લેખ કરેલો છે :

- દેવ અગોચર વિરલો દેખે, દૃષ્ટા દૃશ્ય વિરામેજી,
  **સદ્ગુરુ સાન** સમજતાં અંદર રંગ અનુપમ જામેજી... દેહ મંદિરમાં.
  **ગુરુગમ** કુંચી દ્વાર બંધ છે, તાળું વિરલો ખોલેજી
  ધનદાટ્યું મંદિર શિખરે, પણ હાથ ન આવે કોર્યેજી... એક અગોચર.
- આઝાદ આત્મારામ હૈ, આનંદસાગર અટપટા,
  **નુગરા** પિછાને ક્યા ઉસે ? રંગ દેખ વહીં ડટા... જો આપકો.
- ભણતરની ના ચાલે બડાઈ, તર્ક વડાઈ થાકે,
  પોથાં-થોથાં કામ ન આવે, **ગુરુગમ મારગ ચતુર સુજાણ...** દુર્લભ મોંઘુ.

છેલ્લે પૂ.બાપજી કહે છે કે, જે કોઈ અંતર્મુખ બનીને યૌગિક ક્રિયા દ્વારા સદ્ગુરુના માર્ગદર્શન પ્રમાણે અને સદ્ગુરુની કૃપાથી આ અનાહત નાદ સાંભળે છે તે પોતાની મસ્તીમાં ડોલવા લાગે છે.

સ્નેહી શ્રી નવીનભાઈ પાઠક આ ભજનને સમજાવતાં લખે છે કે, આ ભજનની ખાસ ધ્યાનમાં ન આવે એવી ખૂબી એ છે કે, ભજનનો પહેલો શબ્દ છે : ''તં-તનનન'' અને છેલ્લો શબ્દ છે ''ધૂણે છે રે'', ભજનની શરૂઆત તંબૂરાના તારના ધૂણવાથી થાય છે અને ભજનની સમાપ્તિ યોગીના ધૂણવાથી થાય છે. શરૂઆત ધ્વનિના શાબ્દિકરણ-સગુણ ધ્રૂજારીથી થાય છે અને સમાપ્તિ ધ્વનિમાં વિલિનિકરણથી-નિર્ગુણ ધ્રુજારીથી થાય છે. આમ, જ્ઞાનની સત્યતાનાં પ્રકાશક ચિહ્નો એવા ષડ્લિંગ પૈકીનું પ્રથમ અને છેલ્લું લિંગ છે ઉપક્રમોપસંહાર. ઉપક્રમ એટલે શરૂઆત અને ઉપસંહાર એટલે સમાપ્તિ. જે વિષયથી શરૂઆત કરી હોય તે જ વિષયથી સમાપ્તિ થાય તો એ વિષયની એકવાક્યતા સાબિત કરી ગણાય.

**આ ભજનમાં પૂ.બાપજીએ બ્રહ્મની એકવાક્યતા દર્શાવી છે :**

આ તંબૂરાની અને શરીરની સરખામણી દ્વારા પૂ.બાપજીએ આપણને ભગવાને આપેલા તંબૂરાનો સદુપયોગ કરી, માનવજીવન સફળ બનાવવાનો રાહ ચિંધ્યો છે. પરંતુ તંબૂરો સરસ મઝાનો નાદ કરે તે માટે તાર, ખૂંટી, તુંબડું બધું વ્યવસ્થિત જોઈએ. શરીર નાશવંત અને ક્ષણભંગુર હોવા છતાં મોક્ષનું દ્વાર છે. એ વાત ભૂલવી જોઈએ નહિ.



❖❖❖

## ભજન (૪૧)

## વાહ વાહ રે, આજે આનંદની હેલી!

(રાગઃકાલિંગડા; તાલઃદાદરા)
(રામ રામ રે ગયા જીવને રડતા નથી - એ એકતારાની ધૂન)

**વાહ વાહ રે, આજે આનંદની હેલી! ...ટેક.**

**બિન બાદલ ત્યાં બરખા થાએ;**
**નદીનાળાં તે ક્ષણમાં સૂકાએ રે! ...વાહ૦ ૧.**
**વાયુ વનમાં અલૌકિક વાયો;**
**મેરુપ્હાડ પલકમાં તણાયો રે! ...વાહ૦ ૨.**
**[1]રૂખ સમૂળ ઉખડ્યાં આપે;**
**પંખી ઊડી નિરાલંબ કાપે રે! ...વાહ૦ ૩.**
**વીજળી ઝબૂક ઝબૂક થાએ,**
**[2]તમ જ્યોતિ ન બેઉ જણાએ રે! ...વાહ૦ ૪.**
**કોયલ ટહૂકે ના, મૂંગી પ્રમોદે;**
**દેડકાં ડર્રાંવ ડર્રાંવ કરી કૂદે રે! ...વાહ૦ ૫.**
**[3]હાલી મૂકી હળ, ઘરમાં ભરાણો;**
**અનુભવી ઉકેલે ઉખાણો રે! ...વાહ૦ ૬.**
**અવળે મ્હોંએ તે ચાતક પીએ,**
**દેખી રંગ મડું કાળ બ્હીએ રે!! ...વાહ૦ ૭.**

૧. ઝાડ. ૨. અંધારું. ૩. ખેડૂત.

❖❖❖

# અર્થ

વાહ વાહ ! આજે તો આનંદની હેલી (મૂસળધાર વરસાદ) છે.

ત્યાં વાદળા નથી અને છતાં વરસાદ થાય છે અને ક્ષણવારમાં નદી-નાળા સૂકાઈ જાય છે.

વનમાં અલૌકિક વાયુ વાય છે. મેરુ પ્હાડ પળવારમાં તણાઈ જાય છે. ઝાડો જાતે જ મૂળમાંથી ઊખડી ગયા. પંખી ઊડીને નિરાલંબ કાપે છે.

વીજળીનો ઝબૂક ઝબૂક ઝબકારો થાય છે. અંધારું અને પ્રકાશ બેમાંથી એક પણ જણાતું નથી.

કોયલ ટહૂકતી નથી. એ મૂગી રહીને આનંદ માણે છે. દેડકાં ડ્રાંઉ ડ્રાઉં કરીને કૂદાકૂદ કરી મૂકે છે.

ખેડૂત હળ મૂકીને ઘરમાં ભરાઈ ગયો. અનુભવી હોય તે આ ઉખાણું ઉકેલે.

ઊંધે મોંએ ચાતક પીએ છે. રંગનું મડદું જોઈને કાળ-યમરાજા બીએ છે

# વિવરણ

આ ભજન ખરેખર ઉખાણુ છે, કોયડો છે. શરૂઆતમાં તો વાચક મૂંઝાઈ જાય કે ભજનમાં શાની વાત થાય છે ? બધી ઉલટી જ વાતો દેખાય છે. આનંદની વર્ષા-જોરદાર વર્ષા થાય છે. પરંતુ આ વર્ષા થાય છે ત્યાં કોઈ વાદળ જ નથી. વાદળ વગર તો વરસાદ ક્યાંથી સંભવી શકે ?

મુશળધાર વરસાદ થાય ત્યારે નદી-નાળાં ઉભરાય છે. જ્યારે અહીં તો પૂ.બાપજી લખે છે કે નદી-નાળાં ક્ષણમાં સૂકાઈ જાય છે. એવા તે કેવાં નદી-નાળાં છે કે હેલી હોય ત્યારે સૂકાઈ જાય ?

અલૌકિક પવન વાયો, પરંતુ પલકમાં મેરુ પ્હાડ કેવી રીતે તણાઈ ગયો ? બધું કાંઈ સમજ ન પડે એવું લાગે, પરંતુ કોઈ અનુભવી-ગુરુ કૃપા પામેલી-વ્યક્તિ મળે તો એ ઉખાણું ઉકેલી આપે અને એકવાર ઉકેલ બતાવે પછી તો બધું બરાબર લાગે.

વર્ણન લૌકિક છે, પણ વાત યૌગિક છે. યોગની પ્રક્રિયા વિષે જાણીએ તો આ ઉખાણું ઉકેલી શકાય.



આપણા શરીરમાં બોતેર હજાર નાડીઓ છે. જે પૈકી બાર નાડી મહત્ત્વની છે. આ બાર નાડી પૈકી મુખ્ય નાડી ત્રણ છે. એ નાડીના નામ છે : ઈડા, પિંગલા અને સુષુમ્ણા. ડાબા નસકોરામાં ઈડા નાડી છે. જેને ચંદ્ર નાડી પણ કહેવામાં આવે છે. જમણા નસકોરામાં પિંગલા નાડી છે. એને સૂર્ય નાડી પણ કહેવામાં આવે છે. ત્રીજી નાડી સુષુમ્ણા છે, જે કંદને ભેદીને બ્રહ્મરંધ્રમાં જાય છે. આ સુષુમ્ણા નાડીના નીચેના દ્વારને કુંડલિની રોકીને સૂતેલી હોય છે. આ કુંડલિની શક્તિ એ યૌગિક પ્રક્રિયાની દિવ્ય શક્તિ છે અને એને સાધ્યા વગર સમાધિસુખ મળતું નથી. સુષુમ્ણા નાડી સિવાયની બીજી બધી નાડી કંદમાંથી નીકળે છે. ઈડા નાડીને ગંગા, પિંગળા ને જમુના અને સુષુમ્ણાને સરસ્વતી પણ કહેવામાં આવે છે. આ ત્રણે નાડી આજ્ઞાચક્ર આગળ ત્રિકુટીમાં ભેગી થાય છે. તેને જ પ્રયાગ કે સંગમ કહેવામાં આવે છે.

આપણા કરોડરજ્જુમાં છ ચક્રો છે. જે ષટ્ચક્રો કહેવાય છે. એ છ ચક્રના નામ છે : મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધિ ચક્ર અને આજ્ઞા ચક્ર. સહસ્રાર-સહસ્રદલ-બ્રહ્મરંધ્ર કે શૂન્ય શિખરને સાતમું ચક્ર પણ કહી શકાય. પ્રાણ, મન અને કુંડલિની આ બ્રહ્મરંધ્રમાં જાય ત્યારે સમાધિ સુખ મળે છે. આ સહસ્રારને જ યોગીઓ દશમ દ્વાર તરીકે ઓળખે છે.

આ કરોડરજ્જુમાં ત્રણ ગ્રંથિ છે જે અનુક્રમે બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ તરીકે ઓળખાય છે.

દુનિયાના ભોગો પ્રત્યે ઉપરામવૃત્તિ થવાથી વ્યક્તિ અંતર્મુખ બને છે. ફેફસામાં રહેલા પ્રાણવાયુને ગુદામાં રહેલા અપાનવાયુ સાથે જાલંધર, મૂળ અને ઉડ્ડિયન બંધની યૌગિક ક્રિયાથી ભેગા કરવામાં આવે છે. આ પ્રાણ અને અપાનના દબાણથી સૂતેલી કુંડલિની જાગ્રત થાય છે, તે પોતાનો કુંડલાકાર છોડી દઈને સીધી અને સરળ બની જાય છે.

મૂલાધાર ચક્રમાં અથવા આધાર પદ્મમાં સુપ્ત રહેલી કુંડલિનીને જાગ્રત કરવાથી તે પોતાનું મુખ સુષુમ્ણા નાડીના દ્વાર પરથી હટાવી લે છે. આથી સુષુમ્ણાનો માર્ગ ખૂલ્લો થાય છે. આમ થતાં પ્રાણવાયુ અને અપાનવાયુની સાથે કુંડલિની સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરે છે અને ઉર્ધ્વગતિ કરવા લાગે છે. આ ત્રણે ઉપર ચઢે છે ત્યારે કુંડલિની ષટ્ચક્રનું અને ત્રણ ગ્રંથિનું ભેદન કરે છે. અનાહત નાદનો આનંદ સાધક અનુભવે છે.

બ્રહ્મગ્રંથિ પછી વિષ્ણુગ્રંથિનું ભેદન થતાં સાધક સત્ત્વગુણ પ્રધાન બને છે. જેમ જેમ સત્ત્વગુણ વધતો જાય તેમ તેમ રજોગુણ અને તમોગુણ ઘટવા લાગે. આ દરમિયાન

યોગીની જીભનું છેદન થાય છે. જિહ્વા છેદનની સાથે જ અથવા તે પછી તરત જ રુદ્રગ્રંથિનું ભેદન પણ શરૂ થાય છે. ગળામાં આવેલી પડજીભને જ યોગીઓ રુદ્રગ્રંથિ કહે છે. આ જીહ્વા છેદન થતાં જીભ તાળવામાં આવેલા બ્રહ્મરંદ્રમાં-દશમ દ્વારમાં પ્રવેશવા મથે છે. આ ખેચરી મુદ્રાથી યોગી બ્રહ્મરંધ્રમાંથી ટપકતાં અમૃતને જીભ દ્વારા મેળવે છે-અમૃત પીએ છે. આજ અમૃતની વર્ષા છે અને સમાધિનો આનંદ એ જ આનંદની હેલી છે.

એક પ્રભાતિયામાં આ જ સ્થિતિને વર્ણવતા પૂ.બાપજી લખે છે :

**''આજ આનંદનું પૂર ઉરમાં વહે, છોળ બ્રહ્માંડમાં ના સમાયે.''**

હવે ભજન સમજીએ :

સમાધિનો આનંદ અને એની હેલી અનુભવતો યોગી સહસ્રારમાંથી ટપકતી અમૃત વર્ષાનું પાન જીભથી કરે છે. આ વર્ષા માટે વાદળની જરૂર નથી. વાદળ વગરની વર્ષા છે. યોગી જ્યારે નિર્વિકલ્પ સમાધિનો આનંદ અનુભવે ત્યારે એની બધી વૃત્તિઓ અને વાસનાઓ નાશ પામી હોય છે, સૂકાઈ ગઈ હોય છે એટલે વૃત્તિ અને વાસનારૂપી નદી-નાળાં સૂકાઈ જાય છે. વૃત્તિનો પ્રવાહ સૂકાઈ જાય છે.

પ્રાણવાયુ સુષુમ્ણામાં કુંડલિની સાથે ઉપર જાય છે એટલે એ અલૌકિક રીતે વાય છે અને બધી જ સ્થૂળવૃત્તિરૂપી મેરુ પ્હાડ તણાઈ જાય છે. વૃત્તિરૂપી ઝાડ મૂળમાંથી જાતે જ ઉખડી ગયા અને કુંડલિની રૂપી પંખી પરબ્રહ્મ પરમાત્માને પામવા માટે ઉપર ઉડે છે-બ્રહ્મરંધ્ર તરફ ગતિ કરે છે.

આત્મા સ્વયં પ્રકાશક છે અને જ્યોતિ સ્વરૂપ છે. એ સૂર્ય, ચંદ્ર અને તારાને પણ પ્રકાશ આપનાર છે. આવા નૂર હિ નૂર અપાર આત્મસ્વરૂપ આગળ અંધારું કે અજવાળું જણાતું નથી.

સમાધિના આનંદમાં યૌગિક સાધનાની પ્રક્રિયા તું-હું તું-હું તત્ત્વમસિ ભૂલી જઈને અહં બ્રહ્મસ્મિના આનંદમાં મૂગી થઈ જાય છે અને રહી સહી રહી ગયેલી વિષયવૃત્તિ દેડકાંની માફક કૂદાકૂદ કરે છે.

આ બ્રહ્મદર્શનની વાત જ ન્યારી છે. એમાં સાધકની વૃત્તિ જ રહેતી નથી. એ મૂગો રહીને આનંદને માણે છે. એક ભજનમાં પૂ.બાપજી કહે છે કે :



**વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ,**
**જો જાને સો મૂક હો જાવે.**
**બોલે જો કદિ ઐસો હિ સમજે અવર ન બૂઝે કાંઈ,**
**ગૂંગાને જ્યોં ઘેબર ખાઈ, ડકાર માત્ર દિખાઈ... વહાંકી બાત.**

બીજા એક ભજનમાં પણ પૂ.બાપજી આવો જ ભાવ રજૂ કરતા કહે છે :

**દેખે સો તો કહન ન પાવે, કહે ન દેખ્યા સાર,**
**સબકે અંદર સબસે ન્યારા, રંગ અરૂપ અધાર... નિરંજન પદ તો.**

હવે પૂ.બાપજી કહે છે કે, હાળી-ખેડૂત-જીવ-હળ-સાધન મૂકીને ઘરમાં ભરાઈ ગયો છે. ખેડૂત એના ઝૂંપડામાં ક્યારે ભરાઈ જાય ? એણે જે કરવાનું છે તે બધું એણે કરી લીધું હોય,. કશું કરવાનું બાકી રહ્યું નહિ હોય ત્યારે. બાકીનું વરસાદ પર-કુદરત પર છોડી એના ઘરમાં-ઝૂંપડામાં ભરાઈ જતો હોય છે.પરંતુ ઘરમાં ભરાતા પહેલા એણે ખેતરમાં ઊગેલું ઘાસ-કચરો વગેરે આદરથી બાળી નાંખ્યું હોય. પછી ખેતરને સમતલ કરી હળથી ખેડી ચાસ પાડ્યા હોય, પછી બિયારણ વાવ્યું હોય, અને ખાતર નાંખ્યું હોય પછી એના પ્રયત્નો પૂરા થાય. હવે ભગવાન વરસાદ પાડે એની રાહ જોતો હોય છે અને એના ઘરમાં-ઝૂંપડામાં - ભરાઈ બેઠો હોય છે. અહીં સાધકે પણ નાડીશુદ્ધિ કરી, પ્રાણને બળવાન બનાવી, પ્રાણ-અપાનને ભેગા કરી, કુંડલિની જાગૃતિ કરી, સુષુમ્ણામાં ઊર્ધ્વગતિ કરી ત્રણ ગ્રંથિ અને છ ચક્રોનું ભેદન કરી જીવ બ્રહ્મરંધ્રરૂપી ઘરમાં જઈને ભરાઈ રહે છે. અહીં જ જીવ-શિવનું મિલન છે. આ જ આત્મસાક્ષાત્કાર છે. નિર્વિકલ્પ સમાધિનો નિરતિશય આનંદ અહીં પ્રાપ્ત થાય છે.

અંતમાં પૂ.બાપજી કહે છે : અવળે મ્હોંએ તે ચાતક પીએ. સામાન્ય રીતે પક્ષી જળ પીએ ત્યારે એનું મોં-ચાંચ નીચી હોય છે. પરંતુ અહીં પૂ.બાપજી અવળે મ્હોંએ તે 'ચાતક' પીએ એવું કહે છે. આ ચાતક પક્ષી મેઘનું જળ જ - વરસાદનું જળ જ-પીએ છે. તેથી આકાશ તરફ અવળું મોં કરીને પીએ છે. અહીં કુંડલિનીને ચાતક પક્ષી કહી છે. આ કુંડલિની બ્રહ્મરંધ્રમાં પહોંચી ત્યાંથી ટપકતાં અમૃતનું પાન કરે છે. નિર્વિકલ્પ સમાધિમાં તો યોગી મડદા સમાન ભાસે છે. એ મરી ગયો નથી, પણ મરી ગયા જેવી સ્થિતિ છે. એની આવી સ્થિતિથી તો યમરાજ પણ ગભરાય છે-બીએ છે.

આ ભજન અવળવાણીનું સુંદર ભજન છે. પૂ.બાપજીએ કોયડારૂપ બંધ કરેલા તાળાંને

ખોલવાની ચાવી મળી જાય તો આનંદ આનંદ. આવા કોયડા-મગજનું દહીં કરી નાંખે છે, પણ તાળાં ખૂલે ત્યારે આનંદ કરાવી દે છે.

મગજનું દહીં કરી નાંખે એવો એક લૌકિક કોયડો જુઓ :

એક ભાઈ પાસે ત્રણ લાલ અને બે કાળી એમ મળીને કુલ પાંચ હેટ છે. એણે ત્રણ વૈજ્ઞાનિકોને એકબીજાની પાછળ બેસાડ્યા. પહેલી ખુરશીમાં A. એની પાછળની ખુરશીમાં B અને છેલ્લી ખુરશીમાં C ને બેસાડ્યા. ત્રણેની આંખ બંધ કરી. એમના માથા પર એકએક હેટ મૂકી દીધી. વધેલી બે હેટ સંતાડી દીધી. A-B અને C ત્રણે એકદમ બુદ્ધિશાળી અને ચિંતન કરવામાં હોશિયાર છે. હવે 'C' કે જે છેલ્લે બેઠો છે અને A અને B ના માથા ઉપરની હેટનો રંગ જુએ છે એને પૂછવામાં આવ્યું કે, તમે કહી શકશો કે તમારા માથા ઉપર કયા રંગની હેટ હશે ? એણે ખૂબ વિચાર્યું, પણ જવાબ આપી શક્યો નહિ. પછી B કે જે Aના માથા ઉપરની હેટનો રંગ જોઈ શકે છે અને 'C'એ જવાબ ન આપ્યો એનો અર્થ વિચારી શકે છે. પરંતુ B પણ જવાબ આપી શકતો નથી.

'A' કે જે સહુથી આગળની ખુરશી પર બેઠો હતો અને કોઈના માથા ઉપરની હેટ જોઈ શકતો ન હતો. (પાછું વળીને જોવાની મનાઈ હતી) પરંતુ B અને C એ જવાબ ન આપ્યો એના પર વિચાર કરીને એણે જવાબ આપ્યો. પ્રશ્ન એ છે કે, એણે કયા રંગની હેટ છે એમ કહ્યું હશે ? અને એણે સાચો જવાબ કેવી રીતે શોધ્યો હશે ?

હવે કરો મગજનું દહીં. 'A' વૈજ્ઞાનિકે કહ્યું કે, મારા માથા પર લાલ રંગની હેટ હશે. એણે કહ્યું કે, જો મારા માથા પર કાળી હેટ હોત અને Bના માથા પર પણ કાળી હેટ હોત તો C એ જવાબ આપી દીધો હોત. કારણ કે કાળી હેટ બે જ હતી, પણ C જવાબ આપી શક્યો નહિ. એનો અર્થ એ થાય કે મારા અને B ના બંનેના માથા પર કાળી હેટ નથી.

બંનેના માથે કાળી હેટ નથી એટલે (૧) બંનેના માથે લાલ હેટ છે અથવા (૨)Aના માથા પર લાલ અને Bના માથા પર કાળી અથવા (૩) Aના માથા પર કાળી અને Bના માથા પર લાલ હેટ છે.

હવે જો Aના માથા પર કાળી હેટ હોત તો Bએ જવાબ આપ્યો હોત કારણ કે Bપણ બુદ્ધિશાળી છે. એ વિચારે કે Aના માથા પર કાળી હેટ છે. તો મારા માથા



પર કાળી ન હોઈ શકે. માટે Bએ જવાબ આપ્યો હોત કે મારા માથા પર લાલ હેટ છે, પરંતુ B જવાબ આપી શકતો નથી એનું કારણ એ કે Aના માથા પર કાળી હેટ જોતો નથી. આ બધું વિચારીને A જવાબ આપે છે કે મારા માથા પર લાલ હેટ હશે.

સમજ પડી ? ન પડી હોય અને મગજનું દહીં કરવાનું ગમતું હોય તો પાછું વાંચો :

કાળી હેટ કાળી હેટ

A B આવું હોય તો C જવાબ આપે, પણ C એ જવાબ નથી આપ્યો, માટે આવું નથી.

કાળી લાલ

A B આવું હોત તો B જવાબ આપત, પરંતુ B જવાબ આપી શકતો નથી, માટે એવું નથી. એવું નથી તો કેવું છે ? Aને માથે લાલ હેટ છે.

❖❖❖

## ભજન (૪૨)

## ઠુમ, ઠુમઠુમ ચાલી અગમ ગઢ

**(રાગઃકાલિંગડા; તાલઃદાદરા)**

**(રામ રામ રે ગયા જીવને રડતા નથી - એ એકતારાની ધૂન)**

**ઠુમ, ઠુમઠુમ ચાલી અગમ ગઢ, ગુરુજી! ...ટેક.**

**મારી બાંહ્ય ધરો અવિનાશી,**<br>
**મારે જાવું ન મથુરા કાશી રે. ...ઠુમ૦ ૧.**

**ભારે તરે ને હલકું ડૂબે;**<br>
**એવું ભવજલ અતિશે [1]દુભે રે! ...ઠુમ૦ ૨.**

વાહ વાહ રે, અગમગઢશોભા!
જોગીજંડા[2] બન્યા સહુ આભા રે. ...ઠુમ૦ ૩.

બાવળીએ તે કેળાંની લૂમો!
દેવદેવીઓ પાડે દેખી બૂમો રે!! ...ઠુમ૦ ૪.

નીચે ડાળાં ને ઉપર મૂળીયાં;
લાખો જીવો એ ઉપર લટકીયા રે! ...ઠુમ૦ ૫.

ઊંધે માથે તે જે કો ચઢે છે;
રંગ અમૃતરસ પીએ છે રે!! ...ઠુમ૦ ૬.

૧. દુઃખ દે. ૨. જંડા=ઝંડા=ઝંડ=અલમસ્ત, માતેલું, લુચ્ચા માનસવાળું.

❖❖❖

## અર્થ

હે ગુરુજી ! (હું) અગમગઢ પર ઠુમ ઠુમ કરતી આ ચાલી-જઈ રહી છું

હે અવિનાશી ! મારી બાંહ્ય પકડો. મારે મથુરા કે કાશી ક્યાંયે જવું નથી.

ભારે તરે અને હલકું ડૂબે એવું આ સંસારનું જળ ખૂબ દુઃખદાયી છે. અગમગઢની શોભાની તો શી વાહ વાહ કરું ? જોગી જંડા સહુ આભા બનીને જોઈ રહ્યા છે. બાવળના ઝાડ ઉપર કેળાની લૂમો લટકતી જોઈને દેવ-દેવીઓ બૂમ પાડે છે. ઉપર મૂળ છે અને ડાળાં-પાંદડા નીચે લટકે છે અને એના પર લાખો જીવ લટકેલા છે. ઊંધે માથે જે કોઈ અહીં ચઢે છે તે અમૃતરસ પીએ છે.

❖❖❖

## વિવરણ

આ ભજનમાં જીવ અગમગઢ પહોંચવા માટેની જે યૌગિક પ્રક્રિયા કરે છે તેનું વર્ણન છે. અગમગઢ એટલે જેની અજ્ઞાનીઓને ગમ નથી (અગમ) એવો આત્મસ્વરૂપનો વિકટ



અને પ્હાડી માર્ગરૂપ કિલ્લો (ગઢ). આને જ બ્રહ્મરંધ્ર, શૂન્ય શિખર કે દશમ દ્વાર કહે છે. પ્રાણ, મન અને કુંડલિની સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરી છ ચક્રોને અને ત્રણ ગ્રંથિને ભેદીને અહીં પહોંચે ત્યારે જીવ-શિવનું મિલન થાય છે.

ત્રિકુટી (બે ભવાં વચ્ચેની જગા)ની ઉપરનો આજ્ઞાચક્ર છોડ્યા પછી સુરતી ઉપર ચઢવા માંડે છે ત્યારે દશ્યના વિલયરૂપ, અંધકારમય પ્રદેશ આવે છે તેને સૂન કે શૂન્યના નામે ઓળખવામાં આવે છે અને એની ઉપરનો દશ્યના આત્યંતિક વિલયરૂપ અત્યંત અંધકારમય પ્રદેશ તે મહાસૂન. આ ત્રિકુટી ઉપરનો સુષુમ્ણાનો વક્ર (વિષમ) માર્ગ જ્યાંથી સુરતી બ્રહ્મરંધ્ર તરફ ચઢે છે તેને બંકનાળ કહે છે. આવા વિકટ માર્ગે જનાર સાધકને સદ્ગુરુનું માર્ગદર્શન, સદ્ગુરુની કૃપા અને સદ્ગુરુની મદદની અનિવાર્ય જરૂર પડે છે. જો આ ન હોય તો સાધક લક્ષ્ય સિદ્ધ કરી શકે જ નહિ, તેથી ગુરુજીને કહે છે કે, ''મારી બાંહ્ય ધરો અવિનાશી'' એમ કહ્યું છે.

પૂ.રાજર્ષી મુનિ યોગાનુભૂતિ ભા-૧માં લખે છે કે : ''પરંતુ જ્યારે પૂ.ગુરુદેવે દૈવી સાધનોથી તેનો સામનો કેવી રીતે કરવો તે અંગે મને સમજણ આપી અને પ્રોત્સાહિત કર્યો ત્યારે મેં ફરીથી કુંડલિનીને છંછેડવાની હિંમત કરી. કુંડલિનીએ તો ફરી પણ તેવાં જ ભયંકર સ્વરૂપો ધારણ કરી મને ભયભીત બનાવવાના પ્રયત્નો આદર્યા, પરંતુ હવે મને પૂ.ગુરુદેવનું શરણું મળ્યું હતું અને દૈવી સાધનો દ્વારા મારું રક્ષણ કરવાની પણ ગુરુદેવે કૃપા કરી હતી. તેઓશ્રીની અસીમ કૃપા દ્વારા કુંડલિનીના અસહ્ય ત્રાસ વચ્ચે પણ હું મારી યોગસાધનામાં ટકી શક્યો છું.''

''મારી બાંહ્ય ધરો અવિનાશી'' એમાં ત્રણ વાત ધ્યાન ખેંચે છે. એક તો તમે મને પકડો. હું તમને પકડું તો તો કદાચ છોડી પણ દઉં, પરંતુ તમે મને પકડો તો મુશ્કેલીના સમયમાં તમે મને વધારે સારું રક્ષણ આપી શકો. સામાન્ય રીતે આપણે નાના બાળકને લઈને બહાર જઈએ ત્યારે એમ કહીએ છીએ કે, ''મારી આંગળી પકડ.'' આ ભૂલ છે. એમ કહેવું જોઈએ કે - ''લાવ, તારી આંગળી પકડું.'' બીજું આંગળી કરતાં હાથ પકડે તો વધુ સારુ રક્ષણ મળે અને હાથ કરતાં બાંહ્ય પકડે તો સૌથી વધુ રક્ષણ મળે. એક ભજનમાં બાપજી કહે છે :

''હાથ ગ્રહી કાં છોડો વ્હાલા !'' જ્યારે અહીં બાહ્ય પકડવાનું કહે છે. ત્રીજું ગુરુજીને અવિનાશી કહ્યા છે. ''ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ'' એમ કહીએ છીએ. એક ભજનમાં બાપજી કહે છે કે : ''બ્રહ્મા વિષ્ણુ ને મહેશ દેવા, કરે ગુરુજીની નિશદિન સેવા રે... ગાઓ.

પહેલું સંબોધન ગુરુજી છે, પણ પછી તરત જ અવિનાશીનું સંબોધન છે. ગુરુકૃપાથી અગમગઢ તરફ ગતિ કરતા સાધકની મસ્તી પણ ગજબની છે. એ મસ્તી એની ચાલમાં દેખાઈ આવે છે. વ્યક્તિના મનનો ભાવ એની ચાલમાં વ્યક્ત થાય છે. હવે પૂ.બાપજી કહે છે કે, મારે મથુરા કે કાશી જવું નથી. તીર્થસ્વરૂપ ગુરુજી આપણી બાંહ્ય પકડે પછી બીજા તીરથ કરવાની ઈચ્છા જ ન થાયને ! આવી દૃષ્ટિ થાય તો સાધક તરી જાય. સને ૧૯૬૭માં પૂ.બાપજીનો મુકામ લીંચમાં હતો. નવરાત્રિના દિવસોમાં લીંચ ગામની માતાજીની પાલખી નીકળે. ઢોલ-નગારાના અવાજ સાથે કુટિર પાસેથી પાલખી જતી હતી. પૂ.બાપજીએ મુ. બચુભાઈ (પ્રેમ અવધૂતજી)ને કહ્યું કે, તમારે પાલખીના દર્શને જવું હોય તો જાવ. એટલી વાર હું અહીં શાંતિથી બેઠો છું. મુ. બચુભાઈએ કહ્યું કે, આ લીંચના માતાજીની આટલા વર્ષો સેવા કરી એના ફળસ્વરૂપે આ મૂંછવાળી મા (પૂ.બાપજી) મળી છે. હવે આ 'મા'ને છોડીને ક્યાંય જવું નથી.

મથુરા યમુના નદીના કિનારે છે અને કાશી ગંગા કિનારે છે. ઈડા-પિંગલાને અનુક્રમે ગંગા અને યમુના પણ કહેવામાં આવે છે. અગમગઢ જવું હોય તો તો સુષુમ્ણાની જરૂર પડે.

આ સંસાર સાગરનું જળ દુઃખ આપે છે, વિચિત્ર છે. એમાં ભારે તરે ને હલકું ડૂબે. હવે હકીકતમાં તો ભારે વસ્તુ ડૂબી જવી જોઈએ અને હલકી તરવી જોઈએ. એટલે આવું લખીને બાપજી કશું જુદું જ સૂચવે છે. જે જ્ઞાની છે એનામાં આત્મજ્ઞાન જેવું ભારે જ્ઞાન છે. તેઓ અહંકાર વિનાના થઈને આ ભવસાગરને તરી જાય છે. જ્યારે અજ્ઞાની માણસ હલકો છે. એની વૃત્તિ પણ હલકી છે અને એ સંસારજળમાં ડૂબી મરે છે.

બીજી રીતે વિચારીએ તો જેણે પોતાના શરીરનું ભારે દમન કર્યું છે, ઈન્દ્રિયો પર ભારે ક્રૂરતા કરી છે એવા ઈન્દ્રિયોનું દમન કરનાર આ સંસારમાં તરી જાય છે, પરંતુ જેણે ઈન્દ્રિયોને લાડ લડાવ્યા છે, એના તરફ હળવી દૃષ્ટિ રાખી ઈન્દ્રિયોનું લાલન-પાલન કર્યું છે, તેવા ડૂબે છે. પરંતુ ઈન્દ્રિયોનું ભારે દમન કર્યા પછી તેનું પરિણામ શું ? તો સાધક અગમગઢ તરફ ગતિ-પ્રગતિ કરી શકે. આ અગમગઢ-બ્રહ્મરંધ્ર-શૂન્ય શિખર-દશમ દ્વાર કે સહસ્રારમાં જીવ-શિવનું મિલન થાય છે. અમૃતની વર્ષાનું પાન કરવા મળે છે. એટલે આવા અગમગઢની શોભા અવર્ણનીય છે-અપરંપાર છે. જોગીજંડા પણ આભા બની જાય છે.

પછી પૂ.બાપજી કહે છે કે, બાવળના ઝાડ ઉપર કેળાની લૂમો લટકે છે. હવે બાવળ



ઉપર તો કાંટા હોય, કેળાં ક્યાંથી હોય ? આપણો આ દેહ નાશવંત છે, ક્ષણભંગુર છે એટલે કે અનિત્ય છે. એ અમંગલ છે-ગંદો છે. ઉપરની ચામડી દૂર કરીને પછી જુઓ કે શરીર કેવું છે ? એક ભજનમાં પૂ.બાપજી લખે છે કે :

**અંદર દુર્ગંધી મેલી, બાહિર ફૂલેલ સુગંધી,**

**પવિતર શું એ દંભીરે... ડાચું શું દર્પણ.**

વળી, આ દેહ બધા દુઃખનું મૂળ કારણ છે. એટલે અનિત્ય, ગંદો અને દુઃખરૂપ દેહ એ જ બાવળીયો છે. પરંતુ આવું શરીર એ 'મોક્ષનું દ્વાર' પણ છે. માનવીના દેહમાં જ પરમાત્મા પ્રાપ્ત થઈ શકે છે. આમ, સાધના દ્વારા પરમાત્માનાં દર્શન કરી લઈએ તો એ 'કેળાની લૂમો' છે, પરંતુ કોઈ પણ સાધક પરમાત્માનાં દર્શન માટે સાધના કરે ત્યારે એ લક્ષ્યસિદ્ધિ પાસે પહોંચે ત્યારે દેવ-દેવીને ચિંતા થાય અને તેઓ બૂમો પાડે છે-બૂમાબૂમ કરે છે. સાધકને સિદ્ધિની લાલચ આપે છે. ભોગ પ્રતિ આકર્ષણ ઊભું કરે છે. કોઈની પણ આધ્યાત્મિક પ્રવૃત્તિથી કોઈ ચિંતામાં ડૂબતુંહોય તો તે દેવ-દેવીઓ છે. આ દેવોનો રાજા ઈન્દ્ર પણ સ્વાર્થથી ભરેલો જણાય. એટલે જ દત્તપ્રભુ પાસે ગયા ત્યારે એમને ઘણીવાર ઊભા રાખ્યા, ધ્યાન ન આપ્યું અને પછી પૂછ્યું કે, "કેમ આવ્યા છો ?" દત્ત પ્રભુને પણ ખબર છે કે આ વગર કામે આવે એવા નથી.

બાવળિયે કેળાની લૂમોને બીજી રીતે વિચારીએ તો કેવું ?

અગમગઢ તરફ કુંડલિની પ્રાણ અને મન જતા હોય ત્યારે સાધકમાં સાત્ત્વિકતા-સત્ત્વગુણોનો વધારો થતો હોય છે. સત્ત્વગુણની વ્યાખ્યા આપતા ગીતા જણાવે છે કે, જે શરૂઆતમાં ઝેર જેવું-દુઃખદાયી, કષ્ટમય બાવળના કાંટા સમું હોય પરંતુ પરિણામે અમૃતમય-કેળાની લૂમો જેવું હોય તે સત્ત્વગુણ કહેવાય. ગીતામાં કહ્યું છે કે :

**યત્તદગ્રે વિષમિવ પરિણામેઽમૃતોપમમ્ ।**

**તત્સુખં સત્ત્વિકં પ્રોક્તમાત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥** (અ.૧૮.શ્લોકઃ૩૭)

અર્થાત્ જે શરૂઆતમાં ઝેર જેવું પરંતુ પરિણામે અમૃત જેવું હોય છે એ પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઉપજનારું સુખ એને સાત્ત્વિક સુખ કહેવાયું છે.

હવે બાપજી એક ઝાડની વાત કરે છે. જેના મૂળિયાં ઉપર છે અને એના ડાળાં-પાંદડા નીચેની તરફ વિસ્તર્યા છે. આવા ઝાડ ઉપર લાખો જીવ લટકેલા છે. હવે ઝાડ હોય તો તેના મૂળ જમીનમાં ઊંડા ઉતરેલા હોય અને ડાળી-પાંદડા ઉપર તરફ હોય, તો પૂ.બાપજી કયા ઝાડની વાત કરતા હશે ? આ વૃક્ષ એટલે સંસારરૂપી વૃક્ષ. જેનું

મૂળ પરબ્રહ્મ-પરમાત્મા છે. જે ઉપર છે અને એમાંથી વિસ્તરેલો સંસાર તે ડાળખાં-પાંદડા છે અને તેના પર લાખો લોકો લટકી લટકીને જીવે છે. આ વૃક્ષ વિશે ગીતામાં જણાવ્યું છે કે :

**ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।**

**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥** (અ.૧૫.શ્લોકઃ૧)

અર્થાત્ જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વ મૂળ છે, જેની નીચે રહેલી બ્રહ્મ મુખ્ય શાખા છે તથા વેદો જેના પાંદડા છે એવા આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને તત્ત્વજ્ઞાનીઓ અવિનાશી કહે છે. જે માણસ એ સંસારરૂપી વૃક્ષને મૂળ સહિત તત્ત્વથી જાણે છે, એ વેદના તાત્પર્યને જાણનાર છે.

**અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા**
**ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।**
**અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ**
**કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥** (અ.૧૫.શ્લોકઃ૨)

એ સંસાર વૃક્ષની ત્રણેય ગુણો (સત્ત્વ, રજસ અને અને તમસ) રૂપી જળ વડે વૃદ્ધિ પામેલી આ વિષયોરૂપી કુંપળ ધરાવતી દેવ, મનુષ્ય અને તિર્યક આદિ યોનિઓ રૂપી શાખાઓ નીચે અને ઉપર આમતેમ ફેલાયેલી છે તેમજ એ શાખાઓનાં મનુષ્યલોકમાં કર્માનુસાર બાંધનારાં અહંતા-મમતા તથા વાસનારૂપી મૂળિયાં બધા લોકમાં ફેલાયેલાં છે.

આમ, પૂ.બાપજી આ સંસારરૂપી વૃક્ષની-જગતરૂપી વૃક્ષની—વાત કરે છે. પરબ્રહ્મ જે આકાશમાં ઉપર છે તે એનું મૂળ છે. આ ઝાડ ઉપર આપણે બધા લટકતા જીવો-પ્રાણીઓ છે.

પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**''માયામય સંસાર આ, વૃક્ષ પ્રચંડ સુરમ્ય'',** (અ.૧૯.દો.૯૪)

આ સંસારરૂપી વૃક્ષ જેનું મૂળ પરબ્રહ્મ ઉપર છે તે વૃક્ષની પૂ.બાપજી વાત કરે છે :

અંતે પૂ.બાપજી કહે છે કે :

**ઊંધે માથે તે જે કો ચઢે છે,**
**રંગ અમૃતરસ પીએ છે રે...**



સુષુમ્ણા નાડીમાં કુંડલિની પ્રાણ અને મન સાથે નીચેથી ઉપર જાય છે ત્યારે ધીમે ધીમે છ ચક્રો અને ત્રણ ગ્રંથિને ભેદીને અગમગઢમાં-બ્રહ્મરંધ્રમાં પહોંચે છે. આમ કુંડલિની જે નીચેથી ઉપર ચઢે છે તે ઉંધે માથે તે જે ચઢે છે એવું એ પંક્તિ દ્વારા સૂચવાયું છે. અવળવાણીના ઘણા ભજનોમાં આ ભાવ જુદી જુદી રીતે પૂ.બાપજીએ વ્યક્ત કર્યો છે.

- **ગૈયા નીચી, દોણી ઊંચી, છલાછલ દૂધડે સિંચિ**
- **દાંડો નીચો ને તુંબી એની ઉપર**
- **અવળે મ્હોંએ તે ચાતક પીએ**
- **નેવનાં પાણી મોભે ચઢ્યા**

કુંડલિની આ રીતે જ્યારે ઉપર ચઢે છે ત્યારે બ્રહ્મરંધ્રમાંથી ટપકતાં અમૃતનું પાન કરે છે. અહીં જ જીવ-શિવનું મિલન છે. નિરતિશય આનંદ છે. જગતનું ભાન ભૂલી સાધક બ્રહ્માનંદમાં ડૂબેલો રહે છે. આ નિર્વિકલ્પ સમાધિ કે જ્યાં ધ્યેય, ધ્યાતા અને ધ્યાનની ત્રિપુટીનો પણ લય થાય છે ત્યાં આનંદના સાગરમાં ડૂબ્યા રહેવાની અનુભૂતિ થાય છે.

આ ભજનમાં વર્ણવેલી વાત પૂ.બાપજીએ અનુભવી છે અને એ આનંદ માણ્યો છે એટલે તો મુ. ભવાની શંકર શાસ્ત્રી પૂ.બાપજી માટે 'બ્રહ્મનિષ્ઠ' અને 'સચ્ચિદાનંદમગ્નમ્' એવા બે વિશેષણ વાપરે છે. વિવરણ કરનારને આવો અનુભવ નથી, પરંતુ જેણે અનુભવ કર્યો છે એવા યોગીપુરુષના પુસ્તકો વાંચીને અને એ પૂ. રાજર્ષિ મુનિ જેવા યોગીપુરુષ સાથે વાતો કરીને આ ભજન સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

મુ. નવીનભાઈ પાઠકના પુસ્તક શ્રીરંગઅવધૂતની અવળવાણીથી આ ભજનની ચર્ચાને વિરામ આપીએ. આ ભજનને સમજાવવા માટેનો અમારો પ્રયત્ન એ કુંવારી લેડી ડૉક્ટર જેવો છે. એ લેડી ડૉક્ટર ગાયનેકોલોજીસ્ટ છે. એટલે એને પ્રસુતિનું જ્ઞાન છે, સફળતાથી પ્રસુતિ પણ કરાવે છે, પરંતુ પ્રસુતિની વેદનાથી એ અજાણ છે કારણ કે એ વેદના એણે અનુભવી નથી. આમ, સમાધિસુખનો આનંદ જેણે માણ્યો નથી એના વર્ણનમાં કેવળ શબ્દાર્થ જ આવે, અનુભવનો શબ્દ નહીં એ સમજી શકાય તેમ છે.

❖❖❖

## ભજન (૪૩)
## ગાઓ ગાઓ રે

(રાગઃકાલિંગડા; તાલઃદાદરા)
(રામ રામ રે ગયા જીવને રડતા નથી - એ એકતારાની ધૂન)

**ગાઓ ગાઓ રે, આજે ગુરુજીનો ગરબો. ...ટેક.**

**એણે માંડી છે જ્ઞાનની પરબો;**
**પીતાં, જન્મમરણ ટળે ખોબો રે. ...ગાઓ૦ ૧.**

**રામે પીધો ને વસિષ્ઠે પાયો;**
**આપપરમાં તે રામ દિખાયો રે. ...ગાઓ૦ ૨.**

**બ્રહ્મા વિષ્ણુ ને મહેશ દેવા;**
**કરે ગુરુજીની નિશદિન સેવા રે. ...ગાઓ૦ ૩.**

**સીધી વળાવી સંયમ-લંગોટી;**
**કાપે સમૂળ અજ્ઞાન-ચોટી રે. ...ગાઓ૦ ૪.**

**કરી મડદું ને પછી જીવાડે;**
**જીવશિવના તે ભૂત એ કાઢે રે! ...ગાઓ૦ ૫.**

**અવળી વાણીથી હંસ ઉચ્ચારે;**
**ગુરુશિષ્યનો ભેદ એ બાળે રે! ...ગાઓ૦ ૬.**

**લાખ પથ્થરે રત્ન લપાયું;**
**લાખો રતનમાં પારસ [૧]પાયું રે. ...ગાઓ૦ ૭.**

**ગુરુમંત્રનો ડંકો જ્યાં વાગ્યો;**
**રંગ જુગજૂની ઊંઘથી જાગ્યો રે! ...ગાઓ૦ ૮.**

૧. મળ્યું, જડ્યું.

❖❖❖



## અર્થ

આજે ગુરુજીનો ગરબો ગાઓ, પ્રેમથી ગાઓ.

એણે જ્ઞાનની પરબ માંડી છે જેમાંથી ખોબો ભરીને જ્ઞાનામૃત પીવાથી જન્મમરણ ટળી જશે.

વસિષ્ઠે આ અમૃતરસ રામને પાયો અને રામે પીધો, જેનાથી પોતામાં અને બીજા બધામાં પરમતત્ત્વરૂપ રામના દર્શન થયાં.

બ્રહ્મા, વિષ્ણુ ને શંકર પણ ગુરુજીની રાતદિવસ સેવા કરે છે.

ગુરુ શિષ્યને સંયમરૂપી લંગોટી સીધેસીધી વળાવી એની અજ્ઞાનરૂપી ચોટલી કાપે છે. ગુરુ શિષ્યનો અહંકાર દૂર કરાવી-એને મડદું બનાવી - પછી જીવાડે છે અને જીવ તેમજ શિવના ભેદભાવની ભ્રમણાને દૂર કરે છે.

શ્રીગુરુ શિષ્ય પાસે સોહંનો જાપ કરાવે છે અને પરિણામરૂપ ગુરુ અને શિષ્ય વચ્ચેનો ભેદ પણ બળી જાય છે, દૂર થાય છે.

લાખો પથ્થરમાં રત્ન લપાયું-છુપાયું છે અને લાખો રત્નોમાંથી પારસમણિ મળી આવ્યો છે. ગુરુમંત્રનો જેવો ડંકો વાગ્યો કે તરત જ રંગ જન્મોજન્મની મોહનિદ્રામાંથી જાગી ઊઠ્યો.

❖❖❖

## વિવરણ

આ ભજનમાં સદ્‌ગુરુનો મહિમા ગાવામાં આવ્યો છે. શ્રીગુરુ એ અવિદ્યારૂપી અંધકારમાં જ્ઞાનરૂપી દીવો પ્રગટાવનાર છે. ગુરુ વિષે અનેક શ્લોકો લખાયા છે, અનેક સાખીઓ રચાઈ છે. પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતમાં ગુરુ અંગે અનેક દોહરા લખ્યા છે અને અવધૂતી આનંદમાં ગુરુ અંગે અનેક ભજનો છે. કેટલીક સાખી જોઈએ.

- **સદ્‌ગુરુ ધોબી, જ્ઞાનજલ, સાબુ સર્જનહાર,**
  **સુરત-શિલાપર ધોયકે, પ્રગટે જ્યોત અપાર.**
- **હરિકૃપા તબ જાનિયો જબ દે મનુજ અવતાર**
  **ગુરુકૃપા તબ જાનિયો જબ છોડાવે સંસાર.**

- **ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિટે ન ભેદ,**
  **ગુરુ બિન સંશય ના મિટે, જય જય શ્રી ગુરુદેવ,**
- **મન મારનકી ઔષધિ સદગુરુ દેત બતાય,**
  **ઈચ્છત પરમાનંદકો સો ગુરુ શરણે જાય.**
- **રામકૃષ્ણ સોં કો બડા, ઉન્હે તો ગુરુ કીન,**
  **તીન લોકકે વે ધની, ગુરુ આગે આધીન.**

ગુરુનું શરીર મનુષ્યનું છે. એને એક મુખ છે છતાં બ્રહ્મા છે, બે જ હાથ છે છતાં ચતુર્ભુજધારી વિષ્ણુ છે અને બે જ આંખ છે છતાં તે ત્રિનેત્રધારી ભગવાન શંકર છે. આવા ગુરુનો ગરબો ગાઓ એટલે એનો અર્થ એ કે એના ઋણને માથે ચઢાવીને, એના ગુણલા ગાઓ એવું પૂ.બાપજી કહે છે.

ગુરુ શું કરે છે ? ગુરુ શિષ્યને સાનમાં જ્ઞાન આપે છે. એણે જ્ઞાનની પરબ માંડી છે. આ જ્ઞાનની પરબમાંથી શિષ્ય ખોબો ભરીને જ્ઞાનામૃત પીએ કે તરત જ એના જન્મમરણનો ફેરો ટળી જાય છે. જ્ઞાન તો આપણામાં હોય જ છે, પરંતુ એના પર અજ્ઞાનનું આવરણ આવેલું હોવાથી શિષ્ય પામરની જેમ જીવે છે. ગુરુ એ શિષ્યને એનું સાચું સ્વરૂપ સમજાવી, બતાવી, પામરમાંથી નરકેસરી બનાવે છે. ગુરુ, સંત વગેરે જીવને પ્રભુના ચરણમાં પ્રીતિ કરાવે છે અને ભારી ભરમ-માયાનો ભરમ હટાવી દે છે. ગુરુ શક્તિપાત દ્વારા શિષ્યનું કલ્યાણ થાય એવી શક્તિનો સંચાર કરે છે. "ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વસ્વરૂપ" ગુરુની તાકાતનું દર્શન કરાવે છે.

પૂ.બાપજી એક ભજનમાં કહે છે : "આપ સમાન કરે શિષ્યનકો, દેવે પદ નિરબાના." આનાથી વિશેષ તો કોઈ કરી શકે નહિ. ગુરુનું કાર્ય શિષ્યને પોતાના જેવો બનાવી, જન્મમરણના ચક્કરમાંથી મુક્ત કરવાનો છે.

આ જ્ઞાનની પરબમાંથી વસિષ્ઠ ગુરુએ ભગવાન રામને જ્ઞાનામૃતનું પાન કરાવ્યું અને પરિણામે પોતાનામાં અને બીજામાં - અત્ર-તત્ર-સર્વત્ર સ્વસ્વરૂપનું દર્શન કરાવ્યું. ગુરુ શિષ્યને 'સર્વં ખલ્વિદં બ્રહ્મ'નું દર્શન કરાવે છે.

પૂ. કૃષ્ણશંકર દાદાજી કહેતા કે, આને માટે ગુરુ પાસે પાત્ર લઈને નથી જવાનું પણ પાત્રતા લઈને જવાનું છે. ગુરુદેવનું મહત્ત્વ ગાતા પૂ.બાપજી કહે છે કે, બ્રહ્મા-વિષ્ણુ ને મહેશ પણ ગુરુજીની રાતદિવસ સેવા કરે છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. દીપક



આખ્યાનમાં ભગવાન શંકર અને પછી ભગવાન વિષ્ણુ દીપકને વરદાન આપવા આવ્યા ત્યારે દીપકે કહ્યું કે :

**સર્વ જ્ઞાનનું મૂળ છે, સદ્‌ગુરુ એક અભિન્ન,**
**તદધિન દેવો સહુ, બ્રહ્માહરિહર ભિન્ન.**
**જે વર આપે તું હરે ! દે ન ગુરુ શું એહ ?**
**ઘરનું છોડી બ્હાર કો, ખોળે વૃત્તસંદેહ.** (અ. ૩. દો. ૧૨૬, ૧૨૯)

ગુરુનું કાર્ય અજ્ઞાન દૂર કરવાનું છે. એ શિષ્યને સાધના માટે તૈયાર કરે છે. કેવી રીતે ? "વૃત્તિથી વૃત્તિ ઘડાય" અને "આચાર એ જ ઉપદેશ" એ નિયમ પ્રમાણે ગુરુનું જીવન જોઈને શિષ્ય એમના જેવું જીવવાનો પ્રયત્ન કરે છે. સંયમની લંગોટી વળાવી-સંયમ રાખવાનો સંકલ્પ કરાવી-એનું અજ્ઞાન દૂર કરે છે. સંયમ એટલે દમ અને શમ બંને. જ્ઞાનપ્રાપ્તિ માટે વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્તિ અને મુમુક્ષુતાની સ્થિતિ પામવી પડે છે.

ગુરુનું કાર્ય શિષ્યના અહંકારને દૂર કરવાનું છે. અહંકાર દૂર થતાં મારું-મમતા દૂર થાય છે. અહંકાર દૂર કરી, દ્વૈતભાવનો નાશ કરી એને માન-અપમાન, મારું-તારું, રાગ-દ્વેષથી પર કરે છે. યોગની પ્રક્રિયા દ્વારા ષટ્‌ચક્રભેદન અને ત્રણ ગ્રંથિ ભેદન કરવાનું માર્ગદર્શન આપી સમાધિનો અનુભવ કરાવે છે.

પૂ.બાપજી એક ભજનમાં કહે છે :

**કથે જ્ઞાન અરુ ક્રિયા શિખાવે, પકડ દસ્ત સલૂના,**
**ઘાટ અગમપે આપ ચઢાવે, જહાં સાંઈકા થાના... સદા ભજો.**

આમ, ગુરુ શિષ્યને નિર્વિકલ્પ સમાધિનું સુખ મળે એવી સ્થિતિ સર્જી જીવ-શિવનો ભેદ દૂર કરે છે. જીવ અને શિવને પૂ.શ્રી રમકડાં કહે છે. શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**જ્યાં ત્યાં સઘળે તું ભર્યો, ખાલી ન એકે ઠામ,**
**જીવ-શિવ તુજ રમકડાં, અક્ષય તારું ધામ.** (અ.૧.દો.૪૪.)

આપણી સંસ્કૃતિની ગરિમાનું દર્શન હવે પૂ.બાપજી કરાવે છે. જ્યારે શિષ્ય ગુરુજીની પાસે હાથમાં સમિધ લઈને જાય છે ત્યારે તે ગુરુજીને પગે લાગે છે. પરંતુ સાધનાને અંતે, શિષ્ય ગુરુસમાન થઈ જાય છે ત્યારે વિદાય વેળાએ શિષ્ય ગુરુજીને પગે લાગે છે ત્યારે ગુરુજી પણ શિષ્યને પગે લાગે છે. કારણ કે હવે ગુરુ-શિષ્યનો ભેદ દૂર થયો

છે - ભેદ બળી ગયો છે. શ્રીગુરુ શિષ્યને સોહંના અજપાજપ અંગે માર્ગદર્શન આપે છે. સોહંને ઉલટાવીએ તો હંસો - હંસઃ થાય. અવળી વાણીથી હંસ એટલે સોહંનો જપ કરાવે. આપણે જ્યારે શ્વાસ લઈએ ત્યારે 'સો' એવો અવાજ થાય છે અને શ્વાસ બહાર કાઢીએ ત્યારે 'હં' એવો અવાજ થાય છે. આ સોહંના જાપનું ઘણું મહત્ત્વ છે. આ સાધન સહજ છે. આપોઆપ-જપ્યા વગર સોહંનો જપ થાય છે માટે એને અજપાજપ કહે છે. પૂ.સ્વામી પાગલ મહારાજ 'ભજન કીર્તન' નામના એમના પુસ્તકમાં સોહં વિશે કહે છે કે :

**તીન નામ હૈ બ્રહ્મ કે 'ૐ' 'સોહમ્' 'રામ' ।**
**ઈષ્ટભેદસે જપત હૈ ન્યારે ન્યારે નામ ॥**

**જ્ઞાની સોઽહં કહત હૈ, યોગીહૂ ૐકાર ।**
**ભક્ત રામ કો જપત હૈ, કહૈ કબીર વિચાર ॥**

**શ્વાસાકી કર સુમિરણી, કર અજપાકો જાપ ।**
**પરમતત્ત્વકો ધ્યાન ધર, સોઽહં આપોઆપ.**

**બાહ્ય અને અંતર અજપાજપમાં પ્રાણ-અપાનની ગતિમાં સુરતા રાખવાની છે.**
**હંસા-સોહં સોહં હંસા બાર બાર ઉલટાત ।**
**સતગુરુ પૂરા ભેદ બતાવે, નિશ્ચલ મન ઠહરાત ॥**

આ બધામાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની કૃપા અને માર્ગદર્શન અનિવાર્ય છે. પરંતુ આવા સમર્થ સદ્‌ગુરુ મળે ક્યાંથી ? સાચા ગુરુ મળવા મુશ્કેલ, મળે તો ઓળખવા મુશ્કેલ અને ઓળખાય તો જીરવવા મુશ્કેલ. પૂ.બાપજી લખે છે કે :

**વેષધારી વાટમાં, દુર્લભ સંત સુજાણ,**
**સદ્‌ગુરુ પુણ્યે સાંપડે, કરે જ્ઞાનનું દાન.**

**શિષ્ય વિત્તહારક બહુ, ચિંતાહારક કોક,**
**ફરે વિપ્ર ગુરુ શોધમાં, જોઈ હસે કુલોક.** (અ.૧.દો.૧૨૨-૧૨૩)

ડગલે ડગલે લીમડા એટલે લાખ પત્થરો - ચંદન વિરલું કોક એટલે લાખોમાં રત્ન લપાયું અને કલ્પદ્રુમ તો ક્રોડમાં એટલે લાખો રત્નોમાં પારસમણિ પાયું એમ ગણાય.

અજ્ઞાનની-મોહની-નિદ્રામાં સૂતેલાને ગુરુમંત્રનો ડંકો જગાડે છે. જન્મોજન્મથી માયાની ઊંઘમાં ઊંઘતા જીવને ગુરુ સાનમાં સમજાવી દે છે, સાવધાન કરી દે છે અને જન્મમરણના



ચક્કરમાંથી છોડાવી દે છે.

સદ્‌ગુરુ અને શિષ્યનો સંબંધ એ જન્મોજન્મથી ચાલી આવતો હોય છે. પ.પૂ.બાપજીએ પૂ. પ્રેમઅવધૂતજીને કહેલું કે, આપણો સંબંધ જુનો ચાલી આવે છે. ગુરુના દર્શન થતાં જ શિષ્યને તેનામાં દેવભાવ આવવો અને તેની સાથે એ પ્રમાણેનું વર્તન કરવું એ સહેલું નથી. **''હરતાં ફરતાં રંગનું ચિંતન, તન-મન-ધન સહુ રંગ સમર્પણ''** એવો પૂ. પ્રેમઅવધૂતજીનો પૂ.બાપજી પ્રત્યે ભાવ હતો. સતત ગુરુનું સ્મરણ-ચિંતન કરનાર શિષ્યમાં ગુરુના જેવા સદ્‌ગુણો ખીલવા માંડે છે અને પછી લોકોને શિષ્યમાં ગુરુના જેવો ભાવ જાગે છે.

જો ગુરુ પ્રત્યે શિષ્યનો સેવાભાવ ઊંચો હોય તો પછી એ શિષ્યનું સ્વરૂપ જ ગુરુમય થઈ જાય. પૂ.બાપજી લખે છે :

**ગુરુસેવા પદ્ધતિ લહે, તે જાણે સહુ વેદ,**
**મંત્ર, તંત્ર, કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ.** (અ.૭૭.દો.૩૯)
**સદ્‌ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર, તેહ,**
**ગુરુનામામૃતપાનથી, જાય મરણ સંદેહ.** (અ.૩.દો.૧૪૩)

આપણે બડભાગી છીએ કે આપણને **પ.પૂ. રંગઅવધૂત બાપજી મળ્યા અને પૂ.પ્રેમઅવધૂતજીના શિષ્યભાવના દર્શનનો લાભ મળ્યો.**

❖❖❖

## ભજન (૪૪)
## નહિ જાઉં રે નેહાળે, મહેતાજી મારે !

**(રાગઃકાલિંગડા; તાલઃદાદરા)**
**(રામ રામ રે ગયા જીવને રડતા નથી - એ એકતારાની ધૂન)**

**નહિ જાઉં રે નેહાળે, મહેતાજી મારે! ...ધ્રુ.**

**એની સોટી છે લાખો મોટી મોટી;**
**કંઈક સારી ને કંઇ તો સાવ ખોટી. ...નહિ૦ ૧.**

ફરતો નેહાળને એક મોટો કોટ;
કરી મૂકે છોરાં દોટંદોટ રે. ...નહિ૦ ૨.

ભૂલભૂલામણી ને ઊંડી ખાડો;
વચ્ચે વચ્ચે છે કાંટાની વાડો રે. ...નહિ૦ ૩.

વર્ગે વર્ગે તે પાઠ અનેરો;
મારી મારી ઉતારે એ [1]ખાલો રે. ...નહિ૦ ૪.

ઘડીએ ઘડીએ ઘંટ વગાડે;
પહેલો છેલ્લો, છેલ્લો પહેલો કાઢે રે. ...નહિ૦ ૫.

છૂટાબારી છે એક જ કોટે;
પામે પુણ્યે પનોતી જો ખૂટે રે. ...નહિ૦ ૬.

દ્વારપાળ છે રંગ દયાળુ;
કૂંચી આપીને ખોલે એ તાળું રે. ...નહિ૦ ૭.

૧. ચામડી.

❖❖❖

## અર્થ

હું નિશાળે (નેહાળે) નહિ જાઉં. ત્યાં તો મહેતાજી-માસ્તર સોટી મારે છે.

એ તો ખૂબ ખૂબ (લાખો) સોટી મારે છે અને સોટી પણ મોટી મોટી છે. એવી સોટી મારે છે. એમાં કેટલીક સોટી મારે છે તે વ્યાજબી છે-કારણસસરની છે, પણ કેટલીક તો વગર કારણે નાહકની મારે છે.

નિશાળને ફરતે એક મોટો કિલ્લો છે. છોકરાંઓ દોડાદોડી કરી મૂકે છે. આ નેહાળના મેદાનમાં ભૂલભૂલામણી છે, ઊંડો ખાડો છે અને વચ્ચે વચ્ચે કાંટાની વાડો છે.

દરેક વર્ગે જુદો જુદો પાઠ હોય છે અને ન આવડે તો મારી-મારીને ચામડી ઉતારી નાંખે છે.

વારેઘડીએ ઘંટ વગાડ્યા કરે છે. પહેલો બેઠો હોય તેને છેલ્લો જવા દે અને છેલ્લો બેઠો હોય તેને પહેલો જવા દે છે.

આ કોટ-કિલ્લામાંથી બહાર જવાની એક જ છૂટાબારી છે. જેના પુણ્યો બરાબરના ફળ્યા હોય તેની પનોતી પૂરી થાય છે અને એને બહાર જવાનું મળે છે.

દયાળુ ગુરુમહારાજ એ કિલ્લાના દ્વારપાળ છે એની પાસે કૂંચી છે. એ કૂંચી આપીને તાળું ખોલવા દે છે.

❖❖❖

## વિવરણ

આ ભજન એક રૂપક કાવ્ય છે. વિદ્યાર્થી નિશાળે (નેહાળે) જવાની ના કહે છે. શું કામ ના કહે છે ? એને નિશાળે જવાનું આકર્ષણ નથી, પણ નિશાળની બીક છે. નિશાળે જવું એટલે મહેતાજીનો-માસ્તરનો - માર ખાવા તૈયાર રહેવાનું. માસ્તર પ્રત્યે પ્રેમ જાગતો નથી. આ વાતાવરણને દૂર કરવા મોન્ટેસરી પદ્ધતિનો ખ્યાલ સ્વીકૃત થયો. નિશાળે જવું ગમે એવું વાતાવરણ ઊભું કરો. મહેતાજી પ્રત્યે પ્રેમભાવ જાગે એવું કંઈ કરો. પરંતુ નાની છોકરીને નાનપણથી જ “સાસરે જશે એટલે ખબર પડશે, તારી વાઘણ જેવી સાસુ આવું નહિ ચલાવી લે, ફાડી ખાશે.” આવું સાંભળવા મળ્યું હોય તો તેને લગ્ન કરવાની ઈચ્છા જ થતી નથી. “મારે પરણવું નથી”ની રેકર્ડ વાગવા માંડે છે.

આ ભજન આપણને જે સંદેશો આપવા માગે છે તે કર્મ કરતાં કરતાં સાવધાની રાખવાનો સંદેશો છે. માણસ કર્મ કર્યા વગર રહી શકતો નથી. કર્મબંધન ઊભું કરે છે અને એ કર્મબંધનને કારણે જીવ જન્મમરણના ચક્કરમાં ફર્યા કરે છે. આમાંથી બહાર નીકળવાનો ઉપાય ? કર્મ કરો પણ એવી રીતે કરો કે જેથી બંધન ઊભું ન થાય. કર્મરૂપી ચાવીથી તાળું ખોલી પણ શકાય અને તાળું બંધ પણ કરી શકાય. ચાવી ફેરવતાં ફાવવું જોઈએ, આવડવું જોઈએ. સ્નેહી શ્રી નવિનભાઈ પાઠકે આ ભજન આ રીતે સમજાવ્યું છે :

આ ભજનમાં નેહાળ-નિશાળ-એટલે કર્મભૂમિ. આ કર્મભૂમિમાં આવ્યા અને કર્મ કર્યું એટલે એનું સારું કે નરસું પરિણામ ભોગવવું જ પડે. માટે કર્મ કરતાં પહેલાં સો વાર વિચાર કરો. જે ખોટાં કર્મો કરે છે તેને બીક છે અને નિશાળે જવું ગમતું નથી. જે વિદ્યાર્થી ભણવામાં હોશિયાર છે, રોજનું લેસન રોજ કરે છે, સમયસર નિશાળે જાય છે એ તો શિક્ષકનો પ્રેમ મેળવે છે. એને તો નિશાળે જવાની મઝા પડે છે. પરંતુ ઠોઠ અને તોફાની વિદ્યાર્થીને નિશાળે જવું ગમતું નથી અને તે મહેતાજી મારે એવી ફરિયાદ

કરે છે.

દુષ્કર્મો કરનાર મૃત્યુવેળાથી ગભરાતો હોય છે. પૂ.પાંડુરંગ આથવલેજી કહે છે કે, જગદ્‌ગુરુ શંકરાચાર્ય જેવા જીવ તો યમરાજા બોલાવે તે પહેલા જ હાજર થઈ જાય. આઠ વર્ષે ઉપર પહોંચી ગયા. ભગવાને કહ્યું કે, નીચે જાવ. વૈદિક સંસ્કૃતિનો ઉદ્ધાર કરવાનો છે. પૂ.બાપજી લખે છે તેમ ''યમરાજ કરે આવી પ્રણતિ' અને ''જમઘર અડિંગ લગાના'' જેવું જીવન જીવવું જોઈએ.

જેણે નિયમીત રીતે અભ્યાસ કર્યો છે, તે પરીક્ષાથી ગભરાતો નથી. પરંતુ આખું વર્ષ રખડી ખાનારાને પરીક્ષા ગભરાવે છે. આપણા બાપજીએ રેવા તટે તપ કર્યું અને ગંગા તટે મૃત્યુને વર્યા. ''રેવાતટે તપઃ કુર્યાત્ મરણં જાહ્નવી તટે'' ઉક્તિને જીવી બતાવી. મુ. સુમનકાકા કહેતા કે, પૂ.બાપજી કહેતા કે, ''હું છેલ્લી ઘડીએ-મૃત્યુવેળાએ = બેભાન થવાનો નથી, પણ કદાચ થાઉં તો મને જે એલોપથીની દવા આપશે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગશે.'' અને ખરેખર પૂ.બાપજી છેલ્લે છેલ્લે પણ ભાનમાં જ રહ્યા. પૂ.બાપજી જેવું જીવનાર ન તો નેહાળથી ડરે કે ન તો માસ્તરથી ડરે.

માસ્તરની સોટી એ સારા-ખરાબ કર્મોના પરિણામરૂપ સુખદુઃખ સૂચવે છે. સત્કર્મનું ફળ પુણ્ય-પુણ્યનું ફળ સ્વર્ગ. દુષ્કર્મનું ફળ પાપ. પાપનું ફળ નરક. વ્યક્તિ પોતાના કર્મોનું ફળ જ ભોગવે છે. અપવાદરૂપ કોઈવાર પખાલીના વાંકે પાડાને ડામ દેવાયા હશે. વગર વાંકે દંડાયા હોય એવા કિસ્સા અપવાદરૂપ હોય છે અને ભૂલ તો ભગવાનની પણ થાય એ વાક્યને સાચું પાડતા હોય છે.

કર્મભૂમિરૂપ નેહાળને ફરતે કોટ છે એટલે કોઈ કર્મફળ ભોગવ્યા વગર છટકી જાય નહિ. માણસ કર્મ કરતાં વિચારતો નથી, પણ પરિણામ ભોગવવાનું આવે ત્યારે રડે છે. પૂ.બાપજી કહે છે કે તમારે તો અમૃત ખાવું નથી, ઝેર ખાવું છે અને અમર થવું છે. આવું તો કેવી રીતે બને ? ખોટું કરવામાં હુંસાતુંસી કરો છો અને સુખની આશા રાખો છો. વેણીભાઈ પુરોહિતનું એક કાવ્ય છે. એની બે પંક્તિ વિચારવા જેવી છે :

જાગો રે હો જીવ ઉદાસી, જાગો.
આ કાયા કુટિલની નગરી ને આ કાયા છે કાશી.
રામ-રાવણના યુદ્ધ મહીં છે રામ રાવણ એક રાશી,
એકની લખતી લેખ વિધાતા, બીજાની છે દાસી...જાગોરે.

આમ, આપણા લેખ કોઈ લખે કે આપણે કહીએ તેમ એ લખે એ વિચારવાનું છે. પ.પ. સ્વામી મહારાજે ભગવાનને બેધડક કહી દીધું કે, હું સંન્યસ્ત-ચતુર્થાશ્રમ- લીધા



વિના આવવાનો નથી. તમારે લઈ જવા હોય તો અન્નપૂર્ણાપત્નીને લઈ જાવ.

કરેલું કર્મ એ ધનુષ્યમાંથી છૂટેલું બાણ છે. જ્યાં સુધી બાણ છૂટ્યું નથી ત્યાં સુધી વાત બધી તમારા હાથમાં છે, બાણ છૂટ્યા પછી એનું પરિણામ બદલી શકાતું નથી. પરિણામ જોતા રહેવું પડે, ભોગવવું જ પડે.

કર્મના ફળ હસતાં હસતાં ભોગવવામાં જ ડહાપણ છે. પરંતુ દરેક વ્યક્તિનો સ્વભાવ એકસરખો હોતો નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ કહે છે કે, દરેકને ભોજન પણ પોતપોતાના સ્વભાવ અનુસાર ત્રણ પ્રકારનું ગમતું હોય છે : સત્ત્વ, રજસ અને તમોગુણના લક્ષણો પણ ગીતા દર્શાવે છે. એટલે જીવ પોતાના સ્વભાવાનુસાર-ગુણ અનુસાર - કર્મ કરે છે. પૂ.બાપજી સાત્ત્વિકતાનું મૂર્તસ્વરૂપ હતા. એટલે એમના જીવનની બધી જ વૃત્તિ-પ્રવૃત્તિ સાત્ત્વિક રહી. પૂ.બાપજી કોણ હતા એ જાણવામાં કદાચ નીચેના દોહરા પ્રકાશ ફેંકી શકશે.

**એક માત્રા ધ્યાનથી જાએ જો કદી પ્રાણ,**
**ભૂલોકે જન્મે ફરી ઋગવેદે એ માન.**
**બ્રહ્મકુલે જન્મી તિહાં, બ્રહ્મચર્યથી એમ,**
**કરી તપસ્યા જ્ઞાનથી વરે નિર્વાણ તેમ.** (અ.૩૭.દો.૧૨૧-૧૨૨)

તમોગુણ પ્રધાન વ્યક્તિ હઠ કરીને સંત બને તો પણ મોડી રાતે ખાય અને વાસી પણ ખાય એવું બને અને સત્ત્વગુણ પ્રધાન સંસારી સૂર્યાસ્ત પછી ન ખાય અને વાસી ન ખાય એવું પણ બને. પૂ.પ્રકાશાનંદજી મહારાજના ગુરુ પૂ. લલ્લુભાઈ ગોરધનભાઈ ગોધરાના ડેપ્યુટી કલેક્ટર હતા અને સંસારી હતા. તમોગુણી વ્યક્તિના કાર્યોનું પરિણામ કાંટાની વાડો જેવી હેરાનગતિ ઉભી કરે છે. રજોગુણી વ્યક્તિના કાર્યો ઊંડા ખાડા સમાન બને છે અને સત્ત્વગુણ પ્રધાન વ્યક્તિના કર્મો ભૂલભલામણીરૂપ બની શકે. સત્ત્વગુણ એ પણ એક ગુણ છે એટલે છેલ્લે તેનો પણ નાશ કરવાનો છે, પરંતુ નછૂટકે કોઈ ગુણને રાખવાનો જ હોય તો સત્ત્વગુણને સેવવો.

હવે નેહાળમાં જુદા જુદા વર્ગો હોય છે અને એ વર્ગોમાં બેઠેલાએ ભણવાના પાઠ પણ જુદા જુદા હોય છે. માનવીના જીવનને નાટક સાથે સરખાવો તો એમાં એણે વિધવિધ વેષ ભજવવા પડતા હોય છે. પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-બહેન, ગુરુ-શિષ્ય જેવા વેષ ભજવવામાં જે કાંઈ સહન કરવું પડે તે સહન કર્યે જ છૂટકો. પ્રેમ-સ્નેહ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-ઝઘડા, વેરઝેરના આ અનેરા પાઠો તમે ના ઈચ્છો તો પણ ઘણીવાર ભણવા પડે છે. એટલે પૂ. પ્રેમઅવધૂતજીએ 'પ્રેમ પંચશીલ' આપી.

● **પ્રેમમાં જીવો.**
● **પ્રેમથી જીવો.**
● **પ્રેમને જીવો.**
● **પ્રેમ આપો તો પ્રેમ મળશે.**
● **પ્રેમ નહિ મળે તો પણ પ્રેમ આપ્યાનો સંતોષ તો થશેજ.**
**આ છે પ્રેમ સંદેશ.**

આ બધા બનાવો પ્રત્યે વિધેયાત્મક વલણ દર્શાવવામાં જ ડહાપણ છે, સુખ છે. પૂ. રામસુખદાસજી મહારાજ કહે છે કે, કોઈ બાઈકવાળો તમારી સાથે અથડાય અને તમને ફ્રેક્ચર થાય તો તેને થેંક્યું (Thank you) કહેજો. કારણ શું ? તમારું કર્મફળ ભોગવવામાં એ નિમિત્ત બન્યો અને એણે તમને કર્મના બંધનમાંથી મુક્ત કર્યો એ કારણ.

આ નિશાળમાં વારે વારે ઘંટ વાગે છે અને પહેલો હોય તે છેલ્લો જાય અને છેલ્લો હોય તેને પહેલો જવા દે. આ ઘંટ એટલે નિશાળમાંથી-કર્મભૂમિમાંથી છૂટવાનું પ્રતીક. એને મૃત્યુઘંટ કહો કે મુક્તિ ઘંટ. કેટલાક નિશાળમાથી છૂટે પણ પાછું નિશાળમાં તો આવવું જ પડે. નિશાળે આવવાનું બંધ થતું નથી. જ્યારે કેટલાક નિશાળેથી છૂટે પછી નિશાળે આવવાનું જ બંધ થઈ જાય. સંસારીની જન્મમરણની પરંપરા ચાલુ રહે કારણ કે એ પ્રારબ્ધ ભોગવી મૃત્યુ પામે તે પહેલાં આ જન્મે બીજા કર્મો કર્યા હોય.

કર્મોના ત્રણ પ્રકાર. કર્મ કરો અને તેનું તરત ફળ મળે એવું કર્મ. આને ક્રિયમાણ કર્મ કહેવાય. પાણી પીધું અને તરસ મટી. કેટલાક કર્મો એવા કે એનું ફળ મળતાં વાર લાગે. આવાં કર્મો ભેગાં થાય, એને સંચિત કર્મો કહેવાય. આ સંચિત કર્મો પૈકીના જુદા જુદા કર્મોને ફળ આપતાં જુદો જુદો સમય લાગતો હોય. આ સંચિત કર્મો પૈકી જે કર્મો ફળ આપવા તૈયાર થયા છે એ કર્મો ભોગવવા માટે વ્યક્તિ જન્મ ધરે તો એ ફળ આપવા તૈયાર થયેલાં કર્મોના સમૂહને 'પ્રારબ્ધ' કહેવાય છે. આ પ્રારબ્ધ ભોગવ્યે જ છૂટકો.

નિષ્કામ ભાવે, નિમિત્ત બનીને ઈશ્વર પ્રીત્યર્થે કર્મ કરો તો એ બંધનકારક થતાં નથી. ઈશાવાસ્યોપનિષદ કહે છે કે, કર્મ બંધનકારક હોતાં નથી, પરંતુ એમાં રહેલી આસક્તિ જ બંધનકારક હોય છે. આસક્તિ વિશે કહેવાય છે કે, એ ''આ સકતી લેકિન જા નહિ સકતી.''

આ કર્મભૂમિરૂપી નિશાળના કોટમાંથી છટકવાની છટકબારી નથી, પરંતુ એમાંથી છૂટવાની-કાયદેસર બહાર નીકળવાની - છૂટાબારી છે. આવી એક જ બારી છે, પરંતુ



વ્યક્તિનું પુણ્ય ફળે ત્યારે જ જન્મમરણની પનોતી ખૂટે છે, તૂટે છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

**મૂકી સહુ માન અંધા, પાયે પડ સદ્‌ગુરુ રંગા,**
**પનોતી પૂરી થાશે રે મૂરખ પ્રાણી... ડાચું શું દર્પણ.**

છેલ્લે પૂ.બાપજી કહે છે કે, આ કોટનો દ્વારપાળ-સદ્‌ગુરુ-દયાળુ છે. એ આપણને કૂંચી આપીને પછી એ તાળું ખોલી આપી આપણનો જન્મમરણનો ફેરો ટાળે છે. જન્મમરણને રોગ ગણીએ તો સદ્‌ગુરુ એ કરુણાસભર વૈદ્ય છે. એમ પૂ.બાપજી અક્ષરગીતામાં કહે છે.

**ઔષધં ભગવન્નામ વૈદ્યો કારુણિકો ગુરુઃ ।**
**સંસારરોગનાશાય પથ્યઃ સાધુસમાગમ ॥**

આ કર્મની કરામત એ છે કે, આ વિશ્વ જ કર્મપ્રધાન છે.

**''કર્મપ્રધાન વિશ્વ કરી રાખા.''**
**જો જસ કર હિં સો તસ ફલ ચાખા ।**

ભગવાને માણસને બુદ્ધિ આપી, પરંતુ એ બુદ્ધિનો શું ઉપયોગ કરવો એ નક્કી કરવાની સ્વતંત્રતા પણ આપી. વ્યક્તિ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને જે કર્મ કરે તે કર્મનું. તેણે ફળ ભોગવવું પડે.

પૂ.બાપજી આ વાતને એક ભજનમાં આ રીતે મૂકે છે :

**લખ ચોરાશી જાતિ કીધી, કળ કર્મતણે હસ્તક દીધી,**
**વિધવિધતામાં ન કમી કીધી, મન મૂઢ અજાણ...**

આપણે કર્મ કરતી વખતે આંખમિંચામણા કરીએ છીએ. મનને ગમે તેવું કર્મ કરીએ છીએ અને પછી ફળ ભોગવતી વખતે રડીએ છીએ. ખરાબ કર્મો કરનાર પછી નેહાળે જવાનું ક્યાંથી પસંદ કરે ?

કર્મ વિશેનું પૂ.બાપજીનું કેટલુંક લખાણ યાદ કરીએ :

● **કર્મૈવ કારણં વિદ્ધિ જીવાનાં સુખદુઃખયોઃ ।**
**સાર્થં બન્ધાય નિષ્કામં મુક્તયે સમુદાહૃતમ્ ॥** (અક્ષરગીતા શ્લોક. ૧૪)
● **કર્મ કૃત્તિકા અટલ કાયદો વાવે તેવું લણવું રે,**
**બાવળ વાવ્યે કંટક પામે, આંબે કેરી સાખ,**
**સહુ નિજ હસ્તક રે... સખી શરદપૂનમની.**

- કર્મ સંગાતે રે, જીવડા જાવું જમ દરબાર,
  લાડી, વાડી રે, ગાડીઓ કામ ન આવે લગાર.
- કરવું તો નિષ્કામ કર્મ હો સાધો.
- કર્મ કારમા કરશે જેહ, આખર એકલ રોશે એહ.
  કર્યાં કર્મ ભોગવ્યે છૂટાય, આપ કરે ને આપ બંધાય.
- એ તો કર્મ કાયદો કહ્યો, તું પોતે અકર્મા રહ્યો.
- દેવ, ઋષિ, કિન્નર ભલે હોય જ્ઞાની કે મૂઢ,
  અટલ કાયદો કર્મનો કોઈ ન પામે છૂટ. (અ.૩.દો.૪૬)
- કક્કા કર્મતણી છે વસમી વાટડી,
  વાવે તેવું પામે સહુ કો જગ્તજો.
  કૂડાં કર્મ તણું ફળ કૂડું છે નકી
  રૂડાં કર્મતણું ફળ રૂડું જાણજો.
- કર્મ ન છોડે કોઈને હોય રાય કે રંક,
  ઓચિંતુ આવી ગ્રહે, વત્સ ધેનુ નિઃશંક. (અ.૬૨.દો.૨૦૫)

આપણે નિષ્કામ ભાવે સત્કર્મો કરી, આપણી સ્લેટ કોરી રાખીએ અને ભણવાના પાઠ બરાબર વાંચીએ તો નિશાળે જવાનું ગમે અને માસ્તરના પ્રીતિપાત્ર વિદ્યાર્થી બનીશુ.

❖❖❖.

### ભજન (૪૫)

## જોયો આજે, યતિવર ત્રિભુવનમાં રાજે !

**(રાગઃઆસા; તાલઃકહેરવા)**
**(ગુરુ ઘર આવ્યા - એ રાહ)**

**જોયો આજે, યતિવર ત્રિભુવનમાં રાજે! ...ટેક.**

**ભકતસુભાગ્યોદયકર સવિતા, મહીતલે નિજ ભક્તત્રાતા;**
**નૃસિંહસરસ્વતી [1]જનિમૃતિહર્તા, કીર્તિ ગાજે! .યતિવર૦ ૧.**



**દીઠો આજે નજરે એવો; [2]યત્પદકંજસુવાસે દેવો**
**દોડે; સ્મરતાં [3]અઘહર તેવો, સુખદ વિરાજે! .યતિવર૦ ૨.**

**દીનબંધુ ભક્તેષ્ટદ સદ્ગુરુ, સગુણ બ્રહ્મ પ્રત્યક્ષ મૂર્તિધર;**
**દંડકમંડલુશોભિત વરકર, ભક્તને કાજે! .યતિવર૦ ૩.**

**યત્પદસ્પર્શે ગાણગાપુર આ, થયું કૈલાસ સમુ ભૂ પર હા!**
**વસે ભક્તપ્રિય જ્યાં નરહરિ આ! વૈખરી લાજે!! .યતિવર૦ ૪.**

૧. જન્મમરણ હરનાર. ૨. જેના ચરણકમળની સુવાસથી. ૩. પાપ હરનાર.

❖❖❖

## અર્થ

આજે ત્રિભુવનમાં શોભતા સંન્યાસીશ્રેષ્ઠ (યતિવર)ને જોયો.

એ ભક્તને માટે સદ્‌ભાગ્યનો ઉદય કરનાર સૂર્ય છે. પૃથ્વી ઉપર એ પોતાના ભક્તોનું રક્ષણ કરનાર છે. જન્મમરણને હરનાર એવા ગુરુમહારાજ શ્રીમન્નૃસિંહ સરસ્વતીની કીર્તિ ગાજી રહી છે.

જેના ચરણકમળની સુવાસે દેવો પણ દોડી આવે છે અને જેનું સ્મરણ કરતાં પાપોનો નાશ થાય છે એવો યતિવર આજે નજરોનજર જોયો. એ સુખપૂર્વક વિરાજી રહ્યો છે.

એ ગરીબોનો બેલી છે, ભક્તને એનું જેમાં કલ્યાણ હોય એવી ઈષ્ટ વસ્તુ આપનાર સદ્ગુરુ છે, સગુણ બ્રહ્મની પ્રત્યક્ષ મૂર્તિરૂપ છે. એણે એના સુંદર હાથોમાં ભક્તને માટે ધારણ કરેલા દંડ અને કમંડલુ શોભે છે.

જેના ચરણસ્પર્શે આ ગાણગાપુર ધરતી પરનું કૈલાસસમું ધામ બન્યું તે આ સ્થળે ભક્તપ્રિય નરહરિ-નૃસિંહ સરસ્વતી-વસે છે. એના ગુણગાન ગાતાં-યશોગાન ગાતાં - વાણી પણ શરમાય છે.

❖❖❖

## વિવરણ

આ ભજનમાં દત્તાવતારી શ્રીમન્નૃસિંહ સરસ્વતીનું યશોગાન કરવામાં આવ્યું છે. આવું યશોગાન પોતાના સદ્‌ગુરુમાં-ઈષ્ટદેવમાં - રહેલી એકનિષ્ઠાનું પ્રતીક છે. શ્રદ્ધા અને

વિશ્વાસને તુલસીદાસજી મા પાર્વતી અને ભગવાન શંકરની ઉપમા આપે છે. ભગવાનની વંદના કરતાં તેઓ કહે છે : **"ભવાની શંકરૌ વંદે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ ।"**

નૃસિંહ સરસ્વતી યતિઓમાં-સંન્યાસીઓમાં શ્રેષ્ઠ (વર) છે અને સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ એમ ત્રણે ભુવનમાં શોભી રહ્યા છે. પોતાના ઈષ્ટદેવનું કાર્ય ભક્તનું દુઃખ દૂર કરી સુખનો પ્રકાશ પાથરવાનું છે. ભક્તોના સદ્ભાગ્યનો સૂર્ય છે એટલે દુઃખરૂપી અંધારું દૂર કરી સુખરૂપી પ્રકાશ પાથરે છે. આ ધરતી પર પોતાના ભક્તનું રક્ષણ કરનારા છે. મોટામાં મોટું દુઃખ છે જન્મમરણના ચક્કરમાં ફર્યા કરવાનું. આ દુઃખ નૃસિંહ સરસ્વતી હરી લે છે. એમની આવી કીર્તિ સંભળાય છે.

સ્વામી બ્રહ્માનંદનું એક ભજન છે. સંત પરમ હિતકારી છે એવો ભાવ છે.

**સંત પરમ હિતકારી, જગતમાહીં સંત.**
**પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ,**
**ભરમ મીટાવત ભારી... જગતમાહીં.**

આપણા બાપજીએ પણ ભક્તોનાં દુઃખ હર્યાં, રક્ષણ કર્યું, પરંતુ સૌથી મહત્ત્વનું તો એ કે, એમને સત્કર્મનું મહત્ત્વ સમજાવી સત્કર્મ કરવા પ્રેર્યા. ધમડાછાના ભક્તોને સમજાવતાં કહ્યું કે, તમે દારૂડિયા સાથે બેસશો તો દારૂ પીતાં શીખશો, જુગારી સાથે બેસશો તો જુગાર રમતા શીખશો અને અમારા જેવા સંતો સાથે બેસશો ને સારી વાતો સાંભળશો તો સારા વિચારો આવશે ને સારા વિચારો આવશે તો સારા કર્મો કરશો. હવે સારા કર્મો કરશો એટલે સારું ફળ-સુખ તો મળશે જ. પરંતુ એ તમારા કર્મોનું જ ફળ મળશે.

સંતો પોતાના શરીરનો બીજાના સુખ માટે ઉપયોગ કરે છે. પોતાની જાત બીજા માટે ઘસી નાખે છે. લોહીનું પાણી કરે છે ત્યારે તેનામાં સિદ્ધિ અને શક્તિ આવે છે. ભગવાન પણ આવા ભક્તની પાછળ પાછળ ફરે છે. શ્વાસે શ્વાસે ઈષ્ટદેવનું સ્મરણ, દૈવીસંપત્તિનું સેવન, આસુરી વૃત્તિ-સંપત્તિનો નાશ વગેરે દ્વારા સંતો-દેવપુરુષ થઈ જાય છે.

આપણા બાપજીએ સાત ગામની સ્મશાનભૂમિ એવી નારેશ્વરની ભૂમિને તીર્થભૂમિ બનાવી દીધી. નિબિડ વનને નંદનવન બનાવી દીધું. 'ચંદન નારેશ્વરની માટી' એ પૂ.બાપજીની તપશ્ચર્યાની કમાલ છે, પરંતુ એ માટે પૂ.બાપજીએ કેટલું કષ્ટ વેઠ્યું એ વિચારવું જોઈએ અને આપણે પણ એ રીતે જીવવું જોઈએ.



પૂ.બાપજી એક ભજનમાં કહે છે : "બનજા અવધૂતા, અવધૂતા." પિતાને, ગુરુને એવી ઈચ્છા હોય કે જે રસ્તે હું ચાલ્યો એ જ રસ્તે મારો દીકરો, શિષ્ય પણ ચાલે. આપણું શાસ્ત્ર તો 'શિવો ભૂત્વા શિવં યજેત્' કહે છે. આપણે શિવ જેવા બનીને શિવની પૂજા કરવી જોઈએ. કદાચ આવું ન કરી શકીએ તો પણ શિવની પૂજા કરતાં કરતાં તો શિવ જેવા બનીએ. માનો કે શિવ જેવા ન બની શકીએ તો પણ શિવ જેવા થવાનો પ્રયત્ન તો કરી શકીએને !

આ ભજનમાં પૂ.બાપજી 'ભક્તેષ્ટદ' શબ્દ વાપરે છે. ભક્તનું જેમાં કલ્યાણ હોય તેવું આપે છે, ભક્ત માગે તે આપતો નથી. શ્રીગુરુલીલામૃતમાં બાપજી લખે છે કે :

**શરણાગતને વજ્રપંજરસમ ગુરુ નિર્ધાર,**
**સ્મરણમાત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.**

આમ, ગુરુ મહારાજ સ્મર્તૃગામી છે, તેથી સ્મરણમાત્રથી હાજર થઈને ફળ આપે છે. તરત ફળ આપે છે. પરંતુ ઈષ્ટફળ આપે છે. એટલે આપણને માગવાની છૂટ. પરંતુ પછી અરજીના જવાબમાં જે મળે તેને બાપજીની મરજી માની એને આનંદપૂર્વક સ્વીકારી લેવું જોઈ.

જે પરિસ્થિતિ આવી પડે તેનો સહજ સ્વીકાર અને સહર્ષ સ્વીકાર કરી શકીએ એ માટે જ સાધના કરવાની છે. પૂ.બાપજીએ શ્રીમન્નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજના જેમ યશોગાન ગાયાં તેમ આપણે પણ આપણા જીવન વ્યવહાર દ્વારા પૂ.બાપજીના યશોગાન ગાઈએ એવી અભીપ્સા.

"દંડ કમંડલુ શોભિત વર કર, ભક્તને કાજે" એ લીટી ભગવાનનો-ગુરુ મહારાજનો ભક્ત પ્રત્યેનો પ્રેમ સૂચવે છે. ભગવાન ભક્તને આધિન છે. સાચા ભક્તની ભક્તિથી પછી સ્વામી સેવક બને છે અને સેવક સ્વામી બની જાય છે. આદિપુરાણમાં કહ્યું છે :

**સદા મુક્તોઽપિ બદ્ધોઽસ્મિ ભક્તેષુ સ્નેહરજ્જુભિઃ ।**
**અજિતોઽપિ જિતોઽહં તૈરવશોઽપિ વશીકૃતઃ ॥**

હું મુક્ત હોવા છતાં ભક્તોના પ્રેમરૂપી દોરે બંધાયેલો છું અને અજીત હોવા છતાં તેમના દ્વારા જીતાયેલો છું તથા અવશ હોવા છતાં ભક્તો દ્વારા વશીકૃત છું.

❖❖❖

## ભજન (૪૬)
## જય જય સ્વામી સદ્‌ગુરુ વંદું વારંવાર

(રાગઃસારંગ; તાલઃદીપચંદી)
(સુખ દુઃખ મનમાં ન આણીએ - એ રાહ)

**જય જય સ્વામી સદ્‌ગુરુ વંદું વારંવાર;**
**જગદુદ્ધારે તેં ધર્યું નરરૂપ આ સાર! ...ટેક.**

**કૃપાનિધે કીર્તિ તાહરી, ગાતાં આવે ના પાર;**
**દયા કરી દોષ વિસરી, બાળ તારું આ તાર! ...જય૦ ૧.**

**વિશ્વ વ્યાપીને તું, વધ્યો સચ્ચિદાનંદપૂર્ણ;**
**જય ત્રિમૂર્તિ નમું તને! દોડ વ્હારે તું પૂર્ણ! ...જય૦ ૨.**

**માયા [1]દુરત્યય તાહરી નકી [2]ત્વદુક્તિ પ્રમાણ;**
**ઘેરાયો હું એ થકી; શરણ કોઈ ન આન! ...જય૦ ૩.**

**તારક નામ તારું ભજું, માયાદુર્ગ ભેદાય;**
**કર કૃપા એવી પ્રભો, લાગું ફરી ફરી પાય! ...જય૦ ૪.**

**આપ ભક્તિસુખ તાહરું, તેમ સત્સંગ તદર્થ;**
**દોડ હવે નૃસિંહસરસ્વતી, જાય જન્મ આ વ્યર્થ!! .જય૦ ૫.**

૧. ઓળંગવાને મુશ્કેલ. ૨. તારું (ભગવાનનું) વચન.

❖❖❖

## અર્થ

હે સદ્‌ગુરુ સ્વામી ! તારો જય હો. હું તને વારંવાર વંદન કરું છું. જગતનો ઉદ્ધાર કરવા તેં આ માનવરૂપ ધારણ કર્યું છે.

હે કૃપાના ભંડાર! તારી કીર્તિ ગાતાં, એનો પાર આવે એમ નથી. મારા ઉપર દયા લાવીને અને મારા દોષોને ભૂલી જઈને તારા આ બાળકનો ઉદ્ધાર કર.



હે સચ્ચિદાનંદપૂર્ણ ! આ વિશ્વમાં બધે વ્યાપીને તથા એની બહાર જઈને તું વ્યાપી રહ્યો છે. હે ત્રિમૂર્તિ! તારો જય હો! હું તને નમન કરું છું. હે પૂર્ણસ્વરૂપ! તું મારી મદદે દોડ.

તારા કહ્યા મુજબ તારી માયાને ઓળંગવી ખરેખર ! ખૂબ મુશ્કેલ છે. એ માયાથી હું ઘેરાયો છું. તારા સિવાય મારે બીજું કોઈ શરણ નથી.

હે પ્રભો ! તું એવી કૃપા કર જેથી હું આ માયારૂપી કિલ્લાને ભેદી શકું અને એ હેતુથી હું તારું તારનારું એવું નામ ભજું છું.

તારી ભક્તિનું સુખ આપ અને તે માટે સત્સંગ આપ. હે નૃસિંહ સરસ્વતી ! હવે દોડ. જો મારો આ જન્મ ફોગટ વહી રહ્યો છે.

❖❖❖

## વિવરણ

માનવજીવન સફળ કરવું એટલે શું ? પૂ.પાગલ મહારાજ “ભજનકીર્તન” નામના પુસ્તકમાં લખે છે કે, મનુષ્ય જીવનની અવધિ બહુ જ અલ્પ છે. એટલા માટે ભગવાનનું પ્રેમપૂર્વક નિરન્તર સ્મરણ-સિંચન કરી શીઘ્રાતિશીઘ્ર તેમને પ્રાપ્ત કરી લેવા એ જ બુદ્ધિમાની છે અને એમાં જ મનુષ્યજીવનની સાર્થકતા છે.હૃદયમાં ભક્તિ-ભાવ, નામનિષ્ઠા, સાધન પરાયણતા ન હોય તો દાર્શનિક વા પંડિત બન્યાની કંઈ બહુ મહત્તા નથી.

આ ભજનમાં નૃસિંહ સરસ્વતી સ્વામીની આર્તભાવે સ્તુતિ કરી એમની કૃપાની યાચના કરવામાં આવી છે. સદ્‌ગુરુ સાક્ષાત પરબ્રહ્મ છે. પરંતુ જગતનો ઉદ્ધાર કરવા માટે માનવ બનીને-નરરૂપ-લઈને આવે છે. પૂ.બાપજી એક સંસ્કૃત ભજનમાં લખે છે :

**સદ્‌ગુરું ચ બ્રહ્મ પરં, વ્યક્તમત્ર નૃતનુધરં ।**
**યઃ સ્મરેત્ હિ તસ્ય વરં કિન્તુ સ્યાત્સુદુષ્કરમ્ ॥ ગુરુકૃપાહિ.**

અર્થાત્ આ જગતમાં સ્પષ્ટ જોઈ શકાય-વ્યક્ત એવા મનુષ્યનું શરીર ધારણ કરનાર પરબ્રહ્મરૂપી સદ્‌ગુરુનું જે માણસ સ્મરણ કરે છે તેને કઈ શ્રેષ્ઠ વસ્તુ દુષ્કર હશે ? એટલે કે કોઈ પણ શ્રેષ્ઠ વસ્તુ દુષ્કર નથી.

'જય' શબ્દ એ ગુરુનો જયકાર સૂચવે છે. સદ્ગુરુના ગુણનું કીર્તન કરવું એ જ ભક્તના જીવનનું ધ્યેય છે, એ જ એનો સ્વાધ્યાય છે. "સ્વાધ્યાય ગુરુગુણ સંકીર્તન" એવું પૂ.બાપજીએ ભજનમાં કહ્યું જ છે. ગુરુની કીર્તિ અપરંપાર છે. આવો જયકારો કર્યા પછી પૂ.બાપજી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજને વિનંતી કરે છે કે, મારા દોષો સામું જોશો નહિ. મારા દોષોને ભૂલી જઈને, અવગણીને. મારા પર દયા કરીને મારો ઉદ્ધાર કરો. આવો દીનભાવ ભગવાનને રાજી કરે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે :

**અપરાધ કોટિ સહસ્રાણિ ક્રિયન્તેઽહર્નિશં મયા ।**

**દાસોઽહં ઈતિ માં મત્વા ક્ષમ્યતાં પરમેશ્વર ॥**

અર્થાત્ હે પરમેશ્વર ! મારાથી તો હજારો-કરોડો અપરાધો રાતદિવસ થયા જ કરે છે. મને આપનો દાસ (બાળ) માનીને માફ કરો. પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

માફ કરો અપરાધ કરોડો, પાપી હું તમ બાળ,

તમ વિણ બીજું કાંઈ ન જાણું, ભક્તતણા પ્રતિપાળ... દિગંબરા દિગંબરા !

સદ્ગુરુ એ પરબ્રહ્મ છે એટલે વિશ્વમાં બધે વ્યાપેલો છે અને વિશ્વની બહાર પણ એ જ વ્યાપેલો છે. પુરુષસૂક્તમાં પરબ્રહ્મસ્વરૂપ વિરાટપૂરુષનું વર્ણન છે એમાં પહેલા શ્લોકમાં જ કહ્યું છે કે :

**સહસ્રશીર્ષા પુરુષાઃ સહસ્રાક્ષ-સહસ્રપાત્ ।**

**સભૂમિગૂં સર્વતઃ સ્પૃત્વાત્યતિષ્ઠદ્ દશાંગુલમ્ ॥**

આ જ ભાવ પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં આ રીતે રજૂ કરે છે :

**દશે દિશ વ્યાપી રહ્યો, વદે દિગંબર લોક;**

**દશે દિશ વ્યાપી વધ્યો ! શું વર્ણુ હું તોક.**

અમર આદેશમાં 'દિગંબર' શબ્દને સમજાવતાં પૂ.બાપજી કહે છે : દિગંબર-દિશાઓનું અંબર એ વ્યુત્પત્તિ પ્રમાણે વસ્ત્રની માફક દિશાઓને ઢાંકનાર એટલે પિંડ અને બ્રહ્માંડની બહાર પણ વ્યાપીને રહેનાર, અને દિશા અંબર છે જેનું એ વ્યાખ્યા પ્રમાણે દિશારૂપી વસ્ત્રની અંદર રહેનાર. એમ બંને વ્યાખ્યાનો સાથે અર્થ કરતાં, બ્રહ્માંડની અંદર બહાર

**હે શ્રદ્ધા ! અમારા હૃદયમાં વસી અમને શ્રદ્ધામય બનાવ.**



વ્યાપીને રહેનાર 'અત્યત્તિષ્ઠત્ દશાંગુલમ્' એવું નિત્ય નિર્ગુણ પરમ તત્ત્વ પરમાત્મા. (અમર આદેશ. આવૃત્તિ છઠ્ઠી. પાન નં. ૧૨૪)

પછી પૂ.બાપજી ગીતા યાદ કરે છે. શ્રી ભગવાન ગીતામાં કહે છે :

**દૈવી હ્યેષાં ગુણમયી મમ માયા દુરત્યયા ।**

**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥** (અ.૭.શ્લોક:૧૪)

અર્થાત્ આ દૈવી અને ત્રિગુણમયી એવી મારી માયા પાર કરવી ઘણી મુશ્કેલ છે. પરંતુ જેઓ માત્ર મને જ ભજે છે, તેઓ મારી આ માયાને પાર કરી જાય છે. એટલે કે સંસાર સાગરને તરી જાય છે. અહીં શ્રીમન્નૃસિંહ સરસ્વતી પરબ્રહ્મ સ્વરૂપ છે-પરમતત્ત્વ છે - એવું નિરૂપણ છે. ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન નૃસિંહ સરસ્વતી બે એક જ છે એવું સૂચન છે.

માયાથી ઘેરાયો છું, પરંતુ હું આપને શરણે આવ્યો છું. મારે બીજું કોઈનું શરણ નથી એમ કહીને ભગવાનને-સદ્ગુરુને - તારવાની વિનંતી કરે છે. શરણાગતિમાં દીનભાવ ખૂબ મહત્ત્વનો છે. "તારા સિવાય મારું કોઈ નથી, તું જ મારું એક માત્ર શરણ છે" એવું સાચા દિલથી કહેનારને ભગવાન સંભાળી લે છે.

**અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।**

**તસ્માત્ કારુણ્યભાવેન રક્ષસ્વ પરમેશ્વર ॥**

અર્થાત્ મારે બીજા કોઈનું શરણ નથી. તમે જ મારું શરણું છો. તેથી હૃદયમાં કરુણા લાવીને હે પરમેશ્વર ! મારું રક્ષણ કરો.

આ માયાનો કિલ્લો ભેદવા માટે ભગવાનની કૃપા જોઈએ. ભગવાનનું નામસ્મરણ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે અને એની કૃપા પ્રાપ્ત થાય છે. ભગવાનનું નામ તારક છે. નામસ્મરણ દ્વારા અને નમ્રતાપૂર્વક વંદન કરીને એ ભગવાનને રીઝવી શકાય, કૃપા પ્રાપ્ત કરી શકાય. 'વંદન અને ચંદન' ઠંડક આપે છે.

આવું હરિનામ બધાં ફળ આપનારું છે. સંતો-મહંતો-શાસ્ત્રો બધાં જ નામસ્મરણ ઉપર ભાર મૂકે છે. સંતોની વાણી છે કે :

**કાશી કાંઠે ઘર કરે, પીવે નિર્મલ નીર ।**

**મુક્તિ નાહી હરિનામ બિનુ કહ ગયે દાસ કબીર ॥**

**પરિશ્રમના વૃક્ષને શ્રદ્ધાનું પાણી પાશો તો ફળ આપશે.**

ભયનાશન દુર્મતિહરન કલિમહી હરિકો નામ ।
નિસિદિન નાનક જો ભજે, સફળ હોઈ તિહિ કામ ॥

નામ રામકો કલ્પતરુ કલિ કલ્યાણ નિવાસ ।
જો સુમિરન ભયો ભાંગતે તુલસી તુલસીદાસ ॥

પરંતુ નામસ્મરણમાં રુચિ થાય, ભગવાનની ભક્તિ થાય એ માટે વિવેકબુદ્ધિની જરૂર છે. જે સત્સંગથી જ મળે છે. સત્સંગ અને સંત સંગ મળે તો જ ભક્તિ થાય, નામસ્મરણ થાય. સંત તુલસીદાસ કહે છે :

બિનુ સતસંગ વિવેક ન હોઈ ।
રામ કૃપા બિનુ દુર્લભ દોઈ ॥

એક ઘડી આધી ઘડી આધીમેં પુનિ આધ ।
તુલસી સંગત સંતકી કટે કોટિ અપરાધ ॥

કહત બિભિષણ સૂનુ હનુમંતા ।
રામકૃપા બિનુ મિલે ન હિ સંતા ॥

આ માનવજન્મ એળે જઈ રહ્યો છે એવું આપણને લાગે અને એ અંગે ચિંતા જાગે તો પછી આપણને પણ નામસ્મરણ કરવાનું ગમે. આપણે પૂ.બાપજી જેવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સંત મળ્યા છે. સદ્‌ગુરુ મળ્યા છે, તો પછી આ માનવજીવનને સફળ કરવા માટે મંડી પડીએ.

નામસ્મરણ અંગેની બે સાખીથી ચર્ચાની સમાપ્તિ કરીએ :

- તુલસી જગમેં આયકે કર લીજે દો કામ ।
  દેનેકો ટૂકડા ભલા, લેનેકો હરિનામ ॥
- નારાયણ પરલોકમેં યે દો આવત કામ ।
  દેના મૂઠી અન્નકી, લેના શ્રીહરિનામ ॥

પરબ્રહ્મનું મૂર્તસ્વરૂપ એવા આપણા ગુરુમહારાજના ગુણલા ગાતાં ગાતાં, નામસ્મરણ કરતાં કરતાં આપણે આપણો જન્મારો સફળ બનાવીએ એવી ભગવાન કૃપા કરે એ જ પ્રાર્થના.

❖❖❖



## ભજન (૪૭)
## દરશન દીજો દાડી સદ્‌ગુરુ મારા

(રાગઃરાગેશ્રી; તાલઃત્રિતાલ)
(સદ્‌ગુરુ સ્વામી મારે મંદિર પધારો - એ એકતારાની ધૂન)

**દરશન દીજો [૧]દાડી સદ્‌ગુરુ મારા; બીજું ન માગું હું કાંઇ. ...ટેક.**
**તમ દરશનથી જનમોજનમનાં, ટળશે હમારાં પાપ. .દરશન૦ ૧.**
**હ્રદયકમળની સેજ બિછાવી; જોઉં હું નિશદિન વાટ. .દરશન૦ ૨.**
**ઊંચી થાઉં નીચી થાઉં, અગાસીએ ચઢી જોઉં;**
**તોએ ન લાગે ભાળ. . દરશન૦ ૩.**
**શિર પર જટા સોહે, કાંધે કામળી; પાવડી ખટખટ થાય. .દરશન૦ ૪.**
**મદનમનોહર મૂર્તિ નિહાળી; ભૂલી હું તનનુંએ ભાન. .દરશન૦ ૫.**
**રંગ દિવાની ભઇ બાવરી; રાખો ચરણની માંહ્ય! .દરશન૦ ૬.**

૧. હંમેશાં.

❖❖❖

## અર્થ

હે મારા સદ્‌ગુરુ ! મને રોજ રોજ-હંમેશા-દર્શન આપતા રહેજો. આ સિવાય હું બીજું કાંઈ માગતી નથી.

તમારા દર્શનથી અમારા અનેક જન્મોના પાપ ટળી જશે, નાશ પામશે. હ્રદયકમળની-હ્રદયરૂપી પથારી પાથરીને હું તમારી રાતદિવસ રાહ જોઉં છું. હું આકુળ-વ્યાકુળ બની અગાસીએ ચડીને જોઉં છું, તો પણ તમારી કોઈ ખબર નથી મળતી. તમે દેખાતા નથી.

તમારા માથા પર જટા શોભે છે, કાંધ (ખભા) ઉપર કામળી છે અને પગમાં પહેરેલી પાવડીનો ખટખટનો રણકારો થાય છે.

કામદેવ જેવી તમારી મનોહર મૂર્તિ જોતાં જ હું શરીરનું ભાન પણ ભૂલી ગઈ છું. હે રંગ! હું દિવાની છું અને બાવરી બનેલી છું. મને તમારા ચરણશરણમાં રાખજો.

❖❖❖

# વિવરણ

પૂ.બાપજી દાસકાકા-હરગોવનદાસની દીકરી મૂળીબેનને બેન માનતા એટલે આપણે બધા મૂળીબેનને મૂળીફોઈ કહીએ છીએ. પૂ.શ્રી ભાઈબીજના દિવસે ભિક્ષા લેવા રણાપુર આગલે દિવસે જતા. મુ. દાસકાકાના પત્ની રુક્ષ્મિણીબેનને પૂ.બાપજીમાં ખૂબ શ્રદ્ધા અને પૂ.શ્રી પ્રત્યે નિર્મળ અને અગાધ પ્રેમ. પૂ.બાપજી ભાઈબીજને દિવસે આવવાના હોય તેની રુક્ષ્મિણીબેન કાગડોળે રાહ જોતા. એમની ભાવનાનું વર્ણન કરતું આ ભજન છે. ભક્તની ભાવનાને ભગવાન ભજન રૂપે રજૂ કરે છે. ભગવાન તો ભાવના ભૂખ્યા છે. ભગવાન ભક્તની ભક્તિને વશ થઈ જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે :

**વ્યાધસ્યાચરણં ધ્રુવસ્ય ચ વયં કો વા ગજેન્દ્રસ્તવઃ**
**કા જાતિર્વિદુરસ્ય યાદવપતેરુગ્રસ્ય તુ પૌરુષમ્ ।**
**કુબ્જા તુ કમનીયરૂપનિપુણા કિં વા સુદામ્નો ધનં**
**ભક્ત્યા તુષ્યતિ કેવલં ન ચ ગુણૈર્ભક્તિપ્રિયો માધવઃ ॥**

જરા નામના શિકારી (વ્યાધ)નું શું આચરણ હતું ? ધ્રુવની શી ઉંમર હતી ? ગજેન્દ્રે શું સ્તુતિ કરી હતી ? વિદુરની શી જાતિ હતી ? યાદવરાજા ઉગ્રસેનનું શું પરાક્રમ-બળ હતું ? કુબ્જા ક્યાં રૂપાળી હતી ? સુદામા પાસે શું ધન હતું ? ખરેખર લક્ષ્મીપતિ ભગવાન (માધવ) કેવલ ભક્તિથી તુષ્ટ થાય છે, નહિ કે ગુણોથી.

રુક્ષ્મિણીબેન ખાસ ભણ્યા ન હતા. સંસ્કૃત સ્તોત્રો પણ બોલતા નહિ હોય પણ પૂ.બાપજી પ્રત્યેની તેમની ભક્તિ, તેમની આસ્થા, તેમની નિષ્ઠા એટલી ઊંચી હતી કે, પૂ.બાપજી એમનાં હરેક કામ કરતા.



સંત મુક્ત કહે છે :

**મૈં તિન્હેકે પીછે ફિરું નેક ન રાખું માન ।**
**મુક્ત કહે શ્રીમુખ કહ્યો હરિજન મેરે પ્રાન ॥**

રુક્ષ્મિણીબહેનની માગણી શું છે ? હે મારા સદ્‌ગુરુ ! મને રોજ રોજ દર્શન આપજો. એ સિવાય બીજું કશું માગતી નથી. ભક્ત ભણેલા નથી, પણ કેવા હોશિયાર છે ! કેવટે ભગવાન રામના ચરણ પખાળવા કેવી હોશિયારી કરી ? કવિ કાગ કહે છે : **"અભણ છતાં કેવું યાદ રાખે ! ભણેલો ભૂલી જાય."** અહીં ભક્ત રોજ રોજ દર્શન થાય એવું માગીને જન્મોજન્મના પાપને ટાળી દેવાની યુક્તિ અજમાવે છે. "સાધૂનાં દર્શનં પુણ્યં" એ ઉક્તિ અનુસાર ગુરુમહારાજ દર્શન આપે એટલે બીજી બધી જવાબદારી સંભાળી લે ને !

પછી ભક્ત ગુરુમહારાજની કેવી આકુળતાથી રાહ જુએ છે એનું વર્ણન છે. હૃદયની પથારી કરીને-સેજ સજાવીને-રાતદિવસ રાહ જોઉં છું. તમો ક્યારે આવશો એની ચિંતામાં હું ઊંચી-નીચી થાઉં છું-આકુળ વ્યાકુળ થાઉં છું અને અગાસી પર ચઢી જાઉં છું તો ત્યાંથી પણ તમારા દર્શન નથી થતાં કે તમારા વિશે કોઈ સમાચાર પણ મળતા નથી. આ રાહ જોવાની વેદનામાં પણ દિવ્ય આનંદ હોય છે. "હતો આનંદ હૈયામાં પરંતુ આંખ રડતી'તી" એવા વિરોધીભાવો વ્યક્ત થાય એવી પરિસ્થિતિ છે.

પોતાના આરાધ્યદેવનું વર્ણન કરે છે. ભક્તને મન તો ભગવાનથી સુંદર-મનોહર બીજું કોઈ હોતું જ નથી. પૂ.બાપજી દત્તદશકમાં લખે છે :

**રેવાતટવાસી નમું વાસુદેવ યતિરાય,**
**મદન મનોહર મૂર્તિશ્રી લાગું પુનિ પુનિ પાય.**

પોતાના સદ્‌ગુરુનું રૂપ-સ્વરૂપ-કામદેવ જેવું સુંદર છે, મનોહર છે. સાચા નિર્મળ પ્રેમની આ કસોટી છે. તમને એમનાથી વધુ રૂપાળું બીજું કોઈ લાગે જ નહિ. માથા ઉપર જટા શોભે છે, કાંધે-ખભા પર કામળી શોભે છે અને પાવડીનો ખટખટ અવાજ આવે છે. હવે ભક્તને મન પૂ.બાપજીનું આ સ્વરૂપ છે તો પૂ. બાપજીને મન દત્ત ભગવાનનું સ્વરૂપ કેવું છે ?

**માથે જટાનો તાજ વિરાજે, જોઈ સ્વયં લક્ષ્મી લાજે ! હો રાજ.**
**પવન પાવડી પગે, ખટ ખટ વાગે, સુણતાં તે રંગ ભીતિ ભાગે...હો રાજ.**
**ભક્તન કે કાજ.**

પાવડીનો ખટખટ અવાજ સાંભળતા આધિ-વ્યાધિ પટ પટ ભાગી જતી હોય છે. ગુરુમહારાજની આવી કામદેવ જેવી મનોહર મૂર્તિને જોતાં જ ભક્ત શરીરભાન ભૂલી જાય છે. ભગવાન કૃષ્ણની વાંસળી સાંભળીને ઘણીવાર ગોપી વાછરડું બાંધવાને બદલે પોતાના પુત્રને બાંધી દેતી. ભક્ત તન-મનનું ભાન ભૂલી જાય છે. એની આ દશા ગુરુમહારાજ જુએ છે અને આનંદ અનુભવે છે.

છેલ્લે ભક્ત ભગવાનને કહે છે કે, હું તમારી પાછળ ગાંડી-દિવાની અને બાવરી બની છું. મને તમારા ચરણોમાં રાખો.

ભક્તિનું વર્ણન કરતાં બાપજી એક ભજનમાં લખેછે :

ભક્તિ હરિપ્રેમ અજોડ, હો પંથી !

હરિ વિણ બીજું દિલને ન ભાવે,

હરિગમ સઘળી દોડ... હોપંથી !

શબરી, જનાબાઈ, ગોરો કુંભાર કે સુદામા એવા ભણેલા-ગણેલા કે રૂપાળા કે ધનવાન ન હતાં છતાં ભગવાન એમની ભક્તિથી એમને વશ રહેતા. આપણે પણ એવી ભક્તિ કરીએ કે જેથી પૂ.બાપજી આપણને "તું મારો છે" એમ કહે.

❖❖❖

## ભજન (૪૮)

## બલિહારી તારી ગુરુજી

**(રાગઃરાગેશ્રી; તાલઃત્રિતાલ)**

**(સદ્‌ગુરુ સ્વામી મારે મંદિર પધારો - એ એકતારાની ધૂન)**

**બલિહારી તારી ગુરુજી, શેં મુખ ગાઉં?**
**પામે મન વાણી વિરામ! ...ટેક.**

**ભક્તપ્રતિપાળ વ્હાલો અસુરનો કાળ;**
**સાધુ-હૈયાનો હાર! ...બલિહારી૦ ૧.**



**બ્રહ્મા આવીને માગે આજ્ઞા ઉમંગે,**
**સર્જું ક્યારે કોને કેમ? ...બલિહારી૦ ૨.**

**પૂછે વિષ્ણુ કર જોડી, સ્થિતિ કફોડી!**
**આપું ખાવા કોને કેમ? ...બલિહારી૦ ૩.**

**શંકર સંહારે પ્રાણી આજ્ઞા વખાણી;**
**તું તો નિર્લેપ સદાય! ...બલિહારી૦ ૪.**

**જોઈ સતીભાવ રીઝ્યો, અંતર ભીંજ્યો;**
**આપ્યું સ્વયં આત્મદાન! ...બલિહારી૦ ૫.**

**દત્ત દિગંબર ભાવ્યો મન લુભાયો;**
**રંગ! અરંગી સુહાય! ...બલિહારી૦ ૬.**

❖❖❖

## અર્થ

હે ગુરુમહારાજ ! હું તારી વાહ-વાહ ક્યા મોંઢે કરું ? મારું મન અને વાણી પણ શાંત થઈ જાય છે.

મારા વ્હાલા સદ્‌ગુરુ ! તું ભક્તનો પ્રતિપાળ છે અને રાક્ષસોનો કાળ છે. સાધુપુરુષોના હૈયાનો હાર છે.

સદ્‌ગુરુજી ! તારી પાસે બ્રહ્માજી આવીને આજ્ઞા માગે છે અને પૂછે છે કે તમે કહો કે હું ક્યારે સર્જું, કોને સર્જું અને શા માટે સર્જું ?

વિષ્ણુ ભગવાન આવીને પગે લાગીને પૂછે છે કે, હું કોને અને શા માટે ખાવા આપું. ?મારી કફોડી સ્થિતિનો ઉકેલ દર્શાવો.

શંકર ભગવાન તારી આજ્ઞાને સ્વીકારીને પ્રાણીનો સંહાર કરે છે. તું તો હંમેશ માટે નિર્લેપ જ રહે છે.

સતી અનસૂયાનો ભાવ જોઈને તું પ્રસન્ન થયો. તારું અંતર ભીંજાયું અને તે તારી જાતનું સ્વયં દાન કરી દીધું.

રંગ ગુરુ કહે છે કે, દત્ત દિગંબર પ્રભુ મારા મનને ખૂબ આનંદ આપે છે. મારું મન એનામાં લોભાયું છે. એ તો અરંગી બનીને શોભે છે.

❖❖❖

## વિવરણ

આ ભજનમાં પૂ.શ્રી પોતાના ઈષ્ટદેવ દત્ત દિગંબર ભગવાનની બલિહારી-વાહ વાહ-નું ગાન કરે છે. પૂ.બાપજીને મન દત્ત ભગવાન એ અત્રિ-અનસૂયાને ઘરે જન્મેલા સાડા ત્રણ હાથની વ્યક્તિ ન હતા, પરંતુ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા હતા.

દિગંબર દત્ત શબ્દ સમજાવતાં પૂ.બાપજી અમર આદેશમાં કહે છે કે : દિગંબર-એટલે બ્રહ્માંડને અંદર, બહાર વ્યાપીને રહેનાર. "અત્યત્તિષ્ઠત્ દશાંગુલમ્" એવું નિત્ય નિર્ગુણ પરમતત્ત્વ પરમાત્મા.

દત્ત શબ્દ સમજાવતાં પૂ.બાપજી કહે છે કે, દત્તાવતાર એટલે "તેન ત્યક્તેન ભુંજીથાઃ"નું સગુણ, સાકાર, પ્રત્યક્ષ સ્વરૂપ." "પરાર્થે સર્વસમર્પણમ્નો મૂતિમંત આદર્શ. શાંતં, શિવં, સુંદરમ્નું બોલતું ચાલતું પ્રતીક.

દત્ત ભગવાન એ પરબ્રહ્મ પરમાત્માનું મૂર્તસ્વરૂપ છે. શ્રીગુરુલીલામૃતમાં દત્ત ભગવાનના જન્મ પ્રસંગે અત્રિ અનસૂયાએ કરેલી સ્તુતિ દત્ત ભગવાન કોણ છે, તેનો સ્પષ્ટ ચિતાર આપે છે. પૂ.બાપજી લખે છે :

**જય સચ્ચિત્સુખ શ્રીહરે ! અજ અક્ષય અવિનાશ,**
**આદિ-અંતમાં એક તું, મધ્યે એક ઉદાસ**

**અસંગ નિર્ગુણરૂપ તું સઘળે સભર અનન્ત,**
**માયાવી પામર અહા ! જાણે ના તુજ અંત.**

**વિશ્વરૂપ ! તુજમાં ભમે બ્રહ્માંડૌઘ સમસ્ત;**
**જન્મ્યો મમ ઉદરે અહા ! માને કો એ મસ્ત ?** (અ.૮.દો.૩૯થી૪૧.)

આ પરબ્રહ્મ પરમાત્મા સતી અનસૂયાના પાતિવ્રત્યથી અને અત્રિ ઋષિના તપથી પ્રસન્ન થઈને આપેલા વરદાનાનુસાર દત્તરૂપે પ્રગટ્યા.

દત્તપ્રભુની કેટલીક વિશિષ્ટતા નોંધવા જેવી છે. દત્ત શબ્દના 'દ' અને 'ત' બંને એક



જ વર્ગના - દંત્ય વર્ગના છે. ત, થ, દ, ધ અને ન એ દંત્યાક્ષરો છે.

દત્ત પ્રભુ એ જ્ઞાનના અવતાર છે, તેથી એમની પ્રાગટ્ય લીલાનું વર્ણન છે, પરંતુ તિરોધાન લીલા-નિર્વાણલીલા-નું વર્ણન નથી. હજી જ્ઞાન આપવાનું કાર્ય ચાલુ જ છે એટલે ચિરંજીવી છે.

દત્ત પ્રભુએ જાતે કોઈ રાક્ષસને માર્યો નથી. જગતને ત્રાસ આપનારને મારવા માટે બીજાને મદદરૂપ બન્યા હશે, માર્ગદર્શન આપ્યું હશે, પરંતુ રામે જેમ વાલીને કે રાવણને માર્યો અને કૃષ્ણે જેમ કંસનો કે શિશુપાલનો વધ કર્યો તેવું દત્ત ભગવાને કર્યું નથી. "વિસ્તારી માયા, દિતિસુત ઈન્દ્રકરે હણાવ્યો તૂર્ત". પોતાની માયાનો વિસ્તાર કરી એવી પરિસ્થિતિ સર્જી કે ઈન્દ્ર અન્ય દેવોની મદદથી જંભને મારી શક્યો.

બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ પરમાત્માનું સગુણ સ્વરૂપ છે. અને જુદા જુદા કાર્યો અનુસાર તેઓ જુદા જુદા નામે ઓળખાય છે. બાકી બધા એક જ છે.

બ્રહ્મા દત્તપ્રભુની આજ્ઞા લઈને સર્જન કાર્ય કરે છે, વિષ્ણુ એમના કહ્યા પ્રમાણે જગતનું ભરણ પોષણ કરે છે અને શંકર સંહારનું કાર્ય કરે છે. આ વાતને સમજાવતા પૂ.બાપજી શ્રી ગુરુલીલામૃતમાં લખે છે :

**પરબ્રહ્મ જે એક છે, મૂળ સત્ય અખંડ**
**તેમાં માયોપાધિથી, ભાસે વિધવિધ બંડ.**
**ઉત્પત્તિ કારણ કહ્યો, બ્રહ્મદેવ જે જાણ,**
**પાલક વિષ્ણુ તેજ છે, શિવ સંહારક માન.**
**સિંહાસન પર ભૂપ જે, રણમાં યોદ્ધો તેહ,**
**પ્રિયતમ એ રણવાસમાં એક જ નિઃસંદેહ.** (અ.૫.દો.૨૧,૨૪,૨૫)

સતીનો ભાવ જોઈને પરમાત્માએ સ્વાત્મદાન કર્યું એ એટલું જ સૂચવે છે કે, ભગવાન ભાવનો ભૂખ્યો છે. પૂ.બાપજી પણ આપણો ભાવ જ જુએ છે. મુ. બચુભાઈએ (પૂ.પ્રેમઅવધૂતજીએ) નર્મદા પર જવાનો રસ્તો કોઈના કહ્યા વગર અંતરસૂઝથી કર્યો તો પૂ.બાપજીએ એ કાર્યને પાદુકાપૂજન તુલ્ય ગણ્યું. આપણે પણ આપણા બાપજીના મિશનમાં રચ્યા-પચ્યા રહીએ અને પૂ.બાપજીને ગમે તે કરીએ અને ના ગમે તે ના કરીએ તો પૂ.બાપજી પોતે પણ સ્વયં આત્મદાન કરી આપણા ઘરે પધારે. ગરીબોના, ઘરડાનાં, દર્દીઓના આંસુ લૂછવા, એમને હૂંફ આપવી અને મદદરૂપ બનવું એ જ

પૂ.બાપજીના મિશનનું કામ છે. સૌથી મહત્ત્વનું કામ બધા હળીમળીને સાથે રહીએ અને મીઠી વાણીનો વ્યવહાર કરીએ.

❖❖❖

## ભજન (૪૯)
## થયો આનંદ, દીઠો સચ્ચિત્સુખકંદ !

**(રાગઃઆસા; તાલઃકહેરવા)**
**(ગુરુ ઘર આવ્યા - એ રાહ)**

**થયો આનંદ, દીઠો સચ્ચિત્સુખકંદ! ...ટેક.**

**પાપતાપ પળમાં સંતાયાં, મોહશોક મનમાં ગભરાયાં;**
**દુઃખ દૈન્ય ક્યાંએ ન જણાયાં, માયાફંદ! ...દીઠો૦ ૧.**

**જ્ઞાનસૂર્ય અંતરમાં ઉદિયો, અજ્ઞાનાંધકાર સંહરિયો;**
**પ્રિયતમ ઓથે નજરે પડિયો, ધન્ય અનન્ત! ...દીઠો૦ ૨.**

**દર્શનથી ભૂખ ભાગી ક્ષણમાં, આધિ ઉપાધિ નાઠી પળમાં;**
**દેખી આ મંગલ જંગલમાં, નમું ભગવંત! ...દીઠો૦ ૩.**

**સૂણી નામ દોડીને આવ્યો, દેખી પદકંજે લપટાયો;**
**દિવ્ય સુગંધે મન લલચાયો; સેવે સદ્દ્વૃંદ! ...દીઠો૦ ૪.**

**જન્મોજન્મે માગું સેવા, પ્રેમામૃત તુજ અક્ષય મેવા;**
**ચાખે તે નર ન રહે કહેવા; રંગ નિસ્પંદ!! ...દીઠો૦ ૫.**

---

❖❖❖

## અર્થ

સચ્ચિત્સુખનું મૂળરૂપ જોયું અને આનંદ આનંદ થઈ ગયો.

માયાના ફંદરૂપ પાપ અને તાપ ક્ષણવારમાં સંતાઈ ગયા. મોહ અને શોક મનમાં ગભરાઈ ગયા. દુઃખ અને દૈન્ય ક્યાંય દેખાયા નહીં.



અંતરમાં જ્ઞાનરૂપી સૂર્ય ઊગ્યો. ઊગતાની સાથે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થયો. એની ઓથે પ્રિયતમ પરમાત્માના દર્શન થયાં એટલે ધન્ય ધન્ય થઈ ગયો.

પ્રિયતમ પરમાત્માના દર્શનથી (વાસનાની) ભૂખ ક્ષણમાં ભાગી ગઈ. આધિ-ઉપાધિ પલભરમાં નાસી ગઈ. આ જંગલમાં મંગલરૂપના દર્શન થતાં ભગવાનને નમું છું.

તારું નામ સાંભળીને હું દોડી આવ્યો. દર્શન કરતાં જ તારા ચરણકમળમાં લપટાયો. દિવ્ય સુગંધમાં મન લલચાયું-લોભાયું. સજ્જનોનું-સાધકોનું વૃંદ (ટોળું-સમૂહ) તને સેવે છે.

હું જન્મોજન્મે તારી સેવા માગું છું. તારો પ્રેમ મળે એ પ્રેમામૃત જ મારે માટે કદી ન ખૂટે એવું સેવાનું ફળ છે-મેવા છે. એ જે ચાખે છે-અનુભવે છે તે માણસ કહેતો નથી-કહેવા રહેતો નથી. રંગ સ્થિર-સ્પંદન વિનાનો થઈ ગયો.

## વિવરણ

શ્રીગુરુલીલામૃતમાં આ ભજન સ્તુતિનારૂપમાં-પ્રાર્થનાના રૂપમાં - અર્જુનના મુખે રજુ થયું છે. અધ્યાય-૧૯મા આ પ્રાર્થના રજૂ થઈ છે ત્યારે અર્જુનની અવસ્થા પણ યોગીની અને જ્ઞાનીની છે. અર્જુનને જોઈને દત્ત ભગવાનને પણ આનંદ થાય છે. 'આપ સમાન કરે શિષ્યનકો' - પંક્તિ અહીં ચરિતાર્થ થતી જોવા મળે છે.

પોતાના ગુરુમહારાજ એ સત્, ચિત્ અને આનંદનું નક્કર સ્વરૂપ છે, મૂર્ત સ્વરૂપ છે. શ્રીગુરુલીલામૃતમાં દત્ત ભગવાન માટેના બે દોહરા ધ્યાન ખેંચે છે.

**ગુણાતીત, ત્રિગુણાત્મક, મૂર્તામૂર્તસ્વરૂપ,**
**અજ અક્ષય અવિનાશી જે દત્તાત્રેય અનુપ.**
**નામરૂપ વિણ ના કશું,સઘળો તારો ખેલ,**
**સચ્ચિદ આનંદ એક તું, કરતો ઓથે ગેલ.**

(અ.૧.દો.૪૦અને૪૬.)

આવું પરબ્રહ્મ પરમાત્માનું તટસ્થ લક્ષણ એવા સત્, ચિત્ અને આનંદનું મૂળ સ્વરૂપ, નક્કર સ્વરૂપનું દર્શન થતાં જ માયાના કાર્યો નાશ પામે છે.

પરબ્રહ્મ પરમાત્મા પોતે માયાપતિ છે. માયા એને વશ છે. પૂ.બાપજી એના વિશે કહે છે : ''માયા લૂંડી તાહરી, ભરે નિત્ય સલામ.'' (અ. ૧. દો. ૪૩) આ માયાના

ફંદ-માયાને કારણે થતી ભ્રમણાઓ જે માનવીને હેરાન કરે છે, તે બધા સચ્ચિદાનંદની હાજરીમાં અદશ્ય થઈ જાય છે. પાપ, તાપ, મોહ, શોક, દુ:ખ અને દૈન્ય જણાતા નથી. આમ પણ સુખ-દુ:ખ, મોહ-શોક એ મોહને કારણે, મનને કારણે જણાય છે. આપણું મન આપણને હસાવે છે અને એજ રડાવે છે. એક રમૂજી ટુચકો છે :

ગામડા ગામમાં એક ફળિયામાં આગ લાગી. એક વડીલનું મકાન આગમાં બળતું હતું. વડીલ ધ્રૂસકે ધ્રૂસકે રડતા હતા. એવામાં નાનો છોકરો આવ્યો. એણે કહ્યું કે, પિતાજી ! આ મકાન તો આપણે વેચી દીધું છે. બસ ! કહેતાની વારમાં - એ વડીલના મોં પર હાસ્યનું મોજું ફરી વળ્યું. હેં ભાઈ ! મકાન હવે આપણું નથી ? દુ:ખ દૂર થઈ ગયું. પંદરેક મિનિટ પછી મોટો દીકરો આવ્યો. એણે કહ્યું કે, વેચાણનો સોદો થયો હતો, પણ કાલે જ એ ખરીદનાર ના પાડીને બાનાના પૈસા લઈ ગયો. વડીલનું રડવાનું પાછું શરૂ.

પરબ્રહ્મ સ્વરૂપ સદ્‌ગુરુની હાજરી માત્રથી સાંસારિક સુખદુ:ખ, આધિ-વ્યાધિ જતા રહે છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

**આનંદાબ્ધિ ઉર છલકાએ, દુ:ખ નામ ક્યાંય ન જણાએ,**

**આધિ વ્યાધિ સહુ મન ગભરાએ, સુકૃત ફાલ્યાં... ગુરુ ઘર.**

શ્રીગુરુનું કાર્ય શું ? ગુરુ શબ્દની વ્યાખ્યા આપતા કહેવાયું છે કે, 'ગુકારશ્ચાંધકારો રુકારો તેજરુચ્યતે' 'ગુ' એટલે અજ્ઞાનરૂપી અંધકારમાં 'રુ' એટલે જ્ઞાનરૂપી પ્રકાશ-પાથરે તે ગુરુ. ગુરુ વિશે કહેવાયું છે કે :

**અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।**

**ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

અજ્ઞાનરૂપી અંધારામાં અંધની જ્ઞાનરૂપી શલાકાથી આંખ આંજી એને દેખતો કરે એવા શ્રીગુરુને હું નમું છું. કર્મકાંડની શરૂઆતમાં અધ્યાય-૫૬ ઉપર આનું ગુજરાતી આ પ્રમાણે છે :

**"અજ્ઞાનાંધ્ય નિવારીને જ્ઞાનાંજન સળી થકી ।**

**ઉઘાડી આંખ જેણે તે નમું શ્રી ગુરુદેવને ॥**

અંતરમાં જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે અને અંતરમાં રહેલા પરમાત્માનાં દર્શન થાય છે. ખરેખર તો જ્ઞાન આપણામાં હોય જ છે,

**તમે ભલે યોગી નહીં બની શકો, પણ ઉપયોગી તો બનજો જ.**



પરંતુ એ અજ્ઞાનથી ઢંકાયેલું હોવાથી બધી ભ્રમણા અને દુ:ખો થાય છે. શ્રીગુરુ આ અજ્ઞાન દૂર કરવામાં મદદરૂપ બને છે. ખનીજ જમીનમાં હોય જ છે, પરંતુ એ માટીથી ઢંકાયેલી છે. બસ ! ખોદનારે એ માટી દૂર કરી ખનીજ પ્રાપ્ત કરવાની છે.

પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ? આ ભજન પંક્તિ શું કહે છે ?

"અંતર્યામી સચ્ચિત્સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ" એ પંક્તિ આપણે ગાઈએ છીએ તો ખરા, પરંતુ એને જીવીએ ત્યારે ખરા ?

ગુરુમહારાજનું દર્શન શિષ્યને સંતોષી બનાવી દે. દુન્યવી સંપત્તિની ભૂખ ક્ષણમાં ભાગી જાય છે. એ સંપત્તિનું મહત્ત્વ ઘટી જાય છે. આ ભૌતિક સંપત્તિ એ સાચી સંપત્તિ નથી, પણ હરિનું સ્મરણ એ જ સાચી સંપત્તિ છે એવી જ સમજ એનામાં આવી જાય છે. મુ. સુમનકાકાએ કરેલી વાત છે. પૂ.બાપજીનો મુકામ મુંબઈમાં બાબુભાઈ ઝવેરીને ત્યાં હતો. સ્થિતિ સંપન્ન માણસ. મુ. સુમનકાકા પ્રભાવિત થઈ ગયા હતા. પૂ.બાપજીએ આ જોયું. પૂ.બાપજીએ એટલું જ કહ્યું કે : અરે ! માસ્તર ! તમે ય શું ? ચાર ઠીકરા વધારે છે એટલું જ ને." આપણે મન માટીના તૂટેલા વાસણના ઠીકરાની કોઈ કિંમત નહિ તેમ પૂ.બાપજીને મન પણ આ ભૌતિક સંપત્તિ ઠીકરા સમાન હતી. શાસ્ત્રમાં કહ્યું છે કે :

**સંપદો નૈવ સંપદઃ વિપદો નૈવ વિપદ : ।**

**વિપદો વિષ્ણુવિસ્મરણં સંપન્નારાયણસ્મૃતિ ॥**

ભૌતિક સંપત્તિ એ સાચી સંપત્તિ નથી. નારાયણનું સ્મરણ થાય એ સાચી સંપત્તિ અને વિષ્ણુનું નામ ભૂલી જવાય, એનું વિસ્મરણ થાય એ સાચી વિપત્તિ. આવી સાચી સમજ આપીને શિષ્યને સંતોષી બનાવે છે. સદ્‌ગુરુની હાજરીથી શારીરિક અને માનસિક પીડા દૂર થાય છે.જગતના જંગલમાં ગુરુમહારાજનું દર્શન મંગલમય છે. એવા સદ્‌ગુરુ ભગવાન સ્વરૂપ છે અને તેને શિષ્ય નમે છે.

જ્ઞાની અને યોગી એવા ગુરુમહારાજના શરીરમાંથી-ચરણમાંથી-અને એમના જીવનના આચરણમાંથી સુગંધ આવે છે. આવા સદ્‌ગુરુ વિશે વાત સાંભળીને વ્યક્તિ દર્શન માટે દોડે છે અને પછી એમનો કાયમનો થઈ જાય છે. યોગીનો અભ્યાસ સિદ્ધ થાય પછી એના લક્ષણોનું વર્ણન કરતાં પૂ.બાપજી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :

**ચિત્ત પ્રસન્ન રહે સદા, મધુર કંઠ પણ તેમ,**

**થાય અગ્નિ પ્રદીપ્ત ને દેહ નીરોગી એમ.**

**અપમાન સહન કરવાની તૈયારી હોય તો જ વણમાગી સલાહ આપજો.**

**નાસે ઈંદ્રિય ચપલતા, થાય દૃષ્ટિ સુસ્વચ્છ,**

**અલ્પ થાય વિણમૂત્ર ને અંગે સુગંધ અચ્છ.** (અ.૩૫.દો.૪૭-૪૮)

મુ.સુમનકાકા કહેતા કે, પૂ.બાપજીનો લંગોટ ધોઈએ ત્યારે એમાંથી અલૌકિક સુગંધ આવે. એમના ચરણની અને આચરણની સુગંધ માટે સજ્જનોનો સમૂહ એમને સેવે છે. 'વૃત્તિથી વૃત્તિ ઘડાય' અને 'આચાર એજ ઉપદેશ'માં માનનાર સાચા સદ્ગુરુ શિષ્યને પોતાના જેવો બનાવે છે, શ્રી બચુભાઈનું પૂ.પ્રેમ અવધૂતજીમાં રૂપાંતર કરે છે.

છેલ્લે શિષ્યની છેલ્લી ઈચ્છા દર્શાવતા પૂ.બાપજી કહે છે કે, આ જન્મે ને હવે પછીના જન્મોમાં પણ હે ગુરુમહારાજ મને તારી સેવા કરવાનો લાભ આપજો. જે સેવા કરે તેને મેવા મળે એ ન્યાયે મને આપના પ્રેમનું અમૃત મળે-આપનો પ્રેમ મળે એવું કરજો. જે શિષ્ય આપની અનન્ય ભાવે સેવા કરે છે તેને આપ જે પ્રેમામૃત પાઓ છો એ અમૃત એને અમર કરી દે છે. જેણે આ અમૃત ચાખ્યું છે, જેણે ગુરુનો પ્રેમ અનુભવ્યો છે તે તો એની નિજાનંદની મસ્તીમાં જ ડૂબ્યો રહે છે.

પરંતુ સેવાની સૂઝ અને તે પ્રમાણે સેવા કરવાનું સરળ નથી. કવિએ કહ્યું છે કે, **સેવાધર્મ : પરમ ગહનો યોગીનામપ્યગમ્ય ।** સેવાધર્મ ખૂબ ગહન છે અને યોગીઓને પણ અગમ્ય છે.'' પૂ.બાપજી ગુરુસેવા વિષે અને તેના પરિણામ વિષે લખે છે :

**ગુરુ સેવા પદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,**

**મંત્ર તંત્ર કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ (અ. ૭૦. દો. ૪૯)**

પૂ. પ્રેમ અવધૂતજી માટે કહેવાયું છે કે, પ.પૂ. બાજીના મનમાં જે વિચાર આવે તે વિચાર એ જાણી જતાં અને પરિણામે પ.પૂ. બાપજી કહે તે પહેલાં તે વસ્તુ હાજર થઈ જતી. સને ૧૯૬૮ એટલે કે સંવત ૨૦૨૪ના આસો વદ એકમે પૂ.બાપજી લીંચ જવાના હેતુથી નારેશ્વરથી નીકળ્યા.નડિયાદ, અરેરા થઈને કપડવંજ આવ્યા. કાર્યક્રમ બદલાયો. જયપુર થઈ હરિદ્વાર જવાનું નક્કી થયું. પ.પૂ. બાપજીએ મુ. બચુભાઈને કપડવંજ બોલાવ્યા અને કહ્યું કે, હવે હું લીંચ નહિ આવું, તમે બધા સાબરમતી આવજો. ત્યાં આવો ત્યારે ચાટણની શીશી લેતા આવજો. મુ. બચુભાઈએ કહ્યું કે, બાપજી ! ચાટણની શીશી તો હું લાવ્યો જ છું. પ.પૂ. બાપજી રાજી રાજી થઈ ગયા. ગુરુમહારાજની સેવા કરવાની આપણને પણ થોડી સૂઝ આવે એવી ભગવાનને પ્રાર્થના.

❖❖❖



## ભજન (૫૦)
## મારા મન મંદિરિયા માંહ્ય

**(રાગઃદરબારી; તાલઃકહેરવા)**

**મારા મન મંદિરિયા માંહ્ય, આજે આનંદ આનંદ! ...ટેક.**

**ભેટ્યા દેવ જાતાં વાટે, લીધા રાખી મેં શિરસાટે;**
**હવે કાં દોડું જગહાટે? ...આજે૦ ૧.**

**શાણે સ્હેજ સામે જોયું, જોતાં મેં મારાપણ ખોયું;**
**કો કેમ કે' શું જોયું? ...આજે૦ ૨.**

**રહ્યો જોનારો ના આન, રહ્યું જોવાનું ના જાણ;**
**જોવું જોયું ન એ ભાન! ...આજે૦ ૩.**

**શોધ્યું ન જડે હું ક્યાંય, જ્યાં ત્યાં દેવ જ એ દેખાય;**
**ગળ્યો દેવે મુજને હાય! ...આજે૦ ૪.**

**તુંમાં હુંનું મોત નિહાળ, હુંમાં તુંની ક્યાંય ન ભાળ;**
**રંગ ક્યાં છે કાયા કાળ? ...આજે૦ ૫.**

❖❖❖

## અર્થ

મારા મન મંદિરમાં આજે આનંદ આનંદ થઈ રહ્યો છે.

જતો હતો અને રસ્તામાં અચાનક દેવનો ભેટો થઈ ગયો. મેં દેવને જીવના જોખમે... જાનના જોખમે - રાખી લીધા. હવે હું આ જગતરૂપી બજારમાં શા માટે દોડું ?

એ શાણપણવાળાએ મારી સામે જરા વાર જ જોયું ત્યાં જ મેં મારાપણું ખોઈ નાંખ્યું. તમે જ કહો કે, મેં શું જોયું અને કેમ જોયું ?

કોઈ બીજો જોનારો રહ્યો નહિ અને કંઈ જોવા જેવું પણ રહ્યું નહિ. જોવું અને જોયું એ ભાન પણ રહ્યું નહિ.

શોધવા છતાં અહંકાર 'હુંપણું' જડતું નથી, મને અત્ર-તત્ર-સર્વત્ર બધે એ જ દેવ દેખાય છે. દેવે મુજને એનામાં સમાવી દીધો છે.

પરમાત્મામાં-તુંમાં-'હું'નું-જીવનપણાને વિલિન કરી દે. જીવમાં શિવનો કોઈ પત્તો નથી. આવી સ્થિતિ થતાં જ હે રંગ ! આ શરીરનો કોળિયો કરનાર કાળ ક્યાં છે ?

❖❖❖

પૂ. બાપજી એક પ્રભાતિયામાં લખે છે :

**આજ આનંદનું પૂર ઉરમાં વહે,**
**છોળ બ્રહ્માંડમાં ના સમાએ.''**

એક ભજનમાં પૂ.બાપજી હૃદયનો ભાવ વ્યક્ત કરતાં ગાય છે :

**માઈ, મોરે આનંદ ઉર ન સમાય.**
**ખોયા થા સો મિલા આંગનમેં, મન ઉન્મન હો જાય.**
**આપ ન દેખું ઔર ન દેખું, દર્શન દશ્ય સમાય.**

વ્યક્તિને જેની શોધ હોય, એ જેની ઝંખના કરતો હોય, જેની તમન્ના હોય, તાલાવેલી હોય, તે શ્રેષ્ઠ વસ્તુ એને મળી જાય તો એના મનમાં આનંદ આનંદ થઈ જાય અને એમાં પણ એ જેને માટે તલપતો હોય, તલસતો હોય, તડપતો હોય એ વ્યક્તિ કે વસ્તુ અચાનક, અણધારી મળી જાય તો આનંદ નહિ પરમાનંદ થઈ જાય છે. આ પરમાનંદ સૂચવવા પૂ.બાપજી આનંદ શબ્દ બે વાર વાપરતા હશે.

મનમંદિરિયામાં આનંદ આનંદ થવાનું કારણ દર્શાવતાં પૂ.બાપજી કહે છે કે, હું જતો હતો અને રસ્તામાં દેવનો ભેટો થયો. કલ્પ્યું પણ ન હતું, ધાર્યું પણ ન હતું કે આવું કંઈ થઈ શકે અને તે જ થયું. મેં દેવને જીવના જોખમે-શિર સાટે-રાખી લીધા. પ્રાણ જાય તો ભલે જાય, પણ દેવને હાથમાંથી નહિ જવા દઉં. દેવ મળી ગયા પછી હવે જગતરૂપી બજારમાં હું શું કામ દોડું.? ટૂંકમાં લક્ષ્યસિદ્ધ થઈ ગયું એટલે હવે કશું કરવાનું રહ્યું નથી. કશે જવાની જરૂર નથી.

આ ભજનની વાત ચાલતી હતી ત્યારે ''ભેટ્યા દેવ જાતા વાટે'' એ પંક્તિના સંદર્ભમાં પૂ.પ્રેમઅવધૂતજીએ એમને પ.પૂ. બાપજીએ આપેલી પાદુકાની વાત કરી હતી અને કહ્યું હતું કે આને ''ભેટ્યા દેવ જાતા વાટે'' કહેવાય. ધાર્યું ન હોય, વિચાર્યું ન હોય, કલ્પ્યું ન હોય અને અચાનક જેની તમન્ના છે, તલસાટ છે તે શ્રેષ્ઠ વસ્તુ મળી જાય તે ''ભેટ્યા



દેવ જાતા વાટે કહેવાય.''

સને ૧૯૬૭માં પૂ.બાપજી મોરટક્કા પૂ.માજીની ઉત્તરક્રિયા કરી નૈમિષારણ્ય ગયા. ત્યાં એક માસ અનુષ્ઠાન કરી પછી ત્યાંથી બ્રહ્માવર્ત થઈ ભાદરવા માસની વદ નોમના રોજ લીંચ પધાર્યા. ભાદરવા વદ નોમથી આસો વદ-બીજ સુધી પૂ.બાપજી લીંચમાં ૨૨ દિવસ રહ્યા. પછી નડિયાદના કાશીબેનના આગ્રહથી આફ્રિકા જવા નીકળ્યા. અમદાવાદથી મુંબઈ જઈ,ત્યાંથી આફ્રિકા જવાનું હતું. પૂ.બાપજી સાબરમતીથી એરોડ્રામ જવાના હતા.

અમદાવાદના ચંદુભાઈ રાવલ નામના પૂ.શ્રીના ભક્તને ખબર પડી કે, પૂ.શ્રી અમદાવાદથી મુંબઈ થઈ આફ્રિકા જાય છે. એમના મનમાં ભાવના જાગી કે પૂ.બાપજીને પાદુકા અર્પણ કરું. આખી રાત સુથારે મહેનત કરી ચંદનના લાકડામાંથી પાદુકા તૈયાર કરી. પૂ.બાપજી ઘોડાગાડીમાં સાબરમતી થઈ, શાહીબાગ થઈ એરોડ્રામ જતા હતા. શાહીબાગનું રેલવે ફાટક બંધ હોવાથી ઘોડાગાડી ઊભી રહી ગઈ. ભાવનાથી ઉભરાતા હૈયે ચંદુભાઈએ આ તકનો લાભ લઈ પૂ.બાપજીને પાદુકા અર્પણ કરી. પૂ.બાપજીએ પાદુકા સ્વીકારી. થોડીવાર પોતાની પાસે રાખી એ પાદુકા બચુભાઈને (પૂ.પ્રેમઅવધૂતજીને) આપી. પૂ.બાપજીએ શ્રી બચુભાઈના હાથમાં પાદુકા આપતા કહ્યું કે, તમે સાચવજો. આ પાદુકા આજે પણ લીંચની કુટિરમાં દર્શનાર્થે રાખવામાં આવી છે. મુ બચુભાઈના મનમંદિરિયામાં આનંદ આનંદ થઈ ગયો. કલ્પના પણ ન હતી, અણધારી જ પાદુકા મળી ગઈ અને તે પણ માગ્યા વગર અને પૂ.બાપજીના હસ્તે જ. ''ભેટ્યા દેવ જાતા વાટે'' તે આનું નામ. પાદુકા બનાવનાર પણ 'રાવલ' અને લેનાર પણ 'રાવલ'. વચ્ચે પૂ.બાપજી નિમિત્ત બન્યા.

આમ, અચાનક દેવનો ભેટો થાય ત્યારે એને માથા સાટે સાચવવા પડે. આપણા જીવન કરતાં પણ એ કિંમતી વસ્તુને સાચવવી જ રહી. આવી રીતે દેવ સામે ચાલીને આપણા ઘરે આવે પછી આપણે બીજે ક્યાં દોડવાનું રહે ?

પૂ.બાપજીને દત્તપ્રભુના દર્શન થયા ત્યારે મનમાં આનંદ આનંદ થઈ ગયો હશે. દેવ કે દેવપુરુષ એક નજર નાંખે ત્યાં જ શિષ્યનાં-ભક્તનાં - બધા કામ થઈ જાય. દેવની દૃષ્ટિ પડતાં જ 'હું'પણું અલોપ થઈ જાય. અહંકારનો નાશ થતાં, બધે જ ઈષ્ટદેવના દર્શન થાય. ઈષ્ટદેવમાં પોતાની જાત વિલિન થઈ જાય. દશ્ય, દૃષ્ટા અને દર્શન બધું એક થઈ જાય.

દેવમાં-પરમાત્મામાં -હું ઓગળી જતાં -પોતાના અસ્તિત્વનો લોપ થતાં -પોતાપણું

ન રહેતાં - બધે જ દેવના દર્શન થાય છે. હવે કાયા-દેહભાવ નથી રહ્યો તો કાયાના કાળની શી ચિંતા ?

પોતાના ઈષ્ટદેવના અણધાર્યા દર્શન ભક્તના મનમંદિરમાં આનંદની છોળો ઊડાડી દે એ વાતનું વર્ણન આ ભજનમાં છે.

❖❖❖

## ભજન (૫૧)
## લહિયાનો પાર નાહીં
**(રાગઃદરબારી; તાલઃકહેરવા)**

**લહિયાનો પાર નાહીં, અલખ નિહાળો!**
**અલખ નિહાળો રામા, અક્ષર-બહારો!! ...ટેક.**

**દેખાએ તે દેખ્યે ખોટું! અદશ્ય સમણું જુઠું;**
**અવશેષ એ અજોટું! અલખ નિહાળો!! .લહિયાનો૦ ૧.**

**સૂરતની કીધી શય્યા, નૂરત ઓઢી ચદરિયા;**
**સૂતો સ્હેજતણી ખટિયા! અલખ નિહાળો!! .લહિયાનો૦ ૨.**

**વાગે અખંડ ચોઘડિયાં, વગાડે સુખમણ સુંદરિયા;**
**ચંદાસૂર બળે હંડિયાં! અલખ નિહાળો!! .લહિયાનો૦ ૩.**

**[૧]સુમન-સંકલ્પ માળા, પ્હેરી ઊભી વૃત્તિબાળા;**
**કરે ઊલટા સુલટા ચાળા! અલખ નિહાળો!! .લહિયાનો૦ ૪.**

**ફૂલમાં દોરો છૂપાયો, રંગે અરંગી લપાયો;**
**જોતાં જોવું ભૂલી ગયો! અલખ નિહાળો!! .લહિયાનો૦ ૫.**

---

૧. ફૂલ.

❖❖❖



## અર્થ

લખનારનો પાર નથી, અલખને જુઓ. હે ભાઈ ! બાવન અક્ષરની બહાર એવો અલખ જુઓ.

જે દેખાય છે તે ખોટું છે અને અદશ્ય એવું સ્વપ્ન પણ જૂઠું છે. એથી જે પર છે તે - અવશેષરૂપ છે તે, અજોડ છે, જેનો જોટો નથી, એવા અલખને નિહાળો.

સૂરતાની પથારી કરી, નૂરતની ચાદર ઓઢી અને સહજાવસ્થાની ખાટમાં-પલંગમાં સૂતો છું. હવે અલખને જુઓ.

જ્યાં સતત ચોઘડિયાં-નોબત વાગે છે અને વગાડનાર સુષુમ્ણા નાડીરૂપ સુંદરી છે. ચાંદો અને સૂરજની હાંડી બળે છે. હવે અલખને જુઓ.

સંકલ્પરૂપી ફૂલની માળા પહેરીને વૃત્તિરૂપી બાળા ઊભી છે. એ બાળા સીધા-ઉલ્ટા ચાળા કરે છે. અલખને નિહાળો.

ફૂલના હારમાં દોરો છૂપાયેલો હોય છે. એમ રંગમાં અરંગી એવો અલખ લપાયેલો છે. એને જોતા જોતાં હું જોવાનું જ ભૂલી ગયો - એવા અલખને નિહાળો.

❖❖❖

## વિવરણ

અલખ શબ્દ સમજાવતા શાસ્ત્રી ડૉ. જયેન્દ્રભાઈ દવે કહે છે કે, અલખ શબ્દનો શાબ્દિક અર્થ છે : અલક્ષ્ય. અલક્ષ્ય એટલે લક્ષ્યમાં ન આવે એવું પરમેશ્વર-પરબ્રહ્મનું નિરાકારી સ્વરૂપ જે નરી આંખે દેખી શકાતું નથી. ઈન્દ્રિયોને અગોચર એવું, પરમ તત્ત્વનું સ્વરૂપ તે અલખ.

પૂ.બાપજી શરૂઆત કેવી કરે છે ? જેને નરી આંખે જોઈ શકાતો નથી, એવા પરબ્રહ્મ પરમાત્માને જુઓ - એના દર્શન કરો. પરંતુ આ અલખ અક્ષરથી બહાર છે-બાવનથી બહાર છે. પૂ.બાપજી આજ વાતનો ઉલ્લેખ એક ભજનમાં કરતાં કહે છે કે :

**જપ-તપ-તીરથ જોગ જુગતથી એ છે સાવ નિરાળો,**
**નેતિ નેતિ કહી નિગમ ઓચરે. બાવનથી બહારો... અનુપમ હીરલો.**

આ અલક્ષ-અલખને અનુભવવાનો છે. એ મન, બુદ્ધિ, વાણીથી પર છે. એના વિષે

લખનારનો તો પાર નથી, પણ એના દર્શન કરવાનાં છે, અનુભવ કરવાનો છે. આ પ્રકારના માણસો ક્યાં છે ?

આ અલક્ષ-અલખના દર્શન કરવાની-અલખને જોવાની ઈચ્છા ધરાવનારે કેવી સાધના કરવાની છે તે પૂ.બાપજી સમજાવે છે. આ યૌગિક પ્રક્રિયામાં બુદ્ધિની, તર્કની કે વિદ્વત્તાની જરૂર નથી.

સૌ પ્રથમ તો 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' સૂત્ર બરાબર સમજાવવું જોઈએ. જગતમાં જે કાંઈ દેખાય છે, તે મિથ્યા છે, ભ્રમ છે-સત્ય નથી. સત્ય કેવળ પરબ્રહ્મ પરમાત્મા જ છે. એટલે જે દેખાય છે તે ખોટું છે. જાગૃત અવસ્થામાં જણાતો આ પ્રપંચ ખોટો છે.

સ્વપ્નવસ્થામાં જે કાંઈ દેખાય છે, તે મનની રમત છે અને એ પણ જૂઠું છે. આ દશ્ય-અદશ્યથી જે પર છે તેવા એક અને અજોડ એવા અલખના દર્શન કરો.

આવા અગમ્ય-અગોચર અલખને નિહાળવો કેવી રીતે ? આ ભજન સમજાવતાં આદરણીય વડીલ મુ.શ્રી વિઠ્ઠલભાઈ પાઠક લખે છે કે, સૂરત એટલે અલખનું અનુસંધાન.

સુરત - સુરતા એટલે Always and Constant in tune with devine.

''રસના નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય'' એવી અવસ્થા. અલખને નિહાળવા સુરતાની ખૂબ આવશ્યકતા છે. આ સુરતાનો પૂ.બાપજીએ ભજનોમાં ઘણીવાર ઉલ્લેખ કર્યો છે.

- સુરત પિયાસે રંગ જમાના, ભેદ ભરમ મિટાના... કહાં જાના.
- સૂરત-નૂરતકી ગોલી ચલાઈ,

  બંકનાલ ગઢ અગમ જીતાઈ

  અલખ નિરંજન તંબુ તનાઈ... તપસી.
- દર્શન પાઈ સૂરત ગંવાઈ, સઘળા સરિયાં કામ... હું ભિખારી.
- નિશ્ચય નાવે રે, જો ચઢે શ્રદ્ધાસઢ ફેલાય,

  સુરત સુકાને રે, કોક દિ, ભવસાગર તરાય... હરિગુણ ગાઓ રે.
- કરી સુરતા તણી પાંખો, અડગ શ્રદ્ધાતણી આંખો... સહુ ભેગા.
- સુરતાનો તાર તૂટે નહિ ને નાશ પામે અજ્ઞાન... હરિ હરિ ગાતાં રે.



નૂરત એટલે વૃત્તિને ધ્યેયમાં સ્થિર કરવી તે - વૃત્તિનું સ્થિરીકરણ. આમ સુરતા-સુરત એટલે સતત અનુસંધાન અને નૂરત એટલે તે અનુસંધાનમાં વૃત્તિનું સ્થિરીકરણ. સુરતની શય્યા અને નૂરતની ચાદર. આ બંને પથારીના ઉપકરણો-સાધનો છે. હવે પલંગ-ખાટલો પણ જોઈએ ને ?

સૂતો સહજ તણી ખટિયા એટલે સહજ સમાધિ-સ્વૈર સમાધિ. એક ભજનમાં પૂ.શ્રી લખે છે : ''સ્વૈર સમાધિ બૂઝે તેને રંગ રહે ક્યાં ખેદ ?'' આ સ્વૈર સમાધિ-સહજ સમાધિ એટલે ફાવે તેવા વર્તન અથવા સ્થિતિમાં મનની અભંગ બ્રહ્મત્વભાવે સ્થિતિ.

આ સ્થિતિએ પહોંચવા માટે યોગીએ સુષુમ્ણા નાડીમાં કુંડલિની, પ્રાણ, મન વગેરેનો પ્રવેશ કરાવી દીધો છે. છ ચક્ર અને ત્રણ ગ્રંથિના ભેદન પછી દશવિધનાદ સંભળાય છે. આ દશવિધનાદમાં શંખનાદ, ભેરીનાદ, વેણુનાદ, મેઘગર્જના-મેઘનાદ મહત્ત્વના છે. મેઘગર્જના પછી અલખનાં દર્શન છે. આમ, અખંડ અનાહતનાદનું શ્રવણ એ જ સુંદરી સુષુમ્ણા દ્વારા વાગતાં ચોઘડિયાં છે.

આપણા શરીરમાં ૭૨૦૦૦ નાડી છે, જે પૈકી ૧૨ નાડી મહત્ત્વની છે. ''ફટરે ભૂંડા આ શું કર્યું'' એ ભજનમાં આ નાડીઓનો ઉલ્લેખ છે. એ પૈકી ત્રણ નાડી એકદમ મહત્ત્વની છે. ઈડા અથવા ઈંગલા, પિંગલા અને સુષુમ્ણા. ઈડા એ ચંદ્ર નાડી છે. જયારે પિંગલા એ સૂર્ય નાડી છે. આ ચંદા-સૂર બળે હંડિયા એટલે ઈડા અને પિંગલા નાડી. આ ઈડા-પિંગલા અને સુષુમ્ણા નાડી ત્રિકુટીમાં ભેગી થાય છે. એને જ પ્રયાગ કે સંગમ કહેવામાં આવે છે.

સંકલ્પરૂપી ફૂલની માળા પહેરીને વૃત્તિરૂપી બાળા ઊભી છે. એ ઊલટા-સુલટા ચાળા કરે છે, પરંતુ આપણે તો અલખનાં દર્શન કરવાના છે એટલે મનના સંકલ્પોને રોકી, વૃત્તિને સ્વસ્વરૂપમાં સ્થિર કરવાની છે. મન સંકલ્પ વિકલ્પ કરે છે. આ મનમાંથી વૃત્તિઓ ઊઠે છે. મનની વૃત્તિને અંતર્મુખ બનાવવાની છે. એક ભજનમાં પૂ.બાપજી લખે છે :

**મનના સંકલ્પો રોકી, મારું તારું કોરે મૂકી,**

**વૃત્તિ સ્વરૂપે રાખી, રામને સંભારો... આવો હરિજન.**

મનની વૃત્તિને સ્થિર કરવાની છે.એ સ્થિર થતાં જ દેવનાં-આત્માનાં દર્શન થાય છે.

વૃત્તિ સ્થિર કરવાથી દેવના દર્શન સુલભ બને છે. શ્રીગુરુલીલામૃતમાં બોડાણાનું આખ્યાન ચીલાચાલુ આખ્યાનથી જુદુ છે. સાચો ભક્ત કોઈ દિવસ ભગવાનને એવું

ના કહે કે, "હું હવે ઘરડો થયો છું. હવે મારાથી પગે ચાલીને દ્વારકા નહિ અવાય. તો તમે ચાલો." અંતર્યામી ભગવાનને કહેવું પડે ? પૂ.બાપજી લખે છે કે :

**અરપી તુલસી ભાવથી કૃષ્ણપદે તત્કાળ,**

**કરી દંડવત્ જ્યાં કરે વૃત્તિ સ્થિર નિર્ધાર;**

**મૂર્તિ તિહાં પાષાણની કૃષ્ણચંદ્રની તેહ,**
**વદે પ્રત્યક્ષઃ ભક્ત હે ! સદ્ભક્તિથી એહ.**

**થયો તુષ્ટ હું તાહરી, આવું તારી સાથ,**
**ચાલ ડાકોરમાં સુખે રહીએ બે સંગાત.**(અ.૧૩૦.દો.૨૦થી૨૨.)

પૂ.બાપજી વૃત્તિને ગોપી સાથે અને આત્માને કાનુડા સાથે સરખાવે છે. એક પ્રભાતિયામાં પૂ.બાપજી ગાય છે :

**સ્વાન્ત વૃંદાવને વૃત્તિ ગોપી મળી, આત્મ કાનુડો નટરાજ ખેલે.**

ઉલટા સુલટા ચાળા કરતી અસદ્ વૃત્તિને સાત્ત્વિક વૃત્તિ બનાવવાની છે. બહિર્મુખ વૃત્તિને અંતર્મુખ કરવાની છે. આ બધી સાધના અલખને જોવાની ઈચ્છા કરનારે કરવી જ રહી.

સાધનાના ફળસ્વરૂપે આ જડચેતનમાં બધે અલખનાં દર્શન થાય છે. ફૂલના હારમાં દોરો દેખાતો નથી, પરંતુ એ દોરાને આધારે ફૂલો ટકી રહ્યા છે. દોરો બધા ફૂલોમાંથી પસાર થાય છે. એ ભલે દેખાતો ન હોય પણ એ નથી એવું તો કેમ કહેવાય ? સુજ્ઞ વ્યક્તિ, વિદ્વાન વ્યક્તિ ફૂલના હારમાં રહેલા દોરાને ન દેખાવા છતાં જુએ છે. દૂધમાં ઘી (સર્પિર્યથા પયસિ) અને લાકડામાં રહેલો અગ્નિ (દારુણી વહ્નિરેવ) વિદ્વાનો જુએ છે. એ જ રીતે આ વિશ્વના જડચેતન પદાર્થમાં રહેલા-સંતાઈને રહેલા-ગૂઢ પરમાત્માને યોગીપુરુષ જુએ છે.

અને બધે જ આત્મસ્વરૂપનું દર્શન થતું હોય ત્યારે કોણ કોને જુએ ? જોનાર જોવાનું ભૂલી જાય. દૃષ્ટા, દૃશ્ય અને દર્શન એક થઈ જાય.

હળવાશમાં કહેવું હોય તો અલખને નિહાળવો હોય તો અ-લખ - ના-લખ, લખ નહિ. લખવાનું બંધ કર.

❖❖❖



## ભજન (૫૨)
## પહેરી લીધા વીંટલા

**(પહેરી લીધો ચૂડલો તારો રે હરિ- એ રાહ)**

**પહેરી લીધા વીંટલા, તારા હો અંબે, માડી, તારા હો અંબે;**
**કોણ કાઢે આંખ સામે, કાળ જ્યાં કંપે? ...ટેક.**

**શુંભ-નિશુંભો કામાદિક સૌ જોઇને ત્રાસે, માડી જોઇને ત્રાસે;**
**મહિષાસુર-અજ્ઞાન બાપડું, મુઠ્ઠી દઈ નાસે. ...પહેરી૦ ૧.**

**જોઇ તારું મુખડું હૈયું આનંદે નાચે, માડી, આનંદે રાચે;**
**રિદ્ધિ સિદ્ધિ હાથ જોડી, બારણે યાચે. ...પહેરી૦ ૨.**

**નિત નૂતન શું રૂપ તારું કોટિ રવિ રાજે, માડી, કોટિ શશિ રાજે;**
**દોડે સિંહે વીજળી વેગે, ભક્તોને કાજે. ...પહેરી૦ ૩.**

**રાખ રંગ આ કટોકટીમાં, સંકટ નિવારી, માડી, સંકટ વિદારી;**
**શક્તિપાત કરી ભારતમાં, રિપુદલ સંહારી. ...પહેરી૦ ૪.**

❖❖❖

## અર્થ

હે અંબા મા ! મેં તારા નામના કડા (વીંટલા) પહેરી લીધા છે. તારી સામે આંખ કાઢવાની કોણ હિંમત કરી શકે ? ખુદ કાળ-મોત પણ કાંપે છે. મુ. સુમનકાકા કહેતા કે કાળ જો કંપે ! તો આંખ મેળવવાની વાત જ ક્યાં ?

શુંભ-નિશુંભ રાક્ષસો અને કામદેવ વગેરે સૌ હે મા ! તને જોઈને હેરાન થઈ જાય છે, ત્રાસી જાય છે. મહિષાસુરરૂપી અજ્ઞાન બાપડું બની મૂઠ્ઠી દઈને નાસી જાય છે.

હે મા ! તારું મુખડું જોઈને મારું હૈયુ આનંદથી નાચે છે. આનંદમાં રાચે છે. રિદ્ધિ સિદ્ધિ તારે બારણે હાથ જોડીને માગે છે.

હે મા ! તારું રોજ રોજનું નવીન રૂપ એવું છે કે, જાણે કરોડો સૂર્ય શોભી રહ્યા

છે. મા ! જાણે કરોડો ચંદ્ર શોભી રહ્યાં છે. તું ભક્તોને માટે નીકળે છે ત્યારે સિંહ પણ વીજળીની ઝડપે પહોંચી જાય છે.

હે મા ! આ કટોકટીમાં સંકટ નિવારી અમારો રંગ રાખ, સંકટ વિદારીને રંગ રાખ. હે મા ! તું શત્રુઓના દળને સંહારી ભારતમાં શક્તિપાત કર.

❖❖❖

# વિવરણ

પૂ.બાપજીને મન દત્ત ભગવાન એ અત્રિ-અનસૂયાના ઘરે જન્મેલી સાડા ત્રણ હાથની વ્યક્તિ ન હતી. આદરણીય શ્રી રામચંદ્ર કામતજીને પત્ર દ્વારા પૂ.બાપજીએ ''શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્'' સૂત્ર સમજાવ્યું હતું. એમાં દત્ત શબ્દના જુદા જુદા અર્થ આપ્યા હતા. એમાં એક અર્થ એવો હતો કે, દત્ત એટલે જેણે આપણને તન-મન-ધન બધું આપ્યું છે, તે ઈષ્ટદેવ. જેવા કે રામ, કૃષ્ણ, શિવ, અંબા વગેરે. એટલે પૂ.બાપજીની દત્ત ભગવાન વિશેની સમજ એટલી ઊંચી હતી કે, બધા દેવો પ્રત્યે ''મમ ભાવ'' જગાવ્યો. પરિણામે પૂ.બાપજીએ ભગવાન રામ, કૃષ્ણ, શિવ, અંબા, હનુમાન વગેરેનાં સ્તોત્રો રચ્યાં, ભજનો લખ્યાં.

મુ. સુમનકાકા - (ભજન ભાસ્કર) આ ભજન સમજાવતા ત્યારે કહેતા કે, સંવત ૨૦૨૧ની નવરાત્રીમાં ભગવતી અંબાજી શાંતિકુંજમાં પ્રગટ થયા અને પૂ.બાપજીએ ૬૮મી રંગજયંતી અંબાજીમાં ઉજવવાનું વિચાર્યું.

આ ભજન એ પૂ.બાપજીની રાષ્ટ્રભક્તિનું દ્યોતક છે. ૧૯૬૫માં ચીને ભારત ઉપર આક્રમણ કર્યું હતું. ત્યારે મા અંબાજીને પ્રાર્થના કરતું સ્તોત્ર લખ્યું. સ્તોત્રની બે-ચાર લીટી જોઈએ :

**માતશ્ચામ્બે જાગૃહિ જાગૃહિ નાશયિતું ભારતમેતદ્ ।**
**ધાવન્ત્યસુરા ઉન્મત્તાસ્તે કિં શેષે નો પશ્યસિ કિમ્ ॥**
**શુમ્ભ નિશુમ્ભો મહિષશ્ચાઉ રક્તપિપાસવ આઃ સર્વે ।**
**નિર્દોષાન્ બાલાંસ્તે ઘ્નન્તિ ગર્જન્ત્યુચ્ચેર્નો શૃણુષે ॥**



પૂ.બાપજી આબુ રેલ્વે સ્ટેશનથી અંબાજી જઈ રહ્યા હતા. સેવામાં મુ. સુમનકાકા હતા. પૂ.બાપજીને પગે દુઃખાવો હતો, તે રબ્બર બેંડ વીંટાળ્યા હતા. એના સંદર્ભમાં પૂ.બાપજીએ મુ. સુમનકાકાને કહ્યું, માસ્તર ! લાવો પેડ ને પેન. આપણે માજીના નામના વીંટલા પહેર્યાં છે, તો માજીની સ્તુતિત કરીએ અને આ ભજન રચ્યું.

આ ભજન સાહિત્યની દૃષ્ટિએ પણ કાવ્યતત્ત્વથી ભરપૂર છે. ''આનંદે નાચે, આનંદે રાચે'', ''કોટિ રવિ રાજે, કોટિ શશિ રાજે'', ''સંકટ નિવારી, સંકટ વિદારી'' જેવી કાવ્યાત્મક પંક્તિ ભજનને વધુ ગેય બનાવે છે.

આમ પણ નાનું બાળક માતાના ખોળામાં આશરો લે છે પછી નચિંત બની જાય, નિશ્ચિંત બની જાય. આ તો સાક્ષાત્ જગદંબા મા છે. એના ખોળે બેઠેલા સામે કોની તાકાત છે કે કોઈ આંખ કાઢીને જુએ. ખુદ કાળ પણ ધ્રૂજતો હોય તો ત્યાં માનવીનું તો શું ગજું ?

શુંભ, નિશુંભો એ રાષ્ટ્ર પર આક્રમણ કરનાર દુશ્મન 'ચાઉ-એન-લાઈ'ને ઉદ્દેશીને લખાયા છે. મહિષાસુરરૂપી અજ્ઞાનનો ઉલ્લેખ એ આધ્યાત્મિક દૃષ્ટિકોણ છે. મા જગદંબાના બારણે ઊભેલી રિદ્ધિ સિદ્ધિ બે હાથ જોડીને યાચના કરે છે - માગણી કરે છે એ માતાજીનો વૈભવ સૂચવે છે.

પૂ.બાપજી કહે છે કે, હે મા ! તું ભક્તોનું રક્ષણ કરવા માટે સિંહની સવારી કરતાં તે વીજળીના વેગથી દોડી જાય છે. સામાન્ય રીતે સિંહ રાજવી ઠાઠથી ચાલે છે. ભક્તે પોકાર કર્યો નથી અને તું હાજર થઈ નથી.

છેલ્લી પંક્તિમાં પૂ.શ્રીની રાષ્ટ્રભાવના, રાષ્ટ્રભક્તિ પરાકાષ્ઠાએ પ્રગટી છે. હે મા ! તું ભારતમાં શક્તિપાત કર. ભારતના નાગરિકોમાં, લશ્કરી જવાનોમાં દિવ્યશક્તિનો સંચાર કર. દુશ્મનોના લશ્કરનો સંહાર કર. ભારતની પ્રજાના સંકટો દૂર કર, અને કટોકટીભરી પરિસ્થિતિમાં ભારતને વિજયી બનાવી રંગ રાખી દે. ભારતનો જય જયકાર કરાવી દે.

બાળક માની પાસે નહિ માગે તો કોની પાસે માગે ? પૂ.બાપજી નારેશ્વરમાં બેઠા એ પહેલા પૂ.ગાંધીજીની હાકલને માન આપી પૂ. બાપજી (ત્યારના પાંડુરંગ) વડોદરાની કૉલેજ છોડી અમદાવાદ વિદ્યાપીઠમાં આવ્યા હતા અને રાષ્ટ્રને સ્વતંત્ર કરવાની વિવિધ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતા હતા. પૂ.બાપજીની-તે વખતના પાંડુરંગની-રાષ્ટ્રભક્તિ અને કાર્ય પ્રત્યેની તમન્ના જોઈને પૂ.ગાંધીજીને કહેવું પડ્યું કે મને જો પાંડુરંગ જેવા ૧૦૦

સત્યાગ્રહીઓ મળે તો હું ઘડીના છઠ્ઠા ભાગમાં આઝાદી લઈ આવું.

પૂ.અવધૂતજીની દેવભક્તિ અને દેશભક્તિ બંને એવી ઊંચી હતી કે, દેવ અને દેશ બંને રાજી થઈ આશીર્વાદ વરસાવતા રહ્યા. પૂ.બાપજીની રાષ્ટ્રભક્તિનું દ્યોતક એવું ભજન છે : "ખૂલ્લં ખૂલ્લા મહાસભાને અબકી બાર પુકારા હૈ

દૂર હટો દૂર હટો દૂર હટો યે ટોપીવાલે હિંદુસ્થાન હમારા હૈ."

આપણે પણ રાષ્ટ્રભક્તિ, રંગ ભક્તિ દ્વારા આપણા દેશ માટે, આપણા દેવ માટે જરૂર પડે તન-મન-ધન કુરબાન કરીએ.

❖❖❖

## ભજન (૫૩)

## દત્તગુરુ અવધૂત ભજી લે પ્રાણી

**(રામભજનકુ દિયા કમલમુખ- એ રાહ)**

**દત્તગુરુ અવધૂત ભજી લે પ્રાણી, દત્તગુરુ અવધૂત. .ટેક.**

**કાષાયાંબર ચરણ પાદુકા (૨) અંગ સુરંગ ભભૂત. .ભજી૦ ૧.**

**માલા કમંડલુ ડમરુ બિરાજે (૨) હાથ ધર્યો હૈ ત્રિશૂલ. .ભજી૦ ૨.**

**સ્નાન સંધ્યા અરુ ધ્યાન સમાધિ (૨) છોડ હજારો તૂત. .ભજી૦ ૩.**

**રંગ કહે સૂણ સૂણ રતનજી (૨) એ વિણ સબ કુછ જૂઠ. .ભજી૦ ૪.**

❖❖❖

## અર્થ

હે માનવ ! તું દત્તગુરુ અવધૂતનું ભજન કરી લે.

એણે ભગવાં વસ્ત્રો પહેર્યાં છે, પગમાં પાવડી છે અને શરીરે ભભૂતિ - રાખ ચોળી છે.

એના હાથમાં માળા, કમંડલ, ડમરું અને ત્રિશૂળ શોભી રહ્યા છે. સ્નાન, સંધ્યા, ધ્યાન, સમાધિ જેવા હજારો તૂત છોડી દે.



રંગ બાપજી ભક્ત રતનલાલ મહાત્માને કહે છે કે, એ પરમાત્મા વિનાનું આ બધું જૂઠું છે, ખોટું છે.

❖❖❖

## વિવરણ

ભગવાન દત્તાત્રેયની સાથે ત્રણ શબ્દો જોડાયેલા છે. (૧) ગુરુ (૨) દિગંબર અને (૩) અવધૂત.

દત્ત ભગવાન એ જ્ઞાનનો અવતાર છે. એટલે એ બધાને જ્ઞાન આપનાર દેવ હોવાથી બધાના ગુરુ છે. દત્ત ભગવાન દિગંબર-વસ્ત્ર વિનાના છે. દિશા એમનું વસ્ત્ર દિશા છે. આમ, દિશા (દિક્) જેનું વસ્ત્ર (અંબર) છે તે દિગંબર. પરંતુ વસ્ત્ર એ વાસનાનું પ્રતિક છે, તેથી દત્ત ભગવાન વાસના રહિત, નિર્ગુણ પરમાત્મા છે. દિગંબર શબ્દનો બીજો અર્થ એવો છે કે, જે દિશાનું વસ્ત્ર છે, એટલે દશે દિશા (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ + અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન ખૂણા + ઉપર અને નીચે) ને ઢાંકીને વ્યાપેલો દેવ છે. આમ, દત્ત ભગવાન પરબ્રહ્મ-પરમાત્મા છે. દત્ત ભગવાન અવધૂત છે. સંન્યાસીની ચાર કક્ષાથી પણ ઉપરની પાંચમી કક્ષા તે અવધૂત. કુટિચક, બહૂદક, હંસ અને પરમહંસ એવી સંન્યાસીની ચાર કક્ષા છે. અવધૂત એનાથી પણ ઉપરની કક્ષા છે.

પૂ.શ્રીગુરુલીલામૃતમાં અવધૂતની કક્ષા સમજાવતા લખે છે :

**કહે દત્ત : ધીરો થઈ સાંભળ નાગ સુજાણ,**
**તેં ગણાવ્યા તેહથી, અન્ય આશ્રમ માન.**
**પંચમ આ મારો નકી, આશ્રમ સુરમ્ય શ્રેષ્ઠ**
**સૂણ્યો ના શું તે હજી ? માને બ્રહ્મવિદ્ પ્રેષ્ઠ.**
**અભેદદષ્ટિથી સદા જુએ વિશ્વ અખંડ,**
**આત્મરૂપ જે સર્વદા, નિરસ્ત વિકલ્પ બંડ.**
**રાગ દ્વેષાતીત જે સદા વૈરાગ્યયુક્ત,**
**પંચમ આશ્રમ આ નકી તેનો, જાણે યુક્ત.** (અ.૯.દો.૮૫થી૮૮)

"અવધૂત દેખલો રે, જેથી જન્મમરણ મીટ જાય" એ ભજનમાં પૂ.બાપજીએ

અવધૂતગીતા અને અવધૂત ઉપનિષદના શ્લોકોને આધારે અવધૂતના લક્ષણો ગાયા છે.

પૂ.બાપજી આવા અવધૂતનું ભજન કરી લેવાનું કહે છે. પરંતુ ભજન કોને કહેવાય ? પૂ.બાપજીએ ભજનની વ્યાખ્યા આપતા કહ્યું છે કે :

**સ્મરણં સ્વસ્વરૂપસ્ય હ્યખણ્ડૈકાત્મના તુ યત્ ।**
**તદેકં ભજનં પ્રોક્તં જન્મ મૃત્યુ જરાપહમ્ ॥**

**અખંડ ચિત્તૈકાગ્ર્યથી સ્વસ્વરૂપ ચિંતન,**
**ભજન મુખ્ય એ જાણવું, ટાળે જન્મમરણ.** (બોધમાલિકા શ્લોકઃ૧૧)

આમ, ભજનમાં અખંડ અને એક ચિત્તથી સ્વસ્વરૂપનું એવું ચિંતન કરવું કે જેથી જન્મમરણ ટળી જાય. એટલે ભજનમાં આંખ બંધ અને સ્વસ્વરૂપનું ચિંતન બે જરૂરી છે.

હવે પૂ.બાપજી દત્ત ભગવાનનું વર્ણન કરે છે. ત્યાગના પ્રતીકરૂપ ભગવાં વસ્ત્ર છે. પ્રવૃત્તિ-નિવૃત્તિના પ્રતીકરૂપ ચરણકમળમાં પાદુકા છે અને દેહની નશ્વરતાના પ્રતિકરૂપ શરીર પર ભસ્મ ચોળી છે. એમની પાવડીના ખટખટના રણકારે સંસારની ભીતિ ભાગે છે. દત્તાષ્ટકમાં પૂ.બાપજી લખે છે :

**એક હાથ ત્રિશૂલ હૈ, નાશ કરે અજ્ઞાન,**
**ડમરુ બાજે હૃદયમાં સોહં સોહં નાદ.**

એક પ્રભાતિયામાં પૂ.બાપજી આ આયુધોનો મર્મ સમજાવતાં લખે છે :

**ત્રિશૂલ કરમાં ગ્રહી ત્રિગુણ મમ સંહરી,**
**હું અને માહરું નાખ છેદી,**
**જ્ઞાનજલ ઘૂંટડો પાઈ કર તુંબીથી.**
**ચક્રથી ચક્ર ભવ નાખ છેદી.**
**મંત્ર માળા ગ્રહી પ્રણવ ડમરુ સહી,**
**કર્મના ભૂતને દે ભગાડી,**
**શંખહુંકારથી ભસ્મ ભીતિ હરી,**
**પાપ ને પુણ્યને દે નસાડી - છો સુખે નિંદતા.**

આવા દત્ત ભગવાન સ્નાન, સંધ્યા, ધ્યાન અને સમાધિમાં રહે છે અને બીજા ખોટા વ્યવહારો, કાર્યો તૂત સમજીને છોડી દે છે તેમ તું પણ છોડી દે.



રંગ બાપજી પોતાના ભક્ત રતનલાલ મહાત્માને કહે છે કે, દત્તગુરુના ભજન સિવાયનું બધું જુઠું છે, ખોટું છે. ભજન વિશેના પૂ.બાપજીના કેટલાંક વિચારો જોઈએ :

- ભજન જ સર્વ દુઃખોનો અચૂક ઈલાજ છે માટે બને તેટલું ભજન કરો.
- પાત્રમાં પાણી ભરાતાં હવા આપોઆપ નીકળી જાય છે તેમ ચિત્તમાં ભજનની ભરતી થતાં આપોઆપ ભોગવાસનાઓનો નાશ થશે.
- સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે. એના વિના બીજું બધું અવધૂતને મન ઝાંઝવાના નીરથી યે ફીકું છે.
- ભજન ખૂબ કરો. એ મારી સેવા જ છે.
- સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ.

❖❖❖

## ભજન (૫૪)
## મુખસે હરિ હરિ બોલ

**(રામભજનકુ દિયા કમલમુખ- એ રાહ)**

**મુખસે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી,**
**મુખસે હરિ હરિ બોલ. ...ધ્રુ.**
**ધન જોબન કછુ કામ ન આવે (૨)**
**રામ રતન તું તોલ. ...પાપીડા૦ ૧.**
**બાહિર દ્દષ્ટિ બંધ કરી તું (૨)**
**અંતરદ્દષ્ટિ ખોલ. ...પાપીડા૦ ૨.**
**વિષય વિષમ રસ ઢોળ જમીં પે (૨)**
**રામ અમીરસ ઘોળ. ...પાપીડા૦ ૩.**
**રંગ કહે સૂણ સૂણ રતનજી (૨)**
**એ વિણ જીવન [1]ફોલ. ...પાપીડા૦ ૪.**

૧. ફોગટ, તુચ્છ

❖❖❖

## અર્થ

હે પાપી પ્રાણી ! તું મુખથી હરિ હરિ બોલ.

ધન, યુવાની કશું કામ આવશે નહિ. રામરૂપી રતન તું તોલ. બહારનું જોતી તારી આંખને બંધ કરી અંતરદષ્ટિ-અંતરનું જોતી આંખને ખોલ. વિષયરૂપી ઝેરી રસ ઢોળી નાંખ અને રામનામરૂપી અમૃતરસ ઘોળ. રંગ કહે છે કે હે રતનલાલ ! તું સાંભળ.એના વિનાનું - હરિનામ સિવાયનું-જીવન વ્યર્થ છે.

❖❖❖

## વિવરણ

આ ભજનમાં પૂ.બાપજી નામસ્મરણનો મહિમા ગાય છે. સંસારમાં જન્મ લીધેલા પ્રાણીને 'પાપીડા' કહીને પૂ.બાપજી સંબોધે છે. નામસ્મરણનો મહિમા શાસ્ત્રોએ અને સંતોએ ઘણો ગાયો છે. મુખથી હરિ હરિ બોલ એમ કહી આ 'હરિ' તારું જન્મમરણનું દુઃખ હરી લેશે એમ પૂ.બાપજી સૂચવે છે. નામસ્મરણનું મહત્ત્વ એ છે કે એની અર્ધજાગૃત મન ઉપર સીધી અસર થાય છે. નામસ્મરણના સંસ્કાર મનમાં દૃઢ થાય છે. પરિણામે મૃત્યુવેળાએ બેભાન અવસ્થામાં એ અર્ધજાગૃત મન ભગવાનનું નામસ્મરણ કરે છે અને તેથી "મરણે યા મતિ સા ગતિ"ના ન્યાયે સદ્‌ગતિ પામે છે.

આપણો અનુભવ છે કે, શરૂઆતમાં એક હાથે આરતી ઉતારવી અને બીજા હાથે ઘંટડી વગાડવાનું મુશ્કેલ બને છે. ઘંટડી પણ આરતીની જેમ ઉપર નીચે થાય છે અથવા આરતી ઘંટડીની જેમ આજુબાજુ જાય છે. તેમ શરૂઆતમાં નામસ્મરણ કરવું અને ચિત્તને પરમેશ્વરમાં જોડવું અઘરું લાગે છે, પણ Practice makes man Perfect (અભ્યાસ માનવીને પૂર્ણ બનાવે છે)ના નિયમ પ્રમાણે વારે ઘડી નામસ્મરણની ટેવ પાડવાથી મન પરમેશ્વરમાં ચોંટેલું રહે છે અને જીભ ભગવાનનું નામ બોલે છે.

**કબીરજી કહે છે :**

**કલિમેં જીવન અલ્પ હૈ, કરિયે બેગ સંવાર ।**
**તપ સાધન કછુ ના બને, કેવલ નામ આધાર ॥**



**નાનક કહે છે :**

**ભયનાશન દુર્મતિહરન, કલિમહં હરિકો નામ ।**
**નિસિદિન નાનક જો ભજૈ સફલ હોઈ તિહિ કામ ॥**

**નારાયણ સ્વામી :**

**દો બાતનકો ભૂલ મત જો ચાહત કલ્યાણ ।**
**નારાયણ ઈક મોતકો દૂજે શ્રીભગવાન ॥**

અવધૂતી આનંદ નામસ્મરણના ભજનથી ભરેલું છે.પૂ.બાપજીએ ભજનમાં ગાયું છે કે :

- જપી લે હરિનું નામ રસાળ, સ્મરી લે સુંદર રૂપ વિશાળ
  જેથી નડે ન આ કલિકાળ.
- નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે...
- ભજન સુધારસ આનંદ આપે, સહુ દુઃખ એ છે હરતા રે...
- ભવરોગીનું ઓસડ મોંઘુ, કિમીયો કીમતી જાણો રે...
- યહિ સુમિરનસે તરે બાલ્મીકિ, શંકર નારદ દાના,
  મીરાં નામા ભયે અમર સબ સાધન સુમિરન માના.
- નામ નામીનો ભેદ મીટે ને નામી આપ હો જાય,
  ગાન,ગેય, ગાનાર ત્રિપુટી રંગ એક થઈ જાય.... હરિના નામનો.
- હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા.

ભગવાનનું નામ એ સંસાર રોગ લાગુ પડ્યો છે એવા ભવરોગીનું અચૂક ઓસડ છે. આ 'હરિ હરિ' બોલવામાં કાંઈ ખર્ચ થાય છે કે ? 'હરિ હરિ' બોલવામાં ભણતરની જરૂર છે કે ? અને એમ છતાં 'હરિ હરિ' બોલવામાં આપણને રસ પડે છે કે ? પ્રેમ આવે છે કે ?

દુનિયામાં આવીને જીવ યુવાની માણવામાં અને ધન કમાવવામાં પોતાનો સમય અને શક્તિ વાપરે છે. પૂ.બાપજી એક ભજનમાં લખે છે :

**ગોરું ગુલાબી તારું મુખડું હા ચાંદ જેવું;**
**ક્ષણમાં કરમાઈ જાશે રે ! મૂરખ પ્રાણી... ડાચું શું.**

ડાહ્યો માણસ એને કહેવાય કે જે વિચાર કરે કે જગત છોડીને હું જ્યારે જઈશ ત્યારે મારી સાથે શું આવશે? હું સાથે શું લઈ જઈ શકીશ ? જે વસ્તુ લઈ જઈ શકાતી હોય તે વસ્તુ કમાવવા માટે જીવન વાપરવું જોઈએ. સત્કર્મો સાથે આવવાના હોય તો મારે

સત્કર્મો કરવા જોઈએ. ભગવાનનું નામ સાથે આવવાનું હોય તો જીવનમાં રામનામની કમાણી કરવી જોઈએ. આપણે જે ધન કમાઈએ છીએ તે અહીંનું અહીં જ રહી જાય છે. જે યુવાનીની પાછળ ઘેલા થઈને ભોગ ભોગવીએ છીએ તે ભોગ જ રોગ થઈને શરીરને પજવે છે એટલે પૂ.બાપજી રામનામરૂપી રતન તોલવાનું-કમાવવાનું કહે છે. આપણે તો જગતમાં આવી જગતના મોજશોખમાં જગન્નાથને જ ભૂલી ગયા. પૂ.બાપજી પ્રભાતિયામાં ગાય છે કે :

**● વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા,**
**રાખની આશમાં લાખ ખોયા,**
**દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા,**
**મોહિની જાળમાં સર્વ મોહ્યા.**
**● વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો.**
**વિષયપુષ્પે ભમે મૂઢ ઘેલો.**

જીવનના સાચા સુખને પામવા માટેનો રાજમાર્ગ બતાવતાં પૂ.બાપજી કહે છે કે તું ''બાહિર દૃષ્ટિ બંધ કરીને અંતરદૃષ્ટિ ખોલ.'' આપણે જીવનભર બહારનું જ જોઈએ છીએ, બહારનું જ સાંભળીએ છીએ, બહારની વ્યક્તિ કે વસ્તુ વિશે જ વિચારીએ છીએ. આ બધું મનને-વિષયો તરફ લઈ જાય છે. એનાથી જન્મમરણની પરંપરા તૂટતી નથી. સાપે દેડકાને ગળ્યો છે, દેડકાનું પોણા ભાગનું શરીર સાપના મોંમાં ગયું છે છતાં પામર દેડકો સાપના મોંમાંથી છટકવાનો પ્રયત્ન કરવાને બદલે માખી ખાવાનો જ પ્રયત્ન કરે છે. માનવી ૭૦ વર્ષનો થયો છતાં 'હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ? મારે શું કરવાનું છે ? હું શું કરી રહ્યો છું ?'' એવું બધું વિચારતો નથી, પરંતુ બેંક બેલેન્સ અને શેરબજારના રોકાણનું જ ચિંતન કરે છે. અંતર્મુખ થયા વગર જયવારો નથી. અંતરમાં બેઠેલા ભગવાનને પામવા માટે માણસે ખુલ્લી આંખને બંધ કરવી પડે. બહારના નાદ સાંભળવાને બદલે અંદર થતો અનાહત નાદ સાંભળવો પડે. મનની દિશા બદલવી પડે. નિજાનંદની મસ્તીનો આનંદ માણવા અંતર્મુખ થવું જ પડે ને !

**પૂ.બાપજીના કેટલા ભજનમાં અંતર્મુખ થવાનો સંદેશો છે.**



**● અંદર ગોતા લગાવ પ્યારે ! અંદર ગોતા લગાવ.**
**● કોણ જીવડા ક્યાંથી આવ્યો ? આખર જાવું ક્યાંય ?**
**જીવતાં પ્રાણી શોધ કરી લે, અંતર ઊજળું થાય... મનુવા ધરી લે.**
**● બાર બાર ગોતા માર, નૈન ઠાર પીછું ભાળ,**
**લાલરંગ રતન દેખો રે, ઔર કાંચ બિષય છોડો રે... અક્કલસે.**
**● નેત્ર ફેરકે રંગ દેખ લે, વૃથાવાદ તીન ગુણ કા... જીવન દો દિનકા.**
**● મુડ અસલ ઘર અલખ જગાના, આવાગન મિટાના !... બન જા દિવાના.**
**● કાન ફેર કર સુને સુભાગી, ઘનન તાલ ઘડયાલ... અંદર ગોતા.**

પરંતુ અંતર્મુખ થવા માટે સાત્ત્વિક થવું પડે. સંસારની મારી તારીમાં રસ લેવાનું બંધ કરવું પડે. નામસ્મરણનો મારો ચલાવવો પડે. કઠણ સાધના કરવી પડે.

વિષયનો પ્રતિકૂળ અને ઝેરી રસ ઢોળી દે અને રામનામનો અમીરસ ઘોળ.

**''બોલ મા બોલ મા બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.''**
**સાકર શેરડીનો સ્વાદ ત્યદજીને, કડવો તે લીમડો ઘોળ મા રે...**

પૂ. બાપજી એક ભજનમાં કહે છે :

**છેડ મા, છેડ મા, છેડ મા રે વાત બ્રહ્મ વિના બીજી છેડ મા.**

મીરાંબાઈનું આ ભજન આપણને સંસારમાં રચ્યા પચ્યા રહેતા મનને પ્રભુના નામમાં વાળવાનું સૂચવે છે. વિષયો દુઃખનું કારણ છે એમ જાણવા છતાં આપણે આંખ આડા કાન કરીને વિષયો ભોગવવામાં મસ્ત રહીએ છીએ. આપણે વિષયોને-ભોગોને - નથી ભોગવતા પણ ભોગો આપણને ભોગવે છે એવું કહીને ભર્તૃહરિ આપણને ચેતવે છે, પરંતુ આપણે ચેતતા નથી. પૂ.બાપજી દત્તનામસ્મરણમાં લખે છે :

**ગયા કેટલા, કેટલા અર્ધ વાટે**
**વળી કેટલા જાય જો દેખ હાટે.**
**પડ્યો ઊંઘમાં શેં સુખે મૂઢ હન્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. (શ્લોક : ૨૦)**

કેટલા ગયા-મરી ગયા. કેટલા અર્ધ વાટે-એકદમ ગંભીર દશામાં-કોમામાં છે અને કેટલા આ ચાલ્યા - 'રામ બોલો ભાઈ રામ' બોલતાં ડાઘુઓ ઊંચકીને ચાલ્યા. આ

બધું તું જુએ છે છતાં તું વિચારતો નથી ? તું પણ એક દિવસ જતો રહેશે તો જતા પહેલાં શું કરવાનું છે, તે વિચાર અને તે પ્રમાણે જીવી લે.

રંગ બાપજી પોતાના મિત્ર અને ભક્ત એવા રતનલાલ મહાત્માને કહે છે કે, હરિનામસ્મરણ સિવાય બીજું બધું નકામું છે, વ્યર્થ છે. કબીરજીની એક નાની રમુજી વાતથી ચર્ચા સમાપ્ત કરીએ.

કેટલાક ડાઘુઓ નનામી ઊંચકીને જતા હતા અને 'રામ બોલો ભાઈ રામ' અને 'રામ' 'રામ' એવું બોલતા હતા. કબીરજીને થયું કે, આ ચાર જણ જેને ઉંચકીને લઈ જાય છે, તે તો 'રામ' રામ' બોલતો જ નથી. કબીરજીએ એક ભાઈને પૂછ્યું તો એણે કહ્યું કે, એ તો મરી ગયેલો છે એટલે રામનામ કેવી રીતે બોલે ? મરેલો માણસ રામ રામ ના બોલે. આ સાંભળીને કબીરજીએ સૂત્ર બનાવ્યું : **જે રામ રામ ના બોલે તેને મરેલો જાણવો.**

❖❖❖

## ભજન (૫૫)

## દત્ત દિગંબર દેવ, ભજી લે પ્રાણી

**(રામભજનકુ દિયા કમલમુખ- એ રાહ)**

**દત્ત દિગંબર દેવ, ભજી લે પ્રાણી દત્ત દિગંબર દેવ. ...ટેક.**

**ભકતન કારન દેહ ધર્યો હૈ (૨)**
**અલખનિરંજન એહ. ...ભજી૦ ૧.**

**ચૌદ લોક ચાકર જાકે (૨)**
**જગ્ત જગાવત અલેખ. ...ભજી૦ ૨.**

**ગોકૂતર પશુ પંખી સમાના (૨)**
**નરનારાયણ પેખ. ...ભજી૦ ૩.**

**રંગ કહે સૂણ સૂણ રતનજી (૨)**
**એ વિણ ફોગટ ભેખ. ...ભજી૦ ૪.**

❖❖❖



## અર્થ

હે માનવી ! તું દત્ત દિગંબર દેવને ભજી લે.

એ અલખ નિરંજન દત્ત ભગવાને ભક્તોને માટે દેહ ધારણ કર્યો છે.

ચૌદ લોક જેના નોકર છે (જે ચૌદ લોકના સ્વામી છે) તે જગતમાં અલેખ-આહલેક જગાવે છે એને મન ગાય-કૂતરાં પશુ-પંખી બધા એકસમાન છે. એ નરમાં નારાયણના દર્શન કરે છે. રંગ બાપજી ભક્તમિત્ર રતનલાલને કહે છે કે હે રતનલાલ ! સાંભળો. આ સ્થિતિ ન આવે તો લીધેલો બાહ્ય વેષ ફોગટ છે, વ્યર્થ છે. એ અર્થહીન છે.

❖❖❖

## વિવરણ

હે માનવી ! તું દત્ત દિગંબર દેવને ભજી લે. પૂ. બાપજીની દત્ત શબ્દની વ્યાખ્યા એટલી વિશાળ છે કે બધા દેવો એમાં સમાવેશ પામે છે. જેણે આપણને આ શરીર આપ્યું, બધું સુખ આપ્યું એ આપણો ઈષ્ટદેવ આપણા માટે દત્ત કહેવાય. સંસ્કૃતમાં દા. (યચ્છ)નો અર્થ થાય છે. ''આપવું'' અને જે અપાઇ ગયો, જેણે પોતાનું સ્વાત્મ દાન કર્યું તે દત્ત.

આ ભગવાન શું કામ અવતાર ધારણ કરે છે ? નિર્ગુણ બ્રહ્મ સગુણ શું કામ બને છે ? એ પ્રશ્નનો જવાબ આપતાં બાપજી કહે છે કે આ અલખ-અલક્ષ અને નિરંજન (માયાના અંજન વગરનો) દેવ ભકતોને માટે દેહ ધારણ કરે છે. ભકત ભગવાનનો સબંધ અનેરો છે એ સંબંધ સમજવો સહેલો નથી. પૂ. બાપજી દત્તપ્રણતિમાં લખે છે.

**એકોઽહં સ્યાં બહ્વિતિ ભૂતોઽનેકો યો**
**ભક્તાધિનો ભાવનરૂપો ગુરુરાદ્ય : ।** (શ્લોક : ૪)

અર્થાત્ હું એક છું અને અનેક થાઉં એમ વિચારી જે અનેક રૂપે પ્રગટ થયો, જે ભક્તને આધીન છે અને ભાવ સ્વરૂપ છે અને આદિ ગુરુ છે.

આમ ભગવાન માયાના પતિ હોવા છતાં ભક્તોના દાસ છે, ભક્તાધીન છે. ભક્તોને વશ છે. ભગવાન નારદજીને કહે છે :

**નાહં વસામિ વૈકુંઠે યોગિનાં હૃદયે ન ચ ।**
**મદ્ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ॥**

હે નારદ ! હું વૈકુંઠમાં વસતો નથી કે યોગીઓના હૃદયમાં પણ વસતો નથી. પરંતુ મારા ભક્તો જ્યાં કીર્તન કરે છે ત્યાં હું ઊભો (હાજર) રહું છું. (બેસતો પણ નથી - એ ભાવ છે)

હરિ કરતાં પણ હરિજન મોટો છે, ભગવાન કરતાં ભક્ત મોટો છે, સ્વામી કરતાં સેવક મોટો છે. કબીરજી કહે છે :

**હરિસો તૂ મત હેત કર, કર હરિજનસો હેત ।**
**માલ-મુલ્ક હરિ દેત હૈ, હરિજન તો હરિ દેત ॥**

ભગવાન-હરિ શું આપે ? માલ-મિલકત, વૈભવ વગેરે. ભકત-હરિજન શું આપે ? એ તો હરિ જ આપી દે. હરિમાં અને માલ-મિલકતમાં કિંમતી શું ? હરિ. મોંઘી વસ્તુ કોણ આપે ? ભકત-હરિજન. આ છે ભક્તની વિશેષતા.

સાચા ભક્તોની પાછળ પાછળ ભગવાન ફરે છે એ ભગવાનની વિશેષતા છે. ભગવાન ભક્તને માટે કરવા જેવું પણ કરે અને ન કરવા જેવું પણ કરે એટલે ભગવાન ભક્તોને માટે દેહધારણ કરે એમાં શી નવાઇ ?

બાપજી દત્તદશકમાં લખે છે

**નાના નામે તું વસે, નાના નામે એક**
**ભક્તજનોને કારણે ધારે વિધ વિધ ભેખ.**

એક ભજનની શરૂઆત જ આવી છે :

**ભક્તનકે કાજ જોગી વેષ ધર્યો રાજ, શી બલિહારી ?**

શ્રી ગુરુલીલામૃતમાં બાપજી લખે છે :

**● ભૂમિભાર ઉતારવા, દેવ મૂળ અરૂપ;**
**ભક્તોદ્ધારણ કારણે, થાય બ્રહ્મ સરૂપ - (અ.૪.દો.૧૨)**

આ દત્ત ભગવાન પરબ્રહ્મ પરમાત્મા છે. ચૌદ લોક એના ચાકર-નોકર છે. ભુઃ,ભુવ;સ્વઃ, જન,તપ,મહ અને સત્ય અને સાત પાતાળ એમ મળીને ચૌદ લોકનો સ્વામી હોવા છતાં જગતમાં અહાલેક-અલેખ જગાવે છે. શા માટે ? લોકોનું કલ્યાણ કરવા અને ભક્તોનું રક્ષણ કરવા. સાધુ-સંતોનું રક્ષણ કરવા માટે ભગવાન યુગે યુગે જન્મ ધારણ કરે છે. ગીતામાં ભગવાન કહે છે.

પૈસા માગતા શરમાજો પણ ક્ષમા આપવામાં કદી શરમાશો નહિ.



**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહં ॥**

**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥** (અ.૪.શ્લોક૭અને૮)

આમ જ્યારે ધર્મની ગ્લાનિ (હ્રાસ)(નાશ નહિ) અને અધર્મની વૃદ્ધિ થાય ત્યારે ભગવાન પોતાના રૂપને સર્જે છે એટલે કે સાકાર સ્વરૂપે પ્રગટ થાય છે. સાધુ સંતોનું રક્ષણ કરવા, દુષ્ટોનો વિનાશ કરવા અને ધર્મની સારી રીતે સ્થાપના કરવા હું યુગે યુગે પ્રગટ થાઉં છું.

આ દત્ત દિગંબર દેવની દૃષ્ટિમાં ગાય, કૂતરાં, પશુ, પંખી બધાં સરખાં છે. નરમાં નારાયણને જુએ છે. 'આત્મવત્ સર્વ ભૂતેષુ'ની દૃષ્ટિથી જીવતા દેવને મન બધામાં પોતે જ રહેલા છે. "જગતમાં પ્રભુને અને પ્રભુમાં જગતને જોવાની જેને ટેવ છે, એવી જેની દૃષ્ટિ છે. એવા દેવપુરૂષ ભગવાન દત્તાત્રેયનું તું ભજન કરી લે.

છેલ્લે પૂ.બાપજી રતનલાલને ઉદ્દેશીને બધાને કહે છે કે દત્ત ભગવાને કેળ ભેખ જ નથી ધર્યો પરંતુ એને અનુરૂપ જીવ્યા છે. પૂ. બાપજી પ્રશ્નોત્તર માલામાં પહેલો પ્રશ્ન જ એવો પૂછે છે કે જેમાં વેષનું મહત્ત્વ નથી પણ મહત્ત્વ તમે કેવું જીવો છો એનું છે એ વાત સ્પષ્ટ થઈ જાય છે. પૂ. બાપજી પૂછે છે : કઃ સાધુઃ? સાધુ કોણ ? પછી એનો જવાબ આપતા કહે છે : સાધનવાન્ । માલામુદ્રાદિ શોભિતો નૈવ । સાધના કરતો હોય, ચતુષ્ટય સાધનવાળો હોય તે. માળા-મુદ્રા વગેરેથી બાહ્યાડંબરથી શોભતો નહિ.

સાધુનો વેષ નહિ, વૃત્તિ જોવાની. સાચો સંત હોય તો આટલું હોય : (૧) વિચાર ઊંચા (૨) જીવન સાદુ (૩) નિર્મળ હૈયુ (૪) નિર્મળ વાણી (૫) નયનોમાં પ્રેમ તણી સરવાણી (૬) બધામાં પરમાત્માના દર્શન કરી કોઈને દુઃખ ન થાય એવું વર્તન.

પૂ. બાપજીએ દત્તાવતારી કોને કહેવાય એની સમજણ આપતાં પૂ. પ્રેમ અવધૂતજીને કહેલું કે દત્ત એટલે ત્રણ માથા નહિ પણ જેનામાં દત્તપ્રભુના ગુણોનો વધુ ને વધુ આર્વિભાવ થયો હોય તે વ્યક્તિ દત્ત કહેવાય. દત્તનો મોટામાં મોટો ગુણઆપવું-પોતાની જાત આપી દેવી. આપણે પણ દત્ત પ્રભુના ગુણો પૈકી બધા નહિ તો થોડા ગુણો ખીલવી શકીએ.

❖❖❖

ક્ષમા આપતા અચકાશો નહિ, ક્ષમા માંગતા ખચકાશો નહિ.

# ભજન (૫૬)

## દિલરુબા દિલકી સુનાઉં

(રાગઃતિલંગ; તાલઃકહેરવા)
(ગઝલની રાહમાં ગવાશે)

**દિલરુબા દિલકી સુનાઉં; સૂનનેવાલા કૌન હૈ?**
**[૧]જામેહક ભર ભર પિલાઉં; પીનેવાલા કૌન હૈ?**
**...ધ્રુ.**

**[૨]એશોઈસરતમસ્ત દુનિયા, [૩]આકબત સુખ ના ચહે;**
**ચાહે તો હાજર દિખાઉં; ચાહનેવાલા કૌન હૈ?**
**...દિલરુબા૦ ૧.**

**આંખમેં દેખે જો સૂને કાનમેં [૪]બિનુકાન હૈ;**
**સોહં જપે પ્રતિશ્વાસ હંસા, એહિ અલ્લાહ કૌન હૈ?**
**...દિલરુબા૦ ૨.**

**ઘટમેં બસે પ્યારા પિયા, ભૂલા ફિરે ક્યોં બન વિષે?**
**જલમેં પિયાસી હાય [૫]શફરી, તૃષ્ણા બુઝાવે કૌન હૈ?**
**...દિલરુબા૦ ૩.**

**રંગ રંગે [૬]સુર [૭]કાસે, પીલા [૮]હરા સબ ઝૂઠ હૈ!**
**તું મૈં [૯]પિયા મૈં તું પિયા, બસ સૂર બંસી એક હૈ!**
**...દિલરુબા૦ ૪.**

---

૧. ઈશ્વરી આનંદનો પ્યાલો. ૨. વિષયોપભોગમાં ચકચુર. ૩. પરલોક; મોક્ષ. ૪. કાન વગરનો. ૫. માછલી. ૬. સૂર્ય. ૭. પ્રકાશી રહ્યો છે. ૮. લીલો. ૯. પ્રિય, પતિ; પરમેશ્વર.

❖❖❖



# અર્થ

દિલની દિલરૂબા -સારંગી - સંભળાવી દઉં પણ સાંભળનારો કોણ છે ? (અને ક્યાં છે ?) ઈશ્વરીય આનંદનો પ્યાલો ભરી ભરીને પીવરાવું પણ પીનારો કોણ છે ?

વિષય ભોગમાં ચકચુર આ દુનિયા મોક્ષનું -પરલોકનું - સુખ ઈચ્છતી નથી. બાકી જો ઈચ્છે તો તો તરત જ હાજર કરીને બતાવી દઉં પરંતુ એવી ઈચ્છા કરનાર કોણ છે ?

જે આંખની આંખ છે અને કાનનો કાન છે અને દરેક શ્વાસે -પ્રતિશ્વાસે સોહં જપે છે એ ભગવાન-અલ્લાહ કોણ ? મારો પ્યારો પ્રીતમ દરેકના શરીરમાં વસેલો છે. પછી તું એ ભૂલીને વનમાં શું કામ ફરે છે. પાણીમાં મીન પિયાસી જેવી તારી સ્થિતિ છે. પાણીમાં તરસી રહેતી માછલીની તરસ કોણ શાંત કરે ?

એ પરમ તત્ત્વના રંગે-પ્રકાશે - સૂર્ય પ્રકાશી રહ્યો છે. પીળો-લીલો એવાં દેખાતાં રંગો એ ભ્રમ છે. હે ભગવાન ! હું તું છું અને તું હું છું. વાંસળી અને વાંસળીનો સૂર બે એક જ છે.

❖❖❖

# વિવરણ

સંસારીઓની અને સંતોની બનતી નથી. એનું એક કારણ સંસારીઓને દૂધની દુકાને જઈને દવા માગવાની ટેવ છે. હવે એ દૂધવાળો એની ઈચ્છાને કેવી રીતે સંતોષી શકે ? જગતને છોડીને પરમાત્માનાં દર્શન માટે જંગલમાં તપશ્ચર્યા કરનારનો સત્સંગ કરનારે તો સાધના અંગે માર્ગદર્શન માગવું જોઈએ ને ? સંસાર કેમ છોડ્યો ? સંસાર કેવી રીતે છૂટે ? સાધનામાં શું કરવાનું ? સાધનામાં શું નહિ કરવાનું ? આવા પ્રશ્નો પૂછીએ તો એ સમર્થ સંત તમને જવાબ પણ આપે અને એને જવાબ આપવામાં આનંદ પણ આવે. પરંતુ આપણે તો કોઈપણ સિદ્ધ પુરુષના દર્શને જઈએ અને પગે પડીએ પછી એજ ફરિયાદોની વણઝાર. મારો ધંધો બરાબર ચાલે એવી કૃપા કરો. (જેણે પરમાત્માના નામનો વેપાર કર્યો છે તેને આપણે કયો ધંધો બરાબર ચલાવવાનું કહીએ છીએ ?) બાબા ! મારે સંતાન નથી તો દીકરો થાય એવું કરો.(જેણે સંસાર જ માંડયો

નથી તેને આપણે આપણા વતી સંસાર ચલાવવાનું કહીએ છીએ.) આ તો અવળી વાત થઈને !

પરંતુ સંસારી પણ બિચારો શું કરે ? એ સાધના કરતો નથી અને કરવાની ઈચ્છા પણ નથી. હવે એ સંતને સાધના વિશે શું પૂછે ? એને પરમાત્માના દર્શનની ઝંખના જ નથી. સંસારના વૈભવ-વિલાસને સર્વસ્વ માનનાર સંસારી સંત માટે સંસારનું સુખ ન માગે તો શું માગે ?

એક વાર પ.પૂ. બાપજીને મુ. ભાલભાઈએ (પછી પૂ. બાલ અવધૂતજી) કહ્યું કે બાપજી નારેશ્વરમાં આપના દર્શને આવનારા પાસે ઝાડુ વાળનારાઓ ભીખ માગે છે તે બરાબર નથી. આવા ભિખારીવેડા નારેશ્વરમાં ન હોવા જઈએ. પૂ. બાપજીએ કહ્યુ : ગામા ! મને તો અહીં બધા ભિખારીઓ જ આવતા હોય એવું લાગે છે. તમારી પાસે બે પૈસા માગનારો ભિખારી, એ ભિખારી વેડા, તો મારી પાસે આવનારા પણ શું કરે છે ? દુન્યવી સુખો જ માગે છે. હું સજ્જન તે ફરિયાદ નથી કરતો અને તમે બે પૈસા માગનારની ફરિયાદ કરો છો ?

પૂ. બાપજીએ દિલરૂબા-આત્મદર્શનની વાતો સંભળાવવી છે પણ એમને ખબર છે કે દુનિયાને એમાં રસ નથી. એમને રસ છે દુન્યવી સુખમાં. પૂ. બાપજી ગુજરાતી કક્કાના 'ખ'માં આ ઓળખને રજૂ કરતાં લખે છે :

**ખખ્ખા ખાખર ખિલ્લી સાકર શું લહે ?**
**ખેલાડીની લીલા બંદર બાંડ જો ?**
**ખલ્ક બિચારી અલખ નિરંજન શું લહે ?**
**ખાળ જળે ગંગાજળ માની ન્હાય જો**

ગટરના પાણીને ગંગાજળ માની આનંદથી ''હર ગંગે હર ગંગે'' બોલી સ્નાન કરનાર પાસેથી અલખ નિરંજન અંગેના પ્રશ્નોની અપેક્ષા કેમ રખાય ? પરંતુ સંતને કોઈ વાર એવું લાગે - કોઈ વાર એવું દુઃખ થાય - કે મને જે પૂછવું જોઈએ, મારી પાસેથી જે જાણવું જોઈએ એવું કોઈ પૂછતું નથી અને એવું જાણવાની કોઈને ઈચ્છા થતી નથી. એક કવિ આવી પરિસ્થિતિનાં સંદર્ભમાં લખે છે :

**''ધોબી બિચારો શું કરે ? જહાં દિગંબરનું ગામ ''**

પૂ. બાપજી શ્રી ગુરુલીલામૃતમાં આ વૃત્તિના સંદર્ભમાં આપણને સાવધાન કરતાં કહે છે કે :



- **હંસ મોતીડાં ચરે વાયસ વિષ્ઠા ખાય,**
  **વિષયી દોડે વિષયમાં, ભકત ગુરુકથા ગાય.** (અ.૧.દો ૧૧૨)
- **જ્ઞાન સત્ર ખોલ્યું અહા ! લે બડભાગી લાભ,**
  **હતભાગી ખૂણે રડે દેખી મિથ્યા ખ્વાબ.** (અ.૮.દો.૧૩૩)
- **બ્રહ્મરસામૃતપાન એ કરે સુભાગી જાણ,**
  **ભર્યા મોતી પણ ના ભરે વાયસ ચંચુ માન** (અ.૨૬ દો ૧૨૨)
- **થાશે અમૃતવૃષ્ટિ ત્યાં, ધર્મમેઘની જાણ,**
  **હરખાશે ચાતક સુધી, રડશે વાયસ માન** (અ.૩૦ દો.૧૨૮)
- **રંગ અભાગી આથડે, પાસે નિધાન તોય,**
  **પૂર્વપુણ્ય વિણ ના જડે ! કર્મરૂપ મતિ હોય.** (અ.૯૫ દો. ૧૬૪)

પૂ. બાપજી કહે છે કે દરેકની મતિ કર્મરૂપ હોય અને મતિ રૂપ વર્તન હોય.એટલે પૂ. બાપજીએ દિલરૂબા સંભળાવી છે પણ સાંભળનાર નથી. ઈશ્વરીય પ્રેમનો પ્યાલો ભરી ભરીને પાવો છે પણ કોઈને તરસ નથી. પૂ. પાંડુરંગ આથવલેજી એક સરસ દૃષ્ટાંત આપતા કહે છે કે :કેટલાક હંસો ઊડતા ઊડતા માનસરોવર જતા હતા. એમણે એક તળાવની પાળે થોડા બગલા જોયાં. સફેદ બગલા જોઈને એમને થયું કે આ તો આપણા કુટુંબીજનો જેવા જણાય છે. હંસો આકાશમાંથી ઉતરી બગલા પાસે ગયા. બધી વાતો કરી અને પછી કહ્યું કે ''ચાલો ! માનસરોવર આવવું છે ?'' બગલાએ પૂછ્યું ત્યાં શું હોય ? હંસે કહ્યું કે ત્યાં કાચ જેવું ચોખ્ખું પાણી હોય અને મોતીનો ચારો હોય. ખૂબ મઝા આવશે. એક વૃદ્ધ બગલાએ ખી ખી ખી એમ હસતાં હસતાં પૂછ્યું :'' ત્યાં ખારી શીંગ (માછલી) ખાવા મળશે ?'' જેવી હંસે ના કહી કે તરત બધા બગલા બોલી ઊઠ્યા કે તો પછી માનસરોવર આવીને શું કરવાનું ?

પરંતુ જગત તો સુધરવાનું નથી. સાધકે એનાથી ચેતીને, સાવધ રહીને ચાલવાનું છે.પત્ર મંજૂષામાં પૂ. બાપજી મોદી કાકાને લખે છે : ''જે આવે છે તે 'આજોબાનું શ્રેય' અથવા શુષ્ક જ્ઞાનની લમણાઝીંક વગર બીજું કંઈ જ કરતું નથી. આત્મશ્રેયની ભાગ્યે જ કોઈને પડી છે ને આજોબાનું શ્રેય પણ એકાદવાર કરી આપવાથી નભતું નથી. લોકો અવધૂતને નીચોવવા બેઠા છે અને આ મફતિયો અવધૂત બધાને ઠીક પસંદ પડી ગયો છે.'' (પત્ર નં ૨૨૭)

પૂ. બાપજી પાસે દૈવી શક્તિ છે અને તેનો ઉપયોગ પોતાના સાંસારિક પ્રશ્નોના નિરાકરણ માટે કરે એવું લોકો ઇચ્છે. પૂ.બાપજી ભગવાનનું નામસ્મરણ કરવાનું, નીતિપૂર્વક જીવવાનું કહે તો તે ના ગમે.

ભજનની પછીની પંક્તિઓમાં પૂ. બાપજી 'સોહં ' 'હંસો' ના અજપાજપની વાત કરે છે. આપણે શ્વાસ લઈએ છીએ ત્યારે 'સો' એવો અવાજ થાય છે. અને શ્વાસ બહાર કાઢીએ છીએ ત્યારે 'હં' એવો અવાજ થાય છે. આ અનાયાસે થતા સોહં (સઃઅહં- તે હું છું) ઉપર ધ્યાન કેન્દ્રિત કરી સાધનામાં આગળ વધવાનું છે. પૂ. બાપજી શ્રી ગુરુલીલામૃતમાં લખે છે :

**પ્રાણિમાત્રના દેહમાં ગર્જે હંસ અવાક્,**
**સોહં હંસારૂઢ તું, માત ચતુર્ધા વાક્.**

**હંસોપાસન એ કરી યોગી થાય વિમુકત,**
**નિર્ગુણ તુજરૂપે રહે, ભેદાભેદ વિયુક્ત, (અ.૧ દો ૧૯ અને ૨૦)**

**સ્વયં પ્રકાશ શિવ અંતરે માની નિશ્ચય આંદ્ય,**
**સોહં ભાવે પૂજવો, પુષ્પ અહિંસા ત્યાંય. (અ.૧૨૨ દો.૩૮)**

અવધૂતી આનંદના ભજનમાં પણ સોહં વિશે ઘણીવાર ઉલ્લેખ થયો છે.

- **ઘટ ઘટ હંસ સ્વરૂપે બોલે, સોહં મુનિજન જાણે છે....ગુરુ આવો...**
- **કરી દેહતણું આ જો મડદું, પ્રેતાસન પર મનડું જકડું**
  **સાધી સ્વર સોહંને પકડું ...અનસૂયા મા**
- **જહાં વહાં સોહં એક ભરો હૈ, રંગ ઝૂઠ સબ ભાસ...અબ ન મોહે**
- **તરુવર મુજરા મોજ દેખકે , સોહં ડમરું બજાના ....કહાં જાના**
- **સોહં બીણા કાંધે પકરી, બની બડી અબધૂત...મૈં દિવાની**
- **રંગ દિવાના ફિર ફિર ગાઈ, સોહં સોહં બેણુ બજાઇ ...તપસી**
- **હૃદયકમળની સેજ બિછાવી, સોહં પંખો હાથ...બાલમ આજો.**

ભગવાન બધામાં બિરાજે છે. પોતાના હૃદયમાં રહેલા પરમાત્માને ઓળખો. એને છોડીને જંગલમાં ભૂલો પડી ભમ્યા કરે છે. તો પ્રભુ ક્યાંથી મળશે ? પાણીમાં રહીને પણ માછલી તરસે મરે તો એ તો કેવી કરુણા કહેવાય ?



'અહં બ્રહ્માસ્મિ' હું બ્રહ્મ છું એ અનુભવ વાકય છે. 'તત્ત્વમસિ' તે તું છે એ બોધવાકય છે પણ બંનેનો અર્થ તો એક જ છે. જીવ પોતે પરબ્રહ્મ છે. ''જીવો બ્રહ્મૈવ નાપરઃ ।'' આ પરમ સત્યને અનુભવવા માટે કઠોર સાધના કરવી પડે. અને એવી સાધનામાં માર્ગદર્શનની અને ગુરુકૃપાની જરૂર પડે તો એ માટે પૂ. બાપજી જેવા સમર્થ સિદ્ધ પુરુષોનો લાભ લેવો જોઇએ. આત્મકૃપા, ગુરુકૃપા અને ઈશ્વરકૃપા આ ત્રણ કૃપા જે જીવ પર થઇ તેનો બેડો પાર. પરંતુ શરૂઆત આત્મકૃપાથી થવી જોઈએ. કહેવાયું છે કે આત્મકૃપાના ૫૦ % , ગુરુકૃપાના ૨૫ % અને ઈશ્વરકૃપાના ૨૫ % મળી ૧૦૦% થાય છે. આત્મકૃપાથી શરૂઆત થાય છે અને ઈશ્વરકૃપાથી અંત આવે છે. વ્યક્તિ પોતે સાધના શરૂ કરે એ આત્મકૃપા કહેવાય. આવી આત્મકૃપા થાય પછી જ ગુરુ અને ઈશ્વર કૃપા કરે.

આપણા પર તો પૂ. બાપજીની કૃપા છે જ. ભગવાનની કૃપા પણ છે જ. હવે આપણે જાગીને સાધના કરવાની છે. : આત્મકૃપા કરવાની છે. સંસારના સુખ દુઃખની કાચની લખોટીઓ ફેંકી દઈને આત્મ કલ્યાણના રત્નનો સંગ્રહ કરવાનો છે અને સાચવણી કરવાની છે.

❖❖❖

## ભજન (૫૭)

## જ્યારે પતન થશે દેહનું આ

**(રાગઃભૈરવી; તાલઃકહેરવા)**

**જ્યારે પતન થશે દેહનું આ. ...ટેક.**
**લોકો કહેશે, કોણ હતો આ?**
**ક્યાંથી આવ્યો? હાય! ગયો ક્યાં?**
**નવ જાણ્યું હા! આજ લગી કાં? ...પતન૦ ૧.**
**ના બોલ્યો કાંઇ, મૌન ધર્યું ના!**
**ના ભટક્યો કંઈ, સ્થિર રહ્યો ના!!**
**હાં હાં કરતાં લોપ થયો ક્યાં? ...પતન૦ ૨.**
**મેઘાડંબર ઘોર છવાયું!**
**અંધતમે ચોદિશ હા વ્યાપ્યું!!**
**ક્ષણ ચમકારે નભ ચમકાવ્યું!! ...પતન૦ ૩.**

ઘા દિલના બેચાર રુઝાવ્યા!
દુખઆંસુડાં કંઇ નિવાર્યાં!!
પ્રેમવેણ કંઇ મૂક ઉચાર્યાં!! ...પતન૦ ૪.
*ફૂલ ગુલાબો ખૂબ હસાવ્યાં!
બુલબુલ છાતીફાટ રડાવ્યાં!!
વનઝરણાં કંઇ મંદ નચાવ્યાં!! ...પતન૦ ૫.
પ્રેમખજાનો ખૂબ લૂંટાવ્યો!
લૂંટ્યો તે મન અતિ હરખાયો!!
અન્ય રડી રડી મન પછતાયો!! ...પતન૦ ૬.
*કંકર શંકર કંઇક પૂજાવ્યા!
શંકર કંકર કંઇક બનાવ્યા!!
આનંદાશ્રુ રંગ નિહાળ્યા!! ...પતન૦ ૭.
ના લાવ્યો કંઇ, સાથ લીધું ના!
ના આવ્યો ત્યાં, [1]વાત ગયો ક્યાં?
રંગ જેમનો તેમ રહ્યો આ!! ...પતન૦ ૮.

---

* ગુલાબનાં પુષ્પોને ખૂબ હસાવ્યાં, ખીલવ્યાં; બુલબુલને ખૂબ રડાવ્યાં અને વનમાં ઝરણાંને ખૂબ નચાવ્યાં (વિરુદ્ધ લાગતી ક્રિયાઓ કરી). * કંકરને શંકર અને શંકરને કંકર બનાવ્યા, આનંદ અને અશ્રુના રંગ જોવા (વિરુદ્ધ લાગતી ક્રિયા કરી). ૧. 'ગયો ક્યાં' એ વાત જ ક્યાં રહી? અથવા ગયો ક્યાં, એ વાતમાત્ર-કથનમાત્ર-છે; કેમકે જ્યાં આગમન નથી ત્યાં ગમન ક્યાંથી સંભવે?

❖❖❖

## અર્થ

જ્યારે આ દેહ પડશે (મૃત્યુ પામશે) ત્યારે લોકો કહેશે, આ કોણ હતો ? ક્યાંથી આવ્યો હતો ? અને અરેરે ! એ ક્યાં ગયો ? આજ સુધી આ બધું કેમ ના જાણ્યું ?

એ કાંઈ બોલ્યો પણ નહિ અને છતાં એણે મૌન પણ રાખ્યું ન હતું ? એ ક્યાંય ફરવા-ભટકવા ગયો ન હતો તેમ છતાં એક જ જગ્યાએ રહ્યો ન હતો. આ છે આ છે એમ લાગતુ હતું ત્યાં ક્યાં અદશ્ય થઈ ગયો ?

ઘોર મેઘાડંબર છવાયું છે. ચારે દિશામાં ઘોર અંધારું વ્યાપ્યું છે. એક ક્ષણના ચમકારાથી એણે આખું આકાશ પ્રકાશમાન કરી દીધુ.



બે-ચાર વ્યક્તિના દિલના ઘા રુઝાવ્યા. કંઈક લોકોના દુઃખના આંસુ લૂછ્યા અને મૂગો રહીને પ્રેમના વેણ બોલ્યો.

ગુલાબના ફૂલોને ખૂબ હસાવ્યા. બુલબુલને છાતીફાટ રોવડાવ્યા અને વનના ઝરણાંને મંદ મંદ નચાવ્યા.

એણે પ્રેમનો ખજાનો ખૂબ લૂંટાવ્યો. જેણે જેણે એ ખજાનો લૂંટ્યો તે એના મનમાં ખૂબ આનંદ પામ્યો. જેણે ના લૂંટ્યો તે મનમાં રડી રડીને પસ્તાતો રહ્યો.

કાંકરાને-કંકરને-શંકર તરીકે પ્રસ્થાપિત કરી લોકો પાસે પૂજા કરાવી. ઘણા શંકરને કંકર બનાવી દીધા. આનંદનાં આંસુ રંગે જોયાં.

એ કંઈ લઈને આવ્યો ન હતો અને ગયો ત્યારે સાથે કંઈ લઈ પણ ગયો નથી. અરે ! એ અહીં આવ્યો જ નથી તો પછી જવાની વાત જ ક્યાં રહી ? એ રંગ-આત્મા તો જેમનો તેમ રહ્યો છે.

❖❖❖

## વિવરણ

પોતાના દેહનું મૃત્યુ થશે પછી લોકો શું વિચારશે ? એનો વિચાર પૂ.બાપજીએ કર્યો છે અને એ વાત ભજનમાં વ્યક્ત કરી છે. આ ભજન અવધૂતી આનંદની પહેલી આવૃત્તિમાં છે જે ચૈત્ર સુદ-૯, ૧૯૮૭ એટલે કે ૧૯૩૧માં પ્રકાશિત થઈ હતી. પૂ.બાપજીએ સંવત ૨૦૨૫ એટલે કે સને ૧૯૬૮માં દેહત્યાગ કર્યો. આમ છતાં આ ભજન વિશે લોકો અજાણ રહ્યા અને "અમે બાપજીને ઓળખી શક્યા નહિ" એવું કહેનારા ઘણા નીકળ્યા.

મહાન પુરુષોની આ જ લાક્ષણિકતા છે. એ મહાન હોવા છતાં બહારથી સામાન્ય વ્યક્તિના જેવું જીવે છે. લોકોને પોતાની સિદ્ધિ, મહાનતાનો ખ્યાલ આવવા દેતા નથી. આપણો અનુભવ છે કે, એક ખિસ્સા કાતરું પણ ખિસ્સુ કાપે છે ત્યારે આપણને કાંઈ ખ્યાલ આવતો નથી, પરંતુ ખિસ્સુ કાપી એ પાકીટ લઈને જતો રહે ત્યાં જ મનમાં ઝબકારો થાય છે કે, "મારું પાકીટ ગયું." એ એવું તે શું કરતો હશે કે ખિસ્સુ કાપતો હતો ત્યારે આપણને ખબર ન પડવા દીધી ? એક ખિસ્સાકાતરું આટલું કરી શકે તો સમર્થ સંત-સાચો સંત તો ઘણું કરી શકે.

ભગવાન શ્રીકૃષ્ણે ગોકુળમાં અનેક લીલાઓ કરી પરંતુ યશોદા મૈયાને કે ગ્વાલબાલ મિત્રોને તો એમ જ લાગતું કે, કૃષ્ણ તો અમારા જેવો જ છે. પોતાની મહાનતાના

ઢોલ પીટ્યા હોત તો 'મા'નો પ્રેમ ના મળત. મિત્રોનો પ્રેમ ના મળત., બધું કૃત્રિમ બની જાત. ગોવર્ધન પર્વત ઊંચકવો હતો તો કેવળ કૃષ્ણે જ પરંતુ બધાને કહ્યું કે, તમારી લાકડીનો ટેકો કરજો. એટલે એમને એમ જ લાગ્યું કે, અમે ટેકો કર્યો તથી જ ગોવર્ધન ઊંચકાયો.

"નવ જાણ્યું હા ! આજ લગી કાં ?" આ પસ્તાવો વ્યક્તિને કોરી ખાય છે. અમે પૂ.બાપજી ભગવાન હતા તે જાણી ન શક્યા. એ તો પાછા આવે તો પણ ના જાણવા દે.

સંતોનું મોટામાં મોટું કામ બધાને નિર્વ્યાજ પ્રેમ આપવાનું છે. દરેકને એમ જ લાગે કે પૂ.બાપજી મારા જ છે. હું જ એમનો નજીકનો છું. એમણે પ્રેમનો ખજાનો પ્રેમથી લૂંટાવ્યો. ભાગ્યશાળી હતા તેણે લૂંટ્યો. કમનસીબ હતા તે લૂંટવામાં રહી ગયા અને પછી મનમાં ને મનમાં પસ્તાતા રહ્યા.

કંઈક નાના માણસ પાસે મોટા કામ કરાવ્યા. એને પ્રતિષ્ઠા અપાવી. એમની વાહ-વાહ થાય એવી સ્થિતિ સર્જી અને કંઈક મોટા માણસો એમની કૃપાથી વંચિત રહ્યા, એમની સામે પડ્યા તો ભગવાને એમને આવા લાભથી વંચિત રાખ્યા અને એવા વિદ્વાનો કે શ્રીમંતો સામાન્ય માણસની જેમ જીવ્યા અને મર્યા.

છેલ્લે પૂ.બાપજી આપણને આશ્વાસન મળે એવું કહે છે. પૂ.બાપજી કહે છે કે, પતન તો દેહનું થયું છે, આત્મા તો જેમનો તેમ રહ્યો છે. હજી હું તો તમારી સાથે જ છું, તમારી પાસે જ છું, તમારા હૃદયમાં જ છું.

**કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,**
**તોયે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.** (અ.૧૨૨.દો.૧૨૨.)

આ એક દોહરાએ લીંચના મુ. બચુભાઈને પૂ.પ્રેમ અવધૂતજી બનાવ્યા. વ્યક્તિમાં તાકાત જોઈએ. સદ્ભાવના જોઈએ. સાત્ત્વિકતા જોઈએ. પ.પૂ. બાપજીના થઈને રહેવાની પ્રતિજ્ઞા કરીએ, પ.પૂ. બાપજીના કહ્યા પ્રમાણે જીવીએ તો આપણે પણ જીવનમાં જરૂર પ્રગતિ કરી શકીશું. પૂ.પ્રેમ અવધૂતજીના વાક્યથી ચર્ચા સમાપ્ત કરીએ :

**અવધૂત ના થવાય પણ અવધૂતના તો થવાયને !!**

❖❖❖



## ભજન (૫૮)
## મૂકી દીધી કલમ બંધો

(રાગઃમિશ્ર કાફી; તાલઃદીપચંદી)
(ગઝલની રાહમાં ગવાશે)

મૂકી દીધી કલમ બંધો, હવે ના કાંઇ લખવું છે;
લખ્યું તે ના લખ્યું થાશે, જનો સહુ ભૂલી એ જાશે! ...ટેક.

ન કાંઇ કહેવું છે ભાઇ, વિચારી રહેવું છે આંહી;
દિવસ બે ચાર વા કાંઇ, હશે જે આયુ તે ભાઇ! ...મૂકી૦ ૧.

બહુ રખડ્યો બહુ ભટક્યો, હવે ના ક્યાંય જાવું છે;
ન લેવું છે ન દેવું છે, એમ વિચારી આંહી રહેવું છે! ...મૂકી૦ ૨.

સમય આવ્યે બન્યું જાયે, પ્રભુ કિરતાર છે ન્યારો;
'કર્યું મેં' 'હું કરું' શાને, વૃથા અભિમાન ગોઝારો? ...મૂકી૦ ૩.

[1]વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત [2]જહાં તણી શાને?
ફરું અલમસ્ત સ્વાનંદે, ફિકર [3]શ્વઃકાલની શાને? ...મૂકી૦ ૪.

ન ડર છે મોતનો ભાઇ, ન જીવનની [4]તથા કાંઇ;
જીવનમૃત્યુ ઉભય સાંઇ, ખડા ચોકી કરે આંહી! ...મૂકી૦ ૫.

વૃથા ગુમાન ભણતરનું, ભણ્યું તે ના ભણ્યું આંહી;
[5]નિરક્ષરની સદક્ષરતા, પ્રભુને પ્રાણપ્રિય ભાઇ! ...મૂકી૦ ૬.

વિવાદો વાદ કંઇ કીધા, પ્રશંસા નિંદ સહુ સેહ્યાં;
હવે ના ઝેર પીવું છે, વિચારી આંહી રહેવું છે! ...મૂકી૦ ૭.

**વૃથા બકવાદમાં ભાઇ, ન ઝાંખી ઇશની ક્યાંઇ;**
**બકી મૂવા [૬]વિબુધ ભારી, ન શાન્તિની કણી પાઇ! ...મૂકી૦ ૮.**

**પ્રભુકૃપાની ઝડી આઇ, જનમશંકા ટળી ભાઇ;**
**મરી ગઇ ભીતિ બેકારી, બન્યો નિર્દ્વન્દ્વ અધિકારી! ...મૂકી૦ ૯.**

**પ્રભુની વાડીમાં આંહી, અનેરાં ચિત્ર છે ભાઇ;**
**અનેકે એક દેખાઇ, સદેકે [૭]નૈક છવિ છવાઇ! ...મૂકી૦ ૧૦.**

**કરોડો જન્મની આધિ, થઇ ગઇ ખાખ સહુ વ્યાધિ;**
**ટળી ગઇ રંગ ઉપાધિ, મળી સ્વાનંદ સુરગાદી!! ...મૂકી૦ ૧૧.**

---

૧. શરીર. ૨. દુનિયા. ૩. આવતીકાલ. ૪. પરવા. ૫. અભણનું નિર્દોષ ભણતર. ૬. વિદ્વાનો. ૭.ન+એક=અનેક

❖❖❖

## અર્થ

હે મિત્રો ! મેં હવે લખવાનું બંધ કરી દીધું છે. હવે કાંઈ લખવું નથી. લોકો બધા એ લખેલું ભૂલી જશે અને લખ્યું ના લખ્યું થઈ જશે.

હવે આયુષ્યના જે કાંઇ બે-ચાર દિવસો રહ્યા છે તે પૂરા કરવાના છે. એટલે મારે હવે કોઈને કાંઈ કહેવું નથી. મારે જ વિચારીને અહીં રહેવાનું છે - આયુષ્ય પૂરું કરવાનું છે.

હું બહુ રખડ્યો, બહુ ભટક્યો. હવે ક્યાંય જવું નથી. હવે નથી કાંઈ લેવું કે નથી કાંઈ આપવું. એવું સમજીને અહીં રહેવું છે.

જ્યારે જે બનવાનું છે તે બનતું રહેશે. એ બધું કરનારો કિરતાર ન્યારો છે. ‘‘આ મેં કર્યું’’, ‘‘આ હું કરું’’ એવો વ્યર્થ ગોઝારો અભિમાન શું કામ કરું ?

આ શરીર પ્રારબ્ધવશ ચાલે છે. પછી દુનિયાની ખુશામત શા માટે ? હવે હું આવતી કાલની ચિંતા કર્યા વગર અલમસ્ત થઈને નિજાનંદમાં ફરું છું.



હે ભાઈ ! મને નથી જીવનની પરવા-ચાહના કે નથી મોતની બીક. જીવન અને મૃત્યુ બંને અહીં ઊભા રહીને-ચોકીદાર બનીને - ચોકી કરે છે.

ભણતરનું અભિમાન નકામું છે - એ ભણેલું અહીં કામ આવતું નથી. હે ભાઈ ! અભણનું નિર્દોષ ભણતર પ્રભુને પ્રાણપ્રિય છે.

કંઈ વાદવિવાદો કર્યા, પ્રશંસા પણ મેળવી અને નિંદા પણ સાંભળી. હવે આવા ઝેર પીવા નથી અને એવું નક્કી કરીને અહીં રહેવું છે.

શુષ્ક જ્ઞાનની ચર્ચા-બકવાસ-માં કદી પણ ઈશ્વરની ઝાંખી થવાની નથી. આવો બકવાસ વિદ્વાનોએ બહુ કર્યો, પરંતુ મનની શાંતિ ન પામ્યા.

પ્રભુની કૃપાની ઝડી (ઝાપટું) આવી અને જન્મની શંકા ટળી ગઈ. મૃત્યુની ભીતિ મરી ગઈ. હવે હું નિર્દ્વંદ્વ બની ગયો છું.

આ વિશ્વરૂપી પ્રભુની વાડીમાં ભાતભાતના વ્યક્તિ-ચિત્રો છે, પરંતુ એ અનેક વ્યક્તિમાં-ચિત્રોમાં એક જ પરમાત્મા દેખાઈ રહ્યો છે અને એક સત્ (સદેકે)માં આ અનેક છબીઓ-વ્યક્તિઓ છવાઈ ગયા છે.

કરોડો જન્મની માનસિક યાતના (આધિ) ગઈ, બધી શારીરિક પીડા (વ્યાધિ) પણ દૂર થઈ ગઈ અને ઉપાધિ પણ ટળી ગઈ. રંગ કહે છે કે મને સ્વાનંદની-નિજાનંદની દેવોની ગાદી મળી ગઈ છે.

❖❖❖

## વિવરણ

આ ભજનની શરૂઆતની આઠ ટૂંક સમજતા પહેલા છેલ્લી ત્રણ ટૂંક સમજી લેવી પડે. પૂ.બાપજી નિજાનંદની મસ્તી સમજાવતાં એક ભજનમાં લખે છે :

**ખુશામત માળીની કદિ ના કરે વસંત વનમાળી,**
**નિજાનંદે ફરે અવધૂત દઈને મોતને તાળી.**

આ સ્વાનંદ સમ્રાટ-નિજાનંદની સ્થિતિએ પહોંચવા માટે કારમી સાધના કરવી પડે છે. પૂ.બાપજી વંદનામાં લખે છે કે :

**અનિકેત આત્મક્રીડ તું, જાણે વિરલ જ્ઞાની તને,**
**જોઈ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુજ ચિંતને.**

પૂ.બાપજી આ સ્થિતિનું વર્ણન શ્રીગુરુલીલામૃતમાં અનેકવાર કરે છે.

**નિર્વિકલ્પ સમાધિ આ, હરે મૂળ અજ્ઞાન,**
**વાસનાવન બાળીને, દમે પ્રારબ્ધ માન.**
**સર્વવ્યાપી ચૈતન્ય જે, સ્વયં પ્રકાશક એક,**
**સચ્ચિત્સુખમય ત્યાં લસે, કેવલાદ્વૈત છેક.** (અ.૧૯દો.૩૧-૩૨)
**મમત્વ સ્વપ્ને ના લહે, અંતર્નિષ્ઠ સદાય,**
**આત્મતૃપ્ત આત્મજ્ઞ એ, કરી કરે ન કાંય.** (અ.૨૦.દો.૩૪)

આત્મકૃપા (૫૦%) ગુરુકૃપા (૨૫%) અને ઈશ્વરની કૃપા (૨૫%) જે સાધક પર થઈ છે એ સાધક નિર્વિકલ્પ સમાધિનો આનંદ અનુભવે છે. એ નિજાનંદની મસ્તીમાં મસ્ત રહે છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરનાર યોગી હવે દ્વંદ્વથી પર છે. હું અને મારું, રાગ અને દ્વેષ, રાત-દિવસ જેવા બધા દ્વંદ્વોથી પર થનારો યોગી હવે નિર્દ્વંદ્વ છે. આ સ્થિતિનો ઉલ્લેખ બાપજીએ ભજનોમાં કર્યો જ છે.

**ગુલાબી ગાલમાં હસતો, ક્ષયીના હાડમાં વસતો,**
**બધે નિર્દ્વંદ્વ તું રમતો, નિજાનંદે અહા અવધૂત ! ભર્યું જ્યાં.**

**સુખ દુઃખ મનના સોણલાં જન્મમરણ તન ગંધ,**
**બની રમકડું ઈશનું, ખેલ રંગ નિર્દ્વંદ્વ... ના હું ત્યાં શું.**

જે આવો નિર્દ્વંદ્વનો અધિકારી બન્યો હોય તેની જન્મની શંકા પણ ટળી ગઈ હોય અને મરણની ભીતિ પણ ટળી ગઈ હોય છે.

ઈશાવાસ્યમિદં સર્વંની અનુભૂતિ કરનારને જગતમાં બધી વ્યક્તિમાં - બધા પ્રાણીમાં એક જ પરમાત્મા દેખાય છે. ''સર્વં ખલુ ઈદં બ્રહ્મ''નો અનુભવ કરનારને બધા ચિત્રોમાં એક જ ચિત્ર દેખાય છે.

આ જગત એક અને અદ્વિતીય એવા સત્‌માંથી ઉત્પન્ન થયું છે. ''એકોઽહં બહુ સ્યાં'' હું એક છું અને અનેક થાઉં એવા સંકલ્પમાંથી આ સૃષ્ટિનું સર્જન થયું. આમ, આત્મસાક્ષાત્કાર કરનાર-નિર્વિકલ્પ સમાધિનો આનંદ અનુભવનાર-નિજાનંદી માટે તો સુરગાદી છે. એની દુન્યવી આધિ, વ્યાધિ, ઉપાધિ બધી ટળી ગઈ હોય છે.

હવે આવી સ્થિતિમાં સ્થિત સિદ્ધ પુરુષ જે વિચારે તે બધી વાત ૧ થી ૮ ટૂંકમાં



વર્ણવી છે. પૂ.બાપજી લખે છે : ''જેને ભજન સાથે કામ, તેને ચર્ચા છે હરામ.'' દત્તનામ સ્મરણમાં લખે છે : ''વધે વાદ વાદે જ એ વેરઝાળ, બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ.''

એક ભજનમાં લખે છે :

**''ઔર નિકમ્મા ઝઘડા સારા, ખાલી વખ્ત ગવાંના,**
**દ્વૈતાદ્વૈત પરે હો પ્યારે ! રંગ સંગ ભૂલ જાના... પ્યારે ! ભજલે.**

''વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત જહાં તણી શાને ?'' જ્યાં સુધી પ્રારબ્ધ પૂરુ ન થાય ત્યાં સુધી આ શરીર ટકી રહેશે. પ્રારબ્ધ પૂરું થતાં જ દેહ છૂટી જશે.'' જેનામાં આ સમજ પાકી થઈ ગઈ હોય તે મૃત્યુથી ડરે ખરો ? આપણે ક્ષણે ક્ષણે બીકથી મરીએ છીએ. મૃત્યુ કરતાં પણ મૃત્યુની બીક વધુ ખતરનાક છે. મૃત્યુ એક વાર મારી નાંખે, મૃત્યુની બીક અનેકવાર માણસને મારી નાંખે.

એક રમૂજી વાત આ સિદ્ધાંતને સારી રીતે સમજાવશે. એક જણે આકાશમાં રોગોની દેવીને જતાં જોઈ. એણે પૂછ્યું, તમે કોણ છો ? ક્યાં જાવ છો ? જઈને શું કરશો ? રોગની દેવીએ કહ્યું કે, હું પ્લેગની દેવી છું. અમુક દેશમાં જઈ રહી છું અને ત્યાં પ્લેગના રોગમાં ૫૦૦ વ્યક્તિને મારીશ.

થોડા સમય પછી એ દેવી પાછી ફરી રહી હતી. પેલી વ્યક્તિએ પૂછ્યું કે, તમે તો ૫૦૦ વ્યક્તિને મારવાના હતા અને ત્યાં તો ૧૧૦૦ વ્યક્તિ મૃત્યુ પામ્યા છે. રોગની દેવીએ કહ્યું કે, રોગથી તો ૫૦૦ જ મર્યા છે. બાકીના ૬૦૦ તો રોગની બીકમાં મર્યા છે.

કર્તા હર્તા શ્રીહરિ છે. બધું ભગવાનની ઈચ્છા પ્રમાણે થયા જ કરે છે. માનવીથી તો તણખલું પણ હાલતું નથી. નરસિંહ મહેતા કહે છે :

**જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.**
**આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, અંતરે એક ઉદ્વેગ ધરવો.**
**જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.**

માનવીની અસહાયતા અને લાચારીનો ઉલ્લેખ કરતાં પૂ.બાપજી લખે છે :

**ધાર્યું થાએ તુજથી જીવડાં, કાં ન કરે તું રાજ ?**
**અભિમાન રાખી મૂરખ મન, કાં વણસાડે કાજ ?**

એક સળી ના ઊઠે તુજથી, વૃથા કરે ગુમાન.

શરણ ગહે સાહેબનું મનથી, તો દુઃખ થાશે હાન... ધાર્યું ધરણીધરનું.

ભગવાનની અનન્યભાવે શરણાગતિ લઈને જીવ સુખ-શાંતિ માણી શકે, પરંતુ એનો સ્વભાવ એને શરણાગતિ ન લેવા દે. ભગવાન કૃપા કરે અને પૂ.બાપજી જેવા સંત મળે તો સાત્ત્વિક જીવના ગળે એમનો ઉપદેશ ઉતરે. એ પ્રમાણે જીવે અને સુખી થાય.

❖❖❖

## ભજન (૫૯)

## કરના થા સો તો કર લીના (જીવનમુક્તિ)

**કરના થા સો તો કર લીના, અબ ના કરના ના ભરના હૈ;**
**જો પાના થા સો પા લીના, અબ ના પાના ના ખોના હૈ!**
**... ટેક.**

**ના જાના હૈ ના આના હૈ, ના જીના હૈ ના મરના હૈ;**
**બસ આપહિમેં રમ રહના હૈ, જો આન પડે સો સહના હૈ!**
**...કરના૦ ૧.**

**ના ચઢના હૈ ના પડના હૈ, ના રોના હૈ ના હઁસના હૈ;**
**બસ આપહિ હાસ્ય બના ફિર, ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ?**
**...કરના૦ ૨.**

**કિસ્મતસે આન મિલે સબ, ક્યોં નાહક જગકો રિઝવના હૈ?**
**મિથ્યા પંડત કાજી બનકર, ના લડના હૈ ના લડવાના હૈ!!**
**...કરના૦ ૩.**

**ના ધ્યાના હૈ ના ગાના હૈ, બસ ધ્યેય મહીં મિલ જાના હૈ,**
**તન મંદર આતમ દેવ બના, ના પૂજના હૈ પૂજવાના હૈ!**
**...કરના૦ ૪.**

**ના કહના હૈ ના સૂનના હૈ, ના લેના હૈ ના દેના હૈ;**
**બન પથ્થર પિંડ ભૂલાના હૈ, ભૂલા ભૂલાના ભૂલના હૈ!**
**...કરના૦ ૫.**



**ના જપના હૈ ના પઢના હૈ, બસ જાપ અજંપા હોના હૈ;**
**ના સોના હૈ ના જગના હૈ, બેફિકર મસ્ત પડ રહના હૈ!**
**...કરના૦ ૬.**

**સબ રંગ જગત બિસરાના હૈ, ઈત ઉત મન ના ભટકાના હૈ;**
**ના ડરના હૈ ના ભગના હૈ, બસ અચલ ઠામ થિર રહના હૈ!**
**...કરના૦ ૭.**

❖❖❖

## અર્થ

જે કરવાનું હતું તે તો કરી લીધું છે. હવે કાંઈ કરવું નથી, કાંઈ ભરવું નથી. જે મેળવવાનું હતું તે તો મેળવી લીધું. હવે કાંઈ મેળવવું બાકી નથી અને મેળવેલું ખોવું નથી.

હવે જવાનું કે આવવાનું નથી. નથી જીવવું કે નથી મરવું. બસ ! આત્મક્રીડ થઈને પોતાનામાં મસ્ત રમતા રહીને - જે કાંઈ આવી પડે તે સહેવું છે.

હવે ચઢવું પણ નથી કે પડવું પણ નથી. નથી હસવું કે નથી રડવું. હું પોતે જ હાસ્ય બની ગયો છું પછી હસવાનું કાર્ય કરવાનો ભાર શું કામ ઊઠાવવો ?

ભાગ્યવશાત્ બધું મળી ગયું છે પછી નાહક જગતને શું કામ રીઝવવાની મહેનત કરવી ? નાહક પંડિત કે કાજી બનીને શું કરવું છે ? હવે લડવું પણ નથી અને કોઈને લડાવવા પણ નથી.

હવે નથી ધ્યાન ધરવું કે નથી ગાવું. બસ ! ધ્યેયમાં-લક્ષ્યમાં મળી જવું છે. તનરૂપી મંદિરમાં આત્મારૂપી દેવ બની ગયા પછી, નથી પૂજા કરવી કે નથી પૂજાવું.

હવે કશું કહેવું નથી કે કોઈનું સાંભળવું પણ નથી. કાંઈ લેવું નથી કે દેવું નથી. પથ્થર જેવા બનીને દેહને-પિંડને ભૂલી જવું છે. ભૂલેલું ભૂલાઈ ગયું છે એ વાત પણ ભૂલી જવી છે.

હવે કોઈ જપ નથી કરવો, કાંઈ વાંચવું નથી. બસ ! અજપાજપ કર્યે જ રાખવો છે. હવે સૂવું નથી કે નથી જાગવું. હવે તો બેફિકર થઈને મસ્ત થઈને પડી રહેવું છે.

જગતના બધા રંગ ભૂલી જવા છે. અહીં તહીં મનને ભટકવા દેવું નથી. હવે ડરવું નથી કે ભાગવું નથી. બસ ! અચલ સ્થાનમાં સ્થિર થઈને રહેવું છે.

❖❖❖

# વિવરણ

અવધૂતી આનંદમાં આ ભજનની ઉપર 'જીવન મુક્ત' લખેલું છે. એટલે આ ભજનમાં આવતું વર્ણન એ જીવન્મુક્ત યોગીને લાગુ પડે છે. દેહ છૂટે પછી મુક્તિ મળે તો તેને વિદેહ મુક્તિ કહેવાય. પરંતુ જીવતે જીવ-દેહ હોય ત્યારે જ મુક્તિ મળે તો તેને જીવનમુક્તિ કહેવાય. પૂ.બાપજીએ શ્રીગુરુલીલામૃતમાં આ બંને મુક્તિનો એક જ દોહરામાં ઉલ્લેખ કર્યો છે.

**પૂર્ણ ભક્ત એ દત્તનો મૂળે જીવન્મુક્ત;**
**અસંગ કેવળ જે, હવે થયો વિદેહમુક્ત.** (અ.૨૪.દો.૧૭૬)

પૂ.શિવાનંદ સ્વામી જણાવે છે કે, મુક્તિ કેવળ મન માટે જ છે. મુક્તિ પ્રકૃતિ માટે જ છે. એ જીવ માટે નથી કારણ કે જીવ તો બ્રહ્મ જ છે. "જીવો બ્રહ્મૈવ નાપરઃ ।" એવું જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે. બ્રહ્મૈવ = બ્રહ્મ એવ = બ્રહ્મજ, નાપરઃ = ન અપરઃ = બીજો નહિ. જીવ તો હંમેશા મુક્ત જ છે.

એ તો બ્રહ્મ સાથે આનંદ કરાવે છે. પાણી સૂકાઈ જતાં પાણીમાં પડેલું પ્રતિબિંબ અદશ્ય થઈ જાય છે. એ જ રીતે સર્વ સંકલ્પો અને વાસનાઓનો નાશ થવાથી મનમાં પડેલું બુદ્ધિનું પ્રતિબિંબ (મનરૂપી ચિદાકાશ) પણ અદશ્ય થઈ જાય છે. જીવાત્મા એ નામ અલોપ થઈ જાય છે.

આ જીવનમાં જ મુક્ત થઈ ગયેલ જીવતા પુરુષને જીવન્મુક્ત કહે છે. જીવન્મુક્ત પુરુષનું હલકી વૃત્તિઓવાળું મન તો નાશ પામ્યું હોય છે, પરંતુ આધ્યાત્મિક સાત્ત્વિક મનનો નાશ થયો હોતો નથી. અંતઃકરણમાં સત્ત્વનો અવશેષ જે બુદ્ધિનું કારણ છે તે રહેલુ ંહોય છે. જીવન્મુક્ત પુરુષનું આધ્યાત્મિક સાત્ત્વિક મન રહે છે તેથી તો એ બાહ્ય વ્યવહારો કરી શકે છે. પૂ.બાપજી જીવન્મુક્ત હતા છતાં બધા સાથે વ્યવહારો કરતાં. એ બાહ્ય વ્યવહારો કરતા હોવા છતાં એ સ્વસ્વરૂપમાં સ્થિર હોય છે. આ વાત સમજાવતાં પૂ.બાપજી લખે છે કે :



**રાખી ચિત્ત સ્વરૂપમાં, કરવું સ્વકર્મ તેમ,**
**બાહ્યાચારે ના કદિ, થાએ બંધન એમ.**

**જીવન્મુક્તો ધન્ય એ, થાએ ક્યાંયે ન સક્ત,**
**વસ્તુ ત્રિભુવનમાં નહીં, કરે એમને રક્ત.**

**મમત્વ સ્વપ્ને ના લહે, અંતર્નિષ્ઠ સદાય.**
**આત્મતૃપ્ત, આત્મજ્ઞ એ કરી કરે ન કાંય.** (અ.૨૦.દો.૨૩,૨૮,૩૪)

જીવન્મુક્ત-જ્ઞાની સર્વ વ્યાપી બ્રહ્મ સાથે તાદાત્મ્ય અનુભવે છે અને તેના મન તથા શરીરનો સાધનરૂપે કેવળ વ્યવહાર કરવા પૂરતો જ ઉપયોગ કરે છે. જ્યારે અજ્ઞાની પુરુષ હું શરીર જ છું એમ માનતો હોય છે. જ્ઞાની પુરુષ કચરો દૂર કરવા માટે સાવરણો હાથમાં લે પણ કામ પતે એટલે સાવરણાને એની જગાએ મૂકી દે. આપણે સંસારી કચરો કાઢ્યા પછી પણ આખો દિવસ સાવરણો સાથે લઈને જ ફર્યા કરીએ છીએ. આટલો ફેર છે.

પૂ.શિવાનંદ સ્વામી કહે છે કે, જીવન્મુક્ત પુરુષનું મન દરેક પ્રસંગે સંપૂર્ણ રીતે સમતોલ રહેતું હોય છે. તેનું મન હંમેશાં શાંત હોય છે. હર્ષ, શોક, સુખ-દુઃખ, મારું-તારું જેવા દ્વન્દ્વોની તેના પર જરા પણ અસર થતી નથી. જીવનમુક્તનું મન તટસ્થ રહે છે. બહારથી જીવન્મુક્તના ચહેરા પર કોઈ ભાવ કે લાગણી દેખાય, પરંતુ તેનું મન જરાય અટવાતું નથી. એનું મન વિવિધ પદાર્થોનો ઉપભોગ કરતું દેખાવા છતાંય ખરી રીતે તો તે બ્રહ્મમાં જ સ્થિત હોય છે.

જેમણે બ્રહ્મનો અનુભવ કર્યો છે એવા આત્મજ્ઞાની પુરુષો શુદ્ધ વાસનાથી કર્મ કરતા હોવાથી ફરીથી જન્મ પામતા નથી. આવા જ્ઞાની પુરુષમાં સાત્ત્વિક મન જ હોય છે. જીવન્મુક્ત પુરુષમાં અનંત શક્તિ હોવા છતાંય તે સિમિત મન દ્વારા તેની બધી સિદ્ધિઓ જણાવી દેતો નથી.

હવે ભજન સમજવાનો પ્રયત્ન કરીએ. જે કરવાનું હતું તે કરી લીધું. શું કર્યું ? બ્રહ્મનો અનુભવ - આત્મસાક્ષાત્કાર. જે મેળવવું હતું તે મેળવી લીધું. શું મેળવવું હતું ? બસ ! બ્રહ્મ સાથે અદ્વૈતપણું મેળવવું હતું.

આ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એનો કદી નાશ થતો નથી. પૂ.બાપજી આ વાતનો ઉલ્લેખ કરતાં લખે છે કે :

થતાં પ્રાપ્ત શાસ્ત્રાદિથી જ્ઞાન વિજ્ઞાન પૂર્ણ,
બળે અજ્ઞાન કાર્ય સહ, થતાં જ્ઞાન દૃઢ તૂર્ણ.

કરે નાશ એ જ્ઞાનનો, એવું પ્રબળ પ્રમાણ -
બીજું ના, માટે ન એ નાસે સ્વાત્મજ્ઞાન.

ફાવે તેવું વર્તતાં, થાએ નષ્ટ ન એહ,
નાશ કરે પ્રારબ્ધનો એનું કામ ન તેહ. (અ.૨૦.દો.૧૦૭થી ૧૦૯.

આવો આત્મક્રીડ, આત્મતૃપ્ત, જીવન્મુક્ત સદા નિજાનંદની મસ્તી માણ્યા કરે છે. બીજી બધી બાહ્ય પ્રવૃત્તિ સામે ચાલીને કરતો નથી. પ્રવાહાપ્ત કર્મ-સામે ચાલીને આવી પડે તેવા કર્મો નિમિત્ત બનીને કરે છે.

જગતના બધા રંગો ભૂલી જઈને સ્વસ્વરૂપમાં સ્થિર રહેવાનું ધ્યેય સિદ્ધ કરતો બેઠો હોય છે.

આ ભજન પૂ.બાપજીએ પોતાના અનુભવને આધારે લખ્યું છે. આવા સિદ્ધ પુરુષોનું બાહ્ય વર્તન જોઈને કોઈ નિર્ણય લેવો નહિ. સંતોને ઓળખવા સંત થવું પડે. એટલે જ કહેવાયું છે કે, સાચા સંત મળવા મુશ્કેલ. મળે તો ઓળખવા મુશ્કેલ અને ઓળખાય તો જીરવવા મુશ્કેલ. કાચો પારો પચાવવા જેવું છે પણ એક વાર પચાવ્યો તો પછી બેડો પાર.

❖❖❖

## ભજન (૬૦)
## ખુલ્લં ખુલ્લા મહાસભાને
## (તૂટી દેખો યહ જંજીર)

**(આજ હિમાલયકી ચોટીસે ... એ રાહ)**

**ખુલ્લંખુલ્લા મહાસભાને અબકી બાર પુકારા હૈ**
**દૂર હટો, દૂર હટો, દૂર હટો, અય ટોપીવાલે**
**હિન્દુસ્તાન હમારા હૈ. ...ટેક.**



**આયે થે જો તુમ ધંધા કરને, માલિક હો કે બૈઠે હો;**
**ઘરકે છોરું ચક્કી ચાટે, માલ મલીદે તુમ લૂટો! ...દૂર૦ ૧.**

**પડે રહે થે હમ ગફલતમેં, આપસમેં ઝઘડે કરતે;**
**ચોર હોકે શાહુ બનકે, હમકો હી ગભરાતે હૈં! ...દૂર૦ ૨.**

**ગાંધી હૈ સરદાર હમારા, શસ્ત્ર અહિંસા હૈ કાતિલ;**
***ખુદા મદદમેં જીત હમારી, તૂટી દેખો યહ જંજીર!! ...દૂર૦ ૩.**

---

**૧. ન + એક = અનેક. * પૂ.શ્રી નારેશ્વરમાં બિરાજતા હતા. પૂર્વાશ્રમમાં અસહકારની લડત ચલાવનાર તેઓશ્રીના હૃદયમાં માભોમ પ્રત્યેની ભક્તિ ભરપૂર હતી. ભારતની આઝાદીની લડતના દિવસમાં એઓશ્રીને એક સ્વપ્ન આવી પડ્યું જેમાં નારેશ્વરમાં હાલ જ્યાં ઓવારા તરફનો રસ્તો છે ત્યાં એક બુઢ્ઢી-જંજીરો સાથે જકડાયેલી આવનાર જનારને પોતાની જંજીરો તોડવાની કાકલુદી કરતી તેઓશ્રીએ જોઇ. કોઇનું ધ્યાન ગયું નહિ પણ પૂ.શ્રીએ તેમને ટેકો આપી બેઠાં કર્યાં અને જંજીર તૂટી ગઇ! છએક માસ પછી શ્રી એટલી- તે વખતના ઇંગ્લેન્ડના વડાપ્રધાને ભારતની આઝાદીની ઘોષણા કરી, આ પહેલાં જ ઉપરનું શૌર્યગીત, રાષ્ટ્રભક્તિથી અને આત્મવિશ્વાસથી ધબકતું તેઓશ્રીએ ડૉ. બિધન ઈશ્વરલાલ શેઠ (તે વખતે નાની ઉંમરના, ત્યાં પોતાના પિતા સાથે દર્શન કરવા આવેલા) તેમને શીખવ્યું હતું, જે અમને શ્રી સુમનલાલ પુરોહિત (ભજનભાસ્કર) પાસેથી એના ઈતિહાસ સહિત મળ્યું છે. - પ્રકાશક.**

❖❖❖

## અર્થ

આ વખતે મહાસભાએ ખુલ્લે ખુલ્લો પોકાર કર્યો છે કે અય ટોપીવાલે ! દૂર હટો, દૂર હટો, જતા રહો, આ હિન્દુસ્તાન અમારું છે.

તમે ધંધો કરવા આવ્યા હતા અને માલિક બનીને બેઠા છો. ઘરના છોકરાં ઘંટી ચાટે અને તમે માલ મલીદા ખાવ છો.

અંદરો અંદર ઝઘડા કરતાં અમે ભૂલાવામાં પડ્યા હતા. ચોર છો અને શાહુકાર બનીને અમને જ ગભરાવો છો ?

ગાંધીજી અમારા નેતા છે, સરદાર છે. અહિંસા અમારું ધારદાર-એકદમ અસરકારક હથિયાર છે. ભગવાન અમારી મદદે છે એટલે જીત અમારી છે જ. જુઓ ! ગુલામીની બેડી-જંજીર તૂટી ગઈ છે.

❖❖❖

# વિવરણ

પૂ.બાપજીના હૈયામાં રહેલી રાષ્ટ્રભક્તિનો ખ્યાલ આપતું દેશભક્તિનું ગીત છે-ભજન છે. પૂર્વાશ્રમના પાંડુરંગ વળામે ગાંધીજીની સ્વતંત્રતાની ચળવળના સક્રિય કાર્યકર હતા. એમની નિષ્ઠા અને દેશભક્તિનું કૌવત જોઈને પૂ. ગાંધીજીએ કહેલું કે, મને જો પાંડુરંગ જેવા ૧૦૦ સત્યાગ્રહી મળે તો હું ઘડીના છઠ્ઠા ભાગમાં આઝાદી લઈ આવું.

સને ૧૯૨૫ના ડિસેમ્બર માસમાં પૂ.બાપજી નારેશ્વરમાં સાધનાર્થે બેઠા. બહારથી અવધૂત તરીકે ઓળખાયેલા આ સંતની અંદર ભારોભાર રાષ્ટ્રભક્તિ હતી. મુ. સુમનકાકા-ભજનભાસ્કરે કરેલી વાત મુજબ આઝાદીના થોડા મહિના પહેલા પૂ.બાપજીને સપનું આવ્યું. નારેશ્વરમાં હાલ જ્યાં ઓવારો છે એ ઓવારાના રસ્તે એક બાજુએ ઘરડી સ્ત્રી જંજીરથી-બેડીથી જકડાયેલી હતી અને ત્યાંથી આવનાર જનારને પોતાને મુક્ત કરવાની કાકલૂદીભરી-આજીજી ભરી-વિનંતી કરતી હતી, પરંતુ કોઈએ કશું સાંભળ્યું નહિ.

પૂ.બાપજીએ તેમને ટેકો આપી બેઠા કર્યાં અને એની સાથે જ જંજીર તૂટી ગઈ. છએક માસ પછી ભારતને આઝાદી મળી એટલે પેલી વૃદ્ધા બીજી કોઈ નહિ પણ હિંદમાતા-હિન્દદેવી-જ હતા. રાષ્ટ્રભક્તિથી ધબકતું આ ગીત પૂ.બાપજીએ ત્યારે નાની ઉંમરના હતા એ બિધન ઈશ્વરલાલ શેઠને શીખવ્યું હતું. એ બિધન શેઠ પછીથી ડૉક્ટર થયા અને હાલ સુરતમાં રહે છે.

આ ગીત-ભજનમાં ધ્યાન ખેંચતી બે બાબત છે. એક તો flag follows the trade - રાષ્ટ્રસત્તા વેપારની પાછળ પાછળ આવે છે તે બાબત અને બીજી બાબત તે અંદરો અંદર લડવામાં પડેલા અમે ભૂલાવામાં પડ્યા હતા. હિંદુઓની અંદરો અંદર લડવાની વૃત્તિ અને ટેવને કારણે જ હિંદુસ્થાન ગુલામ બન્યું. મુ.મણિશંકર શાસ્ત્રીજી નાના પરિમલ સૌભાગ્ય દ્રવ્યાણિ અંગેના શ્લોકમાં જણાવે છે કે, અંદરો અંદર લડવાને કારણે એક વાર સાચા મોતી ભરડીને ચઢાવતો સમાજ અબીલ-ગુલાલ ઉપર આવી ગયો. તેમ છતાં હજી લડવાનું ચાલુ જ છે. અટલે synthetic બનાવટી અબીલ-ગુલાલ પર આવી ગયા. એમાંથી હજી હિંદુઓ શીખતા નથી અને લડવાનું ચાલુ છે.

આર્થિક સત્તાની પાછળ રાજસત્તા પ્રવેશે છે. વેપાર દ્વારા આર્થિક સત્તા હસ્તગત કરવી અને આર્થિક સત્તાના જોરે ધીરે ધીરે રાજકીય સત્તા હસ્તગત કરવી એ નીતિ-રીતિ



અંગ્રેજોએ કુશળતાપૂર્વક અજમાવી અને હિંદુસ્થાનના લોકો કશું સમજ્યા નહિ અને ગુલામી આવી પડી. ચોર શાહુકાર બને એવું અહીં થયું.

ગાંધીજીની નેતાગીરીમાં અને એમના સત્ય અહિંસાના હથિયારમાં વિશ્વાસ ધરાવતાં પૂ.બાપજી લખે છે કે, ભગવાન અમારી પડખે છે અને જીત હમારી નિશ્ચિત છે. એ વિજય સૂચવવા માટે આ જંજીર તૂટી ગઈ.

હિંદુઓના માથે એક શાપનુ ંકલંક છે કે તેઓ ભેગા બેસીને જમી શકતા નથી. જે સાથે બેસીને જમી ન શકે તે દેશ માટે લડી પણ શું શકે ? દેશની વાત તો મોટી કહેવાય, પરંતુ એક જ ધર્મ કે સંપ્રદાયના લોકો પણ લડવામાંથી ઊંચે નથી આવતા. મનમાં ખટકે છે તેવો એક વિચાર. એ વિચાર આવો છે :

રંગ પરિવારના ભક્તને માનો કે સાંઇ પરિવારના ભક્ત સાથે ઝઘડો થાય તો સમજી શકાય કે બંનેના ઈષ્ટદેવ જુદા છે. મુંબઈના રંગ પરિવારના ભક્તને અમદાવાદના રંગ પરિવારના ભક્ત સાથે ઝઘડો થાય તો સમજી શકાય કે બંનેના શહેર જુદા છે. અમદાવાદના નારણપુરાના રંગ પરિવારના ભક્તને વાસણાના રંગ પરિવારના ભક્ત સાથે ઝઘડો થાય ? તો સમજી શકાય કે બંનેના વિસ્તાર જુદા છે. પરંતુ જે નથી સમજાતું તે એ છે કે એક જ વિસ્તારના એક જ ઈષ્ટદેવને માનતા ભક્તોને અંદરો અંદર કેમ બનતું નથી ? કેમ ઝઘડો થાય છે ? 'ઊંડો વિચાર કરીએ ત્યારે એમ થાય છે કે શું આપણા લોહીમાં જ આ પડેલું છે ?

આપણા બાપજીને રાજી રાખવા કથા, વાર્તા, પૂજન, યજ્ઞો નહિ કરો તો ચાલશે પણ હળીમળીને પ્રેમથી નહિ રહો, એકબીજાને દુઃખમાં મદદરૂપ નહિ બનો કે કૌટુંબિક ભાવનાથી નહિ જીવો તો નહિ ચાલે. પ્રેમથી જીવો અને બીજાને પ્રેમ આપો. તમને સામેથી કદાચ પ્રેમ નહિ મળે એવું બને, પણ ત્યારે પણ તમને પ્રેમ આપ્યાનો સંતોષ થશે. આ પ્રેમ પંચશીલ જીવવાની છે.

**પ્રેમ હશે ત્યાં જ રંગ હશે.**

**પ્રેમ હસે ત્યાં રંગ વસે.**

❖❖❖

(ટાઈટલ પેજ ૨ થી ચાલુ)

## યોગના શબ્દો

**ત્રણ ગ્રંથિ** : બ્રહ્મગ્રંથિ વિષ્ણુગ્રંથિ. અને રુદ્રગ્રંથિ મુખ્યત્વે સ્વાધિષ્ઠાન ચક્ર એ બ્રહ્મગ્રંથિનું સ્થાન છે. વિશુદ્ધાખ્ય ચક્ર એ વિષ્ણુ ગ્રંથિનું સ્થાન છે અને ગળામાં આવેલી પડજીભ એ રુદ્રગ્રંથિનું સ્થાન છે.

**છ(ષટ્) ચક્રો** : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર (સહસ્રારને ગણીએ તો સાત ચક્ર) પણ ભેદન તો છ ચક્રનું જ કરવાનું હોય છે.

**દશવિધનાદ** : અનાહત નાદ દશ પ્રકારના છે. ચિણી (તમરાના જેવો), ચિંચિણી (ચકલાના જેવો), ઘંટનાદ, શંખનાદ, વીણાનાદ, તાલનાદ, વેણુનાદ, તબલાનાદ, ભેરીનાદ અને મેઘનાદ, મેઘનાદ પછી આત્મદર્શન થતું હોવાથી સાધકે મેઘનાદનું લક્ષ્ય રાખવું.

**નવ દ્વાર** : બે આંખ, બે કાન, બે નસકોરાં, મોં, ગુદા અને શિશ્ન કે યોનિ (એટલે બ્રહ્મરંધ્ર દશમદ્વાર)

**પ્રાણાયામ** : પૂરક, કુંભક અને રેચકનો સમૂહ

**પૂરક** : ઊંડો શ્વાસ લેવો - શ્વાસ (પ્રાણ) શરીરમાં પૂરવો તે પૂરક કહેવાય.

**કુંભક** : લીધેલા શ્વાસને શરીરમાં રોકી રાખવો તે રેચક કહેવાય.

**રેચક** : રોકેલો શ્વાસને ધીરે ધીરે છોડવો તે રેચક કહેવાય.

**કંદ** : લિંગમૂળથી ઉપર અને નાભિની નીચે પક્ષીના ઈંડા જેવું કંદસ્થાન આવેલું છે. તે ૭૨૦૦૦ નાડીનું (સુષુમ્ણા સિવાય) ઉત્પત્તિ સ્થાન છે. એ ચાર આંગળ પહોળું અને ચાર આંગળ લાંબુ ત્વચા આદિથી વીંટળાયેલું છે.

**કુંડલિની** : આધારપદ્મમાં આવેલી ત્રિકોણ યોનિના યોનિસ્થાનમાં વીજળી સમાન તેજવાળી કુંડલિની દેવતા સાડાત્રણ આંટા મારીને ગૂંચળું વળીને સુષુમ્ણાના દ્વાર પર સૂતેલી છે. ફેફસામાં રહેલા પ્રાણવાયુને ગુદામાં રહેલા અપાન વાયુ સાથે ભેગા કરી તેના દબાણ દ્વારા કુંડલિનીને જાગૃત કરવાથી તે સુષુમ્ણાના દ્વારેથી પોતાનું મોં હટાવી લે છે. હવે સુષુમ્ણા નાડીનું દ્વાર ખૂલ્લું થવાથી પ્રાણ, અપાન અને કુંડલિની એમાં ઉપર ચઢે છે.

# અવધૂતની અમરવાણી

* તમે બધા એકબીજાનાં પૂરક બનો; એકબીજાનાં સુખ દુઃખોમાં સાથે ઊભાં રહો, એકબીજાની અડી અડચણોમાં માત્ર લૂખી હમદર્દી નહિ, પણ જીવંત, સક્રિય સાથ આપો; અને પરમાત્માએ આપેલી સાધનશક્તિ ને ભક્તિ સાથે એકબીજાની વહારે દોડી જાઓ ને આ વિષમય ગણાતા સંસારને એક રસાળ, સુંદર અને અમૃતમય બગીચો કરી મૂકો એવી મારી અંતરની પ્રાર્થના અને હાર્દિક આશિષ છે.

*

* પોતાને પ્રકિકૂળ હોય, બીજો પોતાની સાથે એ રીતે વર્તે તો પોતાને ન ગમે, પોતાને દુઃખ થાય તેવું વર્તન પ્રાણાન્તે પણ બીજા સાથે ન કરવું. સામો માણસ આપણી સાથે જેવી રીતે વર્તે એમઆપણે ઇચ્છીએ તેવો જ વર્તાવ આપણે સામા માણસ સાથે રાખવો ઘટે.

*

* આત્મૈકદષ્ટિથી પરસ્પર બધાંના સુખ દુઃખોમાં દોડી જાઓ, અલ્પ અહં વિસારી સર્વત્ર પૂરણના સર્વાત્મભાવને પિછાનો તો જગત બધું ય નંદનવન સમું ભાસશે; ચિંતા, શોક, ભેદ ખેદ, દુઃખ દારિદ્રય નહિ રહે ને બધેય આનંદ આનંદ વર્તી રહેશે.

*

* પુણ્ય કે સત્કર્મનું ફળ સુખ. તે બધાને જોઇએ છે. પણ સત્કર્મ કરવાની વૃત્તિ ભાગ્યેજ કોઇને થાય છે. પાપ કે દુષ્કર્મનું અચૂક ફળ તે દુઃખ. તે કોઇનેય જોઇતું નથી પણ દુષ્કર્મ કરવામાં તો બધા જ હોંસાતોંસીથી આગળ ધાય છે. લાભ જોઇએ છે ને કામ કરવું નથી. ગરીબમાં ગરીબ માણસને પણ શ્રીમંત માણસ જેટલો જ એશઆરામજોઇએ છે. કષ્ટ ઊઠાવવું નથી. કર્મ કે તપ કરવું નથી; ને ફળ તો જોઇએ છે ને તે પણ ઉત્તમમાં ઉત્તમ. વાવવું નથી ને મબલખ લણવું છે. મનુષ્યને તો વાવ્યા વગર લણવું છે. ભગવાનની આજ્ઞાથી તદ્દ્ન વિરુદ્ધ રીતે વર્તવું છે અને સુખી થવું છે. ઝેર પીવું છે, અમૃતને નથી સેવવું ને અમર થવું છે.

*

* તમે બધા એક દિલ, એક વાક્ ને એક વર્તન થાઓ એવું ઇચ્છું છું. આવી એક દિલી, એકતા ને ઉત્સાહ સદા ટકો ને વૃદ્ધિંગત થાઓ એવું અંતર્યામી પાસે માગું છું.

- રંગ અવધૂત